જાગૃતિ
માસિક પત્રિકા

192

ક્ર.	મહિનો	ઉપલબ્દ
૧	૧૯૭૬ જાન્યુઆરી	છે
૨	૧૯૭૬ ફેબ્રુઆરી	છે
૩	૧૯૭૬ માર્ચ	છે
૪	૧૯૭૬ એપ્રિલ	છે
૫	૧૯૭૬ મે	છે
૬	૧૯૭૬ જુન	છે
૭	૧૯૭૬ જુલાઈ	છે
૮	૧૯૭૬ ઓગસ્ટ	છે
૯	૧૯૭૬ સપ્ટેમ્બર	છે
૧૦	૧૯૭૬ ઓક્ટોબર	છે
૧૧	૧૯૭૬ નવેમ્બર	
૧૨	૧૯૭૬ ડીસેમ્બર	છે

જાગૃતિ
માસિક પત્રિકા

ક્ર.	મહિનો	ઉપલબ્દ
૧	૧૯૭૬ જાન્યુઆરી	છે
૨	૧૯૭૬ ફેબ્રુઆરી	છે
૩	૧૯૭૬ માર્ચ	છે
૪	૧૯૭૬ એપ્રિલ	છે
૫	૧૯૭૬ મે	છે
૬	૧૯૭૬ જુન	છે
૭	૧૯૭૬ જુલાઈ	છે
૮	૧૯૭૬ ઓગસ્ટ	છે
૯	૧૯૭૬ સપ્ટેમ્બર	છે
૧૦	૧૯૭૬ ઓક્ટોબર	છે
૧૧	૧૯૭૬ નવેમ્બર	
૧૨	૧૯૭૬ ડીસેમ્બર	છે

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ
બી. એ.

વર્ષ : ૧૮ અંક–૧ જાન્યુઆરી ૧૯૭૬

卐 જાગૃતિ 卐

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦), પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૭૫ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧) પરદેશમાં રૂા. ૧૨૫) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરૂં સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઈ એન. પટેલ –પ્રકાશક

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી
બી એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ
એમ. એ., બી. એડ્.
સહતંત્રી : જાગૃતિ

શ્રી. રતિભાઈ એલ. પટેલ
એમ. એસસી.
પ્રિન્સિપાલ :
સાયન્સ કોલેજ, તલોદ

શ્રી શામજીભાઈ એસ. પટેલ
પ્રમુખ

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી એફ. એ. એમ

ડૉ. હંસરાજ એમ.
એમ. બી.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ
એમ. એસસી

શ્રી અરજણભાઈ વી. પટેલ

શ્રી પ્રેમજીભાઈ એ. પટેલ

શ્રી. રતિલાલ એમ પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે પટેલ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭, આસો વદ ચૌદસ



અનુક્રમણિકા

અ.નં.	લેખનું નામ	લેખક કે સંપાદક	પૃષ્ઠ નં.
૧	તંત્રી સ્થાનેથી	કાન્તિલાલ કે. પટેલ	૧
૨	સુલોહિતા	જયંતિ પટેલ	૩
૩	ગુજરાતી નારી	શામજીભાઇ આર. પટેલ	૮
૪	ભજન	રમણીક પી. સેંઘાણી	૧૧
૫	ગરીબ	ગીરીશકુમાર એસ. પટેલ	૧૨
૬	ત્રણને હંમેશાં યાદ રાખો	કુ. રમીલાબેન આર. પટેલ	૧૩
૭	વિદ્યાર્થી અને સમાજસેવા	રમણીક ડી. પટેલ	૧૪
૮	ચાર મંગળ	ચીમનલાલ એન. પટેલ	૧૫
૯	ગઝલ	મહેન્દ્ર એસ. પટેલ	૧૮
૧૦	તુજ મા	કાન્તિલાલ એમ. પટેલ	૧૯
૧૧	જુઓ અને જાણો	રતિલાલ સોમજીભાઈ પટેલ	૨૦
૧૨	સમયનો સદુપયોગ અને વિદ્યાર્થી	કરમશી એન. પટેલ	૨૧
૧૩	સમાચાર		૨૨

* તંત્રી સ્થાનેથી..............

જય યોગેશ્વર

આજકાલ સકલ સૃષ્ટિ પર દૃષ્ટિપાત કરતાં જણાશે કે માનવજીવન ભૌતિક સંપત્તિની પાછળ એકધારી આંધળી દોટ મૂકી રહ્યું છે; સામાન્ય મજૂરથી માંડી કરોડાધિપતિ વ્યકિત ભલે હોય પણ લક્ષ્મી મેળવવાની ઈચ્છામાં અનર્થ માર્ગો આચરતાં પણ આજના માનવીનું દિલ આંચકો અનુભવતું નથી.

પોત પોતાના વ્યવસાયમાંથી; છૂટક મજુરી કરનાર સામાન્ય મજૂર ખેડૂત, વેપારી કે નોકરીયાત વર્ગનો માનવી હોય પણ લક્ષ્મી સાધ્ય કરવાનાં સાધનોની સ્થિતિ ગમે તેવી હોય તો પણ પોતે ઓછામાં ઓછો શ્રમ કરી વધુમાં વધુ લક્ષ્મીનું દોહન કઈ રીતે કરી શકે તે રાહ પર જતો જાય છે. પરિણામે લક્ષ્મીપતિ બનવાના કોડમાં ને કોડમાં લક્ષ્મી નારાયણનું સ્થાન તેના દિલમાંથી લુપ્ત થતું જાય છે. તેથી માનવ જગત માં માનવ માનવ વચ્ચેના વ્યવહારોમાં પણ કલુષિતતાઓ વધતી જાય છે જેના લીધે સમાજ જીવનમાં માનવ માનવ વચ્ચેના સંબંધોમાં પણ એક બીજા પ્રત્યેની ભાવનાઓ નષ્ટ થતી જાય છે.

આજે શહેરી જીવન હોય કે ગ્રામ્ય જીવન પણ એક જ કુટુંબમાં પિતા-પુત્ર, ભાઇ-ભાઇ, ભાઈ-બહેન, સાસુ-વહુ વગેરેના પરસ્પરના નિકટતમ સંબંધોમાંથી પણ એક બીજા પ્રેત્યેની ભાવનાઓ બદલાતી જાય છે ત્યારે પણ આપણા સમાજ જીવનમાં એક વાકયતા લાવવા માટે ના વિચારો યુવાંશકિતમાં આવી શકતા હોય તો એ સમાજના ભાવિ માટે શુભ સંકેત છે તેમ માનવું વધુ પડતું નથી.

આપણે જાણીએ છીએ કે અન્ય સમાજોની સરખામણીમાં શ્રમને પ્રાધાન્ય આપી ઉન્નત મસ્તકે જીવન જીવનાર આપણા સમાજની વ્યકિત ઓમાં સમાજ પ્રત્યેની ભાવનાનાં બીજ તેના દિલમાં આજે પણ સંઘરાયેલાં છે તેમ જોઈ શકીશુ પણ માત્ર વારી સિંચન કરનાર માળીનીજ જરૂર છે જેથી ઊંડાણમાં પડેલા બીજમાંથી અંકુરો પેદા કરી શકાય.

વિશાળ વિસ્તારમા વેરવિખર હાલતમાં પડેલી યુવાશકિતને સંગઠિત કરી સમાજ જીવનમાં સુસંગતતા લાવવાનાં સોપાન સર કરવા ૧૯૭૨ના ડીસેમ્બર માસનાં છેલ્લાં સપ્તાહથી જ એક કુસુમ જેવું જીવતર જીવનાર સમાજ માટે માળીની શોધ કરવા શ્રી અખિલ ભારત કચ્છ કડવા પાટીદાર યુવક સંઘની સ્થાપના થઇ છે. જે આપ સૌને વિદિત છે.

આગામી ઉનાળાની સીઝન દરમિયાન કચ્છ નખત્રાણા ખાતે યુવક સંઘનું અધિવેશન યોજવાનો સમય પણ ખુબજ નજીક આવતો જાય છે ત્યારે સમગ્ર સમાજની યુવાશકિત.... પોતાના સમાજમાં પ્રવેશેલાં તેમજ પ્રવેશતાં જતાં અનિષ્ટ તત્વો જેવાં કે લગ્ન વિચ્છેદ, કન્યા વિક્રય. સુરા અને સુંદરી તેમજ ખાનપાન ઈત્યાદી બાબતોમાં જે દૂષિત તત્વો છે તેને તિલાંજલી આપવાના માર્ગો વિશે ઊડું ચિંતન કરી યોગ્ય ઉપાયો વિચારે તેમજ સમાજના ઉત્થાન માટેના કલ્યાણકારી પાસાઓ જેવાં કે સમાજના અદનામાં અદના માનવીનાં તેજસ્વી બાળકોને માટે પણ શિક્ષણ જગતને પ્રોત્સાહન રૂપ આર્થિક સહાય માટે સ્કોલરશીપ વગેરે અંગે યોગ્ય પ્રબંધ કરી સમાજ પ્રત્યેની ભાવના ભાવિ પેઢીમાં પ્રગટાવવાનું વિચારાય તો પણ તે ઉત્તમ કાર્ય ગણાશે. બીજી બાજુ જોઈએ તો સમાજ જીવનના અનેક કોયડાઓનું ઉગમ સ્થાન એટલે મહિલા જગત.

સમાજના અનેક સડાઓની જન્મોત્રી પણ મોટા ભાગે આ જગત માંથી જ લખાતી હોય છે એમ કહીએ તો પણ કદાચ ખોટું નહી કહેવાય. આ મહિલા જગતને માટે શૈક્ષણિક સુવિધાઓ પુરી પાડવાનો વિચાર એ ભાવિ પેઢીના ઉજ્જવળ ભાવિ માટે દીર્ઘદ્રષ્ટિ ભર્યો સંકેત ગણાશે. 'એક સુશિક્ષિત માતા સો શિક્ષકોની ગરજ સારે છે' તેમ કહેવાયું છે તે ખરેખર ખોટું નથી. પરંતુ આપણા સમાજ જીવનમાં તેમ કહેવડાવવા માટેનાં મધુર ફળ ચાખવાં બાકી છે તો કન્યાઓના શિક્ષણ માટેની સુવિધાઓ પુરી પાડવા માટે પણ યત્ કિંચિત પ્રયત્ન આદરવાની માળી જગતને પ્રભુ શકિત આપે તેવી પ્રાર્થના કરીએ.

સમગ્ર સમાજ જીવનમાં એક જ પ્રકારના આચાર વિચારો, નીતિ નિયમો અને રીત રિવાજોમાં એક વિધતા લાવવા માટેના વિચારોને આગામી અધિવેશન દરમિયાન યુવા શકિત વાચા આપી શકવા શકિતમાન બને તેવી શકિત યોગેશ્વર આપે એવી અભ્યર્થના

અંતમાં તો સમાજ રૂપી ઉદ્યાનમાં ઉગતા કુસુમ વૃક્ષોની દુનિયામાં સંસ્કારો અને સંસ્કૃતિનું સિંચન કરવા પવિત્ર પુરૂષોના પુરૂષાર્થ સફળ નીવડે એવી અભિલાષા.

★

—અસ્તુ

સુલોહિતા

ગયા અંકથી ચાલુ

ઇચ્છાબેને નિશ્ચય કરી લીધો કે ગમે તેમ કરી આ નાગણીને ઘરથી દૂર કરવી પડશે નહિતર પોતાને પણ કરડી ન બેસે! તેથી તે પાડોશમાં ચંપાબેન ઝવેરબેન વગેરે પાસે 'કેનવાસીંગ' કરવા એ પળે જ ઉપડયાં.

નીચે દરવાજો ખોલી આગળ વધે ત્યાં તો સામેથી શાંતિભાઇ, રણછોડભાઇ અને એક ત્રીજો પુરૂષ વાતો કરતા આવતા હતા. બિચારીની બધી યોજના નિષ્ફળ ગઇ. ઘરની બાજુમાં નળ ઉપર સુલોહિતા પાણી ભરતી હતી. રણછોડભાઇની નજર આસપાસ ફરતી તેણી ઉપર ગઇ સવારના જ તેણીનો પરિચય તેમને થઇ ગયો હતો અને ચા નાસ્તા સમયે તેણીંની ગરિમા અને શાલિનતા નિરખી રણછોડભાઇ પોતાને જ પોતાનો પુત્ર સમજવા લાગ્યા હતા ત્યારથી જ તેમનો નિશ્ચય રસિકલાલનું વેવિશાળ શાંતિલાલની પુત્રી નહિ પણ સુલોહિતા જોડે કરવા માટે કરી લીધો હતો, માત્ર એ વ્યકત કરવાની ઉપયુકત પળ ખોળી રહ્યા હતા. સુલોહિતા પણ તેમને જોઇ રહી હતી, અને મનોમન અંદાજ લગાવી રહી હતી કે વત્સા માટે આ સ્વસુર કેવા રહેશે. તેણીને ક્યાં ખબર હતી કે તે મહાશય તો તેણીંના સ્વસુર બનવાના મહેલ બાંધી રહ્યા હતા.

જ્યારે ત્રણે ત્રિમૂર્તિઓ ઉપર પ્રસ્થાન કરી ગઇ ત્યારે સુલોહિતાએ ઉપર જવા ડોલ ઉપાડી, ત્યાં તો એક સહેલીએ મધુર ટહુકો માર્યો, 'કે દાડે બેની કેસરિયાં થાસો?' સૌને એમજ હતું શાંતિલાલના કોઇપણ જાતિ વેવાઇ સુલોહિતાના સગપણ પછીજ હાથ ગ્રહી શકે' એટલે જ જ્યારે સુલોહિતાએ કહ્યું કે, 'પહેલાં વત્સાબેનને થઇ જવા દો' સૌએ વિસ્મય જનક હાસ્ય વેરી દીધુ. 'શું છોકરી છે, એકે કહ્યું', તેણીની જોડ મળવી મુશ્કેલ છે' બીજીએ કહ્યું ઇચ્છાબેન એટલે જ તો બરાડા પાડે છે, ત્રીજીએ જાહેર કર્યું', અને આ ત્રણ જ શું બધી ચોટલાવાળીઓમાં એવું જ જોવા મળે છે. પીઠ પાછળ નિંદા તો સામે 'હા માં હા' ઇચ્છાબેન સાથે ગપાટામાં હોય ત્યારે સૌ એમજ કહેતાં, 'સાચે જ આવી હાલતમાં કેમ રેવાય, વળી અમારા બનેવી કાંઇ બોલે નહિ એટલે છોકરી વધુ ચડે છે, એમને તમોએ કહેવું જોઇએ અથવા એણીને ઝટપટ સાસરિયે દોડાવોને થાય જંજાળ દૂર... આવી જ્યારે પરમ સ્નેહીની સહાનુભૂતિ

મળતી ત્યારે ઇચ્છાબેનની આંખો ભીની થઇ જતી, પણ એ આંખોને લૂછવા વાળું બીચારીનું હતું કોણ ? !

સુલોહિતા જ્યારે ડોલ લઇ ઉપર ગઇ ત્યારે રસોડાની બહાર ચૌકા ઉપર એક ખૂણે વત્સા ઉભી હતી ડોલ રાખી તેણીની બાજુએ જઇ સુલોહિતાએ ધીરેથી પૂછ્યુ– "શું થયું ? ' –અને વત્સાનો રોકેલ અશ્રુ પ્રવાહ વહી પડયો આ મૂક સૂચને જ સુલોહિતા બધુ સમજી ગઇ, છતાં વત્સાએ ગળગળા સ્વરે કહેવુ શરૂ કર્યું, કારણ કે અત્યારે ઇચ્છાબેન તો મહેમાનની સરભરામાં પડયાં હતાં, એટલે વિચારોનું આદાન પ્રદાન વિના સંકોચે થઇ શકે તેમ હતું "બેન સુલોહિતા, આ મારા સગપણનું નક્કી કરવા આવ્યા છે, વત્સાએ કહ્યું, અને થોડા દિવસમાં હું મારે ઘેર અને તું અહિયાં પીડાતી રહીશ તે મારાથી નથી સહેવાતું. '

એ બિચારી વિધિના લેખને શું સમજે, જો વિધિના લેખ જેવી કોઇ વસ્તું હોય તો કે જેને તે શ્વસુર સમજી રહી છે, તે જેનાથી વાત કરી રહી છે તેના શ્વસુર બનવાની ઇચ્છા રાખે છે. વારૂ તો સુલોહિતાને પણ એની કયાં ખબર હતી. સુલોહિતા પણ એનીના હેત ઉપર ગળગળી થઇ બોલી, ' ઇશ્વર જે કરશે તે સારૂ જ કરશે. એની શું ખબર તું જઇશ કે હું પહેલાં જઈશ ' કેટલી સત્યતાની નિકટ તે પહોંચી તે જો સત્ય જાણતી હોત છતાં ન પહોંચી શકત.

"મેં પણ એજ વિચાર કર્યો છે." વત્સા બોલી, "મા સાથે આજે મેં બોલી તો દીધું જ છે, શાંદ ન કહી દઉં કે મારે તારા પહેલાં લગન નથી જ કરવુ નક્કી નથી કરવું અને તે જો ન થઇ શકે તો! મારે આ વેવિશાળ પણ ન થઇ શકે "

"એય એ શું બોલે છે ? સુલોહિતા ગભરાઇ ગઇ "તું જો હવે ના કહે તો બાપુજી શું કહે અને માણસો શું કહે, વળી તારી બાઇ તો મને જ વઢે !" ત્યાંતો વત્સાએ હોઠ ઉપર આંગળી રાખી મૌન જાળવવા દર્શાવ્યું, તેણીને લાગ્યુ કે ઇચ્છાબેન અંદર આવ્યાં પણ ન ફળ્યા ધીરજલાલ, શાંતિલાલના એક માત્ર સુપુત્ર અને સંપતિના વારસ, જેઓના મોઢામાં હાસ્ય સમાતું ન હતુ અને આ બે ગભરાયેલ પારેવાને જોઈ તેનું હાસ્ય છૂટી ગયું. અને ઉંચા નીચો હાથ કરી ભમર ચકરડી લેવા માંડયો જે દ્રશ્ય જોઇને ગમગીન વત્સા અને સુલોહિતાને પણ મધુર મુસ્કાન આવી ગઇ. બેનોને પણ હવે સાથ આપતી જોઇ, ધીરજે વિચાર્યું કે તેની 'એક્ટિંગ' સૌને પસંદ પડી અને તેથી બમણા જોરથી હાથ સાથે પગ પણ પછાડવા લાગ્યો. " આ ધમપછાડા

બન્ને એનો વધારે જોરથી હસી અને ભાઈ વધારે જોરથી નાચ્યો અને સમષ્ટિમાં રસોડામાં એક નાનો તમાશો રચાયો, પરંતુ સમજણી અને ભયતીત સુલોહિતાને એ પળે તર્કબુદ્ધિ આવી અને ધીમેથી કહ્યું, "ના, ધીરૂ, એમ ન કર. જો બાપુજી પણ બાજુના કમરામાં બેઠા છે." બાપુજીના નામનું શસ્ત્ર સુલોહિતા તેમજ વત્સા અચૂક ગણતી, પણ અત્યારે આનંદિત ધીરજને એ પોલી બીક લાગી, અને બરાબર અદામાં બોલી ઉઠયોઃ, "બાપુજી છે તો શું થયુ" અને બરાબર તાનમાં આવી ગીત લલકારવા લાગ્યો, પરંતુ અદેશાનુસાર તીવ્ર ગતિથી ઇચ્છાબેન અંદર આવ્યાં અને ધીરજને નાચતો કૂદતો શોર કરતો જોઇ, સુલોહિતા તરફ વળ્યાં, "એની તમાશાનો આનંદ લે છે! ખબર નથી ઘેર મહેમાન આવ્યા છે ને, ને વળી બાઇ આરામથી મઝા ઉડાવ્યે જાય છે. છોકરોતો નાનો છે, ના નથી કહેવાતી ?" ઘડી પહેલાંની. દેવીસમ ઇચ્છાબેન હેડમ્બાનું રૌદ્રપધાત્રી બની ગયાં, અને સુલોહિતાને ખબર હતી, કે તેણી જો કંઈ બોલશે તો મહેમાન મહેમાન બધું ભૂલી જઇ, ધીરજથ' પણ વધુ મોટો તમાસો ઉભો કરી દેશે એટલે તેણીએ એટલુજ કહ્યું 'હવે ધીરજ બંધ કર કહયું હતું નેમે કે બપુજી ગુસ્સે થશે"

"તો બાંપુજી કયાં છે?" ધીરજ, જે, જો દશવર્ષના છોકરાને નાનો હતો' રાજાની અદાથી કહી દીધૂં. ત્યાંતો ઇચ્છાબેને વરાળ કહાડી, "હવે કે છે તે પેલાં શું મોમાં મગભરેલ હતા ?" "ના, ના, મા, કાંઇ મગબગ નહોતા," બાળક ધીરજે એની પક્ષ લીધો, "એને મને કહયું હતું કે બાપુજી છે તો બંધ કર, અને આતો તમે હતાં એટલે મે બંધ ન કર્યું નતો કે દિનુ બંધ કરી દીધુ હોત," અને જોરથી ખટખડાટ હસી પડયો અને નાચની તૈયારી માં જ હતો ત્યાંતો, "ધીરૂ !" શાંતિલાલ ભાઇનો અવાજ રણકી ઉઠયો. એટલે ધીરૂભાઇના છક્કા છૂટયા અને વાવ તરા। મારે તે પહેલાંજ બીજા કમરામાં જઇ પલંગનીચે ઘૂસી ગયો, ત્યાં તેને મનગમતો આશરો મળી રહેતો. "નથી માનતો કે?" શાંનિલાલની ફરી ત્રાડ આવી, અને ત્રાડો દેવામાં તેઓ બહુ હોશિયાર હતા. "માનું છું, બાપુજી," પલગ નીચેથી અવાજ આવ્યો; જે નિઃશંક ધીરજ નો હતો, આઃ બાજુ ઇચ્છાબેન પોતાનું કર્તવ્ય પુરૂં કરી રહયાં હતાં.

"તૂંજ છોકરા છોકરી બધાયને ચડાવે છે,હવે મારૂ પણ નથી માનતાં," તેઓ શાંત સુલોહિતા ઉપર વાર કરતાં હતાં પણ બધાં બાણ દેખીતી રીતે વિના અસર પડી જતાં હતાં પણ અંતરે, મર્મસ્થાને જઇ ચુભતાં હતાં સુલોહિતાને હૃદયેથી લોહી નીકળતું હતુ તે બીજાને કયાંથી દેખાય. સારૂ થયુ શુભ સમયે મદદ આવી. વત્સા કંઈ બોલવા જવાની હતી, કદાચ "મારે

લગન નથી કરવું, પરંતુ તે વાકય નીકળે તે પહેલાંજ શાંતિલાલની ત્રીજી ત્રાડ દ્વારે દ્વાર ગૂંજી ઉઠી: " એય કયાં ગઇ."

"આવું" કહી, ઇચ્છાબેન ફરી સજ્જન થઇ ગયાં અને ધામેથી એક માણુસની અદાથી શાંતિલાલ બેઠા હતા તે કમરામાં હાજર થયાં.

"હવે શુ બબડાટ કરતાં' તી, ઇતો છોકરાં છે, ને તમાશોય કરે પણ તું કયાં તેના જેવી બની."

આ વાકય ઉંડતું ઉડતું પલ ગનીચે ધારજને કાને પહોચ્યું અને 'હાશ' કરી તે બહાર નીકળ્યો તેના પ્રાણુમાં પ્રાણુ આવ્યો, તેને તોફાન કરવા માટે લાયસેંસ'-પરવાનગી મળી ગઇ હતી, અને તે વાકયનો તેની સુમાતે શુ ઉત્તર આપ્યે તેની તેને હવે પરવાહ નહતી શાને હોય!

હોઠે મુસ્કાન લાવી, પતિપ્રેમ વ્યકત કરતાં કોકિલ–સ્વરમાં ઇચ્છાબેને ઉત્તર આપ્યો, તમેજ તો છોકરાંઓને ચડાવો છો, નહિતો આમ મારાથી કોઇ દા'ડે કરે?" અને સંતોષનો શ્વાસ લઇ ફરી એક વાર સ્મિત કર્યું–રણછોડભાઈ સામે જોઇને, જેઓ અત્યારે પ્રસન્ન ઉપાસ્ય દેવ સમા હતા.

રણછોડભાઇનું ધ્યાન, પરંતુ, તે સમયે, ઇચ્છાબેનના હોઠો ઉપર નહતું, અને ન તેઓને આશા હતી કે શાંતિલાલ જે કંઈ ન બોલે, અને ઇચ્છાબેનનું વર્ચસ્વ સ્થાપિત થઇ જાય તો ઘર વધારે શાંત રહે, અને સુત્ર ધમય રહે સુલોહિતા પ્રત્યેની ઇચ્છાબેનની રીસને અમુક અંશે તે ગૃહિણીના શુભવાકયોથી, જે અહીં સુધી તો શું, પાડોશવાળા લતાબહેનને પણ સાફ સંભળાતાં હતાં, તેના ઉપરથી સમજી શકયા હતા, વળી સુલોહિતાની શાંતિમયતાએ તેણીને તેમની નજરમાં ઉંચી ઉઠાવી દીધી હતી. તેમને થયું કે આ પરાજ્યની શાંતિ નથી પણ આદર માટે શાંતિ ધારણા કરી છે, જે નિશ્ચય સભ્યતા અને કેળવણીની નિશાની છે. વધુમાં સુલોહિતાને તેમણે ભાવી પુત્ર વધુને સ્થાને રાખી તપાસી હતી–અને તપાસવાની આ રીતમાં સૌથી વધુ બારીકાઈ હોઇ જેમાં સમળીની નજર, ઉંદરનું નાક અને સસલાના કાન સાથે ટિપ્પણીકારનો માપ એક સાથે હોય. આ દષ્ટિમાં જયારે કેઇ સારૂ દેખાતુ હોય તો બહુજ સારૂં હોય, અને બહુજ સારૂ દેખાતું હોય તો તે દેવતુલ્ય હોય તે વાત નક્કી સમજવી જોકે ઘણા સસરાઓને હાથ બહારથી રૂપાળું લાગતું ફળ અંદરથી સડેલુ નીકળે છે પણ તે સસરા પાસે સમળીની આંખ, ઉંદરનુ નાક અને સસલના કાન સાથે 'ક્રિટિક' ની તાલિમ નહીં હોય, અને રણછોડભાઇ આવા સસરા નહોતા તે અનુભવી હતા, એક બેટી અને એક બેટાનુ લગ્ન કરીચૂકયા હતા તેમના વાળ ધૂપમાં ફોગટના ધોળા નહોતા થયા આ હવે ત્રીજુ લગ્ન

હતું, અને એ લગ્ન માટે વત્સાને બદલે સુલોહિતાને જ વધુ બનતાં એ તેમનો પાકો નિર્ણય એ હતો કે પહેલો નિર્ણય સફળ ન થાય તો ખાલી હાથે પાછા ફરવું—નારિયળ લેવું જ એમ ધરી ભાંગેલું તો ભાંગેલું કે સડેલું તો સડેલું—જે મળે તે સારૂ" કરી પાછા ન ફરવું.

મધ્યાહ્નનો સૂરજ રોજના સ્થાને ચડી ગયો હતો; અને ઘડિયાલમાં એક કાંટો થવાને ત્રીશ અંશની વાર હતી, એટલે પાંચ જ મિનટની, જેને ઈચ્છાબેને વધુ વાર ન સમજી જમવા માટે કહેવા તૈયાર થતાં હતાં પણ તેમની ભાવી વેવાઈને મુંઝવાયેલ જોઈ એ સમય માટે એ કાર્યક્રમ સ્થગિત કરી, અથવા પાછો ઠેલી, લમણે હાથ રાખી, રાહ જોવા લાગ્યાં કે કોઈ કશું બોલે, અને તેણીને ખાત્રી હતી કે જમવાનુ પોતાને નહિ કહેવુ પડે કારણકે શાંતિલાલભાઈ ક્યારના ગંજી ઉંચુ બહુ પ્રેમથી પેટ ઉપર હાથ ફેરવી રહયા હતા, એટલે તે નિશ્ચિત બની બેસી રહયા.

આ સમયે રણછોડભાઈ તક જોતા બેઠા હતા કે કયારે કહું કે મારે સુલોહિતાનું વેવિશાળ મારા બેટા સાથે કરવું છે, વત્સા સાથે નહિ, અને અત્યારે તેમને થયું કે સમય સારો છે, પણ સુલોહિતા ઘેર છે એટલે તેમને સારૂં ન લાગ્યું; અને ઘરબહાર ઈચ્છાબેન સાથે ન હોય એટલે કહેવુ તો અહિંજ તેથી તેઓ બની શકે તો વત્સા, અને સુલોહિતા બન્ને નહિંતો સુલોહિતા તો જરૂર, કેવી રીતે ઘરબહાર મોકલવી તેની યોજના બનાવી રહયા હતા અને તેમણે એક તુક્કો સૂઝયો, જેની સફળતાની તેમને ખાત્રી થઈ ગઇ, "ઘરમાં તપકીર છે ભઇ, આજ સવારથી નથી મળી, મારી ડબ્બી હું ઘેર ભૂલી આવ્યો છઉં" "અહો તમોએ તો કરીને કાંઈ, હજુ સુધી ન બોલ્યા, બજારથી લઇ લીધી હોત," શાંતિલાલે કહ્યુ; પણ રણછોડભાઇના અનુમાન અનુસાર ઇચ્છાબેનનો પહેલો શબ્દ હતો, **"સુલોહિતા!"**

સુલોહિતા આવીને ઉપસ્થિત થઇ, અને ઈચ્છાબેને વાત્સલ્યપૂર્ણ કહયુ, કે "આપણા પડોશી રેખાબહેન તપકીર સૂંઘે છે તો થોડી લઇ આવતો'" અને સુલોહિતા ગઇ; તત્પશ્ચાત્ રણછોડભાઇએ શરૂ કર્યું;

ગુજરાતી નારી *

સંકલન : શામજીભાઈ આર. પટેલ
C/o. અંબિકા વિજય સો મીલ
આણંદ—૩૮૨૧૧૦ (ગુજરાત)

સળંગ લેખાંક—૪
પ્રકરણ—૨

સ્ત્રી-વિકાસના પંથે (હપ્તો-પહેલો)

ગુજરાતની નારીને છેલ્લા ત્રણ માસથી આપણે ઇતિહાસ અને પુરાણોમાં જોઇ રહ્યા હતા. ગરવી ગુજરાતણે માત્ર ગુજરાતના જ નહીં, પરંતુ ભારતના ઇતિહાસમાં, માતા સ્વરૂપે, ભગિની સ્વરૂપે અને વીરાંગના તરીકે જે ભાગ ભજવ્યો છે. તે આપણે દૃષ્ટાંતો સાથે જોઈ ગયા છીએ, આમ છતાં તેમને એકવાર ફરીથી યાદ કરી લઇએ. આ સ્ત્રીઓમાં મુખ્યત્વે સુકન્યા, રેવતી, રૂક્મિણી, સત્યભામા, ઉષા, ઊર્ફે ઓખા, સુભદ્રા, સુદામી, ચૌલાદેવી મીનળદેવી, રાણકદેવી, રૂપસુંદરી વગેરેને ગણાવી શકાય,

હવે આપણે તે વિકાસની ટોચે કેવી રીતે પહોંચી તે વિશે વિગતે જોઇએ. ગુજરાતી નારીએ વિકાસના માર્ગે પ્રયાણ કર્યું ત્યારથી આજની પરિસ્થિતિએ પહોંચતાં તેને કેટલાક તબક્કાઓમાંથી પસાર થવું પડયું હતું., આ તબક્કાઓ નીચે પ્રમાણે છે.

(૧) પ્રથમ તબક્કો ભારતમાં મુસ્લિમોનું રાજયસ્થપાયું તે પહેલાંનો.

(૨) બીજો તબક્કો મુસ્લિમ રાજય થયા પછીનો.

(૩) ત્રીજો આઝાદીકાળના ઉદય સાથેનો અંત

(૪) ચોથો તબક્કો આઝાદી પછીનો,

મુસ્લિમ રાજ્યની સ્થાપના પહેલાના ગુજરાતમાં આપણી ગુજરાતણ વિકસિત હતી કે કેમ તે કહેવું થોડું મુશ્કેલ અને વધુ પડતુ કહી શકાય, જો કે અમુક સ્ત્રીઓ રાજ્યક્ષેત્રે હતી તેમણે કંઈક કર્યું હશે તેમ માની લઈએ બાકી મોટા ભાગની સ્ત્રીઓ તો રસોડાની ચાર દિવાલો વચ્ચે રહીને, પુરુષ ઉપર સંપૂર્ણ આધારિત જીવન જીવનાર જ હતી તેમાં બેમત નથી.

ઘરની ચાર દિવાલો વચ્ચે રહેવા છતાં તેણે ગુજરાતના ગૌરવને ઝાંખું પડવા દીધું નથી તે ગૌરવની વાત છે. તેણે લાજ, સંસ્કાર, શીલ અને ચારિત્ર્યનું સંપૂર્ણ રીતે જતન કર્યું છે. આ સમયમાં તે સંપૂર્ણ રીતે પુરુષ પર જ આધારિત હતી અને વિદેશ ગયેલા પતિની રાહ જોવી, પતિને પોતાના કાર્યક્ષેત્રમાં જરૂરી અનુંકુળતા અને સગવડ કરી આપવી અને ધર્મોમાં વર્ણવેલા આદર્શો મુજબ જીવન જીવવું એ જ તેનાં મુખ્યત્વે કાર્યો હતાં, પોતાના

વ્યક્તિગત વિકાસને કયાંય સ્થાન ન હતુ, ગૃહક્ષેત્રે રહીને સંસારની શોભા વધારનાર તે સ્ત્રી, પુરુષનો સાથ વગર બાપડી અને નિરાધાર બની જતી હતી. પોતાની વ્યક્તિગત કળા કારીગરીથી સંસારને દીપાવનાર એ ગુજરાતણ ઉપર માત્ર પોતાના પતિ સિવાય કોઇની હકુમત ચાલી શકતી નહી એટલું જ નહીં પડછાયો પણ પડી શકતો ન હતો,

આમ છતાં આપણી સ્ત્રીઓનાં જે કંઇ થોડુ ઘણું હાર હતું તે મુસ્લિમ શાસનની શરૂઆત થતા જ નાશ પામ્યું કેમ કે ભારતમાં ક્રમશ બધે જ મુસ્લિમ રાજ્ય ફેલાઇ ચૂકયું હોવાને લીધે આપણા પુરૂષો પણ પરવશ જેવા બની ગયા હતા ત્યાં બિચારી સ્ત્રીઓનું શું ગજુ ?

પુરુષોમાં પણ બહાદુર ગણાતી જાતિઓમાં રાજપૂતો બુંદેલાઓ અને સોલંકીઓનો મોટા ભાગનો સમય પોતાના રાજયની અખંડિતતાને ટકાવી રાખવામાં જ વ્યતિત થતો હતો, તેમાંના કેટલાકને તો મુસ્લિમોની નોકરી કે સુબાગીરીનું પ્રલોભન મળી જતાં, તેઓ રજીના રેડ થઇ જતા અને આમ તેમના વ્યક્તિગત વિકાસની આડે અવરોધ મુકાઇ જતો, ત્યારે આવા સંજોગોમાં, ગુજરાતની બહાદુર નારી પાસે જૌહર દાખવવા સિવાય બીજો કોઇ જ માર્ગ રહેતો નહીં અને આમ તેની જીવન લીલા અકાળે જ સંકેલાઇ જતી.

સમય પસાર થતાં મુસ્લિમ રાજ્ય વધુ સ્થિર થયું અને ફેલાયું, જેમ જેમ મુસ્લિમ શાસનનાં વર્ષો વધ્યાં તેમ તેમ આપણામાં કુરિવાજો પણ વધ્યા, અનિચ્છાએ ન થવાનુ થવા લાગ્યું. પ્રજાનું સામાન્ય જીવન તેમાં કુંઠિત થઇ જતાં 'જેમ જવાય તેમ જીવવું અને જેટલું જીવાય' જીંદગીનાં કર્તવ્યો કે વ્યવહારો પાર પાડવા, એટલા જ જીવનનાં ધ્યેય રહ્યાં હતાં. આ સમયના ગાળામાં બાળલગ્નનું પ્રમાણ વધ્યું હતુ, લગ્નની વય નીચે જતાં શિક્ષણનું સ્તર પણ સાવ નીચે ઉતરી ગયું હતુ. અને પરિણામે અજ્ઞાન, વહેમ, રૂઢિચુસ્તતા અંધશ્રધા, ધર્માંધતા અને અનેક બીજા અણસમજુ કુરિવાજોએ જોર પકડયું હતું,

અને, સ્ત્રીને માટે જન્મ બાદ વહેલી તકે પરણી જવુ એજ તેનું કર્તવ્ય હોય તેમ લાગતું હતુ, વળી પરણ્યા પછી પણ કયાં શાંતિ હતી ? અકાળે વૈધવ્ય, પરાધીનતા, સાસરાનો બોજ અને અજાણ્યા ભાવિ વચ્ચે બિચારી સ્ત્રી અથડાયા કરતી હતી અરે, પોતાનાં લગ્ન તથા તેને લગતા રિવાજોનો અસહ્ય બોજ જીવનભર વહોરવો પડતો આજની બહેનો કદાચ નહી માને, પણ તે સમયની સ્ત્રીનાં લગ્ન, ગમે ત્યાં, ગમે તેની સાથે અને ગમે તેટલી ઉમર વાળી વ્યક્તિ સાથે થઇ જતાં, સ્ત્રીને તો પોતે પરણે છે કે કૂવામાં પડે છે તેની ખબર જ પડતી નહીં,

વધુ કરૂણતા તો હજુ આ રહી —તે સમયના સમાજમાં સ્ત્રી એક મિલકત ગણાતી તેમ સાથો સાથ બોજ પણ ગણાતી શાસ્ત્રોમાં ભલે સ્ત્રીને દેવીની ઉપમા અપાતી અને પુરુષ એ પાઠોનું અધ્યયન કરતો, પરંતુ વાસ્તવિકતા કંઇક જુદી જ હતી. વાસ્તવિક જીવનમાં તે સ્ત્રી સાથે પશુ સમાન જ વ્યવહાર કરતો. પુત્રીના જન્મને એક બોજ અને શાપરૂપ જ માનવામાં આવતો. ટૂંકમાં સ્ત્રી જન્મને કોઇ આવકાર ન હતો.

સ્ત્રી સમાજને માટે એટલી ભારરૂપ લેખાતી કે દૂધ પીતી કરવાની પ્રથા દ્વારા જાણ્યે કે અજાણ્યે પણ તેને મારી નાખવાના પ્રયત્નો થતો હતો.

સ્ત્રીની આવી દશા છેક ૧૮૧૮ સુધી રહી. એ વર્ષમાં ખડકીનું યુધ્ધ જીતીને બ્રિટીશ સરકાર કંઇક સ્થિર બની, અને તે સાથે જ દેશમાં ધાર્મિક સુધારાઓ માટેની ચળવળ પણ શરૂ થઇ. બ્રિટીશ લોકો ભારતમાં ભલે કદાચ અનિષ્ટો લાવ્યા હશે પરંતુ તેમ છતાં એ હકીકત તો આપણે કબૂલવી જ પડશે કે તેઓ જ સ્ત્રીઓ માટેની આઝાદી અને સમાનતાનો સૂર્યોદય લાવ્યા હતા. અંગ્રેજોએ તેમના દેશમાં પણ સ્ત્રીઓને પાછળ ધકેલી કે હડસેલી ન હતી. તેઓ સ્ત્રીઓને પોતાની સાથે રાખતા એટલું જ નહી પણ માન મરતબો જાળવતા. મુસ્લિમ શાસનમાં જે રીતે સ્ત્રીઓને બુરખામાં ગોંધી રાખવાની વાત હતી, તેનું નામાનિશાન બ્રિટીશ રાજ્યમાં ન હતું.

અલબત્ત, આનો અર્થ એવો થતો નથી કે અંગ્રેજોનું આગમન આપ[ણા] હિત માટે હતું પરંતુ જ્યાં સુધી ભારતીય સ્ત્રીઓના વિકાસને સંબંધ છે તેટલા અંશે તો આપણે અંગ્રેજોનો આભાર માનવો જ રહ્યો

કાળક્રમે તે સમયે કેટલીક સામાજિક સંસ્થાઓ અસ્તિત્વમાં આવી [જે]માં બ્રહ્મોસમાજની સ્થાપના નોંધપાત્ર હતી આ જ સમયના ગાળામાં કન્યા કેળવણી, વિધવા પુન:લગ્ન વગેરે સુધારાઓના હિંમતભર્યા એલાન સહિત સામાજિક સુધારાઓનાં સેપનના પાયા નખાયા.

આ પરિસ્થિતિમાં, ગુજરાતમાં કંપની સરકારનું શાસન સ્થિર થયું હતું,

તક મળતાં જ સુરતમાં દુર્ગારામ મહેતાજીએ તથા નર્મદે સમાજ સુધારણાની હાકલ કરી અને નર્મદે [વિ]ધવા વિવાહની વાત કરીને બેસી નહીં રહેતાં, એક વિધવા સાથે પુનર્લગ્ન કરીને સુધારકો માટે એક જ્વલંત ઉદાહરણ પુરૂં પાડયું.

 અને તમે જાણો છો! કેવો હતો એ જમાનો? સર્વત્ર ભૂતપ્રેતના ચિત્રવિચીત્ર વહેમોમાં રાચતા લોકો, બાળલગ્ન, ફરજીયાત વૈધવ્ય અને વિધવાઓના મૂંડન જેવા રિવાજો તે સમયે હતા. સ્ત્રીને ન હતો મિલકતમાં હકક કે ન હતી તેની સુરક્ષા માટેની જવાબદારી નર્મદના એ યુગમાં આ તમામ કુરિવાજો સામે મોરચો મંડાયો. કેળવણીના પ્રચારને પ્રથમ અગ્રીમતા આપવામાં આવી. સુરત, અમદાવાદ, વડોદરા, મુંબઇ જેવાં શહેરોમાં આ માટેની સંસ્થાઓની સ્થાપના થઇ, અને એ સંસ્થાઓએ સભાઓ દ્વારા લોકજાગૃતિના કાર્યક્રમને વેગીલો બનાવવાના પ્રયત્નો હાથ ધર્યા.

(ક્રમશઃ)

★

ભજન

સંપાદક : રમણીક પી. સેંઘાણી
F. Y. B Com.
કોટડા (ચકાર)

મનવા કાહે કો કરત ગુમાન
તૂ દો દિન કા મહેમાન ......મનવા
નવ માસ જબ રહા ઉદર મેં બહુત હુવા હેરાન
કોલ દેકર બહાર આયા
અલ ભુલ ગયા ભગવાન......મનવા
મોહ માયા મેં લીપટ ગયા મૂખસે રટે નહિ રામ
યહા કા બન બેઠા હૈ રાજા
વહાં કા હૈ તૂ ગુલામ......મનવા
કંચન જૈસી કાયા તેરી જીસકા હૈ અભિમાન
એક દિન બાંધ કે લે જાયગા
જલેગી બીચ મસાન......મનવા
બહોત સે આયે બહોત ચલે ગયે ના રહા નામ નિશાન
રાવણ જેસે મહા બલીકા
સીતારામ લીયે પ્રાણ......મનવા
'રમણ' કહે ભજન કર સીતારામકા ભાઇ
કયું હોવત હેરાન ત્રિભૂવન સીતારામ ભજીલે
ગીરધારી ઘનશ્યામ......મનવા

ગરીબ * (કાવ્ય)

ગીરીશકુમાર એસ. પટેલ
પાલઘર

જયાં જયાં નઝર મારી ઠરે
ત્યાં ત્યાં ગરીબ રઝળતા ફરે.

શેઠ શાહુકાર હુંડી ખાય.
ગરીબોને ના ખાવા ધાય.

આપણુ બીચારો અગુઠો બતાવે.
શેઠ બ્લેક બુક માં લખાણુ લખાવે.

શેઠ શાહુકાર કાળા બજાર કરે.
પોલીસ ખીસાંમાં નાણા બજાર ઠરે.

કંજૂસ શેઠ નાણાં સંગ્રહી રાખે.
ધુતારાને કદી ભુખે નરાખે.

જયારે ધુતારા મજા કરે.
ત્યારે શેઠ રડયા કરે.

બસ વિનંતી છે મારી તમને.
કહેવુ છે કંઇક તમારા દીલને.

આ ગરીબ છે. આપણા બન્ધુ.
કરીએ તેની સાથે ભાઈ બન્ધુ.

●

સને ૧૯૭૬ ના વર્ષ દરમિયાન ભારતીય તાર અને ટપાલ ખાતાં તરફથી બહાર પડનારી સુચિત ટપાલ ટિકિટોની યાદી:–

અનુ.	વિગત	પ્રકાશક તારીખ	કિંમત પૈસામાં
૧.	શ્રી એલ. એન. મિશ્રા	૩–૧–૭૬	૨૫
૨.	'પરમ વીર ચક્ર' ની સંસ્થા અંગે	૨૬–૧–૭૬	૨૫
૩.	એલેકઝાન્ડર ગ્રેહામ બેલ,	૧૦–૩–૭૬	૨૫
૪.	ભારતનાં રેલ્વે એન્જીનો Locomotives of India	૨–૪–૭૬	૨૫, ૫૦, ૧૦૦, અને ૨૦૦
૫.	ભારતના કુલો	૨–૫–૭૬	૨૫, ૫૦, ૧૦૦, ૨૦૦
૬.	યુ. એસ. એ. નો સ્વાતંત્ર્ય દિન	૪–૭–૭૬	૨૫, અને ૨૫૦
૭.	શ્રી કે. કામરાજ	૧૫–૭–૭૬	૨૫

૮.	શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય	૧૫-૯-૭૬	૨૫
૯.	„ ગલી પ્રાણીઓ વિશે (વાઇલ્ડ લાઈફ સિરીઝ)	૧-૧૦-૭૬	૨૫, ૫૦, ૧૦૦અને ૨૦૦
૧૦.	ભારતના હસ્તિઓ	૨-૧૨-૭૬	૨૫. ૫૦. ૧૦૦. અને ૨૦૦

ઉપર મુજબ નિયત થયેલા પ્રોગ્રામ ઉપરાંત પણ અમુક ખાસ બનાવ કે પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે પણ ભારતનું ટપાલ ખાતું ખાસ ટપાલ ટિકિટ બહાર પાડે છે. દા. ત. 'આર્યભટ્ટ' વિશેની ટપાલ ટિકિટ

—ભગવાનદાસ લાલજીભાઈ પટેલ, (ધોળકા)

"ત્રણ" ને હંમેશાં યાદ રાખો.

સંકલન
કુ. રમીલાબેન આર. પટેલ

(૧) વિશ્વમાં યાત્રાનાં સ્થળો ત્રણ છે—
—માતા, પિતા અને ગુરૂ,

(૨) અગ્નિ વિના પણ બાળનાર ત્રણ છે—
—ક્રોધ, કલેશ અને કપૂત,

(૩) ધન સાથે ત્રણ વસ્તુ જાય છે—
—બુદ્ધિ, માન અને સુંદરતા,

(૪) પૈસા કરતાં પણ વધુ વહાલાં—
—અકકલ, આબરૂ અને સંતાન,

(૫) સદ્‌ગુણી સ્ત્રીનાં લક્ષણ—
—ઘરની સંભાળ, સ્વામી ભક્તિ અને સંતાન પ્રેમ

(૬) પૂર્વ જન્મનાં પાપનાં ફળ—
—બુરી સ્ત્રી, બુરાં સંતાન અને નીચ સગાં,

(૭) જ્ઞાન પ્રાપ્ત કરવાનાં સાધનો—
—વાચન, વાતચીત અને નિરીક્ષણ,

(૮) ત્યજવા લાયક—
—પરધન, પરસ્ત્રી અને પરનિંદા,

(૯) વિશ્વાસ ઘાતીઓ—
—કંજૂસ, લોભી અને કપૂત,

(૧૦) ત્રણની શિખામણ કદાપિ લેવી નહીં—
—મૂર્ખ, આળસુ અને ખુશામતિયાઓ

(૧૧) નિંદાને યોગ્ય—
—કલંક, કામિની અને કપૂત,

વિદ્યાર્થી અને સમાજસેવા *

સંપાદક
રમણીક ડી. પટેલ
S. S C.
તખતગઢકંપા

એક વાર વિનોબાભાવેએ પોતાના ભાષણમાં કહ્યું હતું કે "મારી પાસે ઘણા યુવાનો આવે છે અને કહે છે બાબા અમે શું કરીએ ? કાંઈ સેવા બતાવો" વિનોબાજીએ કહ્યું, હું શી સેવા બતાવું ભાઇ ! જેને સેવા કરવી છે તેને તો આપો આપ તે મળી શકે છે. તમારી આજુ બાજુ નજર કરો અને તમારા અનેક ભાઈ ભાંડુંઓ તમારી સેવા લેવા ઊભા છે.

વિનોબાજીની ઉપરની ઉક્તિમાં ભારોભાર તથ્ય સમાયેલું છે પરંતુ જોવાની દ્રષ્ટિ કોનામાં છે ? આજનો વિદ્યાર્થી પણ આવો જ સવાલ પૂછે છે શું વિદ્યાર્થી સેવા કરી શકે ? વિદ્યાર્થી શી સેવા કરી શકે ? તેનો જવાબ બાબાએ આપ્યો.

મનુષ્ય સામાજિક પ્રાણી છે. તે સમાજ બનાવી રહે છે. આખા સમાજથી તે અનેક લાભ મેળવે છે. એવી ઘણી વસ્તુઓ છે કે જે સમાજ કે સંઘ વગર દરેક વ્યક્તિને સર્જી શકતો નથી. જેમ કે કૂવા, તળાવ, ધર્મશાળા, મંદિર, રસ્તા આ બધી વસ્તુઓ આખા સમાજને ઉપયોગી છે. તે સમાજે ભેગા મળીને કે કોઇ દાતાએ કે સરકારે સમાજ માટે નિર્માણ કરી છે. બાળકોએ મોટા થઈ પોતાના સમાજમાં જ જીવન વિતાવવાનું છે. આ સમાજ જીવનમાં ઘણાં અનિષ્ટો ઘર કરી બેઠાં છે તે દૂર કરવાનું કામ વ્યક્તિ પોતે પોતાની સૂઝસમજથી કરે તો સમાજ સારો બને.

વિદ્યાર્થી એ સમાજનો પ્રાણ છે, ધબકતુ હૃદય છે એને જો સેવાના પાઠો ભણાવવામાં આવે તો એ શું ન કરી શકે ? ગામડામાં આપણો શત્રુ છે અસ્વચ્છતા. ગામડાંમાં મ્યુનિસિપાલિટી હોતી નથી નાની ગ્રામ પંચાયત હોય છે. તે ગામની સફાઇ બરાબર રાખી શકતી નથી ત્યાં વિદ્યાર્થી ઘણું સારૂ કામ કરી શકે તેમ છે. સમાજમાં અનિષ્ટો, વહેમો, કે જૂની રૂઢિઓનો સામનો ઉગતા જુવાનો જ કરી શકે. જ્યારે તે સમાજનુ મુખ્ય અંગ બને ત્યારે તે પ્રમાણે સમાજ સાથે વર્તી સમાજ સુધારક બની શકે છે. વિદ્યાર્થી આ યુગનું અમૂલ્ય ' ધન ' છે.

ચાર મંગળ *

પટેલ ચીમનલાલ નારણભાઇ
નવાનગર

**चत्तारि परमंगाणि, दुल्लहाणिह जंतुणो ।
माणुसत्तं सुई सद्धा, संजमम्मि अ वारिअं**

આ ચાર સાધનો આ જીવને મળવાં ઘણાં જ દુર્લભ છે. માનવતા, ધર્મ શ્રવણ, શ્રદ્ધા અને સંયમમાં વીર્યનો-પરાક્રમનો ઉપયોગ.

વિદાય વેળાએ પિતા જેમ પોતાના સુપુત્રોને છેલ્લી વાર હી ભલામણ કરે છે તેમ ભગવાન મહાવીરે પાવાપુરીમાં દેહ છોડતાં પહેલાં માનવ જાતને આ ચાર અંગો કહ્યાં,

'મહાનુભાવો ! આ વિશ્વમાં આ ચાર અંગ પરમ મંગળ છે. મનુષ્યત્વ શાસ્ત્રનુ શ્રવણ, શ્રદ્ધા, અને સંયમમાં પુરુષાર્થ.

મહત્તા મનુષ્ય જન્મની નહિ. મનુષ્યત્વ વિના આ મનુષ્યજન્મ ભયરૂપ છે આજે વિશ્વમાં મનુષ્યો તો અબજોની સંખ્યામાં છે. પણ મનુષ્યત્વ ન હોવાને લીધે, આટલા વિજ્ઞાનના સાધનો હોવા છતાં, અશાંતિ છે. હિંસા છે, ભય છે,

ચતુર માણસ પોતાના ચાતુર્યથી અન્યને છેતરી રહ્યો છે. બળવાન માણસ પોતાના બળના પ્રતાપે બીજાને દબાવી રહ્યો છે. સત્તાધારી માણસ પોતાની સત્તાથી સામાને નિર્દય રીતે કચડી રહ્યો છે. શ્રીમંત માણસ પોતાના ધનના જોરે માણસને ગુલામ ગણી ખરીદી રહ્યો છે આ બધું બની રહ્યુ છે. કારણ કે મનુષ્યત્વ નષ્ટ થઇ રહ્યું છે.

મનુષ્યત્વ એ ગુલાબનું ફુલ છે. ફુલને ઉષ્ણુ જળમાં ઉકાળશો, તો એ પાણી ને ગુલાબજળ બનાવશે, એને ઉકરડા પર ફેંકશો તો એ ત્યાં પડયું પડયું સુવાસ પ્રસરાવશે, એને કોઇ સુંદરી વેણીમાં ગૂથશે તોય એ ત્યાં શોભામાં અભિવૃધ્ધિ કરશે અને કોઇ ભકત એને પ્રભુના મસ્તક પર ચઢાવશે તોય તે એટલી જ નમ્રતાથી સૌરભ મહેકાવશે. એને ગમે તે સ્થાનમાં મૂકો, પણ એ પોતાનો ધર્મ નહિ ચૂકે

મનુષ્યમાં મનુષ્યત્વ જડવત્ હોય છે ત્યારે એ પણ સુમનની જેમ મહેકતુ હોય છે. એ જો ચતુર હોય તો ભોળા માણસને બુદ્ધિભરી સલાહ આપે, એ લેખક હોયતો શિષ્ટ સાહિત્ય સર્જીને સમાજને સ-માર્ગે વાળે, એ બળવાન હોય તો નિર્બળનું રક્ષણ કરે, એ સત્તાવાન હોય તો પ્રજાને સહાયતા આપે, એ ધનવાન

હોય તો એ નિર્ધનનો મિત્ર બને, કારણ કે એનું મનુષ્યત્વ એને આવાં સારાં કાર્યો કરવા અવિરત પ્રેરતુંજ હોય છે.

સૂર્યનો પ્રકાશ જગતને લોકવ્યવહારમાં પ્રેરે છે, તેમ મનુષ્યત્વ ભલાઇની પ્રવૃત્તિમાં પ્રેરે છે, સૂર્યના પ્રકાશમાં પ્રાણી સમૂહ અભય હોય છે. તેમ મનુષ્યત્વના પ્રકાશમાં માણસનો પ્રત્યેક વ્યવહાર અભય હોય. આજ તમે જોશો તો મનુષ્ય સામા મનુષ્યથી ચેતીને દૂર દૂર ચાલે છે; કારણ કે મનુષ્યત્વનો હ્રાસ થયો છે, માટે મનુષ્ય જન્મને મંગળમય બનાવવા મનુષ્યત્વની પુનઃ પ્રતિષ્ઠા કરો.

બીજું મંગળ છે શાસ્ત્રનું શ્રવણ મનુષ્યત્વનો વિકાસ કરવામાં શ્રવણ ખૂબ સહાયક બને છે. માણસનું મન પાણી જેવું છે. એ સદા નીચાણવાળા પ્રદેશમાં જતુ હોય છે એમાં પણ જો ઢાળ મળી જાય તો તો પૂછવું જ શું ? એનો વેગ દ્વિગુણિત થઇ જવાનો ખૂબજ વેગથી નીચે જવાનુ. માણસનું મન નીચે જઇ જ રહ્યું હતું, એમાં વાસનાથી ભભૂકતુ રંગીલું વાતાવરણ મળ્યું. માણસને ઉન્મત્ત બનાવે એવાં નિર્લજ્જ નૃત્યો વધ્યાં ડગલે પગલે વિલાસી ગીતોનું શ્રવણ વધ્યું અને મન વધારે ને વધારે અધોગામી બન્યું.

આવા સંજોગોમાં નીચે લપસતા મનને ઊંચે લઇ જનાર હોય તો તે સત્શાસ્ત્રનું શ્રવણ છે. જેમ પંપથી પાણી ઊંચે જાય છે. અને જેનું મન પવિત્ર હોય છે. તેજ આનન્દમાં રહી શકે છે.

આનન્દ જગતની વસ્તુઓમાં નથી, પણ નિર્મળ મનમાં છે. મનમાં નીચતા હોય, અપવિત્રતા હોય, ત્યારે તો અનેક સાધનો હોવા છતાં પણ તેને નિર્ભય આનંદ મળતો નથી અને કેટલીકવાર તો ઊંડે ઊંડે વેદનાના દંશથી માણસ પીડાતો હોય છે

અહીં ભગવાને વાંચન કરતાં શ્રવણ એટલા માટે કહ્યું કે, એથી ચારિત્રશીલ પુરુષના સાનિધ્યનો લાભ મળે, તેમ એની વાણીમાંથી નીતરતી ચારિત્ર્યની ઉષ્મા શ્રોતાના હૈયાને ભરી દે.

શિયાળામાં અગ્નિ પર લખેલ વિવેચન વાંચવાથી ઉષ્મા મળે છે, નથી મળતી, પણ અગ્નિના સાનિધ્યથી જ ઉષ્મા મળે છે તેમ પુસ્તકના વાચન માત્રથી આપણામાં પરિવર્તન નથી આવતું, પણ ચારિત્ર્યવાન પુરુષોની ઉપાસનાથી આપણા જીવનમાં ત્યાગની ભાવના આવે છે. અને એ આદર્શ માનવીની છાપ, ઉપદેશની સાથે સાથે આપણા હૈયા પર અંકિત થાય છે.

અહીં એક વાત ખૂબ સૂચક છે. આપણે જેને સાંભળીએ તે ત્યાગી હોવો જોઈએ. ત્યાગી એટલે માત્ર કપડાં બદલાવીને બેઠેલો નહિ. પણ નિઃસ્પૃહી ને સંયમી, એવા નિઃસ્પૃહી પુરુષના મુખમાંથી નીકળેલ વાણી નિર્મળ જળનું કામ કરે છે. પાણીથી જેમ શરીરનો ને વસ્ત્રોનો મળ દૂર થાય છે તેમ આવી વાણીથી આપણા આત્મા પર ચઢેલા મળનો ક્ષય થાય છે.

ત્રીજુ મંગળ તે શ્રદ્ધા. શ્રદ્ધા એ માનવીનું પરમ ધન છે. માણુસ પાસે જો શ્રદ્ધાની મૂડી હોય તોજ એ જીવનમાં પ્રગતિ કરી શકે છે. જ્યારે શ્રદ્ધા ખૂટે છે. ત્યારે માનવ પ્રગતિ થંભે છે. જીવનના વિષમ ને વિકટ પંથમાં માણુસ શ્રદ્ધાના પંથેયથી જ આગળ વધી શકે છે. બુદ્ધિ કુંઠિત થાય છે. ત્યાં શ્રદ્ધા માર્ગ કરે છે. શ્રદ્ધાનો આ જેવો તેવો વિજય નથી.

માણુસ કોઈ પણ વસ્તુનો પ્રારંભ કરે છે, જો એને એ વસ્તુ પ્રત્યે શ્રધ્ધા હોય. પણ એ વસ્તુ પ્રત્યે શ્રધ્ધા ક્યારે જાગે ? જ્યારે એને પોતાના જીવનમાં શ્રધ્ધા હોય, પણ એને એ જીવનમાં શ્રધ્ધા ત્યારે જ જાગે જ્યારે એને પોતાના આત્માના અસ્તિત્વમાં અસિમ શ્રધ્ધા હોય આવો આત્મશ્રધ્ધાવાન માણુસજ આખા જગત સામે બાથ ભીડી શકે.

ચોથું મંગળ તે સંયમમાં પુરુષાર્થ. માણુસ ધન રળવામાં એને સાચવવામાં વિલાસ વધારવામાં પુરુષાર્થ કરે છે, પણ સંયમની વાતમાં એ પુરૂષાર્થ હીન બની જાય છે.

ભગવાન કહે છે; 'તું તારો પુરુષાર્થ ભોગમાં નહિ, ત્યાગમાં કર.'

ભેગું કરવાનું કામ તો એક ભિખારી પણ કરી શકે છે. એમાં પુરૂષની મહત્તા શી ! એક ભિખારી પાસે બે ડબલાં હોય ને માર્ગમાં ત્રીજું ડબલુ મળે, તો એને એ ઝોળીમાં નાખવાનો, ભેગુ કરવાનું અને ભોગવવાનું કાર્ય તો ભિખારી પણ કરી શકે.

મહત્તા ત્યાગની છે. ત્યાગ માટે અમીરી જોઈએ. મહાન હૃદય જોઈએ. મહાન હૃદય જોઈએ પ્રકાશમય દ્રષ્ટિ જોઈએ.

સંયમ એકદમ નથી આવતો. ઇન્દ્રિયોના ઘોડા તોફાની છે એમને વશ કરવા કેટલો પ્રબળ પુરૂષાર્થ જોઈએ ? એમના મોંમાં સંયમની લગામ ન હોય, તો

આપણા જીવનને કયાંય ફગાવી દે, કારણ જગત પ્રલોભનોથી ભરેલું છે આવા પ્રલોભનભર્યા માર્ગમાં જીવનરથને સલામત રીતે લઇ જવો હોય તો સંયમ વિના કેમ ચાલે ?

ઘણા માણસો કુશળ હોવા છતાં જીવનમાં આગળ વધી શકતા નથી, એનું કારણ એજ કે, એ સંયમમાં નિર્બળ હોય છે. એથી એમની સાધના માત્ર વ્યર્થ જાય છે, માટે માનવજીવનને વિજયવંતું બનાવવા તમારી શકિતઓને, તમારી આવડતને તમારી બુધ્ધિને, તમારા પુરૂષાર્થને, સંયમમાં જોડો.

માનવજીવનની પરમ મંગળ એવી આ ચાર વાત ભગવાને શ્રી ઉત્તરાધ્યયન સુત્રમાં કહી છે.

આજ જગતમાં અશાન્તિનો દાવાનળ પ્રગટયો છે, શાન્તિની વાતો માત્ર હવામાં જ છે. વાસ્તવિક જગતમાં તો બુધ્ધિશાળી માણસોને પણ કોઇ માર્ગ દેખાતો નથી. ચારે બાજુ આગના ભડકા છે. એવા ટાણે માણસે 'માણસ' બનવા માટે ને શાન્તિની દુનિયા ઊભી કરવા માટે પણ આ મંગળ સત્યનો પ્રચાર સાહિત્યમાં કરવો રહ્યો.

અને આ અંગોને આચારમાં વણવાં રહ્યાં.

ગઝલ ✱

★ મહેન્દ્ર શીવદાસ પટેલ

કદીક કરૂણા વહાવે આંખો
કદીક ઝરણા ઝરાવે આંખો
કદીક વૃક્ષોમાં સમાય કદીક ફ્લોમાં
કદીક આંખોમાં સમાય આંખો !
'પ્રેમ' ની શાંતળતામાં બળતા રહીએ
અને દિલડાના દર્દને મટાવે આંખો !
વસંત પુર બહારમાં ખીલી ઉઠે ને
કાતિલ પ્રેમ કટારી ફેંકે આંખો !
ચંદ્રમા જેવું મુખ છે એનું
ને ચંદ્રની ચાંદનીને ગટગટાવે આંખો !
મિલન સમે મનમાં થાય શું બોલું ?
ને બોલવાનું બધુ બોલી નાખે આંખો !
" પ્રેમ તોફાન " માં બહુ અટવાયા
હવે કિનારો શોધે છે આંખો !!

તુંજ મા

પટેલ કાન્તિલાલ એમ.
B. E. I.
કાશીપુરાકંપા હિંમતનગર

હતાં નાનાં ગભુડીયાં પારણે ઝુલતાંતાં,
ખેંચતીતી પારણા તણી દોર તુજમા,
ભુખ્યા થતા ત્યારે કરવતી અમૃતપાન તુમા,
ભુખી રહી જમાડતી અમને તુજ વ્હાલી મા
ભીના, ગંદા વસ્ત્ર સાફ કરતી તુજમા,
મળમુત્ર સાફ કરતી વાત્સલ્ય મુર્તી તુમા,
ખોળામાં લઈ બચીઓથી નવડાવતી તુમા,
સદા અમારી ચિંતા કેવળ કરતી તુજમા,
સદ્દજ્ઞાન રૂપી ગંગામાં નવડાવ્યા તેમા
ભણાવી ગણાવી મોટા અમને કર્યા તેમા,
બીજા શિક્ષકની ગરજ સારી જ્ઞાન આપ્યુ તેમા
પણ
સ્ત્રીના ચડાવ્યા ચડતાતા કેવળ અમેજમા
ધમકાવી, કટુવેણ બોલાતા'તા અમેજમા,
છતાં સહન કરતુ મુંગેમોંએ કેવળ તુજમા,
'ડોસલી' તુચ્છકારથી બોલાવતા'તા તનેમા,
પણ, પછતાયા ખુબ પાછળથી અમે મા,
બન્યા પુત્રો તણા બાપ જયારે અમે મા,
ભાન થયું માતૃત્વતણું ત્યારેજ અમને, મા
તારી આશાના મહેલ તોડયા કેવળ અમેજમા,
ધમકાવ્યા સારો જન્મારો તને વહાલી મા
ન કરાવી તીર્થયાત્રા પણ તને મા,
કરી કદર તારી આવી- પછતાયા ખુબ અમેમા,
જાણુતા ભૂલ કરનારા 'મહામૂર્ખ' અમેજમા,
છાણમાંના કીડા જેમ ખદબદી રહ્યા છીએમા,
માતપિતાની સેવા એ મહાન ધર્મ છે મા,
આવ્યો વિચાર અમને બહુંજ મોડો મા,

— જય સનાતન —

જુઓ !

પટેલ રતીલાલ સોમજીભાઈ
(પ્રથમ વર્ષ વેટરીનરી) આણંદ
ચંદ્રપુરાકંપા, હિંમતનગર, (સા. કાં.)

ભારતમાં બિહાર કેટલું પછાત !

1. ૧૯૬૮/૬૯ માં ૪૨૦૦ બિહારી માટે એક હોસ્પીટલ જ્યારે ભારતમાં ૨૭૦૦ એ એક હોસ્પીટલ.
2. ૧૯૭૧ માં દર ૧૦૦ બિહારીમાંથી ૨૦ શિક્ષીત જ્યારે ભારતમાં ૧૦૦ માંથી ૩૦ શિક્ષીત.
3. ૧૯૭૨ માં ૧૦૦ બિહારી ગામડામાંથી ૧૩ માં વિજળી જ્યારે ભારતમાં ૧૦૦ માંથી ૨૩ માં વિજળી.
4. ૧૯૭૩ માં બિહારમાં ૧ (એક) લાખ લોકો વચ્ચે એક બેન્ક જ્યારે ભારતમા ૧ લાખે ત્રણ બેન્ક.
5. ૧૯૭૨/૭૩ માં બિહારમાં એક લાખ લોકો વચ્ચે ૧૫ (૫ંદર) પોસ્ટ ઓફિસો અને ૨ (બે) તાર ઓફિસો જ્યારે ભારતમાં ૨૧ પોસ્ટ ઓફિસો અને ૩ (ત્રણ) તાર ઓફિસો.

★

જાણો !

ભારતમાં સૌંદર્ય પ્રસાધનો:—

1. પાવડર:— ૧૨૫ રંગના.
2. હોઠપર લગાડવાની લિપસ્ટીક:— ૮૦ રંગોમાં.
3. મોઢાપર લગાડવાના ક્રીમ:— ૩૫ રંગોમાં
4. નખ પર લગાડવાની પોલીશ:— ૪૦ રંગોમાં
5. અતરો:— ૯૦ પ્રકારના
6. શેમ્પુ:— ૩૦ થી ૩૫ જાતનાં

સમયનો સદુપયોગ અને વિદ્યાર્થી

કરમશી એન. પટેલ T. Y. B. A. (ભુજ)

આ માનવજીવન સોનેરી પ્રભાતની જેમ અથવા પાણીના પરપોટાની જેમ ક્ષણભંગુર છે. આ ટચૂકડા જીવન કાળ દરમિયાન માનવીએ ઘણાં મોટાં કાર્ય કરવાનાં હોય છે કારણ કે દરેકની કંઇને કંઈ મહેચ્છા હોય જ છે. શું આપણે આ સમયને નષ્ટ કરીને આપણી મુરાદો પાર પાડી શકીશુ ? નહિ ! જો સમયનો સદુપયોગ કરવામાં નહી આવે તો આ ક્ષણભંગુર જીવન તરતજ નષ્ટ થઇ જશે

અંગ્રેજીમાં કહેવત છે કે "TIME AND TIDE WAIT FOR NONE" મતલબ કે જેમ દરીયામાં આવતી ભરતી નિયમીત હોય છે તેમ સમય પણ તેના વહેણ મુજબ ચાલ્યો જ જાય છે તે કોઇની રાહ જોતો નથી વળી "TIME IS MORE THAN MONEY" ખરેખર સમય એક અમૂલ્ય વસ્તુ છે. ગૂમ થઇ ગયેલ વસ્તુ પાછી મળશે પણ પસાર થઇ ગયેલો સમય પાછો મળી શકશે નહિ આથી જે મનુષ્ય એક એક મિનીટ અને સેકન્ડની કિંમત સમજે છે તે જ જીવનની કિંમત સમજે છે અને જે સમજે છે અને જે સમયનો સદુપયોગ કરી શકે છે તે જ જીવનનો સદુપયોગ કરી શકે છે.

પરતુ આજકાલ વિદ્યાર્થીના જીવન તરફ ડોકીયું કરીશું તો જણાશે કે પરિસ્થિતિ કઇક વિપરીત છે કોઇપણ વિદ્યાર્થી સમયનો સદુપયોગ નથી કરતો જ્યારે દુરૂપયોગમાં જ પોતાના જીવનનો પરમાનંદ માને છે. તેને તો ફકત ડીગ્રી મેળવવાની જ તમન્ના છે. આથી આખું વરસ ગમે તે કાર્યક્રમમાં નષ્ટ કરી કાંતો રાત્રિના ઉજાગરાનો સહવાસ લઇ અથવા પરીક્ષામાં ખિસ્સામાં કે બૂટના મોજામાં કે પછી અન્ય કોઇ જગ્યાએ મુકેલ કાગળિયાની મદદથી જ પોતાનું કાર્ય સિધ્ધ કરવા ઇચ્છે છે. તે તો જેટલો સમય દિવસ દરમ્યાન કામમાં વાપરે છે તેના કરતાં વિશેષ સમય ખોટી ચર્ચા વિચારણામાં પસાર કરે છે ગંજીપા રમનાર બટાલીયન પોતાની પરેડ વિસર્જનનું નામ નહી લે અને પૂછવામાં આવશે. તો જવાબ હશે–મનોરંજન. વાહ રે મનોરંજન !!! હા મનોરંજન આવશ્યક છે પણ તે પરિશ્રમ કરવાથી કે એક કાર્યમાં મશગૂલ રહેવાથી લાગતો કંટાળો દૂર કરવા માટે પણ તે કામ બદલવાથી પણ મનોરંજન મળી રહે છે, આમ મનોરંજન ના નામ પર સમય બરબાદ કરવો એ જીવન બરબાદ કરવા જેવું છે.

આજના યુવાન વિદ્યાર્થીને સમયનો સદુપયોગ કરવા માટે ઘણા માર્ગ છે.

મારી દ્રષ્ટિએ ઉચિત એ છે કે યોગ્ય કાર્યક્રમ ઘડી નાખવો જોઇએ કે જેથી યોગ્ય સમયમાં યોગ્ય કાર્ય પૂરું પાડી શકાય પણ આ ઘડી કાઢેલા કાર્યક્રમને જડ રીતે વળગી ન રહેવું જોઇએ. જો તેમ કરવામાં આવશે તો સ્થિતિ ઘાણીના બળદ જેવી થઇ જશે. સમય જતાં યોગ્ય એવી ટેવ પડી જશે અને જીવન સાફલ્યની ચાવી હાથમાં આવી જશે. આજનો વિદ્યાર્થીએ આવતી કાલનો નાગરિક છે એ ન ભૂલવું જોઇએ પણ આજનો વિદ્યાર્થી વેકેશનની રાહ જોયા કરતો હોય છે અને અભ્યાસમાંથી છૂટી રાહત મેળવવા માટેના કાર્યક્રમ જેવા કે ખૂબ ઊંઘ કરીશ સવારે દસ વાગે ઉઠીશ, પિકચર જોઇશ, અથવા કોઇ એવા કામમાં સર્વસ્વ હોમી દઇશ. આ અયોગ્ય કહેવાય.

આ જીવનનો વિદ્યાર્થી જીવનનો સમય એ એક જીવનનો લ્હાવો છે. તેમાંજ જીવનના સંપૂર્ણ અને સર્વાંગી વિકાસનો પાયો છે. બાકીનું આખું જીવન તે સમય પર જ આધાર રાખશે તેણે ફકત પુસ્તક સાથેનો જ સબંધ નથી રાખવો પણ સમય સાથે કદમ ઉપાડી કૌટુંબિક, સામાજિક કે રાષ્ટ્રીય કાર્યમાં જોડાઇ ઉપયોગી બનવા ગમે તે રીતે પ્રયત્ન કરવો જોઇએ. પોતાનાથી બનતા બધા પ્રયત્નો કરવા જોઇએ અને ઉદાહરણ તરીકે દરેક વિદ્યાર્થી પ્રૌઢ શિક્ષણમાં સહાય રૂપ નીવડે જ તેમ એવા ઘણા બધા કાર્યો છે જેનો આશરો લઈ સમય પસાર કરવો જોઇએ. જો વિદ્યાર્થી જીવનના સમયના ગાળાનો સદુપયોગ કરવામાં નહીં આવે તો જીવન બરબાદ થતાં પણ વાર નહીં લાગે!
અને આગળ જતાં પરિસ્થિતિનું ભાન થશે પણ કંઇ કરી શકાશે નહિ— "જબ ચિડિયાને ચુગ ડારી ખેત તબ પછતાવે કયા હોત"

મહાન બનવા માટે સમયનું મૂલ્ય આંકવાની અને સમજવાની જરૂર છે. દેશનેતાઓ મહાત્મા ગાંધી, નહેરૂ, શાસ્ત્રી, વિવેકાનંદ, પરમહંસ, સુભાષચંદ્રબોઝ વગેરે એ સમયની કિંમત સમજી આગળ પગલું ભરેલ અને અમર કીર્તિ મેળવી આમ જો જીવન સાથે પ્રેમ છે તો સમયને નષ્ટ ન કરવો જોઇએ કારણ કે જે સમય નષ્ટ કરે છે તેને સમય નષ્ટ કરી નાખે છે તે ધ્યાનમાં રાખવું જ જોઇએ

અવસાન નોંધ

મંડળના સભ્ય બદામકંપા નિવાસી પટેલ કાન્તિલાલ કેસરાભાઈનું ૪૦ વર્ષની ઉમરે હૃદયરોગના હુમલાથી એકાએક દુ:ખદ અવસાન થયું છે.

સદ્દગતશ્રી તેમની પાછળ વિશાળ પરિવારને વિલાપ કરતાં મુકી ગયા છે. સ્વર્ગસ્થના આત્માની શાંતિ અર્થે પ્રભુને પ્રાર્થના.

॥ શ્રી ગણેશાય નમઃ ॥

નેશનલ ટાયર્સ

સાયરા રોડ, **મોડાસા** જિ. સાબરકાંઠા. ફોન : ૧૪૬ પી. પી.

આથી મોડાસા તેમજ આજુબાજુના અમારા સ્નેહીમિત્રો, વહેપારી ભાઇઓ તેમજ ગ્રાહકમિત્રોને જણાવતાં આનંદ થાય છે કે આપની જરૂરિયાત મુજબ



- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઇયર
- સીયેટ વગેરે
- કંપનીનાં બનાવેલ

ટાયર — ટયુબ,

દરેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા

● બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ ●

દરેક સાઇઝની **બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ**

તેમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી ધનસુરા તેમજ મોડાસાની દુકાનોની મુલાકાત લેવા વિનંતી છે

★ **ઓથોરાઇઝડ ડીલર્સ ઇન :—**

- ડનલોપ ઇન્ડિયા લિ. કલકત્તા, ગુડઈયર ઇન્ડિયા લિ. મુંબઈ
- ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કું. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઇ.
- સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઈ.
- મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
- ઈન ચેક ટાયર્સ લિ. કલકત્તા.
- નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

અમારી મુખ્ય દુકાન : **નેશનલ ટાયર્સ**

ફોન નં. ૨૭ તલોદ રોડ, **ધનસુરા** જિ. સાબરકાંઠા

આનંદ!
પુરસદ!!
વૈભવ!!!

રાજેશ
પ્રેશર કૂકર

પ્રથમ તો ગ્રાહકો તરફથી, પછી એના હરીફો તરફથી અને હવે ખુદ આઈ.એસ.આઈ. તરફથી પ્રમાણપત્ર. આમ રાજેશે આઈ.એસ.આઈ. ચિહ્ન ધરાવનારાં ગણ્યાં ગાંઠ્યા ઉત્પાદનોની ઉચ્ચ હરોળમાં સ્થાન મેળવ્યું છે.
લક્ષમાં રાખશો કે આઈ.એસ.આઈ. ચિહ્ન એટલે સવિશેષ ખાતરીનું ચિહ્ન! ઉત્પાદનની અત્યુત્તમ ગુણવત્તા, ઉત્કૃષ્ટ કારીગરી અને ચીવટપૂર્વકની પરિપૂર્ણતાનું પ્રમાણપત્ર.
તેથી, જ્યારે તમે પ્રેશર કૂકરની શોધમાં હો ત્યારે રાજેશની માગણી કરજો. કારણ કે એ સવિશેષ ખાતરીનું ચિહ્ન — ISI ધરાવે છે.



નિર્માતા:
રાજેશ ઈન્ડસ્ટ્રીઝ
મહારાષ્ટ્ર.

સ્ટોકીસ્ટ

શક્તિ
વિજય વાસણ
ભંડાર

તાંબા, પિત્તળ, સ્ટેનલેસ સ્ટીલ, એલ્યુમીનીયમના વાસણ તેમજ પ્રાયમસ વગેરે હાજર સ્ટોકમાં મળશે


પ્રોપ્રાયટર **પટેલ સાવજીભાઈ ભીમજીભાઈ** વીરાણીવાળા

સ્થળ
ખુટાલવાડા, **મોડાસા** જિ. સાબરકાંઠા

આપના ઘરમાં આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ સર્જવા માટ
હમેશાં ફિલિપ્સ રેડીયો ખરીદવાનોજ આગ્રહ રાખો

ઓથોરાઈઝડ ડિલર્સ ઈન :—

ફિલિપ્સ રેડીયો



કમાન્ડર

PHILIPS

મો. વાડીલાલ જીવરામ
(મીઠુ)ભાઈ સોની
ઠે. ચારરસ્તા, ધનસુરા,
જિ. સાબરકાંઠા

મળો યા લખો :—

શ્રી ગજાનંદ રેડીયો સર્વિસ


રેડીયો, ટ્રાન્ઝીસ્ટર; એમ્પ્લીફાયર વેચનાર
તેમજ સંતોષકારક રીતે રીપેર કરનાર
ઇલેક્ટ્રીક સામાનના વહેપારી.

શ્રી જયઅંબે



ખેડૂત ભાઈઓને ખુશ ખબર

સ્પન પાઈપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનું પૂરેપૂરૂં વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હંમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઇપ કું.

ની

પાઈપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે
પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા
જોવાનો પણ આગ્રહ રાખો.

★

“ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે.”

સારી પાઈપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઇપ કું.


વડાગામ જિ. સાબરકાંઠા.

બહેનોને ઉજાગરા અને મહેનતથી રાહત આપવા માટે * ઈલેકટ્રીક પાવરથી ચાલતું

છાસ

બનાવવા માટેનું

વલોણા યંત્ર



*** વસાવો અને ઘરની શાન વધારો.

વિશિષ્ટતાઓ :—

- ★ આ છાશ બનાવવા માટેનું વલોણાયંત્ર નાની મોટી બે સાઈઝમાં મળે છે.
- ★ ૫ થી ૧૦૦ લીટર સુધીના દહીંની છાસ બનાવવા.
- ★ દેશી વલોણા કરતાં ૧૫ થી ૨૦ ટકા વધુ માખણ મેળવવા.
- ★ આ યંત્રથી ઉનાળામાં પણ માખણ ઓગળી જતું નથી તેનો લાભ લેવા.
- ★ માત્ર નજીવા બળતણ ખર્ચમાં.
- ★ વેચાણ બાદની તમામ સેવાઓ તેમજ યંત્રના સ્પેરપાર્ટસ સહેલાઈથી મેળવવા

બનાવનાર :—

સ્કવેર એન્જિનીયરીંગ કોર્પોરેશન

ઘાટકો ૨ મુંબઈ–૮૬

● વધુ માહિતી માટે અમારા અધિકૃત વિક્રેતાને રૂબરૂ મળો.

ચેતન ફર્ટિલાઈઝર્સ

તલોદ રોડ, **ધનસુરા.** જિ. સાબરકાંઠા.

આરબ દેશોમાં જવા ઈચ્છતા—
કારીગર ભાઈઓને ખુશખબર

- પાસપોર્ટ
- વિઝા
- એન્ડોર્સમેન્ટ
- રીન્યુઅલ તથા
- પ્લેન અને સ્ટીમરની ટીકીટ માટે મળો.

રાજુ ટ્રાવેલ્સ
(વર્લ્ડ ટ્રાવેલ સર્વિસ)

પ્રો. મણિભાઈ પટેલ
(હાવલીવાળા)
B. A. (U. S. A. Return)

સી. એમ. શર્મા * નટુ શ્રીમાળી

રહેઠાણ : મુ. પો. હાવલી તા. મોડાસા જિ. સાબરકાંઠા.
ઑફિસ : મણિભાઈ પટેલ C/o. પ્રભુદાસ વકીલ, સાયરા રોડ, મોડાસા.
મળવાનો સમય : દરરોજ સવારે ૧૧-૦૦ થી ૫-૦૦ (રવિવારે રજા)
અમદાવાદ ઓફીસ : રવિ ચેમ્બર્સ, બીજે માળ. રીલીફ સીનેમા પાસે અમદાવાદ

વિદ્યાર્થી મિત્રોને :—
U. S. A. તથા CANADA વિષે માર્ગદર્શન આપવામાં આવશે.

ખેડૂતભાઇઓને—
ખુશ ખબર

પાણી ખેતીના પ્રાણ છે જેથી તેના બગાડ થતો અટકાવવા અને ઓછા પાણીથી વધુ લાભ લેવા માટે—

તુરત અમારો સંપર્ક સાધો.

* શ્રી જલારામ સીમેન્ટ પાઈપ વર્કસ *

પ્રો. મણિભાઈ ગોવિન્દભાઇ પટેલ
હાવલીવાળા
મુ. પો. હાવલી, તા. મોડાસા જિ સા. કાં



જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સ્નેહીઓ તથા સંબંધી ભાઈઓને જણાવવાનું કે અમારે નામે બાજુમાં આપેલા ફોટાવાળા કપડવંજના રહીશ વેલજીભાઇ ઉર્ફે મગનલાલ કરમસીભાઇ નીચે પ્રમાણેનાં બાનાં બતાવી પૈસા લઇ જાય છે.


★ હું માવજીભાઇનો નાનો ભાઇ છું મારૂ નામ કાન્તિલાલ રાજારામ છે.

★ મને ભાઇએ મોકલેલ છે. ટ્રકનું ટાયર ગયેલું હોઇ થોડી રકમ મારી પાસે છે બાકી ખૂટતી રકમ આપો જે ઘેર જઇ હું મોકલી આપીશ

આ પ્રમાણેનાં ખોટાં બાનાં બતાવી છેતરવાના ધંધા કરે છે તો તેમાં ફસાવું નહિ જેની નોંધ લેવી.

લિ. પટેલ માવજીભાઇ રાજારામ
„ કેશવલાલ રાજારામ
„ કાન્તિલાલ રાજારામ
શંકર વિજય સો મીલ
એસ. ટી સ્ટેન્ડ સામે, કપડવંજ (ગુજરાત)

તા. ક.–'જાગૃતિ' માસિકના ગ્રાહકમિત્રો ને નમ્ર વિનંતી કે આપના વિસ્તારમાં જયાં અંક ન જતો હોય ત્યાં દરેકને આ અંગે જાણ કરવા તસ્દી લેવા વિનંતી


LAXMI
LAXMI

ગ્રા. નં. ૭-૫

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

Book-Post

To, પટેલ કાનજી કરશન
મુ. પો. ભુજ
ક. વાઘડિયાવાડ
જિ. કચ્છ

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

★

★

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ તરફથી

સેવા. સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ
આંગીઆ

વર્ષ : ૧૮ અંક–૨ ફેબ્રુઆરી ૧૯૭૬

卐 卐

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦), પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૭૫ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧) પરદેશમાં રૂા. ૧૨૫) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરૂં સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જ... તેવી નમ્ર વિનંતી છે

સંપાદક મંડળ :



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ :
૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૩૭, આસો વદ ચૌદસ



અનુક્રમણિકા

અ. નં.	લેખકનું નામ	લેખક કે સંપાદકનું નામ	પૃષ્ઠ
૧	તંત્રી સ્થાનેથી...	કાન્તિભાઇ કે. પટેલ	૧
૨	ભારતીય પુનરુત્થાન ઔર સ્વામી વિવેકાનંદ	કુમારી નિર્મળા પટેલ	૩
૩	ધીરજનાં ફળ મીઠાં છે.	એચરભાઇ ડી. પટેલ	૭
૪	મોંઘેરો મનુષ્ય અવતાર		૧૦
૫	જુઓ ભણેલા ભાન જ ભૂલ્યા	અર્જુનભાઇ આર. પટેલ	૧૧
૬	ધર્મ અને શિક્ષણ	કસ્તુરી આર. પટેલ	૧૨
૭	તળાવ કિનારે તરસ્યાં	શાંતિ એલ. પટેલ	૧૭
૮	ગુજરાતી નારી	શામજીભાઇ આર. પટેલ	૧૮
	સમાચાર દર્શન		૨૧ થી ૨૬

તંત્રી સ્થાનેથી ❋

યોગેશ્વરો વિજયતે તરામ્
લાડકવાયા લાલનાં માતાપિતાઓ ચેતે

આપણે સૌ જાણીએ છીએ તેમ આપણા સમાજ સામે અનેક સમસ્યાઓ મોં ફાડીને બેઠેલી છે. છૂટાછેડા, કન્યા વિક્રય, વૃધ્ધ ઉમરે થતાં લગ્ન, એક પત્ની હયાત હોય છતાં બીજી પત્ની લાવવી, વગેરે પ્રાણપ્રશ્નો ગંભીરતા પૂર્વક ન્યાયપુર:સરનો ઉકેલ લેછે.

જોકે કન્યાવિક્રય–એતો કન્યાઓનાં સગપણ સહેલાઇથી થોડોક પ્રયત્ન કરીને સારું ઘર તેમજ સારો વર ન મળતાં જ ઊભું થતું દૂષણ છે. પરંતુ સામાન્ય લોકોની નજરે આ દૂષણ આજે ભલે નાનું સૂનું લાગતું હોય પરંતુ સમાજ માટે સમાજની એકરૂપતા ખંડિત કરનારું એક ભયંકર પરિબળ છે. જો એ પરિબળને ઉગતુ જ ડામવામાં ન આવે તો સમાજ લાંબે ગાળે ક્ષય રોગનું સ્વરૂપ ધારણ કરે તો પણ કંઈ કહી શકાય નહિ.

છેલ્લાં કેટલાંક વર્ષથી આપણે શિક્ષણની બાબતમાં પ્રગતિ સાધીએ છીએ તેમાંય ખાસ કરીને કન્યા કેળવાણીની બાબતમાં હજુ વિશેષ પ્રગતિ સાધી શકાઈ નથી. બીજીબાજુ પોતાના સુપુત્રને સુશિક્ષિત જોવા ઈચ્છતાં વડીલો જ્યાં સુધી પોતાનો પુત્ર અભ્યાસ કરવાનું ચાલુ રાખે તે સમય દરમિયાન કન્યા શોધવાનો પ્રયત્ન કરતાં નથી. પરિણામે કન્યાઓનાં માતાપિતા પોતાની દીકરીઓની ઉંમર વધતાં જતાં સાપના ભારા સમ લાગતી કન્યાઓનાં સગપણ કરી દેવાની તાકીદ કરતાં હોય છે. પરિણામે કન્યાનાં માતાપિતા વધુ ગરજાઉ બને છે જ્યારે છોકરાઓનાં માતાપિતાના પેટનું પાણી પણ હલતુ નથી જેના પરિણામે હવે નજીકના જ સમયમાં પોતાના સુપુત્રોનાં સગપણ કરવામાં માન માગતાં મા બાપોએ ચેતવાની જરૂર છે એવી સ્પષ્ટ માહિતી નીચેના આંકડાઓમાંથી જ ફલિત થાય છે તેથી માન માગનારાં વડીલજનો માંન માગવાનું ચાલુજ રાખશે તો ટૂંકાગાળા બાદ આજે દિકરીના બાપની જે દશા દેખાય છે તેનાથી પણ બદતર દશામાં દિકરાનાં વડીલોએ મૂકાવું પડશે. સમાજ જીવનમાં પરિવર્તન હંમેશાં આવેછેજ નજીકના જ ભૂતકાળમાં પણ કન્યાઓની શોધ માટે દીકરીઓનાં માબાપ ને જોડા ઘસવા પડેલા છે તેનાં ઉદાહરણો આજે સાઠેક વર્ષની ઉંમર ધરાવનારા વડીલોના ધ્યાનમાં હશેજ. તો એજ ઇતિહાસનુ પુનરાવર્તન થાય તે પહેલાંજ ઉંમર લાયક દીકરાઓનાં સગપણ વહેલી તકે કરી લેવા દરેક વડીલો વિચારે તે ઈચ્છનીય છે.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ (ગુજરાત) ધનસુરા ના માજી પ્રમુખ શ્રી સામજીભાઇ એસ. પટેલ (મુંખી) ના આદેશ અનુસાર સાબરકાંઠા જિલ્લામાંથી આપણા સમાજનાં ૧૦ વર્ષથી ઉપરની ઉંમરનાં સગપણ થયેલ અને સગપણ થયા વિનાનાં છોકરા છોકરીઓની યુવક મંડળના સભ્યોએ સર્વે કરેલ તેના

આંકડાઓ તપાસીએ તો હાલમાં દીકરાનાં સગપણ કરવા ન ઇચ્છતાં માબાપોનું નજીકના ભવિષ્યનું ચિત્ર કેવું હશે તેનો ખ્યાલ આવશે.

૧૦ વર્ષ ઉપરની ઉંમરના આધારે	છોકરાઓ	છોકરીઓ	કુલ સંખ્યા
સગપણ થયેલ	૨૨૨	૧૮૧	૪૦૩
સગપણ વિનાના	૬૫૨	૪૬૨	૧૧૧૪
કુલ સંખ્યા	૮૭૪	૬૪૩	૧૫૧૭

ઉપરોક્ત આંકડાઓ તપાસતાં જણાશે કે સગપણ વિહીન છોકરીઓની સંખ્યા માત્ર ૪૬૨ છે જયારે છોકરાઓની સંખ્યા ૬૫૨ છે. એટલે કે કુલ સગપણ વિહીન ૧૧૧૪ જેટલી સંખ્યામાંથી જ સગપણ કરવાનું હોય તો માત્ર ૧૯૦ છોકરીઓ સાબરકાંઠા જિલ્લામાં જેટલા વિભાગમાથી સર્વે થયેલી છે તેની બહારના વિભાગમાંથી લાવવી પડે હવે જો બહારના વિભાગમાં સર્વે કરવામાં આવે અને છોકરીઓની સંખ્યા ઓછીજ હોય તો ઘણા બવા મુરતીયાઓન રખડી પડવાનો સમય આવે.

આપેલ આંકડાઓ માત્ર ઓગસ નથી પણ સ્પષ્ટ હકીકત છે તે સમગ્ર સમાજે ધ્યાનમાં લેવું જરૂરી છે.

સામાન્ય રીતે ગુજરાત બહારના પ્રદેશોમાં વસતા આપણા સમાજમાં સગપણ વિહીન છોકરા છોકરીઓની સંખ્યાની ગણતરી કરવામાં આવે તો ઘણી રસપ્રદ માહિતી મળી શકશે. અને એ હકીકત એવુ સાબિત કરી આપશે કે છોકરાઓ માત્ર ભણે છે તેથી તેઓનું સગપણ ૨૨ થી ૨૫ સુધીની ઉંમરે પહોંચે છતાં નથી કરવામાં આવતુ અને છોકરીઓની ઉંમર ૧૫ થી ૨૨ વર્ષની થતાં સુધીમાં મોટા ભાગે દોડધામ કરીને સગપણ કરવામાં આવે છે ભાગ્યેજ એ ત્રણ હજારે એકાદ છોકરીજ વીસ બાવીસ વર્ષની ઉંમર વટાવી ગઇ હોય છતાં સગપણ ન થયું હોય તેવી હશે.

આ બધા પરથી આપણે સ્પષ્ટ અનુમાન પર આવી શકીએ કે નજીકના એટલે કે બે ત્રણ વર્ષના ગાળામાં જ આજે જેમ છોકરાઓની અછત નથી છતાં દેખાય છે તેમ છોકરાઓની અછત ખરેખર અછતના રૂપમાંજ સમાજ સામે આવશે

વિશેષમાં આજકાલ વગર સમજ્યે કન્યા વિક્રયની બદી હેઠળ જેટલી વધુ કન્યાઓ ઉત્તર ગુજરાત તરફ જાય છે તે વધારાની અછત ઊભી કરશે એમાં શંકાને સ્થાન નથી. તો જે માબાપોએ પુત્રવધૂઓની વેતરણ ન કરી હોય તેઓ સૌએ વહેલી તકે ચેતીને પોતાના દીકરાઓનાં સગપણ વહેલામાં વહલી તકે કરી લેવાની જરૂર છે. ૧૮ વર્ષથી ઉપરની ઉમરના પુત્ર ભલે ભણતો હોય તો પણ સગપણ તો કરી લેવાની વેતરણ કરવી સારી એમ હું નથી કહેતો પણ સર્વે કરવામાં આવશે તો આંકડાઓ અચૂક કહેશે એમાં બે મત નહીં હોય.

ભારતીય પુનરુત્થાન ઔર સ્વામી વિવેકાનંદ

લેખિકા :— કુ. નિર્મળા પટેલ મદનમહલ, જબલપુર. (મ. પ્ર)

૧૯ વી સતાબ્દી ભારતીય ઇતિહાસમેં પુનરૂત્થાનકી પ્રતિક માની જાતી હય ! શાદીયોં સે પરતન્ત્રતા કી બેડીયો મેં જકડા હુવા ભારત એકાએક પુકાર ઉઠા થા ! ગઈ જમી પ્રાચીન સસ્કૃતિકી ગરિમાકા પુનમૂલ્યાંકન હોને લગા થા ! સૌભાગ્યસે ભારત ભૂમિ પર તીન મહાપુરૂષોકા અવતરણ હુઆ જિન્હોને પ્રતાડિત પ્રપિ.ડિત ઔર ચિરકાલસે તિરસ્કૃત ભારતીય જનતામેં દેશપ્રેમકી, પુરાતન સસ્કૃતિકે પ્રતિ અનુરાગ એવમ સ્વતંત્ર ચિતનકી ચેતના જાગૃતકી ! ઈન મહાપુરૂષો ને હી નવીન વિચારધારા કે આન્દોલનો કા શુભારમ્ય કિયા !

કાલક્રમાનુસાર રાજા રામમોહન રાય ઇનમે અગ્રગણ્ય હેં અનેકાનેક સડી-ગલી સામાજિક કુરીતિયોં કે વિરૂધ્ધ ક્રાંન્તિકારી કદમ ઉઠાકર ઉન્હોને હિન્દુ ધર્મ મેં વ્યાપ્ત દુર્બલતાઓકો સમૂલ ઉરવાડ ફેંકા ઔર હિન્દુ ધમ કો નવચેતના પ્રદાનકી ! ઉસ સમય સતી પ્રથા જાંતિ પાંતિ ઔર વર્ગભેદ કે ધુન અન્ય હી અંદર હમારી સંસ્કૃતિ કો અત્યંત જર્જર કિયે દે રહે થે ! અંગ્રેજોકો સુધાર કી બાતોં મેં રુચી ન થી ઔર હો ભી કેસે સકતી થી ઉનકા સબધ થા ભરત કા સ્વર્ણ ઇગ્લેન્ડ લે જાને સે ઉનકી અભિલાષા થી હિન્દુઓકો પદ પ્રતિષ્ઠા ઔર ખિતાબો કે પ્રલોભન દેકર ઇસાઇ બનાના ઉનકા લક્ષ્ય થા ભારતીય યુવકો મેં અંગ્રેજી ભાષા વેશભુષાં ઔર અંગ્રેજી શિષ્ટાચાર વ સંભ્યતા કે પ્રતિ પ્રેમ ઉત્પન્ન કરકે અંગ્રેજી સામ્રાજ્ય કા વિસ્તાર કરના !

રાજા રામમોહનરાય (સને ૧૬૬૨—૧૮૩૩)

રાજા રામમોહન રાય પ્રથમ વિચારક થે જિનકા ધ્યાન અંગ્રેજી સંસ્કૃતિ કે બઢતે હુએ પ્રભાવકી ઓર ગયા ! ઉન્હોને યથાશકિત ભારતીયતા કી પ્રાણ પ્રતિષ્ઠાકી ઔર દેશકો અધિકાંશ અંશો મેં અંગ્રેજી રંગમેં રંગે જાને સે બચાયા ! બ્રહ્મ સમાજકીં સ્થાપના કે પીછે ઉનકા યહી ઉદેશ નિહિત થા ! દેશ કે ઇતિહાસ મેં વે પહલે મહાપુરુષ હે, જિન્હોને સાધારણ સે પરિવાર મે જન્મ લેકર બિના કિસી રાજસત્તા કી સહાયતા કે જન જાગરણકી જ્યોતિ પ્રજ્જવલિતકી બાદ મે' હઠધર્મી અંગ્રેજો કો ભી અનેક સુધાર માન્ય કરને પડે ! સુધારો મેં સતીપ્રથા પ્રમુખ હે, જિસકે કારણ સમાજમેં ભારતીય સ્રીકી સ્થિતિ અત્યધિક દયનીય હોતી જા રહી

થી ! પરિણામસ્વરૂપ હમારા પારિવારિક ઢાંચા દિનોદિન જર્જર હોતા જા રહા થા ! રામમોહનરાયને ઇસ પ્રકાર કી અધિકાંશ ઘાતક કુરીતિયોં કો હિન્દુ સમાજ સે હમેશા કે લિએ બહિષ્કૃત કર દિયા ! ઇસલિયે ઉન્હે ભારતીય જનજાગરણ કા જનક કહા જાતા હૈ !

મહર્ષિ દયાનંદ સરસ્વતી

સને ૧૮૬૫ કે લગભગ મહર્ષિ દયાનદ ને આર્ય ધર્મકી સંસ્થાપના કરકે વૈદિક ધર્મકો નવજીવન પ્રદાન કિયા ! ઉન્હોને અપના સપૂર્ણ જીવન વૈદિક ધર્મકો નવજીવન પ્રદાન કિયા ! ઉન્હોને અપના સંપૂર્ણ જીવન વૈદિક ધર્મ કે પ્રચાર ઔર પ્રસાર મેં સમર્પિત કર દિયા થા ! ઉન્હોને વેદો કે વિસ્તૃત તથ્યો સે જન સાધારણ કો પરિચિત કરાયા ! અંગ્રેજી સભ્યતા કે બહાવ મેં વહી જાને વાલી ભારતીય જનતા કો વિસ્તૃત વૈદિક સસ્કૃતિકા સુદઢ સંબલ પ્રદાન કિયા ! ઉસ ઋષિને યહ ઘોષણાકી હમારી સંસ્કૃતિ મે વહ સબ કુછ હૈ જિસકા મનન ચિંતન કરકે કોઇ ભી મનુષ્ય દેવત્વ પ્રાપ્ત કર સકતા હૈ ! ઉન્હોને કહા કિ હમારી દુર્દશાકા પ્રમુખ કારણ સ્વધર્મ કા વિસ્મરણ ઔર પાશ્ચાત્ય સંસ્કૃતિકા અંધાનુકરણ હૈ ! હમે અપને વેદો પર ગર્વ કરના ચાહિએ ઉનમે જ્ઞાન વિજ્ઞાનકી સમસ્ત બાતે નિહિત હૈ !

ભાવી સંન્તતિયો કે ભવિષ્યકો અંધકારમય બનાને વાલી બાલ વિવાહ કુરીતિ કા મહર્ષિ ને ઘોર વિરોધ કિયા ! વિધવા પ્રથા અપ્રત્યક્ષ રુપ સે ભ્રષ્ટાચાર બઢાને વાલી હૈ યહ સિધ્ધ કરતે હુએ ઉન્હોને વિધવા વિવાહ કા સમર્થન કિયા ! જાત પ્રાંત પ્રથાકો ભારત વર્ષ કે લિએ ઘાતક બતાતે હુએ ઉન્હોને ઇસ કુપ્રથા કી કટુ આલોચનાકી ! ઇસ પ્રકાર દયાનંદ ને આર્ય સસ્કૃતિ ઔર આર્ય ધર્મકા જીર્ણોધ્ધાર કરકે આર્યવર્તકો એક સૂત્ર મેં બાંધનેકી પ્રાણમય સે ચેષ્ટા કી !

સ્વામી વિવેકાનંદ

રાજા રામમોહનરાય ઔર મહર્ષિ દયાનન્દ કે પ્રશ્યાત ભારત ભૂમિ પર આવિર્ભાવ હોતા હૈ જગદ્વંધ સ્વામી વિવેકાનંદ કા ! ઇસ મહાપુરૂષ ને ભારતમેં તો જનજાગરણ કા શંખનાદ કિયા હો સાથ હી વિશ્વમેં હિન્દુધર્મ ઔર વેદાંત દર્શન કી મહાનતા ભી પ્રતિપાદિત કી ! પાશ્ચાત્ય દર્શન ઔર વિજ્ઞાન કા ગહન અધ્યયન કરકે ઔર ધર્મકી સાક્ષાત મૂર્તિ રામકૃષ્ણ પરમહંસકી અલૌકિક શકિત વરદાન મે પ્રાપ્ત કર ઇસ યોધ્યાને વિશ્વધર્મ સમ્મેલન (શિકાગો સને ૧૮૯૩ સિતમ્બર ૧૧) કે મંચ સે વિશ્વ કો નયા સંદેશ દિયા ! ઉન્હોને ગર્જના કે સાથ કહા હિન્દુ

ધમ ઇસાઇ ઔર ઇસ્લામ ધર્મકા અપેક્ષા અધિક પ્રાચીન ઉદાર સહિષ્ણુ ઔર વ્યાપક હૈ ! ઇસકે પૂર્વ પાશ્ચાત્ય દેશો કે નિવાસી હિન્દુ ધર્મ મેં કન્યાઓંકો મગર કે મુહ મેં દિયા જાતા હૈ, લોગ જગન્નાથ કે રથ કે નીચે જીવીત કુચલે જાતે હૈ આદિ અનેક મનગઢત કુરીતિયોં કે દેરકો હિન્દુ ધર્મ માનતે થે ! સ્વામીજીને વેદ ઔર ઉપનિષદ કી ઉકિતયોંકો પ્રસ્તુત કરકે તાર્કિક ઢંગ સે હિન્દુ ધર્મકી શ્રેષ્ઠતા બતાઇ ઉન્હોને બતાયા કિ હિદુ ધર્મ સબ ધર્મોસે અધિક પ્રાચીન શ્રેષ્ઠ તથા વિસ્તૃત ધર્મ હૈ !

ઇસાઇ ધર્મકે પ્રચારકો ધિક્કારતે હુએ ૨૦ સિતમ્બર ૧૮૯૩ કો એક ભાષણ મેં સ્વામીજીને કહા થા " આપ લોગ હિન્દુસ્તાન ઈસાઇ મિશનરી ભેજતે હૈ ગિરજે બનાતે હૈ પર પૂર્વકા પ્રધાન અભાવ ધર્મ નહી હૈ ! અનેક પાસ ધર્મ પર્યાપ્ત હૈ ! જલતે હુએ હિન્દુસ્તાન કે લાખો દુખાર્ત ભૂખે લોગ રૂખે ગલે સે રોટી કે લિએ ચિલ્લા રહે હૈ, વે રોટી માંગતે હૈ ઔર હમ ઉન્હે દેતે હૈ પથ્થર ! ક્ષુધાતુરોંકો ધર્મકા ઉપદેશ દેના તથા દર્શન સિખાના ઉનકા અપમાન કરના હૈ ! "

સ્વામીજીને ધર્માડંબર કા વિરોધ કરતે હુએ પ્રચણ્ડ ગર્જના કે સાથ કહા કિ " અપને ધાર્મિક ગ્રંથો કો ગંગામેં ફેક દીજિએ, પહલે રોટી કે એક ટૂંકડે કે લિયે તડપને વાલે મનુષ્યો કે લિએ ભોજન તથા વસ્ત્રો કી વ્યવસ્થા કરીએ ઔર તબ હી આપ ઉન્હે ધાર્મિક પ્રવચન સુનાઇએ । વે રુઢીવાદી ધર્મ કે કટ્ટર વિરોધી થે । ઉન્હોને કહા થા કિ " ભૂખે પેટ વાલે કે લિએ ધર્મ કોઇ મહત્વ નહીં હૈ ।

સ્વામીજી ભારતીયોં મેં આત્મવિશ્વાસ કી ભાવના કુટ કુટ કર ભરના ચાહતે થે, કયોંકિ બિના આત્મ વિશ્વાસ કે કોઇ ભી દેશ ઉન્નતિ નહીં કર સકતા હૈ ઇસી સે ઉન્હોને કહા હય કિ " પુરાના ધર્મ કહતા થા જો ઇશ્વરમેં વિશ્વાસ નહી કરતા હય વો નાસ્તિક હય કિન્તુ મૈં કહતા હૂં જો સ્વયં મેં વિશ્વાસ નહીં કરતા હય વહ નાસ્તિક હય । " ઉન્હે યુવકોસે બહુત આશા થી વે જાનતે થે કિ ભાવિ ભારત કા કલ્યાણ નવયુવકોસે હી સંભવ હય ।

" હમેં આજ એસે યુવક ચાહિએ જિનકી પેશિયાં લોહે કી ઔર નાડિયાં ફૌલાદ કી હોં ઔર એસી પ્રબલ મનઃ શકિત હો જિસે રોકા ન જા સકે । " યુવકો કો સંબોધિત કરતે હુએ ઉન્હોંને કહા થા કિ ભારતીયોં કો સ્વાભિમાની હોના ચાહિએ શકિત ઔર સાહસ કા આશ્રય લેકર હી ભારત ઉન્નતિ કર સકતા હય । દુર્બલતા કો ઉન્હોને સબસે બડા પાપ કહા હય આત્મહીનતા મૃત્યુકે સમાન હય ।

વે માનવ માત્ર કી સેવા કો સબસે બડા ધર્મ માનતે થે । ઉન્હોંને કહા થા કિ " મેં ઉસ ભગવાનમેં અથવા ધર્મ મેં વિશ્વાસ નહી કરતા જિસમેં એક અબલા કે અશ્રુ પોંછને કી શકિત ન હો અથવા જો કિસી અનાથ કો એક રોટી કા ટુકડા ન દે સકે ।

સ્વામીજીને હિન્દુ જનતા કી સુષુપ્ત ચેતના કો ઝકઝોરા જગાયા ઔર સ્ફુર્તિ કે સાથ સક્રિય હો જાને કો પ્રોત્સાહિત કિયા । ઉન્હોંને પ્રત્યેક દેશ નિવાસી કો પુકારકર કહા " તુમ્હારે સભી કે ભીતર બ્રહ્મ કી શકિત હય । દરિદ્રો મેં રહને વાલે દેવતા તુમ્હારી સેવા ચાહતે હય । " ઇસ બાતને યુવકો કે મન કો જાગૃત કર દિયા । ઇસ વાણી કા ફલ દેશ કી સેવા મેં આજ વિચિત્ર રૂપ સે ફલિત હો રહા હય । ઉનકી વાણીને મનુષ્ય કો સમ્માન કે સાથ સાથ શકિત ભી દી ઔર દેશ કે નવ યુવકોને સાહસ પૂર્ણ અધ્યાવસાય કા પરિચય દિયા ।

સચ્ચે અર્થ મેં દેશ પ્રેમ કી ભાવના કા બીજારોપણ સ્વામી વિવેકાનન્દ કે પ્રભાવ પુર્ણ ભાષણો ઔર લેખોં દ્વારા હુઆ થા વહી આગે ચલકર અન્ય દેશ વાસીયોં કે ત્યાગ ઔર બલિદાન સે સિચિંત હોકર પ્રસ્ફુટિત ઔર પ્રલ્લવિત હુઆ અંત મેં મેં ઇશ્વર સે પ્રાર્થના કરતી હું કિ હમારે દેશ મેં ઔર ભી એસી અન્ય જગતવંદ્ય તથા જગતઉદ્ધારક વિભૂતિયોંકા અવતરણ હો જો કિ અપને કાર્યકલાપો દ્વારા સમ્પૂર્ણ વિશ્વમેં વંદનીય તથા વિખ્યાત હો ઔર ભારત વર્ષ કી મહિમા કો ગોરવાન્વિત કરે !

—નિર્મલા પટેલ

★

આટલું જરૂર કરજો :—

આજથી ન બોલે તેને બોલાવજો.
ન આવે તેના ઘેર જજો.
રીસાયાં હોય તેને રીઝવજો.
આ બધું તેમના ભલા માટે નહીં.
પણ તમારા ભલા સારૂં કરજો.
જગત લેણદાર છે.
આપણે કરજદાર છીએ.

—ગાંધીજી.

* ધીરજનાં ફળ મીઠાં છે *

બેચરભાઇ ડી. પટેલ
C/o રામ વિજય સૉ મીલ.
વડાલી.

એક હતો છોકરો. તેનું નામ પીટર હતું તે રશિયાના એક ગામમાં થયો હતો. બાપ મરણ પામ્યો હતો. આથી મા બીજાને ત્યાં કામકાજ કરી એનું ગુજરાન કરતી હતી.

પીટર આજ્ઞાપાલક હતો. દરરોજ નિશાળે જાય. ત્યાં ગુરુનું કહ્યું કરે, ઘેર આવી મા કહે તેમ કરે અને માને કામ કરાવવા લાગે.

એક દિવસ મા બિમાર પડી સખત તાવ આવ્યો. અને તાવ ઉતરેજ નહિ. પીટર તો ન ખાય, ન પીયે ને મા પાસે બેસી રહે. માની બનતી સેવા કરે. માને દવા કરવા છતાં સારી ન થઇ. મરતી વખતે માએ કહ્યું, બેટા દુઃખના સમયે હિમ્મત હારતો નહિ. ધીરજ રાખજે. ધીરજનાં ફળ મીઠાં છે એ વાત ધ્યાનમાં રાખજે. આમ કહી તે મરણ પામી.

હવે પીટર એકલો ઘરમાં મા વગર ગમે નહિ, ભણવામાં પણ મન લાગે નહિ આથી તે ઘર છોડી શહેરમાં ગયો. થાક્યો પાક્યો એક મકાનના ઓટલા પર બેઠો. બેઠો બેઠો વિચાર કરવા લાગ્યો. ખાધા પીધા વીના કેટલા દિવસ રહેવાશે ? કોઈ નોકરી શોધી કાઢવી જોઇએ. એવા વિચાર કરતો હતો એટલામાં વૃધ્ધ મકાન માલિક ઘરમાંથી બહાર આવ્યો પીટરને ઉદાસ બેઠેલો જોઇ પૂછ્યૂ 'તું અહીં કેમ બેઠો છે? હું અહીં નોકરીની શોધમાં આવ્યો છું તમે મને રાખશો? હા મને નોકરની જરુર છે હું તને રાખું, પણ એક શરતે. તને મારા ત્યાં ખાવા પીવાનું મળશે. કપડાં લતાં મળશે ને રહેવા માટે જગ્યા મળશે પણ પગાર એક પાઇ પણ ન મળે. આ શરત કબુલ હોયતો મારે ત્યાં રહે

શું થાય ? બીજો કોઇ ઉપાય ન હતો તેથી તેણે લાચારીથી હા પાડી. આ વૃધ્ધનું નામ હતું 'ગ્રાંડ'. એ ખુબ પૈસાદાર હતો પણ હતો કંજુસ. તેને એક દીકરી હતી તે ગુણવાન હતી. ગ્રાંડને ખુબ વહાલી હતી. તેનું નામ હતું લેનિન.

પીટરને ગ્રાંડને ત્યાં કામ કરતાં પાંચેક વરસ થઇ ગયાં. શેઠને ત્યાં તે તન તોડી કામ કરતો. ગ્રાંડની સેવા કરતો પણ પગારની એક પાઇ પણ ન મળતી. તે લાચાર હતો. ગ્રાંડ પીટર પાસે ખૂબ કામ લેતો જરાય જંપવા ન દેતો. ગ્રાંડ તેના

ઉપર ગુસ્સે પણ થઇ જતો અને નોકરીમાંથી રજા આપવાની ધમકી પણ આપતો. પરંતુ પીટર બધુ જ સહન કરતો અને માના શબ્દો યાદ કરતો " બેટા ધીરજનાં ફળ મીઠાં છે.

પીટર પર જે વીતતી હતી તે લેનિન સમજતી હતી. તેની એના પર સહાનુભૂતિ હતી. તે વારંવાર એની પાસે જતી. વાંચવા ચોપડીઓ આપતી હતી. ગ્રાંડને આ પસંદ ન હતું.

એક દિવસ લેનિન નાહવા જતી હતી. પીટર રસોઇ બનાવતો હતો. લેનિન પોતાના ગળાનો હાર કાઢી પીટરને સાચવવા આપ્યો. તે નાહવા ગઇ, પીટરે હાર ગજવામાં મૂકયો. ને તે પોતાનું કામ કરવા લાગ્યો.

થોડી વાર થઈ. ગ્રાંડે પીટરને બૂમ મારી કહ્યું, 'ખડિયામાં શાહી પૂરી જા.' પીટર નીચો નમી શાહી પૂરવા જાયછે. તેવો જ તેના ગજવામાંથી હાર નીચે પડી ગયો. હારને જોતાંજ ગ્રાંડ ગુસ્સે થઇ ગયો. 'અરે,' નીમક હરામ. તારી આટલી હિમ્મત ? જે પતરાળીમાં જમે છે. તેમાંજ છેદ પાડેછે. જે ઘરનું ખાયછે, તેજ ઘરમાં ચોરી કરે છે. આમ કહી તેણે ગુસ્સામાંને ગુસ્સામાં પોતાના હાથની કલમ પીટર ઉપર છૂટી ફેંકી. કલમ પીટરના કપાળમાં વાગી. લોહીની ધારા વહેવા લાગી. પીટરને નોકરી છોડી દેવાનું મન થયું. પણ પાછા માના શબ્દો યાદ આવ્યા 'બેટા ધીરજનાં ફળ મીઠાં છે.'

એનો ગુસ્સો શાંત થઇ ગયો. પોતાના ક્રોધભર્યા શબ્દો સાંભળી લેનિન દોડી આવી. પીટરના કપાળમાંથી લોહી વહેતું જોયું. તેણે લોહી લુછી પટ્ટી મારી. પછી પિતાને ગુસ્સો થવાનું કારણ પૂછ્યું.

નીચે પડેલો હાર ઉપાડી લેનિનને આપતાં બાપે કહ્યું જો આ નાલાયકે તારો હાર ચોરી લીધો હતો. લેનિન બોલી. પિતાજી પીટરે આ હાર ચોર્યો નથી. એ તો મેંજ એને નાહવા જતી વખતે સાચવવા આપ્યો હતો.

પીટર પોતાના અપરાધ સંબંધમાં એક શબ્દ પણ બોલ્યો ન હતો સાચી વાત માલુમ પડતાં ગ્રાંડને બહુ દુઃખ થયું તે મનમાં ઘણુ પસ્તાયો. મેં નકામો છોકરાને માર્યો ઇશ્વરની કૃપાએ કલમ એની આંખમાં વાગી નહિ. નહિતો આંખ ફૂટી જાત.

એક દેવસ ગ્રાંડ સખત માંદો પડયો. બચવાની આશા ન રહી. પોતાનો આખરી સમય સમજી તેણે પીટરને પાસે બોલાવ્યો. તેણે કહ્યું "તને અહી કામ કરતાં દશ વરસ થઇ ગયાં છે. એના બદલામાં મેં તને કાંઇ આપ્યું નથી. લે આ પગાર એમ કહી તેણે દશ રૂબલ પીટરના હાથમાં મૂકયા. હું હવે થોડા મિનિટોનો

મહેમાન છું મરતાં પહેલાં મારા માથા ઉપરનો બોજ ઉતારવા ઇચ્છુ છું. શુ તું મને મદદ કરીશ, પીટર '? 'હા જરૂર કરીશ'

'મારા મરણ પછી મારી દિકરી લેનિનને કોઈ સંભાળનાર નથી. હું તને સોંપી જાઉં છું. તુ એનું પાલન પોષણ કરજે. લે, આ મારી પેટી. આમાં મારી જિંદગી ની કમાણી છે. લેનિનના તું લગ્ન કરાવજે. દહેજમાં આ પેટી આપજે. ગ્રાંડે લેનિનને બોલાવી કહયુ બેટી હુ હવે જાઉં છું. તારી સંભળ પીટર રાખશે. પીટરને એક પેટી આપી છે. તેમાં મારી જિંદગીની કમાણી છે. વસિયત નામુ પણ તેમાં છે, તે પેટી તારા લગ્નને એક દિવસ પહેલાં ખોલજે. એમ કહી વૃધ્ધ ગ્રાંડ મરણ પામ્યો.

વરસ વીતી ગયું પીટરે લેનિનનાં લગ્ન નકકી કર્યાં. લગ્નને આગલે દિવસે તે લેનિન પાસે ગયો તેને પેટી આપી ચાલ્યો ગયો. લેનિને પેટી ખોલી અંદર વસિયત નામું હતું. તે વાંચ્યું. તેમાં લખ્યું હતું કે 'મારા મરણ પછી મારી બધી સંપત્તિનો માલિક મારો નોકર પીટર છે. લેનિનને પણ હું તેને સોંપી જાઉં છુ"

પછી લેનિને નકશો જોયો. તેમાં છુપું ધન મેળવવાની વાત લખી હતી. જે આ ધન મેળવશે તે આખા દેશનો સમ્રાટ થશે. એમ તેમાં લખેલું હતું. લેનિન ખુશ થઇ ગઇ. પીટરને તેણે વાત કરી.

પીટરને વિચાર થયો, મારા શેઠે મને મરતી વખતે દશ રૂબલ પગાર તરીકે આપ્યા હતા, તે મારી નોકરીનું મૂલ્ય હતું. પણ મારી ધીરજનાં મૂલ્ય તરીકે મને આ બધી સંપત્તિ મળી છે.

બીજે દિવસે ઠરાવેલ સમયે પીટરે લેનિનનાં લગ્ન કરાવ્યાં, પછી નકશાની મદદ વડે ગુપ્ત ધન મેળવ્યું. તે દેશમાં સૌથી અધિક ધનવાન થઇ ગયો. ધીરે ધીરે તેણે દેશની કેટલીક જાગીરે ખરીદી લીધી છેવટે તે રશિયાનો સમ્રાટ થયો. એનો વંશ જ્યોર્જ પીટરના નામથી પ્રસિધ્ધ છે.
પીટરે પોતાની રાજધાનીનું નામ 'લેનિન ગ્રાંડ' રાખ્યું. એનામમાં એના શેઠનું નામ ગ્રાંડ પણ આવી જાય છે.

પીટર સમ્રાટ થયો, છતાં તે પોતાની માના મરતી વખતે કહેલ શબ્દો ભૂલ્યો ન હતો. "બેટા ધીરજનાં ફળ મીઠાં છે."

" મોંઘેરો મનુષ્ય અવતાર "

પરમ કૃપાળુ પ્રભુ પરમાત્માએ જે આપણને આ મનુષ્ય અવતાર આપ્યો છે તે વારંવાર નહીં મળે માટે પ્રત્યેક મનુષ્યની ફરજ છેકે તન મન અને ધનથી પ્રભુને ભજવા જોઇએ પ્રભુનું કાર્ય પ્રેમથી કરવું જોઇએ અને પ્રભુના ગુણગાન ગાવા જોઇએ.

સંસાર રૂપી જીવન ચક્ર ચલાવવા માટે કર્મ તો કરવુંજ પડે કર્મ કરતી વખતે પણ પ્રભુને ન ભૂલવા જોઇએ દરેક કર્મ પ્રભુને આધીન થઇનેજ કરવું જોઇએ તો દરેક કર્મ સરળતાથી પાર પડશે. પરમાત્મા એવા કૃપાળુ છે કે આપણે થોડો પણ એમને પ્રેમ કરીએ તો તેઓ આપણા પર અતિરૂપ પ્રેમ કરસે પ્રભુપ્રેમના ભંડાર છે એમનો અખૂટ પ્રેમ સર્વની ઉપર વહયાજ કરે છે જો આપણે સાચી શ્રદ્ધાથી કામ ક્રોધ અને મોહને તજીને પ્રભુનું સાચું સ્મરણ કરશુ તોજ પ્રભુએ આપેલો મનુષ્ય જન્મ સફળ થશે.

પ્રભુસેવા એજ જીવનનું સાચું સુખ છે અને એમાંજ સાચો આનંદ આવશે બાકી બધું સુખ મૃગજળ જેવું છે જયાં સુધી પ્રભુથી દૂર રહેશું ત્યાં સુધી તેમાં આનંદ આવશે પણ પ્રભુની નિકટ જતાં આ સુખ તુચ્છ લાગશે આપણી બુદ્ધિમાં આજ ખામી છે કે સંસારનું ક્ષણિક સુખ આપણને સારૂં લાગે છે અને સાચું સુખ પ્રભુ સેવા અને પ્રભુ કાર્ય તુચ્છ લાગે છે આમ માયામાં ફસાઇ ને આપણને ઉલટું લાગે છે આમ માયામાં ફસાઇનેજ જીવન વિતશે તો અંતસમયે મરણ ઘડિયે પ્રસ્તાવું પડશે કે મારું મારુ કરીને મેં આખી જીંદગી વિતાવી નાખી પણ પ્રભુ કાર્યમાં ધ્યાન ન આપ્યું હે પ્રભુ હવે તું મને શુ શિક્ષા કરીશ આમ મરણ પથારીમાં રિબાવે છે તેથી હે પ્રભુ તું જલદી મારા પ્રાણ લઇલે આમ પસ્તાઇને જીવ જાય છે.

જો સાચું પ્રભુકાર્ય કર્યું હોય તો જીવ હસતે મુખે વિદાય લે છે આપણે પણ અત્યાર થી જાગ્યા ત્યાથી સવાર ગણીને પ્રભુ કાર્ય કરવું જોઇએ પ્રભુપ્રત્યે પ્રેમ ઉત્પન કરવા માટે પહેલી સંયમની જરૂર છે સંયમ એટલે મન ઉપરનો કાબુ જો મન કાબુમાં હોય તોજ પ્રભુ પ્રત્યે પ્રેમ ભાવ જાગે અને પ્રભુકાર્ય કરવાની ઇચ્છા થાય આપણને જ્ઞાન હોય કે પ્રભુજ આપણી જીવન દોરી ચલાવે છે પ્રભુજ દિવસ અને જન્મ મૃત્યું પ્રભુજ આપે છે પ્રભુ જીવાડે તેમ આપણે જીવીએ છીએ સર્વ કાર્ય પ્રભુજ કરે છે એ કરે છે એમજ થાય છે રાજાને રંક અને રંકને રાજા બનાવે છે પ્રભુ એજ સર્વેશ્વર છે એવું જેને જ્ઞાન હોય ત્યારે જ પ્રભુ પ્રેમ જાગે છે.

જ્ઞાન મેળવવા માટે સત્સંગ અને સ્વાધ્યાયની ખાસ જરૂર છે સત્સંગ અને સ્વાધ્યાય કરવાથીજ જ્ઞાન મળે છે અને મન અને બુદ્ધિ શુદ્ધ થાય છે મન સુદ્ધ હોય તોજ પ્રભુ પ્રેમ જાગૃત થાય અને પ્રભુ કાર્ય કરવાની ઇચ્છા થાય પ્રભુએ જે મનુષ્યને સુખ સમ્પતિ આપી છે તેમાંથી થોડો ભાગ પ્રભુ કાર્યમાં વાપરવો જોઇએ.

પ્રભુએ સર્વ. આપ્યું છે તેમાંથી થોડુ પણ પ્રભુને અપણ ન કરે અને બધુજ પોતાના સ્વાર્થ ખાતર વાપરે તે પ્રભુનો ચોરજ છે જો સાચું કાર્ય અને પુન્ય કર્યું હશે તેજ સાથે ચાલશે બાકી બધી સમ્પતિ અહીંજ રહેવાની છે,

જે મનુષ્ય તન મન અને ધનથી પ્રભુની સેવા કરશે પ્રભુના ગુણગાન ગાશે તેજ પ્રભુરસ પામશે અને પ્રભુએ આપેલો મોંઘેરા મનુંષ્ય અવતાર તેનોજ સાફળ થશે.

જુઓ ભણેલા ભાનજ ભૂલ્યા.

રાગ: રાખનાં રમકડાં મારે વાલે રમતાં રાખ્યાં રે.

આ કળીયુગના યુવાન આજે ઘેલા થઇને ફરતારે
શ્રી મલીને સાથે લઇને નવલી ફેશન કરતારે.

૧. મર્યાદા એ માતપિતાની આજે કોઇનાં રાખે રે.
આજ છકેલા શરમ છોડીને શાન પોતાની દાખે રે.
૨. પેન્ટ અને બુશ કોટજ પેહેરે ફેશન કરતા નારી રે,
બૈ જુકટ જેવા બની બાવરા સંગે લેતાનારી રે...
૩. જુઓ કોલેજે આ કળયુંગની શિક્ષણ કેવું મળતુ રે...
યુવક યુવતી સાથે બેસી ભણતર ભણતા ભળતું રે...
૪. સિનેમાનો શોખ વધ્યોને નિયમિત જોવા જાતા રે...
મંદિરનો તો મહિમા ખોટો નટીયોનાં દર્શન થાતા રે...
૫. બાપ કમાઇ હોય અગરજો તો તો ડંકો વાગે રે...
ફેસનમાં એ ફના કરીને અંતે ભીખજ માગે રે....
૬. હોટેલમાં પણ સંગે નારી મોટરમાં પણ નારી રે...
સિનેમા પણ સાથે જોતાં એવી એની યારી રે...
૭. સ્નો લગાડે સુંદર બનવા વેસ નારીનો કરતા રે...
ચિત્રવિચિત્ર સ્વાંગ સજીને આવારા થઇ ફરતા રે...
૮. જુઓ જુવાનો આજ વિચારી દુ:ખ તમોને પડશે રે...
ત્યાગોને આ ફેશન ખોટી અંતે તમને નડશે રે...

પટેલ અજુનભાઇ રાજાભાઇ

ધર્મ અને શિક્ષણ

કસ્તુરી આર. પટેલ
ટી. વાય. બી. એ.
તલોદ

ધર્મ અને શિક્ષણનો સંબંધ સદાકાળથી રહ્યા છે. પ્રાચીન ભારતની શિક્ષણ પ્રણાલી મુખ્યત્વે ધર્મપર આધારીત હતી. શિક્ષણનું ધ્યેય આધ્યાત્મિકતા હતુ અને શિક્ષણ ઋષિઓના આશ્રમમાં અપાતુ હતું. ભારતની જેમ યુરોપમાં પણ ધર્મ અને શિક્ષણનો સમન્વય થયો હતો. ધર્મ માનવ જીવનના ભૌતિક અને આધ્યાત્મિક જરૂરીયાતો સાથે સંલગ્ન હતો. આ રીતે શિક્ષણ વ્યકિતના ભોતિક અને આધ્યાત્મિક જીવનપર પ્રભાવ પાડે છે. શિંક્ષણ દ્વારા માણસના વ્યવહાર અને વર્તમાનમાં પરિવર્તન લાવી શકાય છે નૈતિક અને આધ્યાત્મિક આદર્શો શિક્ષણને ધર્મ દ્વારા મળે છે. એથી જ આપણે કહી શકીએ કે બંનેનો સંબંધ ઘનિષ્ઠ છે. આને લીધે જ આપણે ધર્મને શિક્ષણ થી અલગ કરી શકીએ નહીં.

ભારતમાં ધર્મનું શિક્ષણ એ હિન્દુ અને મુસ્લિમ કાળમાં શિક્ષણનુ અંગ ગણાતું હતું. એ વખતે એમ માનવામાં આવતુ હતું કે શિક્ષણનો ઉદ્દેશ્ય વ્યકિતનો માત્ર બૌધિક વિકાસ કરવાનો જ નથી પરન્તુ શિક્ષણ દ્વારાં તેના વ્યકિતગત અને સામાજિક વર્તન પર નિયંત્રણ લાવવાનુ છે આ નિયંત્રણ ધર્મ અને નીતિના મૂળ સિધ્ધાંતોને લક્ષમાં રાખીને જ થઇ શકે.

ભારતમાં સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પહેલાં હિન્દુ અને મુસલમાનો વચ્ચે ધર્મના ઝગડા થયા, એકબીજા વચ્ચે દ્વેષ ઇર્ષા અને બીજી અનેક ખરાબ ભાવનાઓનો જન્મ થયો અને ભારતને ધર્મ નિરપેક્ષ રાજય તરીકે બહાર પાડવાની ફરજ પડી ભારતના બંધારણની કલમ સોળમાં આ બાબત સ્પષ્ટ પણે જણાવાઇ કે–દરેક વ્યકિત પોતાની ઇચ્છા અનુસાર ગમે તે ધર્મનુ પાલન કરી શકે છે. અહીના નાગરિકોને ગમે તે ધર્મ માનવાની અને તે અનુસાર આચરણ કરવાની સ્વતંત્રતા આપવામાં આવે છે," એમાં એ પણ સ્પષ્ટતા કરવામાં આવી કે—" કોઇ પણ પ્રકારનું ધાર્મિક શિક્ષણ સહકારી મદદ દ્વારા ચાલતી વિદ્યાલયોમાં આપવુ નહીં". કહેવાનો ભાવાર્થ એ છે કે—"આ રાષ્ટ્ર કોઇ પણ ધર્મને પૂજય અને માનનીય ગણતું નથી." ધર્મ નિરપેક્ષતાને આ દેશ એ રૂપમાં લે છે કે અહીનું બંધારણ બધાજ ધર્મનો સ્વીકાર કરે છે

ધાર્મિક શિક્ષણની આવશ્યકતા

ધર્મ માનવ જીવન પર ખૂબ જ પ્રભાવ પાડે છે. અને વ્યકિતના ઘડતરમાં

તેનો મહત્વનો ફાળો છે આથી ધાર્મિક શિક્ષણ જરૂરી છે એમાં જરાપણુ એમત નથી. પરંતુ વિદ્યાલયોમાં આ શિક્ષણ આપવું કે નહીં એ બાબતમાં મોટો મતભેદ છે. રશિયા તેમજ સામ્યવાદી દેશોમાં ધર્મને વિદ્યાલયોમાંથી બરતરફ કરવામાં આવ્યો છે વિજ્ઞાનના વિકાસ ના સાથે પશ્ચિમી દેશોએ પણ ધર્મનો બહિષ્કાર કરવાની શરુઆત કરી છે પરંત એ વિશ્વ-યુધ્ધોએ એમણે જાગૃત કર્યા છે અને મોટા ભાગના શિક્ષણ શાસ્ત્રીઓ વિદ્યાલયોમાં ધર્મને સ્થાન આપવા પ્રયત્ન કરી રહયા છે.

ભારતમાં પણ વિદ્યાલયોમાં ધાર્મિક શિક્ષણ આપવા માટે માંગ છે. ભારત ના નેતાઓએ પણ ધર્મ-શિક્ષણની બાબતમાં વિરોધ કર્યો નથી. મહાત્મા ગાંધીએ જૂન ૧૯૩૮ માં આ પ્રશ્ન પર વિચાર કરતાં કહયું હતું કે-, "આપણે વર્ધા શિક્ષણ પ્રણાલિમાં ધર્મ નો ત્યાગ એટલા માટે કર્યો છે કે આજ કાલ જે ધાર્મિક શિક્ષણ આપવામાં આવે છે તે માત્ર સંઘર્ષોજ સર્જી શકે તેવું છે. પરંતુ મારો એવો વિચાર છે કે બાળકોને 'સત્ય' નું શિક્ષણ આપવુ જોઇએ જે બધા ધર્મોમાં સમાન છે.

રાધાકૃષ્ણન પંચે પણ ધર્મ-નિરપેક્ષ ભારતમાં ધર્મની જરૂરિયાત પર ભાર મૂકયો છે. આ પંચ એ બાબત પણ સ્પષ્ટ કર છે કે રાજ્યે કોઈ પણ એક ધર્મનો પક્ષ લેવો જોઈએ નહીં. દરેક વ્યક્તિને પોતાના જ્ઞાન પ્રમાણે અજ્ઞાત તરફ જવાની સ્વતંત્રતા હોવી જોઈએ.

આજના યુગમાં ભૌતિકવાદની બોલ બાલા છે. વિજ્ઞાન મનુષ્યના સુખ સગ વડના સાધનોમાં દરરોજ વધારો કરી રહયું છે. પરંતુ આ સાધનો માણસના મનને વાસ્તવિક શાંતિ આપવા માટે શક્તિમાન નથી આ વાસ્તવિક શાંતિ માટે આધ્યાત્મિકતાને જ પાછી લાવવી પડશે તેથીજ વર્તમાન સમયમાં ધર્મની ખૂબજ જરૂર છે. શું વિદ્યાલયોમાં કોઇ પણ રૂપમાં ધર્મનું શિક્ષણ આપવું જોઇએ ?

આનો સ્વીકાર કરતાં પહેલાં વિદ્યાલયોમાં આનું શિક્ષણ કેવી રીતે આપવું જોઇએ તે જોઇએ શાળામાં વિવિધ પ્રકારના ધર્મોનાં બાળકો આવે છે કોઇ પણ એક ધર્મનું શિક્ષણ આપવાથી બાળકના મનમાં બીજા ધર્મ પ્રત્યે દ્વેષ ની લાગણી જન્મશે, આ મુશ્કેલી દુર કરવા માટે એમ જણાવાયું છે કે વિદ્યાલયોમાં કોઇ એક ધર્મનુ શિક્ષણ ન આપતાં બધા ધર્મોના મહાન વિચારોને ભણાવવામાં આવે ધર્મના મહાન વ્યક્તિઓના જીવન-ચરિત્રો બાળકોને વાંચવા માટે આપવામાં આવે. ભારતના મોટા ભાગના શિક્ષણ શાસ્ત્રીઓએ આ સિધ્ધાંતનો સ્વીકાર કર્યો છે.

હવે પ્રશ્ન એ છે કે ધાર્મિક શિક્ષણ કેવી રીતે આપવું જોઈએ ? આ માટે શાળાઓમાં કોઇ ચોકકસ પ્રકારનો સમય નકકી કરવો નકામો છે કારણકે બાળક ના મનમાં એવી લાગણી પેદા થશે કે ધર્મ માત્ર એક કલાકનું જ શિક્ષણ

છે. આ માટે સમગ્ર વિદ્યાલયનું વાતાવરણ જ એવું હોવું જોઇએ કે જેમાંથી બાળક ધર્મનુ શિક્ષણ મેળવે. શાળાઓમાંથી ધર્મ પ્રદર્શન તેમજ વ્યાખ્યાનોનું આયોજન કરવું જોઇએ.

શાળાનું કામ પ્રાર્થના થીં જ કરવું જોઇએ. આ પ્રાર્થના મૌનરૂપથી પણ થઇ શકે છે. મહાન પુરૂષોનાં જીવન ચરિત્ર વાંચવાથીં કે સાંભળવાથી પણ બાળક પ્રેરણા મેળવે છે. અને પોતાના વર્તનમાં અપેક્ષિત ફેરફારો કરવાનું જ્ઞાન મેળવે છે. ધર્મનું શિક્ષણ આપનારે બધા ધર્મોના મહાન વ્યકિતઓનો સમન્વય કરવો જોઇએ.

અંતમાં આણે કહી શકીએ કે ધર્મનું શિક્ષણ વ્યવહાર સાથે સંલગ્ન હોવું જોઈએ. આપણે આ શિક્ષણ આપતી વખતે ધર્મના વ્યાપક અર્થને ધ્યાનમાં રાખવો જોઇએ. સંકુચિત બાળકોને બધા ધર્મો પ્રત્યે માન પેદા થવું જોઇએ. અને સંકુચિત વિચારો દૂર થવા જોઇએ.

આજના જટિલ સમાજમાં ધર્મનુ શિક્ષણ જરૂરી છે. માણસમાં આજે સ્વાર્થ વૃત્તિની પ્રબળતા જોવા મળે છે. જીવનના આદર્શો અને મૂલ્યોને નેવે મૂકયા છે. નીતિ ઓસરી રહી છે અને જો આવું જ કાયમ માટે રહેશે તો પેદા થનાર ભાવિ પેઢીમાં સ્વાર્થવૃતિ દુરાચાર અસત્ય, નીતિ-ભ્રષ્ટતા વગેરે ખરાબ ગુણો આજે જે માત્ર છોડ રૂપમાં છે તે કદાચ ઘટાદાર વટવૃક્ષ બની જાયતો આશ્ચર્ય ન કહેવાય. જો આપણે સુશિષ્ટ રાષ્ટ્રનાં સ્વપ્નાં સેવી રહયાં હોઇએ, ભાવિ પેઢીનો સર્વાંગીણ વિકાસ ઇચ્છતા હોઇએ તો ધર્મનું શિક્ષણ અવશ્ય આપવું જ જોઇએ. આવું જ્ઞાન આપવામાં આવશે તોજ શિક્ષણનો સાચો અર્થ પ્રતીત થશે. અને આમ નહીં થાય તો આપણે એક એવા રાષ્ટ્રનું જ નિર્માણ કરીશુ જેમાં માત્ર સ્વાર્થ, સંકુચિતતા અને ભૌતિકતાનાં જ દર્શન થશે

મૃગજળ *

મૃગની પોતાની ડૂંટીમાં કસ્તૂરી હોવા છતાં જે દિશામાંથી એની વાસ આવે છે તે દિશામાં કસ્તુરી હશે એમ માની દોટ મૂકે છે. તેવીજ રીતે સુખ માણુસના આત્મામાં હોવા છતાં બાહ્ય ભૌતિક વસ્તુઓની કલ્પના કરી પાછળ આંધળી દોટ મૂકે છે અને દુખી થાય છે. કોઈ સદ્‌ગુરુ મળે તોજ બતાવે કે સુખની કસ્તુરી તો તારા શરીરમાં રહેલા આત્મામાં છે. તેને પીછાણતાં શીખ.

—મુનીશ્રી ચંદ્રપ્રભા સાગરજી

તળાવ કિનારે તરસ્યાં

પ્રભાત અને આનંદ બન્ને મિત્રો હત. પ્રભાત એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતો એક ખૂબ સુરત અને હોંશિયાર યુવાન. આનંદ સ્થાપત્યનો અભ્યાસ કરતો સુધરેલા વિચારનો એક યુવાન. બન્ને મિત્રો નાનપણથી જ પડોશમાં રહેતા હતા સાથે રમતાં સાથે જમતા સાથે તોફાનમસ્તી ની મઝા માણતાં બંન્નેના સ્વભાવ એકમીજાના પૂરક હતા.

આનંદ અને પ્રભાત પોત નો ફાલતુ સમય ચલચિત્રો જોવામાં અને નવુ જોવાની ઈન્તેજારીમાં રખડવામાં જ ગાળતા. આથી પાડોશાઓ બંન્ન ને રખડું જ સમજતા પરંતુ બધાના આશ્ચર્ય વચ્ચે બન્ને પહેલા વગમાં ઉર્તીણ થતા. જયાં આનંદ હોય ત્યાં પ્રભાવ જરૂર દેખા દેતો જરૂર જોવા મળે જ. કોઇક તેમની મિત્રતા જોઇને વખાણ કરતુ તો કોઇક ઇર્ષ્યા કરતું. પ્રભાત અને આનંદના સ્વભાવો નુ અક પાસુ એકબીજાથી બિલકુલ જુદુ જ પડતું હતું પ્રભાત પાકકો આસ્તિક ભગવાનમા આસ્થા ધરાવતો જયારે આનંદ તદ્દન નાસ્તિક ભગવાનમાં માનવા કયારેય તૈયાર ન થતો.

આનદની પડોશમાં જ તેના કાકા રહેતા હતા. સધ્યા આનદના કાકાની એક પુત્રી હતી. સંધ્યાને ત્રણ બહેનો તથા ત્રણ ભાઇઓ હતાં. સંધ્યા કોલેજ ના દ્વિતીય વર્ષમાં અભ્યાસ કરતી હતી આનંદ ઘણીવાર સંધ્યાને ઘેર જતો અને પોતાના હસમુખા સ્વભાવથી સંધ્યાને ખુશ કરી દેતો. સંધ્યા આનંદ ના આવવાથી આનંદમાં આવી જતી. ઘણીવાર આનદ સથે પ્રભાત પણ સંધ્યાને ઘેર જતો. એક સવારે આનંદ એકલો સંધ્યને ઘેર ગયો. સંધ્યાએ તરત જ પૂછ્યૂ કે પ્રભાત કેમ નથી આવ્યો ? શું એની તબિયત બરાબર નથી ? કયાંય બહાર ગામ ગયો છે? ત્યારે આનંદે સંધ્યાને કહ્યું, "પ્રભાત ન આવવાથી આટલી આકુળતા વ્યથા કેમ અનૂભવે છે?" સધ્યા ચૂપ રહી. આવતી સંધ્યાએ સંધ્યા આનંદને ઘેર ગઈ "આનંદ તારા સવારે પૂછાયેલા પ્રશ્નનો ઉતર આપવા, ઘણાં મનોમંથન બાદ આવી છું ....આનંદ હું પ્રભાત ને ચાહુંછું."

પહેલાં તો આનંદે આ વાત ને હસી કાઢી પણ જયારે પ્રભાતે ગંભીરતાથી કહ્યું "હું પણ સંધ્યાને ચાહું છું." ત્યારે આનંદને આંચકો લાગ્યો આખો દિવસ આનંદ આજ બાબતનો વિચાર કરતો રહયો. થોડા વિચાર કરતાં આનંદને

લાગ્યું "હવે હું પહેલા જેવી દોસ્તીમાં મીઠાશ લાવી શકીશ નહીં" આનંદે આને 'લાવ એટેક' જ માની લીધો પણ આનંદે જોયું કે જ્યારે પ્રભાત અને સંધ્યા એકબીજાને થોડા સમય માટે મળી ન શકતા ત્યારે બંન્ને આંખો એકબીજાને જોવા માટે વિહવળ બની જતી. આનંદે સંધ્યાની આંખમાં પ્રભાત પ્રત્યેનો સાચો અતૂટ પ્રેમ જોયો અને પ્રભાતની આંખમાં સંધ્યા પ્રત્યનો શુધ્ધ પ્યાર. હવે આનંદ ઉપર ધર્મસંકટ આવી પડયું એક બાજુ દિલોજાન બાળપણનો ગોઠિયો પ્રભાત અને બીજી બાજુ કાકા જે આ આંતરજ્ઞાતીય લગ્નને કદી પણ મંજૂરી ન આપે. પણ આનંદના મનમાં પ્રભાત સંધ્યાની સુંદર જોડી વસી ગઈ એણે મનોમન નિર્ણય લઇ લીધો. પ્રભાત સંધ્યાને મદદ કરવી.

સંધ્યાના પિતા સંધ્યા માટે સારા એવા મૂરતિયાઓને જોવા બોલાવતા પણ સંધ્યા મુરતિયાઓને કહી દેતી "મારે એક પ્રભાત નામના યુવક સાથે લવ છે અને હુ તેની (પ્રભાત) સાથે જ લગ્ન કરીશ" આમ તે બીજા કોઇપણ ને પસંદ કરતી નહિ સંધ્યા ના પિતા તથા ભાઇઓએ કહ્યુ કે તને કોઇ પસંદ નથી તો કોની સાથે લગ્ન કરવા છે. સંધ્યા એ કહ્યું હું ભણી લઉં પછી જ હુ વિચારીશ. પણ એના પિતા તથા ભાઇઓએ જયારે ઘણું દબાણ કર્યું ત્યારે ન છૂટકે તેણે પ્રભાતનું નામ દઇ દીધું સંધ્યાને તેના ઘરનાએ કહ્યું કે જો પ્રભાત સાથે પરણવું હોય તો કાલથી કોલેજ બંધ તથા કયાંય બહાર આવવા જવાનું નહિ ફકત ઘરમાં ફરવાનુ બેસવાનું ઊઠવાનું સંધ્યા ની સ્થિતિ ઓખા જેવી થઇ ગઇ જેમ ઓખા ને પણ તેના પિતાએ એકદંડીયા મહેલમાં પૂરી રાખી હતી આવાજ કારણસર ઓખા એક દંડિયા મહેલમાંથી બહાર નીકળી ન શકતી તેવીજ સ્થિતિ સંધ્યાની પણ થઇ. આથી સંધ્યા પ્રભાત મળી શકતાં નહિ. છતાં પણ બધા જ ના આશ્ચર્ય વચ્ચે બન્ને ના કાગળ એક બીજાને પહોચતા. તે કઇ રીતે પહોંચતા તે કોઇ જાણી શકયુ નથી. આવી રીતે એકાદ મહિનો ચાલ્યો. છેવટે તેઓએ એક દિવસ મળવાનું નક્કી કર્યું પણ તે દિવસે ઘરનાં ને ખબર પડી ગઇ. તેથી તેઓ પકડાઇ ગયાં અને સંધ્યાના પિતાએ કાંઇક નિર્ણય લીધો. પ્રભાતને ગમે તેમ હેરાન કરીએ જેથી તે સંધ્યાને ભૂલી જાય, પણ આ વાત સંધ્યાને પહોંચતા તે ઘર છોડીને જતી રહી બીજી બાજુ પ્રભાતના ઘેર આ વાતની ખબર પડતાં તે દિવસે પ્રભાતને ઘેરથી બહાર જવા ન દીધો. સંધ્યા આનંદને મળવા ગઇ પણ આનંદ ઘેર હતો નહીં. સંધ્યા ત્યાંથી તેની બહેનપણી ઉષાને ત્યાં ગઈ ત્યાં એના ઘરના ના સાથથી તેમણે પ્રભાતને બોલવવા પ્રબંધ કર્યો. પણ તેમાં નિષ્ફળતા જ મળી. ત્યાર બાદ તે પાછી આનંદના ઘેર આવી ત્યારે આનંદ ઘેર હતો પણ

સંધ્યા અને આનંદ વચ્ચે કાંઇ વાતચીત થઇ ન શકી કારણ સંધ્યાના પિતા ત્યાં હાજર હતા. ત્યાંથી સંધ્યાને ઘણી રીતે મનાવી ઘેર લઇ ગયાં.

બીજી દિવસે રાત્રે પ્રભાતના પિતાને સંધ્યાના પિતાએ બોલાવ્યા અને પ્રભાત સંધ્યાના સંબંધો વિષેની વાત કરી. પ્રભાતના પિતાએ કહ્યું કે હજુ પ્રભાત એન્જીનીયરીંગના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે ભણીલે પછી એને જેમ કરવુ હોય તેમ કરે મારી ના નથી. આ પછી પ્રભાત અને સંધ્યા એક જ વાર મળી શકયાં. સંધ્યા પ્રભાતને જોયા વગર જેમ પાણી વગર માછલાં તરફડે તેમ અકુલ વ્યાકુળ થઇ જતી તેમજ પ્રભાત પણ સંધ્યાને જોયા વગર રહી શકતો નહીં.

પ્રભાતના પિતા ત્યાંથી બીજે દૂર રહેવા ગયાં. પ્રભાત સંધ્યાને દૂરથી મળવા ઘણે દૂરથી આવતો પ્રભાતને જતો આવતો. રોકવા સંધ્યાના પિતા તથા ભાઇઓએ ઘણાં પ્રયત્ન કર્યાં. પણ કાંઇ થઈ શકયું નહિ. આમ પ્રભાત સંધ્યા એક બીજાને એક વર્ષથી પણ વધારે સમય મળી ન શકતા પરંતુ તેઓ કાગળથી તો અઠવાડિયામાં બેથી ત્રણ વાર મળી શકતાં. ઘણાં બધાંને આશ્ચર્ય થતું કે આ કાગળ કઇ રીતે પહોંચે છે? કોઇ જાણી શકયુ નથી?

થોડાક સમય બાદ સંધ્યાનો પ્રભાત ઉપર કાગળ આવ્યો. "તું મને એકલી મૂકી જતો ન રહેતો. મારા ઉપર વિશ્વાસ રાખજે હું પ્રેમને અમર બનાવવા મારાથી બનતું બધું જ કરી છૂટીશ. પ્રાણનો ત્યાગ કરતાં પણ અચકાઇશ નહીં." આને તું કોઇ ફિલ્મનો ડાયલોગ ન માની બેસતો આતો દિલની વ્યથા છે જે રોકી ન રોકાતાં તને કહું છું.

ત્યાર બાદ સંધ્યાના પિતા તેમજ ભાઇઓ સંધ્યાને પંદર દિવસ માટે બહાર ગામ ફરવા જવાના બહાના હેઠળ સમજાવી લઇ ગયા ત્યાર બાદ પ્રભાત સંધ્યા નાં સમાચાર મેળવી શકતો કે નહિ તે જાણી શકાયું નથી.

આનંદ ને ઘણી વાર વિચાર આવતે, આ કથા કયાં જઇને અટકશે? અટકશે તો કેવી રીતે અટકશે? કે પછીં આ બંન્ને "તળાવ કિનારે તરસ્યાં" જ રહેશે?

શાંતિ એલ. પટેલ

સહાયક : **દિલીપ ડી. પટેલ**

ગુજરાતી નારી

સંકલન
શામજીભાઇ આર પટેલ
આણંદ

સળંગ લેખાંક–૫ (પ્રકરણ–૨)

સ્ત્રી વિકાસના પંથે (હપ્તો બીજો)

ગરવી ગુજરાતણને પુરાણો તથા ઇતિહાસોમાં નિહાળ્યા પછી, ગયા હપ્તે, આપણે તેની વિકાસયાત્રાની શરૂઆતના કેટલાક તબક્કાની હકિકત જોઈ ગયા છીએ અંતમાં આપણે જોયું હતું કે નર્મદ જેવા સમાજ સુધારકોના હિંમતભર્યા પ્રયાસો ને કારણે એ યુગમાં કુરિવાજો સામે મોરચો મંડાયો હતો, કેળવણીના પ્રચારને પરિણામે મોટા શહેરોમાં જાહેર સંસ્થાઓની સ્થાપના થઇ અને આવી સંસ્થાઓ એ જાહેર જીવનમાં લોક જાગૃતિ લાવવા તથા કુરિવાજો સામે લડત આપવામાં નોંધપાત્ર ફાળો આપ્યો છે.

પ્રસ્તુત વિષયમાં થોડા વધુ ઊંડા ઉતરીએ તો—

કેળવણીની કાળજી લેવાનો જે ક્રમ શરૂ થયો તેમાં અમદાવાદમાં ગુજરાત વર્નાકયુલર સોસાયટી, જ્ઞાન પ્રચારક સભા, વગેરેના પ્રેરક બળોને પરિણામે કન્યા શાળાઓ સ્થપાઇ. હિંદુ તેમજ પારસી કન્યા કેળવણી માટે એમાં લગન પૂર્વકનો પ્રયાસ શરૂ થયો, માત્ર પ્રયાસ જ નહિ પણ પ્રચાર અને પ્રસાર માટેનાં પ્રોત્સાહનો પણ ખડાં કરવામાં આવ્યાં. ગુજરાતની બહેનો નર્સિંગની તાલિમ લે, તબીબી જ્ઞાન મેળવે એ માટે સોરાબજી શાપુરજીએ તનતોડ પ્રયત્ન કર્યા આપણા સમાજ સુધારાના પ્રારંભ કાળમાં પારસીઓનો ફાળો અમૂલ્ય હતો અને છે. પારસીઓ માત્ર દૂધમાં સાકરની જેમ ભળી જ ગયા ન હતા, પણ એમણે દુધ સાકર યુક્ત પંચામૃતનાં પય આપણને પાયાં છે.

અને ઉત્થાનના પગરણ મંડાતાં એક પછી એક સંસ્થાઓ ઉભી થઇને પોત પોતાનો ફાળો નોંધાવવા લાગી. વીસમી સદીના સ્વાતંત્ર્ય પ્રાપ્તિ સુધીના કાળમાં જે જે સંસ્થાઓએ ફાળો આપ્યો છે તેમા મુંબઈનું ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળ ભગિની સમાજ, વડોદરાનુ ચીમનાબાઇ સ્ત્રી મંડળ અને મુંબઇ, અમદાવાદ, સુરત, ભાવનગરના વનિતા વિશ્રામ જરૂર ઉલ્લેખનીય ગણી શકાય. સ્ત્રીઓના સામુહિક ઉત્થાનની સાથોસાથ સ્ત્રીઓનાં સામયિકો પણ શરૂ થયાં, જેમાં 'સુદરી સુબોધ' 'સ્ત્રી બોધ', 'સ્ત્રી જીવન', 'ગુણ સુદરી', 'સ્ત્રી શિક્ત' વગેરે સામયિકોએ બહેનોને

રસિક છતાં ઉપયોગી વાંચન પુરૂ પાડી કેળવણી માટેની પોતાની સેવા બજાવી હતી. પણ સુધારકોના વિચારો, વ્યાખ્યાનો તેમજ અભિપ્રાયો જેટલા લખાણમાં આગળ પડતાં હતા તેટલા સુધારા વ્યવહારમાં થઇ શકતા ન હતા. ઉપરાંત શિક્ષણનો ફેલાવો સીમીત રહેવાને લીધે, શિક્ષિત વર્ગ દ્વારા શરૂ થયેલું સમાજ સુધારાનું આંદોલન સામાન્ય જનતા સુધી પહોંચી શકયુ નહિ નદીના પૂરની જેમ સમાજની ઉપલી સપાટીએ સુધારાનો આવેલો જુવાળ ઓસરતાં વાર ન લાગી અને તેની ધારેલી અસર સમાજના સામાન્ય અને નીચલા વર્ગમાં થઇ શકી નહિ.

નીચલા થરમાં કેળવણી અને સામાજિક પરિવર્તનનો સાચો પ્રયાસ તો ગાંધી યુગમાં જ થયો અને એ પ્રયાસને સ્વતંત્રતા બાદ ખરેખરો વેગ મળ્યો.

સાક્ષર વર્ય રમણભાઇ નીલકંઠે તો લખ્યુ પણ ખરૂ :

સ્ત્રી જાતની અવદશા પરિહારવાને, એવો હુતાશન મહા પ્રગટાવી શું કે

તેની પ્રચંડ ઉંડી જ્વાલાની માંહી થાશે, અજ્ઞાન સ્વાર્થવાળી દુર્મતિ સર્વ ભસ્મ

લેખકે માત્ર આદર્શ સ્થાપીને જ નહિ, પણ આચરી બતાવીને, ગુજરાતને પ્રથમ સ્ત્રી ગ્રેજ્યુએટોની લ્હાણી કરી.

અસુર તથા રાક્ષસો જેવા અસામાજિક તત્વો સાથે લડવાને દધિચી ઋષિએ સાબરમતીને કિનારે પોતાનાં હાડ ઇન્દ્રદેવને સમર્પ્યા હતાં એવા સંસ્કારની આ ગુર્જર ભુમિ દીન દુખીને મદદ કરવામાં કદી પાછી પડી નથી. ગુજરાતના રાજવીઓ તથા શ્રીમંત લોકોએ સામાન્ય ગરીબ પ્રજાના હિતાર્થે સંખ્યાબંધ કૂવા, વાવ, ધર્મશાળા વગેરે ઉપયોગી સેવાઓ તરફ પૂરતી હમદર્દી રાખી છે

ગુજરાતના પ્રથમ સમાજ સુધારક તરીકે આપણે કવિ નરસિંહ મહેતાનો જરૂર ઉલ્લેખ કરી શકીશું. તેમણે નાગર જ્ઞાતિમાં જન્મ લીધો હોવા છતાં હરિજન વાસમાં બેસીને ભજન કીર્તન કર્યા, એમ કરવા જતાં સમાજના કોપનો ભોગ બન્યા પણ પાછી પાની તો ન જ કરી, એટલું જ નહીં તેમણે દલિતોને હરિજન જેવું રૂડું મીઠું માનભર્યું નામ પણ બક્ષ્યું.

અસ્પૃશ્યતા જેવો જ બીજો કુરિવાજ સતી થવાનો હતો અને જો સ્ત્રી સતી ન થતી અને જીવતી રહેતી તો એનું વૈધવ્ય જીવન મૃત્યુથી કંઇ ઓછું બદતર ન હતું. મૃત્યુ જ તેને તેની એ કાયમી વેદનામાંથી મુકિત અપાવી શકતું. બાળલગ્નના એ જમાનામાં જયારે મરણ પ્રમાણ વિશેષ હતું ત્યારે વિધવાઓની સંખ્યા પણ નાની સૂની ન જ હતી. વિધવાઓને અપશુકનિયાળ તથા અમંગળ ગણવામાં આવતી.

 જે દશા અસ્પૃશ્યોની હતી લગભગ એ જ દશા વિધવાની હતી એક રીતે એ પણ અસ્પૃશ્ય જેવુ જ જીવન ગુજારતી અને યૌવનના પૂર્વારંભે વિધવા થયેલી વનિતા પોતાનું શેષ જીવન શી રીતે ગુજારતી હશે એની તો આજે ય કલ્પના જ કરવી રહી. તેમાં ઘરના તથા બહારના પુરુષ પાત્રો જે રીતે લાભ લેવા તત્પર રહેતા, એ કથની તો ન કહી, ન કલ્પી શકાય તેવી છે

પણ આગળ કહ્યું તેમ જેમ નરસિંહ મહેતાએ "અમે એવા રે અમે એવા" કહીને અસ્પૃશ્યતા ક્ષેત્રે ઝંપલાવ્યુ હતું અને લલકાર્યું હતુ કે "હરિજન દેખી હૈડું ન હરખે, એ માનવ તે કેવા રે ?" તેમજ વિધવા ઉદ્ધારના ક્ષેત્રે કવિ નર્મદ અને દુર્ગાશંકર મહેતાએ પણ "યા હોમ" કરીને પડવાનુ જ ઉચિત માન્ય હતું તેમણે વિધવા વિવાહ ક્ષેત્રે જાત પ્રયોગ કરીને ઉજ્જવળ કેડી ચીંધી. સમાજે તેમના માથે માછલાં ધોવામાં કઇ જ પાછી પાની કરી નહિ, પણ તેઓ તો અણનમ વીર હતા. ડગવાનું કે પાછા પડવાનું તેમણે મંજુર જ ન હતું.

ઉપરોકત સુધારકોની સાથો સાથ ધન્યવાદ તે કાળના શ્રીમંતોને પણ જરૂર મળવા જોઇએ કેમ કે તેમણે કન્યાશાળાઓ તથા વિધ વિધ સ્ત્રી કેળવણીને પ્રોત્સાહક એવી સંસ્થાઓ સ્થાપવામાં જરૂર સાથ અને સહકાર આપ્યો જ હતો. એથી વિધવા, ત્યકતા, અને પતિતા પ્રત્યે સહાનુભૂતિ રાખવાનું વાતાવરણ શિક્ષિત સમાજમાં ઉભુ થવા લાગ્યું. આવી બહેનોને જીવનોપયોગી તાલીમ આપવાના વિચારનો સ્વીકાર થયો ત્યજાયેલ બાળકો, માતાઓ, બહેનો માટે મહિપતગામ આશ્રમ જેવી સંસ્થા અસ્તિત્વમાં આવી. એ યુવાન વિધવા મહિલાઓના પ્રોત્સાહન થી સુરત અને અમદાવાદમાં વનિતા વિશ્રામની સ્થાપના થઇ. દૂરથી આવતી વિધવા, ત્યકતા બહેનની કેળવણી માટે વનિતા વિશ્રામે તે સમયે આદર્શ સેવા પૂરી પાડી.

વડોદરા નરેશ મહારાજા સયાજીરાવ પ્રગતિશીલ સમાજ સુધારક હતા. સમાજ નાં નબળાં અંગોને સમજવાની તેમની અનન્ય દ્રષ્ટિ વડે તેમણે તેમના રાજ્યમાં અનેક સામાજિક સંસ્થાઓ રચી, આગવી સુધારાવાદી નીતિ અપનાવી. કન્યાઓ માટે ફરજિયાત શિક્ષણનો નિયમ કરનાર સહુ પ્રથમ તેઓ જ હતા. શિક્ષણમાં બાળકોને સવર્ણના સમાન વ્યવહાર આપનાર પણ તેઓ જ પહેલા હતા. સ્ત્રીઓ ના ઉત્થાનની સંસ્થાઓ સ્થાપવામાં તેમણે સક્રિય મદદ કરી અને તેમના પ્રોત્સાહક વલણને લઇને વડોદરા સુધારણાની દિશામાં ઘણું આગળ નીકળી ગયું. આવી પરિસ્થિતિ હતી ૧૯મી સદીની અને એ સદીના અંત ભાગની

—ક્રમશઃ

બલિદાન ;—

હીરા અને સેનું પોતપોતાનો આકાર જાળવી રાખવાનોજ આગ્રહ રાખે તો વીંટી બની શકે નહીં. કલાત્મક વીંટી બનવા માટે બંનેને સંયુકત બલિદાન આપવું પડે છે. સોનાને અગ્નિમાં ઓગળવું પડે છે. અને હીરાને યંત્રો વડે અનેક બાજુએથી ઘસાવુ પડે છે. ત્યારબાદ હીરા સોના ઉપર બંધ બેસતો આવશે અને સુંદર વીંટી સ્વરૂપ મેળવશે.

સફળ દાંપત્ય જીવનનું પણ આવુંજ રહસ્ય છે. સ્ત્રી અને પુરુષ બંને એ સંયુકત રીતે બલિદાન આપવું પડશે. તોજ સંસાર સુખમય બને છે.

— ફાધર વાલેસ

સમાચાર દર્શન

ગ્રાહક ભાઈબહેનોને અગત્યની સુચના

આપણા સમાજના મુખપત્ર "જાગૃતિ" નાં બાકી નીકળતાં લવાજમો અંગે દરેક ગ્રાહક ભાઇબહેનોને પત્ર દ્વારા જાણ કરવામાં આવી છે તો આ અંક હાથમાં આવ્યા બાદ તરતજ કાર્યાલય પર મનીઑર્ડર દ્વારા તેમજ રૂબરૂમાં લવાજમ ભરી દેવા વિનતી.

વિશેષમાં સમગ્ર ભારત દેશમાં નાનાં મોટાં ગામડાંઓ કે શહેરોની પોસ્ટઓફીસો ને પીનકોડ નંબર આપવામાં આવ્યા છે તો દરેક ગ્રાહક ભાઇબહેનો પોતપોતાનુ પૂરું સરનામું પીનકોડ નંબર સાથે કાર્યાલય પર વહેલી તકે મોકલાવી આપે. જેથી "જાગૃતિ" માસિક સમયસર પહોંચવામાં કોઇ પણ જાતની મુશ્કેલી ન રહે.

ભાવમિલન સમારોહ

તા. ૨૪, ૨૫, ૨૬. જાન્યુઆરી ૧૯૭૬, મુંબઈ.

ભારત દેશના વિશાળ શહેરોમાંના એક શહેર તરીકે જેની ગણના થાય છે તેવા મુંબઇ શહેરનાં પ. પૂ. પાંડુરંગ શાસ્ત્રીજી વૈજનાથ આઠવલેજીના સાનિધ્યમાં ગઈ તા. ૨૪, ૨૫ અને ૨૬ જાન્યુઆરીના દિવસોમાં મુંબઇમાં માધવબાગમાં સ્થપાયેલ ભગવદ્ ગીતા પાઠશાળાને ૫૦ વર્ષ પુરાં થતાંહોઇ તે નિમિત્તે એક ભાવ મિલન સમારોહ યોજવામાં આવ્યો હતો. ભાવમિલન સમારોહ એટલે કૃતજ્ઞતા અને ઉદારતાનું મિલન. આ બન્ને ભાવનાઓનું મિલન મુંબઇમાં આવેલ ચર્ચગેટ પાસે ઓવ્હેલ મેદાનમાં થયું જે મિલનને પૂજ્ય દાદાજીએ ભાવમિલન સમારોહ ના સુંદર નામથી આપણને ઓળખાવ્યું છે.

તા. ૨૪ જાન્યુઆરીએ બપોરે ૧૧ વાગે. ચોપાટી પરથી ભવ્ય શોભાયાત્રાનો શુભ આરંભ કરવામાં આવ્યો. આ યાત્રામાં ભારત ભરનાં દરેક રાજ્યોમાંથી આવેલા સુહૃદ સદસ્યોએ ભાગ લીધો. આ યાત્રા મુંબઇ શહેરના વિશાળ માર્ગ પરથી પસાર થઇ ત્યારે યાત્રામાં જોડાનાર વ્યક્તિઓને ભગવાન યોગેશ્વરની કૃપા દ્રષ્ટિની ઝાંખી થઇ. માર્ગમાં ઠેર ઠેર યાત્રામાં જોડાનાર સભ્યોને પાણી પીવા માટે ની સુંદર વ્યવસ્થા મુંબઈના ભાવિક માનવોએ કરી હતી જે જોઇને શહેરી માનવો માં પણ શ્રી યોગેશ્વર પ્રત્યેની ભાવનાની અકલ્પ્ય ઝાંખી થઇ. શોભાયાત્રામાં ભગવાન શ્રી યોગેશ્વરનો જયનાદ અને ગીતાનાં સોનેરી વાક્યોના નારા સાથે મુંબઈ શહેરને ગૂંજતુ કરી મૂકયું સાંજે પાંચવાગે યાત્રા ઓવ્હેલ મેદાન પર આવી સર્વે સુહૃદ સદસ્યો તેમજ મુંબઇનાં શ્રોતાજનો મેદાનમાં એકત્ર થયાં.

સૌ પ્રથમ દાદાશ્રીપૌત્રીએ આવેલ સભ્યોનું અમૂલ્ય વાણી દ્વારા સન્માન કર્યું ત્યારબાદ દાદાશ્રીએ પ્રવચન આપ્યું ખૂબજ ભાવવાહીનું પ્રવચન સાંભળી જન સમુદાયનો શોભાયાત્રાનો થાક દૂર થયો. પૂજ્ય દાદાશ્રીએ ભગવાન પાસેથી કંઇક માગવું; પણ શું માગવું ? એ વિચાર પર ચર્ચા કરી આપણે ભગવાન પાસેથી પુરુષાર્થ સિવાય કંઈજ માગવા જેવું નથી તેમ જણાવ્યું મનુષ્ય જીવનમાં પ્રથમ પુરુષાર્થની જરૂર છે. પુરુષાર્થ કરવાથી મનુષ્યમાં વિવેક, જ્ઞાન, અને બુધ્ધિના આપો આપ પ્રવેશ થાય છે. મનુષ્ય નવરો ન બેસી રહેતાં પુરુષાર્થ કરેતો તેના વિચારો શુધ્ધ અને નિર્મળ બને છે, તેની વાણીમાં વિવેક આવે છે. જયારે જયારે મનુષ્યમાં વિવેક આવે છે. ત્યારે

આપો આપ જ્ઞાન અને બુધ્ધિનો પણ વિકાસ થાય છે. આપણે સર્વે અહિ કૃતજ્ઞતા અને ઉદારતા વાળા માનવો એ ભેગામળી ભાવમિલન સમારંભ યોજ્યો છે. તેથી દરેકના હૃદયમાં ભાવ જરૂર છે તેમ નક્કી થાય છે જેવી રીતે આપણામાં ભાવ છે તેવાંજ ભાવની સમગ્ર ભારતમાં તેમજ વિશ્વાસમાં ભાવ ગંગા વહેતી થાય તો ભગવાન યોગેશ્વર માનવોને બનાવી નિરાંત અનુભવે તોજશ્રી યોગેશ્વરને મનુષ્ય બનાવ્યાનો સંતોષ થાય તા. ૨૫ જાન્યુઆરીના સવારે ૯ વાગે પૂજ્ય દાદા શ્રી ફક્ત સહૃદ સદસ્યોને સંબોધ્યા આપણે ભગવાનને પ્રાર્થના કરવી જોઇએકે એમને શાંતિ આપે શાંત હોય તોજ શ્રી યોગેશ્વરને યાદ કરવામાં વાંધો નહિ આવે સાથે સાથે મનુષ્ય મનુષ્ય વચ્ચે પ્રેમ હોવો જોઇએ. માનવ જાતે ઇશ્વરમાં શ્રધ્ધા રાખવી જોઇએ. પુરુષાર્થ બુધ્ધિ પ્રેમ અને શ્રધ્ધા આ દરેકમાં શું વિશિષ્ટતા છે. તે ગીતામાં કહયું છે. ગીતા હાથમાં લો ગીતા જવાબ આપશે. તમારા સુખ દુઃખમાં ગીતા વડેજ શાંતિ મળશે. ગીતાજ્ઞાનથીજ મનુષ્ય કૃતજ્ઞી બનશે. ગીતા એજ માનવીનો સાચો સથવારો છે. તેજ દિવસે સવારના ૧૧ વાગે યુવાનો માટેનો કાર્યક્રમ હતો જેમાં ડીવાઇન બ્રેઇન ટ્રસ્ટના ઉપક્રમે યુવાનોએ ભકિત વિષે ચર્ચા કરી.

બપોરે ૩ વાગે અલ્હાબાદ હાઇકોર્ટના ન્યાયમૂર્તિ શ્રી ના નેજા નીચે સ્વાધ્યાયી ભાઇઓ નો સંવાદ યોજ્યો જેમાં ભણેલા ગણેલા લોકોએ ચર્ચા કરી સાંજે ૫ વાગે પૂજ્ય દાદાશ્રીએ પ્રવચન આપ્યું જેનું નામ ભાવપૃષ્ય સમર્પણ રાખ્યું દાદાશ્રીએ વિશાળ જનસમુદાયને ખૂબજ સુંદર રીતે શંબોધ્યા પુષ્પો જેમ કોમળ હોય છતાં પણ સુંગધથી ભરપૂર છે. તેવીજ રીતે દાદાશ્રીએ કોમળ ભાષા વાપરી ખૂબજ પ્રેરણાદાયી પ્રવચન આપ્યું સાંભળી શ્રોતાગણનાં હૃદય ફુલજેવાં કોમળ બની ગયાં.

રાત્રે ૯ વાગે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમા ગીતાના પ્રેરક પ્રસંગોનું વિહંગાવલોકન કરવામાં આવ્યું.

તા. ૨૬ જાન્યુ. ભારતના સ્વાતંત્ર દિન ભાવમિલન સમારોહનો આખરી મિલન દિવસ હતો જેમાં દાદાશ્રીએ ૯ વાગે પ્રવચમ આપ્યું. જે ફકત સુહૃદ સદસ્યો માટે જ હતું તેમા દાદાશ્રીએ ૫૦ વર્ષ સુધી ગીતાનો પ્રચાર સ્વાધ્યાય દ્વારા કર્યો તેનો ખ્યાલ આપ્યો. જેમ અત્તરની સુવાસ ખૂબ દૂર સુધી પ્રસરે છે. તેમ આપણા આ મિલન સમારંભની સુવાસ પણ દુર દુર સુધી પ્રસરશે. જેમને ગીતાનો ખ્યાલ નહિ હોય તે આ સમારંભના આયોજનથી દરેકના હૃદયમાં પ્રસરશે. તેવી આશા પ્રકટી સવારે ૧૧ વાગે બહેનોએ પણ સુદર રીતે ચર્ચા કરી ભારતની નારી પણ નારાયણી છે તેની પ્રતિતી આ ચર્ચામાંથી અનુભવવા મળી.

બપોરે ૩ વાગે ગુજરાત હાઇકોર્ટના નામદાર ન્યાયમુર્તિ શ્રી દિવાન સાહેબ ના નેતૃત્વ નીચે સભાનું આયોજન થયું જેમાં આપણા સર્વે સભ્યોમાંથી જુદા જુદા વિભાગના સભ્યોએ પોતાના સ્વાધ્યાય કાર્યના અનુભવો પોતાના પ્રાંતની ભાષાનાં વર્ણવ્યા. સાંજે ૫ વાગે દાદાશ્રીએ આ સમારંભનું આખરી પ્રવચન આપ્યુ. જે સાંભળવા લગભગ બે લાખ જેટલો માનવ સમુદાય એકઠો થયો હતો આ પ્રવચનને ' ભાવ પ્રકટન" નામ આપવામાં આવ્યુ. પૂજ્ય દાદાશ્રીએ ખુબજ પ્રેરક અને ભાવના શીલ વણીમાં આખરી પ્રવચન આપ્યુ. જેના શબ્દો હજૂપણ સાંભળનારના કાનમાં ગુંજતા હશે. આવેલા સભ્યોને ગીતાનો બહોળો પ્રચાર કરવાના અનુરોધ કર્યો. ભગવાન યોગેશ્વરને પ્રાર્થના કરી અને સાંજે ૭–૩૦ વાગે છૂટા પડયા. રાત્રે ૯ વાગે સાંસ્કૃતિક પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દરેક પ્રાંતની વિશિષ્ટતાઓ બતાવી દા–ત. ગુજરાતના ગરબા, સૌરાષ્ટ્રના રાસ, મહારાષ્ટ્રનાં ગ્રામીણગીતો. પંજાબનું ભાંગડા નૃત્ય, આસામનુ મણીપુરી નૃત્ય વગેરે વગેરેનું આયોજન કરી સર્વે ને આનંદ સાગરમાં ડૂબકી મારવી.

આરીતે ત્રણ ત્રણ દિવસના ભરચક અને ભાવભર્યા મિલન સમારંભનો અમૂલ્ય લાભ દરેક સુહૃદ સદસ્યો ને મળ્યો તે પણ ખરેખર જીવનનો એક લ્હાવ હતો.

શ્રી આર. એન. પટેલ હાઈસ્કૂલ, તખતગઢ-સરતાનપુર, મોડાસા.

શ્રી આર. એન. પટેલ હાઈસ્કૂલ, તખતગઢ–સરતાનપુરે મોડાસા મુકામે તા. ૬ અને ૭–૧૦–૭૫ ના દિવસોએ યોજાયેલ આઠમા વિજ્ઞાન મેળામાં દરેક વિભાગોમાં રસભેર ભાગ લીધો હતો પ્રોજેકટ વિભાગમાં હાઇસ્કૂલે દ્વિતીય સ્થાન મેળવી પ્રમાણ પત્ર મેળવેલ છે.

શ્રી રણજીતપુરા હાઈસ્કૂલનું ગૌરવ

બાલાશિનોર તાલુકાની શ્રી રણજીતપુરા હાઈસ્કૂલનો વિદ્યાર્થી એમ. બી બારીયા તાલુકા તથા જિલ્લા કક્ષાએ ૧૦૦ મીટર દોડમાં પ્રથમ નંબર મેળવી ગુજરાત રાજ્ય કક્ષાએ શિયાળુ રમતોત્સવમાં પ્રથમ નંબર મેળવ્યો હતો.

તા. ૨૭–૧–૭૬ થી ૩૧–૧–૭૬ દરમિયાન પંજાબના જલંધર મુકામે યોજાયેલ અખિલ ભારતીય રમત હરિફાઈ (રાષ્ટ્રીય હરિફાઇ) માં પસંદગી પામેલ છે. રાષ્ટ્રિય હરિફાઈમાં ભાગ લઈ તાલુકા તથા જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. બાલાશિનોર તાલુકામાંથી રાષ્ટ્રિય હરિફાઇમાં ભાગ લેનાર પ્રથમ વિદ્યાર્થી છે.

જય યોગેશ્વર

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ (ગુજરાત) ધનસુરા.

વાર્ષિક મીટીંગ

તા. ૧૮–૧–૭૬

ઉપરોક્ત મંડળની વાર્ષિક **સાધારણ સભા** ગત તા. ૧૮–૧–૭૬ ના રોજ યોજવામાં આવી. જેમાં સામાન્ય રીતે આપણા સમાજના પ્રાણ પ્રશ્નો જેવા કે કન્યાવિક્રય. છૂટાછેડા. તેમજ શિક્ષણ અંગેના બાબતોના ચર્ચા કરવામાં આવી.

કન્યાવિક્રય :—

આપણા સમાજની નિર્દોશ બાળાઓને 'ગરીબી' ઓને 'છાપ' નુ મ્હોરૂં પહેરાવી કન્યાઓનાં માબાપ અને દલાલો મળીને ઉત્તર ગુજરાત તરફ વળાવવામાં આવે છે. જો આ દૂષણ દિન પ્રતિદિન વધતું જશે તો એક સમય એવો આવશે કે આપણા જ સમાજમાં કન્યાઓનો દુષ્કાળ પડશે. તો અત્યારથી જ આ દૂષણને ડામવા યુવાન વર્ગ કટિબધ્ધ બને તે જરૂરી છે.

કન્યાવિક્રયના પ્રશ્ન અંગે મંડળના મંત્રી શ્રી અરજણભાઇ વી. પટેલ, શ્રી પ્રેમજીભાઇ એ. પટેલ, ધનસુરાં શ્રી માવજીભાઈ એ. પટેલ, મદાપુરા રામજીભાઇ એમ. પટેલ, અણીયોરકંપા રમણલાલ એન. પટેલ, એદલપુરા હરિલાલ પી. પટેલ, નવાનગર દેવસીભાઇ કે પટેલ બોરાવાટીઆ, રતિલાલ એસ. પટેલ મોડાસા, વગેરેએ કન્યાવિક્રયનું દૂષણ ઊભું થવાનાં કારણો આપી એ દૂષણને ડામવા પ્રયત્ન શીલ બનવાની જરૂરીયાતે ઉપર ભારપૂર્વક પોતપોતાનાં મંતવ્યો રજુ કર્યાં હતાં.

છૂટાછેડા :—

કન્યાવિક્રયની માફક આ પણ સમાજનું દૂષણ દિન પ્રતિ દિન દેખા દેતું હોય તો તેનાં કારણો શોધી તેના ઉપાયો કરવાની જરૂર છે. આ બાબત પર શ્રી રેવનદાસ એસ. પટેલ વિશ્નુપુરાકંપા, વિઠ્ઠલદાસ કે. પટેલ બિલેશ્વરકંપા વગેરે વકતાઓએ મંતવ્યો રજુ કર્યાં હતાં.

શિક્ષણ :— પ્રિન્સિપાલ શ્રી રતિલાલ એલ. પટેલ. તલોદ

સમાજના દરેક સ્તરમાં શિક્ષણનો પ્રચાર સારી રીતે થાય અને કેળવણીને પ્રોત્સાહનરૂપ બની શકાય તે માટે ઓછા ખર્ચે કેળવણી આપી શકાય તેવી સુવિધાઓ પુરા પાડવી જરૂરી છે. ગરીબ બાળકો માટે લોન તેમજ શિષ્યવૃત્તિ ના

સુવિધા દ્વારા કેળવણી માટે પ્રોત્સાહક બળ પૂરું પાડી શકાય સમગ્ર સમાજને સુશિક્ષિત બનાવવા માટે નાનાં મોટાં શહેરોમાં છાત્રાલયો ઊભાં કરી તેનો યોગ્ય વિકાસ પણ કરવો જોઇએ.

આ ઉપરાંત સમાજ એટલે શું ? તેમજ સમાજની વ્યાખ્યા અંગે શ્રી અરજણભાઇ વી. પટેલ, શ્રી રામજીભાઇ એમ. પટેલ, શ્રી રતિલાલ એસ. પટેલ, શ્રી કાન્તિલાલ કે. પટેલ વગેરેએ પોતપોતાના વિચારો રજૂ કર્યાં હતાં,

બીજું ચાલુ વર્ષે લગ્નસરા ઉજવવાની બાબતમાં સમયાનુસર વ્યવહારુ રીતે પ્રસંગ ઉજવાય તે બાબત પર શ્રી અરજણભાઇ વી. પટેલ, શ્રી પ્રેમજીભાઇ એ. પટેલ, શ્રી સામજીભાઇ એચ પટેલ વગેરેએ સમાજમાં ચર્ચાસ્પદ બનેલી મુદ્દાઓ ધ્યાનમાં લઇ યોગ્ય વિચારો રજૂ કર્યા હતા.

ત્યાર બાદ નવેમ્બરથી શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ (ગુજરાત) ધનસુરાની કારોબારીની રચના કરવામાં આવી હતી. જેમાં નીચે મુજબની વ્યક્તિઓને હોદ્દેદાર તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે.

પ્રમુખ	:— શ્રી રતિલાલ એલ. પટેલ (પ્રિન્સિપાલ તલોદ સાયન્સ કોલેજ)
ઉપ પ્રમુખ	:— શ્રી પ્રેમજીભાઇ એ. પટેલ (નેશનલ ટાયર્સ, ધનસુરા)
મંત્રી	:— શ્રી અરજણભાઇ વી. પટેલ (લક્ષ્મી ટોકીજ ધનસુરા)
સહમંત્રીઓ	:— શ્રી રતિલાલ લાલજીભાઇ પટેલ (મોડાસા)
„	:— શ્રી ડાહ્યાભાઇ ભીમજીભાઇ પટેલ (દોલપુરકંપા)
ખજાનચી	:— શ્રી રતિલાલ વિશ્રામભાઇ પટેલ (મોતીવેણીકંપા)

॥ શ્રી ગણેશાય નમઃ ॥

નેશનલ ટાયર્સ

સાયરા રોડ, **મોડાસા** જિ. સાબરકાંઠા. ફોન : ૧૪૬ પી. પી

આથી મોડાસા તેમજ આજુબાજુના અમારા સ્નેહીમિત્રો, વહેપારી ભાઈઓ તેમજ ગ્રાહકમિત્રોને જણાવતાં આનંદ થાય છે કે આપની જરૂરિયાત મુજબ



- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઈયર
- સીયેટ વગેરે
- કંપનીનાં બનાવેલ

ટાયર – ટયુબ,

દરેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા

● બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ ●

દરેક સાઈઝની **બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ**

તેમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી ધનસુરા તેમજ મોડાસાની દુકાનોની મુલાકાત લેવા વિનંતી છે

★ ઓથોરાઈઝડ ડીલર્સ ઇન :—

- ડનલોપ ઈન્ડિયા લિ. કલકત્તા, ગુડઈયર ઈન્ડિયા લિ. મુંબઈ
- ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કું. ઈન્ડિયા પ્રા. લિ. મુંબઈ.
- સીયેટ ટાયર્સ ઓફ ઈન્ડિયા લિ. મુંબઈ.
- મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
- ઈન ચેક ટાયર્સ લિ. કલકત્તા.
- નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

અમારી મુખ્ય દુકાન : **નેશનલ ટાયર્સ**


નં. ૨૭ તલોદ રોડ, **ધનસુરા** જિ. સાબરકાંઠા

શ્રી જયઅંબે



ખેડૂત ભાઈઓને ખુશ ખબર

સ્પન પાઈપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનુ પૂરેપૂરૂં વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઇપ કું.

ની

પાઇપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે
પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા
જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઇપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઇપ કું.


વડાગામ જિ. સાબરકાંઠા.

બહેનોને ઉજાગરા અને મહેનતથી રાહત આપવા માટે * ઇલેકટ્રીક પાવરથી ચાલતું

છાસ

બનાવવા માટેનું

વલોણા યંત્ર



* * * વસાવો અને ઘરની શાન વધારો.

વિશિષ્ટતાઓ :—

★ આ છાશ બનાવવા માટેનું વલોણાયંત્ર નાની મોટી બે સાઈઝમાં મળે છે.
★ ૫ થી ૧૦૦ લીટર સુધીની દહીંની છાસ બનાવવા.
★ દેશી વલોણા કરતાં ૧૫ થી ૨૦ ટકા વધુ માખણ મેળવવા.
★ આ યંત્રથી ઉનાળામાં પણ માખણ ઓગળી જતું નથી તેનો લાભ લેવા.
★ માત્ર નજીવા બળતણ ખર્ચમાં.
★ વેચાણ બાદની તમામ સેવાઓ તેમજ યંત્રના સ્પેરપાર્ટસ સહેલાઈથી મેળવવા

બનાવનાર :—

સ્કવેર એન્જિનીયરીંગ કોર્પોરેશન

ઘાટકોપર, **મુંબઈ–૮૬**

વધુ માહિતી માટે અમારા અધિકૃત વિક્રેતાને રૂબરૂ મળો :—

ચેતન ફર્ટિલાઈઝર્સ

તલોદ રોડ, **ધનસુરા.** જિ. સાબરકાંઠા.

આરબ દેશોમાં જવા ઈચ્છતા—

કારીગર ભાઈઓને ખુશ ખબર

- પાસપોર્ટ
- વિઝા
- એન્ડોર્શમેન્ટ
- રીન્યુઅલ તથા
- પ્લેન અને સ્ટીમરની ટીકીટ માટે મળો.

રાજુ ટ્રાવેલ્સ

(વર્લ્ડ ટ્રાવેલ સર્વિસ)

પ્રો. માણુભાઈ પટેલ

(હાવલીવાળા)

B. A (U. S. A Return)

સી. એમ. શર્મા * નટુ શ્રીમાળી

રહેઠાણ : મુ. પો. હાવલી તા. મોડાસા જિ. સાબરકાંઠા.

ઓફિસ : મણિભાઈ પટેલ C/o. પ્રભુદાસ વકીલ, સાયરા રોડ, મોડાસા.

મળવાનો સમય : દરરોજ સવારે ૧૧-૦૦ થી ૫-૦૦ (રવિવારે રજા)

અમદાવાદ ઓફીસ : રવિ ચેમ્બર્સ, બીજે માળ. રીલીફ સીનેમા પાસે અમદાવાદ

વિદ્યાર્થી મિત્રોને :—

U. S A. તથા CANADA વિષે માર્ગદર્શન આપવામાં આવશે.

ખેડૂતભાઇઓને—

ખુશ ખબર

પાણી ખેતીનો પ્રાણ છે જેથી તેનો બગાડ થતો અટકાવવા અને ઓછા પાણીથી વધુ લાભ લેવા માટે—

તુરત અમારો સંપર્ક સાધો.

* શ્રી જલારામ સીમેન્ટ પાઈપ વર્કસ *

પ્રો. મણિભાઈ ગોવિન્દભાઇ પટેલ

હાવલીવાળા

મુ. પો. હાવલી, તા. મોડાસા જિ સા કાં



જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સ્નેહીઓ તથા સંબંધી ભાઈઓને જણાવવાનું કે અમારે નામે બાજુમાં આપેલા ફોટાવાળા કપડવંજના રહીશ વેલજીભાઈ ઉર્ફે મગનલાલ કરમસીભાઈ નીચે પ્રમાણેનાં બાનાં બતાવી પૈસા લઈ જાય છે.

* હું માવજીભાઈનો નાનો ભાઈ છું મારૂ નામ કાન્તિલાલ રાજારામ છે.

★ મને ભાઈએ મોકલેલ છે. ટ્રકનું ટાયર ખરીદવું હોઈ થોડી રકમ મારી પાસે છે બાકી ખૂટતી રકમ આપો જે ઘેર જઈ હું મોકલી આપીશ

આ પ્રમાણેનાં ખોટાં બાનાં બતાવી છેતરવાના ધંધા કરે છે તો તેમાં ફસાવું નહિ જેની નોંધ લેવી.

તા. ક.–'જાગૃતિ' માસિકના ગ્રાહકમિત્રોને નમ્ર વિનતી કે આપના વિસ્તારમાં જ્યાં અંક ન જતો હોય ત્યાં દરેકને આ અંગે જાણ કરવા તસ્દી લેવા વિનંતી

લિ. પટેલ માવજીભાઈ રાજારામ
„ કેશવલાલ રાજારામ
„ કાન્તિલાલ રાજારામ
શંકર વિજય મે. મીલ
એસ. ટી સ્ટેન્ડ સામે, કપડવંજ (ગુજરાત)

પરદેશમાં–


મસ્કત, દુબાઈ, કુવૈત, બહેરીન, કટર, અબુધાબી, સલાલાહ વગેરે સ્થળે જવા માટે

કડિયા, સુથાર, ટ્રક-ટ્રેક્ટર ડ્રાઈવર, ડ્રાફ્ટ્સમેન, એરકન્ડીશન્ડ મીકેનીક, ક્રેઈન, બુલડોઝર, ઓપરેટર પ્લમ્બર, વેલ્ડર, ફીટર વગેરે પ્રકારના કારીગરો માટે ઉમદા તક

પાસપોર્ટ * વીઝા * એન્ડોર્સમેન્ટ * પરમીટ * પ્લેન તથા સ્ટીમરની ટીકીટ માટે

રૂબરૂ મળો :– **ચિત્રા ટ્રાવેલ્સ**

પ્રો. એસ. એચ. પટેલ
C/o. હરિભાઈ ડી. પટેલ, એડવોકેટ (વજેપુરાક પાવાળા)
(કાકાનો) પીરાણાનો ડહેલો, ખમાસા ચોકીપાસે, **અમદાવાદ–૧**


LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WORKS
AMBAWADI, SAIJPUR BOGHA,
NARODA ROAD-AHMEDABAD-2.
બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણ જાતના
સ્પેર પાર્ટ્સ માટે અમારો સંપર્ક સાધો.

JAGRUTI FABRUARY '76 Reg. No. G. 322

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા જિ. સાબરકાંઠા.

To,

Book-Post

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ
બી. એ.

વર્ષ : ૧૮ અંક—૩ માર્ચ ૧૯૭૬

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦), પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૭૫ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧) પરદેશમાં રૂા. ૧૨૫) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યા[illegible] પર તુરત જ પત્ર લખી જ[illegible]ી નમ્ર વિનંતી છે

સંપાદક મંડળ :-

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ
એમ. એ., બી. એડ્
સહતંત્રી : જાગૃતિ

શ્રી. રતિભાઈ એલ. પટેલ
એમ. એસસી.
પ્રિન્સિપાલ :
સાયન્સ કોલેજ, તલોદ.

શ્રી શામજીભાઇ એસ. પટેલ
પ્રમુખ

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી એફ. એ. એમ., એલ એમ. પી.

ડૉ. હંસરાજ એમ. પટેલ
એમ. બી. બી. એસ.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ
એમ. એસસી

શ્રી અરજણભાઇ વી. પટેલ

શ્રી પ્રેમજીભાઇ એ. પટેલ

શ્રી. રતિલાલ એમ પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ

ॐ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા.

સ્વર્ગવાસ :
સંવત ૧૯૮૭, આસો વદ ચૌદસ

અનુક્રમણિકા

અ.નં.	લેખકનું નામ	લેખક કે સંપાદક	પૃષ્ઠ નં
૧	તંત્રી સ્થાનેથી....	કાન્તિલાલ કે. પટેલ	૧
૨	પથથી દૂર....	યંત પટેલ	૩
૩	ગરીબોની પૂંજી....	અનામી	૧૨
૪	સમાચાર દર્શન....	—	૨૧



★

યોગેશ્વર ભગવાનની જય

તંત્રીસ્થાનેથી...........

આજકાલ આપણે સમાજ જીવન પર દૃષ્ટિપાત કરીશું તો જણાશે કે લગ્નસરાની સીઝન પૂરજોશમાં ચાલી રહી છે. વર કન્યાનાં માતાપિતાથી માંડી તેમનાં દૂર સુદૂરનાં સગાં સ્નેહીજનો, મિત્ર વર્તુળો તેમજ ગોરમહારાજાઓથી માંડી નાની મોટી દુકાનો ધરાવનાર સૌ કોઇ વેપારી ભાઇ બહેનો સીધી કે આડકતરી રીતે આ પવિત્ર પ્રસંગની ઉજવણીની પાછળ દોડધામ કરતા હોય છે. આ પ્રસંગે પ્રભુતામાં પગલાં પાડનાર નવપરિણીતોને માટે તો જીવનનો એક લ્હાવ માણવાનો અનેરો આનંદ હોય છે પરંતુ ઉપરોક્ત જણાવેલ સૌ સ્નેહીજનોની સળંગ સાંકળ પણ આનંદના અતિરેકનો આસ્વાદ માણતી હોય છે.

માનવ જીવનના ત્રણ મહાન પ્રસંગોમાં જન્મ અને મૃત્યુ એ બે પ્રસંગો કરતાં લગ્ન પ્રસંગનો આનંદ આમ જોઇએ તો અનેરૂ આકર્ષણ જન્માવે છે કુટુંબમાં બાળકનો જન્મ થાય ત્યારે જે આનંદ થવો જોઇએ તેના કરતાં લગ્ન પ્રસંગે થતા બે આત્માઓનાં જોડાણનો આનંદ લોક માનસ માટે વધુ રૂચિકર બનતો હોય તેમ પ્રસંગની ઉજવણી પરથી નથી લાગતું ?

જો કે મૃત્યુ પછી મરનારનો આત્મા કોઇ અદૃષ્ટ આનંદ કે શોકસાગરમ ડૂબે છે તેનો તાગ માનવી મેળવી શકતો નથી લાગતો તેથી મૃત્યુ પછીની સ્થિતિ વિશે આપણું સવિશેષ ખ્યાલ ન રાખી શકીએ પરંતુ...

માનવજીવન એ સંસારની ખારી મીઠી સમસ્યાઓથી ભરપૂર એવો ખાર સાગર છે. જેમાં લગ્ન પછી બે આત્માઓનાં જોડાણનો આનંદ અવિભિન્ન રહેવો

જોઇએ જે રહી શકતો નથી તો પછી સગાં સ્નેહીજનોની સાંકળમાં સંકળાયેલા માનવ મનનો અભ્યાસ કરવો જરૂરી છે ખરો ?

સામાન્ય રીતે સંસાર સાગરમાં પગલી પાડયા બાદ અજાણ્યુ કુટુંબની એક બાળા તેના શ્વસુરગૃહે જાય છે ત્યાં તેણી એક બીજો જન્મ ધારણ કરવાની સ્થિતિમાં મૂકાય છે. આજદિન સુધીની માબાપની લાડકી દીકરી એ આવતી કલની એક અજાણ્યુ છતાં અવિભિન્ન કરી શકાય તેવા કુટુંબમાં માતા પિતાની ગોદ છોડી સાસુ સસરાના સાનિધ્યમાં કુળવધૂ તરીકેની નવી દુનિયામાં ડગ માંડે છે. અને પતિગૃહે સુપાત્ર સન્નારીના સ્વાંગમાં ઉપસ્થિત થતી હોય છે જ્યાં નાની બહેનના સ્થાને નાની નણંદીની સાથે રોજિંદુ જીવન વ્યતિત કરવાનું હોય છે.

નાના મોટા ભાઇ ભાભીઓની જગ્યાએ દીયર–દેરાણી તેમજ જેઠ-જેઠાણી ના ખોળામાં સંસાર જીવનના ખેલ ખેલવાના હોય છે આમેય જોઇએ તો માનવજીવનને એક નાટક સાથે જ સરખાવી શકાય કારણ કે સંસાર સાગરના રંગમંચ પરથી દરેક પાત્રને એ જુદા જુદા અભિનય કરવાના હોય છે તો આ અભિનયની અભિવ્યકિતમાં કેટલાંક પાત્રો સુપાત્ર તરીકે તેમજ કેટલાંક ખલપાત્રોની ભૂમિકામાં ભાગ ભજવતાં હોય છે

આજકાલ પ્રત્યેક કુટુંબીજનોએ સંસાર સાગરના રંગમંચ પરથી સફળ અસફળપણે અભિનયની અભિવ્યકિત કરવી પડે છે. જેમાં કેટલાંક પરિવારોમાં સાસુ તો કેટલાંકમાં સસરા તેમજ કેટલાંકમાં પુત્ર અને પિતાએ ખલ નાયકની ભૂમિકા પૂરી પાડવાની કલા હસ્તગત કરેલી હોય છે જીવનસાગરના દરેક નાટકનો અંત સુખદ નથી હોતો તેમજ દરેકનો અંત દુ:ખદ પણ નથી હોતો મોટા ભાગે સમાધાનકારી વિચાર સરણી વાળાં ઉદાર દીલ, સ્વદોષ અભ્યાસી પાત્રો સુખાંત નાટક પ્રદર્શિત કરે છે જયારે જીવનપંથ પર કંટક સમ અવિચારી, વિવેકહીન, સંકુચિત વિચાર સરણીવાળાં અન્ય દોષ દર્શી પાત્રો દુખાંત નાટક પ્રસિદ્ધ કરે છે.

અમૂલ્ય માનવ જીવને મન અને બુદ્ધિ જેવાં અણમોલ સાધનો પ્રાપ્ત થયાં છે ત્યારે તે સાધનોનો પવિત્ર પણે ઉપયોગ કરી માનવ બાગને મધમધતો બનાવવાનું કામ સુચારૂ અને સફળ પાત્રોનું છે. નહીંતર મોટી ઉંમરે વિવાહ તેમજ લગ્ન જીવનની વેદી પરથી સંસાર સાગરમાં તરતાં મૂકવાની નાવને ક્ષાર સાગરમાં સામે પાર ઉતરવા માટે કરવામાં આવતા લખલૂટ ખર્ચાઓનું ખર્ચ કરી મેળવેલો આનંદ કયાંય શોકસાગરમાં વિલીન થઇ જાય છે.

* પથ થી દૂર

સુલોહિતા

પ્રકરણ— ૬

જયંત પટેલ મદનમહલ, જબલપુર

કોઇ પણ ગૃહસ્થમાટે વ્યવસ્થિત ઘર એ પહેલી જરૂરિયાત છે કેમકે તે વ્યવસ્થા વગર સુખ નથી હોતું પિતા અથવા પતિ ભલે દર મહિને સારો પગાર ઘેર લાવતો હોય પણ ઘેર અગર પગારદિન ઉપર પત્ની અથવા પુત્રી હસતી આવકારવા ઉભી ન હોય તો એ સારી રકમ વ્યર્થ છે. જે રકમ અગર સુખ અથવા સંતોષ ન આપે એ વ્યર્થ, ઉપયોગહીન નહીં તો શું? તેવાનું તો જીવન પણ નકામું, જ્યાં પુરૂષાર્થ ફળે નહિં ત્યારે જીવન રસહીન નહિ તો કેવું ! દરેક કુટુંબને સુખી રહેવા માટે તો એકજ ઉપાય છે, પણ દુઃખી કેટકેટલીક રીતે થઇ શકે તે કહેવું સરળ નથી. ઘેર પત્ની સુરિક્ષિત હોય, પર આવક ઓછી હોય તો દુ ખ; (અને આ અવસ્થામાં સુશિક્ષિત અને અશિક્ષિત સ્ત્રિ વચ્ચે ઝાઝો અંતર નથી રહેતો); પત્ની ઉડાઉ, અથવા અવિચારી હોય તો દુઃખ; પત્ની પરપુરૂષ પ્રેયસી હોય તો દુઃખ; આવક સારી હોય પણ પત્ની ગમાર, અસમ હોયતો દુઃખ; આપણે ઘણાઓને નથી કહેતા સાં
આ કરતાં તો સંતતિ નહોત તો સારૂં ? તો દુઃખ સંતતિ હોવા છતાં પણ હોય છે, અને ન હોવાથી મંદિરે ભોગ ચડાવીએ છીએ એટલે તો પણ દુઃખ થાય છે–તો દુઃખ કયાં નથી? વારૂ, સુખ ક્યાં છે? એકજ રસ્તો છે–જ્યારે પત્ની સુશિક્ષિત, સુવિચારી, સમકક્ષી–અનેક બીજા સુ......અને પુત્ર –પુત્રી જનની હોય, પુત્ર હોશિયાર અને સમજુ હોય; પુત્રી સુંદર અને સુશીલ હોય; આવક સારી હોય અને સ્થાયી હોય, સમાજમાં મોભો સારો હોય ગર્વિમાન જીવન હોય જેથી કોઇપણ સ્વયશોચિત વિશેષણસહ આપની સામે આંગળી ચીંધી ન શકે આ સિવાય ઘણી જરૂરિયાત હોય –ન હોય તો આટલું હોવા પછી વધુ ઉડતી જરૂરી છે (પરંતુ આટલું હોય ત્યારે તે) પણ તેમાંથી એક પણ ન હોયતો દુઃખનો અનુભવ થાય છે.

'સેવાપુ ટેકસટાઇલ્સ'ના માલિક એટલે સૌથી વધુ શેરના માલિક વિમળભાઇને પણ એકવાર એવો અનુભવ સાંપડેલો. પોતે સમજુ અને પ્રશાંત મિજાજના માણસ હતા છતાં ઓછા શેરહોલ્ડરોની ઇર્ષાનું પાત્ર હતા તેઓ સદૈવ વિમળભાઇની સંપત્તિ ને ધ્યાનમાં રાખી ધંધો કરતા. વિમળભાઇનું નામ શાળ અને દામ મળીને–સારૂં હતું, અને તે શાખ અને દામના બળ ઉપર રાજનીતિમાં માથુ મારવાનો પ્રયત્ન પણ કરતા, અને એક નેતા બનવાની તેમની હૃદયેચ્છા હતી (અને બની ગયા હોતતો

'ટ્રેડિશનલ લીડરો' થી સારાજ બનત) તેમના બે પુત્ર અને એક સુશીલા પુત્રી પણ હતી–સુશીલા નામથી અને સુશીલા ગુણથી. પોતાનો સુખી આત્મા હતો, સુખીને સંતુષ્ટ કુટુંબ હતું, અને ત્રીજા સુખની આવશ્યકતા નહતી, એટલે હતુ પણ નહિં પરંતુ ભાગ્ય, અથવા ઈશ્વર, અથવા પ્રકૃતિ, પણ એવી ચીજ છે કે તે કોઈને લાંબા સમય સુધી સંતુષ્ટીને પણ પ્રકૃતિની અથવા ભાગ્યની કૂટનીતિના વાદળો પાછળ ઢંકાવુ પડે છે જેમ માણસ તે કૂટનીતિ સામે વધુ બાથ ભીડે છે, તેમ પ્રકૃતિ વધુ ચાલો ચાલે છે, અને અંતે કપાળે હ થ દઈને બેસી રહેવું પડે છે નહિંતર જીવનભર અદમ્ય ભાગ્ય સાથે સંઘર્ષ કરતા રહો. પાંચ વર્ષના લગ્નકાળમાંજ તેમની ગુણવાન પત્ની, મનોરમા, બે પુત્રોને જન્મ આપી સ્વર્ગે સીધાવી, અને આ આંચકાએ તેમની કોમળતા ઉપર અમીટ છાપ છોડી દીધી. પરંતુ હતાશ ન થયા –હતાશ થવું તેમનો સિધ્ધાંત નહતો; અને સિધ્ધાંતનો પ્રશ્ન આવે ત્યારે એક ડગ પણ મચલાતા નહિ. જ્ઞાતિમતે તેઓ ફરી પરણ્યા, અને જીવનના પ્રજ્વળ દીપકને પ્રજ્વળ નિભાવવા કમર કસી. તેમને આશા હતી વિપત્ની ક્રૂર, ચંડાળ, કર્કશા–સંક્ષેપમાં અયોગ્ય નીવડશે, પણ પ્રકૃતિ એટલી બધી ક્રૂર નથી હોતી કે ડૂબતાને એક તણખલું પણ ન આપે. જેને પ્રકૃતિ પરિક્ષામાં નાંખે છે, તેનાથી કોઈ મહત્વના ઉદ્દેશ્યની પરિપૂર્તિ કરવી હોય છે.

મનોરમા દેવીનો દિવડો ઓલાઈ ગયો ત્યારે વિમળભાઈને મન તેણીનાં યોગ્યતાવાળી સ્ત્રી વિધિએ એક જ બનાવી હતી. સુખથી આદિ થયેલ માનવને નજીવું દુઃખ પણ ડુંગર બની આવે છે, પરંતુ એકવાર દુઃખનો અનુભવ પ્રાપ્ત કરેલ વ્યક્તિને નજીવુ સુખ પણ સુખનો બાગ બનીં આવે છે. ધૈર્ય અને શીલની મંગળ મુર્તિ મનોરમાને ગુમાવતાં તેઓને એક એવો હૃદયગામી સદમો પહોંચ્યો જેઓ કદાચિત એક માતાને પુત્ર ગુમાવતાં પણ નહિ થયો હોય પરંતુ નવવધુ ધનલક્ષ્મીએ પોતાના ચાતુર્યથી એ ઘાવને પૂરી દીધો, વિનય અને તુષાર ને માતા ની ગોદ આપી અને ઉજ્જડ થઈ ગયેલ ઘરમાં પ્રાણ આણ્યો. તેણીને વિમળભાઈ જ્યારે સમજી શકયા, તેમણે ઈશ્વરને સહસ્ત્ર વંદન કર્યા અને કરૂણાનિધિનું માનવંતુ બિરૂદ આપ્યુ. ધનલક્ષ્મી તેમને મન મનોરમાનું જ નવું રૂપ હતું. તેણી સ્વર્ગે (વિમળભાઈને ખાત્રી હતી સ્વર્ગીય જ થઈ હશે નરકીય નહિ, કેવળ લખતાજ નહિ વિશ્વાસ પણ કરતા) રહી પતિનું દુઃખ જોઈ નહિ શકી હોય એટલે ધનલક્ષ્મીનું રૂપ લઈ આવી છે, વિનય અને તુષારને મન માતા મૃત્યુ જ નથી પામી પણ, કાશ ઈશ્વર જો કોઈને વિમાતા આપે તો ધનલક્ષ્મી જેવી વિમાતા આપે ધનલક્ષ્મી વિમળભાઈ, વિનય અને તુષાર વચ્ચે જ સુખી હતી અને પોતાનાથી કોઈપણ સંતાનની વાંચ્છના ન હતી એ ભયથી કે આ ઉલ્હાસમય ઘરમાં દ્વેષની જવાળા

ન પ્રગટાવે. તેણીના આગ્રહથી સુશીલાના જન્મ પછી પુત્ર સુખને ગૃહશાંતિ માટે ત્યાગી, વિમળભાઇએ ઓપરેશન માટે સંમતિ દર્શાવી. વિમળભાઇ ફરી એક આત્મ-સંતોષી જીવ બની ગયા, કુટુંબ ફરી એક આત્મ સંતુષ્ટ પ્રત બની ગયુ અને ગૃહ સંસાર ફરી એક વાર આનંદમય બની ગયો પરંતુ, ઉપરોકતની પુનરૂકિત કેવળ સ્મરણાર્થે પ્રકૃતિ જેના પાછળ પડે છે, તેના પાછળ, લોકોકિતમાં, હાથ ધોઇને પડે છે, અને વિમળભાઇને હૃદયે ફરી એક હૃદયગામી આંચકો આવ્યો.

'સેવાપુ ટેક્ષટાઇલ્સ' ના ૪૫ ટકા શેર વિમળભાઇ પાસે હતા અને મેનેજમેન્ટ વિમળભાઇના હાથમાં હતું. વિમળભાઇની આચ સારી હતી એટલે તેઓ સુખી હતા એટલે બીજા શેર હોલ્ડરોના મનમાં ઇર્ષ્યા ઉત્પન્ન કરતા હતા. વિમળભાઇ પછી બીજા સૌથી વધુ શેર વાળા રમણભાઇ કરીને એક કૂટનિતિજ્ઞ હતા. તેમની પાસે ૨૦ ટકા શેર હતા અને તેઓ ૨૦ ટકાથી જ સંતુષ્ટ હતા પણ જ્યારથી વિમળભાઇએ કુટનિતિમાં મારો અર્થ રાજનીતીમાં પ્રવેશ કરવાનો પહેલો પ્રયત્ન કર્યો ત્યારથી તેમને ભય લાગ્યો કે બીજા નાના શેર હોલ્ડરો પાસેથી કુટનીતિની મદદ વડે વિમળભાઇ શેર પડાવી લેવા ઇચ્છે છે; એટલે તેમને વિચાર આવ્યો કે શા માટે તેઓ વધુ શેર મેળવી ન લે. ઘણા દિવસથી તેઓ આ ઇચ્છાને વાગોળી રહ્યા હતા, અંતે તેમને વિમળભાઇને ભાંગી પાડવા માટે એક તુકકો સુઝયો.

'સેવાપુ ટેક્ષટાઇલ્સ' ની મેનેજર રામદયાલ શ્રીવાસ્તવ પરદેશી માણસ હતા, અને એડવર્ટાઇઝમેન્ટમાં ઉલ્લેખેલ પગાર, અને ફંડ, અને ઇન્શ્યોરેંશ, અને રહેઠાણ, અને એવાંજ બીજાં આકર્ષણથી ઉત્તર પ્રદેશથી 'સેવાપુ'માં ખેંચાયા હતા. રમણભાઇ તેઓને નખશીખ ઓળખતા હતા. શ્રી શ્રીવાસ્તવ સાહેબ હવે કુટુમ્બ સહિત ગુજરાતમાં સ્થાયી જેમ-તેમ થઈ ગયા હતા, અને પૂર્ણત: સ્થાયી થઇ જશે એમાં રમણભાઇને કોઇ સંદેહ નહતો વિમળભાઇને ક્ષેત્રેથી હઠાવવા માટેની તરકીબ શ્રી રામદયાલ શ્રી વાસ્તવ સિવાય પાર પડે તેમ નહતી, એટલે જેમ ઘણાખરા બીજાને ભાંગવાની તરકીબો લઇ ફરવા વાળાની જેમ રમણલાલે પણ બેચાર માસ થયા શ્રીવાસ્તવને ઘેર આંટા મારવા શરૂ કરી દીધા હતા. પોતાની જાળમાં શ્રીવાસ્તવને કેમ લાવવો એ પણ કોમર્શિયલ ચાણકય રમણલાલે વિચારી લીધું હતું.

" સેવાપુ ' પણ સારી એવી ઇન્કમ કરે છે," એક દિવસ મોકો મળતા પોતાની તરકીબનું પહેલું પગથિયું સર કરવા માંડયું, " શ્રીવાસ્તવ સાહેબ, અને તમારો ભાઇ, તમે પરમદાડે કે' તા હતા કે બી. એ. થઇ નીકળ્યો છે. અને ધંધો નથી તો એને અહીંજ બોલાવી લો તો કેમ ?"

તાણો જોઇને રમણુલાલે ઘા કર્યો તેમણે ધનસુખલાલની સલાહ પણ લીધી હતી, અને ધનસુખભાઇને 'દુનિયાદારીનું' કેટલું જ્ઞાન હતું તે તો વાચક અત્યાર સુધી અનુમાન લગાવી બેઠા જ હશે, અને નહિ લગાડયું હોય તો એ પાનાં પલટતે જ લગાવી લેશે કારણ કે ધનસુખભાઈને સમજવામાં ખાસ' કંઇ તકલીફ પડે તેમ નથી તેઓ સીધીજ વાત કરતા જ્યારે રમણભાઇ ધનસુખભાઈ પાસે સલાહ લેવા ગયા, ત્યારે પહેલી સલાહને બદલે તેમની ઉકિત હતી, " એમાં આપણને શું મળશે ? " જેટલો નફો શ્રીવાસ્તવ કરશે તેમાં પચ્ચીસ ટકા તમારા, અને પચ્ચીસ ટકા મારા બાકી પચાસ તેના" પછીજ ધનસુખભાઇએ યોગ્ય સલાહ આપી હતી; અને જયારે ધનસુખભાઈ અને રમણભાઈનાં માથાં મળ્યાં ત્યારે 'સોલિડ આઇડિયા (રમણુભાઇએ ધનસુખભાઇની વિદાય લેતી સમયે એ તરકીબ ને એવું નામ આ'યું હતું') નીકળ્યો, અને તેને શ્રીવાસ્તવને પૂર્ણ વિસ્તારથી એ તરકીબ સમજાવી. દુનિયાની રીતના અનુસાર શ્રીવાસ્તવ કેમ ચૂકે ? તરકીબ આમ હતી

'સેવાયુ ટેક્ષટાઇલ્સ' ને કપાસ અને બીજા કાચામાલની જરૂરિયાત દલાલોથી પૂરી કરવી પડતી. આ દલાલનું પદ શ્રીવાસ્તવના ભાઈ સાહેબ શ્રીદયાલને આપવાનુ હતુ' વિમળભાઇને રામદયાલ ઉપર સંપૂર્ણ ભરોસો હતો, અને મેનેજરના હોદ્દાને લીધે કાચામાલની ખરીદીનું નિમંત્રણ તેમજ દેખરેખનું કામ રામદયાલના હાથે હતુ. એટલે સંમત યુકિતના અનુસારે બમણો ભાવથી કાચોમાલ 'સેવાયુ'ને વેચવો અને એ શતપ્રતિશત લાભના પચાસ ટકા શ્રીદયાલ અને રામદયાલના, અને પચાસ ટકા ધનસુખભાઇ અને રમણુલાલના આ હતું' પહેલું' કદમ...ધીમે ધીમે 'પ્રોફિટ' ઓછી કરવાનો 'આઇડિયો' જેથી ઓચિંતા 'બ્રેકડાઉન' ઉપર વિમળભાઇ સંદેહ ન કરી શકે; અને શ્રીરામદયાલ આગળના પગથિયાં માટે હાથ નીચે રહે,

શ્રી રામદયાલ હાથ નીચે થઇ ગયા, એટલે રમણુભાઈ આગળ વધ્યા... દેહરીએ પહોંચતા બીજું પગથિયું હતું, સંપુર્ણ નાશ... 'ટાટલ રિડકશન' રામદયાલનું કામ કંપનીને ઘાટામાં દેખાડવી.. ફાયદો ઓછો કરતે કરતે ઘાટામાં દેખાડવી, અને રમણુલાલનું કામ વિમળભાઇને શેર વેંચવા માટે ઉકસાવવા, જે કામ પોતે પોતાના શેર ધનસુખભાઇને વેચીને વિમળભાઇને કંપનીની નુકશાન કરતી હાલત પર વિશ્વાસ અપાવીને કરવાનું. વિમળભાઇના શેર ધનસુખભાઈ અથવા રમણુભાઇના પટાવેલ એજંટો રમણુલાલ અને ધનસુખલાલના પૈસાથી ખરીદવાના. તે પછી બીજા નાના ત્રણ શેર હોલ્ડરો પોતાના શેર વેચે કે ન વેચે, મેનેજમેન્ટ રમણુલાલના હાથમાં આવી જવાનુ. તેમનો આઇડિયા ધનસુખલાલના પચીસ ટકા શેર અને

 અને પચાસ ટકા શેર રમણભાઇના તો જરૂર, એકસો રૂપિયાથી રામદયાલનો પગાર વધારો અને શ્રીદયાલને કાયમ માટે દલાલની પદવી. આમ રમણલાલનો ઉદ્દેશ પુરો પડતો હતો, એટલે એ ખુશ હતા. ધનસુખભાઈ પણ ખુશ હતા અને શ્રીવાસ્તવ બંધુઓ પણ ખુશ હતા; એટલે એ સ્કીમ ફળીભુત થાય એમાં કોઇ આશ્ચર્ય નહિં એવા તો કેટલાયે પ્લાન ફળીભુત આ દુનિયામાં થતા હશે, કેટલા રમણલાલ, ધનસુખલાલ ખુશ થતા હશે અને કેટલાયે વિમળભાઇ ડૂબતા હશે પણ દુનિયાને શું એતો ચાલતી આવી છે અને ચાલતી રહેશે.

ગયા મહિનાથી વિમળભાઇ ચિંતિત થતા જતા હતા; આ મહિને તેમની સેવા માં દશહજારની નુકશાની રીપોર્ટ મેનેજરે આપી દીધો હતો અને રમણભાઇ આ વિશે શંકા નહોતા કરતા, એટલે એઓ પણ નિશ્ચિત હતા અને વચગાળામાં રમણભાઇએ પોતાના ૨૦ માંથી ૧૦ ટકા શેર વેચી કાઢયા હતા પરંતુ કેમે કરીને તેઓ ચલાવ્યા જતા હતા. ઘણીય વાર રમણલાલ સહાનુભુતિ બતાવી ચુકયા હતા અને આ નુકશાની કેમ થાય છે તેની જાંચ પડતાડી માટે તેઓએ ઔત્સુકય માટે મેનેજરને દર બે થી ત્રણ માસને બદલે પ્રત્યેક માસ સરવૈયુ પ્રસ્તુત કરવા નોંધ પણ આપેલી, સૌથી વધુ શેર વિમળભાઇ પાસે હોવાથી સૌથી વધુ નુકશાની પણ તેઓને વધારે સહન કરવી પડતી. આ માસે તો હદ થઇ ગઇ. એકજ માસમાં રૂપિયા દશ હજારની નુકશાની ! રમણભાઇએ બાકીના દસ ટકા પણ વેચી કાઢયા ! વિમળભાઇ હેરાન થઇ ગયા. તેઓ નિસ્વાર્થ રમણભાઇ પાસે દોડી ગયા નિસ્વાર્થ એટલે કે તેઓએ સંપૂર્ણ શેર વેચી કાઢયા હતા, એટલે આ નુકશાની કોઇપણ હિસાબે તેમની યુકિત વડે ન હોઇ શકે એમ વિમળભાઇ માની ચૂકયા હતા.

"હું તો હવે મરી જ ગયો, "વિમળભાઇએ અકૃત્રિમ વેદના કાઢી

"મને તો પહેલેથીજ એમ લાગતુ હતું કે હવે સમય પલટી ગયો છે ને હવા બીજી બાજુથી વહે છે. આતો તમે કહ્યું એટલે દશ ટકા પણ આટલે મોડે સુધી રાખ્યા નહિ તો આટલો ઘાટો વધારે ન સહેવો પડત" રમણભાઇએ નિશાસો નાખ્યો અને કપાળે બે હાથ ચોંડી દીધા.

કુદરત જાણે, માણસો કયાંથી છેતરવાની અને નાટક કરવાની કળા શીખીં આવે છે, પણ કરે છે ખરેખરનાં નાટક. કોઈપણ કહી શકે કે રમણભાઇને અતીતીવ્ર આર્થિક આંચકો લાગ્યો છે. તેઓ રડમસ થઈ ગયા.

"મને પણ થાય છે કે અર્ધા શેર વેચી કાઢું; વિમળભાઇએ સહૃદયી સામે મોકળુ મન કરી કહ્યું. રમણભાઇ ભિન્ન હાસ્ય હસ્યા, પરંતુ પડદાની પાછળ; મોં ઉપર તો દેવના દૂત જેવી નિર્દોષ આકૃતિ હતી.

"મેં વેંચી કઢયા વહેલા એટલે સારૂ થયું વહેલા વેંચ્યા એટલે કાયદેસરની કીમત પણ મળી. પાછળના દશ ટકામાં તો નુકશાન ખાવુ પડયું કેમકે કંપની ખાધમાં જતી હોય ત્યાં કોણ ખરીદવા તૈયાર થાય. જેમતે મકરી મળી શકે તેટલું લઇ કાઢી નાખી જંજાળ તોડી. સમય પણ કેવા આવ્યા છે સુખેથી એક રોટલો જોઇએ તે પણ ઇશ્વર આપવા નથી ઇચ્છતો!" રમણભાઇએ ગાંભીર્ય વ્યકત કર્યું અને જેટલું કહ્યું તે પાછળ ઉંડું રહસ્ય હતું. આમ કહી તેઓ એકતો જલદીથી જલદી વિમળભાઇને શેર વેચવાનું કહી રહયા હતા, અને બીજુ સરતે ભાવે તેમના શેર કઢાવવા માટે રમણભાઇની આ વાકૃકલા હતી: એકજ ઘા એ બે પંખી મારવાની ચતુરાઇ. આગળ વિમળભાઇ શું કહે છે તે જાણવા માટે રમણભાઈ તત્પર હતા. "હજુ જોઇએ, જો સમય ફરે," "વિમળભાઇ બોલ્યા". આટલું નુકશાન ખાધું તો એ પૈસા વધારે સંહી, જો કદાચ સમય ફરે અને થોડો નફો થતો થાય!" વિમળભાઇને માંથે પ્રસ્વેદ બિંદુ ટપકી રહયાં જેમાં નિર્દોષ પરિશ્રમ ચમકારા કરતો હતો, અને વિમળભાઇનો આ નિર્ણય સાંભળી રમણભાઇને માંથે પણ પરસેવો આવી ગયો જેમાં કુટિલ નિરાશા ઝલકતી હતી, જોકે બિંદુ બન્નેના માથા ઉપર એવાજ લગતા હતા તે કપાળ ઉપર બનેલી ચિંતાની રેખાઓ બન્નેની ચિંતાનો વિષય બતાવી દેતી હતી.
"ચા પીશો?" રમણભાઇ બોલ્યા.

"ના, ધન્યવાદ," કહી વિમળભાઇ ઉઠયા. બે વચ્ચે 'ધન્યવાદ'ની ઔપચારિકતા ચાલતી, એવા સબંધ હતા.

"બસ. બેસશો નહિ?" રમણલાલે વ્યવહારિક ઔપચારિકતા બતાવી.
"જરા રામદયાલ પાસે જઇ આવું," કહી વિમળભાઇ બહાર નીકળી ગયા.
વિમળભાઈ અને વિષાદની પ્રત્યક્ષ મૂર્તિ વચ્ચે અત્યારે કોઇ ફરક નહતો. તેઓ જીવનમાં પહેલી વાર હારનો અનુભવ કરે છે, એમ તેમને લાગ્યું. મનોરમાની ક્ષતિ ધનલક્ષ્મીએ પૂરી હતી, પરંતુ આ આર્થિક ક્ષતિને કોણ પૂરે? પોતાના ભવિષ્યથી વધુ તેઓ તુષારના ભવિષ્ય વિષે ચિંતિત હતા તેઓ કોઇ કાદવમાં ફસાઇ ગયેલ માણસ જ્યારે પોતાનો બહાર નીકાળવા માટે અશકત હોય અને કોઇ મદદનીશ પણ નહોય એવી ઝંઝાવાત સ્થિતિનો અનુભવ કરી રહયા હતા.

 વિમળભાઇ આત્મીદુઃખી જીવ હતા; સુખને તેઓ આત્મિયજનો વચ્ચે વિભાજિત કરી ઉપભોગ કરતા, પરંતુ દુઃખને કેવળ અમૂલ્ય ખજાનાની માફક પોતાનીજ છાતીમાં સંઘરીને રાખતા–તેઓ પોતે દુઃખડું રોશે તો પણ કંઇ ફરક પડવાનો નથી તો વ્યર્થ એટલી ઉલઝન કરી સમય બગાડવો ! સમજણ સમય સમયનો સાચો સાથી છે અત્યારે તેમના માથામાં સર્વોન્નત પ્રશ્ન આર્થિક દશાનો નહિં ; પરંતુ સુશીલાના વિવાહ નો હતો, જે સેળ ઉપર બે વર્ષ પહોંચી જવાથી સમાજમાં ચર્ચાનો વિષય હતી તેણીનું વેવિશાળ થઇ ગયું હતું, અને વિનય અને તુષાર હજુ અસંબંધિત હોવા છતાં તેણીનું લગ્ન કરવુ આવશ્યક હતું કારણકે બે વર્ષ પહેલાંજ વેવાઇએ લગ્નની ઉત્સુકતા બતાવી હતી. અત્યારે આર્થિક દશા વિમળભાઇ માટે નડતર હતી કે ટલે તેઓએ સુશીલાની શિક્ષાનુ બહાનું કાઢયું પરંતુ અત્યારે ત્યારથી તદ્દન જુદી સ્થિતિ હતી.

એ વર્ષ પહેલાં વિમળભાઇ દાનવીર પુરૂપ હતા, એટલે સંબંધીઓ, બેગજ દૂરથીજ નમસ્કાર કરતા; તેમના વેવાઇ પણ એ સમયે માની ગયા હતા પૈસા હતા એટલે પરંતુ હવે જો એમની આર્થિક દશાની સંબંધીને જાણ પડેતો લગન કરવું તો દૂર રહયુ, વેવિશાળ તૂટવાનો પ્રશ્ન ઊભો રહે–અને વિમળભાઇ માટે આ સૌથી વધુ કડવો ધૂટ હતો, ઝેર થી પણ વધારે ઘાતક. ગઇ કાલેજ વેવાઇનો કાગળ આવ્યો હતો, અને આ વારે જો વિમળભાઇ લગ્ન માટે ના પાડે તો સુશીલાનુ ભવિષ્ય તૂટી પડે. તેમને હવે વિચાર કરવા માટે સમય ન હતો, એકજ વિચાર તેમને રોકી રાખતો હતો. તેઓ અનુભવી હતા પણ દુનિયાંદારીની રીત સામે પ્રામાણિકતા કે નિર્દોષતા ટકી શકે એવુ કોઇ કાળે બન્યું નથી.

મુંબઇ, કલકત્તા, મદ્રાસ, દિલ્હી, કે લંડન, ટોકીયો, પેરીસ, ન્યૂયોર્ક મોસ્કો, પેકીંગ કે વિયેના; લાસવેગાસ, મૉન્ટેકાર્લો. નકસલબારી, રોમ કે હવાના–સર્વત્ર દુનિયાદારી વિજય પામી રહી છે, જેને જીવ વહાલો નહોય તે પ્રામાણિકતા અંગીકાર કરે ! વિમળભાઇના હાલ જોયા ! એ છે પ્રામાણિકતાની આદર્શ દશા ! કેટલાયના ગળાં ઘોંટાય છે, કપાય છે, કેટલાય ખાડામાં ગબડી પડે છે, શીશામાં ઉતરી જાય છે, કેટલાય કાળી રાત્રે નહિં ધોળાદિવસે ગોળી કે ચાકૂ ખાઇ બેસે છે, હૃદયસ્પંદન ઓચિંતાના બંધ પડી જાય છે, દુનિયાદારીતો એવી ચીજ છે કે ત્યાં નિર્દોષ પણ કપાય છે અને આ રીતના જ્ઞાતા પણ અર્ધી રાત પછી ઉઠવાનો વિચાર નથી કરતા એટલે તમો જાણી ગયા છો એમ સમજી અમરતાનું કાંકું ન રાખતા.

વિમળભાઈએ તો રામાયણ અને મહાભારત વાંચ્યાં હતાં, નિગ્રંથ દર્શનનું અધ્યયન કર્યું હતું, ગીતાના પાઠ કર્યા હતા. મહાવીર જયંતિએ પાવાપુરી જઈ આવ્યા હતા, પંઢરપુરે વિઠોબાનાં દર્શન કર્યાં હતાં, લક્ષ્મીપૂજને એજ ચોપડો જે ઇન્કમટેક્ષ વાળા સામે પ્રસ્તુત કર્યો હતો જે લક્ષ્મીદેવી સામે ધર્યો હતો (એ વિચારો કયાંથી જાણેકે ઇન્કમટેક્ષ ઑફીસર માટે જુદો ચોપડો હોય છે, અને લક્ષ્મીજી માટે જુદો !) પરંતુ જ્યારે કરોડપતિ કેમ બનવું, એક દિવસમાં એક હજાર કેમ પેદા કરવા, યમ દરબારે હિસાબ કરવાના નિશ્ચય કેમ અને કયારે કરવા, બીજાઓને શીશાંઓમાં કેમ ઉતારવા, હરીશ્ચંદ્રથ: તારામતી કેમ જુટવવી એ બધી રીતો જાણે ત્યારેજ સફળ વ્યાપારી ઉદ્યોગપતિ–સંક્ષેપમાં પૂંજીપતિ થઇ શકે. રાજનીતિમાં ઘૂસી નેતા બન્યા પણ હોત તો 'પારંપરિક' કે 'સફળ' નેત કદાપિ ન બની શકત. દુનિયાદારીના કાયદાના ચોપડો તો એનજ કહે છે, તમે ન વાંચ્યા હોય તો શું થાય.

સુશીલા–સુશીલા વિમળભાઇને ધનથી વધું મહત્વની વસ્તુ હતી. તેમને શું કરવું અને શુ ન કરવુ તે કાંઇ સમજણ પડતી નહતી અંતે તેઓએ રામદયાલને ઘેર જવાનો વિચાર રદ કર્યો અને શૂન્યમનસ્ક ભાવે, રસ્તાની જાણ વગર તેઓ વિચારમાં તલ્લીન રહી આગળ વધ્યા. આકાશ તેમને માટે કાળું ડિબાંગ હતું, છતાં વરસાદ નહોતો આવતો, તારાઓ ટમકતા નહોતા, ચંદ્રમા હસતો નહોતો, પરંતુ સંધ્યાનો સૂરજ ગ્લાનિ સાથે રક્તમય ચહેરો કરી ક્ષિતિજ રેખાને કિનારે ઊભો રહી, જાઉં ન જાઉં કરી રહયો હતો જેમ વિમળભાઇ કરી રહયા હતા 'શૅર વેચુ' કે ન વેચું.' રમણલાલના કહેવાથી ઘણીવાર તેઓને શેર વેચી નાખવાનું મન થયું હતુ, અને એટલી જ વાર સંદેહ પણ ઉત્પન્ન થયો હતો, એટલેજ હજુ સુધી શેર નહોતા વેચાયા. તેઓએ ધનસુખભાઈ પાસે સલાહ લેવાનો વિચાર કર્યો; અને તે નિશ્ચય સાથે ઘેર જવા પાછા ફર્યા.

સૂર્ય ડૂબી ગયો હતો. છએક વાગ્યા હશે, શીત પણ પહોંચી આવી હતી. વાહનો ઓછાં થઇ ગયાં હતાં, અને સૌ પોત પોતાને ઘેર પાછાં ફરતાં જણાતાં હતાં. પક્ષીઓ પણ પોતાને 'નેસડે–માળાઓ માટે પાછાં ફરતાં જણાતાં હતાં વિમળભાઇ સંસારની આ ભીડમાં પણ એટલાજ લાગતા હતા– સૌ સૌથી વાતો કરતા, ખંભે હાથ રાખી, ખિલખિલાટ કરતા, ઉપર નીચે થતા, બરાડા મારતા, પોતપોતાની ધૂનમાં મોંઢે ગીતલહર સાથે, માનસે પ્રિયતમાની છબી સાંથે, રંગમાં આવતા જતા હતા જયારે વિમળભાઇ જાણે સંસારમાં બુદ્ધબંધીની માફક સુતરાઉ બંડીમાં હાથ નાખી..ઘોર નિવિડમાં વિસ્મૃત થતા જતા હતા.

અચાનક તેઓએ એક ઘેરો સામે આવતો ભાળ્યો, જેના આગળ ઉંડી નિસ્તેજ આંખો વાળો, વિસ્તૃત પરંતુ ધસાયેલ પ્રતીતિ આપતું કદ અને મેલાં ઘેલાં વસ્ત્રાચ્છન્ન પુરૂષ નમન કરતો આવતો દેખાયો. વિમળભાઈની પાસે આવતાં એ ઘેરો થોડે દૂર ઉભો થઇ ગયો, અને કાંતિવાન વ્યક્તિ આગળ વધી.

" વિમળભાઈ ? " તેને વાચા ખોલી

" તમે કોણ ? " સામો પ્રશ્ન ઉઠયો

" એક પરદેશી, જે આપના સહકારની આશા રાખે છે," વિનમ્રભાવે પરદેશીએ કહ્યું. વિમળભાઇ અત્યારે ગુંચવાયેલ પ્રકૃતિમાં ગુંચવાયેલ હતા અને પોતાના એકાંતમાં કોઇની દખલ અસહ્યનીય હોય તેમ બોલ્યા, " નામ ? "

" મહાબોધ "

" મહાબોધ ! " વિમળભાઇએ ઉચ્ચારણ કરી જોયું તપાસી જોવા કે એ શબ્દ કોઈ માણસનું નામ છે કે પછી કોઇ જાનવરનું.. " કે' દેશથી આગમન ? " સંકોચ સાથે વિમળભાઇએ પૂછ્યું.

" મને તમે કહી શકો છો " સરળભાવે નિર્ભોકિત લાગતી ભાષામાં પરદેશી બોલ્યો, " શાંતિલાલ મહેતાને તમે જાણો છો ? "

" હા તેઓ શ... "

" કયાં રહે છે તે હુ જાણું છું, બીજુંજ પૂછવા માગું છું ! "
વિમળભાઇને આશ્ચર્ય થયું. તેઓ બોલ્યા. " બ્યાજબી લાગશે ત્યાં સુધી પ્રમાણિક ઉત્તર આપીશ, નહિ લાગે ત્યાં જુઠું નહિં બોલુ પરંતુ ઉત્તર આપવાની સાફ ના પાડી દઈશ "

" વારૂ, ત્યારે તેઓને કેટલી પુત્રીઓ છે ? "
તે બાબતમાં રસ લેવાનું કંઈ કારણ ? " વિમળભાઇએ પૂછ્યું.
"જિજ્ઞાસા, " નિસ્સંકોચ વદને પરદેશીએ ઉત્તર આપ્યો.

(વધુ આવતા અંકે)

* ગ્રામ્ય ગરીબોની પુંજી *

'મા..... ...'

ઊંડા વિચારોમાં મગ્ન થયેલી દેવકી ચોંકી ગઇ થોડી વાર બંદ શિરપર નો પરસેવો લૂછતાં દેવકી એ પૂછ્યું, "કોણ, બેટા રાજેશ, આ સમયે?"

"હાં, મા, છુટ્ટી થઇ ગઈ" પોતાનુ દફતર એક ખૂણામાં રાખતા રાજેશે ઉત્તર આપ્યો.

"શાની છુટ્ટી?"

"અમારા માસ્ટર સાહેબ છે ને મા, તેમનો જન્મદિવસ છે."

"ઓહ, તમને માસ્ટર સાહેબના જન્મદિન ની રજા હોય, કોઇ તહેવાર હોય તો રજા, પરિણામ જાહેર થાય તો પણ રજા, રામ જાણે કેટલા દિવસ ભણો છો."

"જેટલા દિવસ માસ્ટર નો મિજાજ બરાબર હોય તેટલા દિવસ." હા...પણ દાદા કેમ દેખાતા નથી.?" રાજેશે પૂછ્યું

"ઘેર આવ્યો એટલે બસ, દાદા...દાદા ......આજે દાદા વાડીએ ગયા છે, તું ઘેર બેઠા વાંચ; તારી ત્રિમાસિક પરીક્ષા નજીક આવે છે, નંબર લેવો છે ને?"
"હાં...પણ આજ તો હું વાડીએ જઈશ, સાથે ચોપડી લઇ જઇશ" એમ કહી રાજેશ વાડીએ જવા ચાલતો થયો.

રાજેશ દસ વર્ષ નો દેવકીનો એક નો એક લાડકવાયો પુત્ર હતો દાદાનો ખૂબ જ માનીતો હતો. તેની એક ચાર વર્ષની નાની બહેન હતી. રાજેશ ના પિતા તેની બહેન શીલા ના જન્મ પછી થોડા દિવસ બાદ હાર્ટ અટેક (હૃદય હુમલો) થતાં રામશરણ પામ્યા હતા. જેથી ઘરની સર્વ જવાબદારી દાદા પર હતી.

વાડી ગામથી એક માઇલ દૂર હતી. રાજેશ દાદાને મળવા અધીરો હોવાથી ઉતાવળે પગલે જતો હતો. ગામના ગોદરે હવાડા પાસેથી પસાર થતો હતો ત્યાં કોઈએ બૂમ પાડી, "રાજેશ......" .

"કોણ, જગદીપ?" પાછું વળી ને જોતાં રાજેશે ઉત્તર આપ્યો.

" કેમ, આ બાજુ ક્યાં જઇ રહ્યો છે ?"

" બસ વાડીએ "

" પણ આટલા ઉતાવળા પગલે ?"

" અમરતો દાદા વાડીએ છે, દાદા સાથે ગમ્મત કરીસ."

" ઓહ. તારે તો હંમેશાં દાદા સાથે જ ગમ્મત કરવી.

તારે દોસ્તની કિંમત જ નથી. ચાલ આજે અહિં જ જમાવીએ. " જગદીપ ની આ વાતમાં તેના અન્ય મિત્રોએ પણ સ્વર પૂરાવ્યો.

" નહિ જગદીપ, પરીક્ષા નજદીક આવે છે, આપણે રમવું ન જોઇએ."

" પણ એક દિવસમાં શું થવાનું છે ?" જગદીપે કહ્યું.

" નહિ...જગદીપ, હું મારી બાને વાડીએ જવાનું કહી આવ્યો છું, મારાથી જૂઠું કેમ બોલાય ?"

" એમાં જૂઠું શું છે, દાદા વાડીએથી પાછા આવે ત્યારે તેમની સાથે ચાલ્યો જજે" સુરેશે કહ્યું.

" નહિ સુરેશ, આપણે દરરોજ શાળામાં પ્રાર્થના બોલીએ છીએ, 'સત્ય એજ પરમેશ્વર બાપુના બોલ' એ ભૂલી કેમ જવાય,"

" જા, જા, તું આમે અમારી સાથે ભળવાનો નથી. તું શું જાણે કે આજે સર્વ વસ્તુ જૂઠથી થાય છે. ગત વર્ષ હું નાપાસ થયો હતો. પરંતુ મારા બાપુજીએ માસ્ટરને પચ્ચાસ રૂપિયા આપ્યા એટલે બસ પાસ........"

જગદીપની વાત પૂરી સાંભળ્યા વિના જ રાજેશ વાડીએ જવા રવાનો થઇ ગયો. પોતાના કાર્ય માટે રાજેશ ને આનંદ હતો.

દાદા આજે એક વૃક્ષ નીચે બેઠા કંઇક ઊંડા વિચારો કરી રહયા હતા. રાજેશ વાડી માં પ્રવેશતાં વેંત જ બૂમ મારી, 'દાદા '

દાદા ચમકી ગયા, "કેમ રાજેશ, તું અહિં; આજે તો શાળા ચાલુ છે ને ?"
" નહિ દાદા, આજે રજા છે, માસ્ટર નો જન્મદિન છે."

"ગમે તે હોય, રજા છે ને, ચાલ બેસ હું એક પપૈયું લાવું." દાદા એ જીનરૂમમાંથી પપૈયું લઈ આવ્યા પછી રાજેશ તથા દાદાએ ખાધું.

રાજેશ હાથ ધોવા ઉઠયો કે દાદા ની નજર ચોપડી પર પડી. " ઓહ, તું અહિં ચોપડી પણ લાવ્યો છે કે ? " દાદાએ પૂછ્યું.

" હાં, દાદા, પરીક્ષા નજીક આવે છે ને; હવે હું વાંચીશ અને તમે સાંભળજો " આમ કહી રાજેશ ચોપડી વાંચવા લાગ્યો.

પાઠ વાંચતાં વચ્ચેથી જ રાજેશ બોલ્યો, " દાદા, સુદામા ભિખારી જેવો હતો, છતાં તેણે કૃષ્ણ પાસે જવાની હિંમત કેમ કરી ? "

દાદાએ કશો જવાબ ન આપતાં રાજેશે ફરી પૂછ્યું પરંતુ દાદા આ વખતે પણ શાંત રહ્યા. તેથી રાજેશ જરા જોરથી બોલ્યો. " દાદા... "

" હાં... " દાદા ચોંકી ઊઠયા

" સુદામા ભિખારી જેવો હતો, છતાં તેની કૃષ્ણ પાસે જવાની હિંમત કેમ ચાલી ? "

" કૃષ્ણ તેનો મિત્ર હતો અને સુદામા ને તેમના પર અત્યંત વિશ્વાસ હતો કે કૃષ્ણ તેને મદદ કરશે. અને મિત્રની ખરી ફરજ એ છે કે દુઃખમાં સાથી થાય. "

રાજેશે દાદાના જવાબમાં ખાસ રસ ધરાવ્યો નહિ. તેણે દાદાની મુખમુદ્રા પરના ભાવોમાં થતા ફેરફારો નિહાળ્યા કર્યા અને પછી ધીમા અવાજે પૂછ્યું, " દાદા, આજ આપ ચિંતાતુર કેમ લાગો છો ? મને સાચે રજા છે, શાળામાંથી નાસી નથી આવ્યો, "

" નહિ, બેટા, એવું કશું નથી, મને તારા પર વિશ્વાસ છે. "

" ત્યારે શું થયું છે ? આજે આપ ખાસ બોલતા નથી. "

" કંઈ નહિ, બેટા... અ...મ...સ્ત....તો... આ...તે...તું...વાંચ. હું...હું હવે સાંભળીશ. " દાદા મૂઝાઈ ગયા.

" નહિ દાદા, હવે હું વાંચીશ નહિ, તમે મને પહેલાં કહો તમને શું થયું છે. " આમ કહી રાજેશ ગળગળો થઈ ગયો.

" રાજેશ બેટા, આ બીજું વર્ષ છે, મેઘરાજની કૃપા હજુ થઇ નથી. વાદળાં દેખાય, કશોક આશા બંધાય ત્યાં અદૃશ્ય થાય છે. મશીન ચાલુ કરવા તેલ નથી, સાતમ આઠમના તહેવારો નજીક આવે છે તો સાકર મળતી નથી. શું કરવું અને શું ન...... " દાદા આગળ કશું બોલી ન શકયા.

રાજેશે ખૂબ હિંમત લાવી કહ્યું, " દાદા, તમારા કોઇ મિત્ર નથી ?"

" હોય તો પણ કેટલી મદદ માગવી, તેલ ન મળતું હોવાના કારણે ઇલેક્ટ્રીક મોટરો ખરીદવા થોડા દિવસ પહેલાં જ પૈસા ઉછીના લીધા છે. "

" દાદા, મોટર ચાલુ કરોને, "

" કરંટ નથી. આજે ખેડૂતો પર કેવી આફત આવી છે. સમજણ નથી પડતી " દાદા એ કહ્યું.

" પરંતુ દાદા, ખેડૂત તો જગતનો તાત ગણાય છે. અન્ય લોકોનો આધાર ખેડૂતો પર છે. "

" એવું હતું, પણ આજે ખેડૂત અન્ય પર આધારિત થઇ ગયો છે. "

" દાદા, આવું કેમ થઇ ગયું છે ? "

" થાય બેટા, સત્યને કસોટી હોય છે. આપણા દેશને પણ સત્ય નીતિ પર ઘણું સહન કરવું પડયું છે કરવુ પડે છે તેમ ભવિષ્યમાં કરવું પડશે. આપણે તેના દેશવાસી છીએ. આપણી ફર્જ છે કે કષ્ટનો હસતા મુખે સામનો કરીએ. " દાદા ઊઠયા અને કહ્યુ. " ચાલ બેટા, ઘેર જઇએ. " ફરી એ જ વિષયપર બોલતાં દાદા એ કહ્યું. "રાજેશ મારું સ્વપ્ન છે કે તું ભણી ગણી મોટો થા, પછી ચૂંટણીમાં ઊભો રહે અને પ્રધાન બન... નહિ બેટા ? "

" હાં, દાદા, પછી હું તેલ, કરંટ અપાવીસ અને ગરીબો ને મદદ કરીશ. "

રાજેશની નિર્દોષ વાતો પર હસતાં હસતાં દાદાએ કહ્યું "એમ તો બધા કહેતા હતા જેઓ આજે પ્રધાન છે, પરંતુ સાચા લોકસેવક તો ગણ્યા ગાંઠયા છે, બાકી બધા પોતાની ગરીબી દૂર કરે છે, "

એક બાજુ સાતમ-આઠમ ના તહેવાર અને બીજી બાજુ રાજેષની પરીક્ષા ના દિવસો નજીક આવતા હતા. તહેવાર માટે દાદાને અને પરીક્ષા માટે રાજેશની ચિંતા વધતી જતી હતી. રેશનીંગમાં સાકર મળતાં દાદાની ખુશીનો પાર ન રહ્યો.

શીતલા સાતમની આજે રજા હતી. આજે રાજેશ રમીને થેર મોડો આવ્યો. દેવકી એ જમવાનું તૈયાર કરી રાજેશને બોલાવ્યો, " ચાલ રાજેશ જમી લે."

" હાં, હમણાં આવ્યો, " રાજેશે કહ્યું, " દાદા, ચાલો જમી લઇએ "

"મને આજે ભૂખ નથી " દાદાએ ઉત્તર આપ્યો.

" તો હું પણ નહિ જમું "

" નહિ બેટા, તને ભૂખ લાગશે."

" તો તમે ચાલો, તમારે સાથે જમવું પડશે. "

દાદા પૌત્રના પ્રેમમાં વશ થઇ જમવા ગયા.

" વહુ, મને મિષ્ઠાન ન આપતાં ડૉકટરે ના પાડી છે, " દાદાએ કહ્યું.

" ઓહ તો દાદા, આ લાડુ કોના માટે છે ! " રાજેશે પૂછ્યું.

" કેમ ? તારા તથા શીલા માટે !! "

" હાં......સમજી ગયો, તમે કો...ઇ... ડૉકટર પાસે ગયા જ નથી પરંતુ અમારી ખાતર જૂઠું બોલો છો. દાદા તમારે ખાવું પડશે, નહિ તો અમે નહિ ખાઇએ ...નહિ શીલા ? "

" હાં, દા...દા... ખાઓ ને... મને ખૂબ ભૂખ લાગી છે મારા પેટમાં કુરકુરિયાં બોલે છે. " શીલા લાડુનો ટુકડો મોં નજીક લઇ જતાં બોલી.

દાદા એ પૌત્ર પૌત્રીના આગ્રહને વશ થઇ થોડું ખાધું.

આજે પરીક્ષાનું પરિણામ મળવાનું હતું. રાજેશ પરિણામ મેળવવા અધીરો બની રહ્યો હતો. તેને ખાત્રી હતી કે પોતે પ્રથમ નંબર મેળવશે.

શાળા ચાલુ થતાં માસ્તરે પરિણામ જાહેર કર્યું " જગદીપ પ્રથમ, સુરેશ બીજો, મહેશ ત્રીજો, રાજેશ ચોથો " વગેરે ...વગેરે...

 પરિણામની જાહેરાત બાદ રજા મળી. રાજેશના ચહેરા પર પરસેવો ફરી વળ્યો હતો. "કેમ રાજેશ, હજુ વાંચવું હતું ને, અમે ખૂબ રમતા હતા છતાં તારાથી આગળ નંબર મેળવ્યા. અમે શિક્ષક પાસે ટયુશન લઇએ છીએ ટયુશન......" જગદીપે રાજેશની નજીક જઇ કહ્યું.

રાજેશ ભારે દિલે ઘેર જઈ દાદાના ઓરડામાં બેઠો રડતો હતો. દાદા ઓરડામાં પ્રવેશ્યા અને તેમની નજર રાજેશ પર પડી. "કેમ રાજેશ, રડે છે? તારું પરિણામ મળ્યું...? શું...થયું...?"

"ચો.. થો... નં...બ...ર..."

"તો એમાં રડે છે શ નો! ચાર્વિક પરીક્ષામાં પ્રથમ નંબર, મહેનત વધારે કરજે"

"દા...દા, મને...કદી... પ્રથમ નંબર નહિ મળે. જે...જેઓ ટયુશન લે છે તેમને આગળ નંબર મળ્યા છે.

દાદાને પરીક્ષા નીતિ પર અત્યંત ક્રોધની લાગણી ઉત્પન થઇ. પરંતુ એક સામાન્ય બુઠા માનવીનો અવાજ કયાં સુધી સંભળાવાનો હતો !!!

રાજેશે સાતમા ધોરણની પરીક્ષા આપી. હવે આગળ અભ્યાસ માટે તેને શહેરમાં મૂકવો પડે તેમ હતું. ત્યાં હોસ્ટેલમાં રહેવું પડે તેમ હતું. દાદાએ આગળ અભ્યાસ કરાવવા વિચાર કરી રાખ્યો હતો. જેના માટે ધર્મચંદ શાહુકાર પાસેથી પૈસા ઉછીના પણ લઇ આવ્યા હતા. દાદાને એ ગમતું ન હતું કે રાજેશ તેનાથી દૂર જાય પરંતુ તેના ભાવિ માટે પોતાના પ્યારને વશમાં રાખવાનુ જ યોગ્ય સમજતા હતા.

પરીક્ષાનું પરિણામ મળ્યું, રાજેશ બીજે નંબરે પાસ થયો. રાજેશને ઘર છોડવાને એક દિવસ હતો. બધી તૈયારી થઇ ગઈ હતી આજથી સૌના ચહેરાપરના ભાવો બદલાઇ ગયા હતા.

રાત્રે મોડે સુધી દેવકી ને ઊંઘ આવતી ન હતી. તે રાજેશના વિચારમાં જ હતી. "રાજેશ હોસ્ટેલમાં રહે, કુટુંબથી અલગ રહે, ફાવે તેમ વર્તે, હોટેલમાં જાય, લાંબા લાંબા વાળ રાખે......" આમ અનેક વિચારો આવતાં દેવકીએ ઓચિંતો બૂમ મારી, "નહિ..., હું...રાજેશ ને જવા નહિ દઉં."

રાજેશ સફાળો જાગી ગયો. દાદા પણ ઊઠી બહાર આવ્યા. " શું થયું મા....? " રાજેશે પૂછ્યું. " કંઈ નહિ...... અમસ્તુ...તારા વિચારોમાં હતી..."

" મારા વિચારોમાં ! કેવા વિચારો ? કહોને મા. "

" બેટા, મને ખરાબ વિચારો આવવા લાગ્યા. તું હોસ્ટેલમાં રહે, બીડી સીગારેટ પી, હોટેલમા જા. લાંબા......."

"નહિ, મા," દેવકી ની વાત કાપતાં રાજેશ બોલ્યો,

"એવું કદાપિ નહિ બને...મા, આપને આપની ઓલાદ પર વિશ્વાસ નથી. ? આપે મને શું એવા સંસ્કાર આપ્યા છે? મારા પર વિશ્વાસ રાખો."

દાદા આ સાંભળી મનમાં ખુશ થતા ઓરડામાં જઇ સૂઇ ગયા.

આજનો દિવસ કંઇક જુદો જ જણાતો હતો. રાજેશ ગઇકાલ સુધી અત્યંત હિંમતથી બોલતો હતો એ પણ આજે ગભીર બની ગયો હતો. આજે રાજેશને પ્રથમ વખત કુટુંબથી અલગ થવાનો પ્રસંગ આવ્યો હતો,

આખર ઘર છોડવાનો સમય આવ્યો, દેવકી કંકુની થાળી લાવી અને રાજેશ ને કપાળે તિલક કર્યું. દેવકી અને રાજેશની આંખોમાંથી જાણે ગંગા જમના વહી થાળી રૂપી મહાસાગરને મળતી હતી રાજેશ દેવકીના ચરણે પડયો અને પછી દાદીમા પાસે ગયો. રાજેશ ની આંખો ગુપ્ત રીતે દાદીની ટીખળી કર્યાની ક્ષમા માગી રહી હતી. દાદી રાજેશને આ ચહેરો જોઇ ગળગળાં થઇ ગયાં ભાઇ બહેન નું કહેવું જ શું ? બંનેની આંખો આગળ અશ્રુરૂપી પડદો સવારથી પડી ચૂકયો હતો. રાજેશે હિંમત લાવી શીલાને દાદાના આરડા તરફ આંગળી ચીંધતા કહયું "દા...દા...ને..." અને બંને ભાઇ બહેન રડી પડયા. આ સર્વ નિહાળી દાદા પણ તેમની હિંમત ખોઇ બેઠા. આખરે બસ આવતાં દાદાને ચરણે પડી રાજેશે અશ્રુભીની વિદાય લીધી.

થોડા દહાડા દાદાને ચેન ન પડયું. કાંઇક કરવા માગતા હોય અને થઈ જાય કંઇ બીજું. પરંતુ ઇશ્વરને માનવને ભૂલાવાની એક એવી શકિત આપી છે કે જે શકિત થી માનવ પોતાનું કાર્ય કરી શકે છે.

દાદા ધીમે ધીમે કામમાં મન લગાડવા લાગ્યા. પરંતુ દાદાનું મન કામમાં ચોંટયું ન ચોંટયું ત્યાં પોતે બિમારી ના પંજામાં સપડાઇ ગયા. દવા કરાવવા પૈસા ન હોતાં દેવકી ધર્મચંદ શાહુકાર પાસેથી લઇ આવી. સારવાર ચાલુ કરી પરંતુ કશો ફરક જણાયો નહિ. દરરોજ દાદાનું શરીર ગળાતું જ જતું હતું.

હોસ્ટેલમાં આવ્યો રાજેશને બે ત્રણ માસ થઈ ગયા હતા. પ્રથમ પરીક્ષા આપ્યા બાદ સાતમ-આઠમ ના તહેવારો માટે પાંચ દિવસ ની રજા પડતાં ઘેર આવવા રવાના થયો. દાદાને મળવા તે ખૂબજ અધીરો બની રહયો હતો.

"દાદા" ઘર બહારથી જ રાજેશે સાદ કર્યો "હાં, દાદા આમ જવાબ નહિ દે. હું અંગ્રેજી માં બોલાવું ડેડી......" જવાબમાં શીલા બહાર આવતી દેખાઇ શીલા કશું બોલી નહિ, પરંતુ તેણે દાદાના ઓરડા તરફ ઇશારો કર્યો. દાદા કેમ જાણે રાજેશ ની જ રાહ જોતા ન હોય! રાજેશે ઉમરા પર પગ મૂકયો કે દાદા પૌત્રની આંખોમાંથી મિલન અને વિદાય નાં હર્ષ તથા શોકનાં અશ્રુ એકી સાથે સરકી પડયા.

"દા...દા..." અને રાજેશ ધ્રુસકે ધ્રુસકે રડી પડયો.

"બેટા...રા...જે...શ...જી...વ...તો...ર.. (હે)" આ છેલ્લા શબ્દો સાથે દાદા લાંબી નિદ્રા માં પોઢી ગયા. રાજેશ અને શીલ જોરથી રડવા લાગ્યાં. દેવકી પણ સહન કરી શકતી ન હતી. પરંતુ હૃદય પર પથ્થર મૂકી રાજેશ અને શીલા ને સાંત્વના આપતી હતી.

દાદાના મરણ ને હજુ બે માસ વિત્યા હતા કે દાદીમા એ પણ દુનિયાથી વિદાય લીધી. રાજેશ માટે હવે અભ્યાસ જારી રાખવો મુશ્કેલ હતો. પરંતુ દેવકી દાદાના ઇચ્છા મુજબ ગમે તેમ કરી ભણાવવા ઇચ્છતી હતી. પરંતુ ઈશ્વરે કંઇક બીજું જ ઇચ્છયું હતુ. બન્યું એવું કે ગામના ધર્મચંદ શાહુકારે દાદાની નિરક્ષરતા નો લાભ લઇ દાદા પાસેથી વાડી ગીરવી લખાવી લીધી હતી. હાલે દાદાની ગેરહાજરીમાં ધર્મચંદ શાહુકારે વાડી કોર્ટ મારફત પોતાની કરાવી લીધી.

આ બનાવની અસર દેવકીના મન પર ઊંડી પડી. જીવન-નિર્વાહ, રાજેશ નો અભ્યાસ, શીલાનાં સગપણ, વિવાહ વગેરે પ્રશ્નો વારંવાર યાદ આવતાં દેવકી માનસિક બિમારીમાં સપડાઇ ગઈ રાજેશ અભ્યાસ છોડી દેવકીની સેવા કરવા ઘેર આવ્યો. દેવકીની સ્થિતિ સુધારવાને બદલે બગડતી ગઇ. અને આખર અંતિમ પળો ગણવા લાગી. દેવકી એ હાથના ઇશારાથી રાજેશ તથા શીલાને પોતાની નજીક બોલાવ્યાં

અને આંખોમાંથી પડતાં બડ બડ અશ્રુઓથી પોતાની લાચારી બતાવતાં કહ્યું, "બેટા

રાજેશ, તારા માંટે...કશું...છોડી...જતી નથી, (થોડો સમય થોભીને) આખર ગરીબોની પૂંજી શું છે? દુ:....ખ..., પી...ડા..., ભૂ...ખ...મ...રો...અને... એ....ક...લાં...બો...નિ....દ્રા...."

"નહિ મા, એવું ન કહો. ગરીબોની પાસે મહાન પૂંજી છે અને તે પ્રેમ, બલિદાન. સહનશીલતા અને સંતોષ. આ સર્વ વસ્તુ અમને મળી છે મા સર્વ", રાજેશ દેવકીની પથારી પાસે બેસતાં બોલ્યો.

"બેટા, હવે આની (શીલા ને નિર્દેશી) સર્વ જવાબદારી તારા શિર, ને દેવકીએ છેલ્લો શ્વાસ લીધો, સાથે ઘર ભાઇબહેનના રડવાના અવાજથી ગાજી ઉઠયું.

દાદાનો આત્મા અંતરીક્ષમાંથી પુકારી ઉઠયો, "હે ભગવાન, તેમની રક્ષા કરો"

દર્પણ *

હરીભાઈ ડી. પટેલ
પુરૂષોતમપુરા

દિવાલે ભરાવેલું દરપણ
પ્રકાશ પ્રતિકૃતિનું અરપણ
કરા સૌ વર્તમાનનું દરશન
ભવિષ્ય નામે ભૂતને ગરદન
જગ-ચોકનું આ સંસ્કૃતિ દરપણ
સેપમાં છૂપાયું ભૂતનું ઘડપણ
પોપડા ઉપાડો ! મળશે સમરથન
સિધ્ધીનાં શસ્ત્રો તણું સમર્પણ
ચળકતી દિશા છે ભાવિનું ભવરણ
વર્તમાન આખર જાશે ભૂતને શરણ
પ્રતિબિંબનું થાશે પ્રાયશ્ચિત ઝરણું
ચાંચું ઠોકતી ચકલીનું રહેશે સ્મરણ

સમાચાર દર્શન

* શ્રીમદ્ અષ્ટોત્તરશત (૧૦૮) ભાગવત્ પારાયણ જ્ઞાનયજ્ઞ *

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજનાં તેમજ અન્ય ધર્મપ્રેમી
સૌ ભાઇ–બહેનોને...

ગંગા દશહરાના પવિત્ર પર્વ ઉપર અષ્ટ સિદ્ધિ યોગના પવિત્ર દિવસોમાં; દેવ દેવતાઓ તથા ઋષિમુનીઓની તપોભૂમિ હરિદ્વાર ગંગા કિનારે પ્રાતઃસ્મરણીય પરમ પૂજ્ય સદ્‌ગુરૂ શ્રી ઓધવરામજી મહારાજની દિવ્ય સ્મૃતિમાં... **શ્રી કચ્છી લાલરામેશ્વર આશ્રમ હરિદ્વાર પ્રેરિત શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞ સમિતિ હરિદ્વાર આયોજીત**— શ્રીમદ અષ્ટોત્તરશત (૧૦૮) ભાગવત્ પરાયણ જ્ઞાનયજ્ઞ યોજવામાં આવશે. આ મંગલમય પ્રસંગે વ્યાસપીઠ પર વર્તમાન યુગના શુકદેવજી સ્વરૂપ પરમપૂજ્ય શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ બીરાજશે તો સૌ ભાઇ બહેનોને લાભ લેવા વિનંતિ.

શુભ પ્રારંભ : વિ. સં. ૨૦૩૨ જેઠ સુદ ૧ ને રવિવાર તા. ૩૦–૫–૭૬
પુર્ણાહુતિ : વિ. સં ૨૦૩૨ જેઠ સુદ ૧૨ બુધવાર તા. ૯–૬–૭૬
કથા સ્થળ : "ઉધ્ધવપુરી" શ્રી કચ્છી લાલરામેશ્વર આશ્રમ સપ્તસરોવર હરિદ્વાર
મંગળાલાચરણ : પરમપૂજ્ય સંત શ્રી સરસ્વતીદાસજી ગુરૂ શ્રી જવાહરદાસજી
(ગીર બાણુગંગા તીર્થધામ વાળા)

જ્ઞાનયજ્ઞ પ્રમુખ : પરમપૂજ્ય સંતશ્રી વાલદાસજી ગુરૂશ્રી ઓધવરામજી

ધર્મપ્રેમી ભાઈઓ અને બહેનો.

પતિતપાવની શ્રી ગંગામૈયાની ગોદમાં **ગંગાદશહરા** (ગંગાજીનો પ્રાગટય દિન) ના પવિત્ર દિવસો દરમ્યાન આત્મ–કલ્યાણાર્થે **હરિદ્વાર** તીર્થક્ષેત્રમાં શ્રી કચ્છી લાલરામેશ્વર આશ્રમના આશ્રયે શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ અષ્ટોત્તરશત (૧૦૮) પારાયણનું આયોજન કરવામાં આવેલ છે.

સદ્‌ભાગ્યે જ્ઞાનયજ્ઞના દિવસો દરમિયાન શ્રી ગંગાદશહરાનું મહાપર્વ આવે છે. સાથે સાથે "**શ્રી અષ્ટસિદ્ધિ યોગ**" નો પણ સુમેળ છે. આ સુવર્ણ સંધિમાં ગંગામૈયાના કિનારે સંતમહાત્માઓનો સમાગમ અને હરિકથાશ્રવણ એ મોક્ષપદની પ્રાપ્તિ માટેનું સાધન છે. આપણે આ કથાનું શ્રવણ કરી આપણા આ દુર્લભ માનવજીવનને કલ્યાણના માર્ગે દોરીએ.

ભાવિક જનતા આ જ્ઞાનયજ્ઞનો પુરેપુરો લાભ લઇ આ પવિત્ર કાર્યમાં યથાશકિત સહયોગ આપી શકે સાથે સાથે એમનાં કુટુંબીજનો પણ લાભ લઇ શકે તે માટે શ્રી અષ્ટોત્તરશત પારાયણ બેસાડવા તથા અન્ય ભેટ સેવાઓ માટે નીચે મુજબ વ્યવસ્થા કરવામાં આવેલ છે

(૧) એક ભાગવત પારાયણ બેસાડવા માટે રૂા. ૫૦૧)
(૨) સ્વાગત સભ્ય રૂા. ૩૫૧)
(૩) બ્રહ્મભોજન રૂા. ૧૦૦૧)
(૪) એક દિવસની પ્રસાદી રૂા. ૨૫૧)
(૫) દુધના રૂા. ૧૫૧) એક ટંકના
(૬) સમૂહ આરતી સાંજની રૂા. ૧૦૧)

મુખ્ય યજમાન, સ્વાગતપ્રમુખ તથા સ્વાગત ઉપપ્રમુખની વરણી થયેથી જાહેર કરવામાં આવશે.

આ દિવ્ય પ્રસંગની સ્મૃતિ રૂપે '**દૈવિસ્મૃતિ**' નામની પુસ્તિકા બહાર પાડવામાં આવશે. એક પાનાના સૌજન્યના રૂા, ૨૫૧) રાખવામાં આવેલ છે.

આજ રોજ સુધી (તા. ૨૨–૧૧–૭૫ સુધીમાં) કુલ ૮૬ પારાણોની નોંધણી થઇ ચુકી છે' કુલ પારાયણો ૧૦૮) થી (જગ્યાના અભાવે) વધુ બેસાડી શકાય તેમ નથી જેથી વેળાસર પારાયણ નોંધાવવા વિનંતી

ધર્મપ્રેમી જનતા ભકિતદ્વારા જ્ઞાન–વૈરાગ્યનો સમન્વય કરી આ પ્રસંગે પોતની ઉદારવૃત્તિનો પરિચય આપી જ્ઞાનયજ્ઞને સફળ બનાવશે.

સુચનાઓ

૧ ભેટ સેવાની રકમ ચેક અથવા ડ્રાફટથી મોકલનાર સદગૃહસ્થોએ "Chhotalal Dharamshi & 4 others"ના નામથી મોકલવો.

૨ યજમાનોએ મોડામાં મોડા પોતાની પસંદગીના શાસ્ત્રીજીની નિયુકિત તા ૩૦–૩–૭૬ સુધીમાં કરવાની રહેશે નહીં તો સમિતિ ત્યાર બાદ પોતાની રીતે વ્યવસ્થા કરી લેશે.

૩ હરિદ્વારમાં કથા હોવાથી આમંત્રણ પ્રત્રિકા, પાસો તથા અન્ય સાહિત્ય તા. ૧૫-૪-૭૬ સુધીમાં મુંબઇ કાર્યાલયથી લઇ જવા વિનંતી.

૪ પૂજ્ય ડોંગરે મહારાજશ્રીની વ્યાસપીઠે હરિદ્વારમાં પહેલીજવાર જ્ઞાનયજ્ઞ સપ્તાહનું આયોજન હોવાથી મુમૂક્ષુઓના ધસારાને પહોંચી વળવા રસોડાની તથા ઉતરવાની વ્યવસ્થા કરવા સમિતિને વધુ સુગમ પડે તે માટે તા. ૧૫-૪-૭૬ સુધીમાં આપના પરિવાર સહિતના નામો કાર્યાલયમાં આપી જવા વિનંતી.

૫ હરિદ્વાર જ્ઞાનયજ્ઞમાં જવા માટેની ઇચ્છા ધરાવનાર દરેકે પોતાના નામો ખર્ચની રકમ સાથે પારાયણ સેવા નોંધાવવાના સ્થળે નોંધાવી જવા.
આ સમય દરમિયાન સ્કૂલોમાં રજાઓ હોવાથી બહુજ ભીડ થવાનો સંભવ છે. માટે આપના નામો સત્વરે નોંધાવો જેથી રીઝર્વેશન ડબ્બાઓ મેળવવામાં સુગમતા પડે, મજકુર ટ્રેઇન યાત્રાનો પ્રારંભ બોમ્બે સેન્ટ્રલથી થશે

૬ તા ૧૭-૪-૭૬ પછી મુખ્ય કાર્યાલય શ્રી કચ્છી લાલરામેશ્વર આશ્રમ, સપ્તસરોવર હરિદ્વાર. (યુ પી) રહેશે.

૭ અન્ય સ્થળોએથી સીધા હરિદ્વાર આવનારાઓએ ટપાલથી આશ્રમમાં તા. ૧૫-૪-૭૬ સુધીમાં આવવાની જાણ કરવી.

૮ દરેક વ્યકિતએ પોતાની સાથે નાનું બેડિંગ, પાણીનો લોટો, પ્યાલું તથા બેટરી લાવવાં ખાસ જરૂરી છે. વ્યકિતદીઠ કુલ ૨૫ કીલોથી વધુ સામાન લાવવો નહીં.

શ્રી પારાયણ ભેટ સેવા નોંધાવવાના સ્થળો :-

(૧) શ્રી પ્રેમજી હરિદાસની કાં.
ભાનુશાલી ચેમ્બર્સ, સંત તુકારામ રોડ, દાણાબંદર, મુંબઇ-૪૦૦૦૦૯.
ઓફિસ ટે. ૩૨૨૩૫૭-૩૨૧૩૪૧ ઘર ટે. ૫૨૨૮૪૭.

(૨) શ્રી મંગલદાસ રાઘવજી મસાલાવાળા
૮૯, કાજી સૈયદ સ્ટ્રીટ, (ખાંડબજાર) મુંબઇ-૪૦૦૦૦૩.
ઓફિસ ટે. ૩૨૪૦૩૫-૩૨૦૧૬૪ ઘર ટે ૪૪૫૩૭૭ ૪૪૫૪૮૨

(૩) પ્રેમજી વિઠ્ઠલદાસ ઠક્કર
ચંદન મહાલ, ચોથે માળે, કસ્તુરબા રોડ મુલુન્ડ. મુંબઇ-૪૦૦૦૮૦.
ઘર ટે. ૫૯૧૯૬૦

(૪) શ્રી મથુરાદાસ મુલજી અનમ
મુલદીપ, બ્લોક નં. ૧૭, સેવારામ લાલવાણી રોડ, મુલુન્ડ, મુંબઇ-૪૦૦૦૮૦.
ટે. નં. C/o. ૫૯૧૬૪૯

(૫) **શ્રી પ્રેમજી સગવણભાઈ પટેલ**
C/o. વિજય કન્સ્ટ્રકશન કું. પઠાણઆપા બિલ્ડીંગ, નેતાજી સુભાષ રોડ, મુંબઈ ૪૦૦૦૮૦. ઓફિસ ટે. ૫૯૨૦૪૪

(૬) **શ્રી દેવશી નારાયણ ભાનુશાલી**
સરસ્વતિ ભુવન, રૂમ નં ૧૧, ૧લે માળે, મહાત્મા ગાંધી રોડ, લાધાવાલા હોસ્પીટલની બાજુની વાડી, ઘાટકોપર (વેસ્ટ) ફોન C/o. ૩૨૧૫૦૪

સંઘે શક્તિઃ કલિયુગે

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ

ઓફીસ. **કલકત્તા**

આથી સમગ્ર ભારતવર્ષ તેમજ દેશ વિદેશોમાં વસતા વ્હાલા યુવક બંધુઓને જણાવવાનું કે આપણે સંવત ૨૦૩૨ની સાલમાં ઉનાળામાં યુવકસંઘનું અધિવેશન યોજવાનું નક્કી કરેલ પરંતુ

સંજોગે વસાત ચાલુ વર્ષે તે મોકુફ રાખવામાં આવ્યું છે અને આગામી વર્ષે એટલે કે સંવત ૨૦૩૩ના ઉનાળામાં નખત્રાણા (કચ્છ) ખ તે અધિવેશન યોજવાનુ નક્કી કરવામાં આવેલ છે તેની દરેક મિત્રો નોંધ લે.

લિ

પ્રમુખશ્રી/મંત્રીશ્રી

શ્રી અ. ભા. ક. ક. પા. યુ. સંઘ

લગ્ન ભેટ

રકમ આપનાર હાલરહેઠાણ પ્રસંગે

૫૧–૦૦ **શ્રી દેવજીભાઈ હીરજીભાઈ** દીવાણી **અહમદનગર** ચિ. સુપુત્રી શાંતાબેનના લગ્ન પ્રસંગે કન્યા છાત્રાલય (ધનસુરા)

૫૧–૦૦ શ્રી ડાહ્યાભાઈ હીરજીભાઈ પોકાર લાસલગાંવ ચિ. સુપુત્ર રમેશકુમારના લગ્ન પ્રસંગે કન્યા છાત્રાલય (ધનસુરા)

અનાજ નોંધ	કીલો	
પટેલ હરીભાઈ રતનાભાઈ	૧૦૦	બોરીયાટીંબા
,, અંબાલાલ રતનાભાઈ	૨૦	,,
,, મણીલાલ રતનાભાઈ	૨૦	,,
,, હરદાસભાઈ માવજીભાઈ	૨૦	,,
,, અરજણભાઈ વિશ્રામભાઈ	૨૦	,,
કુલ	૧૮૦	

સ્વૈચ્છિક સમુહલગ્ન સમારંભ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત), ધનસુરા

તા. ૧૮-૨-૧૯૭૬ સમય: બપોરના ૧૧થી૨

ઉપરોકત સમાજના આંગણે જમાનાની માંગને અનુસરીને સૌ પ્રથમવાર જ સ્વેચ્છાએ સ્નેહીજનોએ એકબીજાના સાનિધ્યમાં આગવી રીતે દૂર દૂરથી આવીને પ્રયોગિક ધોરણે સમુહલગ્નનો એક સમારંભ યોજયો હતો.

સામાન્ય રીતે કાળઝાળ મોંઘવારીના પકડમાંથી છૂટવા અને સમાજમાં દાખલો બેસે તે રીતે સમારંભ યોજવા બદલ તેના યોજકોને અભિનંદન આપવા ઘટે.

સમાજ તેમજ સમાજની યુવાશક્તિ પણ આયોજનબધ્ધ રીતે આવા સામુહિક લગ્નસમારંભ દ્વારા વ્યવસ્થિત કાર્યવાહી કરી સમાજને મદદરૂપ બનેતો આર્થિક બાબતનો અસહ્ય બોજ જે છૂટક લગ્નો દ્વારા શિરદર્દ સમાન બની રહે છે તેમાંથી છૂટકારો મેળવી શકાય.

સમુહલગ્ન યોજવાના શુભ વિચારને સાકાર સ્વરૂપ આપનાર મુરબ્બીઓનાં નામ આ પ્રમાણે છે.

૧, મુરબ્બી શ્રી શામજીભાઇ દેશલપુર ચિ. સુપુત્ર કિશોરકુમાર શામજીભાઇ વીરજીભાઇ હાલ, દહાણુરોડ (મહારાષ્ટ્ર) (વાંઢાય) પટેલ નાં લગ્ન
કરમસીભાઈ દેવસીભાઇ ખોંભડી ચિ. સુપુત્રી લીલાબહેન કરમસીભાઇ રવાણી હાલ; દિલ્હી સાથે (લક્ષ્મીબેન)

૨. મુરબ્બી શ્રી કરમસીભાઇ ખોંભડી ચિ. સુપુત્ર વિજયકુમાર કરમસીભાઈ દેવસીભાઇ રવાણી હાલ, દિલ્હી પટેલ નાં લગ્ન
મુરબ્બી શ્રી માવજીભાઇ વિરાણી ચિ સુપુત્રી સાવિત્રી બેન માવજીભાઇ ભીમજીભાઇ નાકરાણી હાલ; મોડાસા સાથે

૩. મુરબ્બી શ્રી વાલજીભાઇ ધડુલી ચિ. સુપુત્ર ડાહ્યાભાઇ વાલજીભાઇ પ્રેમજીભાઈ સાંખલા હાલ, દહેગામ નાં લગ્ન
મુરબ્બી શ્રી પરસોત્તમભાઇ રવાપર ચિ. સુપુત્રી રંજનબેન પરસોત્તમભાઇ રાંમજીભાઈ હાલ, નીપાણી (મ્હૈસુરસ્ટેટ) સાથે

ઉપરોકત રીતે યોજાયેલા સ્વૈચ્છિક સમુહલગ્ન સમારંભ પ્રસંગે આશરે પાંચ સો થી છ સો જેટલાં સ્નેહીજનોએ શુભ પ્રસંગે હાજર રહી નવ દંપતીઓને આશીર્વાદ આપ્યા હતા.

ગ્રાહક ભાઈબહેનોને વિનંતી

ફેબ્રુઆરી ૧૯૭૬ ના અંકમાં સુચના આપ્યા મુજબ કેટલાક ગ્રાહક ભાઇઓએ પોતપોતાની પોસ્ટ ઓફીસના પીનકોડ નંબર અત્રે કાર્યાલય પર મોકલી આપ્યા છે હજુ પણ કેટલાક ભાઇઓ પાસેથી આ માહિતી મળી નથી તો સત્વરે મોકલી આપવા વિનંતી.

અત્રે સ્થાનિક પોસ્ટ માસ્તર સાહેબ પાસેથી મળેલ ગુજરાત રાજ્યનાં કેટલાંક નાનાં મોટાં શહેરો તેમજ ગામડાંઓના પીનકોડ નંબર નીચે પ્રમાણે છે.

પોસ્ટલડીવીજન	પીનકોડનંબર	પોસ્ટલડીવીઝન	પીનકોડનંબર
અમદાવાદ	૩૮૦૦૦૧	વડોદરા	૩૯૦૦૧
રાજકોટ	૩૬૦૦૦૧	સુરત	૩૯૫૦૦૧
ભાવનગર	૩૬૪૦૦૧	મહેસાણા	૩૮૪૦૦૧
પાલનપુર	૩૮૫૦૦૧	નડીયાદ	૩૮૭૦૦૧
આણંદ	૩૮૮૦૦૧	ગોધરા	૩૮૯૦૦૧
જૂનાગઢ	૩૬૨૦૦૧	ભુજ	૩૭૦૦૦૧
ગાંધીનગર	૩૮૨૦૦૧	વલસાડ	૩૯૬૦૦૧
અમરેલી	૩૬૪૬૦૧	જામનગર	૩૬૧૦૦૧
હિંમતનગર	૩૮૩૦૦૧	સુરેન્દ્રનગર	૩૬૩૦૦૧

આર. એમ. ડીવીઝન

અમદાવાદ ડીવી.	અમદાવાદ	૩૮૦૦૦૧
ડબ્લ્યુ ડીવી.	વડોદરા	૩૯૦૦૦૨
આર. જે ડીવી.	રાજકોટ	૩૬૦૦૦૧

દુઃખદ અવસાન

ગત તા. ૨૩-૨-૭૬ ને સોમવારના રોજ સાબરકાંઠા જિલ્લાની ઉત્તર સરહદે વાયેલા (ડેરોલ) કંપા નિવાસી શ્રી પચાણભાઇ શીવજીભાઈ પટેલનું ૬૭ વર્ષની ઉંમરે હૃદયરોગના હુમલાથી અવસાન નીપજ્યું છે.

સદ્‌ગત શ્રી તેમની પાછળ પુત્ર પુત્રીઓના વિશાળ પરિવારને વિલાપ કરતું મૂકી ગયા છે.

પ્રભુ સ્વર્ગસ્થના આત્માને શાંતિ આપે એજ અભ્યર્થના

શ્રી ઉમિયાય નમઃ

શ્રી અ. ભા. કચ્છ કડવા પાટીદાર યુવકસંઘના

— પ્રમુખ શ્રી નું જાહેર નિવેદન —

કચ્છ, ગુજરાત તેમજ ભારતના અન્ય પ્રાંતોમાં વસવાટ કરી રહેલ પાટીદાર સમાજના યુવકોની ઐક્યતાના પ્રતિકરૂપ સંસ્થા શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ ગૌરવ પૂર્ણ ત્રણ વર્ષ પૂરા કરી ચોથા વર્ષમાં પ્રવેશેલ છે.

સને ૧૯૭૨ ના ડીસેમ્બર મધ્યે કલકત્તામાં જુદાજુદા પ્રાંતોના પ્રતિનિધિઓએ યુવકસંઘ સ્થાપવાનો સંકલ્પ કરેલ અને ફેબ્રુઆરી ૧૯૭૩ માં પૂના (મહારાષ્ટ્ર) ખાતે તેને મૂર્ત સ્વરૂપ આપવામાં આવેલ ત્યાર બાદ સપ્ટેમ્બર '૭૩ માં હડમતિયા ગુજરાત સપ્ટે–૭૪માં જબલપુર અને છેલ્લે સપ્ટેમ્બર '૭૫માં હૈદ્રાબાદ સિકન્દ્રાબાદમાં તદર્થ સમિતિની સભાઓ સંગઠનને મજબૂત બનાવવા તેમજ પ્રચારાર્થે યોજાયેલ.

સમાજના યુવકોના અદમ્ય ઉત્સાહ, સમાજ પ્રત્યેની ભાવના તેમજ અથાગ પ્રયત્નો અને યુવક સંઘના સલાહકારોના અમુલ્ય માર્ગદર્શનથી આ સંસ્થાએ અલ્પ સમયમાં અનેક ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરેલ છે. આજે કચ્છના ગામેગામ તથા ગુજરાતના કંપેકંપે અને ભારતના ખૂણે ખૂણે રહેતા યુવક ભાઇ બહેનો સ્થાનિક યુવક મંડળો દ્વારા એક માળાના મણકાની જેમ પરોવાઇ એક સૂત્રે ઐક્યતાની ગાંઠે બંધાયેલ જોવા મળે છે અને યુવકસંઘના કાર્ય કે આદેશનો અમલ કરવા સદૈવ તત્પર રહે છે.

યુવક સંઘનું કાર્ય વ્યવસ્થિત અને સહેલાઇથી સંચાલન થાય તે માટે પ્રધાન કાર્યાલયથી માંડી નાનામાં નાના ગામ કે કમ્પા વચ્ચેનો સંપર્ક જળવાઇ રહે તે માટે (૧) મૂખ્ય વિભાગો (૨) વિભાગો (૩) પેટા વિભાગો અને (૪) સ્થાનિક મંડળો આ પ્રમાણે વહિવટી કાર્ય પધ્ધતિ બનાવવામાં આવેલ છે

યુવક સંઘ સમાજ પ્રત્યેની સાચી લાગણીથી પ્રેરાઇ સંગઠન ઉપરાંત સામાજીક રીત રિવાજો નું પાલન કરાવવા અને કેટલીક બૂરાઇઓ દૂર કરાવવા તેમજ વહેમ અને અંધશ્રધ્ધા વિગેરે નાબૂદ કરાવવાની દિશામાં નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કરી રહેલ છે. મનસ્વી પણે અને અયોગ્ય રીતે થતા છુટાછેડાની બદી જે સમાજમાં ઘર કરી ગયેલ તેને નાબૂદ કરવા યથા સાધ્ય પ્રયાસો કરેલ છે તેમાં થોડી સફળતા પણ મળેલ છે. તેના પરિણામ સ્વરૂપે છેલ્લા એ ત્રણ વર્ષ થયા છુટાછેડાનું પ્રમાણ ઘણું જ ઓછું થયેલ જોવા મળે છે. કેટલાય છુટા છેડામાં પરિણમતા પ્રકરણોમાં સમજાવટ, વિનંતી અને નિયાણી માટે દયાની યાચના કરી છૂટા છેડાના બનાવોને અટકાવ્યા છે. એકાધિક પ્રકરણમાં ફારગતી વિગેરેની વિધિ પૂરી થઇને દલાલોના કુપ્રયાસથી છૂટા છેડા અપાઇ ગયેલ, તેવા કિસ્સામાં યુવક સંઘે કુનેહપૂર્વક કાર્ય કરી ફારગતી રદ કરાવી અને બંને પતિ પત્નીના છૂટા થયેલ છેડા બાંધી આપેલ છે.

 દલાલો મારફતે, ખોટા પ્રલોભનો કે છેતરામણીથી ઊંઝા તરફ થતા કન્યા વિક્રયને બંધ કરવા ગામે ગામના યુવક મંડળોએ યુવક સંઘના નેજા હેઠળ પ્રયાસો કર્યા છે. આ વિષયમાં (૧) સમાજમાં છોકરીઓનું પ્રમાણ વધારે છે એવી ભ્રામક માન્યતાને પૂરાવા આપી દૂર કરાવેલ ૨) ત્યાં મોકલાયેલ કેટલીક બહેનોની કરુણાજનક સ્થિતિનો ચિતાર સમાજમાં રજૂ કરેલ (૩) આ કાર્ય, કરનાર દલાલોને ખૂલા પાડવામાં આવેલ (૪) યુવક સંઘ અથવા સમાજની અનુમતી વિના બહાર સગપણ કરવાં નહિ એવી જાહેરાત કરવામાં આવેલ તેના પરિણામે સંઘ પાસે ઘણી અરજીઓ આવેલ તેના અનુસંધાનમાં સ્થાનિક યુવક ભાઇઓએ અરજી કરનાર મા બાપોને સમજાવેલ અને ધીરજ ધરવા વિનંતી કરેલ આની અસર છેલ્લા એક વર્ષ માં જોવા મળે છે. ઘણાં ખરી બહેનોના સગપણ આપણા સમાજમાંજ થઇ ગયાં હોવાના સુખદ સમાચાર મળે છે.

ઘણા સામાજીક કે આર્થિક મતભેદોને યુવક સંઘે સમજાવટથી દૂર કરાવ્યા છે. વર્ષોથી કોર્ટમાં ચાલતા કેસોનુ સમાધાન કરાવેલ છે,

યુવક ભાઇઓ દ્વારા સમાજના હિતાર્થે નિસ્વાર્થ ભાવે થઇ રહેલ કાર્યોમાં સહાયક થવાને બદલે અવરોધક થવાના કુપ્રયાસો કેટલાક સ્વાર્થી પરિબળો દ્વારા થઈ રહ્યા છે. છુટાછેડાનો તેમજ ઊંઝા બહેનો મોકલવાનો વ્યવસાય લઇ બેઠેલા કેટલાક લોકો યુવક સંઘની પ્રગતિ રૂંધવામાં પડદા પાછળ પ્રયાસો કરી રહ્યા છે. જો કે ખૂલી રીતે વિરોધ કે અવગણના કરવાની હિંમત કરી શકતા નથી.

યુવક સંઘ વિશે કેટલાક લોકો એવી સમજણ ધરાવે છે કે (૧) યુવકો મોટા સમાજની ઉપરવટ જઈ રહ્યા છે (૨) છૂટાછેડા બંધ કરાવવા માટે યુવકસંઘના આટલો હઠાગ્રહ શા માટે ? ઉપરોકત બાબતમાં યુવક ભાઇ બહેનો તરફથી નમ્ર ખુલાસો એ છે કે યુવક સંઘ સમાજના એક સિપાહી–સ્વયંસેવક તરીકે પોતાની સેવા આપવા સર્જાયેલ છે. પોતાના આગવા વ્યકિતત્વની સાથે સમાજના સંપૂર્ણ સહકાર અને વિશ્વાસથી કાર્ય કરવા પ્રયત્નશીલ છે અને રહેશે. છુટાછેડા ન થવા એ યુવક સંઘનોજ હઠાગ્રહ કે ઠરાવ નથી પરંતુ ક. ક. પા. સમાજના રીતરિવાજ (ઠરાવ નં. ૧૩ છૂટાછેડા સબંધે) મુજબ પાલન કરવવું એ યુવક સંઘ પોતાની પવિત્ર ફરજ અને કર્તવ્ય માને છે. અને તેનો અમલ કરાવવાનો હઠાગ્રહ રાખે છે

કચ્છ અને ગુજરાતના સમાજના અગ્રગણ્ય કાર્યકરોએ યુવક સંઘની ઉપયોગીતા સ્વીકારી નીચેના ઉદ્દગારો દ્વારા તેને હાર્દિક રીતે બિરદાવી પ્રોત્સાહિત કરેલ છે. (૧) "અમારા કાર્યનો બોજો ઘણો હળવો થઈ ગયો" (૨) "સામાજીક કાર્ય કરવામાં અમારા હાથ મજબૂત થયા" (૩) "અમે વિચારણા કરતા પણ દોડી ઓછું શકતા તે તમે દોડીને કાર્ય પુરૂં કરશો" ૪) "હવે નારાયણ બાપાનાં અધૂરાં કાર્યો પૂરાં થશે એવું લાગેછે." (૫) "(વિનોદમાં) છોકરાઓને વહુ પસંદ નથી એમ કહેતા તે હવે બંધાઈ જશે"

અંતે યુવકસંઘ આપ સૌના સંપૂર્ણ સહકારની અપેક્ષા રાખે છે.


ખીમજી લખમશી લીંબાણીના જયયોગેશ્વર

શ્રી જયઅંબે



ખેડૂત ભાઈઓને ખુશ ખબર

સ્પન પાઈપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનું પૂરેપૂરું વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઈપ કું.

ની

પાઈપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઈપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઈપ કું.

વડાગામ જિ. સાબરકાંઠા.

આપના ઘરમાં આનંદોલ્લાસમય વાતાવરણ સર્જવા ટાટાનું અદ્‌ભુત સર્જન "નેલ્કો" કંપનીનો રેડીયો મેળવવાનોજ આગ્રહ રાખો.

તેમજ ટેલીવીઝન સેટ મેળવવાનું એક માત્ર

અજોડ સ્થળ

શકિત

રેડીયો ઇલેકટ્રોનીકસ


C/o. શકિત વિજય વાસણ ભંડાર *

ઠે. બુટાલવાડા
જિ. સાબરકાંઠા

ઓથોરાઈઝડ ડીલર્સ ઈન : નેલ્કો

પ્રોપ્રાયટર :

પટેલ
જયંતિલાલ માવજીભાઈ
છગનલાલ માવજીભાઈ



રેડીયો

卐 રેડીયો, ટ્રાન્ઝીસ્ટર, ટેલીવીઝન, એમ્પલીફાયર સ્પેરપાર્ટસ વેચનાર તેમજ સંતોષકારક રીપેર કરનાર

આરબ દેશોમાં જવા ઈચ્છતા—
કારીગર ભાઈઓને ખુશખબર

રાજુ ટ્રાવેલ્સ

(વર્લ્ડ ટ્રાવેલ સર્વિસ)

પ્રો. મણિભાઈ પટેલ

(દાવલીવાળા)

B. A. (U. S. A. Return)

સી. એમ. શર્મા * નટુ શ્રીમાળી

- પાસપોર્ટ
- વિઝા
- એન્ડોર્શમેન્ટ
- રીન્યુઅલ તથા
- પ્લેન અને સ્ટીમરની ટીકીટ માટે મળો.

રહેઠાણ : **મુ. પો. દાવલી** તા. મોડાસા જિ. સાબરકાંઠા.

ઓફિસ : **મણિભાઈ પટેલ** C/o. પ્રભુદાસ વકીલ, સાયરા રોડ, **મોડાસા.**

મળવાનો સમય : **દરરોજ સવારે ૧૧–૦૦ થી ૫–૦૦ (રવિવારે રજા**

અમદાવાદ ઓફીસ : રવિ ચેમ્બર્સ, બીજે માળ. રીલીફ સીનેમા પાસે **અમદાવાદ**

વિદ્યાર્થી મિત્રોને :—

U. S. A. તથા CANADA વિષે માર્ગદર્શન આપવામાં આવશે.

Crop Perfection · Sandoz Protection

ઓફીસ ૯૩
ઘર ૧૫૯

• પંકજ ફર્ટીલાઇઝર્સ

તલોદ રોડ, **ધનસુરા.**

તા. મોડાસા, જિ. સાબરકાંઠા.
(ગુજરાત)

★ જંતુનાશક દવાઓ
★ રાસાયણીક ખાતર
★ સુધારેલ બીયારણ વગેરેના

છૂટક તેમજ જથ્થાબંધ વેપારી

ડીલર : સેન્ડોઝ (ઇન્ડીયા)
લી. બોમ્બે



ઇયળ, કાતરા
નાશક
એકાલક્ષ



માલો, મધીયા
મશી નાશક
એકાટીન

* ભારત પેસ્ટીસાઇડઝ ઇન્ડસ્ટ્રીઝ
(પ્રા.) લી., અમદાવાદ.

JAGRUTI MARCH '76 Reg. No. G. 322

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા (જિ. સાબરકાંઠા)

ગ્રા. નં.

Book-Post

To,

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ તરફથી

સેવા. સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું પ્રાણવાન માસિક

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ

વર્ષ : ૧૮ અંક–૪ એપ્રિલ ૧૯૭૬

卐 જાગૃતિ 卐

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦/-, પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૭૫ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧/- પરદેશમાં રૂા. ૧૨૫/- નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરૂં સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલાં તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી ...વે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઈ એન. પટેલ -પ્રકાશક

શ્રી. નાનજીભાઈ કે. પટેલ -આદ્યતંત્રી

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ -તંત્રી.
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. S C
પ્રિન્સિપાલ :
સાયન્સ કોલેજ, તલોદ.
પ્રમુખ
શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ, ધનસુરા

શ્રી શામજીભાઈ એસ. પટેલ
માજી પ્રમુખ
શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ, ધનસુરા

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી એફ. એ. એમ., એલ. એમ. પી.

ડૉ. હંસરાજ એમ. પટેલ M.B.B.S.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ M. S. C.

શ્રી અરજણભાઈ વી. પટેલ મંત્રી
શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ, ધનસુરા

શ્રી પ્રેમજીભાઈ એ. પટેલ ઉપ-પ્રમુખ
શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ, ધનસુરા

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ

શ્રી ચંદુલાલ વી. પટેલ

ૐ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

realpatidar.com

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭, આસો વદ ચૌદસ

અનુક્રમણિકા

અ.નં.	લેખનું નામ	લેખક કે સંપાદક	પૃષ્ઠ નં.
૧	તંત્રી સ્થાનેથી.	કાન્તિલાલ કે. પટેલ	૧
૨	ગુજરાતી નારી	શામજીભાઇ આર. પટેલ	૩
૩	છે છતાં નથી. પહેલા બે અક્ષર કાઢી ને વાંચો	નરેન્દ્ર આર. પટેલ	૫
૪	કળિયુગનું મંદિર	પરસોત્તમ ગોવિંદભાઇ પટેલ	૬
૫	એજ્યુકેશન	પટેલ કાન્તિલાલ એમ.	૭
૬	પરોપકાર	ચંદુલાલ આર. પટેલ	૮
૭	યોગ વિયોગ	હરિલાલ ડી. પટેલ	૯
૮	ચૈત્ર માસમાં લીમડાનું સેવન	અંબાલાલ _. પટેલ	૧૦
૯	કોની પાસેથી શું શીખશો	કાન્તિલાલ ધનજીભાઇ પટેલ	૧૧
૧૦	૧૦૦ ની કરામત	નરેન્દ્ર આર. પટેલ	૧૧
૧૧	ભારત પ્રદર્શન	કેશવલાલ હીરજીભાઇ પટેલ	૧૨
૧૨	મહર્ષિ દયાનંદ સરસ્વતી	પ્રભુલાલ ધનજીભાઇ વેલાણી	૧૬
૧૩	મહિલા જાગરણ	દમયન્તી પટેલ	૧૯
૧૪	જીવન સંગ્રામ	પટેલ ચંદુલાલ રવજીભાઇ	૨૧
૧૫	અવનવું	પટેલ વાડીલાલ રવજીભાઇ	૨૨
૧૬	ફૂલ ગયું ફોરમ રહી	પટેલ અરૂણ કે. પટેલ દયાલ બી.	૨૩
૧૭	સમાચાર		૨૪



તંત્રીસ્થાનેથી

જયયોગેશ્વર

આપણે સૌ જાણીએ છીએ તેમ વિશાળ ભારતવર્ષમાં વિખરાયેલો આપણો સમાજ પોતાના માદરેવતનથી હજારો માઈલ દૂર સુધી પાપી પેટને ખાતર રોજી રોટીની શોધમાં ખેતી, ટીમ્બર મર્ચન્ટ તેમજ કોન્ટ્રાક્ટર જેવા શ્રમિત વ્યવસાયમાં રોકાયેલો રહયો છે.

હાલના પેઢાના વડીલજનોએ સાંપ્રત સમાજની હાલની પરિસ્થતિ સુધી પહોંચવા દિન–રાત જોયા વગર દૂર દૂરના પ્રદેશોની ભાષા, રહેણીકરણી અને વિવિધ વિચારો ધરાવનારી પ્રજાઓ સાથે દૂધસાકરનો સંબંધ સ્થાપવામાં જે તનતોડ પ્રયાસો કર્યા છે તે વાત આજના યુવાન વર્ગે સતત, સચિંત પણે ધ્યાનમાં લેવી જરૂરી છે.

સમાજમાં જેમ જેમ અધૂરી–કેળવણીનું પ્રમાણ વધતું જાય છે તેમ તે સમાજ જીવનના નીતિ નિયમો, સમાજિક બંધનો તેમજ સમાજ પ્રત્યેની નૈતિક ફરજ તેમજ વફાદારીનો ખ્યાલ વિસરાતો જાય છે. પરિણામે હું કોણ, મારો સમાજ કોણ છે, મારી સંસ્કૃતિ કઇ વગેરે પ્રશ્નોની જટિલતા વધુ જટિલ બનતી જાય છે તેથીજ દિન–બ–દિન સામાજિક એકતા એટલા જ અંશે જોખમાતી જાય છે.

વડીલોપર્જીત મિલ્કતનો સીધોજ ભોકતા બનેલો વર્ગ, મિલ્કત વસાહત ની મુશ્કેલીઓનો વિચાર ન કરી શકે તે સ્વાભાવિક છે, કુટુંબ, ગામ કે પડોશનાં ગામોના વાતાવરણમાંથી સમાજ પ્રત્યેનાં નીતિનાં મૂલ્યો વિશેનો આછો ખ્યાલ પણ ન મળી શકતો હોયતો તે સ્વતંત્ર રીતે સ્વચ્છંદ વિહારી બની શકે. આજની વડીલ ગણાતી પેઢીએ પોતાનાં બાળકોને ગળથૂંથીમાં થી જ ....આ સંસ્કારોનું સિંચન કરવું જોઇએ જો તેમ નહીં થાય તો આજના વડીલજનની નાની સરખી આજે નજીવી લાગતી ભૂલનો ભોગ ભવિષ્યનાં થોડાં ઘણાં વર્ષો પછી સમગ્ર સમાજ બને તો નવાઇ ન કહેવાય.

જે દેશની માટીની મસ્તીમાં મસ્ત બનીને તેના કાયદા કાનૂનોનું ફરજિયાત પણે પાલન કરવા સતત વિચારતા હોઈએ ત્યારે તેજ દેશમાં રહી પોતાના જ સમાજના નીતિ નિયમોનું પાલન કરવાની વાત નેવે મૂકતા જવામાં શરમ અનુભવવી જોઇએ.

રાજ્ય કે દેશના કાયદા કાનૂનોની પાછળ આર્થિક શકિતમાં પણ હંમેશાં નિયમીત રીતે ફરજિયાત ફાળો આપીએ છીએ. દા. ત. જમીન

મહેસૂલ, ઘરવેરા, કરવેરા વગેરે...વગેરે....બરાબર એજ રીતે પોતાના જ સમાજની સામાજિક સંસ્થાઓ દા.ત. વિદ્યાર્થી ભાઈ બહેનો માટેનાં છાત્રાલયો, ખેતી ક્ષેત્રે તેમજ વિદેશોમાં સામાજિક પ્રસંગોની ઉજવણી તેમજ સમાજનાં મુસાફરો માટેની સુવિધાઓ માટેની વાડીઓ વગેરેમાં દરેક કુટુંબ તેના જીવન કાળ દરમિયાન માત્ર એક કે બે વખત જ નજીવી રકમનો જ સ્વૈચ્છિક ફાળો આપે તો પણ સમગ્ર સમાજની રોનક પલટાવી શકવાની સામાજિક તાકાતમાં ઉમેરો કરી. શકાય તે નિઃશંક છે.

દેશના દુષ્કાળ કે અતિવૃષ્ટિના ટાંકણે અમલદારશાહીની નાગચૂડમાં આવીને શકિત હોય અગર ન હોય તો પણ ફરજિયાત રીતે ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો આપે" એવી સ્થિતિમાં મૂકાવું પડે છે. કારણ કે એ જગ્યાએ નકારવા પાછળ ભય છૂપાયેલો છે. પણ સમાજનો યુવાન વર્ગ પોતાનો સ્વાર્થ ન હોવા છતાં સમાજનાં છાત્રાલયોમાં રહી પોતાનું જીવન તેજસ્વી બનાવી શકે તે માટે યત્કિંચિત મદદરૂપ બનવા હાથમાં ઝોળી લઇ સમાજનાં બાળકો માટે અન્નસહાય તેમજ છાત્રાલયો કે વાડીઓમાં અન્ય સુવિધાઓ ઊભી કરવાના હેતુથી ધન સહાય મેળવવા જયારે હાથ લંબાવે ત્યારે આપણુંજ હાથ હેઠા પડતા હોય છે. કારણકે સમાજ તેને મરજીયાત ધોરણે આવું શુભ કાર્ય કરવાની તક આપે છે. કોઈ પણ વ્યકિત ને નીતિનાં મૂલ્યોની જાળવણી કરવા માટે .... વફાદારીના સદ્‌ગુણની પ્રતીતિ માટે સમાજ જે કંઇ સહાય માગે છે તેની પાછળ ભયની માત્રા રજમાત્ર પણ નથી એટલે કે ફરજિયાત ફરજ જખમારીને અદાકરવાની જયારે મરજીયાત ફરજ ... તો સમગ્ર સમાજના ભાવિ જીવનને ઉજ્જવળ બનાવવા માટે સમાજના આગેવાનો કે યુવાન ભાઇ-બહેનો સમાજ પ્રત્યેની દાઝ દીલમાં ધરીને, સમાજ પ્રત્યેની તેની વફાદારી અદાકરવા આપ સૌની પાસે સમાજની કોઈ પણ સંસ્થાઓના ઉકેલ માટે આપ સૌની પાસે આવે ત્યારે આશા છે કે......

સમાજના ઉજ્જવળ ભાવિના ઘડતર માટે, વફાદારી પૂર્વક દેશના ફરજીયાત કાયદાકાનૂનના પાલન સાથે.... સમાજપ્રત્યેની મરજીયાન ફરજ ને ન ભૂલીએ તો જ એક ભલા ભોળા અને સંસ્કારી સમાજના સપૂત તરીકે ગૌરવભેર જીવન જીવી શકીશું. અન્યથા આહાર, નિદ્રા, ભય, મૈથુન તો પ્રાણીમાત્રને જેમ આપેલાં છે તેમ માનવમાત્રને પણ આપ્યાં છે જ પરંતુ તેની ભેદરેખા સહેલાઈથી સમજવાનો ભેદ પારખવાની શકિત આપણે સૌ કેળવી યત્કિંચિત સમાજ સેવામાં સહભાગી બનીએ.

એજ અભ્યર્થના

ગુજરાતી નારી *

સંકલન : શા. મણીભાઈ આર. પટેલ
આણંદ

"સ્ત્રી વિકાસના પંથે"

હપ્તો ૩ જો

આથી અગાઉ આપણે ૧૯ મી સદીની અને તેમાંય ખાસ કરીને એ સદીના અંત ભાગની વિકટ પરિસ્થિતિ ઉપર દૃષ્ટિપાત કર્યો હતો, પરંતુ ૨૦ મી સદીમાં પરિસ્થિતિએ પલટો ખાધો. ૨૦મી સદીની શરૂઆતમાં જૂના વહેમો, જડ વિચારો અન્યાય ભર્યા વ્યવહારો, કુરિવાજોને વખોડતો અને સમગ્ર લોકજીવનને આવરી લેતો ક્રાંતિકારી અભિગમવાળો વાવંટોળ લઇને મહાત્મા ગાંધીજીએ આ દેશની પ્રજા વચ્ચે સ્થાન લીધુ. સત્ય અને અહિંસા, જાત મહેનત અને માનવ પ્રતિષ્ઠાના નીતિ વિષયક નવાં મૂલ્યોની સ્થાપનાથી પ્રજામાં નવજીવનનો સંચાર થયો. લોકોમાં એક નવાજ પ્રકારની હવા ફેલાઇ.

ગાંધીજીએ સૌથી મહાન કાર્ય કર્યું—સ્ત્રીઓમાં નિર્ભયતા અને હિંમત આણવાનુ. તેમણે કયારેય ઠાલો ઉપદેશ કે ભાષણો આપ્યાં નથી પરંતુ ઉપદેશ આપતાં પહેલાં પોતે જ તેનું આચરણ કરી બતાવ્યું છે. તેમણે હરિજનની દીકરીને દત્તક લીધી કસ્તુરબાએ પણ એ દીકરી તથા તેમનાં કુટુંબીજનોને પોતાના ગણીને આવકાર્યા એટલુંજ નહીં, પણ સ્વીકારી લીધાં અને આમ ગુજરાતના હિન્દુ સમાજમાં સાચી ક્રાંતિનાં દર્શન આ તબક્કે થયાં.

ગાંધીજીએ સ્ત્રીઓને તથા સમાજનાં નબળાં અંગોને દરેક રાષ્ટ્રીય કાર્યક્રમમાં હંમેશાં પોતાની સાથે રાખ્યાં છે. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહમાં પણ તેમણે સ્ત્રીઓને પોતાની સાથે રાખી હતી. જેલમાં જનાર બહેનોમાં કસ્તુરબા મોખરે હતાં. તે દિવસોમાં, ભારતીય અને તેમાંયે ગુજરાતી નારી સત્યાગ્રહી બની, ધરપકડ વહોરે અને જેલમાં જાય, એ સમાચાર પ્રસરતાં જ સમગ્ર ભારતખંડમાં એક અનોખી હલચલ મચી ગઇ. સર ફિરોજશા મહેતાએ તો આ સમાચાર સાંભળીને જણાવ્યું કે ' એક શરમાળ અને ગભરૂ ગુજરાતણ આટલી બહાદુર અને નિર્ભય તેમજ દેશપ્રેમી બને તે મારા માન્યામાં આવતુ નથી '

પરંતુ આ જાદુઈ અસર મહાત્મા ગાંધીની હતી દેશના સ્વાતંત્ર્યની ચળવળમાં ગાંધીજીની માત્ર એક જ હાકલના પ્રભાવ વડે, દેશના ખૂણે ખૂણેથી હજારો બહેનો ઘરની ચાર દિવાલો છોડીને, લાઠીમાર અને ગોળીબાર ઝીલવા તેમજ કારાવાસ

ભોગવવા તૈયાર થઇ ગઈ હતી. આ બહાદુર નારીઓએ દેશ માટે મહામૂલાં જીવતર ખરતાં કરતાં ઘડીનેય વિલંબ કર્યો નથી.

ગાંધીજીની હાકલ માત્ર ત્યાગ માટેની ન હતી. તેમણે સમાજને આદેશ આપ્યો કે સ્ત્રીઓને સમાન ધોરણે કેળવણી અને તાલીમની તકો મળવી જોઇએ. તેમણે એલાન આપ્યુ કે સૌ પ્રથમ સ્ત્રીઓને બંધન મુકત કરો. વિદેશી સત્તાનું બંધન, કાયદાનું બંધન, રિવાજોનું બંધન, અજ્ઞાન, વહેમ અને ભય જેવા સડાઓનું બંધન આવાં તમામ બંધનોમાંથી તેમણે સ્ત્રીઓને મુકત કરવા માટેની ઝુંબેશ ઉપાડી. સ્ત્રી ગુલામીમાંથી મુકત થાય અને તેનામાં આત્મવિશ્વાસ જાગે તે માટે તેને જવાબદારી ભરેલી ફરજો સોંપવાની શરૂઆત થઈ. તેમણે બહેનોને પણ કહ્યું, "તમારી ફરજ અદા કરો, જવાબદારીઓ પૂરી કરો, તમને હક્કો સામા ચાલીને મળી જશે.

ગાંધીજી સ્ત્રીઓની શકિતના સાચા પારખુ હતા. ખરેખર તો સ્ત્રીઓ જ પોતાનામાં રહેલી શકિતથી અજાણ હતી પરંતુ સ્ત્રીઓને પોતાની સ્ત્રી શકિત ઉપર અનન્ય શ્રધ્ધા હતી અને આથી જ ગુજરાતમાં દારૂ અને તાડીનાં પીઠાંઓ ઉપર તેમજ વિદેશી કાપડની દુકાનો ઉપર પીકેટીંગ કરવાનું કામ ગાંધીજીએ બહેનોને સોંપ્યું આખો દેશ આ જોઇને દંગ થઇ ગયો. ' પીઠા ઉપર આવતા મુફલિસ અને લફંગાઓ સામે આ નાજુક અને શરમાળ, સારા ઘરની સ્ત્રીઓનું શું ગજું ? મહાત્મા ગાંધીજીનું મગજ તો ઠેકાણે છે ને ? ' પણ ગાંધીજી તેમની આ પુત્રીઓની શકિતને વધુ નિકટતાથી પિછાનતા હતા. ગુજરાતની બહેનોએ સર્વત્ર અજબની શક્તિ બતાવી. ગરવી ગુજરાતણોએ ૧૯૨૦ થી માંડીને ૧૯૪૨ની ભારત છોડોની ચળવળ સુધી દરેક રાષ્ટ્રીય કાર્યક્રમોમાં પૂર્ણ શ્રધ્ધા તથા ઉત્સાહપૂર્વક જોડાઇને, દેશને તેમની શકિત તથા સંપુર્ણ દેશપ્રેમની ખાતરી આપી.

૧૯૪૨ માં મહાત્માજીનાં ધર્મપત્ની કસ્તુરબાનુ યરવડા જેલમાં અવસાન થતાં લોકફાળામાંથી. તેમની સ્મૃતિમાં કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ રચવામાં આવ્યું. ગામડાંનાં સ્ત્રી-બાળકોના વિકાસ માટે આ ભંડોળનો આજે દેશભરમાં ઉપયોગ થઇ રહ્યો છે.

ગાંધી બાપુના આવા સંસ્કાર સિંચનથી ગુજરાતમાં ખૂબ મોટી સંખ્યામાં નાના મોટા મહિલા કાર્યકરોની એક ફોજ તૈયાર થઇ ગઇ, જેઓ વિવિધ ક્ષેત્રે ગામડાઓમાં, સરહદી વિસ્તારોમાં, હરિજનોમાં, આદિવાસીઓમાં, શહેરોમાં સમાજોપયોગી સંસ્થાઓનું સ્વૈચ્છિક ધોરણે સફળતાપૂર્વક સંચાલન કરી રહી છે.

જ્યોતિસંઘ અને વિકાસગૃહ જેવી સ્ત્રી સંસ્થાઓએ હજારો બહેનોને આત્મહત્યામાંથી ઉગારી લીધી છે. સમાજની કાળઝાળમાં સળગી જતી બચાવી છે. શિક્ષણ અને તાલીમ વડે સ્વમાનભેર જીવન જીવવાનો રસ્તો બતાવ્યો છે. ગૃહઉદ્યોગ આપીને પગભર થતાં શીખવ્યું છે. સમગ્ર ગુજરાત ઉપર આ સંસ્થાઓની વ્યાપક અસર છે. આ સંસ્થાઓની સહાય વડે બીજી અનેક નાની મોટી સંસ્થાઓ પાંગરી છે અને વિકાસ પામતી રહી છે.

જ્યારે સમાજ કલ્યાણ બોર્ડની સ્થાપના દિલ્હીમાં થઇ ત્યારે એ કામ ઉપાડી લેવા ગુજરાત રાજ્યની અનેક સ્વૈચ્છિક સમાજ કલ્યાણની સ્ત્રી સંસ્થાઓ તે માટે તત્પર બની ચૂકી હતી.

ગુજરાતની પ્રગતિશીલ નીતિનાં મૂળ ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓમાં રહેલાં છે. નશાબંધીની સફળ નીતિને પરિણામે સામાજિક સંસ્થાઓ તથા કાર્યકરોએ એકો અવાજે લોકમત જાગૃત કર્યો છે, તેમાં બહેનોનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. પરિણામે પ્રજા ખૂબજ સુખી અને સમૃદ્ધ થઇ છે. ખાસ કરીને મજૂરો, ગરીબો, બહેનો અને બાળકો વધુ સુખી કુટુંબજીવન જીવવાની સ્થિતિમાં આવે છે.

કેળવણીના ક્ષેત્રમાં પણ સ્ત્રી શિક્ષણની સિદ્ધિ નોંધપાત્ર છે. છેલ્લાં ત્રીસેક વર્ષથી સ્ત્રી શિક્ષણનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું જ ગયું છે સ્ત્રીઓ આર્થિક દૃષ્ટિએ સ્વાવલંબી થવા માંડી છે. પોતાના સંસાર જીવનમાં દુઃખ, વેદના વગેરે મૂંગે મોઢે સહન કરવા માટે તે આજે ફક્ત ધર્મ, સંપ્રદાય, પૂજા, ભક્તિ વગેરેનું શરણું શોધતી નથી. ગુજરાતણ માટે આજે શરમાળપણું, બીક, નિષ્ક્રિયતા વગરે ભૂતકાળની બાબત બની ગયાં છે.

★★

સંકલન : નરેન્દ્ર આર. પટેલ
૩, ભગવતી સોસાયટી, (મહિયલ) તલોદ.

પહેલા બે અક્ષર કાઢી ને વાંચો

દરવાજા લગ્નમાં વાગે છે.
રાજકોટ પહેરાય છે.
સરોવર એટલે પતિ થાય.
બાલવાડીમાં ફલ ઉગે છે.
ઘાસતેલથી તળાય છે.

— છે છતાં નથી —

ઢીંગલી એ કોઇ ગલી નથી.
બિલાડી એ કંઇ લાડી નથી.
ટુવાલ એ કંઇ વાલ નથી.
ચોપાટી એ કંઇ લખવાની પાટી નથી.
અમદાવાદ એ કોઇ વાદ નથી.

કળિયુગનું મંદિર *

પરસોત્તમદાસ ગોવિંદભાઇ પટેલ
હીરાપુરકંપા

વાંચી આ લેખ કોઇ ખોટું લગાડશો નહિ.
બધ બેસતી પાઘડી ભાઇ, કોઇ બાંધશો નહિ
અનુભવ ખુદ છે મારો, તેમજ લખું છું હું અહિ.
હું સેવક છુ સેવકનો, એ તમો ભૂલશો નહિ
આ યુગ છે સિનેમા તણો, સૌ કોઇ જોવા જાય છે,
વાટે વાટે વિચારતાં, ફિલ્મ ગીતો ગવાય છે.
એક પિકચર એકવાર કે, બે ચાર વાર જોવાય છે.
પૈસા ન હોય પાસમાં તો ઉધાર ઉછીના થાય છે.
ટિકીટ બારી ઉપર ગરદી હોયને, ધકકા મુકકી થાય છે.
તક સાધીને ચોર લોકો, પાકીટ મારી જાય છે.
દરેક પિકચરમાં પ્રેમ છે, બસ પ્રેમથી જોવાય છે.
પ્રેમ કરવો કેમ તેની રીત બતાવી જાય છે.
જોયા તમાશા ફિલ્મના, અને સંસ્કાર સુધરી જાય છે.
માતા પિતાને ખબર નહિ, અને બેટો પરણી જાય છે.
નાત જાતનો સવાલ નહિ. બસ મીઠાં લગ્ન થાય છે.
નશો ઉતરે પ્રેમનો, ને નફરત પેદા થાય છે.
એક બીજાને ફાવે નહિ, તો છૂટાછેડા થાય છે.
પ્રેમ લગ્નનું ફિલ્મ નાટક જલ્દી પુરૂ થાય છે.
મંદિર ભૂલાયાં દેવોના, અને થીયેટરો ઊભરાય છે.
ભજન ભૂલ્યાં ભગવાનનાં અને ફીલ્મી ગીત ગવાય છે.
ટ્રાન્ઝીસ્ટરને લઇને બજારે ફરવા જાય છે.
માથા માથે રેડિયો મૂકી, ભાઇ તો ઊંઘી જાય છે.
વિદ્યાર્થીને સિનેમાનો, શોખ બહુ દેખાય છે.
મનોરંજનની મહેફીલમાં તો ભણતર બગડી જાય છે.
વર્ષ બગડે પોતાતણું, અને પૈસાનું પાણી થાય છે.
ઠપકો મળેછે વાલીઓનો અને પાછળથી પસ્તાય છે.
એક ભાઇને ત્યાં સત્યનારાણયની પૂજા પ્રેમેથાય છે.
ભાવિક ભકતો ભેગા મળીને, આરતી–ભજન ગાય છે.
તેજ ટાઇમે તેના દીકરા, પિકચર જોવા જાય છે.

પરમેશ્વરને ઊંચા મૂકી, પિકચરની પૂજા થાય છે.
સંસ્કાર ઊંચા ભારતના, આજે અગડતા જાય છે.
ધર્મ કર્મ પર ઘા કરનારાં પિકચર સાબિત થાય છે.
એમ પરશોત્તમ સાચું કહે, ભ્રષ્ટાચાર વધતા જાય છે.
શિષ્ટાચાર ભૂલી ગયા, અને દુરાચાર દેખાય છે.

★
★★

એજયુકેશન ❋

પટેલ કાન્તિલાલ એમ. B. E. I
કાશીપુરા કંપા (હિંમતનગર)

થાકયો હતો તે દિ,
વળી હતી પણ રજા તે દિ,
પાંજરામાં પુરાયેલા પંખી સમુ મન ચાહતું તું'—ઉડવને ગગનમાં.
ને આવ્યો વિચાર મુજને ફરવા જવાનો,
ગયો સ્ટેન્ડ પર હું એ સીટી બસના,
બેઠો દશેક મિનીટ ને બસ આવી,
મુસાફરોથી ખીચોખીચ ભરી એ બસ ઉભી,
ચડયા કેટલાક યુવાનો ધીંગા મસ્તી કરતા,
ચડયા સાથે કેટલાક જૂજ ભણેલા વૃધ્ધો
કર્યું શરૂ યુવાનોએ તોફાન બંદર ટોળાસમુ,
તોડયા કાચ બસના, બતાવવા બધાને કે,
" એજ્યુકેટેડ યુવાનો અમે "
પાડતોતો કંડકટર બુમો ટિકીટ તણી,
પણ............
દાદ ન આપી તેણે ઉતરી ગયું એ ટોળું,
જાણે ઉતરી ગયું સાગર તણું ભરતીનું મોજું,
ટિકીટ? લેવાની ન હોય ટિકીટ બસની,
બેઠા હતા એ વૃધ્ધો નિજ સ્ટેન્ડ આવ્યું છતાં,
કહ્યું કંડકટરે, " ઉતરો, સ્ટેન્ડ આવ્યું, "
પ્રત્યુત્તર મળ્યો "આપ્યા વિણ ભાડું શે ઉતરાય અમથી" ?
લીધા ટિકીટ એ જનોએ ઉતરી પડયા નિજ સ્ટેન્ડ.
આવ્યો વિચાર મુજને કોણ એજ્યુકેટેડ આ બધામાં ?
એ યુવાનો ? ના, એ જૂજ ભણેલ જનોજ.

—જય સનાતન—

પરોપકાર *

ચંદુભાઇ આર. પટેલ B. Sc.
દેસાઇપુરા

परोपकाराय फलन्ती वृक्षाः
परोपकाराय वहन्ती नद्यः
परोपकाराय दुहन्ती गावः
परोपकाराथ निंदम शरीरम् ।

સંસ્કૃતમાં કહ્યું છે કે આ દુનીયાની અંદર ઝાડ, નદી, ગાય વગેરે જડ અને પ્રાણીઓ પરોપકાર માટે જ પોતાનું જીવન જીવે છે. તેમને પોતાના અંગત સ્વાર્થની લેશ માત્ર આકાંક્ષા હોતી નથી. અગરબત્તી પોતે બળી ને બીજા ને સુવાસ આપે છે. આ જગતની અંદર મનુષ્યો પરોપકાર કરતાં પોતાનો અંગત સ્વાર્થ સાધવામાં વધારે પ્રયત્નશીલ છે.

પારકાના દુઃખે દુઃખી અને પારકાને સુખે સુખી થવું એ જ ઉત્તમ પ્રકારની ઉદારતા છે, પરોપકારી માણસ પોતાની પાસેનો પૈસો સારાં કાર્યોની પાછળ વાપરે છે. પોતાની શકિતનો દુઃખીજનોની મદદ માટે ઉપયોગ કરે છે. અને પોતાની બુદ્ધિનો ઉપયોગ જગતના કલ્યાણ ને અર્થે કરે છે આવા પરોપકારી માણસો બધાને ખુશ રાખી પોતાની પ્રીતિ વધારે છે. પ્રસંગોપાત બીજા માટે બની શકે તેટલો ભોગ આપનાર વ્યક્તિ સમાજમાં આદરણીય અને પૂજનીય લેખાય છે. તેનું જીવન કૃતાર્થ થયું લેખાય છે. પરોપકારીને મન સારી દુનીયા પોતાનું ઘર છે.

પૂજ્ય રવીશંકર મહારાજ, વિનોબાજી સરહદના ગાંધી, શાસ્ત્રીજી વગેરે અનેક પરોપકારી આત્માઓ આપણી આંખ સમક્ષ તરવરે છે. તેમણે પોતાનું સારૂંએ જીવન લોકકલ્યાણ અર્થે સમર્પિત કરી દીધું છે.

આ સંસારમાં આવ્યા પહેલાં આપણે પરમાત્માને કોલ આપીને આવ્યા છીએ કે " હે પરમ કૃપાળુ. મને તું મનુષ્ય જીવન આપ, હું એ મહામૂલું મનુષ્ય જીવન મેળવી હું પ્રાણીઓને અને દુઃખીજનો ને મદદ કરીશ".

આપણે સૌ નગુણા અને સ્વાર્થી છીએ. મનુષ્ય દેહ પામીને ઇશ્વરને આપેલું વચન ભૂલી જઇએ. "અભી બોલા ઔર અભી ફોક" એવું આચરણ કરીએ છીએ પૈસા અને શકિતનું આપણને અભિમાન આવી જાય છે. અને દાન પુન્ય કે પરોપકાર આપણને વેદીયાવેડા લાગે છે. અંત સમયે આપણી સાથે કોઇ

આવવાનું નથી ધન, દોલત, કે સોનું ઝવેરાત બધું જ અહીં રહેવાનું છે. માત્ર પરોપકારી મનુષ્યની કીર્તિ જ સમાજમાં વર્ષો સુધી જીવંત રહેવાની છે. કોઈક ભક્તજને ગાયું છે કે "જીંદગીમાં કેટલું કમાયા જરા સરવાળો માંડજો"

અહીં પૈસાનો સરવાળો નહીં પણ દાન-પુણ્ય, ગરીબોની સેવા, દુઃખીજનોનાં આંસુ લુછવાની વાત એવા પરોપકાર્યો ના સરવાળાની વાત ભક્તજનોએ કરી છે. ભવોભવના ભાથામાં (ભગવાનના ચોપડામાં) જમા કરતાં ઉધાર પાસું ન વધી જાય તેનો ખ્યાલ રાખવો એ માનવજીવનનું પ્રથમ કાર્ય છે. જમા પાસું નમતું રાખવા માટે આપણે પરોપકારનું પરચુરણ અને ઉદારતાનું નગદ નાણું ભરેલું રાખવું પડશે.

સંત વિનોબાજી કહે છે કે

" રોજ સાંજે સુતા પહેલાં દરેક માણસે વિચારવું જોઈએ કે આજે મેં મારા માટે તો ઘણું બધું કર્યું પણ પારકાને માટે કાંઇ કર્યું ? કોઇ માંદા માણસની સેવા કરી ? કોઇ ગંદી જગ્યાએ સફાઇ કરી ? કોઇ દીન-દુઃખીને મદદ કરી ? આખા દિવસમાં પરોપકારનું કોઈ કામ ન કર્યું હોય તો તે દિવસ નકામો ગયો એમ સમજવું.

યોગ વિયોગ *

લેખક : હરિલાલ ડી. પટેલ
પુરૂષોત્તમપુરા, પો. વડાગામ

અરણ્યને મારગ ચાલતાં રે ભેરૂ !
સંયોગના ભેટયા સીમડા રે
અદ્દભુત છે આ મિલન અનેરૂ
ચંદ્ર હસે ને સિતારા રે.
ધરતીના ખૂણાની ધૂળના ઢેરૂ
મનથી ચણ્યા મિનારા રે.
એક જ ડાળે આવ્યાં પંખેરૂ
મૈત્રીથી બાંધ્યા નેડા રે.
પગલાંની માથે પડતાં પગેરૂ
આરણમાં પડતા કેડા રે.
આતમની સાથે આતમ ઉમેરૂ
ઉર્મિની અંજલિ પીનારા રે.
વાતમાં ને વાતમાં આવી ગ્યો મેરૂ
કાળના દેખાયા કિનારા રે.
ધરતીના છેડે ઉતર્યું અંધેરૂ
આતમ શોધે ઉતારા રે.
'આવજો' ની વેળા આવી ગઇ ભેરૂ !
મેળાના રંગ છે ધૂતારા રે.
ક્ષિતિજના છેડે આભ અતિ ગેરૂ
વિરહના ત્યાં વરતારા રે.
નયનમાં રહેતાં સ્મરણ ખંડેરૂ
આવતાં જાતાંના વણજારા રે.

॥ શ્રી જય જગદંબા પ્રસન્નહો ॥

ચૈત્ર માસમાં લીમડાનું સેવન

અંબાલાલ જી. પટેલ
મુ. અજુપુરા (ડ કોર)
હાલ : એલ. એમ. કોલેજ ઓફ ફાર્મસી, અમદાવાદ–૯

ફાગણ અને ચૈત્ર માસમાં સેવન કરવા લાયક સર્વોત્તમ ઔષધ ગણો, તો લીમડાનો રસ, લીમડાની માંજર અને લીમડા પર ચઢેલી ગળોનું સત્વ.

લીંમડો તો જાતેજ મોટો વૈદ્ય છે નીરોગીનું રસાયણ અને રોગીનું રામબાણ ઔષધ છે.

वैद्य राजगृहे सन्तु प्राप्यन्ते निर्धनैः कथम् ।
निर्धनानां जनानां तु निम्ब एव परो मीवगा ।

વૈદ્યો તો મોટા મોટા રાજદરબારોમાં જતા આવતા હોય, એટલે નિર્ધનોને મળવાનો અને ગરીબોની સારવાર કરવાનો વખત એમને કયાંથી મળે, એમ ગણી ગરીબ માણસોએ ગભરાવાની જરૂર નથી કારણ લીબડાતો મોટામાં મોટે વૈદ્ય છે.

ભારતના ગામે ગામ અને જંગલે જંગલે લીમડો જોવા મળે છે પણ તેની આપણને કિંમત નથી. ઘર આંગણે લીંમડો હોય તો ઘણા ફાયદા થાય પણ તેનો લાભ કોણ ઊઠાવે ? તેની હવા પણ શીતળ અને તેના પાંચેય અંગ કામમાં આવે

૧ **લીમડાનો ગુણ** — જાતે શામક, હલકો, ગ્રાહી અને સ્વાદમાં કડવો છતાં સર્વશ્રેષ્ઠ

निम्बस्य तिबत्तके श्रेष्ठः કડવાસમાં લીમડો સર્વશ્રેષ્ઠ છે.

૨ **લીમડાના પાન** — આંખને હીતકારી અને વાત કારક તો પણ બધાજ પેટની અરૂચિથી પેદા થતા રોગો શમાવે જવર (તાવ) કોઢ કૃમિ વિષ વગેરે દૂર કરે.

૩ **લીમડાના ફળ** — કડવાં, મલભેદક હલકાં, ગરમી, કોઢ, ગુલ્મ પ્રમેહ વગેરે રોગને શમાવે.

૪ **લીમડાની છાલ** — અત્યંત શામક અને ગરમીને શમાવનાર.

૫ **લીમડાના કાષ્ઠ** — લીમડાનું દાતણ કરવાથી ઘણા ફાયદા થાય છે. મુખની શુધ્ધિ થાય છે અરુચિ દૂર થાય છે. શરૂઆતમાં કડવાશ આવે છે. પણ પાછળથી મુખમાં મધૂરતા આવે છે અને મુખની કાંતિ વધે છે દાંત દઢ થાય છે.

પ્રયોગ – ગમે તેવો જૂનો, મંદ ટાઢિયો તાવ આવતો હોય. કે ગરમ તાવ હોય [illegible] સૂકવેલા પાનનું ચૂર્ણ કરી દિવસમાં ત્રણ થી ચાર વખત લેવું કબજીયાત રહેતી હોય તો સાથે કાળાં મરી લેવાં.

ફાગણમાં અને ચૈત્રમાં રોજ સવારે તાજી માંજર અને તાજાં પાન પીસી વાટી રસ કરી અંદર કાળાં મરી વાટીને નરણા કોઠે પી જવાથી બધી જાતના પ્રદર, પ્રમેહ, ડાયાબિટિસ (મીઠો પેસાબ) લોહીની તજા ગરમી વગેરે ભયંકર રોગ દૂર થાય છે. અને નવી તાજગી આવશે: નીરોગી માણસે પણ આ સેવનનો પ્રયોગ કરવો જોઇએ. આ એક ઉત્તમ રસાયણ છે. જેથી શરીરની કાંતિ વધે છે. અને શકિત આવે છે.

કોની પાસેથી શું શિખશો ?

સંગ્રાહક - કાન્તિલાલ ધનજીભાઈ પટેલ, ઉવારસદ

૧. સૂર્ય — અતિ ઉગ્ર બનશો તો, કોઇ તમારી સામું નહિ જુએ.
૨. ચંદ્ર — અભિમાન કરશો નહિ. દરેકના જીવનમાં દૂષણો (ડાઘ) હોય છે. છતાં શિતળતા આપો
૩. ઘડિયાળ — સમય ચૂકશો તો કિંમત ઘટશે.
૪. અરીસો — જેવા હો, તેવા દેખાવ દંભ રાખવા પ્રયત્ન ન કરો. નિર્મળ બનો.
૫. સાણસી — પોચું પકડશો તો પકડાઇ જશો. પ્રતિજ્ઞાની પકડ મજબૂત રાખો
૬. અગરબત્તી — જીવન પૂરૂ કરો તે પહેલાં સુવાસ છોડતા જાઓ.
૭. સોય — જુદા થયેલાને ભેગા કરો.
૮. વાદળી — મારી જેમ વરસી જતાં શીખો.
૯. સમય — મારા કરતાં તમારી જીંદગી ટૂંકી છે.
૧૦. તક — મને ગુમાવી દેનારને હું પાછી મળી શકતી નથી.
૧૧. લક્ષ્મી — મને યોગ્ય રીતે છૂટે હાથે વાપરનારને કદી છોડતી નથી. પૂણ્યનો નહીં, પાપનો હિસાબ રાખજો.

મોટા દાન કરતાં દુ:ખી પ્રત્યેનું આશ્વાસન પ્રભુને વધુ પ્યારું લાગે છે

૧૦૦ ની કરામત —

સંકલન : નરેન્દ્ર આર. પટેલ
૩, ભગવતી સોસાયટી (મહિયલ) તલોદ

૧૦૦નલ છોકરીનું નામ છે.
૧૦૦નેરી ગુજરાતના માજીપ્રધાન હતા.
૧૦૦પારી મુખવાસમાં વપરાય છે.
૧૦૦મનાથનું મંદિર ગુજરાતમાં છે.
૧૦૦દાગર વેપાર કરે છે.
૧૦૦લકર ક્રિકેટર છે.
૧૦૦ગંદ સત્યની પ્રતિતિ માટે ખવાય છે
૧૦૦ડા એક પીણું છે.
૧૦૦મવાર રવિવાર પછી આવે છે.
૧૦૦લે પીકચરનું નામ છે.

ભારતની પ્રાદેશિક ખાસિયતોનું દર્શન હળવી નજરે

ભારત-(પ્ર)દર્શન *

(નવનીત, ગુજરાતી ડાયજેસ્ટ, ઓગસ્ટ ૧૯૭૩ માંથી સંપૂર્ણ સાભાર)

કેશવલાલ હીરજીભાઇ પટેલ, સુરત.

ભારત વિવિધ જાતિઓ અને 'કલ્ચર' નો દેશ છે. વાસ્તવમાં એ ઘણા 'કલ્ચર' નો શંભુ મેળો છે અને એમાં મોટા ભાગના લોકો એવા છે કે જેમનુ 'કલ્ચર' એગ્રીકલ્ચર છે. સમગ્ર દેશ વિવિધ રંગી જાતિઓનો 'કેલિડોસ્કોપ' છે. પણ એના કાચ એકજ ખૂણે ગોઠવી શકાય એમ નથી તમે જાતે જ ગોઠવીને જરા જુઓ તો

બંગાળી :—

ભારતના એ બુલબુલ છે બંગાળી કદી બોલતો નથી. ગાય છે એ ચાલતો નથી તરે છે. જ્યારે બંગાળી પોતાના દેશ વિશે બોલતો હોય, અરે ગાતો હોય ત્યારે એ બંગાળને જ લક્ષમાં રાખતો હોય છે, એ કુશળ રાજકારણી બની શકે છે કારણ કે એ સારો ક્રાંતિકારી છે પણ એ સારો ક્રાંતિકારી ન હોય ત્યારે સારો ક્રાંતિ વિરોધી હોય છે બંગાળી જેની ખૂબ પ્રશંશા કરે છે એ સંસ્કૃતિ બંગાળી જ હોય છે.

એ ભારતનો 'આઇરીશ' છે અને એશિયાનો ફ્રેન્ચ છે અહિંસક મુગ્ધતાથી એ કહેશે કે બંગાળીઓ જ દેશમાં સૌથી વધારે સભ્ય અને બુદ્ધિશાળી પ્રજા છે. હિન્દી ભાષાની સામ્રાજ્યશાહીને તેઓ ધિક્કારે છે પણ એમની દૃષ્ટિએ બાંગ્લાની સામ્રાજ્ય શાહી એ રાષ્ટ્રભાષાના વિવાદાસ્પદ પ્રશ્નનો સર્વોત્તમ ઉકેલ છે. જેમ શેક્સપિયરની ભક્તિ ન કરતા હોય એવા અંગ્રેજો ઓછા હોય છે. એમ ટાગોરને ન પૂજનારા બંગાળી પણ ઓછા છે.

'આવતા અઠવાડિયાથી સંદેશ (બંગાળી મીઠાઇ) નહિ મળે' એ વિચારથી તેઓ ભયભીત થઇ જાય છે. બંગાળીઓ સારા વકીલ બની શકે છે. ઉપરાંત તેઓ કવિઓ, દેશ ભક્તો અને કેળવણીકાર તરીકે પણ ખ્યાતિ પામ્યા છે. ફૂટબોલના (પ્રેક્ષક તરીકે) અત્યંત વ્યસની બંગાળીઓ સારા ક્રિકેટવીર નથી. એક બંગાળી=સંગીતકાર, બે બંગાળી=અડ્ડો, ત્રણ બંગાળી=હડતાળ.

આંધ્રવાસી:—

 દરેક પહેલો આંધ્રવાસી કવિ છે બીજો દેશ ભક્ત અને ત્રીજો ધૂની (બુદ્ધિ શાળી હોવાથી) અત્યંત ઉત્સાહી હોવાથી તેઓ છેલ્લામાં છેલ્લી ફેશનને અનુસરે છે મૌલિક હોવા છતાં તેઓ તામિલોનું અનુકરણ કરવા ઝંખે છે તેઓ સારું મિશ્રણ છે પણ ખરાબ સંયોજન છે. એમની નિકાસ કરવામાં આવે ત્યારે જ તેઓ સફળ થાય છે. એમને લડવું ગમે છે. ખાસ કરીને અંદરોઅંદર એક આંધ્રવાસી =કવિ, બે આંધ્રવાસી=નાટક, ત્રણઆંધ્રવાસી=રાજકીય પક્ષ

સિંધી :—

એજો ગિદવાણી નહિ હોય તો અદવાણી હશે અને મલકાણી નહિ હોય તો થડાણી હશે, પણ અંતે 'અણી' તો હશે જ સારો પોશાક પહેરવો એમને ખૂબ ગમે છે. અને તેઓ ક્રુર શરાફ બની શકે છે.

એક સિંધી=શરાફ બે સિંધી=લગ્નનું બજાર ત્રણ સિંધી=સનાતન ત્રિકોણ

મારવાડી :—

વેપાર એમના લોહીનો ગુણ છે અલ્પકાળમાં તેઓ આસપાસની પરિસ્થિતિ કે સમાજને અનુરૂપ બની શકે છે. શુદ્ધ શાકાહારી હોવા છતાં તેઓ બંગાળીની અસર નીચે માછલીને માંસાહાર ગણતા નથી સહેજ પ્રેરણા મળતાં મંદિરો બંધાવવા તૈયાર થઇ જતા આ લોકોની કિર્તિ માટેની ભૂખ વિખ્યાત છે. એક મારવાડી=સેફડિપોઝીટ, બે મારવાડી=કોર્ટમાં કેસ, ત્રણ મારવાડી=લિમિટેડ કંપની

ઉત્તર વાસીઓ :— આ સરળ, સ્નેહાળ નિખાલસ, ધીમા અને આતિથ્ય ભાવનાવાળા લોકો

માને છે કે ભારતના લોકોમાં એ ઓછામાં ઓછા પ્રાંતીયતાવાદી છે, ઘણું કરીને એનું કારણ એ છે. કે એમના પ્રદેશની હદ ક્યાંથી શરૂ થાય છે. અને ક્યાં પૂરી થાય છે એનો જ એમને ખ્યાલ નથી. એ યમુના ના વધારે ભક્ત છે કે ગંગાના એ નક્કી કરવું સહેલ નથી.

ઉત્તરવાસીઓ સારા કાર્યકર્તાઓ છે, છતાં તેઓ નેતાઓની આયાત કરે છે. એમનામાં ઘણા મોટા લેખકો છે. અને જે લેખકો નથી. એ સારા વાંચકો તો

છે જ તેઓ માને છે કે પંજાબીઓ કરતાં એમની ઉદારતા વધારે છે જમવાની બાબતમાંતો ચોક્કસ ભારતમાં બીજે કયાંય નહિ હોય એટલા સંઘર્ષ અહીં છે. અભ્યાસ વર્તુળોની અહીં ફેશન ચાલે છે, જો કે અભ્યાસ અપવાદ રૂપે જ થતો હોય છે

એક ઉત્તરવાસી=પાન ખાવાની પ્રક્રિયા, બે ઉત્તરવાસી=હોકાપાણી

ત્રણ ઉત્તરવાસી=પ્રગતિશીલ લેખક મંડળ

મલયાળી :—

મલયાળી પોતાની જાત ને કેરળપુત્ર ગણાવે છે. અને જો એના આગમનને સલામતી બક્ષવામાં આવે તો એ ગમે તેવા ઉજ્જડ પ્રદેશમાં જવા પણ તૈયાર થાય છે. આ કલાકાર જયાં જાય છે ત્યાં કથકલી સાથે લેતો જાય છે. સફળ થવા માટે મલયાળી શું ના કરે એ સવાલ છે. એ દેખાવ કરી શકે છે, અને પોશાકમાં પંજાબી નું અનુકરણ પણ કરી શકે છે. પોતાના વિશે એ બહુ ઊંચો મત ધરાવે છે અલબત્ત, બીજા લોકો એ મત સાથે સમત થતા નથી.

એક મલયાળી=વિદેશમાં વસતો કેરળ પુત્ર. બે મલયાળી=કથકલી, ત્રણ મલયાળી=કેરળ–કલબ.

પંજાબી —

ગમે તે ક્ષણે અને ગમે તે સ્થળે ફેશન પરેડ માટે આદર્શ રૂપ લાગતા પંજાબીઓ જિંદગીનો મોટો ભાગ મેકઅપ કરવા પાછળજ પસાર કરે છે. ઉચ્ચ મધ્યમ વર્ગના પંજાબીઓમાં બ્રિલિયન્ટાઇન અને પોમેડ એ જીવનની અનિવાર્ય આવશ્યકતાઓ છે. એમને 'ટેરિકલ્ચર' એ 'એગ્રિકલ્ચર' કે એકલા કલ્ચર' કરતાં વધારે મહત્વનુ છે.

પંજાબી વિચારતા નથી, કાર્ય કરે છે, એથી તો મુંબઇના ફિલ્મ સ્ટોરમાં આગલી હરોળમાં એમની સંખ્યા વધારે છે. એમને દેખાવ કરતાં સરસ આવડે છે. મુંબઇ નું બારું પણ છોડયું ન હોય છતાં તેઓ લંડન 'રિટર્ન' ની છાપ પાડી શકે છે. એ પંજાબી કરતાં ઉર્દૂ બોલવું વધારે પસંદ કરે છે એથી તો એ હિન્દુ, મુસ્લિમ, જાટ કે શીખ છે, એ ભાગ્યે જ કોઇ જાણી શકે છે.

એક પંજાબી=દેશીદારૂ, બે પંજાબી=સ્કોચ વ્હીસ્કી. ત્રણ પંજાબી=હિન્દુસ્તાન, પાકિસ્તાન, શીખીસ્તાન.

ગુજરાતી :—

ગુજરાતીઓ સારા ધંધાદારી છે, રાજકારણ એમનો ગૌણ ધંધો છે. તેઓ સારા મહાત્મા અને સારા મિલ માલિકો છે. એમને પછેડી જોઈ પગ લંબાવતાં આવડે છે એમની ભાષાની પ્રચલિત કહેવત 'દીકરી ને ગાય જ્યાં દોરે ત્યાં જાય' બદલી ને આમ લખવા જેવી છે, 'ગુજરાતી ને ગાય જ્યાં ઘાસ દેખે ત્યાં જાય.'

એક ગુજરાતી=ગાંધીવાદી, બે ગુજરાતી=દુકાનદાર, ત્રણ ગુજરાતી=લિમિટેડ કંપની.

તમિળ :—

તમિળીઓ એમ માને છે કે એમની સંસ્કૃતિ વધારેમાં વધારે પ્રાચીન છે. જો કે હાલ તો મોજશોખની ચીજોની સંસ્કૃતિમાં જ એમનો ફાળો સવિશેષ છે. તેઓ સારા વાળ સમારનાર પણ ખરાબવાળ કાપનારા છે. સારા સ્ટેનોગ્રાફર પણ ચીકણા વકીલો છે.

તમિળીને ગણિત ખગોળશાસ્ત્ર, તાંત્રિક સાહિત્ય અને સાંભાર જેવા પ્રવાહી પદાર્થ બહુ ગમે છે. અત્યંત વ્યવહારુ અને શકિતશાળી આ લોકો લાગણીની બાબતમાં વિશ્વસપાત્ર નથી ફિલ્મમાં તેઓ સારા પ્રેમીઓ બની શકે છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં એ સફળ હરીફ બનવા તલપાપડ હોય છે અને કલકત્તા, દિલ્હી કે વિદેશમાં ક્યાં સ્થિર થવું એ ચોકકસ જાણે છે.

એક તમિળી=સ્ટેનો, બે તમિળી=ચર્ચા સભા

ત્રણ તમિળી=મદ્રાસી હોટેલ.

મરાઠી :—

વ્યવહાર કુશળ ગણાતા મરાઠી લોકોને વહીવટી કાર્યમાં ખૂબ રસ છે એમના ચાર મહાપુરુષો છે શિવાજી, ગોખલે, ટિળક અને બ્રી. શાંતારામ રાજકારણથી થાકે છે ત્યારે તેઓ ઝડપથી સિનેમામાં ઝંપલાવે છે. એમને ભણાવવાનું અને સામાજિક કાર્ય કરવાનું બહુ ગમે છે.

એક મરાઠી=શિક્ષક, બે મરાઠી=માધ્યમિક શાળા

ત્રણ મરાઠી=એજ્યુકેશન સોસાયટી.

પારસી :—

એક પારસી=અગ્નિપૂજા, બે પારસી=લાખોપતિ, ત્રણ પારસી=વિશ્વબંધુત્વ

આસામી :—

એક આસામી=લવાદની માગણી, બે આસામી મણિપુરી નૃત્ય, ત્રણ આસામી =પૂર રાહત સમિતિ

મહર્ષિ દયાનંદ સરસ્વતી

પ્રભુલાલ ધનજીભાઈ વેલાણી

"મહર્ષિ દયાનંદ હિંદના આધુનિક ઋષિયોમાં, સુધારકોમાં, શ્રેષ્ઠ પુરુષોમાંના એક હતા. રાષ્ટ્રીય શિક્ષણ, કન્યા કેળવણી અને દલિતોધ્ધાર થી ન ભૂલી શકાય તેવી રાષ્ટ્ર ની મહાન સેવા તેમણે કરી છે."

મહાત્મા ગાંધી

મહાત્મા ગાંધી એ જેમને સુવર્ણ અક્ષરોએ નવાજ્યા તે દયાનંદ નો પ્રાદુર્ભાવ સૌરાષ્ટ્ર માં ઇ. સ ૧૮૨૪ એક શ્રીમંત તહસીલદાર અને જમીનદાર શ્રી કરસનજી ને ત્યાં થયો હતો. તેમનું બાળપણનું નામ મૂળશંકર હતું. તેમના પિતાશ્રી મૂળ તો શિવના ઉપાસક હતા. તેથી બાળક મૂળશંકર નાનપણથીજ શિવની પૂજા ભકિતમાં પ્રવિણ બને તેવા સંસ્કારો રેડવા લાગ્યા.

બાળક મૂળશંકર ને પણ પિતાજી ની ક્રિયાઓમાં રસ પડવા લાગ્યો અને ચૌદમે વર્ષે શિવરાત્રીની શુભ રાત્રી એ શિવમંદિરમાં જાગરણ માટે ગયા કે જે જાગરણે સારાય ભારત વર્ષ ને જગાવી ગયું. શિવલીંગ ઉપર કુદતા ઉંદરો ને જોઈ એ પાષાણના શિવ પરથી શ્રધ્ધા ડગી ગઇ. આ દૃશ્યે તેમનાં ચર્મચક્ષુ ની સાથે જ્ઞાનચક્ષુ પણ ઉઘાડી નાખ્યાં. પોતાની શંકાઓનું સમાધાન પિતાશ્રી પાસે ન થતાં તેજ સમયે ઘેર જઇ ઉપવાસનું પારણુ કરી નાખ્યું. આ બનાવ પછી તેમની નાની બહેન તેમજ કાકાના મૃત્યું એ પણ તેમના મનપર જબરી અસર કરી એમને જીવન પર વૈરાગ્ય આવ્યો અને ખરા શિવની શોધમાં ઘરનો ત્યાગ કર્યો.

જ્યાં ત્યાં ભટકી કેટલાંય કષ્ટો સહન કર્યા. જ્યાં સાધુ સન્યાસી મળે તેમની પાસે રહી અધ્યયન કર્યું. પરંતુ તેમની શંકાનુ સમાધાન ન થતાં તેમને છોડી કોઈ બીજા સાધુની શોધમાં નીકળી પડતા. વડોદરામાં બ્રહ્માનંદ સ્વામી નો ભેટો થતાં તેમને વેદાન્ત નો ચેપ લાગ્યો અને તેમની પાસેથી જે જ્ઞાન લાધું તે મેળવ્યું તે પછી પૂર્ણાનંદ સરસ્વતી નામના પ્રખર વિદ્વાન પાસે વિધિપૂર્વક દિક્ષા લીધી તેમણે મૂળશંકર ને દયાનંદ સરસ્વતી નામ આપ્યું તેમની પાસે રહી બ્રહ્મવિદ્યા, યોગ વિદ્યા, વેદાન્ત વગેરે નો અભ્યાસ કર્યો પરંતું તેમને ત્યાં પણ સાચા શિવનાં દર્શન ન થયા. તેમની પાસેથી પણ વિદાય લીધી.

ફરીથી ભટકવાનું ચાલુ થયું અંતે બત્રીસ વર્ષની ઉંમરે મથુરામાં પ્રવેશ કર્યો. ત્યાં અન્ધચક્ષુ વીરજાનંદજી સરસ્વતી સાથે મુલાકાત થઇ અને તેમના ચરણોમાં

રહી અષ્ટાધ્યાય, મહાભાષ્ય, ઉપનિષદો, વેદાન્ત સૂત્ર, વ્યાકરણ વગેરેનો ગાઢ અભ્યાસ કર્યો. અઢી વર્ષ ને અંતે અધ્યયન પુરુ કરી ગુરુ દક્ષિણામાં ભારતમાં ફેલાયેલા અજ્ઞાન ને દૂર કરવા, સામાજીક સુધારો કરવા, અને વૈદિક સંદેશ સારાય વિશ્વમાં ફેલાવવા પોતાનું સર્વસ્વ અર્પણ કરી દેવાનું વચન આપી વિદાય લીધી.

લોકોની વચ્ચે આન્ધા અંધશ્રધ્ધા, અજ્ઞાન અને ગુલામી ની સાંકળમાં જકડાયેલા દેશને ઢંઢોળ્યો. ધર્મ અને રાજકારણના વિવિધ ક્ષેત્રે તેમણે ઝૂકાવ્યું. સામાજીક સુધારા તરફ પણ પ્રયાણ કર્યું. અસ્પૃશ્યતા નિવારણ, બાળલગ્ન નિષેધ, વિધવા વિવાહની હિમાયત એમણે આજની કોંગ્રેસ જન્મી પણ ન હોતી ત્યારે કરી હતી. ભારતીય સંસ્કૃતિની અસ્મિતાને પુનર્જીવન આપ્યુ વેદોના સાચા અર્થો કરી આપણી સમક્ષ મૂકયા અને સંસારમાં ઉત્પન્ન થયેલા દરેકે દરેક જીવને વેદ ભણવાનો અધિકાર છે તેમ સમજાવ્યું.

ગુલામીથી જકડાયેલા લોકો માં 'સ્વરાજ્ય' નો મંત્ર ફૂંકયો. અને ખરેખર આપણે અજાણ છીએ પરંતુ તેમણે ૧૮૫૭ના સ્વાતંત્ર સગ્રામમાં પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો હતો. સ્વાતંત્ર્ય સંગ્રામ ના લડવૈયાઓને મહર્ષિ દયાનંદનું માર્ગદર્શન અને પ્રેરણા મળી હતી.

સ્વરાજ્ય ની જાગૃતિ સાથે વૈદિક ધર્મ ના પ્રચારમાં પણ અલગ રહયા. અન્ય પંથો-સંપ્રદાયો ના વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરી પ્રેમથી સમજાવી વેદો ના સાચા જ્ઞાન થી વાકેફ કર્યા. મતપંથની પોલ પ્રગટ કરી, કુંભમેળામાં પાખંડ ખંડિની ધ્વજા ચઢાવી દેશને ધર્મના નામે ચાલતા ધતિંગોમાંથી બચાવવા નો પુરુષાર્થ એમણે આદર્યો. તેઓ હર હંમેશ કહેતા "હું કોઇ નવો ધર્મ નથી બનાવતો, કોઇ નવો પંથ શરૂ નથી કરતો. પરંતુ આપણો જે આપણા પૂર્વજોની સંસ્કૃતિને છે. ધર્મને ભૂલી ગયા છીએ તે ફરી પાછું અપનાવવા કહું છું જે હર હંમેશ સત્ય અમ તેઓ સત્ય ના ખૂબજ આગ્રહી હતા આ સત્ય જ્ઞાન ના પ્રચાર અર્થે ઇ. સ. ૧૮૭૫ માં મુંબઇ માં આર્યસમાજ નું બીજ વાવ્યું જે આજે વિશાળ વૃક્ષ ના રૂપે દેશવિદેશમાં ફેલાઇ ચૂકયું છે,

તેમની માતૃભાષા ગુજરાતી હોવા છતાં સર્વપ્રથમ રાષ્ટ્રભાષા તરીકે હિન્દી અને ધર્મની ભાષા સંસ્કૃતની ઘોષણા કરી હિન્દી અને સંસ્કૃતમાં કેટલાંય પુસ્તકો લખ્યાં તેમનું મુખ્ય પુસ્તક "સત્યાર્થ પ્રકાશ" ખૂબજ પ્રચલિત છે. વેદોના સાચા ભાષ્યો કરી આપણી સમક્ષ મૂકયા.

 તેમના સાચા ધર્મના પ્રચારે જેમની રોજીરોટી તૂટી, જેમની પ્રતિષ્ઠાને ધક્કો લાગ્યો એવા સાધુમહંતો ધર્મના ઠેકેદારોએ એમની સામે કાદવ ઉડાડવા પ્રયાસ કર્યો અનેકવાર ખોરાકમાં ઝેર આપવામાં આવ્યું પરંતુ અખંડ બ્રહ્મચર્યના બળે તે પહોંચી વળ્યા. પરંતુ તેમના રાજસ્થાનના પ્રવાસ દરમિયાન જોધપુરમાં તેમના વિશ્વાસુ રસોઇયા જગન્નાથને ધનની લાલચથી ફસાવી દૂધ સાથે ઝેર આપવામાં આવ્યું દૂધના ઈન્સાફની સાથેજ ખબર પડી કે તેમની સાથે દગો કરવામાં આવ્યો છે. જેની સામે ટકી શકાય તેમ નથી. રસોઇયા જગન્નાથને બોલાવી ખરી હકીકત જાણી આ દયાના સાગરે તેને ક્ષમા કરી ધનની થેલી અર્પણ કરી બને તેમ જલદી તે સ્થાન છોડી નેપાળ ભાગી જવા સૂચવ્યું અને પોતાના નાશવંત દેહને છોડી ઇશ્વરની પરમ ગોદમાં જઇ વસ્યા.

ઇ. સ. ૧૮૮૩ની દિવાળીની રાત્રે આર્યાવર્તનો અનુપમ પ્રકાશ દીપક અનેક દિવડાઓ પ્રગટાવી ઓલવાઇ ગયો ભારતમાં ફરીથી આપણા પૂર્વજોની સંસ્કૃતિનો દીપ પ્રગટાવવા સ્વામી શ્રધ્ધાનંદ, લલા લજપતરાય, મહાત્મા હંસરાજ, મહાત્મા ગાંધી વગેરે રત્નો પેદા કરત. ગયા. ખુબ નાની ઉંમરે મહાન કાર્ય કરી વિદાય લીધી તેમના કાર્યોએ તેમને અમર બનાવ્યા આપણે પણ તેમના જીવનમાંથી પ્રેરણા લઇએ,

સ્વ સરદાર પટેલને પણ ઋષિ માટે લખવું પડયું કે " રાષ્ટ્રના ઘડતરની એક પણ એવી પ્રવૃતિ નથી કે જેની શરૂઆત સ્વામી દયાનંદના હાથે ન થઈ હોય રાષ્ટ્ર શિક્ષણની પ્રવૃતિ શરૂ કરવાનુ શ્રેય એમને ફાળે જાય છે.

ખરેખર મહર્ષિ દયાનંદે ભારતને સાચી વૈદિક સંજીવની ન અર્પી હોત તો આજે રામકૃષ્ણની સંસ્કૃતિ સમાપ્ત થઇ ગઇ હોત.

પ્રો. મેકસમુલરે પણ લખ્યું છે " સ્વામી દયાનંદ ભારે ઉદાર હ્રદયના હતા. સંસ્કૃતના પ્રકાંડ વિદ્વાન અને વેદોના ઉદ્‌ભવ જ્ઞાતા હતા. તેમણે ભારતમાં જીવન જ્યોતિ જગાવી દીધી.

કવિવર રવિન્દ્રનાથ ટાગોરે પણ લખ્યુ છે કે " મેં આધુનિક ભારત કે માર્ગદર્શક ઉસ દયાનંદ કો આદર પૂર્વક શ્રદ્ધાંજલિ દેતા હૂં જીસને દેશકી પતિત વસ્થામેં સીધે યા સચ્ચે માર્ગ કા દર્શન કરાયા તથા જીસકે મનને ભારતીય જીવન કે સબ અંગો કો પ્રદિપ્ત કર દિયા.

1976 -Jagruti (192)
1976-04 -Jagruti

મહીલા જાગરણ *

લેખક : દમયન્તી પટેલ B. Sc.
જબલપુર

આજ આવશ્યકતા હૈ મહિલા જાગરણ કી ! વૈસે તો સમાજ કે સભી પ્રમુખ લોગ નારી કા જીવન સ્તર ઉંચા ઉઠાને કે લિએ બડી બડી બાતે કરતે હય લેકિન સુવિકસિત સ્થિતિ મેં પહુંચને કે લિયે જો કિયા જાના ચાહિયે ઉસ પર કોઇભી પ્રગતિ નહી હુઇ હય ! દેશ કી આધી જનસંખ્યા કા પિછડાપન દૂર કરને કી સમસ્યા અપને યુગ કી સબસે બડી સમસ્યા હય ! અન્ય સમાજોં મેં ઇન વિષયોં પર ભિન્ન ભિન્ન પ્રકાર કે કાર્ય હુએ હૈ લેકિન અપને સમાજ મેં કન્યાઓ કો દો ચાર કક્ષા પઢાકર સંતોપ માન લેતે હય !

આજ આવશ્યકતા હય બોદ્ધિક જ્ઞાન કી ! નર ઓર નારી મનુષ્ય સમાજ કે અભિન્ન અંગ હય ! સમાજ કી પ્રગતિ કે લિયે દોનોં કા બરાબર યોગ દાન ચાહિયે ! યહ તભી સંભવ હોગા જબ દોનો હી સમાન રૂપ સે યોગ્ય બને ! ગાડી કે પહિયો કી તરહ ઉનકા સ્થર ઔર મજબૂતી એકસી હો ! શરીર કે આધો હિસ્સે મેં લકવા માર જાય તો આધે શરીર સે કિસી તરહ જીવન કી ગાડી ધકેલી તો જા સકતી હય, કિન્તુ કુછ મહત્વપૂર્ણ કાર્ય નહીં કિયા જા સકતા ! એક ટાંગ, એક હાથ, એક આંખ અથવા એક ફૂફડે ઔર એક ગુર્દે વાલા વ્યકિત શકિતહીન ભી રહેગા ઔર ઉપહાસ કા પાત્ર ભી ! નારી કો પિછડી સ્થિતિ મેં બનાયે રખને સે, સમાજ ભી લગભગ ઐસી હી સ્થિતિ મેં બના રહેગા ઔર ઉજ્જવલ ભવિષ્ય કા, પ્રગતિ તથા સમ્પન્નતા કા લાભ નહીં ઉઠા સકેગા !

નારીકી પ્રગતિમેં અનેક રુકાવટે હૈ જૈસે પર્દાપ્રથા, તરહ–તરહકે પ્રતિબંધ, શિક્ષા, સ્વાસ્થ્ય તથા સ્વાવલંબન મેં પિછડાપન આદિ ! નર ઔર નારી કે બીચ ભારી ભેદભાવકી પરંપરામેં ચલ રહી હય ! પુત્ર ઔર પુત્રી કે પ્રતિ વ્યવહારમે અંતર, સમાજ મેં પુરૂષ કે પ્રતિ સુવિધાયે ઔર નારી પર લગે પ્રતિબંધ બડી દયનીય સ્થિતિ પેદા કરતે હૈ ! યહ સ્થિતિ સામાજિક સ્તર પર ખુલે આમ ન્યાય કા મખૌલ ઉડાતી હૈ ! જિસસે મનુષ્યતા કે આમ અધિકાર ભી છીનલિયે ગયે હૈ, એસી નારી ન અપની પરિસ્થિતિ સંભાલ સકતી હૈ, ઔર ન પરિવાર તથા સમાજકી પ્રગતિમેં કુછ કરને યોગ્ય સહાયતા કર સકતી હય !

સમયકી માંગ હય કિ નારી સમસ્યા પર નયે શિરે સે વિચાર કિયા જાયે ! ઉસકા પિછડાપન દૂર કરકે સામાજિક ન્યાય ફિરસે સ્થાપિત કિયા જાયે ! શિક્ષિત,

સ્વાવલંબી, સુયોગ્ય ઔર સુવિકસિત નારી સ્વયં અપને લિયે વરદાન સિધ્ધ હોગા ! વહ પરિવાર સંસ્થાકા સંચાલન યોગ્યતા સે કર સકેગી, તથા વ્યકિત ઔર સમાજ નિર્માણ મેં આશા સે અધિક યોગદાન દે શકતી ! નયી પીઢીકા ઉત્સાહવર્ધક નિર્માણ વહી કર સકેગી !

નારીકા મુલ્ય કમ સમજને વાલે વ્યકિત સમાજકો સબસે અધિક હાનિ પહુચાતે હૈ ! એસે વ્યકિતયો કો શાસ્ત્ર એવં સંસ્કૃતિ કા કુછ ભી જ્ઞાન નહીં હોતા ! નારીકે મુખ્ય રૂપ હૈ પુત્રી, બહન ઔર માતા ! પુરૂપ કે સાથ જગતકા નિર્માણ ઔર પાલન કરને વાલી અર્ધાંગિની ઔર ગૃહલક્ષ્મી સે વિભુષિત હોને વાલી નારી આજ સદિયો સે જ્ઞાન ઔર કર્તવ્ય સે અનભિજ્ઞ રખી ગઇ હય ! નિર્દોષ નારી આજ અપના કર્તવ્ય ભુલ બૈઠી હય સાક્ષાત રૂપ અપની શકિત કો વહ કયાં સમજેગી ! ઉન્હે જગાના હોગા ! કહા ગયા હય !

शक्तिश्च शक्तिमद् व्यतिरेकं न वांदति
तादात्म्यमत योनित्य वन्हिदाही कयोंखि ॥

અર્થ — શકિત શકિતવાન સે કભી પ્રથક નહીં રહતી. ઇન દોનોં કા નિત્ય સંપાદ્ય હય જૈસે અગ્નિ ઔર દાહક શકિત કા નિત્ય પરસ્પર સમ્બન્ધ હય ઉસી પ્રકાર શકિતમાન ભી હય.

सदैकत्वं न भेदोस्ति सर्व देव ममास्य च ।
योऽसौ सहमहं या सौ भेदोस्ति मति भ्रमात ॥

અર્થ — મુજ શકિત કા ઔર ઉસ શકિતમાન પુરૂપ કા સદા સબંધ હય કભી ભેદ નહી હય. જો વહ હય સો મૈં હું ઔર મેં હું વહ, વહ હય. યદિ ભેદ હય તો કેવલ બુદ્ધિ કા ભ્રમ હય !

આજ ધન કી પૂજા હોને લગી હય, ગુણ કો કોઇ નહીં દેખતા. આજ લોગો કો ઉપરી ઠાઠબાટ કા દિખાવા ચાહિએ, ચાહે વો કયોં ન ચંદ દિનોં કા હો. સમાજ કે નિર્માણ કે લિએ કયા આવશ્યક હય ઉસકે લિએ ઠીક વિચાર કરના હોગા સિર્ફ નેતાગીરી સે કુછ નહી હોને વાલા. જો વ્યકિત જીવન મેં ઉતરેંગે વહી દુસરોં કો સહી માર્ગ દિખા સકતે હય. ઉસકે લિએ ત્યાગ ઔર જીવન કી સારી શકિત લગાના હોગી વહ દિન નયા આયેગા જબ ભગવાન કો ભી ઐસે સુવિકસીત સમાજ મેં પ્રગટ હોને કી ઇચ્છા હોગી.

—અસ્તુ

જીવન સંગ્રામ *

પટેલ ચંદુલાલ રવજીભાઈ B. Sc.
દેસાઈપુરા.

છે માનવ જીવનની ઘટમાળ એવી,
દુઃખ પ્રધાન સુખ અલ્પ થકી ભરેલી

માનવ જન્મે છે ત્યારથી જ તેનું જીવન યુધ્ધ શરૂ થાય છે. તે ભણે છે ત્યારે તેને અનેક મુશ્કેલીઓ આવે છે. ભણી-ગણીને ઉચ્ચ અભ્યાસ પ્રાપ્ત કર્યા પછી નોકરી-ધંધો મેળવવા માટે આમ થી તેમ ભટકવું પડે છે. બેકારી ના જમાનામાં નોકરી ન મળે તો મા-બાપ નાં કટુ વચનો સાંભળવાં પડે છે. અને આર્થિક મુશીબતોનો સામનો કરવો પડે છે. પરણિત હોય તો કુટુંબની જવાબદારી નો બોઝ ઉઠાવવો પડે છે.

જીવન એક સંગ્રામ છે. માનવ જીવનના અંત સુધી આશાના દોર ને સહારે સંગ્રામ ખેલ્યા કરે છે. પ્રતિકુળ સંજોગો તેનો માર્ગ રોકે છે. છતાં આશાવાદી માનવ દોડે છે. એક કવિએ કહ્યું છે કે,

આ જીંદગી અજબ છે રણભૂમી એક
જ્યાં આવદાનુ લડવાનું જ છે મનુષ્યે.

આજે સૌ ઉગંતા સૂર્ય ને નમે છે. આથમતા સૂર્ય નો કોઇ ભાવ પણ પૂછતું નથી. તેવું જ પૈસાદાર અને હોદ્દા વાળા માણસનું છે. પૈસા હોય ત્યાં સુધી મિત્રો. સ્નેહ જનો અને સબંધીઓ ખુશામત કરતા રહે છે. અને મધમાખી ની જેમ વીંટળાઇ વળે છે. એજ રીતે માણસ પાસે હોદ્દો હોય ત્યાં સુધી માણસો તેને સાહેબ કહી બોલાવે છે. તેમની મહેરબાની મેળવવા ખુશામત કરે છે. પરંતુ જ્યારે પૈસાદાર માણસ ગરીબ બને છે તેમજ હોદ્દા વાળો માણસ નોકરી ગુમાવે છે ત્યારે માણસો તેના સામું પણ જોતા નથી. તે જ માણસ કોડી નો બની જાય છે. દુનીયામાં મૂલ્ય પૈસાનું છે, હોદ્દાનું છે. નહીં કે માણસનું. ધનવાનો ગરીબોનું લોહી ચૂસી ને મહેલાતો બનાવે છે. અને વૈભવ થી પોતાની હોશીયારી નું પ્રદર્શન કરે છે. જ્યારે નીતીવાન માણસ વેદિયા તરીકે ઓળખાય છે. સમાજ નીતીવાન ની કદર કરતો નથી પરંતુ પૈસાદાર ના વૈભવ થી અંજાઇ જાય છે અને તેની વાહ વાહ થાય છે

આ સ્વાર્થી સંસાર માં દરેક માણસ પોતાનો સ્વાર્થ સાધવામાં મશગૂલ છે. દગાખોર આદમી પોતાની ચતુરાઇ થી પોતાનો સ્વાર્થ સાધી લે છે. બીજા માણસ

 ફુંકી ને કરડે છે. જ્યારે પોતાનુ કામ પુરૂં થઇ જાય એટલે વૈદ્ય વેરી બને છે. મિત્ર હોય એ દુશ્મન બને છે. સગાં સ્નેહીજનો મોઢું ફેરવી લે છે. દુનિયા પડતાને પાટું મારતાં અચકાતી નથી આપણા જીવનમાં મુશ્કેલી રૂપી કાતર મુકનારા ઘણા મળી આવશે પરંતું સહાય રૂપી સોય લઇ આવનારા તો કોક વિરલાજ હોય છે. કોઇ કવિજને સાચું જ ગાયું છે કે.

માગ્યું મળે છે, ત્યારે સૌને મઝા પડે છે.
માથે પડે છે. ત્યારે સૌને મઝા નડે છે.
કમાઉ દિકરો વ્હાલો મા-બાપ ને ગમે છે.
પણ જો ધંધો મળે ન તેને તો બધાં લડે છે.
સુખ માં હતા જે સાથી તે દુઃખ માં દુર રહે છે.
ડાહયો બધા જે કહેતા, અકકલ વિનાનો કહે છે.
આદર કરતાં જે બધાં, તે સૌ દુર થી વિદાય લે છે.
પરણેલી નારનું પણ મોઢું હવે ચડે છે.
દોસ્તો હતા જે દિલથી, હવે દુરથી સલામ લે છે.
દુનિયાનો એલી રામભક્ત ની સાથે રહે છે.

અવનવું

શ્રી ઊમીયાય નમઃ

વાડીલાલ રવજીભાઈ પટેલ
કૃષ્ણ વિજય સૉ મીલ મોડાસા

(૧) લંડનનું બ્રિટિશ મ્યુઝિયમ બરાબર રીતે જોતાં પંદર દિવસ લાગે એટલું મોટું છે.
(૨) અડધો શેર ફોસ્ફરસમાંથી દસ લાખ દિવાસળી તૈયાર થાય છે.
(૩) જગતમાં સૌથી વધુ ગાંડાઓ સ્વિટઝર્લેન્ડમાં છે.
(૪) સન ૧૯૦૦ માં ભારતમાં ૪૦,૦૦૦ વાઘ હતા, આજે ફકત ૧૯૦૦ જેટલા જ રહયા છે.
(૫) દુનિયામાં ૧૫૦ લાખ અંધ જનો છે. તેમાં ત્રીજા ભાગના અંધ જનો ભારતમાં છે.
(૬) દર વરસે આગથી દેશમાં રૂા. ૧૬૦ કરોડ થી વધુ નુકશાન થાય છે.
(૭) સ્પેનની ચિટફાટ નામની નદીનું પાણી એટલું ચીકણું છે. કે લોકો કાગળ ચોટડવામાં તેનો ઉપયોગ કરેછે.
(૮) ભારતમાં સત્તાવાર ક્રિકેટ મેચોમાં અમ્પાયરની કામગીરીની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર પ્રથમ મહિલા ૧૯ વર્ષની કોલેજકન્ય શ્રી અંજલિશેવડે છે.
(૯) નેફાના એક કબીલામાં એવો રિવાજ છે કે વરરાજા પોતાની પત્નીને પોતાના ખભા પર બેસાડીને ઘેર લાવે છે.

ફુલ ગયું ફોરમ રહી ✻

અરૂણ કે. પટેલ દયાલ બી. પટેલ
અમદાવાદ

ડૉ. જ્હોનસન આજે ખૂબજ ખુશ હતા. તેમના અંતરનો આનંદ ઉછાળા મારી રહ્યો હતો કારણ ડૉ. જ્હોનસન દ્વારા અસાધ્ય એવા કેન્સરની અક્શીર એવા દવા શોધાઇ હતી. આવતી કાલે ન્યુયોર્કના હજારો લોકોથી ખીચોખીચ ભરેલા ટાઉન હોલમાં રાષ્ટ્ર પ્રમુખના વરદ હસ્તે તેમનું સન્માન થવાનું હતું અને આ દવાની ફોર્મ્યુલા તેઓ રાષ્ટ્રને માનવ જાતના કલ્યાણ અર્થે અર્પણ કરવાના હતા.

પોતાના એક માત્ર પુત્ર પીટરના નામ ઉપરથી તે દવાનું નામ પીટરટોન આપ્યું હતું. પીટર કૃષિ વિદ્યાનો સ્નાતક હતો તેને પહેલેથી જ કૃષિ તરફ ખૂબ જ પ્રેમ હતો તેથી તો કેન્સાસ પ્રાંતમાં વિશાળ ખેતરનો માલિક હતો, વરસે લાખો ડોલર કમાતો હતો. પીટર પિતા દ્વારા શોધયેલી દવાના દુશ્મનનો દોસ્ત હતો. અર્થાત તે કેન્સરના ક્રુર પંજાનો શિકાર બન્યો હતો. તેથી જ તો ડૉ. જ્હોનસન કેન્સરને કેન્સલ કરવા પાછળ પોતાનુ સર્વસ્વ નીચોવી રહ્યો હતો. પીટરને આ જીવલેણ રોગમાંથી ઉગારનાર એક માત્ર દવા ડૉ. જ્હોનસન દ્વારા શોધાયેલી ' પીટરટોન ' જ હતી.

બીજે દિવસે સવારે ડૉ. જ્હોનસનને લેવા સ્વાગત સમિતિની એરકંડીશન્ડ કાર આવી ગઇ હતી. આ સમયે ડૉ. પોતાના આલીશાન મકાનના ડ્રોઇંગરૂમમાં બેસી ' વૉશિંગ્ટન પોસ્ટ ' માં પોતાની શોધના સમાચાર સહર્ષ વાંચી રહ્યા હતા. કાર આવતાની સાથે જ તેઓ બહાર આવ્યા આ વખતે તેમના સેક્રેટરીએ તેમને રોકી હજારો અભિનંદન પત્રો તથા તાર આપ્યા તે પત્રોને પોતાના ટેબલ ઉપર રાખી દેવા ઇશારાથી કહી આગળ વધ્યા. આ સમયે તેઓ માન અને પ્રસિદ્ધિની સન્મુખ જઇ રહ્યા હતા પરંતુ તેમની પ્રાણ પ્રિય વસ્તુ તેમનાથી સદાયને માટે દૂર જઇ રહી હતી

ચાર દિવસ સુધી લોકોએ આ મહાન ડૉકટરને સન્માનવામાં કોઇજ પાછી પાની કરી ન હતી. સતત ચાર દિવસ સુધી તેઓ સન્માન સમારંભમાં અટવાયેલા રહ્યા હતા પાંચમે દિવસે પોતાના ડ્રોઇંગ રૂમમાં બેસી તેમની ઉપર વિશ્વભરમાંથી આવેલા અભિનંદન પત્રો અને તાર વાંચી રહ્યા હતા બધાનું લખાણ લગભગ એક સરખું જ હતું. "માનવજાત માટે ભયંકર એવા રોગને નાથવા બદલ ખૂબ ખૂબ અભિનંદન."

પરંતુ બાકી રહેલો છેલ્લો તાર વાંચી તેઓ સીધાજ પોતાની કાર તરફ દોડયા છેલ્લા તારમાં લખ્યુ હતું. "કમસુન પિટર ઇઝ વેરી સીરીયસ" અભિનંદન પત્રોના દરિયા તળે આ આઘાત જનક જળબિંદ દબાયેલું હતું કે જેનાથી ડૉ. જ્હોનસન પાંચ પાંચ દિવસથી અજાણ હતા.

જયારે ડૉ. જ્હોનસન કેન્સાસ પહોંચ્યા ત્યારે ખૂબજ મોડું થઇ ચૂકયું હતું. પિટર ભગવાન ઇસુ પાસે પહોંચી ગયો હતો ડૉકટર તો દુઃખના દરિયામાં ગરકાવ થઇ ગયા તેમને એ વાતનું ભારે દુઃખ હતું કે કેન્સરની અક્શીર દવાનો શોધક એવો પોતેજ માન સન્માનમાં ડૂબી પોતાના એક પુત્રને ન બચાવી શકયો. બિચારા ડૉકટરે...ધબકતા પોતાના પરંતુ મેળવી પીટરટોન હૃદય સમા પીટરને ગુમાવ્યો પીટર સમું ફુલ ગયું પણ પીટરટોન સમી ફોરમ રહી.

અને..... ફુલડું કરમાઈ ગયું.



સ્વ. રતિલાલ ખીમજીભાઈ
(D. C. E)
ઓરડીટીંબા (ગુજરાત)
ખેડોઈ (કચ્છ)
જન્મ : તા. ૧૮-૫-૪૩
અવસાન : તા. ૨૧-૩-૭૬

કુદરતની નિષ્ઠુરતાનો ક્રૂર પંજો ૩૨ વર્ષના ભર યુવાન વયના સ્વ. ભાઈશ્રી રતિલાલ પર અકાળે જીપ અકસ્માતથી પડતાં તેઅનાં કુટુંબીજનો તેમજ વિશાળ મિત્રવૃંદ પર શોકની ઘેરી છાયાનું ઘનઘોર આવરણ આવી ગયું.

હાય રે ! કુદરત, " નામ તેનો નાશ " અચૂક છે જ, પણ અપરિપકવ કાળે...... સુખી જીવનની પગદંડી પર ચાલતા પરિવાર તેમજ મિત્રવૃંદના સુખની ક્રુર હાંસી કરવામાં જરાય આંચકો ન અનુભવ્યો

ખેર ! સ્વ. રતિલાલભાઈનો સદાય હસતો ચહેરો આજે ભલે અમારી આંખ સામે નથી. પરંતુ તેમના સરળહૃદયી સ્વભાવ તેમજ કર્તવ્યનિષ્ઠ જીવન પ્રણાલીનાં સુમધુર સંસ્મરણો અમારા સ્મૃતિપટ પરથી કેમેય અવિસ્મરણીય નહીં બની શકે.

રૂ. પૈસા	
૧૫૧-૦૦	શ્રીમતી મૂળબાઈ સવદાસ લાલજી માવાણી કન્યા છાત્રાલય ધનસુરાને ઓરડીટીંબા નિવાસી સ્વર્ગસ્થ રતિલાલ કે. પટેલના દુઃખદના અવસાન પાછળ પૂણ્ય નિમિત્તે ભોજનાર્થે
૫૧-૦૦	શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ વિદ્યાર્થી ભવન, ધનસુરાને પૂણ્ય સ્મૃતિ અર્થે. સ્વર્ગસ્થનાં કુટુંબીજનો તરફથી આવેલ દાન

અનાજ નોંધ

ભુજપુર કંપા તરફથી આવેલ ભેટના ઘઉંની નોંધ


	કીલો ગ્રામ
પટેલ પ્રેમજીભાઈ ગોવિંદભાઈ	૨૦—૦૦
પટેલ નારણભાઈ ગોવિંદભાઈ	૨૦—૦૦
પટેલ છગનભાઈ રામજીભાઈ	૨૦—૦૦
પટેલ કાનજીભાઈ નાનજીભાઈ	૨૦—૦૦
પટેલ લધાભાઈ ભાણજીભાઈ	૨૦—૦૦
પટેલ દેવજીભાઈ ભાણજીભાઈ	૨૫—૦૦
પટેલ મુળજીભાઈ જેઠાભાઈ	૩૦—૦૦
	૧૫૫—૦૦

Crop Perfection: Sandoz Protection

ઓફીસ ૯૩
ઘર ૧૫૯

પંકજ ફર્ટીલાઇઝર્સ

તલોદ રોડ, ધનસુરા.
તા. મોડાસા, જિ. સાબરકાંઠા.
(ગુજરાત)



★ જંતુનાશક દવાઓ
★ રાસાયણીક ખાતર
★ સુધારેલ બીયારણ વગેરેના
છૂટક તેમજ જથ્થાબંધ વેપારી

ડીલર : સેન્ડોઝ (ઇન્ડીયા) લી. બોમ્બે




ઇયળ, કાતરા નાશક
એકાલક્ષ

* ભારત પેસ્ટીસાઇડઝ ઇન્ડસ્ટ્રીઝ (પ્રા.) લી., અમદાવાદ.

મોલો, મધીયો મશી નાશક
એકાટીન

બહેનોને ઉજાગરા અને મહેનતથી રાહત આપવા માટે * ઈલેક્ટ્રીક પાવરથી ચાલતું



છાસ
બનાવવા માટેનું
વલોણા યંત્ર

* * * વસાવો અને ઘરની શાન વધારો.

વિશિષ્ટતાઓ :—

★ આ છાશ બનાવવા માટેનું વલોણાયંત્ર નાની મોટી બે સાઇઝમાં મળે છે.
★ ૫ થી ૧૦૦ લીટર સુધીના દહીંની છાસ બનાવવા.
★ દેશી વલોણા કરતાં ૧૫ થી ૨૦ ટકા વધુ માખણ મેળવવા.
★ આ યંત્રથી ઉનાળામાં પણ માખણ ઓગળી જતું નથી તેનો લાભ લેવા.
★ માત્ર નજીવા બળતણ ખર્ચમાં.
★ વેચાણ બાદની તમામ સેવાઓ તેમજ યંત્રના સ્પેરપાર્ટસ સહેલાઈથી મેળવવા

બનાવનાર :—
સ્કવેર એન્જિનીયરીંગ કોર્પોરેશન
ઘાટકોપર મુંબઈ-૮૬


● વધુ માહિતી માટે અમારા અધિકૃત વિક્રેતાને રૂબરૂ મળો :—
ચેતન ફર્ટીલાઈઝર્સ
તલોદ [illegible] ધનસુરા. જિ. સાબરકાંઠા

શ્રી જયઅંબે

ખેડૂત ભાઈઓને ખુશ ખબર



સ્પન પાઇપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનુ પૂરેપૂરૂં વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઇપ કું.

ની

પાઇપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે
પાઇપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા
જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઇપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—

શ્રી શક્તિ સ્પન પાઇપ કું.

વડાગામ જિ. સાબરકાંઠા.

આપના ઘરમાં આનંદોલ્લાસમય વાતાવરણ
સર્જવા ટાટાનું અદ્ભુત સર્જન "નેલ્કો"
કંપનીનો રેડીયો મેળવવાનોજ આગ્રહ રાખો.
તેમજ ટેલીવીઝન સેટ મેળવવાનું એક માત્ર
અજોડ સ્થળ

શક્તિ
રેડીયો ઇલેકટ્રોનીકસ


C/o. શક્તિ વિજય વાસણ ભંડાર *

ઠે. ભુટાલવાડા
જિ. સાબરકાંઠા

ઓથોરાઈઝડ ડીલર્સ ઈન : નેલ્કો

પ્રોપ્રાયટર :

પટેલ
જયંતિલાલ માવજીભાઇ
છગનલાલ માવજીભાઈ



રેડીયો

卐 રેડીયો, ટ્રાંઝીસ્ટર, ટેલીવીઝન, એમ્પ્લીફાયર
સ્પેર પાર્ટ્સ વેચનાર તેમજ સંતોષકારક રીપેર કરનાર

આરબ દેશોમાં જવા ઈચ્છતા—
કારીગર ભાઈઓને ખુશખબર

રાજુ ટ્રાવેલ્સ

(વર્લ્ડ ટ્રાવેલ સર્વિસ)

પ્રો. મણિભાઈ પટેલ
(દાવલીવાળા)
B. A. (U. S. A. Return)
સી. એમ. શર્મા * નટુ શ્રીમાળી

- પાસપોર્ટ
- વિઝા
- એન્ડોર્શમેન્ટ
- રીન્યુઅલ તથા
- પ્લેન અને સ્ટીમરની ટીકીટ માટે મળો.

રહેઠાણ : **મુ. પો. દાવલી** તા. મોડાસા જિ. સાબરકાંઠા.


ઓફિસ : **મણિભાઈ પટેલ** C/o. પ્રભુદાસ વકીલ, સાયરા રોડ, મોડાસા.

મળવાનો સમય : **દરરોજ સવારે ૧૧-૦૦ થી ૫-૦ રવિવારે રજા**

અમદાવાદ ઓફીસ : રવિ ચેમ્બર્સ, બીજે માળ, રીલીફ સીનેમા પાસે અમદાવાદ

વિદ્યાર્થી મિત્રોને :—

U. S. A. તથા CANADA વિષે માર્ગદર્શન આપવામાં આવશે.


LAXMI
LAXMI

JAGRUTI APRIL '76 Reg. No. G. 322

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા. જિ. સાબરકાંઠા

ગ્રા. નં.

Book-Post

To,

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ

વર્ષ : ૧૮ અંક–૫ મે ૧૯૭૬

卐 卐

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦), પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૭૫ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧) પરદેશમાં રૂા. ૧૨૫) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી.

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી.
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. S. C
પ્રિન્સિપાલ :
સાયન્સ કોલેજ, તલોદ.
પ્રમુખ
શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ, ધનસુરા

શ્રી શામજીભાઇ એસ. પટેલ
માજી પ્રમુખ
શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ, ધનસુરા

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી એફ. એ. એમ., એલ. એમ. પી.

ડૉ. હંસરાજ એમ. પટેલ M.B.B.S.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ M. S. C.

શ્રી અરજણભાઇ વી. પટેલ મંત્રી
શ્રી ક. ક. પા. સ. સ. યુવ મંડળ, ધનસુરા

શ્રી પ્રેમજીભાઇ એ. પટેલ ઉપ–પ્રમુખ
શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ, ધનસુરા

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ

શ્રી. ચંદુલાલ વી. પટેલ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭, આસો વદ ચૌદસ

અનુક્રમણિકા

અ.નં.	લેખનું નામ	લેખક કે સંપાદક	પૃષ્ઠ
૧	તંત્રીસ્થાનેથી	કાન્તિલાલ કે. પટેલ	૧
૨	ઉપેક્ષા	વર્ષા એ. પટેલ	૩
૩	કેન્દ્રીય બજેટ ૧૯૭૬-૭૭	શાંતિલાલ કે. પટેલ	૫
૪	તમે રહો કે ન રહો	દિલીપ ડી. પટેલ	
	હું તમારી સાથે છું	શાંતિલાલ એલ. પટેલ	૮
૫	જાત મહેનત ઝીંદાબાદ	ભગવાનદાસ એલ. પટેલ	૯
૬	નારી તું નારાયણી	જયંત એચ. પટેલ	૧૦
૭	અમૃત વાણી	——	૧૧
૮	આજનો વિદ્યાર્થી અને શિક્ષણ	મેઘજીભાઈ વાલજીભાઇ પટેલ	૧૨
૯	ગુજરાતી નારી	શામજીભાઇ આર. પટેલ	૧૪
૧૦	ઉપદેશો	——	૧૭
૧૧	વિદ્યાર્થીઓને વીસ સૂચનો	——	૧૯
૧૨	સમાચાર	——	૨૦
૧૩	ચોમાસુ સાર	સીવગણભાઇ લધાભાઇ પટેલ	[illegible]

તંત્રીસ્થાનેથી

શ્રી અખિલભારત કચ્છ કડવા પાટીદાર યુવકસંઘ

ઉપરોકત સંઘની કારોબારીના સભ્યો તેમજ વિભાગીય પ્રતિનિધિ ભાઈઓ તા ૧૦મી મે-૭૬ની આસપાસ કચ્છની મુલાકાત લેશે તેવા સત્તાવાર સમાચાર મળ્યા હતા

આવતા વર્ષે કચ્છ નખત્રાણા ખાતે સમાજ તેમજ યુવકસંઘનું અધિવેશન યોજવાની તૈયારીઓ હાથ લે કરી અધિવેશન યોજાય તે જરૂરી છે. હાલના દેશકાળને અનુસરી સમાજના રીત રિવાજોમાં જરૂરી સુધારા વધારા થાય તેમાં તેમજ સમાજમાં પ્રવર્તમાન કેટલાક સડાઓ સામે લાલબત્તી ધરવાનું કામ સમાજના યુવાન વર્ગનું છે. તો કચ્છ, કાઠીયાવાડ, ગુજરાત તેમજ સમગ્ર ભારત દેશના કોઈપણ પ્રાંતમાં વસતા આપણા યુવાન બંધુઓને નમ્ર અપીલ છે કે સંઘશકિતને મજબુત બનાવવા તેમજ સમાજ તથા સંઘના આદેશને અનુસરવા સમગ્ર યુવાશકિત કટિબદ્ધ બને.

"સંઘ શકિત બળવાન" છે એ ઉકિતને યથાર્થ રીતે સમાજમાં સાકાર કરવાનું કામ સમાજની યુવાશકિતનું જ છે.

સામાન્ય રીતે કોઈપણ કુટુંબ, ગામ, શહેર કે સમાજનાં સામાજિક કે રાજકીય કાર્યોની બાબતમાં માત્ર ગણ્યાગાંઠયા માણસો જ કાર્યવાહીનો બોજ ઉઠાવતા હોય છે અને મોટા ભાગના ભાઈઓ; એ આપણું કામ નથી એમ માની નિષ્ક્રીય બની મૂક પ્રેક્ષકની જેમ વર્તતા હોય છે. જ્યારે કેટલાક ભાઈઓ પોતાના અંગત વિચારો પછી વધુમતિને આવકાર્ય હોય અગર નાં હોય તો પણ તે મુજબ જસંઘ અનુસરે તેવું જડ વલણ ધરાવતા હોય છે । તે આવા સંજોગો આપણી સંઘશકિતમાં અંતરાય રૂપ ન બને તે જોવાની સમગ્ર દેશમાં રહેલાઆપણા સમાજના શાણા યુવાન બંધુઓની પવિત્ર ફરજ બની રહે છે.

ઘડીભર વિચારીએ કે સંઘના સભ્યો કોઈપણ કાર્યવાહી કરતા હોય તે વખતે તેમની કાર્યવાહી આપણા વ્યકિતગત વિચારોથી વિરૂદ્ધ હોય તો સંઘનું કામ બરાબર નથી, અગર સંઘ કંઈપણ કામ કરી શકવાનો નથી આવું જડવલણ સેવી સંઘની કાર્યવાહીની વિરૂદ્ધ ઝેરી વિચારના પ્રચારમાં પણ તથ્ય છે કે નહિ તેવો સારાસારનો વિચાર કરીને સંઘની ઓફીસે રચનાત્મક રીતે ઉપયોગી હોય તેવાં સૂચનો કોઈપણ સભ્યો કરે તો સંઘનું કામ હળવું બનાવી શકાય તેમાં શંકાને સ્થાન નથી.

તો ચાલુ વર્ષે મે માસના પશ્ચિમાર્ધમાં સંઘના સભ્યો જ્યાં જ્યાં અધિવેશન તેમજ અન્ય આપણી સમાજ પ્રત્યેની યુવાવર્ગની ફરજો વિશે પ્રસ્તાવ મૂકે ત્યારે કચ્છના ગામે ગામના સૌ કોઇ યુવાનમિત્રો વધાવી લેશે તેવી અભિલાષા સેવવી અસ્થાને નથી.

શું આપણે છાત્રાલયોનું ભોજન બીલ નીચું લાવી જ્ઞાતિનાં બાળકોમાં કેળવણીને ઉત્તેજન ન આપી શકીએ ?

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજનાં ભાઇ-બહેનોને જણાવવાનું કે ઘનસુરા મુકામે ચાલતાં આપણાં બન્ને છાત્રાલયો; (૧) શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ વિદ્યાર્થી ભવનમાં અને (૨) શ્રીમતિ મૂળબાઇ સવદાસ લાલજી માવાણી કન્યા છાત્રાલયમાં અનુક્રમે ૧૪૫ + ૧૪૫ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ગત શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ લીધો હતો.. ખરેખર બંને સંસ્થાઓની સંખ્યાનું સામ્ય જોતાં આપણા સમાજમાં કન્યા કેળવણી પ્રત્યેની ભુખ ઠીક ઠીક પ્રમાણમાં જાગૃત થયેલી છે.

કોઈપણ સમાજમાં કન્યાકેળવણી માટે આવેલ જાગૃતિ એ સમાજની પ્રગતિનું સોપાન ગણાવી શકાય. આપણા સમાજમાં પણ કન્યા કેળવણીની બાબતમાં હજુ પણ સવિશેષ જાગૃતિ સાધવી હોય તો ભોજનબીલ વગેરેમાં બને તેટલી રાહત આપી ખર્ચમાં ઘટાડો કરી શકાય તેવાં પગલાં લેવાં જરૂરી છે. આ અંગે શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ઘનસુરા ખાતે મીટીંગમાં નકકી કરવામાં આવ્યું છે કે જ્ઞાતિનાં ખેડૂત કુટુંબો પાસેથી ઘઉં તેમજ અન્ય અનાજ ઉઘરાવી બંને છાત્રાલયોમાં યોગ્ય કાળવણી કરી ભોજનબીલ નીચું લાવવું. આ માટે યુવકમંડળના પ્રતિનિધિ ભાઈઓને પોતાના વિસ્તારોમાં ફરીને ઘઉં ઉઘરાવી લાવવાનો આદેશ આપવામાં આવેલ છે અને કેટલાક સક્રીય યુવકમિત્રોએ પોતપોતાના વિભાગમાં ફરી તેમનાં લક્ષ્યાંકો સિધ્ધ પણ કરી લીધાં છે.

તો જે વિભાગમાં હજુ યુવકમિત્રો આવેલા ન હોય તે વિભાગમાં જ્યારે પણ યુવાન મિત્રો આવે ત્યારે સૌ ખેડૂત બંધુઓને વિનંતી છે કે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વિદ્યાદાન માટેની પ્રવૃત્તિ લઇને આવનાર યુવક મિત્રોની જોળી યથાશકિત છલકાવી સમાજમાં કન્યા કેળવણીને પ્રોત્સાહક બળ પુરૂ પાડવા આપ સૌ સહભાગી બની યુવાન તેમજ વડીલ અગ્રણીઓએ અપનાવેલા કેળવણી યજ્ઞમાં સાથ પુરાવશો એવી નમ્ર પ્રાર્થના છે.

ઉપેક્ષા

વર્ષા એ. પટેલ
સોનારડા, જિ ગાંધીનગર.

પુત્ર પ્રાપ્તિની આશા અસફળ રહે અને તરત જ માબાપ નિરાશ બની જાય પેંડાને બદલે ગોળની પ્રસાદીથી જ સંતોષ માને અને આમ જન્મથી જ પુત્રી પુત્ર કરતાં ઉતરતી ગણાતી થઇ જાય.

છોકરી નાની હોય ત્યારથી માતા તરફથી થતી મારપીટ અને રાંડ, ભમરાળી, અણખપતી જેવા સામાન્ય શબ્દો સાંભળીને વિકાસ પામતી છોકરીના મન ઉપર શી અસર થતી હશે એનો માતા કદી વિચાર કરે છે ખરી ?

છોકરી પાંચ છ વરસની થાય એટલે છોકરાની સાથે એને પણ ભણવા જવા દેવાય. ગામમાં ચાર પાંચ ધોરણ સુધીની શાળા હોય જ્યાં સુધીની શાળા હોય ત્યાં સુધી છોકરાને ભણાવવાની માતાઓ હોંશ બતાવે આ દરમિયાન છોકરી માતાને કામમાં સાથ આપે એવી થઇ ગઇ હોય એટલે સ્વાભાવિકપણે માતાને કામનો લોભ લાગે ખેતરમાં કામ કરવા જઇએ ત્યારે પાછળ કામ કરનાર જોઇએ ને ! આમ માંડ માંડ કામ કરી શકતી છોકરી ઉપર ઘરકામનો બોજ સોંપાઇ જાય અને પછી અહીંથીજ એનું ભણતર બંધ થઇ જાય આ યોગ્ય નથી. છોકરી ઘરકામ શીખે, કરે એતો જરૂરી છે જ પણ એના માટે એનો અભ્યાસ બંધ કરી દેવો યોગ્ય નથી. ક્યારેક તો એવુ પણ બને છે કે ગામમાં ભણવાની પૂરી વ્યવસ્થા હોય તેમ છતાં છોકરીને અધવચ્ચેથીજ માત્ર કામના લોભે ઉઠાડી લેવામાં આવેછે. એ સારું ન કહેવાય અને આમ છોકરી ભણવાનું છોડીને કામ ધંધે જોડાય પણ આ વખતે માતાએ તેની સાથે બહેનપણી જેવો વર્તાવ રાખવો જરૂરી છે. છોકરી ઉંમર લાયક થાય એટલે એને પણ સ્વમાન તો હોય જ ને ? એ સ્વમાનની ગણના કર્યા વિના કેટલીક માતાઓ પોતાની છોકરીઓની ભૂલ થઈ હોય તો જાહેરમાં જ ધમકાવી નાખતી હોય છે. અરે ! ક્યારેક તો ઓછીવત્તી મારપીટ કરવામાં પણ માતાઓ પાછી પાની કરતી નથી. આનો અર્થ એવો નથી કે માતાઓને પોતાની પુત્રીઓ પ્રત્યે લાગણી નથી હોતી પણ અજાણતાં જ માતાઓ પોતાની પુત્રીઓના વિકાસને રૂંધવામાં કેવો ફાળો આપે છે. વારંવાર આવું થતા છોકરીની માતા પ્રત્યેની ભાવનામાં ઉણપ આવે છે. મા-દીકરી વચ્ચે જે આત્મીયતા હોવી જોઇએ તે જળવાતી નથી.

એક વખત એક છોકરી કપ રકાબીઓ ધોઇને આવતી હશે અને ઉતાવળમાં અથવા ગમે તે કારણે તેના હાથમાંથી એકી સાથે બધી જ કપ રકાબીઓ છૂટી ગઇ અને તેના ટૂકડે ટૂકડા થઇ ગયા, માતાને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેણીએ જોરશોરથી છોકરીને ધમકાવવાનું શરૂ કર્યું અને છોકરી બિચારી રડમસ બની ઘરમાં સંતાઇ ગઇ પણ માતા પોતાનો કચવાટ પૂરો ઠાલવી લે ત્યારે ને ? મેં જઇને છોકરીની માતાને કહ્યું ધારો કે આ ભૂલ તમારાથી થઈ હોત તો ! અને છેવટે એમણે કબુલ્યુ કે એ વાત સાચી છે થવાનુ થઈ ગયા પછી એની પાછળ ખોટા બળાપો ઠાલવવાનો શો અર્થ ? એના કરતાં એને શાંતિથી સમજાવીએ ફરી આવુ ન થાય તેનુ ધ્યાન રાખવાનું કહીએ તો એને કેવો આનંદ થાય એને ભૂલ કરી છે એવું લાગે નહિ અને તેથી મનોમન દુઃખી પણ ન થાય.

વળી છોકરી ઉંમર લાયક થાય એટલે માતા એને ઘરની ચાર દિવાલો વચ્ચે પૂરી રાખવામાં ગૌરવ લે, બહાર ફરવા બીજા સાથે હળવા મળવા ઉપર પ્રતિબંધ હોય એટલે છોકરીના સ્વમાન પર પ્રહાર જેવું થાય.

અત્યારે પણ કન્યા કેળવણીની ખાસ જરૂર છે. તેમ છતાં કન્યાઓને અભ્યાસથી વિમુખ રહેવું પડે માત્ર ક્રમના લોભ ને જવા દઈ જો કન્યાઓને કેળવણી આપવા પ્રત્યે આપણે સચેત બનીએ તો કેવું સારું અને પછી છોકરીના સગપણનો પ્રશ્ન કે જે અત્યારના માબાપો માટેનો સળગતો પ્રશ્ન કહી શકાય તે આવીને ઊભો રહે એ બાબતમાં પણ છોકરીઓને જાણે ઇચ્છા ભાવના જેવું કશું ન હોય તેવુ વર્તન દર્શાવાય છે. ઘણા કિસ્સાઓમાં કન્યાને એમ પણ પૂછવામાં આવતું નથી કે તેને જ્યાં જીવન પસાર કરવાનું છે એ સ્થળ પસંદ છે ? માતાઓએ આવે સમયે પુત્રી સાથે આત્મીયતા કેળવી તેણીના વિચારો જાણવા જોઇએ. છોકરીઓને પૂછવાની પણ પરવા ન કરનાર માબાપો અમારા છોકરાનો વિચાર નથી માટે અમારે સગપણ કરવું નથી એવું કહેવામા જરાય અચકાતાં નથી આ બાબતમાં પણ છોકરીઓની ઉપેક્ષા કરાય છે.

અને અંતમાં એટલું કહીશ કે સંજોગોવસાત્ સદ્વર્તનનો વડીલ વર્ગને પરિચય કરાવવોજ રહ્યો. જો ઉચ્ચ શિક્ષણ પામેલ કન્યાઓનું વર્તન વડીલોને ઉછાંછળુ લાગતુ હોય તો સ્વાભાવિક છે કે તેઓ પોતાની કન્યાને આગળ ભણાવતાં વિચાર કરે અને તેથી જ ઉચ્ચ શિક્ષણ પામતી આપણી બહેનોએ વડીલ વર્ગ પ્રત્યે એવુ વાતાવરણ પેદા કરવું જોઇએ કે જેથી આપણા સમાજની વધારેમાં બહેનો ઉચ્ચ શિક્ષણ મેળવવા સદ્ભાગી નીવડે

કેન્દ્રીય બજેટ ૧૯૭૬-૭૭

શાંતિલાલ કે. પટેલ B. Com, C. A. (Final)
ઘાટકોપર, મુંબઇ-૪૦૦૦૮૬

તેમાં કોઇ વિરોધી સૂર કાઢી નહિ શકે. જેમ વેપારીઓ માટે દિવાળીનો દિવસ એટલે છેલ્લો દિવસ અને નવો દિવસ નવા વર્ષનો શુભ આરંભ કરવા માટે હોય છે તેવી જ રીતે ફેબ્રુઆરીનો છેલ્લો દિવસ (આ વખતે માર્ચનો ૧૫ મો દિવસ) પણ નાણાંકીય વર્ષની દ્રષ્ટિએ મહત્વનો છે. બજેટ નાનામાં નાના માણસથી મોટામાં મોટા ઉદ્યોગપતિઓને એક યા બીજી રીતે સ્પર્શી જાય છે.

આ વર્ષના બજેટનો થોડા જ શબ્દોમાં ખ્યાલ આપવો હોય તો મને એક ઉદાહરણ યાદ આવી જાય છે. એક સ્ત્રીના બે બાળકો હતા બંને એક જ કલાસમાં ભણતા હતા. વાર્ષિક પરીક્ષા પતી ગયા પછી બંને પરિણામના પત્રકો લઇ ઘરે આવ્યા તેમની બાએ બન્નેના પરિણામ જોયા અને એક બાળકને જોરથી તમાચો લગાવી દીધો. બાજુમાં તમારા જેવા એક સદ્‌ગૃહસ્થ બેઠા હતા તેમને થયું કે છોકરો જરૂર નાપાસ થયો હોવો જોઇએ પણ શંકા દૂર કરવા પૂછયું "શું નાપાસ થયો છે?" જવાબ મળ્યો "ના તેના માર્કસ વધારે છે અને બીજા બાળક કરતાં ઘણા જ સારા નંબરે પાસ થયો છે" કહેવાની જરૂર નથી કે ભારત જયારથી સ્વાતંત્ર થયું ત્યારથી મોટા ભાગના નાણાપ્રધાનોએ બજેટ દ્વારા ભારતીય નાગરીકો પર ઉપર મુજબનો જ વર્તાવ કર્યો છે પરંતુ આ વર્ષનું બજેટ પહેલાના બધાજ બજેટો કરતાં અનોખું કહેવાય છે

આપણી સરકારે કરવેરા નિષ્ણાતો તથા અર્થશાસ્ત્રીઓની દલીલોને માન આપ્યું છે ટૂંકમાં આ વર્ષનું બજેટ ભારતીય અર્થતંત્રને નવો વળાંક આપનારુ બની રહેશે તેમ સૌને લાગે છે.

આ વર્ષના બજેટમાં નીચેની ત્રણ બાબતો આગળ તરી આવે છે.

(૧) ઓછામાં ઓછા નવા કરવેરા
(૨) વાસ્તવિકતનો સ્વીકાર
(૩) સૌથી વધુ આયોજન ખર્ચ.

બજેટ સીધી કે આડકતરી રીતે નાણાંકીય તથા મહેસુલી નીતિઓમાં ઘણોજ મહત્વનો ભાગ ભજવે છે

જીવનમાં ધન મુખ્ય નથી ધર્મ મુખ્ય છે. ધન ધર્મની મર્યાદામાં રહીને મેળવવું જોઇએ. તમારાં બાળકોને ધનનો વારસો ન આપી શકો તો કંઇ નહિ, સારા સંસ્કારનો વારસો આપજો.

ગયા વર્ષે બજેટમાં ૨૨૮ કરોડના નવા કરવેરા લાદવામાં આવ્યા હતા તેના મુકાબલામાં આ વર્ષે ફક્ત રૂા. ૮૦ કરોડના નવા કરવેરા બોજ લાદવામાં આવ્યો છે. આમાંથી રૂા. ૪૮ કરોડ કેન્દ્ર સરકારને મળશે તથા રૂા. ૩૨ કરોડ રાજ્ય સરકારોને ફાળે જશે સ્વતંત્ર ભારતનાં ઇતિહાસમાં આમ પહેલીજ વખત ઓછામાં ઓછા કરવેરાનો બોજ લાદવામાં આવ્યો છે.

આ વખતે વાસ્તવિકતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે અત્યાર સુધી કરવેરાના દરો Confiscatory Rates (જપ્તીના દરો) તરીકે ઓળખાતા હતા જેને હવે વ્યવહારૂ દ્રષ્ટિએ જોવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ટૂંકમાં ઘોડા અને ગધેડા વચ્ચેનો ફરક માનવી મીટાવી શકતો નથી તે તથ્યને સ્વીકારવામાં આવ્યું છે.

આયોજન ખર્ચ માટે રૂા. ૭૮૫૨ કરોડ ફાળવવામાં આવ્યા છે તે આગલા વર્ષે લગભગ રૂા. ૬૧૦૦ કરોડ હતા. સૌથી ઓછા નવા કરવેરા સાથેની સિધ્ધી ફક્ત આ બજેટને ફાળે જાય છે મંદીમાં સપડાયેલા ઉદ્યોગોને પણ આનાથી ફાયદો થશે એમ કહેવામાં કદાચ ખોટું નથી.

આવકવેરામાં ફેરફારો :–

વ્યક્તિઓ માટેના આવકવેરાના દરો વધુ નીચા લાવવામા આવ્યા છે તેની લઘુત્તમ મર્યાદાં કે જે ૭૭ ટકા હતી તે હવે ૬૬ ટકા પર લાવવામા આવી છે થોડા વર્ષો પહેલા તે ૯૮.૭૫ ટકા હતી બીજા શબ્દોમાં કહીએ તો માણસે તે સ્લેબપર રૂા. ૨.૨૫ ખીસ્સામાં રાખવા માટે રૂા. ૧૦૦ કમાવા પડે તેવુ હતું. વોલંટરી ડીસ્કોઝર સ્કીમે (૧૯૭૫) ઊંચા દરોના પરિણામ વિશે સરકારની આંખ ઉઘાડી હોય તેમ લાગે છે આ ઉપરાંત ગુરૂત્તમ મર્યાદા ૬૬ ટકા રૂા. ૧૦૦૦૦૦ થી વધ રેની આવક પર લાગુ પડશે પહેલા તે રૂા ૫૦૦૦૦–૭૦૦૦૦ ના સ્લેબપર લાગુ પડતી હતી ટૂંકમાં વ્યકિતગત ટેક્ષના દરમાં ફેરફાર થવાથી ૨ ટકાથી માંડી ૧૦ ટકાના રાહત આવકના પ્રમાણમાં આપવાની દરખાસ્ત છે.
આપવાની દરખાસ્ત છે.

કંપનીના ટેક્ષના દરો યથાવત રાખવામાં આવ્યા છે પરંતુ આડકતરી રીતે ઘણા લાભો આપવાથી તેમાં પણ ઘણુ રાહત આવકના પ્રમાણમાં આપવાની દરખાસ્ત છે.

કંપનીના ટેક્ષના દરો યથાવત રાખવામાં આવ્યા છે પરંતુ આડકતરી રીતે ઘણા લાભો આપવાથી તેમાં પણ ઘણી રાહત રહેશે તેમ કહેવામાં ખોટુ નથી. સરચાર્જની રકમ જો આઇ. ડી. બી. આઇમાં (ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ બેન્ક ઓફ ઇન્ડીયા) માં જમા કરવામાં

આવે તો આવકવેરામાં પાંચ ટકાનો સરચાર્જ બાદ આપવામાં આવશે. ઉપરાંત મૂડી પ્રકારના ફાયદાના દરો ઘટાડવાની પણ દરખાસ્ત છે. ડેવેલપમેન્ટ રીબેટને બદલે હવે ઈન્વેસ્ટમેન્ટ એલાઉન્સ આપવામાં આવશે. જો કે ૨૫ ટકાનો આ એલાઉન્સ ચોક્કસ પ્રકારની કંપનીઓને જ લાગુ પડશે

આબકારી જકાતમાં ફેરફારો :–

ઉદ્યોગોમાં મંદીને કારણે રાહત આપવા માટે નીચેની વસ્તુઓમાં ખાસ કરીને ઘટાડો સૂચવવામાં આવશે. સેફ્ટી રેઝર સ્ટેનસ્ટીલ બ્લેડો ૧૦ ટકાથી ૬ ટકા તૈયાર કપડા ઉપરથી જકાત હટાવી લેવામાં આવી છે. રૂા. ૧૮૦૦ સુધીના ટીવી સેટમાં ૨૦ ટકાથી ૫ ટકા; કેપ્રોલેકટમમાં ૫૦ ટકાથી ૨૫ ટકા વોટર કુલર્સમાં ૭૫ ટકાથી ૪૦ ટકા આ ઉપરાંત બીજી ઘણી, વસ્તુઓમાં થોડેઘણે અંશે ઘટાડો સૂચવવામાં આવ્યો છે. વધારા માટે બહુ ઓછી વસ્તુઓની પસંદગી કરવામાં આવી છે. વધારામાં કેટલીક ચીજોમાં પ્રોત્સાહન રૂપે જયાં ઉત્પાદન કારખાનાની કાર્યક્ષમતાથી વધારે થયુ હોય તો ૨૫ ટકાની રાહત આબકારી જકાતનાં આપવામાં આવશે.

સંપત્તિવેરામા ફેરફારો :–

સંપત્તિવેરાના દરોમાં પણ સારો એવો ઘટાડો સૂચવવામાં આવ્યો છે. તેના દર કે જે ઓછામાં ઓછો ૧ ટકો હતા તે ઘટાડીને ૧/૨ ટકો અને વધારેમાં વધારે ૮ ટકા હતા તે ૨ ૧/૨ ટકા કરવાની દરખાસ્ત છે. વધારેમાં શહેરી ઈમારત તથા જમીનપર હાલમાં ચૂકવવાપાત્ર વધારાનો સંપત્તિવેરો નાબૂદ કરવાની દરખાસ્ત છે.

વર્ષની ખાધ રૂા. ૩૨૦ કરોડપર રાખવામાં આવી છે કે જે આગલા વર્ષે રૂા ૩૬૫ની હતી. સાચી ખાધ રૂા. ૪૯૦ કરોડની આવી છે આ વર્ષના બજેટની ખાધથી કોઈપણ વિશ્વાસપૂર્વક કહી શકશે કે ભાવોમાં ઉછાળો આવશે નહિ. બીજા શબ્દોમાં કહીએ તો બજેટના કારણે ભાવ સપાટી ઉપર જવાની શકયતા બહુ જ જૂજ છે.



"તમે રહો કે ન રહો હું તમારી સાથે છું."

શાંતિ એલ. પટેલ
B. E. IV (MECH)
દિલીપ. ડી. પટેલ
III rd year. (ARCH)

શું તમને ખબર છે કે હું કેટલી સુંદર છું ? શું તમે મારૂ નામ અને નિવાસ સ્થાન જાણો છો ? શું આપ એ જાણો છો કે હું બધી જ જગ્યાએ તમારી આગળ પાછળ ફર્યા કરું ? શું તમે કદાપી મારૂ નામ પૂછ્યું છે ? હું કેટલી શકિતશાળી છું તે કોઇને ખબર છે ?

હું બધાને પ્યાર કરૂ છું. બધાને પોતાના સમજુ છું, ભલે લોકો મને ચાહતા ન હોય પરંતુ હું તો પ્રાણી માત્રને પ્રેમ કરૂ છું ! લોકો એટલા માટે મારી ઘૃણા અને તિરસ્કાર કરે છે. હું સ્ત્રી જાતિની હોવા છતાં એક જગ્યાએ ન રહીને દરેક ઘરમાં, દરેક દરવાજા પર પ્રત્યેકની સામે ચૂપચપ ચાલુ છું, ફરૂં છું હુ એટલી ઘૃણીત સમજી જાઉં છુ કે લોકો મારા નામથી દૂર ભાગી જતાં હોય છે.

દુઃખની વાત તો એ છે પ્રેમિયો; કે લોકો પ્રેમિકાની પાછળ દોડતા હોય છે અને હું 'અભાગણિ' પ્રેમિયોની પાછળ ! હું મારી જાતને બહુ જ સુંદર સમજુ છુ અને મારી સ્વામી ભકિતને સમજાવું છું.

હું સદાય એક જ રૂપે રહું છું. મારામાં રૂપ, જવાની અને વસંતઋતુનો સંચાર આવે જતો હોય છે. મારા ઉપર કોઇપણ વાતાવરણનો ચઢાવ તથા ઉતરાણ તથા યુગ પરિવર્તનની કોઈ અસર થતી નથી. મેં ઘણા બંધ, પહાડો મિનારાઓ રાજ્યોને હસતાં ન હસતાં; હતાં ન હતાં જોયાં છે અને મોટા મોટા પરિવર્તનો પણ જોયા છે.

હું બધાને જોઇ શકું છું પરંતુ લોકો મને જોઇ શકતા નથી ! એ એક આશ્ચર્યની વાત છે ! સંસારના સર્જનનું કામ મારા ઉપર છોડવામાં આવ્યું છે છતાંપણ લોકો મને નફરત કરે છે.

હવે તમે જ બતાવો કે હું કયાં જાઉં; કોની પાસે જાઉં એ યાદ રહેવું જરૂરી છે કે કદાચ હું ન રહું તો તમે બધા એકબીજા અંદર અંદર ઘાતક બની જાવ અને આ સંસાર નર્ક બની જાય. આખા સંસારને મારા ઉપર છોડી દેવામાં આવ્યો છે. રાત દિવસ હું સૂતી નથી તેમજ કામ કરતાં થાકતી નથી.

હવે આપ સૌ બતાવી શકશો કે હું કોણ છું ? હુ મારૂ નામ એટલા માટે જ સંભળાવતી નથી કે એ સાંભળતાની સાથે જ આપ કાંપી ઉઠશો, ડરી જશો અને સંસારથી નિરાશ થઈ જશો. હું તમને ઘણી ઘણી પ્રાર્થના કરુ છું કે મારૂ નામ ન પૂછતાં ! મને તો માત્ર દેશ પ્રેમિયો સિવાય કોઇપણ પ્યાર કરતુ નથી. છતાં પણ તમે બધા મારી પાછળ પડી ગયા છો તો મારૂ નામ બતાવુ છું. જો જો કયાંક તમારૂ દિલ ધડકી ન જાય !

તો સાંભળો " હું સદા તમારી મધુર યાદમાં લય રહેવા વાળી, દરેક સમયે તમારૂ ધ્યાન રાખવાવાળી, મા જેવી મમતા વાળી અને તમે કેવા પણ હો, કોઇપણ અવસ્થામાં અપનાવવા વાળી, પોતાનો સમજવાવાળી ' મૃત્યુ ' છું ".

તમે રહો કે ન રહો હું તમારી સાથે છું " સારું ! હું ચાલી............ પછી કયારેક અવશ્ય મળીશુ એ ભૂલતા નહિ !

જાત મહેનત ઝિંદાબાદ !

સંકલન : ભગવાનદાસ લાલજીભાઇ પટેલ
(ધોળકા)

અબ્રાહમ લિંકન પ્રાંતિક ધારા સભામાંચૂંટાઇ ને આવ્યા તુરત જ તેમને અભિનંદન આપવા માટે માનવ મહેરામણ ઉમટયો. તેમાં શ્રીમંતો આવ્યા ત્યારે અબ્રાહમ લિંકન પોતાના આંગણામાં ગાય દોહતા હતા.

થોડીવાર તો બધાજ વિમાસણમાં પડી ગયા કે આવડા મોટા માણસ તે શું ગાય દોહવે ? કયાંક આપણો ભ્રમ ના હોય ! !

[illegible] બોલે કે ચાલે. તેઓને મૂંગા [illegible]લા જોઇ અબ્રાહમે તેઓને બેસવા માટે કહ્યું લોકો ગાય દોહવાઈ ગઈ. ત્યાં સુધી ઊભા રહયા.

'અરે! આપ આવડા મોટા દેશના આગેવાન અને ગાય દોહવો તે શું સારૂં કહેવાય ? આ કામ તો ગોવાળોનું ગણાય ' એક ભાઇએ લિંકનને કહ્યું.

ભાઇ ? જગતનું કોઈ કામ મોટું કે નાનું નથી. આપણે મહેનત ના કરી શકયા તે બીજાને આપ્યું એટલે તેને આપણે નાનુ માની લીધું બાકી આ જગતમાં સ્વાશ્રયજ માનવીને આગળ લાવે છે. મારી પ્રગતિમાં જાત મહેનતનો મોટો ફાળો છે.'

સાંભળનાર સૌના દિલમાં સ્વાશ્રયમાં વિચારો ગોળાઈ રહ્યા.

નારી તું નારાયણી

સંચાલક : **જયંત એચ. પટેલ**
એસ.વાય. બી.એ.
નહેરૂક પા, મોડાસા.

આજે જે વર્ષ ચાલી રહ્યું છે તેને આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ તરીકે ગણવામાં આવ્યું છે. તે માનવ જાતની સંસ્કારી પ્રગતિમાં એક કદમ આગેકૂચનો સંકલ્પ છે. આખી દુનિયાની પ્રજાઓ આજે વૈજ્ઞાનિક પ્રગતિને લીધે નજીક આવી છે. ભાષા, ધર્મ, સંસ્કૃતિ, રીતરિવાજો, આર્થિક પ્રશ્નો, રાજકીય મતભેદો, સહુની આપત્તિઓ અને યુધ્ધો માનવ ઐકયની દૃષ્ટિએ સમજવાના હવે પ્રયત્નો થાય છે. સ્ત્રીનું સન્માન તેનું સમાજમાં યોગ્ય સ્થાન એ પ્રશ્નને વિશ્વ સંસ્થાએ ઉપાડયો છે. રાજકીય ફેરફારો યુધ્ધો, આક્રમણો, ધર્મના નામના આડંબરો, તોફાનો, આર્થિક લાચારી અને ગુંડાગીરીમાં વધારેમાં વધારે આજના યુગમાસ્ત્રી જાતિને જ સહન કરવું પડે છે.

નારી શરીરનું બંધારણ જ એવું છે કે તેમાં કોમળતા, સ્નેહ. સૌંદર્ય, પ્રેમ, કરૂણા, આદતપણું અને વાત્સલ્ય પ્રકૃતિએ પેટ ભરીને સિંચ્યા છે. આ તેની વિશિષ્ટતા છે. આર્યપ્રજા સંસ્કારી હતી, તેને સ્ત્રી પુરૂષના ભેદને સમજી તેનો સદુપયોગ કર્યો છે. વિકાસની તકોમાં બુદ્ધિ ચાતુર્યમાં, વિદ્વતામાં, યુદ્ધ નૈપુણ્યમાં તેને પુરૂષ સમોવડી માન્ય રાખી છે. **किर्तीं श्री वाग् नारीणां स्मृति मेधाः धृतिक्षमा** । જેવા સદ્‌ગુણોમાં તે ભગવાનની વિભૂતિ ગણાઇ છે. આથી 'નારીનું સન્માન' ભવ્ય સમાજનું લક્ષણ ગણાય છે. જયાં સ્ત્રી જાતિનું સન્માન થાય છે ત્યાં દેવોનો નિરંતર વાસ છે. સર્વ રીતે ત્યાં સુખ, વૈભવ અને આનંદ છે. **यत्र नार्यास्तु पूज्यन्ते रमन्ते तत्र देवता** । સ્ત્રીએ પ્રેરણા સાથ, સહકાર આપી પુરૂષને સંસ્કારી બનાવ્યા છે. આ સંસારરૂપી રથમાં બીજા ચક્રનું તેને કામ કરી સમાજને ગતિમાન રાખ્યો છે. પુરૂષના પુરૂષાર્થની વૈભવ સંપત્તિ, લક્ષ્મી, સત્તા અને પૌરુષ પ્રાપ્ત થયેલાં છે. તેનું પ્રેરણા સ્થાન સ્ત્રી બની રહેલી છે. સંપત્તિમાં યોગ્ય અવેર અને વેતરણ તે કરે છે. પુરૂષને યોગ્ય સલાહ આપવી ઉચ્ચ આદર્શને ઝીલી અને અમલમાં મૂકવા નવું નવું શીખી લેવું તે સ્ત્રીનો ધર્મ છે. નિર્ભય, નિડર અને સ્વાશ્રયી બનવા તેણે શરીર, પ્રાણ અને બુદ્ધિનો બરાબર વિકાસ હવે તો કરવો રહયો ? રૂઢિગત ટેવો, જૂના રિવાજો, મોહ, પરાધિનતા, ચંચળતા ત્યજીને તૈયાર થવું પડશે.

સંગીત, સૌંદર્ય અને લલિતકળાઓમાં નૈપૂણ્ય મેળવી સંસારને સ્વર્ગમય બનાવવામાં સ્ત્રીએ જીવનની સાર્થકતા માણી છે. ગૃહસ્થાશ્રમને તેને દીપાવ્યો છે.

સંસારમાં સુપ્રજાને જન્મ આપી તેનું યોગ્ય ઘડતર કરવામાં જીવનની સાર્થકતા તેણે માણી છે. જગતનાં નાનાં મોટાં સર્વ સ્ત્રી પુરુષોને માતાની કુખે જ આ જગમાં જન્મ મેળવવો પડે છે પયગંબરો અને અવતારો, સંતો અને મહાત્માઓ રાજપુરુષો અને માનવજાતના નેતાઓ બધાજ માતાનાં સંતાન છે. એક કુશળ માતા હજારો શિક્ષકો કરતાં પણ બાળકના જીવન ઘડતરમાં મહત્વનું સ્થાન ધરાવે છે. આ સંસારમાં માતાજ સર્વોપરિ છે. એટલે જ **"जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ।** જન્મ આપનારી માતા અને જન્મભૂમિ સ્વર્ગથી પણ મહાન છે.

સર્વ ધર્મશાસ્ત્રોમાં યશસ્વી માતા 'સુમાતા' ગણાઇ છે. સ્ત્રી તરફ માન અને પૂજ્ય ભાવથી જોવું અને વર્તવું એમાં પશુત્વ ઉપર માનવ જાતનો વિજય છે. સર્વમાં સદ્‌ગુણોનો વિકાસ થાય ત્યારે માનવમાંથી દેવ થવાય. પુત્રી, બહેન, માતા, અને પત્ની તરીકે નારીએ પુરુષમાં ભરી ભરીને માનવતાનુ સિંચન કર્યું છે. સ્ત્રીમાં અનેક સદ્‌ગુણો વિકાસ પામ્યા છે. તે મહેશ્વરી થઈ પોતનું સામ્રાજ્ય સ્થાપી સંભાળે છે. મહાકાળીનું રૌદ્ર સ્વરૂપ ધારણ કરી અનિષ્ટનો અંત લાવે છે. મહાલક્ષ્મીનું તેનું સ્વરૂપ બુદ્ધિ, કલા, મેધા અને ડહાપણનું પુણ્યસ્ત્ર લાવે છે દરેક નારીમાં આ સુસુપ્ત શકિતઓ છે. પૂજ્ય ભાવથી તેને દરેક પ્રકારની તક આપી આ જગતને પ્રભુનું સામ્રાજ્ય બનાવીએ. સદા પૂર્ણ પ્રકાશિત ઉજ્જવલિત, અખંડ આનંદમાં આપણે સૌ ખેલીએ. (વ્યાયામના સૌજન્યથી)

અમૃતવાણી !

હજાર શિક્ષક જે જ્ઞાન નથી આપી શકતા એ જ્ઞાન માતા બાળકને આપી શકે છે. માતાના બાળક પર અત્યંત ઉપકાર છે.

પરમાત્મા બહુ આપે છે પણ આપ્યા પછી એ કદી કહેતા નથી કે, મેં તને આપ્યું છે. પણ માણસ એવો છે કે આપેલું જાહેર ન થાય ત્યાં સુધી એને ચેન પડતું નથી.

નામથી જે પરમાત્મા પ્રગટ થાય છે એ દુ:ખને દુર કરે છે. જેને અંદરનો આનંદ મળ્યો છે એને બહારના તમામ સુખ તુચ્છ લાગે છે.

ભગવાનના દર્શન માટે જેમ ભકતો આતુર બની ઝંખતા હોય છે એમ ભકતના દર્શન કરવા ભગવાન પણ તત્પર હોય છે.

કોઇ થોડો પણ ઉપકાર કરે તો ભુલશો નહિ. વાનરો સીતાફળ અને રામફળ ખાતાં નથી અને મર્યાદા રાખે છે. મનુષ્ય આટલી પણ મર્યાદા રાખતાં નથી.

યૌવન ભાન ભુલાવનારો કાળ છે. જેનું યૌવન પવિત્રતાથી પસાર થયું છે, એવા જ્ઞાની મહાપુરૂષ બહુ થોડા હોય છે. —પૂજ્ય ડોંગરેજી

આજના વિદ્યાર્થી અને શિક્ષણ

મેઘજીભાઈ વાલજીભાઇ પટેલ સુરત

કુદરત તરફથી જે કાંઇ સૌંદર્ય મળ્યું હોય ત્યારે તે મર્યાદિત હોય છે પણ જ્યારે તેનો અતિરેક થાય છે ત્યારે તેની શોભા નષ્ટ પામે છે. સરોવર, સરિતા કે સાગર એ બધાં જ મર્યાદાશીલ છે. જ્યારે તેઓ પોતાની મર્યાદા ઓળગે છે ત્યારે એ જગતના ઉપહાસને પાત્ર બને છે. એ જ રીતે યુવાનીમાં માનવીને શકિત, સૌંદર્ય અને સામર્થ્ય કુદરત તરફથી બક્ષિસ રૂપે મળ્યાં છે પણ જો સામાજિક કાયદા કાનૂનનું ઉલ્લંઘન કરીને સ્વછંદી વ્યવહાર કરવાનું યુવાન માણસ પસંદ કરે તો એની સ્વછંદતાના છાંટા સારાયે સમાજ ઉપર પડે છે. " યુવાની એ દિવાની છે " એ સુત્ર અનુસાર વધારેમાં વધારે સંયમની જરૂર તો યુવાનોને જ છે. અસ્થિર મન, વધુ પડતી ચચળતા અને અપરિપકવ માનસ તેના વિનાશનું કારણ બને છે.

આજના યુવાનમાં બુદ્ધિ પ્રતિભા નથી એવું નથી, પરંતુ આધુનિક હોવાનો દેખાવ કરવાનો મોહ ફેશન અને વિવેક બુદ્ધિના અભાવને પરિણામે એમની પ્રજ્ઞા કોઇપણ પ્રકારની ગંભીરતા વિના જે રસ્તો સામે મળે છે ત્યાં વળે છે અને આ પ્રજ્ઞાને બુદ્ધિસંગત કાર્યોમાં વાળવાનો કોઇ યુવાન વિચાર કરતો નથી.

યુવાનોના શિક્ષણ અને જીવન ઘડતર પર વધારેમાં વધારે ધ્યાન આપવાની જરૂર છે. વળી વિદ્યાર્થીઅવસ્થામાં તેને વિલાસથી અને રાજકારણમાંથી મુકત રાખવા જે શિક્ષણ અપાય છે તેમાં પણ જરૂરી સુધારાકરી યુવાનને પગભર અને સુદ્દઢ બનાવે એવા પ્રકારનું શિક્ષણ આપવાની સરકાર તરફથી જોગવાઈ થવી જોઇએ દેશમાં ચાલતી વધુ પડતી ઇતર પ્રવૃત્તિઓ અને મનોરંજનના સાધનો ઉપર પણ થોડો કાપ મૂકી શારીરિક અને માનસિક દ્રષ્ટિએ વધારે સબળ બનાવે તેવા પ્રયત્નો થવા જોઇએ.

આજના યુવાનોનું વાચન પણ કુંઠિત અને મર્યાદિત લાગે છે એટલે ફકત પરીક્ષાઓ પસાર કરવા માટે જ ભણે નહીં પણ જીવન જીવવાની વિદ્યા શીખવે એવું શિક્ષણ મળવુ જોઇએ.

વ્યવસાયલક્ષી શિક્ષણ મળવું જોઇએ. આજે મેટ્રીક કે કોલેજ સુધી ભણેલ યુવાનનું ગણિત અંગેનું જ્ઞાન બહુ જ નબળું દેખાય છે, જે વ્યવહારમાં ખાસ મહત્વ ધરાવે છે. ડગલે અને પગલે ગણિતની જરૂર પડે છે અને ધંધા ઉદ્યોગમાં

તેની ખાસ જરૂર પડતી હોવાથી ગણિત બરાબર હોવું જરૂરી છે. જે અંગે ' આંક ' ની પદ્ધતિ પ્રાથમિક અને માધ્યમિક ધોરણે દાખલ કરી આંક શિખવવા જરૂરી છે. જે ગણિતનો પાયો છે તે આંક વિદ્યાર્થીને આવડતા ન હોવાથી પાયો મજબૂત બનતો નથી અને ઇમારત હાલક ડોલક થયા કરતી હોય છે. આપણા વડીલો ગુજરાતી બે કે ત્રણ ચોપડી ભણેલા હોવા છતાં પણ આપણા કરતાં હિસાબ જલ્દી કરી શકે છે તે બતાવે છે કે શિક્ષણનું ધોરણ નીચું ગયુ છે જે હિતાવહ નથી.

જેમ મનુષ્યની બાબતમાં શરીર, મન અને આત્મા ત્રણ બાબતો છે તે રીતે સમગ્ર પણે દેશદ્રષ્ટિએની કેળવણીને લક્ષમાં લઇને આવા ત્રણ વિભાગો પાડવા જરૂરી બને છે ફકત શરીર ધંધા ઉદ્યોગમાં રોકી ટેકનીકલ કેળવણી મેળવનારને પ્રથમ વિભાગમાં રાખવા જોઇએ. તેમને શારીરિક અને માનસિક બંને પ્રકારની કેળવણી મળવી જોઇએ. જે વ્યકિતઓ જીવન દરમિયાન જુદા જુદા માનસિક સ્તરે કાર્યો કરે છે તેમને માનસિક દષ્ટિએ ઉપયોગી એવી કેળવણી, સંશોધન અને જ્ઞાન પ્રચારમાં ઉપયોગી બને એવી કેળવણી મળવી જોઇએ તેજ રીતે માનસિક જ્ઞાન મેળવીને આધ્યાત્મિક સ્તર પર જનાર માટે તેવી કેળવણીની સગવડ પણ સરકારે કરવી જોઇએ, આમ સરકાર જે ફકત એક જ પ્રકારના અક્ષરજ્ઞાનના કેળવણી પર ભાર મૂકે છે તેને બદલે દેશના આ ત્રણ વિભાગોમાં વહેંચાયેલા માનવીઓને કેળવણી મળી શકે એ પ્રકારની સગવડો પર ભાર મૂકવો જોઇએ, વ્યવસ્થા થવી જોઇએ.

આજના શિક્ષણનો સંબંધ બુદ્ધિની બેશકિતઓ સાથે છે. સ્મરણશકિત અને તર્કશકિત; સ્મરણશકિતની પરીક્ષા એ માટે લેવાય છે કે બાળક ખ્યાલમાં કેટલું રાખી શકે છે. તર્કશકિતમાં એ જોવાય છે કે બાળક યુકિતવાદી દલીલ કરી શકે છે કે નહિ પરંતુ આ તો બુદ્ધિની અતિ સામાન્ય શકિતઓ છે; પશુઓમાં પણ એ જોવામાં આવે છે. મોટરનું હોર્ન વાગે છે કે તેનાથી પરિચિત પશુ સડક ઉપરથી સહેજ દૂર ખસી જાય છે. તેની પાસે એટલો તર્ક છે કે સહેજ ખસી જવાથી મોટર સીધે માર્ગે ચાલી જશે. આમ તર્ક- શકિત અને સ્મરણશકિત એ તો સર્વ પશુઓની સામાન્ય શકિતઓ છે તેનાથી વધારે મહત્વની કેટલીયે શિકતઓ બુદ્ધિમાં છે વર્તમાન શિક્ષણમાં તેના વિકાસ પ્રત્યે કોઇ લક્ષ નથી આપતું આપણા માનસ-શાસ્ત્રીઓનું કહેવું છે કે બુદ્ધિ અનત શકિતઓથી ભરી ભરી છે જેટલાં શકિતઓ આ વિશ્વમાં છે તે સૌ આપણા મનમાં રહેલી છે. તે બધી શકિતઓનો યથાશકિત વિકાસ સાધવો એ શિક્ષણનું કામ છે.

"ગુજરાતી નારી"

સંકલન : શામજીભાઈ આર પટેલ
શ્રી અંબિકા વિજય સો મીલ,
આણંદ–૩૮૨૧૧૦ (ગુજરાત)

સળંગ લેખાંક :– ૭

પ્રકરણ – ૨ નારી વિકાસના પંથે (હપ્તો ચોથો)

ગયા અંકમાં આપણે આઝાદીની ચળવળ સમયે સ્ત્રીઓની પરિસ્થિતિ શી હતી તે ઉપર દ્દષ્ટિપાત કર્યો હતો. આપણે એ પણ જોયું હતું કે સ્ત્રી શિક્ષણ વધવાની સાથેસાથ, તે નીડર અને સક્રીય બની છે.

આમ છતાં, હજુ અમુક વર્ગમાં સ્ત્રીઓ પાછળ રહી ગઇ હોય તેવા અનેક દાખલાઓ મળી આવે છે. તેનું કારણ પણ 'નિરક્ષરતા' છે. એક ગણત્રી મુજબ સમગ્ર દેશમાંની સ્ત્રીઓની કુલ વસતીના માત્ર ૧૮.૫ ટકા સ્ત્રીઓ જ વાંચી કે લખી શકે છે. જ્યારે સમગ્ર દેશની સરખામણીમાં ગુજરાતનું પાસું ઉજ્જવળ છે. ગુજરાતમાં કુલ ૩૦ ટકા સ્ત્રીઓ ભણેલી છે. જ્યારે શહેરો તેમજ ગામડાંઓની સ્ત્રીઓનું અક્ષરજ્ઞાન અંગેનું વર્ગીકરણ કરીએ તો શહેરોમાં ૨૨ ટકા અને ગામડાંઓમાં લગભગ ૩ ટકા સ્ત્રીઓમાંજ સાક્ષરતા છે. આ આંકડાઓ દર્શાવે છે કે હજુ પણ ગામડાઓમાં સ્ત્રી શિક્ષણ ઘણું અધુરૂ છે.

સમગ્ર પરિસ્થિતિનું મૂલ્યાંકન કરીએ, તો સ્ત્રી કેળવણીની બાબતમાં આપણા દેશમાં આજે પણ બે ધ્રુવ જેવી પરિસ્થિતિ પ્રવર્તમાન છે. ખાસ કરીને શહેરોમાં સ્ત્રીઓને ઉચ્ચ કેળવણી માટે કોઇ પણ પ્રકારની રૂકાવટ નથી. તે વિદેશોની કેળવણી પણ સહેલાઈથી મેળવી શકે છે. જ્યારે બીજી બાજુ ગ્રામ્ય વિસ્તારોમાં સ્ત્રીઓની પરિસ્થિતિ ખરેખર દુઃખદ છે. આદિવાસી વિસ્તારોમાં તો સ્ત્રીઓ લગભગ નિરક્ષર જ છે તો કેટલેક સ્થળે સ્ત્રીઓને જાણે કે કેળવણી લેવાની પડી જ નથી, તેવી સ્થિતિ પણ જોવા મળે છે.

સ્ત્રીઓની નિરક્ષરતા બાબતમાં જૂના જમાનાના કેટલાક ખ્યાલો કામ કરે છે. ગામડાનાં અમુક મા બાપો તો હજુ એમ જ માને છે કે છોકરી એ અંતે તો છોકરી જ છે. અને જો તેને ભણાવવામાં આવે તો ઘરકામ, ખેતીનું કામ વગેરે તેનાથી નહીં થાય અને પછી સાસરીમાં તેનું શું થાય ? આવા વિચારોમાં તેઓ પોતાની છોકરીઓને ભણાવતા નથી. ઉપરાંત કેટલાંક મા બાપો તો એવું પણ

માને છે કે છોકરાંને ભણાવવા પાછળ આટલો ખર્ચ કરીએ, તેના કરતાં તેટલી રકમનો દાયજો આપીએ તો તે વધુ સુખી થાય !

આવી વિકટ પરિસ્થિતિ હોવા છતાંય, આવા કેટલાંય નિયંત્રણો હોવા છતાંય આપણાં ઘણી બાળાઓ ઘરકામ કરે છે. સાદાઈથી રહે છે અને દૂર દૂર સુધી પગપાળા ચાલીને પણ ભણવા જાય છે, આ હકીકત બતાવે છે કે સમયના વહેણનાં સાથોસાથ છોકરીઓમાં પણ ભણવા માટેની જાગૃતિ આવતી જાય છે.

સ્ત્રીને હવે એ સમજાવવા લાગ્યું છે કે શિક્ષણ વિના તેનો પોતાનો ઉદ્ધાર નથી. માતા અને પત્ની હોવા ઉપરાંત તેણે જવાબદાર નાગરિક તરીકે અને કૌટુંબિક ક્ષેત્રે સમજદાર વ્યકિત તરીકે પણ કાર્ય પાર પાડવાનું છે.

આમ સ્ત્રીઓનું ભાવિ બહારથી ખૂબ જ ઉજળું દેખાય છે. શિક્ષણ માટેની ધગશ હોવા છતાંય બીજી બાજુ નિરક્ષરતાની પરિસ્થિતિ દયાજનક છે. સામાન્ય રીતે પછાત વિસ્તારોમાં અને દૂર દૂરના ગામડાંઓમાં દેવું કરીને પણ પ્રસંગો ઉજવવામાં સ્ત્રીઓ ગૌરવ અનુભવે છે. 'મોટાઈ' ના મોહથી તે દૂર થઈ શકતી નથી. બીનજરૂરી વસ્ત્રો અને અલંકારો પાછળ આંધળા અને ગજા બહારના ખર્ચાઓ કરીને, દુઃખ વહોરે છે. શહેરોમાં લગ્ન તથા મરણ પાછળ થતા જમણવારો બંધ થતા જાય છે પરંતુ ગામડાઓમાં પરિસ્થિતિમાં લેશમાત્ર પણ સુધારો થયો હોય તેમ જણાતું નથી.

અને આવા સંજોગોમાં સ્ત્રીઓની કેળવણી તથા જાગૃતિની બાબતમાં શહેરોમાં જે પરિસ્થિતિ છે, તે ગામડાઓ સુધી પહોંચે તે માટે પ્રયાસો કરવાની આપણી સૌની એક સરખી જવાબદારી છે.

ગુજરાતણનાં દુઃખદર્દ જોયા પછી, આપણે તેનાં 'લગ્ન' પ્રતિ પણ નજર કરી લઈએ—

સ્ત્રીને માટે 'લગ્ન' તેની જીંદગીનો એક ઐતિહાસિક પ્રસંગ છે. સ્ત્રીના જીવનના વિકાસમાં લગ્નનો ઘણો મોટો ફાળો હોય છે કારણ કે લગ્નને પરિણામે પ્રાપ્ત થતા જીવનસાથી દ્વારા જો સુપાત્ર હોય તો તેનું જીવન એ દ્રષ્ટાંતરૂપ બની રહે છે તે જીવનમાં પ્રગતિનાં શિખરો સર કરી શકે છે. પરંતુ જો અયોગ્ય પાત્ર મળી જાય તો સ્ત્રીનું જીવન બરબાદ થઈ જાય છે આમ સ્ત્રીના જીવનમાં જીવનસાથીની પસંદગી અત્યંત મહત્વની છે તેની રૂચિ મુજબ પતિ પ્રાપ્ત કરવાનો તેનો અધિકાર પણ છે, પરંતુ પરાપૂર્વથી ચાલી આવતી આપણી લગ્ન પ્રથાએ તેના આ અધિકારને ગુંગળાવી નાખ્યો છે. આપણી પ્રાચીન લગ્ન પ્રથા આર્થિક પાયા પર રચાયેલી છે. અને તેણે હંમેશાં 'સ્ત્રી' કરતાં 'નાણાં'નેજ વધુ મહત્વ અપાય છે.

 સ્ત્રી બાળકને જન્મ આપે છે એ હકીકતને આધારે જ આપણી સમાજ રચનામાં કામનું વિભાજન થયું છે. કોઇપણ કોમ, પ્રજાને જીવવું હોય તો તેણે બીજી પ્રજાને પેદા કરવી પડે, ઉછેરવી પડે ખોરાક ઉત્પન્ન કરવો પડે. વર્ષો પહેલાં સ્ત્રીની જવાબદારી બાળકોને જન્મ આપવાની અને ઉછેરવાની હતી. જ્યારે પુરૂષને માથે કમાવાની તથા કુટુંબનુ રક્ષણ કરવાની જવાબદારી હતી સ્ત્રીને માટે આવો બહાદુર પુરૂષ મેળવવો તે અહોભાગ્યની નિશાની હતી વહેંચણીની આ પ્રથામાં સ્ત્રી અને પુરૂષમાં કાર્ય ક્ષેત્ર અલગ હોઇ નાની મોટી દરેક નાણાકીય બાબતોમાં તેણે પુરૂષ ઉપર નિર્ભર રહેવું પડતું હતું. એક તબક્કે તો સ્ત્રીને કુટુંબની મિલ્કતમાંથી કોઇ જ ભાગ મળતો નહીં.

જો કે આવી વિષમ પરિસ્થિતિમાંથી સ્ત્રી બહાર આવી છે. અને આમ છતાંયે સ્ત્રીએ એ માટે પુરૂષ સામે કદાપિ બંડ ઉઠાવ્યું નથી કે નથી પુરૂષને તરછોડયો.

ગુજરાતના ગામડાઓમાં જઇને જોઇએ તો સ્ત્રીઓ અને પુરૂષો એકબીજા સાથે હળીમળીને કામ કરે છે ઘરના કે રસ્તાના બાંધકામમાં, તળાવ કે કૂવા, વાવ વિ. ના ખોદકામમાં સ્ત્રીઓએ પુરૂષોની સાથે ખભેખભા મિલાવીને કામ કર્યું છે. આમ છતાંય પુરુષની સરખામણીમાં તેનો વેતનનો દર હંમેશાં નીચો રહ્યો છે તોય સ્ત્રીએ પોતાની સહિષ્ણુતા ગુમાવી નથી.

ભારતમાં સ્ત્રી પુરૂષોને આ રીતે એક સાથે હળીમળીને કામ કરતા જોઇને વિદેશી પ્રવાસીઓ તો આશ્ચર્યમાં પડી જાય છે.

આ અંકમાં આપણે એ વિદેશી સન્નારીઓના ભારતીય સ્ત્રીઓ વિશેના અભિપ્રાય જાણી લઇને આ અંકનું લખાણ પુરૂ કરીશું.

વિશ્વ વિખ્યાત પત્રકાર શ્રીમતી ઝાંકીન લખે છે "હું ઘણીવાર ભારત આવુ છું, વિશેષ કરીને ગુજરાતમાં આવું છું, ત્યારે મારું સહુથી વિશેષ ધ્યાન સ્ત્રીઓની વધતી જતી પ્રગતિ પર જાય છે. જ્યાં જોઇએ ત્યાં ગુજરાતણ પોતાના પગ ઉપર ઊભેલી જણાય છે.

ઇંગ્લેન્ડના એક સન્નારી મીસક્રીસ કહે છે. "હું દુનિયાભરમાં ઘૂમી છું, સ્ત્રીઓનો સહુંથી કઠણ મામલો આરબ દેશોમાં છે, ત્યાં મારેય બુરખો પહેરવો પડશે એમ મને લાગતું હતું કારણ કે સહુની આંખો મારી સામે જ તકાયેલી રહેતી તેની સરખામણીમાં પશ્ચિમના સામ્યવાદી દેશોમાં હાલત સારી છે.

યુરોપમાં સ્ત્રી-પુરૂષો સાથે કામ કરે છે વિમાન અને યંત્રો પણ સ્ત્રીઓ ચલાવે છે. અહીયાં સ્ત્રી સામે મનુષ્યને નાતે નહી, સ્ત્રીને નાતે જોવાય છે. સ્ત્રી એટલે ઉપયોગની જ ચીજ, એમ માનવામાં આવે છે. જ્યારે સ્ત્રીને મનુષ્ય તરીકે સમજનારો અને સ્ત્રી માટે સહુથી સુરક્ષિત દેશ ભારત છે, જ્યાં સ્ત્રીને સ્ત્રી તરીકે નહીં પણ મનુષ્ય તરીકે જોવામાં આવે છે.

(ક્રમશ :)

★ પૂજ્ય સ્વામી શ્રી શિવાનંદજીએ એક વખત કહેલું કે જો મને મારાં લખેલાં ૩૦૦ પુસ્તકોનો ટૂંકમાં સાર પૂછવામાં આવે તો હું ફક્ત એટલું જ કહું કે—

BE GOOD
DO GOOD
BE KIND
BE COMPASSIONATE
SERVE
LOVE
GIVE
PURIFY
MEDITATE
REALISE
KNOW THE SELF
BE FREE
INQUIRF WHO AM I

★ **મન :—**

અભ્યાસ અને વૈરાગ્યથી મન સહેલાઈથી વશમાં આવે છે —ગીતા
હું તમારૂ ભલુ કરૂ અને તમે મારૂ ભલુ કરો એ —વિવેક
હું ભલુ ન કરૂ અને છતાં તમે મારૂ ભલુ કરો એ —માણસાઈ
હું તમારૂ ભલુ તો નહિ બલ્કે બૂરૂં કરૂ ને તમે મારૂ ભલુ કરો એ —અહિંસા
ફળ આવવાથી વૃક્ષ ઝુકી જાય છે. વરસાદને સમયે વાદળો ઝૂકે છે ને સંપતિ ને સમયે સજ્જનો નમ્ર બની જાય છે. પરોપકારીઓનો સ્વભાવ જ એવો હોય છે. —કાલીદાસ

★ **પિતા :—**

પુત્ર માટેનું પિતાનું કર્તવ્ય એ જ છે કે તે તેને સભામાં પ્રથમ પંક્તિમાં બેસવા લાયક બનાવે. —તિરૂવલ્લુર

★ **પુરૂષાર્થી :—**

પુરૂષાર્થી તે છે કે જે ભાગ્યની રેખા બદલી શકે છે. —શીલનાથ

★ **પુરુષ :—**

ઉત્તમ પુરુષ તે કહેવાયકે જે કોઇપણ કાર્યને અધુરૂ ન છોડે. —વીલેન્ડ

★ **પુરૂષાર્થ :—**

બુદ્ધિમાન અને માનનીય લોકો પુરુષાર્થને જ શ્રેષ્ઠ માને છે પરંતુ નપુંસક કે જે પુરૂષાર્થ નથી કરી શકતા તે દૈવની ઉપાસના કરે છે. —શુક્રાચાર્ય

★ **પુસ્તક :—**

જે પુસ્તક તમને સૌથી વધુ વિચારવા માટે વિવશ કરે છે તે પુસ્તક તમારા માટે સૌથી વધુ સહાયક નીવડે છે. —જયૌડોર પાર્કર

★ **પુરૂષાર્થનું પૈડું :—**

આ દુનિયામાં કોઈ ધકેલે નહિ તો કોઇ બાબત સ્વતઃ બની આવતી નથી —સારફીલ્ડ

★ **પુરૂષાર્થ હીનતા :—**

પોતાના ખરાબ નસીબ કહીને ના હિંમત થઈ જવુ એ માણસની અત્યંત ભયંકર અને મુર્ખાઇ ભરેલી ટેવ છે. —કાબુર

શ્રી લક્ષ્મીનારાયણ મંદિરનો વાર્ષિકોત્સવ, ખોંભડી. **સમાચાર**

● સંવત ૨૦૩૨ના ચૈત્ર સુદ ૧૩ ને સોમવાર તા. ૧૨-૪-૭૬ના રોજ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના શુભ ચિંતક ઇશ્વરનગર વાંઢાય (કચ્છ) તેમજ હરદ્વાર કચ્છીલાલરામેશ્વર આશ્રમના પ્રેરક બળ સમાન સંત પૂ. શ્રી વાલદાસજી મહારાજની ઉપસ્થિતિમાં ખોંભડી મુકામે ખૂબ જ ધામધૂમ પૂર્વક મંદિરનો વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

સદર ઉત્સવ ઉજવવામાં એકાદ દિવસ અગાઉ ખોંભડીગામમાંથી જ કુલ ૧૨૧ ભાઇબહેનોએ સનાતન ધર્મનો અંગીકાર કર્યો હતો.

કુદરતી પ્રેરણા અને સંતપુરૂષોના આશીર્વાદથી તે જ ગામનાં કુલ ૨૩ જોડકાં (પતિ-પત્ની) એએ પૂ. શ્રી વાલદાજી મહારાજ પાસેથી ગુરૂ બોધ લીધો હતો.

વિદ્યાર્થીઓને વીસ સૂચનો

સંકલન

(૧) વહેલી સવારે ચાર વાગ્યે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠો. અભ્યાસ માટે આ ઉત્તમ સમય છે, ઠંડાપાણીથી સ્નાન કરી, પ્રભુનું ધ્યાન કરો અને પછી તમારો અભ્યાસ શરૂ કરો.

(૨) તમારા માટે વ્યાયામ આવશ્યક છે. નિયમિત થોડાંક યોગાસનો કરો શીર્ષાસન કરવાથી તમારી બુધ્ધિ શકિત અને યાદશકિત તીવ્ર બનશે. ઊંડા ને દીર્ઘ શ્વાસ લો.

(૩) તમને ઇશ્વરનું જે નામ પ્રિય હોય તેનો જપ કરો.

(૪) ખોરાક પર સ્વાસ્થ્યનો આધાર છે. હંમેશાં સાદો ખોરાક લો. ચા, કોફી છોડવાનો પ્રયત્ન કરો. તેને બદલે સાદુ દૂધ લો.

(૫) શકય હોય તો તમારા અભ્યાસ અને પ્રાર્થના માટે જુદો ખંડ રાખો તેથી તમારી ધારણા શકિત વધશે.

(૬) તમારી પાસે જે હોય તેમાંથી થોડુંક પણ જેને જરૂર હોય તેને આપો.

(૭) હંમેશાં થોડુંક ધાર્મિક વાચન નિયમિત કરો.

(૮) થોડીક પ્રાર્થના કંઠસ્થ કરો આ તમારા મનને ઉન્નત બનાવશે.

(૯) કોઇને કદી ઇજા પહોંચાડશો નહિ. પ્રેમ અને સહનશીલતા કેળવી ક્રોધનું શમન કરો

(૧૦) હંમેશાં સત્યજ બોલો થોડું બોલો, પણ મધુર બોલો.

(૧૧) વીર્યશકિતનું રક્ષણ કરો. એ જ તમારા વ્યકિતત્વની પાછળ રહેલી શકિત છે.

(૧૨) ખરાબ સંગત, માંસાહાર, પત્તાં ખેલવાનું અને સિનેમા જોવાનું તજી દો.

(૧૩) અઠવાડિયામાં એકવાર સાંજે ફળ અને દૂધ જ લો.

(૧૪) દરરોજ એકાદ કલાક મૌન પાળો આથી તમારી નિશ્ચય શકિત દ્રઢ થશે

(૧૫) તમારાં માતાપિતા અને વડીલોની સેવા કરો. આથી તમારું હૃદય શુધ્ધ થશે.

(૧૬) સંતોષ કેળવો જરૂરીયાતો ઓછી રાખો તેથી ચિંતા પણ ઓછી થશે.

(૧૭) તમારૂ કામ જાતે જ કરો. આથી આત્મશ્રધ્ધા અને કાર્યશીલતા જાગ્રત થશે.

(૧૮) રાત્રે સુતાં પહેલાં દસેક મિનિટ આખા દિવસની દિનચર્યા પર વિચાર કરો. તમારી જાતને પૂછો કે કશું ખોટું કર્યું નથી ને ? ફરીથી એવું ન થાય તેવો નિશ્ચય કરો નોંધ પોથી રાખો.

(૧૯) તમારી નોંધપોથીમાં તમારી આધ્યાત્મિક પ્રગતિની નોંધ રાખો.

(૨૦) ગમે તેવા સંજોગોમાં પણ ઈશ્વરને યાદ રાખો અને તેનેજ તમારો સાચો માર્ગદર્શક બનાવો.

યોગ્ય મુરતીયાઓની જરૂર

● છેલ્લાં થોડાંક વર્ષથી આપણા સમાજમાં ઉંમર લાયક કન્યાઓ માટે મુરતીયાઓનો કૃત્રિમ દુષ્કાળ શરૂ થયો છે. સામાન્ય રીતે ૧૬ થી ૨૫ વર્ષની વયમર્યાદા ધરાવતી યો. પાંચથી માંડીને ગ્રેજ્યુએટ કક્ષા સુધીની બહેનોના માતાપિતા તેમજ તેમનાં સબંધીજનોના અથાગ પરિશ્રમ બાદ પણ પોતાની સુપુત્રીઓને લાયક મુરતીયાઓનું સમાજમાં અસ્તિત્વ હોવા છતાં પણ શિક્ષણના બહાના તળે સંબંધ જોડવાની અથવા અન્ય કારણો સર સ્પષ્ટપણે ના પાડવાથી સગપણો ન થતાં મુરતીયાઓની કૃત્રિમ વરતાય છે આ તંગી દૂર કરવા માટે અને સમગ્ર સમાજને આશીર્વાદરૂપ બનવા માટે કેટલાક સુપુત્રો તેમજ તેમનાં વડીલોએ સ્વેચ્છાએ આગળ આવવાની જરૂર છે.

શિક્ષિત તેમજ અશિક્ષિત હોય અને સગપણ કરવા ઇચ્છતી હોય તેવી ઉમેદવાર વ્યકિતઓ (છોકરા અગર છોકરીઓ) એ તેમનાં વડીલોની સંમતિ લઇ નીચે દર્શાવ્યા મુજબની માહિતી શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવકમંડળ (ગુજરાત) ધનસુરાના પ્રમુખશ્રી/મંત્રીશ્રીના સરનામે કાર્યાલય પર પત્રવ્યવહારથી મોકલવી. પત્રવ્યવહાર ખાનગી રહેશે.

માહિતી :—

ઉમેદવારનુ નામ............... ગામ........... તાલુકો......... ઉંમર.........
શાખ..........ગોત્ર.........અભ્યાસ વગેરે

ઉપરોકત માહિતી મળી ગયા બાદ પાત્રોની યોગ્યતાની (ઉંમર અભ્યાસ વગેરે) ચકાસણી કરી વ્યવસ્થિત રીતે વિચારણા કરીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. તો આશા છે કે ખાસ કરીને દીકરાનાં માબાપોએ પણ સત્વરે વિચારી સમગ્ર સમાજમાં સતત ચિંતિત એવાં દીકરીઓનાં વડીલો તેમજ સમાજ માટે આશીર્વાદ રૂપ બનવા પત્રવ્યવહાર કરી દાખલો બેસાડે.

લિ. પ્રમુખશ્રી,
શ્રી ક. ક. પા. સ. સ. યુ. મંડળ (ગુજરાત) ધનસુરા.

પત્ર વ્યવહાર કરવાનું સરનામું.

મંત્રી શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ
[ગુજરાત] ધનસુરા. ઠે. પટેલવાડી, તલોદ રોડ, તા. મોડાસા, જિ. સાબરકાંઠા

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ અમદાવાદની સામાન્ય સભા તા. ૨૧-૪-૭૬ ને બુધવારે બપોરના ૩-૦૦ વાગે શ્રી કચ્છ કડવા પાટીદાર કોલોનીમાં "દેવકી ભુવન" માં મળી હતી સભાની શરૂઆતમાં સમાજના માનદ મંત્રી લાલજીભાઇ મેઘજીભાઇ પટેલે સમાજના સ. ૨૦૩૧ ના હિસાબો રજુ કર્યા હતા.

ત્યારબાદ સમાજની કારોબારી કમિટી તેમજ હોદ્દેદારોની ચૂંટણી કરવામાં આવી હતી. જેમાં નીચે મુજબના ભાઇઓ ત્રણ વર્ષ માટે ચૂંટાઈ આવેલ છે.

જેઠાભાઇ પુંજાભાઇ પટેલ	પ્રમુખ
દેવસીભાઈ રામજીભાઇ પટેલ	ઉપ-પ્રમુખ
લાલજીભાઈ મેઘજીભાઇ પટેલ	માનદ મંત્રી
કરશનભાઇ પચાણભાઇ પટેલ	સહમંત્રી
લખુભાઇ લધાભાઇ પટેલ	સહમંત્રી
નારણભાઇ ભીમજીભાઇ પટેલ	ખજાનચી
અબજીભાઇ રામજીભાઈ પટેલ	સભ્ય
કરસનદાસ માવજીભાઇ પટેલ	"
નારણભાઇ રતનશીભાઇ પટેલ	"
પરબતભાઇ માવજીભાઇ પટેલ	"
નારણભાઇ જેઠાભાઈ પટેલ	"
રતિલાલ જીવરાજભાઇ પટેલ	"
રામજીભાઇ મનજીભાઇ પટેલ	"
શીવદાસભાઇ રવજીભાઇ પટેલ	"
વિશ્રામભાઇ ખીમજીભાઈ પટેલ	"

● શ્રી અખિલ ભારત કચ્છ કડવા પાટીદાર સમાજ માટે ઉપયોગી અમદાવાદની મુલાકાતે, આવતાં જતાં પ્રવાસીને રહેવા માટે, દૂર દૂરથી અમદાવાદ શહેરમાં દર્દીઓને લઇ આવનાર સૌ કોઇની સવલત સચવાય તે રીતે તેમજ વિવિધ હેતુલક્ષી સગવડો મળી શકે તેને ધ્યાનમાં લઇને અમદાવાદના મુખ્ય બસ સ્ટેશનની એકદમ નજીકમાં ગીતામંદિરની બાજુમાં, એક વિશાળ સમાજવાડીનું બાંધકામ પૂર્ણ વેગમાં ચાલુ છે.

ખાસ કરીને કચ્છ, કાઠીયાવાડ અને ગુજરાતના તમામ જિલ્લાઓમાં વસતા આપણા જ્ઞાતિબંધુઓ માટે આ વાડી સવિશેષ ઉપયોગી થઇ શકશે તે સમજી શકાય તેવી વાત છે. ગુજરાત સિવાયના અન્ય પ્રાંતોમાંથી આવતા જતા આપણા સમાજના પ્રવાસીઓને પણ 'થાકયાના વિસામા' સમ ઉપયોગી નીવડશે.

તો વિશાળ હેતુઓવાળી અસંખ્ય જનસંખ્યા માટે આશીર્વાદરૂપ સમાજવાડીના બાંધકામ પ્રસંગે સમાજનાં સૌ કોઇ ભાઇ-બ્હેનો ફૂલ નહિ તો ફૂલની પાંખડી સમ વિશાળ દીલ રાખી હાથ લંબાવે તેવી સૌ કોઇ ભાઇ-બહેનોને નમ્ર વિનંતી છે.

લિ. મંત્રીશ્રી
પટેલ લાલજીભાઈ મેઘજીભાઇ
શ્રી ક. ક. પાટીદાર સમાજ, અમદાવાદ.

દુ:ખદ અવસાન



પટેલ માવજીભાઈ નાનજીભાઇ (ધોળુ)

નાગલપુર (તા. નખત્રાણા) ના વતની અને હાલમાં ધંધાર્થે ખમામ (આંધ્રપ્રદેશ) ખાતે રહેતા પટેલ માવજીભાઇ નાનજીભાઇ (ધોળુ) નું તા. ૧-૪-૭૬ના રોજ સાંજે ૬ વાગે હૃદયરોગના હુમલાને કારણે દુ:ખદ અવસાન થયું છે.

સદ્દગત નાગલપુર ગામના અગ્રગણ્ય નાગરિક હતા અને સામાજિક કાર્યોમાં તેમનો તન, મન અને ધનથી સહકાર રહેતો હતો તેમના અવસાનથી સ્થાનિક સમાજને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. સદ્દગત તેમની પાછળ વિશાળ પરિવારને વિલાપ કરતું મૂકી ગયા છે.

સદ્દગતને નાગલપુર ઉપરાંત ધોળકા તેમજ સાણંદ ખાતેના સ્થાનિક સમાજ તરફથી ભાવભીની શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી

પરમકૃપાળુ પરમાત્મા સદ્દગતના આત્માને શાંતિ આપે એજ અભ્યર્થના.

જાહેર ખબર

મોડાસા નિવાસી શ્રી મગન ભગત સંચાલિત કચ્છ કડવા પાટીદાર સમાજ માટેની ત્રણધામ યાત્રા પ્રવાસના યાત્રિકો રામેશ્વરમ્ જગન્નનાથપુરી તેમજ નેપાળના કાઠમંડુ પશુપતિનાથના પવિત્ર તીર્થનાં દર્શન કરીને કાઠમંડુથી બીરગંજ સુધી સ્પેશ્યલ પ્લેનમાં મુસાફરી કરીને સૌએ ઉત્તરનાં તીર્થોભણી સુખરૂપ પ્રયાણ કરેલ છે. સંઘ તા. ૬-૫-૭૬ના બદ્રીનારાયણ પહોંચીને તા. ૨૦-૫-૭૬ના રોજ અમદાવાદ આવશે

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ, (ગુજરાત), ધનસુરા ના સભ્યો જોગ..........

વિભાગીય રીતે નિયુક્ત થયેલા ઉપરોક્ત મંડળના સૌ પ્રતિનિધિ ભાઇઓને જણાવવાનું કે આપ સૌએ મંડળના આદેશ અનુસાર ધનસુરા ખાતે છાત્રાલયોમાં રહી અભ્યાસ કરતાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે આપના વિભાગમાંથી ઘઉં ઉઘરાવવાનું કાર્ય પૂરું કર્યું હશેજ. જો સમયના અભાવે અથવા આળસુવૃત્તિના કારણે પણ આપનું એ કાર્ય અધૂરૂં હોય તો વહેલી તકે પૂર્ણ કરી મંડળની આગામી મીટીંગ-માં સંપૂર્ણ લીસ્ટ બે નકલમાં લાવશો. જેથી એક જાગૃતિ કાર્યાલયમાં દાનદાતાઓની પ્રસિદ્ધિ માટે આપી શકાય. લીસ્ટની નીચે ગ્રુપ પ્રતિનિધિનું નામ અને વિભાગ અચૂક લખવાનું ભૂલાય નહિ તેની નોંધ લેશો.

ઉઘરાવેલા ઘઉં વિશે પ્રતિનિધિ ભાઇઓને વિનતી કે પોતપોતાની સુઝ પ્રમાણે શક્ય હોય તેમ ઓછા ખર્ચે ધનસુરા પહોંચી શકે તે રીતની યોગ્ય ગોઠવણ કરવા નમ્ર વિનંતી છે.

મંત્રી	પ્રમુખ
શ્રી અરજણભાઇ વી. પટેલ	**શ્રી રતિલાલ એલ. પટેલ**

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ (ગુજરાત) ધનસુરા

દુ:ખદ અવસાન

કલકત્તાની વર્ષો જૂની લાકડાની પેઢી મે. પ્રેમજી એન્ડ ભીમજી કું. ના માલિક અને સમાજના આગેવાન કાર્યકર શ્રી **કરશનભાઈ ભીમજીભાઇ** ના અકાળે નીપજેલા દુ:ખદ અવસાનથી સમગ્ર સમાજમાં શોકની ઘેરી છાયા ફળી વળી હતી સદ્દગતના માનતાં કલકત્તામાં એક દિવસ ટીમ્બર ઉદ્યોગમાં કામકાજ બંધ રાખવામાં આવ્યાં હતાં.

સ્વર્ગસ્થની સ્મશાન યાત્રામાં આપણા ગુજરાતી સમાજના તેમજ બંગાળી ગૃહસ્થોએ વિશાળ સંખ્યામાં હાજર રહી સદ્દગતને અંજલિ આપી હતી. આપણા સમાજ તરફથી શોકસભા યોજી તેમની સેવાઓને બિરદાવ્યા બાદ બે મિનિટ મૌન પાળી તેમના આત્માની શાંતિ માટે પ્રભુપ્રાર્થના કરવામાં આવી હતી.

સ્વર્ગસ્થના અવસાનથી વિશાળ પરિવાર પર આવી પડેલ આપત્તિ બદલ શોક ઠરાવ પસાર કરી મોકલવામાં આવ્યો હતો.

શ્રીમદ્ ભાગવદ્ પારાયણ મહોત્સવ રાયપુર (મ. પ્ર.)

સંવત ૨૦૩૨ ચૈત્ર સુદ ૧ થી ચૈત્ર વદ અમાસ

અત્રેની નારાયણ સૉ મીલના માલિક આનંદપર (કચ્છ) નિવાસી શ્રી ધનજીભાઇ શાવજીભાઇ પટેલને ત્યાં ચાલુ વર્ષે ચૈત્ર માસમાં શ્રીમદ્ ભાગવત પારાયણનું આયોજન કરવામાં આવ્યુ હતું. વ્યાસપીઠ પર કચ્છ નિવાસી સ્વામીશ્રી ભાગવતાનંદજી બીરાજયા હતા. દિવસના ભાગવત પારાયણ બાદ રોજ સાંજે સ્વામીજી હાજર રહેલા આબાલવૃદ્ધ ભાઇબહેનોને સ્વાધ્યાયના શ્લોકો શીખવતા હતા જેનો સૌ કોઇએ રસપૂર્વક લાભ લીધો હતો.

સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજનો યુવાનવર્ગ સ્વાધ્યાય જેવી આધ્યાત્મિક પ્રવૃત્તિનું આયોજન કરે તો ભાવિપેઢીમાં ઉચ્ચ વિચારો દ્વારા સુઘડ સમાજનાં દર્શન કરી શકાય તેમાં શકાને સ્થાન નથી. રાયપુરવાસી ઘણા ધર્મપ્રેમી ભાઇઓના ઘેર શ્રીમદ્ ભાગવત્ પારાયણના પુર્ણાહુતિના દિવસે સવારથી જ પોથી પધરાવવામાં આવી હતી.

શ્રીમદ્ ભાગવત્ પારાયણ વખતે નિયમિત આરતી થતાં જે કંઇ રકમ એકત્ર થયેલ તેનો સ્વામીજીના આદેશ મુજબ ગાયોના ઘાસચારામાં વાપરવાનું નકકી થયેલ છે.

વ્યકિતગત રીતે આવેલ રકમ કુલ રૂપિયા ૧૬૫૦/ એક હજાર છસ્સોને પચાસ રૂપિયા કચ્છ થરાવડા ખાતે સ્વાધ્યાય રૂમના બાંધકામ પેટે બાંધકામ સમિતિના ખજાનચી શ્રી નાનજીભાઇ રામજીભાઇના નામે ડ્રાફટથી મોકલી આપવામાં આવેલ છે.

આ રીતે સંતપુરૂષો તેમજ દાનવીર ભાઈઓની અધ્યાત્મમાર્ગે આચરવામાં આવતી ઉદારતાથી જનતામાં કુદરત પ્રત્યેની શ્રધ્ધામાં અવશ્ય વૃદ્ધિ થવાની પ્રેરણા મળે છે જે દેશ તેમજ સમાજના ઉજ્જવળ ભાવિની નિશાનીનું સૂચક છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા પાઠશાળા સ્વાધ્યાય કેન્દ્ર, જબલપુર

અત્રે દર રવિવારે સવારના ૭થી૮ સુધી નિયમિત મુરબીશ્રી પેથાભાઇ, શ્રી ભાણજીભાઇ, શ્રી દીપકકુમાર તેમજ અન્ય સ્વાધ્યાય પ્રેમી ભાઇઓના સહકારથી સ્વાધ્યાય કેન્દ્રની શરૂઆત કરવામાં આવી છે.

કુદરતે માનવ જાતનું સર્જન કર્યા બાદ માનવી તરીકે પ્રભુ પ્રત્યેનું નિત્યકર્મ આપણે ન ભૂલીએ તેમાંજ જીવનની સાર્થકતા છે.

સ્વાધ્યાય પ્રવૃત્તિ દ્વારા કુદરતમાં અખૂટ શ્રધ્ધાનો વારસો ભાવિ પેઢી ને આપી સતતિમાં સંસ્કારીતાનું સિંચન કરી પ્રભુ પ્રત્યે કૃતજ્ઞી બનીએ.

શ્રદ્ધાંજલિ

સ્વ. કરસન ભીમજી લીમ્બાણી (ગાભુભાઈ)
કોટડા જડોદર)

અહીંના સામાજિક કાર્યકર તેમજ પાટીદાર સમાજની અગ્રગણ્ય વ્યકિત શ્રી કરસનભાઈ ભીમજીભાઈ ઉર્ફે ગાભુભાઈનું તા. ૨૬-૩-૭૬ના રોજ કલકતા મધ્યે હૃદય રોગના હુમલાથી દુઃખદ અવસાન થયું છે. સદ્દગતના અવસાનના સમાચાર મળતાં ગામ તેમજ સમાજમાં શોકનું મોજુ ફરી વળ્યું હતુ સમગ્ર ગામના વેપારીઓ તેમજ ખેડૂતોએ સ્વર્ગસ્થના માનમાં પોતાના કામકાજ બંધ રાખ્યા હતા

તેઓશ્રી હંમેશ સામાજિક કાર્યોમા રસ લેતા આવ્યા હતા. વતનથી દૂર રહેવા છતાં પણ જયારે જયારે વતન પર આફત આવી છે. ત્યારે પોતાના તન, મન, અને ધનનો ભોગ આપીને વતન પ્રત્યેની પોતાની ફરજ અદા કરી હતી. તેમાંય છેલ્લા પાંચ વર્ષથી તો તેઓશ્રીએ પોતાનું જીવન વતનની સામાજિક પ્રવૃત્તિઓમાં અર્પણ કરી પ્રવૃત્તિઓના કેન્દ્ર સ્થાને રહ્યા હતા તેઓશ્રીની આગવી પ્રતિભા વિલક્ષણ બુધ્ધિ અને દીર્ઘ દ્રષ્ટિથી અહિના સામાજિક કાર્યોમાં એક અનેરી ક્રાંતિની જવાળા પ્રગટાવી છે. તેજ તેમની કાર્યસિદ્ધિ દર્શાવે છે.

ગત વર્ષે દુષ્કાળમાં અનેકવિધ પ્રવૃત્તિઓના સુત્રધાર હતા. દુષ્કાળને ડામવા માટે તેઓશ્રીના સહકારથી ગામમાં ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું વ્યાસપીઠ પર શ્રી શંભુ મહારાજને લઇ આવવામાં આગેવાની ભર્યો ભાગ ભજવી સપ્તાહ દ્વારા ગાયો માટે ૧ લાખ ૭ હજાર જેવી માતબર રકમ એકત્ર કરવામાં આવી હતી. તેઓશ્રીના આ કાર્યને અબાલવૃધ્ધ સૌએ વધાવી લીધુ હતું. તેમના આ ધાર્મિક કાર્યથી અભૂતપૂર્વ માન અને સન્માન મેળવી લોકોના હૃદયમાં એક અવિચળ સ્થાન મેળવ્યું તદ્દઉપરાંત સેવા, શ્રમ, અને સંગઠનનો અનેરો ત્રિવેણી સંગમ આ કાર્યદ્વારા સર્જ્યો હતો

તેઓશ્રીનો મિલનસાર સ્વભાવ, હસમુખો ચહેરો સર્વેને માન આપવાની તત્પરતાને કારણે જ આમ જનતાના હૃદય સુધી ચિરંજીવ રહેશે. નખત્રાણા મધ્યે આવેલ પાટીદારોના હૃદયસમા વિશાળ વિદ્યાધામ બોર્ડિંગના તેઓશ્રી મુખ્યદાતા તેમજ પ્રણેતા હતા તેઆશ્રીના અકાળે નધનથી સમાજે પણ એક કર્તવ્યનિષ્ઠ કર્મવીર અને કાર્યરત સામાજિક કાર્યકર ગુમાવ્યો છે.

સદ્દગતના આત્માની શાંતિ અર્થે ગામમાં શોકસભા યોજવામાં આવી હતી. તાલુકા પ્રમુખ શ્રી પ્રવિણસિંહજીએ શોકાંજલિ અર્પતાં જણાવ્યું કે મેં મારો અંગત મિત્ર ગુમાવ્યો છે. ગામે તેમજ સમાજે જેની ખોટ ન પૂરી શકાય તેવો સંનિષ્ટ કાર્યકર ગુમાવ્યો છે સરપંચશ્રીએ શ્રધ્ધાંજલિ અર્પતાં જણાવ્યું કે મેં મારો બાળ ગોઠિયો મિત્ર–સહઅધ્યાયી તેમજ સાથી અને સલાહકાર ગુમાવ્યો છે જેની ખોટ હંમેશાં ગ્રામજનોને સાલશે ડૉ. પંડયાએ શોક પ્રસ્તાવ રજૂ કર્યો હતો જેને શીવજી અરજણ, વિઠ્ઠલદાસ જાદવજી, મનજી પ્રેમજી, નારણ ભાણજી, વગેરેએ ટેકો આપ્યો હતો.

અંતમાં બે મિનિટનું મૌન પાળી સદ્દગતના આત્માને પરમકૃપાળુ પરમેશ્વર ચિરસ્થાયી શાંતિ આપે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી તેઓશ્રીના કુટુંબીજનો પર આવી પડેલ અણધારી આફતમાં સહાયભૂત થવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ભલે તેઓશ્રીનો નશ્વર દેહ આજે આપણી વચ્ચે નથી પરંતુ તેમનાં અગણિત કાર્યોની મધુર સુવાસ આપણી વચ્ચે હંમેશાં મધમધતી રહેશે અને પ્રેરણા આપતી રહેશે.

પ્રભુ સદ્દગતના આત્માને શાંતિ આપે એજ અભ્યર્થના.

ગ્રામજનો વતી,
દેવસી મનજી નાયાણી
બી. કૉમ. (ઓનર્સ)

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ (ગુજરાત) ધનસુરાના ઉપપ્રમુખ તેમજ અત્રેની જાણીતી પેઢી "નેશનલ ટાયર્સ" ના માલિક શ્રી પ્રેમજીભાઇ અખેરામભાઇ પટેલના નાના ભાઇશ્રી વિઠ્ઠલદાસ તેમજ લીલાબહેનનાં શુભ લગ્ન તા. ૩–૩–૭૬ અને ૨–૩–૭૬ ના રોજ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યાં હતાં.

સદર પ્રસંગે સમાજના આગેવાનો વેપારી ભાઇઓ તેમજ રાજકીય આગેવાનો આજુબાજુના વિસ્તારના જાણીતા ડૉકટરો, વકીલો વગેરેએ હાજરી આપી પ્રસંગ શોભાવ્યો હતો.

સદર પ્રસંગને અનુસરી ધનસુરાનાં આપણાં છાત્રાલયોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીભાઇ–બહેનોને બે ટંક ભોજન આપવામાં આવ્યું હતું.

● શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત) ધનસુરાના પ્રમુખશ્રી હીરજીભાઇ કરશનભાઇના સુપુત્ર તુલસીદાસના ચિ. પ્રમોદકુમાર તેમજ ચિ. જશોદાબેનનાં શુભ લગ્ન તા. ૨–૫–૭૬ ના રોજ યોજવામાં આવ્યાં હતાં.

લગ્ન સમારંભમાં સમાજના અગ્રણીઓએ સારી એવી સંખ્યામાં હાજરી આપી નવપરણીતોને આશીર્વાદ આપ્યા હતા.

● શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ (ગુજરાત) ધનસુરાના માજી પ્રમુખ કિશાન કવોરી વર્કસ–વડાગામ તેમજ કનૈયા કવોરી વર્કસ આકરૂન્દના પ્રોપ્રાયટર હરિપુરાકંપા નિવાસી શ્રી શામજીભાઇ સવગણભાઈ પટેલના સુપુત્રો ચિ. ડાહ્યાલાલ તેમજ ચિ. જયંતિલાલનાં શુભલગ્ન તા, ૬–૫–૭૬ ના રોજ યોજવામાં આવ્યાં હતાં.

તા. ૫ મી ના સાંજે યોજાયેલા સમારંભમાં જિલ્લાના પીઢ આગેવાન તલોદ નિવાસી મુ શ્રી અંબુકાકા, તલોદ સાયન્સ કોલેજના પ્રિન્સીપાલ શ્રી રતિભાઈ એલ. પટેલ, વડાગામ ઠાકોર સાહેબ શ્રી નરવરસિંહજી, ધનસુરા, વડાગામ, આકરૂન્દ વગેરે મથકોના પ્રતિષ્ઠિત વેપારીઓ, વિવિધ ખાતાઓનાં અમલદાર સાહેબો, વાત્રક, વડાગામ ધનસુરા વગેરેના જાણીતા ડૉકટર સાહેબો તેમજ કવોરીઝ વ્યવસાયના કર્ણધારો શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના આગેવાનો સર્વશ્રી નાનજીભાઇ કે. પટેલ શ્રી નારણભાઇ એસ. પટેલ (માજી ધારાસભ્ય) વગેરેએ હાજર રહી સમારંભની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

દુ:ખદ અવસાન

કરશનભાઈ ભીમજીભાઈ લીંબાણી કોટડા (જડોદર–કચ્છ) નિવાસીનું ૫૪ વર્ષની ભરયુવાન વયે ગત તા. ૨૬–૩–૭૬ ના રોજ હૃદયરોગના હુમલાથી કલકત્તા મુકામે દુઃખદ અવસાન થયું છે.

સદ્‌ગતશ્રી આપણી જ્ઞાતિના લબ્ધપ્રતિષ્ઠિત અને આગેવાન કાર્યકર હતા. નાનપણથી જ કલકત્તા મધ્યે થોડું ઘણું શિક્ષણ પ્રાપ્ત કરી તેમના પિતાશ્રી સાથે કચ્છનાં ગામડાંઓમાં ફરી ફરી ને સનાતન ધર્મનું પ્રચાર કાર્ય કર્યું હતું જે તેમનામાં સંસ્કૃતિ પ્રત્યે રહેલી ઉચ્ચ ભાવનાની ઝાંખી કરાવે છે.

કલકત્તામાં સમાજ રચનાનું સુકાન સંભાળી સલાહકાર તરીકે તેમજ સમગ્ર દેશમાં પ્રવર્તમાન સમાજોની સાંકળ રૂપ બનવા માર્ગદર્શક તરીકેની સુંદર કામગીરી તેમને બજાવી હતી.

નખત્રાણા ખાતે બાંધવામાં આવેલ છાત્રાલયની ભવ્ય ઇમારત ખડી કરવા સમાજમાં શિક્ષણ ફેલાવવા માટે વડલો સાથે મુખ્ય ભૂમિકા ભજવીને છાત્રાલયના ઉદ્‌ઘાટન સમયે વાસ્તુપૂજન વખતે પતિપત્ની સાથે હવનમાં બેઠેલ હતા. એટલું જ નહિ પૂર્વ વિભાગના તેમના મિત્રો સાથે સાથ સહકાર સાધી ઉદ્‌ઘાટનવિધિના ચડાવામાં રૂા. ૪૦,૦૦૦ ચાલીસ હજાર જેવી માતબર રકમ આપી તાળું ખરીદ્યું હતું.

સમાજસેવાનાં અન્યક્ષેત્રોમાં પણ તેમણે સેવાઓ આપી અનેક સંસ્થાઓમાં આર્થિક મદદ આપી હતી.

• સેવાઓની કદર કરીને આજ દિવસ સુધીમાં માત્ર એકજ વ્યકિતનુ સમાજે સુવર્ણ ચંદ્રક આપી સન્માન કર્યું હોય તો પણ તેમનું જ નામ મોખરે આવે છે

કચ્છ તેમજ કલકત્તાની ઘણી સંસ્થાઓ સાથે જોડાયેલા અને શાંત તેમજ મિલનસાર સ્વભાવના કારણે ગાભુભાઇના હુલામણા નામે ઓળખાતા શ્રી કરશનભાઈમાં રહેલી અજોડ સંગઠન શકિતએજ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના પ્રમુખ તરીકેનો માનદ હોદો અપાયો હતો. સ્વર્ગસ્થશ્રીની અંતિમ ઇચ્છા કચ્છમાં સનાતન સમાજની અલગ ઓફીસ કરવાનો અને રામનવમી વખતે કચ્છમાં જવાનો સંકલ્પ હતો. આ હકીકત ધર્મ પ્રત્યે જીવનની અંતીમ પળો સુધી અખૂટ શ્રદ્ધા હોવાની પ્રતિતિ કરાવે છે.

સદ્‌ગત શ્રી ગાભુભાઇનો નશ્વર દેહ આજે ભલે આપણી વચ્ચે નથી પરંતુ તેમનાં કાર્યોની સુવાસ દીર્ઘકાળ સુધી આપણી સાથે જ હશે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે અને વિશાળ પરિવાર પર આવી પડેલ આપત્તિનો સામનો કરવાની શકિત આપે એજ અભ્યર્થના.

આધ્યાત્મિક પ્રસંગોની ઉજવણી

● આકરૂન્દ નજીક નવટાંકીકંપા નિવાસી પટેલ વસરામભાઇ કાનજીભાઇ તેમજ છગનભાઇ કાનજીભાઈ પટેલે સપ્તાહનું આયોજન કર્યું હતું સદર ધાર્મિક પ્રસંગે આજુબાજુના વિસ્તારમાંથી બે થી ત્રણ હજાર માણસોએ ધાર્મિક કાર્યક્રમનો લાભ લીધો હતો. સપ્તાહનું આયોજન કરી આજુબાજુના વિસ્તારની ધર્મપ્રેમી જનતાને ભકિતરસનું પાન કરાવ્યું હતું તે બદલ અભિનંદન.

● ધનપુરાકંપા (આકરુન્દ નજીક) મુકામે શ્રી વસરામભાઇ ધનજીભાઇએ પણ ભાગવત સપ્તાહનું આયોજન કરી આજુબાજુના વિસ્તારની ધર્મપ્રેમી જનતાને ભકિતરસનું પાન કરાવ્યુ હતું તે બદલ અભિનંદન.

● તાજેતરમાં જ ચૈત્ર વદ ૮ થી અમાસ સુધી અત્રે ધનસુરા નજીક મોતીવેણીકંપાના અગ્રગણ્ય ખેડૂત શ્રી સવગણભાઇ કાનજીભાઇ પટેલે રામાયણ પરાયણનું આયોજન કર્યું હતું. વ્યાસપીઠ પર અમદાવાદ નિવાસી સ્વામીશ્રી રામકુમારદાસજી બીરાજ્યા હતા.

સ્વામીશ્રીજીએ પોતાની સુમધુરવાણીમાં રામાયણના પ્રસંગોનું માર્મિક વર્ણન કરી શ્રોતાજનોને મંત્રમુગ્ધ બનાવી દીધા હતા.

આ પ્રસંગે સમાજના આગેવાનો, ધનસુરાના આગેવાન વેપારીઓ તેમજ આજુબાજુના વિસ્તારની ધર્મપ્રેમી જનતાએ હજારોની સંખ્યામાં લાભ લીધો હતો ઉપરોકત સુંદર પ્રસંગોનું આયોજન કરી, ઘોર કળિયુગમાં પણ જનતાને ભકિત-રસમાં તરબોળ કરવા બદલ દરેક પ્રસંગોના આયોજકોને હાર્દિક અભિનંદન.

"જાગૃતિ પરિવાર વતી"
તંત્રી કાન્તિભાઇ કે. પટેલ

લગ્ન ભેટ

● આપણે જાણીએ છીએ તેમ આપણા સમગ્ર સમાજમાં અસંખ્ય સંખ્યામાં લગ્ન પ્રસંગની ઉજવણી પ્રતિવર્ષ થાય છે છેલ્લા કેટલાંક વર્ષથી વધતી જતી મોંઘવારી તેમજ સામાજીક રીતે પણ રીવાજોથી પર જઇને (મામેરા, ચાંલ્લા, લગ્ન પ્રસંગે ધૂમ ખર્ચ) વધુ પડતું ખર્ચ કરવામાં આવે છે જેનો સીધોજ બોજ અસહ્ય હોય છતાં ઉઠાવવો પડતો હોય છે. તો આવા પ્રસંગે આપણાં છાત્રાલયો, પ્રકાશન કરતાં કાર્યાલયો તેમજ અન્ય ધાર્મિક સંસ્થાઓમાં માત્ર નજીવી રકમની જ ભેટ ધરવામાં આવે તો પણ "પંચ કી લકડી એકકા બોજ જેવું કાર્ય થઇ શકે તો આશા રાખીએ કે લગ્ન જેવા પ્રસંગે પ્રાસંગિક ખર્ચ માનીનેજ દાનદાતા પોતાના સમાજની સંસ્થાઓ પ્રત્યે ઉદાર દીલ બની હાથ લંબાવે એવી અભિલાષા.

અત્રે લગ્ન પ્રસંગે દાતાઓ તરફથી ધનસુરાનાં છાત્રાલયો માટે આવેલ ભેટ નીચે પ્રમાણે છે.

રૂા. પૈસા		પ્રસંગ
૨૫–૨૫	પટેલ લધાભાઇ ભાણજીભાઇ ભુજપુરાકંપા તા. મોડાસા	પુત્ર લગ્ન પ્રસંગે
૧૧–૨૫	પટેલ કરમસીભાઇ નાંનજીભાઇ રૌજપુર બોધા (અમદાવાદ)	"

ઉપરોક્ત દાનદાતાઓનું ઉદાહરણ સૌ કોઇ ધ્યાનમાં લે તેવી અભિલાષા અસ્થાને તો ન જ ગણાય ને ?

ચોમાસુ સાર

વિક્રમ સંવત ૨૦૩૨

સીવગણભાઈ લધાભાઈ પટેલ કલ્યાણપુર (કચ્છ)

જગદંબા તું ઇશ્વરી, જગ સરજન હાર.
માતા પૂછું તુજ ને, કહો વીસો બત્રીસનો ચોમાસુ સાર ૧
માતા બોલી પ્રેમથી, સુણ સીવગણ તું આજ,
પા, અધુ઼ં આ વરસ છે, ના થઇશ નારાજ ૨
વરસાદ સાડાપાંચ માસ, પ્રથમ સાડાત્રણ માઠી ચાલ
ભાદરવે સારો વરસતાં, આખર કરશે ન્યાલ ૩
ધન ધાન્ય કમાતાં દુઃખ છે, છે સાચવતાં પણ દુઃખ
જે નર આ વર્ષ ગુમાવશે, તેનાં જાશે સુખ ૪
જે નર ભૂલ્યો વાવતાં, તેનાં બંને બગડશે વર્ષ
'શીવગણ' કહે ખેડૂતને, તમે ભાંગો મારો અર્થ ૫

આ વર્ષનો ચોમાસુ સાર જોતાં વરસાદ સાડાપાંચ માસનું લાંબુ આયુષ્ય લઇ ચોમાસુ પુરૂ થશે. વૈશાખ સુદ ૧૧થી ચોમાસુ શરૂ થઇ આસો વદી અગીયારસે પુરૂ થશે. પ્રથમ સાડાત્રણ માસ વરસાદ ઓછો પડશે અને દરેક માસમાં ખરડીયું પડશે. પાછળ ભાદરવામાં સારો વરસાદ થતાં તળાવ, ડેમો ભરાશે. નિરાશ થયેલા ખેડૂતોની આશા પુરણ થશે.

ઘાસચારો પુષ્કળ થશે, જંગલની ઝાડો ફાલેફૂલે, ચોપગાં પ્રાણી સુખી થાય બજાર ભાવ થોડા ઉંચા જાય, વરસ તેજી નીવડે, વેપારીની તુટેલી પેઢીઓમાં જીવન આવે ચોમાસુ પાક હાથમાં આવતાં બજાર નરમ દેખાવ કરે. દીવાળી પછી બે માસ બાદ બજાર આકાશે જાય. જીવન જરૂરી ચીજોના ભાવ વધે છતાં પ્રજા સુખી થાય.

માસવાર વરસાદની આગાહી આ પ્રમાણે છે.

આગાહી પ્રમાણે વરસાદ અમાસ પાસે થશે જ એવું ધારીને પાથરી બાંધી બેસી રહેશો નહિ, તમારે તમારૂં કામ જ કરવાનું છે.

વૈશાખ માસમાં પુનમની આસપાસ એક વરસાદ થાય. બીજો વરસાદ અમાસ સુધીમાં થાય અગર વાવાઝોડું થાય.

જેઠ માસમાં એક ચંદ્ર દર્શન વખતે અને બીજો વરસાદ વદ ૫ લગભગ થાય અમાસમાં વાવાઝોડું, આંધી, તોફાન વગેરે થાય.

અષાડ માસમાં એક સુદ ૭ ની આસપાસ બીજો વદ ૧૧ લગભગ થાય.

શ્રાવણ માસમાં એક વરસાદ પહેલા અઠવાડિયામાં અને બીજો વરસાદ છેલ્લા અઠવાડિયામાં થાય.

ભાદરવામાં પાંચ વરસાદ પાંચ પાંચ દિવસના અંતરે થાય અથવા ચાલુ જ રહે

આસો માસમાં બે થી ત્રણ વરસાદ થશે છેલ્લો વરસાદ આસો વદ ૧૧ થી અગાઉ થાય જે ચિત્રામાં હશે.

તો ઉપરોકત ચોમાસુસાર વાચકોની ઇચ્છાને માન આપી આપવામાં આવ્યો છે ખેડુત ભાઇઓ વાંચે, વિચારે અને ચેતીને ચાલે પછી તો જોગમાયાની ઇચ્છા બળવાન છે. વર્ષની પેદાશ ૭ થી દસઆની જેવી થાય.

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવકસંઘ બાલાસોર વિભાગ (ઓરીસ્સા)

હાવરાથી ગાંધીધામ સળંગ રેલ્વેની સુવિધા મેળવવા ઓરીસ્સા વિભાગના કચ્છ કડવા પાટીદાર ભાઇઓની માંગ—

રેલ્વેમંત્રીશ્રી કમલાપતિ ત્રિપાઠીને પાઠવેલો પત્ર

બાલાસોર (ઓરિસ્સા) વિભાગના શ્રી કચ્છ કડવા પાટીદાર યુવકસંઘના સભ્યોએ હાલમાં હાવરાથી વિરમગામ વચ્ચે ચાલતી બે સ્લીપર કોચ જે પ્રથમ ૨ અપ હાવડા મુંબઇ મેલમાં અને ત્યારબાદ મુંબઇથી ગાંધીધામ વચ્ચે દોડતી ૧૫ ડાઉન સૌરાષ્ટ્ર એકસપ્રેસમાં જોડાય છે તે વિરમગામમાં છૂટી પાડવામાં આવે છે

જો આ બન્ને કોચો/બોગીઓને વિરમગામમાં છૂટી ન પાડતાં સળંગ ગાંધીધામ સુધી લંબાવવામાં આવે તો પૂર્વ તેમજ મધ્ય ભારતમાં વસતા આપણા જ્ઞાતિ ભાઇઓને તેમજ કચ્છ જિલ્લાના તમામ નાગરીકોને વિરમગામમાં અકારણે કરવી પડતી ફેરબદલી તેમજ સ્થાન પ્રાપ્તિ માટેનો વધારાનો ખર્ચ બચી જાય.

રતનશી એલ. પટેલ
સહમંત્રી : શ્રી કચ્છ કડવા પાટીદાર યુવકસંઘ
બાલાસોર

શ્રી નાના અંગીઆ કડવા પાટીદાર નવયુવક મંડળ. નાના અંગીઆ (કચ્છ)

શ્રી નાના અંગીયા કડવા પાટીદાર નવયુવક મંડળ (કલકત્તા વિભાગ) ની વાર્ષિક સામાન્ય સભા ગત તા. ૧૧-૪-૭૬ બપોરના ૩-૦૦ કલાકે મે. કે. એમ. ચોપડા એન્ડ કું. નિમતલ્લામાં શ્રીમાન સીવદાસભાઇ કચરાભાઇ ચોપડાના પ્રમુખ પદે મળી હતી. જેમાં હાજર રહેલ સૌ સભ્ય ભાઇઓના બાકી નીકળતા લવાજમની વસુલાત કરવામાં આવેલ.

ત્યારબાદ મંત્રીશ્રી અમેરામ વાલજી પારસીઆ તરફથી નાના અંગીઆ (કચ્છ) મુકામે સક્રિયપણે ચાલતી યુવા પ્રવૃતિ તેમજ વાંચનાલયનો આછો ખ્યાલ આપવામાં આવેલ.

આ સભામાં પ્રથમ પોતાના જ ગામમાં સામાજિક સડાઓ તેમજ ભાંગફોડિયા પ્રવૃતિઓને ડામવા અને બંધ કરવા માટે તેમજ શ્રી અખીલભારતીય કચ્છ કડવા પાટીદાર યુવકસંઘના દરેકે દરેક કાર્યોમાં વધુને વધુ યોગદાન આપી યુવક પ્રવૃત્તિને વેગવાન બનાવવાની બાબતની વિચારણા કરવામાં આવેલ.

મંડળમાં જાગૃતિ આણવા માટે મંડળના કલકત્તા વિભાગ ખાતેનાં સભ્યોમાંથી ૧૬ સક્રિય કાર્યકરો અને ૫ સલાહકારોને ચૂંટીને મંડળની કાર્યવાહક સમિતિ તેમજ હોદ્દેદારોની નીચે જણાવ્યા મુજબ સર્વાનુમતે વરણી કરવામાં આવેલ.

૧ શ્રી વેલજીભાઈ વાલજીભાઇ પારસીઆ	(જનરલ પ્રમુખ કલકત્તા અને કચ્છ વિ.)			
૨ શ્રી સીવદાસભાઇ કચરાભાઇ ચોપડા	(પ્રમુખ કલકત્તા વિભાગ)			
૩ શ્રી પ્રેમજીભાઇ જેઠાભાઇ લીંબાણી	ઉપ પ્રમુખ	,,	,,
૪ શ્રી અમેરામભાઈ વાલજીભાઇ પારસીઆ	મંત્રી	,,	,,
૫ શ્રી શિવજીભાઇ ડાહ્યાભાઇ પારસીઆ	સહમંત્રી	,,	,
૬ શ્રી કરસનભાઇ હરજીભાઇ ભગત	ખજાનચી	,,	,,
૭ શ્રી હીરજીભાઇ પુંજાભાઇ ચોપડા	સહ ખજાનચી	,,	,,
૮ શ્રી વેલજીભાઇ હરજીભાઇ મેઘાણી	સભ્ય	,,	,,
૯ શ્રી જીવરાજભાઇ કરસનભાઇ ચોપડા	,,	,,	,,
૧૦ શ્રી માવજીભાઇ વેલજીભાઇ કેસરાણી	,,	,,	,,
૧૧ શ્રી અમૃતલાલ માવજીભાઈ ભગત	,,	,,	,,
૧૨ શ્રી મનજીભાઇ શીવજીભાઇ પારસીઆ	,,	,,	,,

૧૩ શ્રી વેલજીભાઇ નારણભાઈ વાઘાણી		,,	,,	,,
૧૪ શ્રી રતનશીભાઇ માવજીભાઇ લીંબાણી		,,	,,	,,
૧૫ શ્રી અબજીભાઇ હરદાસભાઇ ધોળુ		,,	,,	,,
૧૬ શ્રી અરજણભાઇ રતનશીભાઇ કરમસીયાણી		,,	,,	,,

સલાહકાર સમિતિ—

૧ મેઘજીભાઇ નથુભાઈ પારસીઆ	સલાહકાર કલકત્તા અને કચ્છ વિભાગ		
૨ કરમશીભાઇ પ્રેમજીભાઇ ચોપડા	,,	,,	,,
૩ કરસનભાઇ જેઠાભાઇ લીંબાણી	,,	,,	,,
૪ રતનશીભાઇ મેઘજીભાઇ ચોપડા	,,	,,	,,
૫ રામજીભાઇ પ્રેમજીભાઇ મેઘાણી	,,	,,	,,

ત્યારબાદ નવા ચૂંટાયેલ મંત્રીશ્રી તરફથી સૌ સભ્યોને યુવકસંઘ સમાજ અને પોતાના ગામ પ્રત્યેની દરેક યુવાનોની ફરજ બાબતનો ખ્યાલ આપવામાં આવેલ;

છેવટે મે. કે. એમ ચોપડા એન્ડ કું. નો સભા યોજવા માટે આપેલ વ્યવસ્થા બદલ કાર્યકર ભાઇઓનો આભાર માની પ્રમુખશ્રીની પરવાનગીથી સભા બરખાસ્ત કરવામાં આવેલ.

સહમંત્રી વતી
શ્રી શીવજીભાઇ ડાહ્યાભાઇ પારસીઆ
શ્રી નાના અંગીઆ કડવા પાટીદાર નવયુવક મંડળ

રામનવમી મહોત્સવ

ઇન્દિરનગર
(વાંઢાય+કચ્છ)

સં. ૨૦૩૨ ના ચૈત્ર સુદ ૯ ને શુક્રવાર તા. ૯–૪–૭૬ ના રોજ શ્રી શાંતિદાસજી મહારાજ અન્ય સંતપુરુષો, શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના આગેવાનો તેમજ સંત શિરોમણી પ. પૂ. શ્રી વાલદાસજીના મહારાજના સાનિધ્યમાં રામનવમીનો મહોત્સવ ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

સદર સમયે સંતપુરૂષોએ માનવજીવનમાં ધર્મનુ મહત્વ સમજાવી આશીર્વચનો પાઠવ્યાં હતાં. અને ગુરુકુળના આચાર્યશ્રીએ બાળકોમાં સારા સંસ્કારોનું સિંચન કરવાનો અનુરોધ કર્યો હતો. સર્વશ્રી નથુભાઈ નાનજીભાઇ પટેલ તેમજ માવજીભાઇ વાલજીભાઇ પટેલે પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં.

શ્રી ઉમીયા માતાજી મંદિર ઈશ્વરનગર (વાંઢાય)

સંવત ૨૦૩૨ ના ચૈત્ર સુદ ૮ ને ગુરુવાર તા. ૮-૪-૭૬ ના રોજ બપોરના ૩ વાગે શ્રી સીવગણભાઈ રાજાભાઇ પટેલના પ્રમુખસ્થાને એક મીટીંગ યોજવામાં આવી હતી.

મીટીંગની શરૂઆતમાંજ ગત મીટીંગની વીઝીટ બુકનું વાંચન કરી તેને બહાલી આપવામાં આવી હતી.

મંત્રીશ્રી નારણભાઇ વિશ્રામભાઇ પટેલે ગત વર્ષનો નાણાંકીય હીસાબ અને અહેવાલ રજૂ કર્યો હતો. તેમજ બંધારણ અંગે કેટલીક કલમોમાં આવેલ સુચનો રજૂ કરતાં ચર્ચા વિચારણાના અંતે જરૂરી સુધારા વધારા કરવામાં આવ્યા હતા. સાથે સાથે ઉમીયા માતાજી સંસ્થા તેમજ અન્નક્ષેત્રનું એક ટ્રસ્ટ રજિસ્ટર કરવાનુ વિચારવામાં આવ્યું હતું.

સંસ્થાની કાયમી આવક માટે મુરબ્બી શ્રી નથુભાઇ નાનજીભાઈ પટેલના સુચન મુજબ ધર્મપ્રેમી સૌ કુટુંબો તરફથી જીવદીઠ વાર્ષિક ૨૫ પૈસા જેટલી રકમ ઉમીયા માતાજી સંસ્થાના વિકાસ માટે મોકલવી તેમ નક્કી થતાં રસલીયા નિવાસી મુ. શ્રી હીરાલાલ ગોપાલભાઇએ અનુમોદન આપ્યું હતું. ઉપપ્રમુખ શ્રી પ્રેમજીભાઇ એ. પટેલ દર વર્ષે સદર રકમ ગામે ગામથી ઉઘરાવી રામનવમીના રોજ અત્રે મોકલી આપવા અનુરોધ કર્યો હતો.

દરસડી નિવાસી સીવદાસભાઇ ગોવિંદભાઇએ સૌ કોઇ ગામના આગેવાન ભાઇઓ આટલી નજીવી રકમ ખંત અને ઉત્સાહથી ઉગરાવીને મોકલવી આપે તેવી અભિલાષા વ્યકત કરી હતી.

છેલ્લે મંત્રીશ્રીની આભાર વિધિ બાદ મીટીંગની કાર્યવાહી પૂર્ણ થઇ હતી.

ઉપરોકત સંસ્થાની વર્ષ ૧૯૭૬-૭૭ માટે કારોબારી સમિતિની નીચે મુજબ વરણી કરવામાં આવી હતી.

પ્રમુખ	પટેલ પ્રેમજીભાઈ રામજીભાઇ	કલ્યાણપુર
ઉપ-પ્રમુખ	,, સીવગણભાઇ રાજાભાઇ	દેસલપુર
,,	,, શામજીભાઇ જીવરાજભાઈ	કોટડા (જડોદર)
મંત્રી	,, મોહનલાલ શીવજીભાઇ	નાગલપર
સહમંત્રી	,, માવજીભાઇ મેઘજીભાઈ	વિથોણ
,,	,, ખીમજીભાઈ કાનજીભાઇ	વિરાણી
ખજાનચી	,, કાનજીભાઇ રામજીભાઇ ભીમાણી	[illegible]

ધનસુરા કન્યા છાત્રાલય માટે અનાજની ભેટ

ટીંબાકંપા રામપુરાકંપા ગ્રુપ

ફાળો	નામ		ગામ
૩૧–૦૦	ખીમજીભાઇ માવજીભાઇ	પટેલ	ટીંમ્બાકંપા
૨૦·૦૦	મુળજીભાઇ લાલજીભાઇ	,,	,,
૨૦–૦૦	મેઘજીભાઇ લધાભાઇ	,,	,,
૨૦–૦૦	સામજીભાઇ હીરજીભાઇ	,,	,,
૨૦–૦૦	મણીભાઇ માવજીભાઇ	,,	,,
૨૦–૦૦	નારણભાઇ વસરામભાઇ	,,	,,
૨૦ ૦૦	સામજીભાઇ વસરામભાઈ	,,	,,
૧૧–૦૦	ધનજીભાઈ રામજીભાઇ	,,	,,
૧૧–૦૦	નાનજીભાઇ નથ્થુભાઇ	,,	,,
૧૧–૦૦	રામજીભાઇ નથુભાઇ	,,	,,
૫૧–૦૦	નનાજીભાઇ દેવજીભાઇ	,,	રામપુરાકંપા
૨૦–૦૦	લાલજીભાઇ મનજીભાઇ	,,	,,
૨૦–૦૦	જેઠાભાઇ ખીમજીભાઈ	,,	,,
૮૦–૦૦	કરશનભાઇ રામજીભાઇ પેથાભાઇ	,,	રામસીકંપા
૨૦–૦૦	અરજણભાઇ લધાભાઇ	,,	,,
૩૭૫–૦૦			

સમાજની શરમ......................શું એ સાચું છે ?

કેટલાંક વર્તુળો દ્વારા જાણવા મળ્યું છે તે મુજબ કચ્છનાં કેટલાંક ગામો માં સાંપ્રત જયોતિપધામોની મિલકતોનો કબ્જો મેળવવા સરકારી રાહે સદર મિલકતોની આકરણી કરવાનું કામ સૈયદો દ્વારા થઇ રહ્યું છે.

—આપણા સમાજના બાળકો માટે ખુશ ખબર—
ધનસુરા હાઈસ્કૂલને હાયર સેકન્ડરીની મંજુરી

★ હાલ આપણા સમાજનાં બે છાત્રાલયો ખૂબજ સારી રીતે ધનસુરામાં ચાલે છે.

★ વિદ્યાર્થી છાત્રાલયમાં સંખ્યા લગભગ દોઢસો આસપાસ છે.

★ કન્યા છાત્રાલયમાં એકસો પીસ્તાલીસ બહેનો રહીને અભ્યાસ કરે છે.

★ હવે હાયર સેકન્ડરી થતાં વધુ વિદ્યાર્થી ભાઈ–બહેનોને આગળ અભ્યાસ માટેની તકો વધુ ઉજ્વળ બની છે.

★ હાઈસ્કૂલમાં હાયર સેકન્ડરી માટે ખૂબજ અનુભવી અને પીઢ અધ્યાપકોનો સ્ટાફ રોકવામાં આવ્યો છે.

★ ઉદ્યોગોમાં ગૃહ–અર્થશાસ્ત્ર (બહેનો માટે) વાણિજ્ય, કૃષિ તથા કેમીકલ ટેકનોલોજી જેવા વિષયો દાખલ કરવાની છે તેની તૈયારી પણ પૂર જોશમાં ચાલી રહી છે

★ અત્યારથીજ સીટો રીઝર્વ કરાવવા બહાર ગામથી પત્રો આવવા માંડયા છે.

★ આપણા સમાજના બાળકો પાછળ ન રહી માટે અત્યારે જ બંને છાત્રાલયો સુપરિન્ટેન્ડેન્ડ સાહેબોનો સંપર્ક સાધો

★ છાત્રાલયમાં વધુ રૂમો બાંધવા તથા રસોડાને વધુ અદ્યતન બનાવવા માટે કમિટિ વિચારણા કરી રહી છે.

વિદ્યાર્થી ભવન માટે : **શ્રી વાડીભાઇ કે. પટેલ**


કન્યા છાત્રાલય માટે : **શ્રી સાવિત્રીબહેન વેલાણી**

શ્રી ક. પા. સ. સ. વિદ્યાર્થી ભવન, ધનસુરા.—

તા. ૧૫–૬–૭૬થી નવું સત્ર શરૂ થશે. ધો. ૫ થી ૧૧ સુધીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગુણવત્તાના ધોરણે આ વિદ્યાર્થીભવનમાં દાખલ કરવામાં આવશે.

જૂના વિદ્યાર્થીઓને એડમીશન ફોર્મ ફરીથી ભરવું પડશે. નવા તેમજ જૂના વિદ્યાર્થીઓને એડમીશન આપવાની તારીખ ૯, ૧૦, અને ૧૧ જૂન ૧૯૭૬ રાખવામાં આવી છે તો આ નક્કી કરેલા દિવસોમાંજ જરૂરી તમામ ફી ભરીને દરેકે એડમીશન મેળવી લેવાનું રહેશે– ત્યારબાદ એડમીશન મળશે નહિ.

નવા વિદ્યાર્થીઓ માટે : ફી		**જૂના વિદ્યાર્થીઓ માટે : ફી**	
○ દાખલ ફી	રૂ. ૫–૦૦	દાખલ ફી	—
○ સત્ર ફી	રૂ. ૨૦–૦૦	સત્ર ફી	રૂ. ૨૦–૦૦
○ ભોજન એડવાન્સ પ્રથમ સત્ર માટે	રૂ. ૩૫૦–૦૦	ભોજન એડવાન્સ પ્રથમ સત્ર માટે	રૂ. ૩૫૦–૦૦
	રૂ. ૩૭૫-૦૦		રૂ. [illegible]


SANDOZ
Crop Perfection. Sandoz Protection
ઓફીસ ૯૩
ઘર ૧૫૯
પંકજ ફર્ટીલાઇઝર્સ
તલોદ રોડ, ધનસુરા.
તા. મોડાસા, જિ. સાબરકાંઠા.
(ગુજરાત)
★ જંતુનાશક દવાઓ
★ રાસાયણીક ખાતર
★ સુધારેલ બીયારણ વગેરેના
છુટક તેમજ જથ્થાબંધ વેપારી
ડીલર : સેન્ડોઝ (ઇન્ડીયા)
લી. બોમ્બે
lux EC 25
Ekatin 25 EC
ઈયળ, કાતરા
નાશક
એકાલક્ષ
ભારત પેસ્ટીસાઇડઝ ઇન્ડસ્ટ્રીઝ
(પ્રા.) લી., અમદાવાદ.
મોલો, મધીયો
મશી નાશક
એકાટીન

પ્રેષક :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ઘનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી.

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ઘનસુરા, જિ. સાબરકાંઠા.

To,

Book-Post

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ઘનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ તરફથી

સેવા. સંગઠન અને સહકારના ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ
બી. એ.

વર્ષ : ૧૮ અંક—૬ જુન ૧૯૭૬

卐 卐

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦), પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૭૫ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧) પરદેશમાં રૂા. ૧૨૫) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ -પ્રકાશક

શ્રી. નાનજીભાઈ કે. પટેલ -આદ્યતંત્રી

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ -તંત્રી
બી. એ.

શ્રી. વાડાભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. S. C.
પ્રિન્સિપાલ :
સાયન્સ કોલેજ, તલોદ.
પ્રમુખ
શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ, ઘનસુરા

શ્રી શામજીભાઇ એસ. પટેલ
માજી પ્રમુખ
શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ, ઘનસુરા

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી એફ. એ. એમ., એલ. એમ. પી.

ડૉ. હંસરાજ એમ. પટેલ M.B.B.S.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ M. S. C.

શ્રી અરજણભાઇ વી. પટેલ મંત્રી
શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ, ઘનસુરા

શ્રી પ્રેમજીભાઇ એ. પટેલ ઉપ-પ્રમુખ
શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ, ઘનસુરા

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ

શ્રી. ચંદુલાલ વી. પટેલ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ
સંવત ૧૯૯૭, આસો વદ ચૌદસ

અનુક્રમણિકા

અ.નં.	લેખકનું નામ	લેખક કે સંપાદક	પૃષ્ઠ નં
૧	તંત્રી સ્થાનેથી.	કાન્તિલાલ કે. પટેલ	૧
૨	નિર્ભયતા	સંકલન	૨
૩	પશ્ચાતાપ	કેશવલાલ કે. પટેલ	૩
૪	એકારીની ભીતરમાં...	પ્રમોદકુમાર ટી પટેલ	૬
૫	જલારામ બાપા	સંપાદક	૧૧
૬	શબ્દમાં રહેલી શક્તિ	,,	૧૨
૭	તમારા દોષોનો સ્વીકાર કરો	,,	૧૨
૮	અરબસ્તાન જતાં પહેલાં વાંચો અને વિચારો	,,	૧૩
૯	યાત્રાનું ઉપવન વાંદાય	નારાયણ વિશ્રામ પટેલ	૧૬
૧૦	સમાચાર	—	૧૭
૧૧	પ્રભુ પ્રત્યે	રતિલાલ પી. પટેલ	૧૮
૧૨	એસ. એસ. સી. પછી શું ?	શાંતિલાલ એલ. પટેલ દિલીપ ડી. પટેલ	૧૯

પ્રેરણાનેથી

* નિર્ભયતા *

સર આસુતોષ મુખરજીઃ—

જ્યારે અંગ્રેજોનું રાજ્ય હતું અને તે ખૂબ જોરમાં હતા ત્યારે સર આસુતોષ મુખરજી એક પ્રથમ દેશી બંગાળી મુખ્ય ન્યાયાધીશ હતા. તે એક વખતે રેલ્વેમાં પ્રવાસે નીકળેલા. ત્યારે પ્રથમ વર્ગના ડબ્બામાં બેસવા ગયા. તે ડબ્બામાં એક લશ્કરી ગોરો અફસર બેઠેલો. તેણે એક દેશી માણસ તેની જોડે બેસે તે ગમતું નહિ હોઇ ડબ્બામાં સર આસુતોષને ચડતા રોકયા, અને રિવોલ્વર બતાવી. સર આસુતોષ લાંબા, પહોળાં અને મજબુત હતા. તેમણે એટલા જોરથી બારણું ઠેલ્યું કે પેલો ગોરો લશ્કરી અમલદાર પડતાં પડતાં રહી ગયો. પછી તો પેલા લશ્કરી અફસરને સમજાઇ ગયું કે લડવાથી જીતાય એમ નથી એટલે તે સમસમીને બેસી રહ્યો.

થોડીવાર પછી સર આસુતોષ બુટ કાઢીને સૂઇ ગયા અને ઊંઘવાનો ડોળ કરીને પડી રહ્યા. સર આસુતોષ ઊંઘી ગયા છે એમ માની પેલા લશ્કરી અફસરે તેમના બુટ બારીમાંથી બહાર ફેંકી દીધા. અને પછી પોતાનો કોટ બાજુ ઉપર મૂકી તેમાં તેની રીવોલ્વર, પૈસાનું પાકીટ, રેલ્વે ટીકીટ બધુ મૂકી સૂઈ ગયો.

સર આસુતોષ ખરેખર તો ઊંઘતા હતા જ નહિ. તેમણે આ બધું જોયું. થોડીવાર પછી પેલો લશ્કરી અફસર ઊંઘી ગયો એટલે સર આસુતોષે ઉઠીને તે અફસરનો કોટ બારીમાંથી બહાર ફેંકી દીધો. અને પોતે સૂઇ ગયા.

કલાક બે કલાક પછી પેલો લશ્કરી અફસર ઊંઘમાંથી જાગ્યો તો કોટ મળે નહિ. છેવટે તેણે સર આસુતોષને પૂછ્યું "મારો કોટ ક્યાં ગયો ?" ત્યારે સર આસુતોષે શાંતિથી જવાબ આપ્યો. "તમારો કોટ મારા બુટની ખબર કાઢવા ગયો છે," પેલો અંગ્રેજ તો ઠરી જ ગયો. આવી હતી સર આસુતોષની નિર્ભયતા.

સાચી હજ—જે ખુદાએ કબુલ રાખી

યુસુફ મોચી:—

યુસુફ નામે એક મોચી હતો. તે જોડા સીવવાનો ધંધો કરતો તે મુસલમાન હોઈ સાચો નમાઝી હતો. દિવસમાં પાંચ વાર નમાઝ પઢતો. કોઇ પણ હિન્દુ જ્યાં સુધી હરદ્વાર જઇ ગંગાસ્નાન ન કરી આવે ત્યાં સુધી તે સાચો હિન્દુ ન ગણાય. તેમ જે મુસલમાન એક વાર મકકા જઇ હજ ન કરી આવે ત્યાં સુધી તે સાચો મુસલમાન ન ગણાય. એટલે મકકા જવા માટે થનાર ભારે રકમ સારુ યુસુફ પૈસા ભેગા કરતો. પણ તે દયાનો અવતાર હોઇ ભેગી કરેલી રકમ ગરીબોને અને દુખિયાઓને આપી દેતો આથી તેની પાસે કદી હજ કરવા જેટલી રકમ એકઠી થતી નહિ અને તેની હજ કરવાની ઇચ્છા અધુરી રહી જતી.

છેવટે એક સાલ તો યુસુફે ખૂબ જ દુઃખ વેઠીને ભારે કરકસર કરીને પુરી રકમ હજ કરવા જેટલી બચાવી જ. અને હાજીઓના મંડળમાં નામ લખાવી દીધું. હજ કરવા જવાની ફકત પાંચ જ દિવસની વાર હતી.

તેવામાં તેના ઘેર રોજ છાશ લેવા આવતી એક ગરીબ પીંજારણ બાઇ તે દિવસે છાશ લેવા ન આવી. એટલે યુસુફે તેની બીબીને કહ્યું કે પેલી પીંજારણ બાઇ કેમ નથી આવી તેની તપાસ કરી આવ. બીબી તરત જ તે પીંજારણને ઘેર ગઈ અને છાશ લેવા કેમ ન આવી તે પૂછ્યું. પેલી પીંજારણ બાઇએ કહ્યું " મારા પતિને ક્ષયનો રોગ થયેલો હોઇ હુ ડોકટરને બોલાવવા ગયેલી." ડોકટરે આવીને તપાસીને કહ્યું કે આ માણસને ક્ષય છે. હજી પુરતી સારવાર કરાવો. ક્ષયરોગની ખાસ હોસ્પીટલમાં દાખલ કરાવો. ખૂબ જ પૌષ્ટિક ખોરાક આપો તો રોગ મટી જશે. આ કામે ત્રણ હજાર જેવું ખર્ચ થાય તેમ છે અને મારી પાસે ત્રીસ રૂપિયા પણ નથી. તેની ચિંતામાં હું આજે છાશ લેવા આવી નથી.

યુસુફની બીબીએ ઘેર આવી યુસુફને આ બધી વાત કહી. તરત જ યુસુફે હજ કરવા જવાનું માંડી વાળ્યું. અને હજ કરવા એકઠી કરેલી બધી રકમ પેલી પીંજારણ બાઇને છાનામાના જઇ ગુપ્ત રાખવાની શરત કરીને આપી દીધી. હાજીઓ વાજતે ગાજતે યુસુફનું સામૈયુ કરવા આવ્યાં ત્યારે યુસુફે કાંઇજ વાતનો ફોડ ન પાડયો અને ફકત એટલું જ કહ્યું કે " મારાથી આવી શકાય એમ નથી." હાજીઓ ખૂબ જ નિરાશ થઇ ગયા. અને યુસુફને મૂકીને એકલા હજ કરવા ઉપડી ગયા. સુયુફ તેમને ગામની ભાગોળ સુધી વળાવી આવ્યો.

રાત્રે યુસુફને સ્વપ્નું આવ્યું. તેમાં ખુદાએ જાતે આવીને કહ્યુ કે " યુસુફ આ વરસે ચાલીસ હજાર હાજીઓ હજ કરવા ઓવી ગયા. પણ તારી હજ વગર આવ્યે સૌથી પ્રથમ નંબરે કબુલ રાખવામાં આવી છે. હવે તારે હજ કરવા આવવાની જરૂર નથી. તારી હજ કબુલ થઇ છે."

પશ્ચાતાપ

પટેલ કેશવલાલ કે.
B A. (L L.B.)
શરડીકંપા

સાધારણ અવાજ સાથે કાર સડકની ડાબી બાજુએ પાર્ક થઇ, વરસાદ હમણાંજ વરસીને રહી ગયો હતો. ઘંટના જોરદાર અવાજથી કારમાં બેઠેલી નિશાના વાળમાં રહેલાં જલબિંદુ તેણીના હલવાથી ગાલ પર ઢળી પડયાં. સડકને કિનારે આવેલાં વૃક્ષો પણ હજુ પાણીને નિતારી રહ્યાં હતાં. વાગેલ ઘંટ નિશાળ છૂટવાનું સૂચન કરતો હતો. નિશાની નજર સ્ટિઅરીંગ કરતાં બહાર દોડી આવતાં બાળકો પર પડી. ટાળાંમાં નિતીન ને જોતાંજ નિશા ના દિલમાં આનંદ વ્યાપી ગયો. નિતીન દોડતો આવી મમ્મીના બાહુપાશમાં સમાઇ ગયો. કારના કાચ પર બાઝી ગયેલ જળબિંદુઓ નીચે સરકવાથી સામેનું દ્રશ્ય સ્વચ્છ દેખાતું હતું થોડીવારમાંજ કાર સડક પર દોડવા લાગી.

નિશા થોડી થોડી વારે નિતીન તરફ દ્રષ્ટી ફેરવી લેતી હતી. રોજ કરતાં આજે તે જુદોજ દેખાતો હતો. તેની કાલી કાલી વાતો અને મસ્તી જાણે કયાંય અદ્રશ્ય થઇ ગયાં હતાં. તે મમ્મીને કંઇક કહેવા માગતો હતો પણ કયા શબ્દોમાં કહેવું તેના વિચારમાં શુન્યમનસ્ક બેઠો હતો.

"મમ્મી 'વીડો' (Widow) એટલે શું ?" છેવટે શબ્દોને વ્યકત કરી વાતાવરણને શૂન્યમાંથી જાગૃત કર્યું.

"કેમ આજે તું આવું પૂછી રહ્યો છે ?"

'અમસ્તોજ' "ના કાંઇક તો હશેજ"

"મમ્મી આજે સ્કૂલમાં મારા ટીચરે ડેડી વિષે પૂછ્યું હતું પણ હું બરાબર જાણતો ન હોઇ આપણી બાજુમાં રહેતા પેલા મુકેશે કહ્યું સર એની મમ્મી વીડો છે.

નિશા આ સાંભળતાંજ સ્તબ્ધ થઇ ગઇ તેને સમજાયું નહીં આ બધુ શું થઇ ગયું, નિતીન તો ફકત 'વીડો' શબ્દનો અર્થ જાણવાજ આતુર હતો, ફરીથી જ્યારે કાન પર પહેલાવાળો જ પ્રશ્ન અથડાયો ત્યારે નિશાને ભાન થયું કે તે કાર ચલાવી રહી છે. "વીડો' એટલે જેનો પતિ ના હોય તે" બોલતાં બોલતાં નિશાનું ગળું ભરાઇ ગયું.

નિશાના માનસપટ પર આજે ઘણા દિવસો બાદ ભૂતકાળમાં વીતેલ દિવસોનું ચિત્ર ખડું થયું અશ્વિનને તે મનથી ચાહતી હતી ભલે પોતે પૈસાદારની પુત્રી હતી

પણ સાધારણ કુટુમ્બના હોસ્ટેલમાં રહેતા અશ્વિન પ્રત્યે તેને અપાર માન હતું, બંને કોલેજના એકજ વર્ષમાં અભ્યાસ કરતાં હતાં છેવટે બન્નેને જ્યારે પ્રેમમાં આત્મીયતાનો અનુભવ થયો ત્યારે દાંપત્ય જીવન ચાલુ કરવાનું વિચાર્યું આમ તો અશ્વિન લગ્ન કરવામાં જરા પણ રાજી ન હતો પરંતુ નિશા જ્યારે પોતાનું સર્વસ્વ ગુમાવી ગામડાંમાં રહેવા તૈયાર થઇ હતી ત્યારે અશ્વિનને આ વાત માનવામાં છૂટકોજ ન હતો.

લગ્ન પછી બન્નેનો પ્રણય ખીલ્યો આરંભમાં નિશાને ગામડાંનું પવિત્ર અને ખુલ્લુ વાતાવરણ ખૂબ ગમ્યું એક તબક્કે તો કુદરતમાં ઓતપ્રોત થઇ જવાનો વિચાર આવ્યો. આજે નિશાના ખોળામાં સુંદર અને હૃષ્ટ પુષ્ટ બાળક રમતું હતું પણ કુદરત પ્રત્યેનો પ્રેમ પહેલાં જેવો રહ્યો ન હતો. તેનું દીલ અકલ્પિત શક્તિ દ્વારા કોણ જાણે કેમ શહેરના કૃત્રિમ અને ઓદ્ગા વાતાવરણ તરફ ખેંચાતું હતું અશ્વિનના અનેક પ્રયત્નો પછી પણ નિશાના માનસને બદલી ના શકયો છેવટે નિરાશ થઇ પોતાની જાતને મૌન રાખવામાં હિત સમજ્યો.

કાર ગેરેજમાં પાર્ક કરો. નિશા અને નિતીન ઉપર આવ્યાં નિશાનાં બા કયારનાં રાહ જોઈ બેઠાં હતાં મનની ગ્લાનિ વ્યક્ત ન થઇ જાય એટલે સીધી નિશા રસોડામાં ચાલી ગઇ અને રસોઇની તૈયારી કરવા લાગી અને અનેક કલ્પનાઓથી દિલને આશ્વાસન આપવા લાગી પણ કલ્પના વાસ્તવિકતાથી કેટલી દૂર હોય છે તેનું નિશાને ભાન હોત તો આજે ગગન પરથી ધરતી પર પટકાઇ ન પડી હોત.

વિજળી અને ગર્જના ન થઇ હોત તો કદાચ કલાકો સુધી એકજ અવસ્થામાં રસોડામાં પૂરાઇ રહી હોત જ્યારે તે ભોજન લઇ બહાર આવી ત્યારે બા નિતીનને ટેબલ પર બેસી વાર્તા કહી રહી હતી. દુશ્યન્ત દ્વારા ત્યજાયેલી શકુન્તલાનુ આક્રન્દ બા નિતીનને સમજાવી રહ્યાં હતાં, ભરત જેવો તેજસ્વી પુત્ર અને શકુન્તલા જેવી પત્નીને ત્યજવા દુશ્યન્ત જરા પણ ખચકાયો ન હતો. પણ જ્યારે દુશ્યન્ત ભરતને સિંહના બચ્ચા સાથે બહાદુરીથી લડતાં જુએ છે ત્યારે ભરત તરફ માન થાય છે અને બંનેને સ્વીકારવા તૈયાર થાય છે.

આ સાંભળતાંજ નિશા ભાંગી ગઇ. એક ઘડી તો પગ નીચેથી ધરતી સરી જતી હોય એમ લાગ્યું. પોતે તો દુશ્યન્તનો ત્યાગ કર્યો હતો. નિતીન એક વરસનો હતો ત્યારે અશ્વિનને ત્યાગીને શહેરમાં આવી હતી. આજે તો નવ વરસ વિતી ગયાં નિતીન અત્યારે નવ વરસનો થયો છે. આટલા લાંબા સમય સુધી ભૂલ કેમ ના

સમજાઇ તેનો પસ્તાવો થવા લાગ્યો. આજે નિતીનના પ્રશ્ન અને માતાની વાર્તાએ આંખ ઉઘાડી હતી તેનું મન ફરી પાછું કુદરત જોડે એક થવા આતુર થઇ રહયું હતું.

નિશા ફરીથી અશ્વિનને સ્વીકારવા તૈયાર થઈ હતી. નિતીન પણ પિતાને મળવા આતુર હતો. બંને જણુ ગામડે જવાની તૈયારી કરી રહ્યાં હતાં, બા ખુશીથી ફુલ્યાં સમાતાં ન હતાં.

નિતીને નિશાની આંગળી પકડી હતી. અશ્વિન સાથેના મિલનની આશામાં તેના પગ જોરથી ઉપડતા હતા તેની ખબર નિતીન પાછળ ઘસડાવા લાગ્યો ત્યારે પડી. ઘર હવે દૂર ન હતું. નિશાની ધીરજ તૂટતી જતી હતી. ઘર આવતા સુધી તેની ધીરજનો અંત આવી ગયો. ઘરમાં પ્રવેશતાંજ ખબર પડી કે તેનું સર્વસ્વ લૂંટાઇ ગયું છે અને અશ્વિને બીજાં લગ્ન કરી લીધાં છે. અને અહિ હૃદય ગમ્ય કુદરતી વાતાવરણ સિવાય આશ્વાસન આપવા કોઈજ ન હતું.

તું તારા સિંહાસનેથી ઊતરીને
મારીઝૂંપડી પાસે આવીને ઊભો રહ્યો !
એકલો એક ખૂણામાં બેઠો બેઠો હું તો મારું
ગીત ગૂંજી રહ્યો હતો, અને એનો કોઈક સ્વર
તારે કાને પડી ગયો !
—અને તું તારૂ સિંહાસન છોડીને, મારી
ગરીબની ઝૂંપડીના દ્વારે આવીને ઊભો રહ્યો !
તારા દીવાનખાનામાં મોટા મોટા ગવૈયાઓની
મિજલસ જામે છે, ને અનુપમ ગીતો ત્યાં ગવાય છે રાત દિવસ
પણ મારા આ અણઘડ સાદા ગીત ગૂંજનનો
કોઇ સ્વર તારા પ્રેમતંતુને સ્પર્શી ગયો—અને તું
ત્યાં આવીને ઊભો રહ્યો !
દુનિયાના, નિત્ય ચાલી રહેલા મહાન સંગીતોની
વચ્ચે થઈને રઝળતો રઝળતો તારે દ્વારે આવેલો
મારો આ એક સાદો પ્રેમ સ્વર તને સંભળાયો, અને
મારી એવી એક ફૂલની અંજલિ માટે તું, મારે
આંગણે દોડયો આવ્યો !
હે રાજાના રાજા ! ત્યારે જ મેં જાણ્યું કે
તું એક જ રાજા છે, અને બીજા તમામ ભિખારી છે.

—રવિબાબુ
[અનુ. ધૂમકેતુ]

બેકારીની ભીતરમાં....

રચયિતા : પટેલ પ્રમોદકુમાર ડી.
(S. Y. B Sc.)
૨૬, કૉલેજ હૉસ્ટેલ તલોદ.

પીયુષ આખો દિવસ શહેરમાં રખડયો છતાં નોકરી ન મળી એ તો ઠીક પરંતુ નોકરી મળશે એવી આશા પણ ન સાંપડી. જ્યાં તે ગયો ત્યાં 'જગ્યા નથી' No Vacancy' જેવા શબ્દો જ સાંભળવા મળ્યા અને સરકારી ઓફીસોમાં તો તેને દાદજ ન મળી. પોતે ભણેલો ગણેલો છતાં પોતાને નોકરી ન મળી ? પીયુષના મનમાં પ્રશ્ન થયો પરંતુ એ પ્રશ્નાર્થે માત્ર નિરાશા જ આપી. પીયુષ વિચારી રહયો એ ભણેલા ગણેલા ઓફીસરોના ભત્રીજા, ભાણેજા કે દોહીત્ર થતા હશે તો એને તરત નોકરી મળશે પરંતુ પોતાના જેવા ગરીબ, નિરાધાર, ઓળખાણ પીછાણહીન માત્ર આંસુથીજ પોતાનું પેટ ભરશે ? આ વિચારે પીયુષના મનમાં તોફાન જગાવ્યુ અને સવારનો પ્રસંગ યાદ આવ્યો. પોતે અરજી પહેલી કરી, લાયકાત વધારે હતી છતાં એ ખાલી જગ્યા પર ઓફીસરના ભાણેજની નિમણુંક થઇ અને પોતાને માત્ર 'નો વેકેન્સી' સાંભળવા મળ્યુ. આવા તો તેણે અનેક બનાવો આંખ સમક્ષ નિહાળ્યા. પરંતુ એ કોને કહે, છે કોઈ નિરાધાર બેકારોનું સાંભળનાર ? આ તો લોકશાહી છે ભાઇ ! પીયુષ છેવટે થાકીને ઘેર આવ્યો. તેની માતા શાન્તા તેની રાહ જોઇનેજ બેઠી હતી તેના મુખ પર ચિંતાના ઓળા હતા. તે આશા સહ બોલી ઊઠી, કેમ બેટા નોકરી મળી ! મળી નથી પણ મળશે પીયુષે બહારના વસ્ત્રો બદલતાં બાની પાસે બેસી કહયું. એવું તો તું રોજ કહયા કરે છે. શાંતાએ નિરાશા અનુભવતાં કહયું. વાત પણ સાચી હતી માતાને ખુશ રાખવા રોજ તે આ પ્રમાણે કહેતો. પોતાના માટે સર્વસુખ ત્યજી, પારકાં ધાણાં દળી, તાને ભણાવ્યો એ બાને આથી વિશેષ કહે પણ શું ભાઇ નોકરી મળી ? આશાએ પણ એજ પ્રશ્ન કર્યો કે જે ક્ષણ પહેલાં માતાએ કર્યો હતો. જમીન જાગીર વિનાના, બાપનો વારસો ભણતરમાં ખોઈ ચૂકેલા, ઘરવખરી વેચી બેઠેલા, કાલની ચિંતા વાળા પાસે પેટની ચિંતા પહેલી હોય જ. શાન્તા અને આશા માટે આજ પહેલો અને છેલ્લો પ્રશ્ન હતે. બહેનને પણ પિયુષે નિરાશાભર્યો ઉત્તર આપ્યો. છેવટે ત્રણે જણાએ જમી લીધું.

જમ્યા પછી પીયુષની સૂની નજરોએ ફરી ઘરની છત તરફ દ્રષ્ટિ દોડાવી અને તેને કશુંક યાદ આવી જતાં બોલ્યો, 'બા ઘરનું ભાડુ કેટલું બાકી છે ? મને તો કશુંજ યાદ નથી બેટા, માં એ પુત્રની ચિંતા વધારવાનું ઉચિત ન માન્યું. તને કશી ખબર છે આશા ? હારતો, ખાસ્સુ આઠ માસનું બાકી છે. આશા બોલી અને

વેદના સિંચિત સ્વરે ઉમેર્યું તે તો રોજ તગાદો બોલાવે છે. ગઈ કાલે તો તેણે ધમકી આપી છે, દસ દિવસમાં મારા એંશી રૂપિયા નહીં આપો તો તમારો સામાન, ઘરવખરી તથા વાસણો વેચીને પણ એંશી રૂપિયા વસુલ કરીશ, અમે તો તેને ખૂબ સમજાવ્યો પરંતુ એ કશુંજ સાંભળવા તૈયાર ન હતો.છેવટે પીયુષ ચિંતિત હૃદયે પથારીમાં પડયો અને ચિંતાના કારણે મોડીરાત સુધી જાગતો પડયો રહ્યો. છેવટે મોડેથી તેની આંખ મીંચાવા લાગી અને નિદ્રા દેવીએ મગજનો બોજો સંભાળી લીધો.

સવારમાં શાન્તા અને આશા વહેલાં ઉઠ્યાં. પ્રાત: કર્મથી પરવારી આશાએ ચા બનાવી મ:તા ? શાન્તાએ ચા પીતાં પીતાં પ્રશ્ન કર્યો આજના માટેતો લોટ છે ને બેટા...? હાં...પણ આશાથી આગળ ન બોલાયું. એનુ હૈયું ભરાઇ આવ્યું એમાં રડે છે શુ બેટા... ! આપણી કરમની કઠણાઇ આપણે ભોગવવીજ રહી રડવાથી શું વળશે બેટા ! થોડા દાડા દુ:ખના નીકળી જશે. તું શું કહેતી હતી કહે જોઇએ ? કંઈ નહિ બા, મારાથી છૂપાવીશ ? પેલાં મરઘાં માએ હવે લોટ આપવાની ના પાડી છે આખરે આશા બોલી. હે નસીબ તારી બલિહારી ! એય બિચારી કેટલા દિવસ આપે ? છેવટે મા–દીકરી ચા પી રહ્યાં. અને આશા, પીયુષને ઉઠાડવા ગઈ. હજુતો પડખાં ફેરવે છે ઊઠવું નથી શું? શાન્તિ ભરી નિંદ્રાની ગોદ છોડવી નથી ગમતી બહેન ! પીયુષે આંખ ઉગાડતાં કહ્યું જગતના અન્યાયો, અત્યાચારો અને પીશાચી કૃત્યો નિહાળી નિહાળીને હૈયું કંટાળી ગયું છે મગજ ચિંતાનો ભાર ખમીને થાકી ગયું છે. અને બુદ્ધિ ગ્રેજયુએટ કક્ષા સુધીનાં થોથાં ઉથલાવી થાકી ગઇ છે મને થાય છે કે હું સૂતોજ રહું. છેવટે પીયુષ ઉઠયો અને પ્રાત:કર્મ પતાવી તૈયાર થયો પીયુષ જમીને નિત્યકર્મ મુજબ નોકરીની શોધમાં નીકળી પડયો. બીજા દિવસે પણ પીયુષ આખો દિવસ રખડયો છતાં નોકરી ન મળી. અઠવાડીયા પછી આવવાની આશા સિવાય કશુ જ ન મળ્યુ પીયુષની ડગમગતી જિંદગી માટે એ આશા અર્ધવિરામ તો હતીજ

સમયને પસાર થતાં વાર ન લાગી સૂર્ય પોતાનો ક્રમ ચૂકતો નથી એક પછી એક એમ નવદિવસ સૂર્યોદય અને સૂર્યાસ્તમાં ભળી જઈ વિલીન થયા આજે દસમો દિવસ હતો. એ નવદિવસોમાં પીયુષે નોકરી માટે અનહદ પ્રયાસો કર્યા પરંતુ નોકરી ન મળી તે નજ મળી તેને આજનો દિન અત્યંત ચિંતા કરાવતો હતો. આજે મકાન માલિકને ૮૦ રૂપિયા ભાડું આપવાનું હતું. અને ન આપી શકાયતો ઘરવખરી વેચીને પણ વસુલ કરવાનો હતો. અને એમ થાયતો પીયુષની ઈજ્જત શી ; છતાં

આજે કોઇ પણ ઉપાયે જતી આબરૂને બચાવી શકવાનો નહોતો. આજે મકાન માલિક ને પોતાની દશા પર કે પોતાના શિક્ષિતપણા પર જરાયે દયા આવવાની નહોતી બીજી બાજુ શાન્તાને પણ આજની જ ચિંતા હતી. એકતો પીયુષની એકરાવસ્થા તેને પીડવતી હતી અને બીજી આ ભાડાની ચિંતા તે વિચારી રહી હતી શું હજીયે પોતાના હૈયા પર આવાજ આઘાતો પડવાના હતા? શું હજુય વિધાતા સિતમ ગુજારતાં થાકી નહોતી? તેના કરચલીવાળા મગજમાં વિચારો ઉમટવા લાગ્યા. એ વિચારો હજુ મગજમાં રહેતાજ હતા ત્યાં મકાન માલિક આવ્યો. સાથે બે નોકરો હતા શાન્તાના હૈયામાં ફફડાટ થવા લાગ્યો છતાં તેને મીઠાશથી કહ્યું, 'આવો ભાઇ!' 'હા, આવ્યા તો છીએજ ભાડું આપોદો એટલે જઇએ' તમારું ભાડુ ખોટું નહીં થાય ભાઈ! ખોટુ નહીં થાય તો સાચુંય કયારે થશે? મકાન માલિક કરડાકાથી બોલ્યો. જુઓ ભાઇ તમેતો સમજુછો મારી સ્થિતિ તો જાણો છો. હજુ એકાદ માસ ન થોભી શકો? આવતે મહિને હું તમારી પાઇએ પાઇ ચૂકવી દઇશ શાન્તાએ નમ્ર સ્વરે આજીજી કરી પરંતુ તેની કઠોરહૃદયના મકાન માલિક પર કોઇ અસર ન થઇ. અને તેણે નોકરોને સામાન બહાર ફેંકી ઘર ખાલી કરવાનો ઓર્ડર આપ્યો. શાન્તાનાં દરીદ્રતાનાં આંસુ શયતાની જિગરને જરાયે ન પીગળાવી શકયાં. ત્યાંજ આંગણામાં એક યુવતીએ પ્રવેશ કરતાં કહ્યું આ બધું શું છે? મકાન માલિકને ઉદ્દેશીને કહ્યું. 'તમે કેમ આવ્યા છો?' ભાડું લેવા; લઇ લીધું ને? મળશે કયાંથી ભિખારી છે ભિખારી! બસ બંધ કર તરલાએ કહ્યું અને પૂછ્યું કેટલુ ભાડું છે? 'પૂરા એંશી રૂપિયા.' ને તરલાએ પર્સ ઉઘાડી રૂપિયા ગણી આપતાં કહ્યુ છે ને બરાબર? હા છે. તો તમે હવે સિધાવો! મકાન માલિકના ગયા બાદ શાન્તાએ કહ્યું, 'બેટા તરલાતેં તો અમારી લાજ બચાવી. અને તેની વૃદ્ધ આંખોમાંથી હર્ષાશ્રુ વહી રહ્યાં. આશા પણ ભાભીની બાજુમાં હર્ષભર્યાં નયને બેઠી. તરલા એ એક દૃષ્ટિ પીયુષ તરફ નાખી, પીયુષે એ દ્રષ્ટિ ઝીલી પરંતુ પોતાની મંગેતરના નયનોમાં મીઠો ઠપકો જોઇ રહ્યો. પોતે આટલી હદે હેરાન થવા છતાં પોતાનો ઘમંડ છોડી શ્વસુર પક્ષે હાથ ન લંબાવી શકયો! આવી પરિસ્થિતિમાં પણ ખોટી જીદ કરી જે બીલકુલ અવ્યવહારુ અને દુઃખને નોતરવા બરાબર હતી. તે બદલ તરલાનાં નયનો મીઠો ઠપકો આપી રહ્યાં. તરલાએ શાન્તાના વાકયનો મૃદુ સ્વરે જવાબ આપ્યો તમારી લાજ એ મારી પણ લાજ છે બા! પછી થોડીવાર રોકાઇ તરલાએ વિદાય લીધી.

પીયુષને પોતાનો કોલેજકાળ યાદ આવવા લાગ્યો. તરલા સાથેની પ્રથમ મુલાકાત યાદ આવી. પ્રથમ મૂલાકાત એ કેવી વિચિત્ર અથડામણ હતી અને

અકસ્માતે સર્જેલી તરલા સાથેની પીછાન ધીમે ધીમે વધવા લાગી. પછીતો બંને એકબીજાને બોલાવવા લાગ્યા . હવે કંઇનુ કંઈ બહાનું શોધી તરલા પીયુષની વધારે નજદીક આવવા લાગી. તરલા અને પીયુષે કોલેજ ડ્રામામાં પણ સાથેજ ભાગ લીધો. તરલાએ નાટકમાં પીયુષની પ્રેમિકા તરીકેનું પાત્ર ભજવ્યું પરંતુ નાટકની પીયુષની એ પ્રેમિકા સાચેજ પ્રેમિકા બની ચૂકી આખરે તેમનો પ્રેમ સૌની આંખે ચડયો ત્યારે આખાયે કોલેજમાં તેઓ વાતોનો વિષય બન્યાં. પરંતુ એવી વાતોથી ડરી જાય એવો તેમનો પ્રેમ નહોતો. પીયુષે અધ્યયન માટે નાની ઓરડી રાખી હતી અને પૈસા 'મા' મનીઓર્ડર થી મોકલી આપતી હતી. તથા તેનો કંઇક ખર્ચો કોલેજ ફંડમાંથીમાં નીકળતો અને કંઇક એકાદ બે ટયુશન કરી લેતો. તરલાના પિતા મધ્યમ વર્ગના કલાર્કની નોકરી કરતા હતા પરંતુતરલાનો પીયુષ પ્રત્યે આવો અતૂટ પ્રેમ જોઇ તેની સાથે વિવાહ નકકી કર્યો. પીયુષની આંખ સમક્ષથી આ ભૂતકાળની યાદો પસાર થવા લાગી.

થોડા દિવસો બાદ પીયુષની માતા શાન્તા સખત બીમારીમાં પટકાઇ પીયુષ બેકાર હતો પોતાની પાસે પૈસા ન હતા. 'મા' ની દવા કેમ કરાવવી તેની મૂંઝવણમા હતો. માતાને આવી સખત બિમાર જોઈ તેણે ચોરી કરીને પણ પૈસા લાવી 'મા' ની દવા કરાવવી એવો નિર્ધાર કરી એક રાત્રે નીકળ્યો. એક દુકાનનું તાળું તોડી જરૂર પૂરતા ૧૦૦ રૂા. લઇ લીધા પરંતુ તે દુકાનની બહાર નીકળ્યો ત્યાંજ અફસોસ પોલીસના હાથે ઝડપાઈ ગયો. તેણે પોલીસને ખૂબજ સમજાવવા પ્રયત્ન કર્યો પરંતુ પોલીસના પંજામાંથી છટકી શકયો નહી. બીજી બાજુ તેની માતા શાન્તાનું દર્દ ખૂબજ વધી ગયું. આશા 'મા'ની બાજુમાં બેઠી હતી અને પીયુષની પાછા ફરવાની રાહ જોતી હતી. પરંતુ પીયુષ પાછો ન ફર્યો. શાન્તા એ પણ છેલ્લા શ્વાસે 'પી... પી યુ ષ, પીયુ ..યુ...ષ...ષ કરતો શ્વાસ છોડયો.

— હાઈકુ —

–જરૂર જશે
નયન તીર, મારા
દીલડા સુધી.

–કમર પર
મુકીને હાથ, જાય
નમણી નારી.

–મોહી હતો હું
તારા દીલથી, નહિ
તારા રૂપથી.

- પોષીશ તારા
દીલવૃક્ષને, મારા
પ્રેમ પાણીથી.

ભગવાનના શ્રી ચરણોના ચરણુની રજથી એક અહલ્યા જે ગૌતમઋષિના શાપથી પથ્થર થઇને પડી હતી તે તેના અસલ નારી સ્વરૂપને પામી ગઇ હતી. આપણી સુરતા, ચિત્તની વૃત્તિ પણ જે જડ પથ્થર જેવી થઇને પડેલી છે તેનામાં અસલ સ્વરૂપ આત્મતત્ત્વની પ્રાપ્તિ કરાવવી હોય તો ભગવાનના શ્રી ચરણોનો સ્પર્શ થાય તો જ બની શકે. તો તે સ્પર્શ કરાવવો શી રીતે ? ભગવાનના શ્રી ચરણોનું માનસિક ચિન્તવન કરી ત્યાં તેમના પવિત્ર ચરણોમાં આત્મ સમર્પણ કરવાથી શરણાંગતિ સ્વીકારવા શ્રી ભગવાનનાં દયા કરી તેમના ચરણોનો સ્પર્શ કરશે જ, અને એ રીતે આપણું જડ બની ગયેલું હૃદય ચેતનાની પ્રાપ્ત કરી શકશે.

ક્ષીર સમુદ્રમાં પોઢેલા ભગવાન વિષ્ણુના ચરણ શ્રી લક્ષ્મીજી દબાવે છે તેનો અર્થ શો ? ગમે તેટલી લક્ષ્મી, શકિત આવી હોવા છતાં ભગવાન વિષ્ણુના ચરણનો આશ્રય કર્યા વિના જીવનની કૃત કૃત્યતા નથી. આપણને પણ ભગવાનની કૃપાથી ગમે તેટલી લક્ષ્મી મળી હોય, સમૃદ્ધિ મળી હોય, આબાદી મળી હોય છતાં તે લક્ષ્મી સમૃદ્ધિ, આબાદી ભગવાનની દેન છે એટલે તે ભગવાનના ચરણમાં સમર્પણ કરી પછી ભગવાનનો પ્રસાદ છે એમ સમજી ત્યાગીને ભોગવી જાણો તો સમૃધ્ધિ છલકાવી નહિ મારે નહિતર લક્ષ્મી ભયંકર ગર્તામાં ફેંકી દેશે.

ભગવાનના ચરણ જ્યાં જ્યાં પડે છે તે જગા તીર્થભૂમિ બની જાય છે. ગોકુળ, મથુરા, વૃંદાવન, દ્વારિકા, ડાકોર, અયોધ્યા એ બધાં તીર્થભૂમિ બની ગયાં તેનું કારણ એ કે ત્યાં ભગવાનના ચરણો પડયા હતા. આપણું હૈયું જો તેમાં ભગવાનના ચરણોની સ્થાપના કરીએ તો તે તીર્થભૂમિ બની જઇ આપણું જીવન ધન્ય કરશે.

જો આપણે ભગવાનનાં ચરણોમાં સમર્પિત થઇ જઇશું તો ભગવાન રાત કે દિવસ જોતા નથી. પગમાં જોડા છે કે નહિ તે પણ જોતા નથી. વસ્ત્ર પહેર્યાં છે કે નહિ તે પણ જોતા નથી. વાહન હાજર છે કે નહિ તે પણ જોતા નથી. તે ફકત એટલું જ જુએ છે કે ભકતની મદદે દોડી જવું અને ભકતના દુઃખને વહેલાંમાં વહેલી તકે દૂર કરવું.

મોટામાં મોટા ચરણ નાનામાં નાનું કામ કરતાં અચકાતા નથી રાજસૂય યજ્ઞ વખતે સર્વે રાજા તથા ઋષિઓએ સર્વાનુમતે જાહેર કર્યું કે ભગવાન શ્રી કૃષ્ણ પૂર્ણ પુરૂષોત્તમ અને યોગેશ્વર છે, રાજ યોગેશ્વર છે અને તેમના ચરણ ની પ્રથમ પૂજા કરવામાં આવી. આવા સૌથી મોટામાં મોટા ચરણ કામના

વહેંચણી વખતે એંઠાં પતરાળાં ઊંચકીને ઉકરડામાં નાખી આવવાનું કામ માથે લીધુ. આ પતરાળાં ઊંચકીને નાખી આવતાં કેડો નમાવવી પડે. તાપ લાગે થાક લાગે. માથા ઉપરથી શરીર ઉપર એંઠવાડ પડે. પરસેવો ઉતરે, અને ઉકરડા સુધી જતાં લોકો રસ્તામાં નાટક જુએ તેવું હતું. છતાં ભગવાન શ્રી કૃષ્ણે એજ કામ માથે લીધુ માટે ભગવાન ગમે તેવુ કામ કરવામાં પાછા પડતા નથી કે અચકાતા નથી જો આપણે પણ ભગવાનના શ્રી ચરણોમાં શરણાગતિ સ્વીકારીએ તો ભગવાન આપણી પણ તેવીજ કાળજી રાખે.

જલારામ બાપા

જલારામ બાપાના ગામમાં એક વાણિયો રહેતો હતો તેને જલારામ બાપા ઉપર જરાપણ શ્રધ્ધા નહિ. એટલે તે વાતવાતમાં જલારામ બાપાની મશ્કરી કરે. એક દિવસ તેણે જલારામ બાપાને મશ્કરીમાં કહ્યું બાપા ! તમે વૈકૂંઠમાં જાઓ ત્યારે મને કહેજો મારે તમારી સાથે આવવું છે. જલારામ બાપાએ તેને વચન આપ્યું કે તે જયારે જશે ત્યારે તેને જણાવશે.

કાળે કરીને એક દિવસ જલારામ બાપાનો દેહ પડી ગયો. આખા ગામે તેમને અગ્નિદાહ દીધો. અને એક અઠવાડિયાનો શોક પાળ્યો.

આ દરમિયાન પેલો વાણિયો આઠ દિવસ પૂરતો બહારગામ ઉઘરાણીએ ગયેલો પાંચેક દિવસ બહાર રહી તે પાછો વળ્યો છઠ્ઠા દિવસે તે પાછો આવતો હતો ત્યાં રસ્તામાં તેને જલારામ બાપાનું દર્શણિયું (ભેંકો) મળ્યું. જલારામ બાપાએ પેલા વાણિયાને કહ્યું "શેઠજી ! હું વૈકુંઠ જાઉં ત્યારે મને સાથે લેતા જજો. એમ તમોએ કહેલું એટલે તમને પેલું વચન પાળવા પૂછું છું. બોલો આવવું છે ?" પેલા શેઠે કહ્યું કે "ના ભગતજી ! હમણાં વિચાર નથી." પછી ભગતજીએ કહ્યું "કે શેઠજી બોલો ત્યારે હવે હું વચનમાંથી છુટ્યો ને ?" શેઠજીએ કહ્યુ કે "હા, તમે વચનમાંથી છુટ્યા

પછી શેઠ ગામમાં આવ્યા આખું ગામ શોકમાં હોઈ સૂમસામ હતું. શેઠે ગામમાં આવી કારણ પૂછ્યું. ત્યારે લોકોએ કહ્યું "શેઠજી, ભગત તો ૭ દિવસ થયા વૈકુંઠ સિધાવ્યા." ત્યારે શેઠે કહ્યું. "મને તો ગઈ કાલે જ રસ્તામાં મળેલા." પછી તો શેઠજી ખૂબ પસ્તાયા.

શબ્દમાં રહેલી શકિત

એક ખૂબ ખૂબ પાશ્ચાત્ય શિક્ષણ પામેલો યુવાન હતો. પાશ્ચાત્ય શિક્ષણની અસરને કારણે તેના સ્તિક થઇ ગયેલો એટલે ભગવાનને માને નહિ અને માનનારાઓ જોડે દલીલો કરે. જો પ્રભુ મને કોઇ નજરોનજર બતાવે તો જ હુ માનું. રામનામ લીધેથી શુ વળવાનુ ? હુ એવા વહેમમાં માનતો નથી." આવો તેવો બકવાદ કર્યા કરે.

એક દિવસ તેને કોઇ સારા મિત્રે સલાહ આપી કે તારે જો ભગવાન સબંધે જાણવું હોય તો અમુક આશ્રમમાં જા ત્યાં સાધું મહાત્મા રહે છે તેમને મળ, તે તને બધું સમજાવશે.

એટલે તે યુવાન આશ્રમમાં ગયો અને મહારાજશ્રી જોડે દલીલો કરવા લાગ્યો. મહારાજશ્રીએ જાણી લીધું કે આ ભાઇનો નાસ્તિકતાનો રોગ પાટાપટ્ટીથી મટે એમ નથી. ભારે શસ્ત્રક્રિયા કરવી પડશે એટલે તેમણે મનમાં ખૂબ જ શાંતિ રાખી, બહારથી ભારે ક્રોધનો દેખાવ કરી કહ્યુ કે, " સાલા, ગદ્ધા, સુવ્વર તને કાઇજ સમજ પડવાની નથી." આ શબ્દો સાંભળતાં જ પેલો યુવાન તપી ગયો અને ભારે ઉશ્કેરાટમાં આવી ગયો અને મહારાજશ્રી સામે ક્રોધપૂર્વક બોલવા લાગ્યો.

એટલે મહારાશ્રીએ તેને કહ્યું કે " ભાઇ, તુ સાલોયે નથી. ગદ્ધોયે નથી કે સુવ્વર પણ નથી તે તુ પણ જાણે છે અને હું પણ જાણું છું. છતાં જ્યારે મેં તને સાલો, સુવ્વર અને ગદ્ધો કહ્યું ત્યારે તુ જો કેટલો બધો ઉશ્કેરાઇ ગયો ? આ આ શું બતાવે છે ? એક ગદ્દા શબ્દમાં જો ઉશ્કેરી મૂકવાની આટલી બધી શકિત છે તો પવિત્ર શબ્દોમાં, ભગવાનના નામમાં પવિત્ર કરવાની શકિત કેમ ન હોય ?" અને પેલા યુવાનની બુદ્ધિએ તરત જ આ વાત સ્વીકારી જ લીધી.

તમારા દોષોનો સ્વીકાર કરો

તમારા હૃદયમાં રહેલી દિવ્ય જ્યોતને સ્થિરતાપૂર્વક પ્રકાશવા દેજો, દરેક વ્યકિત સથે માનપૂર્વક વર્તો સર્વ પ્રત્યે સમદ્રષ્ટિ રાખો, બધામાં ઇશ્વરનું દર્શન કરો ઇશ્વર તરફ ઉગ્ર અને અનન્ય ભકિત કેળવો.

નાની નાની વાતોમાં અસ્થિર ન બનો જો કોઇ તમારા દોષો બતાવે તો તેનો અવશ્ય સ્વીકાર કરો અને જેણે તમને તમારી ખામી બતાવી હોય તેનો હૃદયપૂર્વક આભાર માનો. પ્રાર્થના કરો ઇશ્વરની લીલાના ગુણગાન કરો તેથી તમે અમર સુને પામશો.

તમારી બુધ્ધિ પ્રમાણે કાર્ય કરો મનુષ્ય માટે બુધ્ધિ જ ઉત્તમમાં ઉત્તમ ધન છે. વિવેક અને વિચાર પૂર્વક બુધ્ધિનો ઉપયોગ કરીને કાર્ય કરવાથી આ જગતમાં તમે તમારી બધીજ ઇચ્છાઓ અને કામનાઓ પૂરી કરી શકશો.

—સ્વામી શિવાનંદજી

અરબસ્તાન જતાં પહેલાં વાંચો અને વિચારો.

"અરેબિયન નાઇટસ"ની સોહામણી-સ્વપ્નરંગી સૃષ્ટિને સાકાર કરતી અખાતી દેશોની ઝાકમઝોળ ભલભલાને લપટાવી દેવા પુરતી છે, ત્યારે પેટીયું રળતાં રળતાંય હાંફી ગયેલો કે જીંદગીને પરિસ્થિતિમાં પલટાવી દેવાનાં સોણલાં સંઘરી બેઠેલો બિચારો બાપડો ભારતીય એ સંમોહનમાંથી તો છટકી જ કેમ શકે ? ને 'લોભિયા વસતા હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે' એ ન્યાયે નકાબપોશ ટ્રાવેલ–એજન્ટો આવા ઘેલા ઇન્સાનોને એમની માયાજાળમાં ફસાવી પોતાનો ઉલ્લુ આબાદ રીતે પાર પાડી લે છે. આવા એક બે નહિ પણ અનેકાનેક કિસ્સાએ બનતા રહે છે. ફસાયેલા પસ્તાયેલા સમસમીને બેસી રહે છે. કદાચ ન કહેવાય ન સહેવાય એવો ઘાટ એમને માટે થઇ પડયો હોય છે. ઇન્સાન લાચાર છે, એનો લાભ ઉઠાવનારા ઉસ્તાદ છે ને સત્તાવાળાઓ એક યા બીજા કારણે ઉદાસીન કરતાં વિશેષ તો અસહાય છે. પરિણામ ? છેતરપીંડીની આ ઇન્દ્રજાળ છેદાઇ નથી. છેદાતી નથી એટલું જ નહિ એથી ઉલટુ એ પોતાનો પથરો વિસ્તારની એક બે રોકટોક રફતાર બની રહી છે.

તાજેતરમાં જ અખબારોના પાને એવા ટ્રાવેલ એજન્ટોનાં કરતૂતોનો પર્દાફાશ કરતી કેટલીક ચોંકાવનારી વિગતો ચમકી છે દિલ્હીના સિવિલ લાઇન બજારમાં બિલાડીના ટોપની જેમ આવા બે હજાર બનાવટી ટ્રાવેલ એજન્ટો ફુટી નીકળ્યા છે. તો જલંધર હોંશિયારપુર, કપુરતલા વગેરે શહેરોમાં ટ્રાવેલ એજન્સીઓના નામે ચાલતી ઠગાઈ સવિશેષ ધ્યાનપાત્ર બની છે. મુંબઇમાં યે એવી એજન્સીઓએ પોતાનો અડ્ડો જમાવ્યો છે. હકીકતમાં તો ભારતનો કયો ખૂણો એ ફંદાબાજીથી મુકત હશે એ એક સવાલ છે સમૃધ્ધ જીવનને એશ આરામતલબીનાં સ્વપ્ન કોઇ ચોકકસ સ્થળ પદેશ પુરતી સીમિત ખાસિયાત ન હોઇ શકે. અલબત્ત જયાં જીવાતું જીવન કપરૂ હોય ત્યાં એના ઉપાડો વિશેષ હોય પણ એ વાત તો ભારત આખાને લાગુ પડી શકે એમ છે. એમાંય, 'સાહબી સુંવાળપ' ગળથૂથીમાં લઇ આવેલા ગુજરાતીઓ માટે કદાચ વિશેષે.

તેલ ઉત્પાદન કરતા સમૃધ્ધ દેશોએ ભારતીય કારીગરોને પ્રવેશની છૂટ આપીએ પહેલાં વિદેશ ખેડવા માગનારાઓનો પ્રવાહ બ્રિટન અને કેનેડા તરફ હતો પણ બ્રિટન કે કેનેડા જવાનું પ્રમાણમાં સરળ નથી. બ્રિટન જવા માટે બ્રિટનના હાઇકમિશનર ૧૮ મહિને પરવાનથી આપે છે. આ દ્રષ્ટિએ સંરતું ભાડું ને સિધ્ધપુરની જાત્રા જેવું હોય તો તે મસ્કત અને દુબઇ, કતર, સાઉદી, અરેબિયા,

અબુધાબી, ઓમાન વગેરે પણ એનીજ હરોળમાં આવે આ દેશમાં જવા માટે ઝાઝી માથાઝીક હોતી નથી એટલું જ નહિ ત્યાં નોકરી-ધંધો મેળવવા ખાસ પ્રકારની લાયકાતો પણ અનિવાર્ય નથી પરિણામ ભલાભોળા ગામડીયાઓ પણ ત્યાં જવા ઊંડુ ઊંડુ થઇ રહે છે દુબાઇની વિમાની ટિકિટ છે રૂા. ૧૭૦૦ ની પણ ટ્રાવેલ એજન્સીઓએ ભોળા જણ પાસેથી ટિકિટના નામે ખાસ્સા ચારથી પાંચ હજાર રૂપિયા સેરવી લે છે ને એ પછીય દુબાઇ તો એમના માટે એક સ્વપ્ને જ બની રહે છે.

આ સંદર્ભે પંજાબના ત્રણ અભણ ખેડૂતોનો કિસ્સો ઉલ્લેખપાત્ર બની રહે છે. (ગુજરાતમાં એવું નહિ બનતું હોય એમ કહી શકાય એમ નથી.) ઉક્ત ત્રણે ખેડૂતો મુંબઇના સાન્તાક્રુઝ વિમાની મથકેથી આનંદ વિમાનમાં બેઠા ટ્રાવેલ એજન્ટે એમને મુંબઇમાં નોકરી અપાવવાનું વચન આપ્યુ હતું. એટલું જ નહિ એ તેમને વળાવવા વિમાની મથકે પણ હાજર હાજર રહ્યા હતા ખેડૂતોને લઇ એ વિમાન ઉપડ્યું ય ખરૂ પણ એમને ઉતારી દેવાયા અમૃતસર કેમકે તેમને દુબઇની નહિ પણ અમૃતસરની ટિકિટ બઝાડી દેવામાં આવી હતી. પેલા ટ્રાવેલ એજન્ટનો તો પછી પત્તો કયાંથી લાગે ? બીજો એક કિસ્સો તો વળી આથી ય ચોંકાવનારો છે જયમનસિંહ નામના ૨૫ વર્ષના એક યુવાન તેલ-સમૃધ્ધ આરબ દેશોમાં ધરખમ પગારની નોકરી મેળવવા માટે કહેવાતા ટ્રાવેલ એજન્ટને રૂપિયા પાંચ હજાર ચૂકવ્યા હતા સબંધીઓને અલવિદા દેતી વખતે જયમને પહોંચતાંવેંત પત્ર લખવાનું વચન આપ્યું હતુ. પરંતુ ચાર અઠવાડિયાં વીત્યે ય કશો સર સંદેશો નહિ આવતાં એના સબંધીઓને દાળમાં કંઇક કાળું હોવાની ગંધ આવી પોલીસમાં ફરિયાદ કરાઇ. તપાસના અંતે એવું બહર આવ્યું કે જયમનસિંહનું ખૂન કરી તેને કુરૂક્ષેત્ર નજીકના એક જંગલમાં દફનાવી દેવાયો હતો.

જયમનના પ્રસ્તુત કિસ્સામાં અલબત્ત એક ટ્રાવેલ-જાળમાં સપડાયેલા હરેકના હાલ એના જેવાજ થતા હશે એવું પણ તારવી શકાશે નહિ પરંતુ એથી ઉલટું એવી રીતે વિદેશ ખેડનારાઓ અમનચમનમાં રાચે છે એવું માની લેવાની ભૂલ પણ હરગિજ નહિ થવી જોઇએ પરંતું કમનસીબી કહો ને હકીકત કહો તો હકીકત એ છે કે આ દેશમાં અનેક જણા એવી ભૂલનો ભોગ બન્યા છે ને હજીયે બનતા રહે છે.

આ માટેનું અમારી નજરે જો કોઇ કારણ સૌથી વિશેષ જવાબદાર હોય તો તે છે આ દેશો અંગે વ્યાપ્ત ભ્રામક ખ્યાલોનું આખાતી દેશોમાં નોકરીએ

જતા લોકોની હાલત અંગે શક્ય તેટલું સાચું ચિત્ર બહાર લાવવામાં આવે એ આ સંદર્ભે અનિવાર્ય છે બૈરૂત ખાતે સ્થિર થયેલા એક પત્રકાર-વકીલ મિત્રે આ અંગે એક પત્ર દ્વારા અમને જે વિગતો આપી છે તે સંપૂર્ણપણે નહિ તોયે ઠીકઠીક રીતે ભ્રમનિરસન માટે ઉપકારક બનતી રહે તેવી છે.

એ પત્રમાં એમણે જણાવ્યા મુજબ મુંબઇ અને અન્ય મોટા શહેરોની ટ્રાવેલ એજન્સીઓ એ અખાતી દેશોમાંની કંપનીઓ માટે ભરતી-કેન્દ્રો તરીકે કામ કરે છે આ કંપનીઓ ભરતી થનારને 'વીસા' આપી તેમની સાથે ૩-૪ વર્ષનો નોકરી કરાર કરે છે પગાર ધોરણ અને અન્ય સવલતો પણ નકકી કરવામાં આવે છે પરંતુ નોકરીની એ શરતોનું પાલન ભાગ્યેજ કરવામાં આવે છે. કેટલાય એવા કેસાઓ છે કે પગાર રોજના ૫૦ દીરહમ નકકી થયો હોય છતાં હકીકતમાં ચૂકવાતા હોય માત્ર ૨૦ દીરહમ જ ! આ દેશોમા 'લેબર લૉઝ' ના અભાવે અહીં આવેલા પરદેશીઓ મજબુર બની જાય છે. વળી સામાન્ય રીતે કંપનીઓ પોતાના પગારદારોના પાસપોર્ટ પોતાની પાસે જ રાખી લેતી હોવાથી હુકમનું પતુ કંપનીઓ પાસે જ રહે છે.

વળી જે લોકો આકર્ષક પગાર ધોરણે ખેંચાઇને અહીં આવે છે તેમને થોડા દિવસોમાં જ સમજાઇ જાય છે કે અહીંના જીવનધોરણ મુજબ તો આકર્ષક લાગેલો એ પગાર સાવ બે-નૂર છે. ભારતીય ચલણમાં જોઇએ તો રૂા. ૨૦૦૦ ની માસિક આવક અહીં સામાન્ય જીવન ગુજારવા મ ટે અનિવાર્ય છે આ સંજોગોમાં કડિયાઓ સુથારો, અને અન્ય ટેકનીકલ માણસોને શહેરની દૂર રણપ્રદેશમાં તંબૂઓમાં દહાડા કાઢવા પડે છે રજાના દિવસે ખટારાઓમાં ગોધાઇ આ લોકો જયારે શહેરમાં આવતા હોય છે એ દ્રશ્યની કરૂણા તો એને નજરે નિહાળ્યે જ સમજાય ! માન્યામાં ન આવે તેવી સખ્ત ગરમીમાં આ લોકોને કામ કરવું પડે છે જે બુધ્ધિજીવીઓ અહીં આવ્યા છે તેમની હાલત પણ કંઇ બહેતર નથી સરવાળે તો તેઓ પણ ફસાઇ પડયાની સ્થિતિનો અનુભવ કરે છે અહીં રહેવા માટેના મકાનનાં ભાડાં એટલાં વધારે છે કે વ્યકિતની આવકનો એક તૃતીયાંશ ભાગ તો તેની પાછળ જ ખર્ચાઇ જાય છે !

પત્ર-લેખકે પોતાના અંદાજનું તારણ એ શબ્દોમાં મૂકયું છે કે જે વ્યકિતને ભારતમાં માસિક રૂા. ૬૦૦-૭૦૦ ની સ્થિર આવક હોય તેમણે તો આ બાજુ આવવાનો ખ્યાલ સરખો નહિ કરવો જોઇએ.

આ અને આવી બીજી પણ વાતોનો જો કોઇ સાર હોય તો તે એજ અખાતી દેશોમાં સંચરતાં પહેલાં માણસે સો ગળણે ગાળીને પાણી પીવા જેવું છે લાલચ કે લોભમાં લપટાઈ જવાથી દુઃખોનો અંત આવી ગયેલો માનવાનું કોઇપણને માટે શાહમૃગી કૃત્ય સાબિત થઇ શકે છે, સરકાર આવા બનાવટી ટ્રાવેલ એજન્ટોની એનું ધ્યાન પડે બરાબરની ખબર લેવા માંડી છે પણ કેટલીકવાર એવું બને છે કે સત્તાવાળાઓનાં ધ્યાન પર, એ વાત આવે એ પહેલાં જ સઘળો ખેલ ખતમ થઇ ગયો હોય છે, ને એથી જ આ પરિસ્થિતિમાં જો કંઇ સૌથી વધુ તાકીદનું હોય તો તે હકીકતોથી બને તેટલા સભાન થવાનું અને અન્ય સૌ કોઇને બનાવવાનું સામાજિક કાર્ય કરીને એથીય વિશેષ તો યુવાનો આ દિશામાં યોગ્ય રાહચીંધી શકે ને જો એમ થશે તો સાચેજ એઓ એક આવકાર્ય અને ઉપકારક ફરજ બજાવવા બદલના સાચા યશભાગી બની રહેશે.

—'જનસત્તા' ના સૌજન્યથી

* યાત્રાનું ઉપવન વાંઢાય *

રચયિતા

નારાયણ વિશ્રામ પટેલ (ખેડોઇ વાળા)

ભુજ–કચ્છ

કચ્છ મહીં એક ગામડું, વાંઢાય જેનું નામ છે.
માતા ઉમીયાજી તણું જ્યાં પવિત્ર એક ધામ છે.
રામ નવમીના દિને ઉત્સવ અનેરો થાય છે.
હજારો માનવીઓની જ્યાં સંખ્યા એકત્ર થય છે
માત ચરણે હોંશથી બહુ ભેટ પુષ્પ અપાય છે.
પ્રસાદી લીધા પછી જન મેદની વિખરાય છે.
"જીવન પ્રજ્ઞા વિદ્યાલય છે, જીવન જયોતિ અપાય છે.
પૂજ્ય પાંડુરંગ તણી જ્યાં પ્રેરણા અદ્દ્ભુત દેવાય છે.
આજ ભૂમિમાં સંત જન્મ્યા ઇશ્વર–ઓધવરામ રે.
અજ્ઞાનીઓને નવજીવન આપ્યું એ જગ જાહેર વાત છે.
સ્વપ્ન છે યાત્રાનું જ્યાં બનાવવું ભવ્ય ઉપવન છે.
આદર્શ યોજના યાત્રાળુ માટે સુંદર વિચારાઇ છે.

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ

હૈદ્રાબાદ-સિકંદ્રાબાદ

વાર્ષિક અહેવાલ

રવીવાર તા. ૯-૫-૭૬ ના શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળની વાર્ષિક સામાન્ય સભા મંડળના પ્રમુંખ શ્રી તેજાલાલભાઇ દેવજીના પ્રમુખપદ હેઠળ યોજવામાં આવેલ હતી.

સૌ પ્રથમ સમાજના કાર્યશીલ કાર્યકર શ્રી ગાલાભાઈ તથા હૈદ્રાબાદ સમજના કાર્યશીલ કાર્યકર શ્રી રતનસી કાનજી ના અકાળ દુઃખદ અવસાન બદલ સદ્દગતો ને શ્રધાંજલી અર્પણ કરવામાં આવેલ.

ત્યારબાદ સં. ૨૦૩૨ માટે સભ્યો પાસેથી લવાજમ વસુલ કરવામાં આવેલ તથા નવા સભ્યોની નોંધ કરેલ, ખજાનચી શ્રી કાન્તીલાલભાઇ ખીમજી ની ગેરહાજરીન કારણે સહમંત્રી શ્રી જીવરાજભાઇ પ્રેમજી દ્વારા વાર્ષિક આવક જાવક ના હિસાબ ની રજુઆત કરવામાં આવેલ જેને સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ. ત્યાર બાદ મંત્રી શ્રી એ મંડળની પ્રવૃતીઓનો વાર્ષિક અહેવાલ રજુ કરેલ.

ત્યારબાદ આગામી વર્ષે શ્રી અ. ભા ક. ક. પાટીદાર સમાજ તથા યુવક સંઘ નું સંયુક્ત અધિવેશન યોજાય અને તેને સમ્પૂર્ણ સફળતા મળે, તેની પૂર્વભુમિકા રૂપે સમસ્ત આંધ્રવિસ્તારની એક સભા યોજવાનું સૂચન પ્રમુખ શ્રી તેજાલાલભાઇ દેવજી એ કરેલ જેને સૌની અનુમતીથી મંજુર રાખવામાં આવેલ

ત્યારબાદ સં. ૨૦૩૨ માટે મંડળની નવી કાર્યવાહક સમિતીની ચુંટણી થયેલ, જેમાં નીચે મુજબના હોદ્દેદારો ચુંટાયેલા જાહેર થયેલ અને તેમની જવાબદારી સંભાળેલ.

૧	પ્રમુખ	શ્રી તેજાલાલભાઇ દેવજીભાઈ	પટેલ
૨.	ઉપપ્રમુખ	શ્રી જીવરાજભાઈ પ્રેમજીભાઈ	પટેલ
૩.	મંત્રી	શ્રી મહેન્દ્રકુમાર વિશ્રામભાઈ	પટેલ (B.Com)
૪.	સહમંત્રી	શ્રી છગનલાલ સોમજીભાઈ	પટેલ
૫.	સહખજાનચી	શ્રી કાન્તીલાલ ખીમજીભાઈ	પટેલ
૬.	ખજાનચી	શ્રી રવજીભાઈ મુળજીભાઇ	પટેલ
૭.	પર્યટન સંચાલક	શ્રી અરજણભાઈ કાંનજીભાઇ	પટેલ
૮.	વ્યવસ્થાપક સંચાલક	શ્રી પુંજાલાલભાઈ રામજીભાઈ	પટેલ

૯. પુસ્તકાલય સંચાલક શ્રી દેવજીભાઈ માવજીભાઈ પટેલ
૧૦. રમતગમત શ્રી રતનશીભાઇ ધનજીભાઇ પટેલ (B Com)
૧૧. સલાહકારો :–
(૧) શ્રી દાનાભાઈ ડાહ્યાભાઇ પટેલ
(૨) શ્રી શીવગણભાઈ શીવજીભાઇ પટેલ (B. Com)
(૩) શ્રી ધનજીભાઇ મેઘજીભાઈ પટેલ

અંતમાં નવા ચુંટાયેલ પ્રમુખ શ્રી તેજાલાલભાઈ દેવજીભાઈએ સંઘના ઉદ્દેશ્યોને સફળતા પૂર્વક પાર પાડવા અપીલ કરી હતી અને ખાત્રી આપી હતી કે નવી કાર્યવાહક સમિતીના સભ્યો તન, મન અને ધનથી મંડળને પ્રગતિના પંથે લઇ જવામાંસહાય રૂપ થશે, જે સંઘના તથા સમાજના ઉદ્દેશ્યોને સફળતા બક્ષવા મદદ રૂપ થશે.

અંતમાં અલ્પાહાર લીધા બાદ સભાની સમાપ્તિ થઈ હતા.

મહેન્દ્રકુમાર વિશ્રામભાઇ પટેલ
(માનદ મંત્રી)

卐 પ્રભુ પ્રત્યે 卐

પટેલ રતિલાલ પી.
બી કોમ
(ગાજણુકંપા), મોડાસા.

નીરખું હું જયારે નભોમંડળમાં,
તુ ત્યારે તારાઓમાં ચંદ્રરૂપી શોભતો.
ડુબું હું જયારે સંસાર સાગરમાં
તુ ત્યારે વહાણ બની મુજને તારતો.
નીરખું જયમ હું હિમાલયને સર્વપર્વત હારોમાં,
તુ ત્યમ સ્વર્ગલોકમાં હિમાલય સમો શોભતો.
જોઉં હું જયારે તને માનવજગમાં,
તુ ત્યારે મહામાનવરૂપી મુજને દીસતો.
નીરખું હું જયારે સ્થાન તારું માનવદીલમાં,
તુ ત્યારે માનવદુઃખ નથી સહી શકતો.
ઈચ્છું હું તારી પાસ આવું દોડી,
તુ પણ પિતા જ મારો મુજથી દૂર ફરતો.
આવે રતિલાલ પટેલ દેહ તજી પાસ તારી,
તારી સાથે મારું હૈયું ભળી પામે જાત તારી.

એસ. એસ. સી. પછી શું ?

શાંતિલાલ એલ. પટેલ
B. E. V (MECH.)
દિલીપ ડી. પટેલ
IVth YR ARCH.

એસ. એસ. સી. પછી મોટે ભાગે બધાં જ વિદ્યાર્થીઓના મનમાં પ્રશ્ન જાગે છે, હવે પછી શું કરવું ? અમે આશા રાખીએ છીએ કે નીચે દર્શાવેલ માહિતી એસ. એસ. સી. પાસ થયેલાં વિદ્યાર્થીઓ માટે ખૂબજ ઉપયોગી નિવડશે. માહિતીનો કોઠો ખૂબજ મોટો બની જતો હોવાથી અમે અભ્યાસક્રમોની સંસ્થાઓનાં નામ જણાવતા નથી. માટે વધારે માહિતી મેળવવા નીચેના સરનામે સંપર્ક સાધશો.

A. એન્જીનીયરીંગ ડીપ્લોમા ....

	અભ્યાસક્રમનું નામ	મુદત	પ્રવેશ યોગ્યતા
૧.	મીકેનીકલ એન્જી.	૩ વર્ષ	એસ. એસ. સી. પાસ. (અંગ્રેજી, હાયર મેથ્સ/એલજીબ્રા ફિઝિક્સ કેમસ્ટ્રી અથવા જનરલ સાયન્સ સાથે પાસ)
૨.	ઇલેક્ટ્રીકલ ,,	,,	,,
૩.	સીવીલ ,,	,,	,,
૪.	કેમીકલ ,,	,,	,,
૫.	મેનમેઇડ ફાઈબર્સ ફેબ્રિક્સ	,,	,,
૬.	,, ,, વેટ પ્રોસેસિંગ	,,	,,
૭.	પ્રિન્ટિંગ ટેકનોલોજી	,,	,,
૮.	કોમર્શિયલ પ્રેક્ટીસ — (સેક્રેટરીયલ પ્રેક્ટીસ સહીત)	,, —	, અથવા હોમ સાયન્સ અથવા ફિઝિ. હાઇ
૯	ઓટોમોબાઈલ એન્જી.	,,	,,
૧૦.	મેટલજી	,,	,,
૧૧.	એગ્રો ઇન્ડસ્ટ્રીઅલ એન્જી.	,,	,,
૧૨.	આર્કીટેકચરલ આસીસ્ટન્ટશીપ (બહેનો માટે)	,,	,,
૧૩.	રેડિઓ ટેકનોલોજી	,	એસ એસ. સી. અથવા સમકક્ષ (અંગ્રેજી, હાયર મેથ્સ, ફિઝિ. કેમ.)
૧૪.	કોસ્ટયુમ ડિઝાઈન એન્ડ ડ્રેસમેકીંગ	,, —	એસ. એસ. સી.

૧૫. પ્લાસ્ટીક એન્જી.	૩।।/૨ વર્ષ	ક્રમાંક (૧) મુજબ
૧૬. ટેકનોલોજી ઓફ પ્રોડકશન સીન્થેટીક રેઝીન્સ એન્ડ પ્લાસ્ટીક્સ	૪ વર્ષ	,,
૧૭. ટેક્ષટાઇલ મેન્યુફેકચરીંગ	૪ વર્ષ	,,
અભ્યાસક્રમનું નામ	**મુદત**	**પ્રવેશ યોગ્યતા**
૧૮. ટેકનોલોજી ઓફ પ્રોડકશન ઓફ ફર્ટિલાઇઝર્સ.	૪ વર્ષ	ઉપરોક્ત
૧૯. ટેકનોલોજી ઓફ પ્રોસેસિંગ ઓઇલ એન્ડ ગેસ	,,	,,
૨૦. ટેક્ષટાઇલ કેમસ્ટ્રી	,,	,, (અમદાવાદમાં ;
૨૧. ,, ,,	૩ વર્ષ	,, (વડોદરામાં)
૨૨. ,, ટેકનોલોજી	,,	,,
૨૩. કોમર્શિયલ આર્ટ (બહેનો માટે)	૪ વર્ષ	એસ. એસ. સી. (અંગ્રેજી તથા આર્ટ અથવા ઈન્ટરમિડિયર ડ્રોઇંગ ગ્રેડ સાથે) પાસ અથવા સમકક્ષ પરીક્ષા પાસ.
૨૪. ગારમેન્ટ મેકિંગ (બહેનો માટે)	૨ વર્ષ	એસ. એસ. સી. પાસ
૨૫. સેક્રેટરીયલ પ્રેકટીસ (બહેનો માટે)	૨ વર્ષ	,, ,, (અંગ્રેજી)
૨૬. હોમક્રાફ્ટસ (બહેનો માટે)	,,	,, ,, પાસ
૨૭. ટેક્ષટાઇલ ડીઝાઇન	૩ વર્ષ	ક્રમાંક (૧) મુજબ

ક્રમાંક ૧ થી ૧૫, ૧૭, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૨૬ નવી એસ. એસ. સી. ના વિદ્યાર્થીઓ માટે પણ છે.

B. કૃષિ

૧. બી. એસસી. (એગ્રીકલ્ચર)	૪।। વર્ષ	એસ. એસ. સી. પાસ
૨. ,, ડેરી ટેકનોલોજી)	,,	એસ. એસ. સી. પાસ
૩. કૃષિ ડિપ્લોમા	૨ વર્ષ	એસ. એસ. સી.
૪. જમીન સંરક્ષણની તાલીમ	૫।।/૨ માસ	,,

C. લલિતકલા

૧. બી. એ. (ફાઇન)	૫ વર્ષ	એસ. એસ. સી.
૨. ડિપ્લોમા ઇન એપ્લાઇડ	,,	,,
૩. ડિપ્લોમા ઇન ડ્રોઇંગ પેઇન્ટીંગ	૪ વર્ષ	,,
૪. ,, ,, સ્કલ્પ્ચર	,,	,,
૫. ,, ,, ફાઇન આર્ટ	૫ વર્ષ	,,

૬. ,, ,, કોમર્શિયલ આર્ટ ૪ વર્ષ ,,
(ભાઈઓ માટે)
(બહેનો ,,)

૭. સર્ટિ ઇન એપ્લાઇડ આર્ટ ૪ વર્ષ એસ. એસ. સી.

૮. ડિપ્લોમા ઇનિ પ્રોડક્ટ ડિઝાઇન, પાા વર્ષ (પ્રત્યેક)
સિરેમીક ડિઝાઈન, ગ્રાફિક ડિઝાઇન,
ફોટોગ્રાફી, એક્ઝીબીશન ડિઝાઇન,
ફર્નિચર ડિઝાઇન, ટેક્ષટાઈલ ડિઝાઇન,
ફિલ્મ એન્ડ સાઉન્ડ (ડોક્યુમેન્ટરી
એન્ડ એડવરટાઇઝીંગ)

૯. બી. મ્યુઝ ૪ વર્ષ એસ. એસ. સી.

૧૦. ડિપ્લોમા ઇન મ્યુઝિક ૩ વર્ષ ,,

૧૧. ,, ,, ડ્રામેટીક્સ ૩ વર્ષ

૧૨. ડ્રોઇંગ ટીચર્સ સર્ટીફીકેટ ૨ વર્ષ


D. વાણિજ્ય

૧. બી. કોમ	૪ વર્ષ	એસ. એસ. સી.
૨. ગવર્નમેન્ટ કોમર્શિયલ ડિપ્લોમા	૧ વર્ષ	,,
૩. સહકારી ડિપ્લોમા (જુનિયર બેઝિક કોર્સ)	૬ માસ	,,
૪. ગવર્નમેન્ટ કોમર્શિયલ સર્ટિફિકેટ (ટાઇપીંગ, શોર્ટહેન્ડ, બુક કીપીંગ વગેરે)	૬ માસ	,,

E. તબીબી

૧. બી. એસ. એ. એમ.	૫ વર્ષ	એસ. એસ. સી. (સંસ્કૃત સાથે)
૨. ડી. એચ. એમ. એન્ડ એસ.	૪ વર્ષ	,,
૩. ડીપ્લોમા ઇન ફાર્મસી	૨ વર્ષ	એસ. એસ. સી. (હાયર મેથ્સ, ફિઝિ કેમ. અંગ્રેજી)
૪. લાઇવ સ્ટોક ઇન્સ્પેકટર	૧ વર્ષ	એસ. એસ. સી.
૫. સેનેટરી ઇન્સ્પેકટર	૧ વર્ષ	,,
૬. જનરલ નર્સીંગ એન્ડ મીડવાઈફ	૩ાા વર્ષ	,,
૭. હેલ્થ વિઝિટર્સ ,, ,,	૨ાા વર્ષ	,,
૮. આયુર્વેદિક નર્સીંગ	૩ાા વર્ષ	,,
૯. ,, કમ્પાઉન્ડીંગ	૧ વર્ષ	૧

—(વ્યવસાયી માર્ગદર્શન સંસ્થાના સૌજન્યથી)


LAXMI
LAXMI

Crop Perfection - Sandoz Protection

ઓફીસ ૯૩
ઘર ૧૫૯

• પંકજ ફર્ટીલાઇઝર્સ



તલોદ રોડ, ધનસુરા.
તા. મોડાસા, જિ. સાબરકાંઠા
(ગુજરાત)

- ★ જંતુનાશક દવાઓ
- ★ રાસાયણીક ખાતર
- ★ સુધારેલ બીયારણ વગેરેના

છૂટક તેમજ જથ્થાબંધ વેપારી

ડીલર : સેન્ડોઝ (ઇન્ડીયા)
લી. બોમ્બે



ઇયળ, કાતરા
નાશક
એકાલક્ષ

* ભારત પેસ્ટીસાઇડઝ ઇન્ડસ્ટ્રીઝ
(પ્રા.) લી., અમદાવાદ.

આલો. મધીયો
એકાટીન

॥ શ્રી ગણેશાય નમ : ॥

વાલાણી ટાયર્સ

સાયરા રોડ, **મોડાસા** જિ. સાબરકાંઠા. ફોન : ૧૪૬ પી. પી.

આથી મોડાસા તેમજ આજુબાજુના અમારા સ્નેહીમિત્રો, વહેપારી ભાઈઓ તેમજ ગ્રાહકમિત્રોને જણાવતાં આનંદ થાય છે કે આપની જરૂરિયાત મુજબ



- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઇયર
- સીયેટ વગેરે
- કંપનીનાં બનાવેલ

ટાયર — ટયુબ,

દરેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા

● બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ ●

દરેક સાઇઝની બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ

તેમજ તેને લગતા તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી ધનસુરા તેમજ મોડાસાની દુકાનોની મુલાકાત લેવા વિનંતી છે.


★ **ઓથોરાઇઝડ ડીલર્સ ઇન :—**

- ડનલોપ ઇન્ડિયા લિ. કલકત્તા, ગુડઈયર ઇન્ડિયા લિ. મુંબઈ
- ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કું. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઇ.
- સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઈ.
- મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
- ઈન ચેક ટાયર્સ લિ. કલકત્તા.
- નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

અમારી મુખ્ય દુકાન : **નેશનલ ટાયર્સ**

નં. ૨૭ તલોદ રોડ, **ધનસુરા** જિ. સાબરકાંઠ

બહેનોને ઉજાગરા અને મહેનતથી રાહત આપવા માટે * ઇલેક્ટ્રીક પાવરથી ચાલતું



છાસ

બનાવવા માટેનું

વલોણા યંત્ર

* * * વસાવો અને ઘરની શાન વધારો.

વિશિષ્ટતાઓ :—

★ આ છાશ બનાવવા માટેનું વલોણાયંત્ર નાની મોટી બે સાઇઝમાં મળે છે.
★ ૫ થી ૧૦૦ લીટર સુધીના દહીંની છાસ બનાવવા.
★ દેશી વલોણા કરતાં ૧૫ થી ૨૦ ટકા વધુ માખણ મેળવવા.
★ આ યંત્રથી ઉનાળામાં પણ માખણ ઓગળી જતું નથી તેનો લાભ લેવા.
★ માત્ર નજીવા બળતણ ખર્ચમાં.
★ વેચાણ બાદની તમામ સેવાઓ તેમજ યંત્રના સ્પેરપાર્ટસ સહેલાઇથી મેળવવા

બનાવનાર :—

સ્કવેર એન્જિનીયરીંગ કોર્પોરેશન

ઘાટકોપર મુંબઈ-૮૬

● વધુ માહિતી માટે અમારા સાબરકાંઠા જિલ્લાના અધિકૃત વિક્રેતાને સંપર્ક સાધો

ચેતન ફર્ટીલાઈઝર્સ

તલોદ રોડ, ધનસુરા. જિ. સાબરકાંઠા

શ્રી જયઅંબે

ખેડૂત ભાઇઓને ખુશ ખબર



સ્પન પાઇપ્સ

ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનુ પૂરેપૂરું વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઇપ કું.

ની

પાઇપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે
પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા
જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."



સારી પાઇપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઇપ કું.

વડાગામ જિ. સાબરકાંઠા.

આપના ઘરમાં આનંદોલ્લાસમય વાતાવરણ સર્જવા ટાટાનું અદ્દભુત સર્જન "નેલ્કો" કંપનીનો રેડીયો મેળવવાનોજ આગ્રહ રાખો.

તેમજ ટેલીવીઝન સેટ મેળવવાનું એક માત્ર

અજોડ સ્થળ

શક્તિ

રેડીયો ઇલેક્ટ્રોનીક્સ

Co. શક્તિ વિજય વાસણ ભંડાર *


ઠે. ભુટાલવાડા **મોડાસા**

(જિ. સાબરકાંઠા

ઓથોરાઈઝ્ડ ડીલર્સ ઈન : નેલ્કો

પ્રોપ્રાયટર :

પટેલ
જયંતિલાલ માવજીભાઈ
છગનલાલ માવજીભાઈ



રેડીયો

卐 રેડીયો, ટ્રાઝીસ્ટર, ટેલીવીઝન, એમ્પ્લીફાયર
સ્પેર પાર્ટ્સ વેચનાર તેમજ સંતોષકારક રીપેર કરનાર

JAGRUTI JUNE '76 Reg. No. G. 322

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા, જિ. સાબરકાંઠા

ગ્રા. નં.

To,

Book-Post

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક



જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ

વર્ષ : ૧૮ અંક–૭ જુલાઈ ૧૯૭૬

卐 જાગૃતિ 卐

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦), પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૭૫ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧) પરદેશમાં રૂા. ૧૨૫) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

ૐ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ
સંવત ૧૯૯૭, આસો વદ ચૌદસ

અનુક્રમણિકા

અ. નં.	લેખનું નામ	લેખકનું નામ	પૃષ્ઠ
૧	તંત્રી સ્થાનેથી	કાન્તિભાઇ કે. પટેલ	૧
૨	પ્રેમલગ્ન તારા પાપે	જીતેન્દ્ર એન. પટેલ	૩
૩	કંઇક શિખવા જેવું	કાન્તીલાલ ડી. પટેલ	૫
૪	ધર્મ અને યુવાન	ભીમજીભાઇ આર. પટેલ	૬
૫	સ્મરણની બે વાતો–પ્રાર્થનાનોભાવ	ચંદુલાલ કાનજીભાઈ પટેલ	૮
૬	ગુજરાતી નારી	શામજીભાઈ આર. પટેલ	૯
૭	આજના ગુજરાતમાં	—	૧૧
૮	સ્વર્ગાત્માની સ્મૃતિએ	હંશરાજ વી. પટેલ	૧૧
૯	આપણે અને આપણો સમાજ	રતિલાલ સોમજીભાઇ પટેલ	૧૨
૧૦	નારી તું નારાયણી	કાન્તીલાલ એમ. પટેલ	૧૬
૧૧	અનોખુ વ્યકિતત્વ	ઈશ્વર જી. પટેલ	૧૭
૧૨	પિયત ખેતીમાં કિટક રોગોથી બચવાની સાવચેતી	મગનભાઇ સોમજીભાઇ પટેલ	૧૯
૧૩	સમાચાર	——	૨૦ થી ૨૩

શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત) વિદ્યાર્થી ભવન, ધનસુરાનું એસ. એસ. સી. ન્યુ તેમજ ઓલ્ડનું માર્ચ એપ્રિલ '૭૬નું પરિણામ.

એસ. એસ. સી. (ઓલ્ડ) નું ૭૨ % પરિણામ
એસ. એસ. સી. (ન્યુ) નું ૭૫ % પરિણામ

ઓલ્ડ એસ. એસ. સી. માં કુલ ૨૨ વિદ્યાર્થીઓ બેઠા હતા તેમાંથી ૧૬ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જેમાં ૭ વિદ્યાર્થીઓ પ્રથમ વર્ગમાં અને ૯ વિદ્યાર્થીઓ દ્વિતીય વર્ગમાં ઉત્તીર્ણ થયા છે

તેમાં વિદ્યાર્થીભવનના પ્રથમ ત્રણ નંબરો આ પ્રમાણે છે.

(૧) બાબુલાલ અરજણભાઇ પટેલ પ્રથમ નંબરે—ખીલોડાક પો
(૨) જયંતિલાલ હરિભાઇ પટેલ બીજા નંબરે—વિષ્ણુપુરા લાટ
(૩) શાન્તિલાલ નાનજીભાઇ પટેલ ત્રીજા નંબરે—દેશાઇપુરાકંપો

ન્યુ એસ. એસ. સી. માં કુલ ૧૬ વિદ્યાર્થીઓ બેઠા હતા. તેમાંથી ૧૨ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જેમાં ૫ વિદ્યાર્થીઓ પ્રથમ વર્ગમાં અને ૭ વિદ્યાર્થીઓ દ્વિતીય વર્ગ મેળવી ઉત્તીર્ણ થયા છે.

તેમાં વિદ્યાર્થીભવનના પ્રથમ ત્રણ નંબરો આ પ્રમાણે છે.

(૧) મોહનલાલ મણિભાઇ પટેલ–કાનપુરાકંપા પ્રથમ નંબરે
(૨) અરવિંદકુમાર પ્રેમજીભાઇ પટેલ–માધવકંપો–બીજા નંબરે
(૩) ઇશ્વરલાલ અમૃતલાલ પટેલ–અણિયોરકંપો–ત્રીજા નંબરે

વિદ્યાર્થીભવન નું પરિણામ ઘણુ સારૂ ગણાય. પરિણામ ઘણુ ઊંચુ લાવવા માટે ગૃહપતિ શ્રી વાડીભાઇ કે. પટેલ સતત તત્પર રહે છે અને તેથી જ પ્રતિવર્ષે વિદ્યાર્થીભવનનું પરિણામ ઘણું ઊંચું રહે છે.

જય યોગેશ્વર

તંત્રીસ્થાનેથી

સમાજનું પ્રતિબિંબ

આપણે સૌ જાણીએ છીએ તેમ જગત પરિવર્તનશીલ છે. કોઇપણ સમાજ અન્ય સમાજોની હરોળમાં, શિક્ષણ, રીતરિવાજો તેમજ રહેણી કરણીની બાબતમાં અન્ય સમાજોનું અનુકરણ કરવા પ્રયત્નશીલ બને તે સ્વાભાવિક છે. આજનું વિશ્વ પણ વૈજ્ઞાનિક શોધખોળો જેવી કે રેડીયો, ટેલીવીઝન ટેલીફોન કલાકના સેંકડો માઇલની ગતિએ ઉડ્ડયન કરતાં વિમાનો વગેરેના કારણે એકબીજા દેશોની ખૂબ નજીક આવતું ગયું છે. પરીણામે જગતના કોઇપણ દેશના સારા-નરસા બનાવોની જાણ કોઇપણ દેશની પ્રજાને થઈ શકે છે. એટલુંજ નહિ. પરસ્પરના દેશોના શૈક્ષણિક, તેમજ વ્યાપારી તેમજ વ્યાવહારિક સંબંધોમાંથી પણ એકબીજા દેશોની પ્રજાઓનાં જીવનની રહેણી-કરણી પર પ્રત્યક્ષ કે પરોક્ષ અસર પડે છે જ. પરિણામે કેટલીક અનુકરણ કરવા યોગ્ય સારી બાબતોની સાથે એકબીજા દેશ સાથે અસંગત હોય તેવી પણ કેટલીક બાબતોની આયાત થતાં જે તે દેશના પ્રજાજીવન પર પોતાના દેશની સંસ્કૃતિથી પર એવી નીતિરીતિઓ અસ્તિત્વ પામે છે.

આપણો સમાજ પણ ભારતીય સંસ્કૃતિ મુજબનું જીવન જીવી શકે તેમ આપણે સૌ ઇચ્છીએ પણ સમગ્ર દેશના કોઇપણ પ્રદેશમાં વસનાર આપણા સૌના જીવનમાં ગમે તે પ્રદેશની ભાષા, વિચારો રહેણી કરણી વગેરેની આપણા જીવન પર અલ્પઅંશે પણ અસર પહોંચે છે. પરિણામે આપણા સમાજના રીતરિવાજો કે બંધારણીય બાબતોનું અવલંબન લેવાને બદલે ઉલ્લંઘન કરવા તરફ આપણે ઝડપથી પ્રયાણ કરીએ છીએ અમુક વર્ષ સુધી આ પ્રક્રિયા ચાલુજ રહે અને સમગ્ર સમાજની નેતાગીરી તેમજ યુવાશક્તિ "આંખ આડા કાન" કરે તો સમગ્ર સમાજ જીવનના પાયા હચમચી ઊઠે. અને તેની ઇમારત કડડભૂસ કરતી તૂટી પડે

આવું ન બને તે માટે આપણા સમાજની યુવાશક્તિએ "સંઘ" સ્થાપી "સંઘે શક્તિઃકલૌ યુગે" ના સુત્રને સાકાર કરવા ૧૯૭૨ ના ડીસેમ્બર માસથી બીડું ઝડપ્યું છે. દેશના કોઇપણ પ્રાંત માં વસતા આપણા સમાજનુ યૌવનધન સંઘ શક્તિમાં ઉમેરો કરવાની પ્રતીતિ આપશે તો સમાજના યૌવનધનનુ રાષ્ટ્રીય કરણ થતાં યુવાશક્તિની સેવાનો લાભ સમગ્ર સમાજને મળી શકશે તે નિઃશંક છે.

આજકાલ અમર્યાદિત વિસ્તારો સુધી વિસ્તરેલા આપણા સમાજને સમાજ માંથી ઘટતી જતી સામાજિકતા માંથી બહાર લાવવા "પાણી તૂટે તે પહેલાં પાળ બાંધવા" અર્થાત સમગ્ર સમાજને ફરીથી એક સૂત્રે બાંધવા માટે આગામી વર્ષ કચ્છ ખાતે સમગ્ર સમાજનું અધિવેશન યોજાય છે તેને સમગ્ર રીતે સફળ

બનાવવા સમાજના અદનામાં અદના માણસો પણ યત્કિંચિત ફાળો તન–મન અગર ધનથી આપે તો જ સમાજ જીવન ને વ્યવસ્થિત રીતે પ્રકાશિત કરી શકાય.

ચાલુ સાલે ઊનાળાના દિવસોમાં કચ્છનાં કેટલાંક ગામડાઓમાં સમાજ શકિતને જાગૃત કરવા માટે અધિવેશનના આયોજક ભાઈઓ એ જ યજ્ઞ આદર્યો છે તે યજ્ઞની અંદર હાડકાં ન હોમતાં યજ્ઞની પુર્ણાહૂતિ સુધી સમાજ જીવનની કારકીર્દિને ભવિષ્યમાં પણ ઉત્તરોત્તર ઉજ્જવળ બનાવી શકાય તેવો સામુહિક પ્રયાસ સમગ્ર સમાજની આબાલવૃધ્ધ જનતા સસ્મિત વદને ચાલુ કરે તેમાં જ સમાજનું ગૌરવ છે.

સમાજ જીવનમાં સોના સાથે સુગંધ મેળવવા માટે આજકાલ સમાજ જીવનમાં દેખાદેતા સડાઓ જેવાકે કન્યાવિક્રય, છૂટાછેડા, એક પત્ની–બાળકો હયાત હોવા છતાં બીજી સ્ત્રી સાથે પત્ની તરીકેના અધિકારો પ્રાપ્ત કરવા તેમજ આવાં અનેક અનિષ્ટ આચરણો આચરનારને પ્રોત્સાહક બળ પૂરુ પાડવા અસામાજિકતા ઊભી કરવા–અસામાજિક તત્વો તરીકેની કામગીરી બજાવી સમગ્ર સમાજ જીવનના શાંતિ પ્રવાહમાં પત્થરો નાંખવાની અધમ પ્રવૃત્તિમાં (માત્ર સ્વાર્થવૃત્તિઓને કારણે) પડવાનું ઘોર પાપ આચરતાં તત્વો સામે બંધારણીય માર્ગે પગલાં લેવાનુ વિચારવામાં આવે એજ ઇચ્છનીય છે.

અરે! કૃષિકાર પાસેથી પણ આપણે એટલું તો જરૂર શીખી શકીએ કે **પ્રતિવર્ષ પોતાનાં ખેતરોમાં કરેલા વાવેતર ના મોલની જાળવણી માટે તેનુ જીવની પેઠે જતન કરે છે.** તો સરેરાશ ૫૦ વર્ષ સુધીનું જીવન જીવતા માનવી ના સમાજ ઉદ્યાનમાં, ઉછરતાં બાળકોમાં–શિક્ષણ કે સંસ્કારોનું આરોપણ કરવા માટે કૃષિકાર ના એક વર્ષનું અલ્પ આયુષ્ય ધરાવનાર મોલનું જે જતન થાય છે તેના પચાસમા ભાગનું જતન કરવાનો સૌ કોઇ મક્કમ નિર્ધાર કરે તો પણ સમગ્રસમાજની જનતાનું જીવન સુવાસિત બની જાય પણ જો કોઇ કૃષિકારના મોલ સાથે ચેડાં કરે તો ...સમાજની સંસ્કારિતામાં પણ કોઇ અવરોધક બને તો ...સમાજ...???

—અસ્તુ

—એડમીશન મેળવવા નિરાશ થવું પડે નહિ.

શ્રી જે. એસ. મહેતા હાયર સેકન્ડરી સ્કૂલ ધનસુરામાં આર્ટસ, સાયન્સ અને કોમર્સ ત્રણે વિભાગ શરૂ થઇ ગયા છે. એડમીશન મેળવવા માગતા વિદ્યાર્થીઓ સત્વરે મળે જેથી એડમીશન મેળવવા નિરાશ થવું પડે નહિ.

એડમીશન મેળવનાર વિદ્યાર્થીને શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ વિદ્યાર્થી ભવનમાં પ્રવેશ મળશે.

વી. કે. પટેલ
સુપરવાઇઝર

બી. એસ. પંડયા
પ્રિન્સીપાલ

શ્રી જે. એસ. મહેતા હાયર સેકન્ડરી સ્કૂલ, ધનસુરા

પ્રેમલગ્ન તારા પાપે

જીતેન્દ્ર એન. પટેલ
અમદાવાદ

બી. જે. મેડીકલ કોલેજના કમ્પાઉન્ડ માં આજે સખત ગીરદી હતી. કદાચ કોલેજે આ વર્ષમાં પ્રથમવાર જ આવી ગીરદી અનુભવી હશે આજથી કોલેજની પ્રથમ સત્ર પરીક્ષા શરૂ થતી હતી. રાકેશ કોલેજના બાગમાં સ્પોર સ્ટેશન વાંચી રહ્યો હતો. પોતાનો એ વર્ષથી આવતો ફર્સ્ટ કલાસ જાળવાઈ રહે તે માટે છેલ્લી ઘડી સુધી મહેનત કરતો હતો.

હલ્લો! રાકેશ કહેતાં એક ખુબસુરત છોકરી તેની પાસે આવી. નીરા શહેર ના પ્રતિષ્ઠિત ડૉકટરની એકનીએક પુત્રી હતી. અને રાકેશની સહાધ્યાયી છે પરંતુ એ વર્ષમાં પ્રથમ વાર જ રાકેશ સાથે વાત કરવા પ્રયત્ન કર્યો હતો. રાકેશ સાથે પરીક્ષા ના વિષયના પ્રશ્નોની ચર્ચા કરતી હતી આ પ્રથમ મુલાકાત બાદ નીરા અને રાકેશ વારંવાર મુલાકાતો યોજતાં રહેતાં. વાંચકો એ યુવાન હૈયાં મળ્યા પછી શું તેની ચર્ચા હું કરતો નથી. તે તમારા ઉપર છોડી દઉં છું. પણ બન્ને એકબીજાની ઘણી જ નિકટ આવી રહ્યા હતા.

એક દિવસ નીરાએ રાકેશને પોતાના સમાજ વિરુદ્ધ પ્રેમલગ્ન કરવા માટે પ્રસ્તાવ મૂકયો. એ ત્રણ દિવસ સુધી રાકેશ ના મગજ માં પ્રશ્નોનું ધુમ્મસ છવાઈ રહ્યુ હતું, પરંતુ તે તેના પ્રેમમાં પાગલ બની ગયેલો હતો. એટલે છેવટે પ્રેમલગ્ન કરવાનું નકકી કરી લીધું અને બન્ને એ ભાગી જઇ ને પ્રેમલગ્ન કરી લીધાં.

નીરાના પિતાની પ્રતિષ્ઠાને આંચ આવી પરતું ભદ્ર સમાજમાં તો આવું બનતું જ હોય છે. પરંતુ સામાન્ય કુટુંબ ના રાકેશના પિતા જૂનવાણી હોવાથી આવા લગ્ન માટે સહમત ન થયા છેવટે રાકેશ અને નીરા તેના પિતાથી અલગ રહેવા લાગ્યા જે પિતાએ ૨૪ વર્ષ સુધી પોતાના પુત્ર પર લાગણી વરસાવીને તેના મોંમાંથી કોળીયો કાઢીને પુત્રને પોષ્યો છતાં પુત્રે બાપની લાગણી ન સમજી ને તરછોડયા છતાં હસતે મોંએ આઘાત સહન કર્યો તે ખરેખર પરમાત્મા કહેવાય.

બીજી તરફ નીરા અને રાકેશ ગૃહસ્થી જીવન જીવી રહ્યા છે. મોટા આલિશાન મકાનમાં રહેનારી રાજકુમારી આજે એ રૂમમાં પોતાનું જીવન ગુજારી રહી છે. જયાં સવારનો ઉગતો સૂર્ય કયારે આથમે છે તેનો પણ ખ્યાલ ન આવે તેટલો વૈભવ ધરાવતી આજે બાંધી આવકમાં

આગળના જ્ઞાની પુરૂષોની નકરી વાતો શું કામની ? જાતે આત્મજ્ઞાન સંપાદન કરીને ઇશ્વર-ચરણોને વળગી પડીએ ત્યારે જ ખરૂં. —સંત જ્ઞાનેશ્વર

કરકસર યુકત જીવન ગુજારી રહી છે. રાકેશ અમદાવાદમાં આવેલી દવાની કંપની માં નોકરી કરે છે. દિવસ નો સમય નોકરી માં અને ફાજલ સમય નીરા સાથે પસાર કરે છે. કોઇકવાર તેના મગજમાં પ્રશ્નો ની હારમાળા શરૂ થાય છે. ત્યારે તેને કરેલા કૃત્ય બદલ અને ભાવિ મુશ્કેલીઓ માટે પોતાની જાતને ધિક્કારતો હોય છે.

એક દિવસ સવારના રાકેશ રીક્ષા માં બેસીને દવાની કંપનીમાં જતો હતો. સામેથી આવતી ટ્રક સાથે રીક્ષા અથડાતાં રાકેશ ને ગંભીર ઇજા થઇ હતી તેના એક હાથની નસ કપાઇ ગઇ હતી, અને શરીરમાંથી સારા પ્રમાણમાં રક્ત વહી ગયુ હતું તેને વી. એસ. હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો આ સમાચાર નીરાને મળતાં જ નીરા હોસ્પીટલમાં આવી અને રાકેશના સીના (છાતી) પર માથું મૂકી ને રડવા લાગી. તે વખતે બે ત્રણ-કંપની માં સર્વીસ કરતા રાકેશના દોસ્તો આવ્યા હતા. તેમણે નીરાને આશ્વાસન આપ્યુ અને હિંમતથી કામ લેવા સલાહ આપી. નીરા માત્ર પત્ની તરીકે રાકેશની દેખભાળ રાખતી હતી; પરંતુ હવે પહેલાં જેવો પ્રેમ રહ્યો નહતો. રાકેશ માટે લાગણી ધીમે ધીમે ક્ષય થતી જતી હતી. રાકેશના શરીરમાં લોહીની ખુબ જરૂર હતી. હોસ્પીટલના કાયદા પ્રમાણે રકત સામે રક્ત મળે એટલે કે તમે રકતદાન કરો તો તમારા સબંધી ને તેના Group નુ રકત મળે. ડોકટરોએ નીરાને રકતદાન કરવા જણાવ્યુ પરંતુ નીરા તૈયાર ન થઇ બીજે દિવસે ફરી ડોકટરો અને નર્સોએ રકતદાન કરીને તેના જીવનસાથીની જિંદગી બચાવી લેવા સલાહ આપી. ત્યારે નીરાએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું હું રકતદાન નહી કરું તેની જિંદગી બચાવી હોય તો બચાવો નહિ તો કંઇ નહીં આખરે નીરાને રાકેશની જીંદગી સાથે પણ સબંધ રહ્યો ન હતો.

વાંચકો, સાચા પ્રેમી કે સગા સબંધી ની કસોટી અકાળ વખતે જ થતી હોય છે. આવા વખતે આપણે આપણા ગણાતા સગા સબંધી પણ મદદે આવવાની ના પાડી દેતા હોય છે નીરાની રાકેશ માટે શું ફરજો હોઇ શકે પરંતું તે પૂરી પાડતી નથી નારીધર્મ માટે તો પત્ની એ પુરૂષનું અડધુ અંગ છે. અફસોસ-બહુ જ જૂજ સ્ત્રીઓ પતિવ્રતામાં સમજે છે. મોટા ભાગની આધુનિક સ્ત્રીઓ તો માત્ર જીવનસાથી બનીને ગૃહસ્થ) જીવવામાં માને છે.

રાકેશ ના પિતાને પુત્રના અકસ્માત ની જાણુ મોડી થાય છે પરંતુ જાણુ થતાં, તરત જ હોસ્પીટલમાં પહોંચી ગયા પરંતુ વખત બહુ જ વહી ચૂકયો હતો ડૉકટરો એ તેમને રકતની જરૂરત જણાવી. તરત

ભકત નમ્ર હોય છે. એને ભગવાનનાં ચરણોનાં દર્શન બસ છે. —સંત વિનોબા

જ તેના પિતાએ ડૉક્ટરના પગ પકડીને કહ્યું, સાહેબ એક મિનિટ પણ વિલંબ કર્યા વગર મારામાંથી રક્ત લઇ લો. ડૉક્ટરે તેની આજીજી સ્વીકારી લીધી અને પિતા પુત્રનું BIood Grup મળી ગયું. રાકેશ મોત અને જીંદગીના પલ્લામા તોળાતો ધીમે ધીમે સ્વસ્થ બનતો ગયો અને એક દિવસ ફરી નવી જીંદગી મેળવીને હરવા ફરવા લાગ્યો અને તેના પિતા વૃધ્ધ હોવાથી આપેલ રક્ત-ફરી મેળવી ન શકયા અને બિમારી માં પટકાયા. રાકેશે તેમની ખુબ જ સેવા કરી તેને પિતા સાથે કરેલી ભૂલનું પ્રાયશ્ચિત કરવા બનતી સેવા કરી પરંતુ યમદૂતે તેને ફાવવા ન દીધો અને આખરે મોતના મુખમાં ભરખી ગયો. રાકેશે ખુબ જ આંસુ વહેવરાવ્યાં પરંતુ નિરર્થક જ. મારો કહેવાનો આશય એ છે કે લોકો સત્ય સમજતા જ નથી અને સત્યની શોધમાં ભમ્યા કરે છે. શાહમૃગ કસ્તુરીની શોધમાં વનમાં ભમ્યા કરે છે પરંતુ કસ્તુરી તો તેની નાભીમાં જ હોય છે. તેમ ખરો પ્રેમ અને સ્નેહ તો પોતાના કુટુંબમાં જ હોય છે તો પછી બીજે પ્રેમની કે સ્નેહની શોધમાં ભમવુ પડે ખરું ?

"કંઇક શિખવા જેવું"

સંગ્રાહક કાન્તિલાલ ડી. પટેલ
ઉત્તારસદ

- શરીરના અવયવો પાણીથી શુદ્ધ થાય છે, મન સત્યથી શુદ્ધ થાય છે, જીવાત્મા વિદ્યાને તપથી શુદ્ધ થાય છે, અને બુદ્ધિ જ્ઞાનથી શુદ્ધ થાય છે.
- સત્યથી શ્રેષ્ઠ કોઇ ધર્મ નથી, અસત્યથી મોટું કોઇ પાપ નથી.
- સદ્.ચારથી માણસ આવરદા મેળવે છે, સદાચારથી ઇષ્ટિ પ્રજા લાભ થ ય છે, સદ્ચારથી અખૂટ ધન મળે છે અને સદાચારથી અપલક્ષણોનો નાશ થાય છે.
- વિચારથી તત્વજ્ઞાન થાય છે. તત્વજ્ઞાનથી આત્મામાં વિશ્રાંતિ થાય છે. વિશ્રાંતિથી મનમાં શાંતિ થાય છે. અને શાંતિથી સઘળા દુ:ખોનો ક્ષય થાય છે.
- સંતોપ એ પરમ લાભ છે, સત્સંગ એ પરમ ગતિ છે, વિચાર એ પરમ જ્ઞાન છે અને શમ એ પરમ સુખ છે.
- બાણુનો ઘા રૂઝાઇ જાય છે, અને કુહાડાથી વન કપાયું હોય તો પાછું પાંગરે છે, પરંતુ કઠોર વચન બોલવાથી વીંધાયેલા હૃદયનો ઘા કદી રૂઝાતો નથી.

યુવાનોને.........

"ધર્મ અને યુવાન"

ભીમજીભાઈ આર પટેલ
III rd, M. B. B S.
ઇન્દોર

અરે! કેમ ચમકી ગયા! ભાઇ માન્યું કે તમે યુવાન છો અને તેથી કદાચ શિર્ષકમાં ધર્મનું નામ આવ્યું તેથી વિચાર્યું હશે કે, આ બલા આપણા માટે નથી. ચાલો માની લઇએ કે ધર્મ એ આપણી પસંદનો વિષય નથી. પરંતુ જેમ ઘણી વખત આપણે ઘણી બધી નિસ્બત વગરની વસ્તુઓ પર પણ કુતુહલવશ ધ્યાન આપીએ છીએ જ. તેવી જ રીતે કુતુહલતાથી સહી, મારા ઉપર ઉપકાર કરતા હો તેમ માનીને પણ, આ નાનકડો લેખ વાંચી તો જુઓ. વાંચ્યા પછી પસંદ આવેતો એના વિશે વિચારજો અને ન આવેતો નવલિકા ની માફક મગજમાંથી કાઢી નાખજો.

'ધર્મ અને યુવાન" ! વિસમી સદીના આ અતિ પ્રગતિશીલ સમયમાં ધર્મ અને યુવાન એ બંને અંતિમ (Extreme) છેડાના શબ્દો બની ગયા છે અને આ બંનેની વચ્ચે ગેરસમજણની એક ખાઇ નિર્માણ થઇ ગઇ છે. આવી વિચિત્ર સ્થિતિ જોતાં મનમાં સહેજે પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે, એવી કઇ વસ્તુ છે જેને લીધે આજે યુવાનો ધર્મનુ નામ સાંભળતાં જ મોઢું ચડાવે છે અને વડીલોની નજરમાં પણ "કળજુગીઓ થાય છે. જરા ગંભીરતાથી વિચરતાં જણાશે કે યુવાનોની આ પરિસ્થિતિ માટે જવાબદાર જો કોઇ હોય તો તે ફકત એમનો વડીલ વર્ગ જ નહી પરંતુ આખો સમાજ અર્થાત વિસ્તૃત અર્થમાં સામાજીક વાતાવરણ છે. વડીલો એકલા ને એટલા માટે જવાબદાર ન ગણી શકાય કારણ કે એમને બિચારાને પોતાને જ ખબર ન હોય કે ધર્મ શું છે ? તો તેઓ એમના બાળકોને શું જ્ઞાન આપી શકવાના હતા ? મારા આ નાનકડા શબ્દચિત્રમાં કે જે ખાસ યુવાન ભાઇઓ ને ઉદ્દેશીને લખવામાં આવ્યુ છે. તેમાં ધર્મની પ્રારંભિક વાતો વિશે જ કહીશ.

સર્વપ્રથમ ધર્મ શુ છે ? એ બાબત પર વિચારીએ. એક વખત પોતાને આધુનિક માનતા બે યુવાનો એક જ્ઞાની વ્યકિત પાસે ગયા અને પુછ્યુ કે ધર્મ અને અધર્મ આ બધું શું છે ? આ સાંભળી એ મહાત્માએ એમને સામોજ પ્રશ્ન પુછ્યો કે જો કોઇ માણસ ભલાઇ નુ—પરોપકારનું કામ કરતો હોય અને સંકટમાં તમને મદદ કરે તો તમે તે માણસના વર્તનને કેવું કહેશો ? પેલા

સમર્પણ એ જ એક માત્ર શાંતિનો માર્ગ છે. આપણો પોતાનો પ્રયત્ન કશું જ નથી. તેની કૃપા હોય તો જ બધું સાફ સુતરૂ ઉતરે છે. —સ્વામી રામદાસ

યુવાનો એ જવાબ આપ્યો ;"સારૂ". મહાત્માએ ફરીથી પુછ્યું કે કોઈ માણસ તમને વગર ગુનાએ હેરાન કરે અને બીજાને તકલીફ પહોંચાડવામા જ જે આત્માનંદ અનુભવતો હોય, તેવા વ્યક્તિના વર્તનને તમો શું કહેશો? યુવાનો બોલ્યા "ખરાબ" કહીશું. યુવાનો ના ઉપરોક્ત જવાબો સાંભળીને એ મહાત્મા બોલ્યા કે બસ તમે જેને સારૂ વર્તન સારા વિચારો, કે સારા ગુણ કહો છો તેને અમો "ધર્મ" કહીએ છીએ અને જેને તમે ખરાબ વિચાર કે અમાનવીય વર્તન કહો છો તેને અમો "અધર્મ" કહીએ છીએ.

હું એમ કહેવા નથી માગતો કે યુવાન ભાઈઓને ધર્મની આ સરળ વ્યાખ્યાની ખબર નહીં હોય. પણ મુદ્દાની વાત તો એ છેકે સારા વિચારોનો આગ્રહ રાખનાર યુવાન પણ આજકાલ ધર્મથી વિમુખ શા માટે થતો જાય છે? અને ધર્મએ સારો છે એમ માનવા છતાં પણ તેને અમલમાં મુકવા માટે એ શા માટે તૈયાર નથી? ધર્મની બાબતમાં વધુ ઉંડાણથી વિચારતાં જણાશે કે ધર્મની ત્રણ સ્થિતિઓ છે–"ધર્મનો વિચાર," "ધર્મનું આચરણ" અને ધર્મનાં સાધનો આમાંથી પ્રથમ સ્થિતિ એટલે કે ધર્મનો અર્થાત આપણો ધર્મ શું કહે છે અથવા આપણા ધર્મ ગ્રંથો અને શાસ્ત્રોમાં જે કંઈ પણ લખ્યું છે તે બાબતમાં યુવાનોને કોઈ જ વાંધો નથી અને હોય પણ કેમ? કારણ કે આપણે એ પુસ્તકોનો અભ્યાસ જ નથી કર્યો અને જ્યાં સુધી કોઇ વસ્તુ વિશે વિચાર્યું જ ન હોય ત્યાં સુધી તેના વિશે શંકા–કુશંકા પેદા થઇ જ ન શકે. આવું જ ધર્મના આચરણનું છે ધર્મની આ સ્થિતિથી મતલબ છે કે ધર્મ શાસ્ત્રો એ જણાવેલ રસ્તાઓ મુજબ જીવન જીવવું. આ બાબતમાં પણ યુવનોને કોઇ વાંધો હોય તેવું કોઇ કારણ જણાતુ નથી. હવે મુખ્ય વાત રહે છે ધર્મની ત્રીજી સ્થિતિ એટલે કે ધર્મનાં સાધનોના બારામાં અને ધર્મની પહેલી સ્થિતિ અનુસરીને બીજી સ્થિતિ મેળવવા માટે આ ત્રીજી સ્થિતિ જરૂરી છે, અને આજે સમાજમાં જોવા મળતો ધર્મ તે ફક્ત સમ્પૂર્ણ ધર્મનો એક ભાગ આ ત્રીજી સ્થિતિજ છે. આમાં મંદિરો ગુરૂકુળો મઠો, યજ્ઞો, વ્રતો, પૂજા–પાઠ વગેરેનો સમાવેશ થાય છે. મૂળ સ્વરૂપે ધર્મ પ્રત્યે ભાવ જગાડવાના મહા ઉદ્દેશથી બનાવાયેલ આ સાધનો આજે અંધશ્રધ્ધાના ગઢ સમાન બની ગયાં છે અને લોકો તેને લક્ષ્ય પ્રાપ્તિના સાધન તરીકે સમજવાને બદલે એને જ લક્ષ્ય માની બેઠાં છે અર્થાત

ભગવાનના શ્રી ચરણોના આશીર્વાદ વગર આખરી સત્ય સમજવામાં નહિ આવે.

—સ્વામીજી શ્રી રામકૃષ્ણ પરમહંસ

 [illegible] ધર્મ સમજી બેઠાં છે – અને યુવાનોની ધર્મ પ્રત્યેની નિષ્ક્રિયતાનું કારણ પણ અહીં જ નજરે ચડે છે. કારણ કે એતો એમજ માનતો હોય છે કે રોજ સવાર સાંજ મંદિરે જવું અને ક્યારેક ભેગા મળી ભજનો ગાવાં –જો આજ ધર્મ હોયતો આવા નમાલા ધર્મમાંથી મારા જીવન ઘડતર માટે – જીવન વિકાસ માટે મને શું મળવાનું છે? અને તેથી એ બિચારો આને વેદિયા વેડા સમજી ને તેને દૂર થી જ નમસ્કાર કરે છે. એટલું જ નહી યુવાનો ને આ રીતે સમુહની સામે "ભગત" તરીકે જાહેર થતાં જરા સંકોચ થાવછે અને તેથી એમાં સામેલ થવું એને એ સમયનો દુરૂપયોગ ગણે છે. તેથી ધર્મ ની આ ત્રીજી સ્થિતિને અજ્ઞાનવશ ધર્મ માની તેના પ્રત્યે દુર્લક્ષ્ય સેવતા યુવાનો ને મારો આગ્રહ છે કે તેઓ ધર્મની પ્રથમ બે સ્થિતિઓ વિશે પણ વિચારે કારણ કે કોઇ વસ્તુ વિશે પુરૂ વિચાર્યા વગર તેનો તિરસ્કાર કરવો – અનાદર કરવો કે તેમાં અંધશ્રધ્ધા જોવી એ આજના યુવાન ને છાજતું નથી. સાથે-સાથે જો તમો ધર્મ માં નિરસતા અનુભવતા હો અને તેને ફક્ત વેદિયા વેડા અથવા અંધશ્રધ્ધા માનતા હો તો યુવાનો ને છાજે તે રીતે આ બધાની પાછળ ના મૂળ ઉદ્દશ્યો નો અભ્યાસ કરવો જોઇએ કારણ કે કોઇકે કહેલ છે કે જે વિચારતો નથી તે મુર્ખ છે. અને જે વિચારવા નથી ચાહતો તે અંધવિશ્વાસી છે અને તમે જો આ બંન્નેમાં થીકોઈ જ ન હોતો આ બાબત ઉપર જરૂર વિચારશો.

* સ્મરણની બે વાતો

પટેલ ચંદુલાલ કાનજીભાઇ
નવામેઘકંપા

બે જણને નિત્ય પ્રણામ કરો–માતા પિતા.
બે વ્યકિતની મશ્કરી ન કરો; અપંગ.–ગરીબ.
બે વાતોમાં અડગ રહો; સત્ય–અહિંસા
બે વસ્તુ ને કાબુમાં રાખો; ટેવ-ગુસ્સો.
બે વાત ન ભૂલો; ઉપકાર–ઉપદેશ.
બે વસ્તુથી દૂર રહો; અભિમાન –ખોટો દેખાવ.

પ્રાર્થનાનો ભાવ

પ્રાર્થનાએ પાપ ધોવાનું મહાન સરોવર છે.
પ્રાર્થનાએ આધિ વ્યાધિ અને ઉપાધિનું ઔષધિ છે.
પ્રાર્થનાએ રોગથી મૂકત થવાની દવા છે
પ્રાર્થનાએ શોક સાગર માંથી પાર ઉતારવાની નાવડી છે.
પ્રાર્થનાએ દુષ્ટ નો હૃદય પલટો કરાવનાર મંત્ર છે.
પ્રાર્થનાએ આત્મા અને પરમાત્માને જોડનાર સાંકળ છે.
પ્રાર્થનાએ સંસાર પારજવાનું પુષ્પક વિમાન છે.

"ગુજરાતી નારી"

સંકલન શામજીભાઈ આર. પટેલ
બી. કોમ.
શ્રી અંબિકા વિજય સો મીલ,
સાણંદ–૩૮૨૧૧૦ (ગુજરાત)

સળંગ લેખાંક – ૯
પ્ર. ૨. નારી વિકાસના પંથે (હપ્તો–પાંચમો)

ગુજરાતની નારીના વિકાસની ગાથાની ચર્ચા કરતાં કરતાં ગયા અંકમાં આપણે એ વિદેશી સ્ત્રીઓએ ભારતીય નારી વિશે આપેલ અભિપ્રાયો જોયા હતા. ખરેખર આજે પણ વિદેશી સ્ત્રીઓ ભારતમાં આવે છે ત્યારે સ્ત્રીઓએ સાધેલી પ્રગતિને જોઈને છક થઇ જાય છે કારણ કે આજે આપણી બહેનો માત્ર પુરૂષ સમોવડી જ બની નથી, પરંતુ તે કેટલીક જગ્યાએ પુરૂષથી પણ આગળ નીકળી જતી દેખાઇ છે.

એક એવો જમાનો હતો. જ્યારે ગુજરાતણને પડદામાં (ઓઝલમાં) રહેવું પડતું અને પુખ્તવયની થતાં પહેલાં તો પરણી જવું પડતું હતું. અરે. ખુદ રાજ કુટુંબમાં કે અમીર કુટુંબોમાં રહેતી સ્ત્રીઓની પણ આવી જ હાલત હતી· આજે એ જ ગુજરાતની નારી યુનિવર્સિટીનું ઉચ્ચ શિક્ષણ લઇ રહી છે અને ગ્રેજયુએટ થયા વિના લગ્નનો પણ ઇન્કાર કરી દે છે.

સમયનાં વહેણ પલટાવાની સાથેસાથ સ્ત્રીઓના વિચારોમાં આવેલી આ ક્રાંતિનું મૂલ્ય પણ ઓછું આંકી શકાય તેમ નથી. આજની માતાઓ પણ શિક્ષણની મહત્તા સમજવા લાગી છે; તેઓ કહે છે કાલે ઉઠીને દીકરીને કેવા સંજોગોનો સામનો કરવો પડશે, તે કોણ જાણે છે આથી જો તેને ભણાવી હોય તો તે તેના પગ ઉપર તો ઉભી રહી શકે.

ઉપરાંત અમુક અપવાદ બાદ કરતાં બધે જ ગુજરાતી બાળા પોતાનો જીવન સાથી જાતે જ પસંદ કરે તેની સામે માબાપો વાંધો ઉઠાવતાં નથી તેઓ પાત્ર જુએ છે . અને જો છોકરી ની પસંદગી વ્યાજબી હોય તો રાજીખુશીથી મંજુરી આપે છે.

અને આ રીતે સુમેળભર્યા વાતાવરણમાં લગ્નો થવાને કારણે "કજોડાં" ઓછાં થયાં છે અને આપઘાતોની સંખ્યા ઘટી છે. કેટલાક

સાધકનું સર્વોત્તમ ગંતવ્ય સ્થાન ભગવાન શ્રી કૃષ્ણના ચરણમાં જ હોય.
—શ્રી હરનાથ પાગલ

વિપરીત કિસ્સાઓમાં પણ સ્ત્રીઓ હતાશ થવાને બદલે જીવનમાં પોતાનો આગવો માર્ગ જાતે જ નક્કી કરી લે છે. યા તો સામાજીક સંસ્થાઓ દ્વારા માર્ગદર્શન મેળવે છે.

હવે સ્ત્રી કમાતી થઇ હોવાથી પુરૂષની નજરમાં તેની ઇજ્જત અને માન વધ્યાં છે. પહેલા એવી માન્યતા હતી કે સ્ત્રીની જીંદગી એટલે – "પરણવું અને બાળકો પેદા કરવાં".

પરંતુ આજે એ બંને બાબતો ઉપર સ્ત્રીનો કાબુ છે. ખૂબ જ વિચાર પૂર્વક તે યોગ્ય પાત્ર શોધીને પરણવા પ્રયત્ન કરે છે. તેવી જ રીતે બાળકો કેટલાં હોવાં જોઇએ તે વિશે પણ તે સ્પષ્ટ ખ્યાલો ધરાવે છે.

એક સંબંધી બહેન રસ્તામાં મળી ગયાં કહેવા લાગ્યાં "ભાઇ મારે તો વકીલ થવું છે." મે કહ્યું– "તારા પિતાજી વહેલી તકે પરણવી દેશે તો?"

તે કહે–" નહીં પરણાવે મારી માએ મને વચન આપ્યું છે કે જ્યાં સુધી હું એલ.એલ.બી. ન થાઉ ત્યાં સુધી તે લગ્નની વાત જ નહીં કાઢે અને મને તેમના ઉપર વિશ્વાસ છે.

આ બહેન જેવી અસંખ્ય બહેનો તથા તેની માતા જેવી માતાઓ આજે ગુજરાતમાં ઠેર ઠેર જોવા મળે છે. લગનની બાબતમાં જોરજુલમ કે જોહુકમી એ હવે ભૂતકાળની બાબત બની ગઈ છે.

લગ્ન ક્ષેત્રે આવેલા આ સુધારાઓ માં જ સ્ત્રીના વિકાસનું વાસું લક્ષ્યાંક સચવાયું છે. અક્ષરજ્ઞાન વધવાની સાથો-સાથ સ્વાસ્થ્ય, સુઘડતા અને સંસ્કારો વધ્યા. છોકરીઓ જાતે જ ભલાબુરાનો વિચાર કરતી થઇ છે. આથી, સમાનતા ના ધોરણે આજનો સંસાર કંઇક વધુ પ્રગતિશીલ અને સુરમ્ય બન્યો છે.

ગામડામાં ખેડૂત યુગલને એક સાથે કામ કરતાં જોવાં અને શહેરમાં પતિ–પત્ની ને એક સાથે નોકરી કે વ્યવસાય માં જતાં જોવાં, એ આજના ગુજરાતનું એક વિશિષ્ટ, આગવું રૂપ છે.

પરંતુ, આપણે અગાઉ જોયું તેમ સ્ત્રીએ સફળતાની ટોચે પહોંચવા માટે ન તો પુરૂષો સામે બંડ પોકાર્યું છે કે ન તો બળવો કર્યો છે. કોઇ એવી સ્નેહભરી કુમાશથી તેણે એવી નાજુક રીતે કામ લીધું છે કે જેથી પુરૂષ સાથે કયારેય સંઘર્ષમાં ઉતરવું પડયું નથી.

આત્મસમર્પણ એ તો ભગવાનના દ્વારમાં પેસવાનો દરવાજો છે.
—ભગવાન શ્રી સત્ય સાંઇબાબા

આજના ગુજરાતમાં—

—નારી જગતની પોતાની સંસ્થાઓ છે,

— કલબો છે,

—સાપ્તાહિકો છે, અને તેની લેખિકાઓ, સંપાદિકાઓ તથા તંત્રીઓ પણ સ્ત્રીઓ છે,

—કેટલીયે સ્વતંત્ર કોલેજોની સંચાલિકા સ્ત્રીઓ જ છે.

—ગુજરાતના રાજકારણમાં પણ ગુજરાતની નારીનું પ્રદાન ખાસ અગત્યનું રહ્યું છે.

—આજે તો નર્મદ, નવલરામ, નાનારામ જેવા સ્ત્રી સુધારકો જો ગુજરાતની નારીને જુએ, તો કબુલ જ કરવું પડે કે ગુજરાતણ તેમની ધારણા કરતાં ખૂબ જ આગળ નીકળી ગઇ છે.

વાચક મિત્રો ! નારીના વિકાસની ગાથા અત્રે પૂરી કરીશુ આશા છે કે તમને ગમી હશે. આવતા અંકે નવા પ્રકરણની શરૂઆત કરીશું તેમાં સ્ત્રીઓની સાક્ષરતા વિશે ચર્ચા કરીશું.

* સ્વર્ગાત્માની સ્મૃતિએ *

હંસરાજ વી. પટેલ ઉમિયા વિજય સો મીલ ઈડર

ઊમટે છે માનવ મેદની, કોઇ મહા આનંદ છે.
જન્મ દિવસ છે કોઇનો, અગર લગ્નનો આનંદ છે
વહેંચાય છે મિઠાઇઓ ને ખુશાલી દેખાયછે.
બનું ભાગીદાર આનંદમાં, મનમાં એવું થાય છે,
નજીક જઈ મેં પૂછ્યું, ભ્રાત ! આ સર્વ શું થાય છે !
કે કોઇનો લગ્ન દિન અગર જન્મ દિવસ ઉજવાયછે !
અરે ! અરે ! એવું શાને વદો ?
મહાપુરુષ સદ્‌ગત થાય છે;
અને સજ્જન સ્વર્ગાત્માની સ્મૃતિએ આ બધું અહીં થાય છે.
અરેરે...... મર્હુમની પાછળ, ઉત્સવ કરવો યોગ્ય છે !
(કે) સજ્જન સ્વર્ગાત્માની સ્મૃતિએ શોક કરવો યોગ્ય છે.
એનાં આંગણે બાંધ્યાં આજ તોરણો આંસુ કેરાં.
શોક સાગરમાં ડૂબ્યાં એની વિધવાને છોકરાં.
ત્યાં આમ સહુ ઉજવી રહયા, તમે ગોઠ સો મહેફીલ.
હે ગુલામ, જૂનવાણી સમાજ, સાંભળજો આ અપીલ
મર્હુમની યાદમાં તો તમે, કરો દીન જનોને દાન.
ઉજવી ઉત્સવ, સદ્‌ગતનું કરો, સ્વર્ગે કાં અપમાન.
સમાજનું આ દ્રશ્ય જોઇ દુઃખ અંતરમાં થાય છે.
દુનિયાનાં વખાણ કરી પોતે ત્યાંજ ગોથાં ખાય છે.

.....આપણે અને આપણો સમાજ....

પટેલ રતિલાલ સોમજીભાઇ
(પ્રથમ વર્ષ વેટેરીનરી)
ચંદ્રપુરાકંપા
હિંમતનગર.

ઉત્તરે દુનિયાના સ્વર્ગ સમાણા કાશ્મીરથી માંડીને દક્ષિણે કન્યાકુમારી અને પૂર્વે બંગાળ અને આસામથી માંડીને પશ્ચિમે ગરવી ગુજરાત સુધી વિસ્તરેલા આપણા દેશમાં ઘણા જુદી જુદી જાતના લોકો વસે છે. આવડા મોટા દેશના વિસ્તારની સરખામણીમાં આપણી કચ્છ-કડવા પાટીદાર જ્ઞાતિનું સંખ્યાબળ (Population) ઘણું ઓછું છે. તેમ છતાં આપણી જ્ઞાતિના ભાઇઓ દેશના ખૂણે ખૂણે ફેલાયેલા માલુમ પડે છે. અને હિંદમાતાને ઘણી રીતે ગૌરવ અપાવી રહયા છે.

આપણે હવે તો "ભણ્યો કણબી કુટુંબ બોળે" ની કહેવત ને પણ ખોટી પૂરવાર કરી બતાવી છે. આપણા ભાઇઓને તો ઇમારતી લાકડાંનો (Saw mill business.) ધંધો તો કોઠે પડી ગયો છે. એટલું જ નહિં પણ ઇમારતી લાકડાંના ધંધામાં આપણી જ્ઞાતિએ દેશને ઘણું પ્રદાન કર્યું છે. એક ઉપર છેલ્લા અંદાજ મુજબ કહીએ તો ૭૦% થી ૭૫% ઇમારતી લાકડાંના ધંધામાં આપણા જ ભાઇઓ નજરે પડે છે. બીજી તરફ મકાન -કોન્ટ્રાકટરમાં સિમેન્ટ પ્રોડકટસમાં પણ આપણા જ્ઞાતિભાઇઓ સંકળાયેલા છે. તદ્ઉપરાંત ઇલેકટ્રિક સામાનની દુકાનો જંતુનાશક દવાઓની દુકાનો કેટલેક અંશે ટાયર્સ અને ટ્રાન્સપોર્ટ તેમજ કરીયાણાના વેપારમાં પણ આપણે બીજાઓને મહાત કરી દીધા છે. આટલું અધૂરું હોય તેમ વળી આપણો ખેતીનો ધંધો તો બીજા બધા ખેડુતો કરતાં ચડિયાતો સાબિત થઇ ચૂકયો છે.

આ થઇ સિકકાની એક બાજુ બીજી તરફ નજર કરતાં આપણને માલુમ પડશે કે આપણા કેટલાય ભાઇઓ હજી જુના રીતરિવાજોની અંધારી દુનિયામાં રાચી રહયા છે. આજે દુનિયામાં પરિવર્તન અને પ્રગતિનો પવન ફૂંકાયો છે પરંતુ તેની સાથે આપણે કદમ મિલાવી શકયા નથી. અને જોઇએ તેટલી પ્રગતિ સાધી શકયા નથી. તે આપણું કમભાગ્ય છે. સમાજમાં ઘર કરીને બેઠેલ નિરક્ષરતા સ્ત્રી કેળવણી નો અભાવ, લાજની પ્રથા

ભગવાનના શ્રી ચરણોમાં સંપૂર્ણ આત્મસમર્પણ કરવાથી જ માણસ મૃત્યુને તરી જાય છે.

—મા શારદામની દેવી

વહેલાં લગ્ન સામાજિક, વધતા જતા ખોટા ખરચા અને શિક્ષણ પ્રત્યે સેવાતું દુર્લક્ષ જેવા પ્રશ્નોમાં સમાજના આગેવાનો અને કાર્યકરો રસ લેવામાં ઉણા ઉતર્યા નથી. અને જયારે જયારે આગેવાનોએ રસ લેવા પ્રયત્ન કર્યો છે ત્યારે ત્યારે તેમને પ્રોત્સાહન મળ્યુ નથી. તેથી આપણે આવી બાબતોમાં હતા ત્યાંના ત્યાંજ આવીને ઉભા રહયા છીએ. આપણે હજુ સમાજ શિક્ષણના માળખાને ચકાસી શકયા નથી આપણે હજુ અંદાજ પણ કાઢયો નથી કે સમગ્ર ભારતમાં આપણી વસ્તી કેટલી ? તેમાંથી કેટલા શિક્ષિત છે ? જો શિક્ષિત હોય તો તેમાં કેટલા ગ્રેજ્યુએટ્સ અને કેટલા મેટ્રિકયુલેટ્સ છે? વળી કેટલા ગ્રેજ્યુએટસ કઇ વિદ્યાશાખા ના છે.? સમાજના કેટલા લોકો પરદેશમાં વસે છે.? આવી બાબતોનું વિશ્લેષણ કરવું ઘટે. જેથી સમાજના શિક્ષણ માળખાની ચકાસણી અને પ્રોત્સાહક પ્રવૃતિઓ અસ્તિત્વમાં આવી શકે. આ માટે સમગ્ર સમાજની કારોબારીએ જે તે જિલ્લા અને તાલુકા તથા ગામોમાંથી માહિતી મંગાવવી ઘટે અને તેનું સચોટ માર્ગદર્શન બહાર પડવું ઘટે. જેથી જ્ઞાતિની પ્રગતિનો ચિતાર મળતો રહે. અને આપણે જાણી શકીએ કે સમગ્ર દેશની પ્રજાની પ્રગતિના આંકડા સાથે આપણી પ્રગતિના આંકડાઓનો મેળ બેસે છે કે નહીં ?

બીજી વાત છે સ્ત્રી કેળવણીની, દેશની ઘણી જ્ઞાતિઓની સરખામણીમાં આપણી જ્ઞાતિ સ્ત્રીકેળવણીની દષ્ટિએ થોડીઘણી પછાત હશે પણ સ્ત્રીકેળવણી ની ખામીની અસર ભાવિ સમાજ પર કંઇ ઓછી નથી. ઘણી વાર છાશવારે બનતા છૂટાછેટાના બનાવો અને ઘરમાંથી વિના કારણે ઉપજતા કજિયાઓનું કારણ પણ સ્ત્રીકેળવણીની ખામી અને માતાપિતા તથા તેમના સંસ્કારો ગણાવીએ તો ખોટું નથી. સમગ્ર ભારત નો તો ખ્યાલ નથી પણ ગુજરાતની વાત કરું તો પણ જ્ઞાતિની વસ્તીના પ્રમાણમાં કન્યા કેળવણી નું પ્રમાણ હજુ પણ સંતોષકારક નથી. ગુજરાતના વિદ્યાધામ ગણાતા વિદ્યાનગરની વાત કરું તો અસ્થાને નથી. અહીં આપણા સમાજના પચાસેક ભાઇ—બહેનો અભ્યાસ કરે છે જો કે આ અભ્યાસ કોલેજ લેવલ નો છે અહીં વિદ્યાનગરમાં મોટા ભાગની બધી જ વિદ્યાશાખાઓ જેવી કે આર્ટસ, કોમર્સ, સાયન્સ, એન્જિનિયરીંગ, પોલીટેકનીક, હોમ-સાયંસ ઈંગ્લીશ ઇન્સ્ટીટયુટ' એજ્યુ-કેશનલ કોલેજ, બાલ સેવિકા કેન્દ્ર, તેમજ આણુંદ ખાતે આવેલ એગ્રીકલ્ચર

જેમ જેમ હું પ્રભુ આગળ સમપર્ણ કરતો ગયો તેમ તેમ હું વધુને વધુ આનંદ પામતો ગયો.

—મહાત્મા ગાંધી

કોલેજ, ડેરી સાયંસ કોલેજ, વેટેરીનરી કોલેજ, ગ્રામસેવક તાલીમ કેન્દ્ર, જેવી વિદ્યાશાખાઓ આવેલી છે. આટલી બધી વિદ્યાશાખાઓ આવેલી હોવા છતાં અહીના ૫૦ વિદ્યાર્થી ભાઇબહેનોમાં માત્ર ત્રણ જ બહેનો છે. જે સંખ્યાના પ્રમાણમાં ૬ % જ ગણાય. અહિનું શિક્ષણનું પ્રમાણ જોતાં આ આંકડાઓ કદાચ આપણા સમાજની સ્ત્રીકેળવણીનો ખ્યાલ આપી જાય છે.

ધનસુરા ખાતે કન્યા છાત્રાલય ની વ્યવસ્થા હોવા છતાં પણ જોઇએ તેટલો ઉત્સાહ હજુ જોવા મળ્યો નથી. તેથી હજુ બીજાં કન્યા છાત્રાલયોનો વિકાસ પણ કરવો ઘટે. તેથી જો સ્ત્રીકેળવણી પ્રત્યે પૂરતું લક્ષ અપાય અને બહેનોને ઇચ્છનીય અભ્યાસ કરવાની તક મળતી રહે તો સ્ત્રીકેળવણી કદાચ સમાજમાં પ્રવર્તતા છૂટાછેડા ઘરમૂળ કજીયા અને તેથી થતા અણબનાવો એને સમાજનું ઘડતર કરનાર ઔષધિ સાબિત થશે.

આતો થઇ સ્ત્રીકેળવણીની વાત તે સાથે પુરુષ વર્ગનું પણ શિક્ષણ પ્રમાણ યાદ કરવું ઘટે. પુરુષ વર્ગ પણ જોઇએ તેટલુ પૂરતું અને યોગ્ય શિક્ષણ લઇને સારી સારી વિદ્યાશાખાઓમાં પહોંચી ગયો છે તેમ માનવાને પણ કોઇ કારણ નથી. ઘણી વાર ભાવિનાં સ્વપ્નાં ની વણઝાર લઇને અવેલ ગરીબ અને લાયક વિદ્યાર્થીઓને ઘણી વખત સહન કરવું પડે છે તેટલું જ નહિ પણ ઘણી વખત તો શિક્ષણને તિલાંજલી આપવાનો પણ વારો આવે છે. આવા બનાવો આપણા સમાજ માટે ઇચ્છનીય નથી ઘણી વખત આર્થિક મુસીબતોના કારણે સારા વિદ્યાર્થીઓ સારી વિદ્યાશાખાઓમાં જઇ શકતા નથી અને તેઓને ના છૂટકે સારી વિદ્યાશાખાઓનાં એડમીશન ગુમાવવાનો વારો આવે છે.

આવી બાબતો માટે સમાજના વધારે આગેવાનો રસ લેતા થાય, સમાજના વિદ્યાર્થીઓને પોતાના જ બાળકો માનીને વ્યક્તિગત અને ટ્રસ્ટીય રીતે સ્વૈચ્છિક મદદ આપવાનુ સ્વીકારે તો અસ્થાને નહીં ગણાય. આ રીતે જો ગરીબ અને લાયક વિદ્યાર્થીઓને વ્યક્તિગત અથવા ટ્રસ્ટીય મદદ મળતી રહે અને એમના સ્વપ્નાંની ઇમારતો ચણાય તો તેમાંથી આદર્શ સમાજનુ સર્જન કરવાનું કામ કદાચ જરૂર સફળ બને તેમાં કોઇ બે મત નથી, સમાજમાં કયાંક થોડીક જ જગ્યાઓ છે જયાં ટ્રસ્ટ ચાલતું હોય અને વ્યક્તિગત મદદને પ્રોત્સાહન મળ્યું હોય. આપણા ગુજરાતમાં બીજા સમાજોની દૃષ્ટિએ

પ્રત્યેક પળે પ્રભુ આગળ પોતાનું સમર્પણ કરતા રહો. સારાનું તેમજ નરસાનું બન્નેનું.

—પૂજ્ય શ્રી

ટ્રસ્ટીય બાબતોમાં આપણે સૌથી છેલ્લુ સ્થાન પ્રાપ્ત કર્યું છે. પણ આ પરિસ્થિતિમાં ચોકકસ સુધારો થાય છે તેમાં કોઇ શંકા નથી. શિક્ષણ ક્ષેત્ર જ એવું છે જેમાંથી ડૉકટરો, વકીલો, ઈજનેરો, અને ગ્રેજયુએટ બહાર પડે છે અને સમાજમાં નવ સર્જન અને સુધારાની લાગણી પ્રસરાવે છે. તેથી જ આ ક્ષેત્ર પત્યે દુર્લક્ષ સેવ્યું પાલવે તેમ નથી.

આવા ભગીરથ કાર્યમાં સર્વનો સંપ, અને સહકાર આવશ્યક છે. સમાજ માટે કંઇક કરી છૂટવાની ભાવનાવાળા નવ જુવાનોને આ હાકલ છે. તેમાંથી સમગ્ર સમાજની યુવક સંસ્થાઓએ અને સમાજની અન્ય સંસ્થાઓએ સમાજના ઇતિહાસને ઉજળો બનાવવા ના જ્ઞાતિ ઉદ્ધારના ભગીરથ કાર્યમાં લાગી જવું પડશે. જો આવી પ્રવૃતિઓમાં ખભે ખભા મિલાવી કામ હાથ ધરાય તો નવો અને આદર્શ સમાજ સર્જી શકાય. આવો, સાથે મળીને સંપ અને સહકારથી સામાજિક કાર્યો ઉપાડી લઇએ.

आओ नवनिर्माण करें हम सुनहला समाज रचें !

★★

રણજીતપુરા હાઈસ્કૂલ

શ્રી રણજીતપુરા હાઇસ્કૂલ રણજીતપુરાનું માર્ચ–૧૯૭૬ નું એસ. એસ. સી પરીક્ષા (ઓલ્ડ) નું પરિણામ ૫૮ % આવ્યું છે. શ્રી પ્રવિણકુમાર લાલજીભાઇ પટેલ ૬૩.૪% માર્કસ મેળવી શાળામાં પ્રથમ નંબરે પાસ થાય છે.

તેમજ એપ્રીલ–'૭૬ માં લેવાયેલ

ન્યુ એસ. એસ. સી. પરીક્ષાનું પરિણામ ૩૫ % આવ્યુ છે. શ્રી જયંતિલાલ નારણભાઇ પટેલ ૫૭.૭ % માર્કસ મેળવી શાળામાં પ્રથમ નંબરે પાસ થાય છે.
ત્રણ વિદ્યાર્થી ભાઇબહેનો હાયરમેથ્સ સાથે પાસ થાય છે.

આચાર્યશ્રી,
શ્રી રણજીતપુરા હાઇસ્કૂલ, રણજીતપુરા.

શ્રીમતિ મુળબાઇ સવદાસ લાલજી આવાણી કન્યા છાત્રાલય; ધનસુરા

પરીણામ

	પરીક્ષામાં બેસનાર બહેનો	પાસ થનાર	
ઓલ્ડ એસ. એસ. સી.	૪	૧	
ન્યુ એસ. એસ. સી.	૧૬	૧૩	ગૃહમાતા

"નારી તું નારાયણી"

સંપાદક : કાન્તિલાલ એમ. પટેલ
કાશીપુરાકંપા
(હિંમતનગર)

" કોઇ પણ રાષ્ટ્રનું નિર્માણ એકલા પુરૂષથી થતુ નથી રાષ્ટ્રની સ્ત્રીઓ પત્ની રૂપે પોતાના પતિદેવોને સાહસ પ્રેરે છે. તથા માતૃરૂપે આ પ્રકારે શિક્ષણ આપે છે જેનાથી તે સ્વતંત્રતા, આત્મ સમ્માન તથા આચરણની ઉચ્ચતાને માટે કરવા માં આવેલા પ્રયત્નોનુ અનુગમન કરી શકે. કોઇ પણ પક્ષી એક પાંખથી ઉડી શકતુ નથી. એ જ પ્રમાણે કોઇ પણ રાષ્ટ્રનો સ્ત્રી અને પુરૂષ એ માંથી ફકત કોઇ એક દ્વારા ઉદ્ધાર થતો નથી. અમારામાં એકલતા નથી, જૂદાઇ છે પરંતુ આ જૂદાઇ ના બદલે જે એકબીજાના વિરોધી બન્યા વગર પરસ્પર પૂરક કાર્ય કરે છે, તે માં માનવોની પૂર્ણતા નિશ્રિત છે.

દેવી વિના દેવ નહીં એજ પ્રમાણે સ્થૂળ તત્વ વિના ચેતન તત્વ પ્રાપ્ત થઇ શકતું નથી, ચેતન તત્વ સ્થૂળને ચેતના આપે છે તથા સ્થૂળ ચેતનને સાકાર રૂપ કરે છે

એટલું જ નહી હિંદુ દષ્ટિકોણની કર્તૃત્વશકિત સ્ત્રી સ્વરૂપ છે. એજ કારણ છે કે પ્રત્યેક દુ:ખ અને મુશ્કેલી ના સમયે સમાજના સમસ્ત દેવતા આદર્શ વ્યકિત બળ મેળવવા માટે શકિતને બોલાવે છે. અને જયાં પુરૂષવર્ગ અસફળ સિદ્ધ થાય છે ત્યાં સ્ત્રી વર્ગ વિજય મેળવે છે અને અસત્યને દૂર કરીને ફરીથી સત્યની પુનઃપ્રતિષ્ઠા કરે છે જગતમાં ઇશ્વરની આ શકિતનું પ્રતિક સ્ત્રી છે. જેનું પાવન અને મધુરનામ 'મા' છે."

—ડૉકટર એનીબેસંટ.

"ભારતનો ધર્મ ભારતના પુત્રોથી નહીં પણ પુત્રીઓની કૃપાથી સ્થિર છે જો ભારતીય નારીએ પોતાનો ધર્મ છોડી દીધો હોતતો અત્યાર સુધીમાં ભારત કયારનુંય નાશ પામ્યું હોત"

—દયાનંદ સરસ્વતી (માનવના સૌજન્યથી)

આપણી સામે આવીને ઉભેલી મુશ્કેલીઓ અને પ્રતિકૂળ તત્વોનો સંગ્રામ તે આપણી સામેનો સંગ્રામ નથી ખુદ પ્રભુની સામેનો સંગ્રામ છે એટલે એવે વખતે આપણે આપણી જાતને પ્રભુને શરણે મૂકી દઇએ તો દુઃખો, દુષ્કૃત્યો અને ચિંતા ઓમાંથી બચી જઇએ.

—સ્વામી શ્રી ભદ્ર

અનોખું વ્યકિતત્વ

ઈશ્વર જી. પટેલ
એફ. ડી. ફાર્મ.
રાજપુરકંપા (સા. કાં.)

શિયાળાની ઠંડીના દિવસો હતા. આવા ઠંડીના સુમધુર સમયમાં મારે મુંબઇ જવાનુ હતુ. અમદાવાદથી જયારે હું ટ્રેનમાં બેઠો ત્યારે મને એમ કે મુસાફરી કરવી કઠીન પડી જશે પણ ! તેમ ન બન્યુ.

હુ નોવેલ વાંચુ છું છતાં ઉંઘ આવતી નથી. ત્યારે... મારી બાજુમાં બેઠેલ વ્યકિત તરફ મારી નજર ગઇ. તેણે પેન્ટ અને શર્ટકોટ પહેર્યા હતાં પગે સુંદર મજાના બૂટ હતા. ગળામાં ટાઇ હતી. અને ઠંડી હોવાથી બીજો મફલર નો ટૂકડો પણ ગળે નાખેલો હતો. માથાના વાળ સામાન્ય મોટા હતા. જુલ્ફાંદાર વાળ કાન પર થઇને પસાર થતા હતા અને સરસ મજાની કટીંગ ફેશનવાળી દાઢી રાખેલ હતી. વધારાની શોભા તો તેને પહેરેલ ચશ્મા ની હતી. આંખે મસ્તરામની જેમ ચશ્મા હતા.

હુ ચોપડી બધ કરી તેની સામે જોઇ રહ્યો તેણે મારા સામુ જોયુ ને નજર ફેરવી લીધી. હુ છાનાછૂપો ટગર ટગર તેના સામુ જોઇ રહ્યો હતો.

તેણે તેના કોટના ઉપરના અંદરના પોકેટમાંથી હીરાલાલ છાપ ચેતલા બીડીની જુડી કાઢી અને તેમાંથી એક બીડી હાથ માં લીધી. બીડી ઊંધી મોંમાં નાખી ફુંક મારી પછી બીડી સીધી કરી અને કોટના નીચેના પોકેટમાંથી મેચ બોક્સ કઢયું અને પહેલી જ સળીએ બીડી સળગાવી દીધી. મીલ ચાલુ થઇ મને પણ તેના ધુમાડા મળવા લાગ્યા અને ઠંડીનુ પ્રમાણ ઘટતું લાગ્યુ. તરત જ તેને પોકેટમાંથી એક કડક પૂંઠાના કાગળ નો ટૂકડો કાઢયો અને તે ખોળામાં રાખ્યો. તેની અંદર બીડીની રાખને તે સાચવી સાચવીને ખંખેરતો હતો.

ટ્રેન દોડતી જાય છે. છૂક છૂક અવાજ સંભળાયા કરે છે. શાંત રાત્રીમાં તે અવાજ કાંઇક જુદોજ લાગે છે. નદી કે ગરનાળાં આવતાં જ પાટાનો અવાજ બદલાઈ જાય છે. મારુ મગજ આ બધા ઉપર કેન્દ્રીત છે અને આંખો બીડી પીનાર વ્યકિત ઉપર ચીમટી છે. તે પણ બીડી પીતો જાય છે રાખ કાગળમાં ખંખેરતો જાય છે. બીડી પુરી થવા આવી છતાં છોડતો નથી. હું

સંપૂર્ણ સમર્પણ કરી ચૂકેલો સાધક એમ દઢ પણે માનીને ચાલે છે કે મારી વિરુદ્ધ કશુંજ બનતુ નથી. એટલે જો દુઃખ આવે કે પીડા આવે કે મોત પણ આવે તો પણ તને તે ખરા હૃદયથી આવકારતો હોય છે —સ્વામી વિવેકાનંદ

જોઇ રહ્યો છું કે હમણાં જ કાંતો આની દાઢી સળગી કે સળગી એટલા માં તે ખીસ્સામાંથી બીજી પેલા બીડી કાઢે છે અને સામે રાખી જલાવે છે પણ જલતી નથી. પછી ફરીથી નવી બીડી મોંમાં રાખી ખૂબ સારી રીતે ચૂસ લેવા જાય છે. છતાં બીડી સળગતી નથી છેવટે બીડી હોલવાઇ જાય છે. અને હોલવાઈ ગયેલી બીડી કાગળમાં મૂકી દે છે.

પોકેટમાંથી ફરીથી મેચ બોકસ કાઢે છે અને બીડી જલાવે છે. બીડી પીધે જાય છે અને રાખ કાગળના ટૂકડામાં નાખ્યે જાય છે બીડી પુરી થવા આવી આ બીડી પણ લગભગ પૂરેપૂરી કરીને જ તેને છોડી અને કાગળના ટૂકડામાં નાખી.

પછી ! ઊભો થાય છે કાગળનો ટૂકડો એક હાથમાં લઇ બીજા હાથે બારીનુ કાચવાળું પેડ ઊંચુ કરે છે અને કાગળ માંની રાખ, બીડી, દિવાસળી વગેરે બહાર ખંખેરી નાખે છે અને કાગળનો ટૂકડો સરખી રીતે વાળી પોકેટમાં ગોઠવી દે છે.

હું આ બધુ એક ચિરો જોઇ જ રહ્યો હતો રાત ઠીક ઠીક પસાર થઇ ચૂકી હતી પછી મને આરામ કરવા માટે મારી આંખે ટકોર કરતાં હું બેઠે બેઠે ઊંઘવા લાગ્યો. થોડી વારમાં સવાર થવા આવ્યું સ્ટેશન નજીક આવતુ હોય તેમ લાગ્યું બધાંજ આડાં અવળાં થવા લાગ્યાં ત્યારે હું પણ મારી નાની બેગ લઇ ચેતી ગયો.

સ્ટેશન આવ્યું હું નીચે ઊતર્યો અને આમતેમ નજર કરૂં તો પેલી કોટ પેન્ટ વાળી વ્યકિત ડબ્બામાંથી પેલે બારણેથી ઊતરી અને હું તેની પાસે ગયો મેં વાત કરવા હિંમત કરી મેં પૂછ્યું તમે અહિં રહો છો ત્યારે તેને કહ્યુ "દસ હું અહીં જ રહું છું". પણ વધુ વાત કરવાનો મોકો પણ ન મળ્યો બધાંજ દોડાદોડ કરતાં હતાં સાથે સાથે હું પણ ચાલવા લાગ્યો.

પણ! મારૂં માનસ હજી પણ વિચારે છે કે કેવુ તે માણસનું વ્યકિતત્વ ? કેવી તેની ફેશન ? કેવી તેની ચોકસાઈ ને કેવી તેની વિચાર માળા. ને તેના વ્યસનનો તો પાર જ નહીં. સાથે કંજૂસાઈ કહો કે ચોકસાઇ પણ ખરેખર! આ માણસનું વ્યકિતત્વ હું આજે પણ ભૂલી શકું તેમ નથી. હજી પણ તે પ્રસંગ મારી નજરે આવ્યા કરે છે.

જેઓએ એકવાર પ્રભુ આગળ પોતાનું આત્મસમર્પણ કર્યું છે. તેને માટે આત્મસમર્પણ વધારેને વધારે સંપૂર્ણ કરવું તે સિવાય બીજો કોઈ માર્ગ નથી.

—શ્રી માતાજી

પિયત ખેતીમાં કિટક-રોગોથી બચવાની સાવચેતી—

—મગનભાઈ સોમાભાઈ પટેલ
સેલ્સ રિપ્રે;
પૌષક લિમીટેડ. (એલેમ્બિક) વડોદરા

કીટકો-રોગો ઉપસ્થિત થવામાં નીચે મુજબનાં કારણો અગત્યનો ભાગ ભજવે છે.

(૧) વધુ પડતી સિંચાઇ (૨) મોટા પાયા પર સતત ઘનિષ્ટ ખેતી (૩) વધુ ઉત્પાદન આપતી જાતો કે જેમાં પાકસંરક્ષણ અનિવાર્ય છે. (૪) ખાતરોનો વપરાશ વધ્યો જેથી પાક વિકસીત થતાં કીટકો રોગોના આક્રમણમાં વૃધ્ધિ થઇ. (૫) પાકની ફેરબદલી ઓછા પ્રમાણમાં થાય છે. (૬) સિંચાઇને લીધે નિંદણ થતાં કીટક રોગોને સ્થાન મળ્યું.

આ પરિસ્થિતી સુધારવા કીટકરોગોને અવકાશ ઓછો મળે તેના પ્રયત્નો રૂપે ખેડૂતભાઇઓ જો નીચે મુજબ ઉપાયો અપનાવેતો ઓછા ખર્ચે વિપુલ ઉત્પાદન મેળવી શકે છે.

ઉપાયો-: (૧) સિંચાઇ પાકને જોઇએ તેટલા જ પ્રમાણમાં કરવી.

(૨) જમીનને ખેડયા પછી સૂર્યનો તાપ તેને મળે તે રીતે વાવેતર કરવું. શકય હોય તો પૂર્વ-પશ્ચિમની દિશાનું વાવેતર કરવું જેથી સૂર્યનો પ્રકાશ દરેક છોડને મૂળ સુધી મળી શકે.

(૩) વધુને વધુ પાક એક જ જમીન પર સતત ન લેવાય તો પણ ઉપદ્રવ ઓછો થઇ શકે.

(૪) હાઇબ્રીડ જાતો કે જે વધુ ઉત્પાદન આપે છે. તેની વૃધ્ધિ માટે પૂરતા ભેજની જરૂર પડે છે. ભેજ મળતાં પાનની વૃધ્ધિ થાય છે અને તેથી હવા ઉજાશનો અવકાશ ઓછો રહેવાથી-જીવાત રોગ આવે છે તેવા સંજોગોમાં પાકસંરક્ષણ ની કાળજી જરૂરી છે.

(૫) મિશ્ર પાકોથી પણ જીવાત રોગનો ઉપદ્રવ વધે છે વાયરસ જેવો રોગ પણ એક પાક પરથી બીજા પાકમાં હવા દ્વારા દાખલ થઇ શકે છે. જેથી ભલામણ કરેલ પાક પધ્ધતિથી પાકસંરક્ષણ ખર્ચ ઓછું આવે છે.

(૬) નાઇટ્રોજન તત્વ વધુ પડતું આપવાથી પાન રસદાર બને છે જે રસ ચૂસવા માટે તડતડિયાં જેવી જીવાતનો ઉપદ્રવ થાય છે. પરિણામે પાન નો રસ ચૂસાયાથી પીળા પાન થાય છે અને રોગો પણ આ પરિસ્થિતિમાં થાય છે સાથે ફોરફરસ અને પોટાશ તત્વો વાળાં ખાતરોનું યોગ્ય પ્રમાણમાં સંયોજન કરી વાપરવુ અથવા તૈયાર મિશ્રખાતરો ભલામણ મુજબ વાપરવાં

(૭) પાકની ફેર બદલી કરવી જોઈએ જમીન દ્વારા થતા રોગ માટે પણ પાકની ફેરબદલીને માવજત જરૂરી છે.

(૮) આબોહવાની અસરથી પણ જીવાત–રોગ ઉપદ્રવે છે. જેથી પાકસંરક્ષણ માટે સજાગ રહેવું જરૂરી છે.

મુસ્લિમ ભકતે લાખોના ખર્ચે બાંધેલું કૃષ્ણ મંદિર

સ્થાનિક અગ્રણી વેપારી તથા ભગવાન શ્રી કૃષ્ણના ભકત સ્વ. ફજલુર રહેમાન ઉર્ફે ચુન્નુ મિયાંએ બનાવેલ **લક્ષ્મીનારાયણના ભવ્ય મંદિર** ના દર્શન કરીને કેન્દ્ર ના નાયબ શકિત પ્રધાન શ્રો. સિધ્ધેશ્વર પ્રસાદ ભાવવિભોર બની ગયા હતા.

ગઇ કાલે આ મંદિરમાં દર્શન કર્યા બાદ તેમણે કહ્યું કે આ મંદિર ભારતીય સંસ્કૃતિ તથા એકતાનું જવલંત ઉદાહરણ છે. આ મંદિર પ્રસિધ્ધ સંત મુની હરિમિલાપિની પ્રેરણાથી ચુન્નુમિયાંએ લાખો રૂપીયાના ખર્ચે બનાવ્યું હતુ.

("ગુજરાત સમાચારના' સૌજન્યથી)

કશું પણ અનામત રાખ્યા સિવાય જે સાધક ભગવાન આગળ પોતાનું સર્વ સમર્પણ કરે છે તેની આગળ ભગવાન પણ પોતાનું સર્વ સમર્પણ કરે છે. તેને માટે જ છે સ્થિરતા, જયોતિ, શકિત, આલ્હાદ, મુકિત, વિશાળતા, જ્ઞાનનાં શિખરો અને આનંદના મહાસાગરો.

—શ્રી અરવિંદ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત) ધનસુરા ના

પરિશ્રમના પરિપાકરૂપે કન્યા છાત્રાલય ધનસુરા માટે ઉઘરાવેલ ફંડની નોંધ

ગઢકંપા

કીલો			
૧૦૦	પટેલ	કેશરાભાઇ	નારણભાઇ
૪૦	,,	માધાભાઇ	વાલજીભાઇ
૨૦	,,	છગનભાઈ	રાજાભાઇ
૬૦	,,	પ્રેમજીભાઇ	હીરજીભાઈ
૪૦	,,	દેવસીભાઇ	હીરજીભાઇ
૨૦	,,	કરમસીભાઇ	વિશ્રામભાઇ
૧૦૦	,,	નારણભાઇ	કેસરાભાઇ
૨૦	,,	ગોવિન્દભાઇ	રામજીભાઈ
૨૦	,,	અબજીભાઇ	રતનશીભાઇ
૨૦	,,	મનજીભાઇ	વાલજીભાઇ
૨૦	,,	કાનજીભાઇ	હીરજીભાઇ
૨૦	,,	કરશનભાઇ	ભાણજીભાઇ
૨૦	,,	ખેતાભાઇ	વિશ્રામભાઇ
૨૦	,,	હંસરાજભાઇ	હીરજીભાઇ
૨૦	,,	પચાણભાઇ	મુળજીભાઇ
૨૦	,,	ઇશ્વરભાઇ	લધ્ધાભાઇ
૪૦	,,	પ્રેમજીભાઇ	લધ્ધાભાઇ
૬૦૦			

કાશીપુરાકંપા આકરૂંદ

૨૫	પટેલ	વસરામભાઇ	કરમસીભાઈ
૨૫	,,	નારણભાઇ	કરમસીભાઇ
૨૫	,,	કરશનભાઇ	ખેતાભાઇ
૧૦	,,	વાલજીભાઇ	કરમસીભાઇ

૨૦	પટેલ	રમણભાઇ	વાલજીભાઇ
૨૦	,,	રવજીભાઇ	વસરામભાઇ
૨૦	,,	વાલજીભાઇ	વસરામભાઇ
૨૦	,,	નારણભાઇ	રામજીભાઇ
૧૬૫			

દોલપુરકંપા

૨૦૦	પટેલ	ભીમજીભાઈ	જેઠાભાઇ
૧૦૦	,,	કાનજીભાઈ	રામજીભાઇ
૪૦	,,	દેવજીભાઈ	સવગણભાઈ
૧૦	,,	કેશરાભાઇ	લધ્ધાભાઇ
૪૦	,,	દેવજીભાઇ	નાનજીભાઇ
૪૦	,,	પેથાભાઇ	હીરજીભાઇ
૪૦	,,	કરમસીભાઇ	વાલજીભાઇ
૨૦	,,	જેઠાભાઇ	ભાણજીભાઇ
૧૦	,,	કાન્તિલાલ	પ્રેમજીભાઈ
૫૦	,,	પ્રેમજીભાઇ	શામજીભાઇ
૧૦૦	,,	શામજીભાઇ	પેથાભાઈ
૮૦	,,	પુનાભાઇ	દેવશીભાઇ
૪૦	,,	દેવજીભાઇ	નાનજીભાઇ (જયોતિફાર્મ)

બાણીકંપા

૨૫	પટેલ	હરીભાઈ	ગોપાળભાઇ
૨૫	,,	રાજાભાઇ	ગોપાળભાઇ
૨૫	,,	પ્રેમજીભાઇ	ગોપાળભાઇ
૨૫	,,	ગોવિન્દભાઇ	ગોપાળભાઇ
૧૦	,,	બાબુભાઈ	ગોપાળભાઇ
૮૮૦			

ગતરાડ લાટ

૨૦૦	પટેલ	સવગણભાઇ	વસતાભાઈ
૨૦૦			

શ્રી સંસ્કાર ભારતી ગ્રુપ વિદ્યામંદિર મોતેસરીનું ગૌરવ

શ્રી સંસ્કાર ભારતી ગ્રુપ વિદ્યામંદિર–મોતેસરીની સ્થાપના ૧૯૭૦ માં થઇ ત્યારે સંસ્થાએ એસ. એસ. સી. ની પરીક્ષામાં ત્રણ વર્ષોનું પરીણામ નીચે પ્રમાણે છે.

૧	૧૯૭૩–૭૪	—	૬૨%
૨	૧૯૭૪–૭૫	—	૫૭%
૩	૧૯૭૫–૭૬	—	૭૦%

વળી ચાલુ વર્ષે સને ૧૯૭૫–૭૬ માં યુ એસ એસ સી નું પરીણામ ૪૦% આવેલ છે. જે આજુબાજુની સંસ્થાઓ કરતા પ્રમાણમાં સારૂ છે. વળી ઉપરોક્ત સસ્થાઓ એક વિધાર્થી જગદીશભાઇ દાજીભાઇ પટેલ ૬૬% ગુણ મેળવી તલોદ કેન્દમાં પાંચમા નંબરે ઉત્તીર્ણ થયો છે. તદઉપરાંત તે વિધાર્થીએ માનવજીવન વિજ્ઞાનમાં ૯૨ માર્ક મેળવી કેન્દ્રમાં પ્રથમ આવે છે. શાળાનો બીજો વિધાર્થી મગનભાઈ એચરભાઇ પટેલ વાણીજ્ય ગણિતમાં ૯૭ માર્ક મેળવી કેન્દ્રમાં પ્રથમ નંબરે આવે છે. જે જણાવતાં શાળા ધન્યતા અનુભવે છે. અને પાસ થનાર વિધાર્થીઓને ધન્યવાદ આપે છે આ વર્ષ સુધીમા કુલ નવ બહેનો એસ. એસ. સી ની. પરીક્ષામાં બેઠી તેમાંથી ૭ બહેનો સારા ગુણ મેળવી પાસ થયેલ છે.જે એક ગૌરવની વાત છે.

દુઃખદ અવસાન

કચ્છ આંકસર (મંજલ) ના મુળ વતની હાલ ખેરોજકંપા નિવાસી સ્વ. પટેલ રતિલાલ મનજીભાઇ રંગાણી નું ૪૨ વર્ષની ભરયુવાન વયે ગત તા. ૨૭–૫–૭૬ ની રાત્રે એકા એક હૃદય રોગના હુમલાથી દુઃખદ અવસાન થયું છે.

સ્વર્ગસ્થ તેમની પાછળ વિધવા પત્ની, બે પુત્ર અને એક પુત્રી તેમજ અન્ય સૌ કુટુંબીજનોને વિલાપ કરતાં મૂકી ગયા છે. પ્રભુ તેઓ સૌને અકાળે આવી પડેલ આપત્તિ સહન કરવાની શકિત આપે અને સદ્દગતના આત્માને શાંતિ આપે એજ અભ્યર્થના.

શ્રી ક. ક. પા. સનાતન સમાજ યુ. મંડળ
તેમજ જાગૃતિ પરિવાર

॥ શ્રી ગણેશાય નમઃ ॥

વાલાણી ટાયર્સ

સાયરા રોડ, **મોડાસા** જિ. સાબરકાંઠા. ફોન : ૧૪૬ પી. પી.

માથી મોડાસા તેમજ આજુબાજુના અમારા સ્નેહીમિત્રો, વહેપારી ભાઈઓ
મજ ગ્રાહકમિત્રોને જણાવતાં આનંદ થાય છે કે આપની જરૂરિયાત મુજબ



- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઇયર
- સીયેટ વગેરે
- કંપનીનાં બનાવેલ

ટાયર — ટ્યુબ,

રેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા
● બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ ●

રેક સાઇઝની **બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ**

મજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી
નસુરા તેમજ મોડાસાની દુકાનોની મુલાકાત લેવા વિનંતી છે.

★ ઓથોરાઇઝ્ડ ડીલર્સ ઇન :—

- ડનલોપ ઇન્ડિયા લિ. કલકત્તા, ગુડઈયર ઈન્ડિયા લિ. મુંબઈ
- ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કું. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઇ.
- સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઈ.
- મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
- ઈન ચેક ટાયર્સ લિ. કલકત્તા.
- નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

અમારી મુખ્ય દુકાન : **નેશનલ ટાયર્સ**

નં. ૨૭ • તલોદ રોડ, **ધનસુરા** જિ. સાબરકાંઠા

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થીમંડળ
અમદાવાદ

અમદાવાદ તા. ૧૧-૭-૭૬

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થીમંડળ, અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૧-૭-૭૬ના રોજ સાંજના ૪ કલાકે એડવોકેટ શ્રી આર. કે. પટેલના ૧૫, કેપીટલ પાર્ક ખાતેના નિવાસ સ્થાને, ગાંધીનગર ખાતે હાઉસ સર્જન તરીકે સેવાઓ આપતા મંડળના ભૂતપૂર્વ સભ્ય શ્રી એચ. પી. પટેલના નિવાસ સ્થાને મળી હતી. વરસાદ ચાલુ હોવા છતાં પણ વિદ્યાર્થીઓ સારી સંખ્યામાં હાજર રહ્યા હતા.

સભાની શરૂઆતમાં સભ્યોનો પરિચયવિધિ કર્યા પછી, નવા વર્ષ માટેના હોદ્દેદારોની સર્વાનુમતે નીમણુંક કરવામાં આવી હતી. સભામાં મંડળ દ્વારા પ્રકાશિત થનારા વિશેષાંકના વિતરણ સમારંભ અંગે પણ ચર્ચા વિચારણા અંગેનો સમારંભ ઓગષ્ટ માસના પ્રથમ સપ્તાહમાં યોજાવાની શકયતા છે.

સને ૧૯૭૬-૭૭ ના વર્ષ માટેના હોદ્દેદારો

૧. પ્રમુખ	શામજીભાઈ આર. પટેલ	સાણંદ
૨. ઉપપ્રમુખ	શાંતિલાલ એલ. પટેલ	શીવપુરાકંપા
૩. મંત્રી	કેશવલાલ કે. પટેલ	શરડીકંપા
૪. સહમંત્રી	દીલીપ ડી. પટેલ	અમદાવાદ
૫. ખજાનચીઓ-	૧. રણછોડ એન. પટેલ	એદલપુરા
	૨. હરીલાલ એસ. પટેલ	હાથરવા
૬. પ્રવાસમંત્રીઓ.		
	૧. મધુકુમાર એસ. પટેલ	શીવપુરા-તારંગા
	૨. જીતેન્દ્ર એન. પટેલ	અમદાવાદ

૭. વ્યવસ્થામંત્રીઓ.

	૧. ચંદુલાલ એસ. પટેલ	લાલુકંપા
	૨. રવીલાલ એલ. પટેલ	ચાંપલપુર

૮. વકતૃત્વમંત્રીઓ.

	૧. શાંતિલાલ એ. પટેલ	વડાલી
	૨. ઈશ્વરલાલ જી. પટેલ	રાજપુર

૯. વિદ્યાર્થીનીપ્રતિનિધિ

-ભગવતી પટેલ	૧૫-કેપીટલ પાર્ક

મંડળના વરાયેલા તથા વિદાય લેતા પ્રમુખશ્રીઓ તરફથી અલ્પાહાર અપાયાબાદ સભા પૂરી થઈ હતી.

– કેશવ કે. પટેલ
મંત્રી

વિજ્ઞપ્તિ


★

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થીમંડળ, અમદાવાદની એક યાદી જણાવે છે કે મંડળ દ્વારા પ્રકાશિત થનારા વિશેષાંકની નકલોનું છાપકામ પૂર્ણ થઇ ગયેલ હોઇ, તેની નકલોનું ટૂંક સમયમાં જ વિતરણ કરવામાં આવનાર છે.

મંડળ સદરહુ નકલોનુ એક ખાસ સમારંભ દ્વારા વિતરણ કરવા ઇચ્છે છે, તે અન્વયે આવો સમારંભ ઓગષ્ટ માસના પ્રથમ સપ્તાહમાં યોજવાની શકયતા છે.

યાદીમાં વધુમાં જણાવે છે કે સદરહુ વિશેષાંકના છાપકામમાં વિલંબ થવાને કારણે તેની નકલો જૂન માસને બદલે ઓગષ્ટ માસમાં ઉપલબ્ધ થશે, ને વિતરણ કરવામાં આવશે. જેની લાગતા વળગતા સૌ કોઇએ સવિનય નોંધ લેવા વિનંતી છે.


SANDOZ
Crop Perfection - Sandoz Protection
ઓફીસ ૯૩
ઘર ૧૫૯
પંકજ ફર્ટીલાઇઝર્સ
તલોદ રોડ, ધનસુરા.
તા. મોડાસા, જિ. સાબરકાંઠા
(ગુજરાત)
★ જંતુનાશક દવાઓ
★ રાસાયણીક ખાતર
★ સુધારેલ બીયારણ વગેરેના
છૂટક તેમજ જથ્થાબંધ વેપારી
ડીલર : સેન્ડોઝ (ઇન્ડીયા)
લી. ઓમ્બે
Ekalux EC 25
Ekatin 25 EC
ઈયળ, કાતરા
નાશક
એકાલક્ષ
* ભારત પેસ્ટીસાઇડઝ ઇન્ડસ્ટ્રીઝ
(પ્રા.) લી., અમદાવાદ.
માલો. મધીયો
મશી નાશક
એકાટીન


LAXMI
LAXMI

આપના ઘરમાં આનંદોલ્લાસમય વાતાવરણ સર્જવા ટાટાનું અદ્ભુત સર્જન "નેલ્કો" કંપનીનો રેડીયો મેળવવાનોજ આગ્રહ રાખો.

તેમજ ટેલીવીઝન સેટ મેળવવાનું એક માત્ર

અજોડ સ્થળ

શકિત

રેડીયો ઇલેકટ્રોનીકસ

C/o. શકિત વિજય વાસણ ભંડાર *


ઠે. બુટાલવાડા **મોડાસા**

જિ. સાબરકાંઠા

ઓથોરાઈઝડ ડીલર્સ ઈન : નેલ્કો

પ્રોપ્રાયટર :

પટેલ
જયંતિલાલ માવજીભાઈ
છગનલાલ માવજીભાઈ



રેડીયો

卐 રેડીયો, ટ્રાન્ઝીસ્ટર, ટેલીવીઝન, એમ્પ્લીફાયર સ્પેર પાર્ટ્સ વેચનાર તેમજ સંતોષકારક રીપેર કરનાર

શ્રી જયઅંબે

ખેડૂત ભાઇઓને ખુશ ખબર



સ્પન પાઇપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીના કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનુ પૂરેપૂરૂં વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઇપ કું.
ની
પાઇપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઇપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઇપ કું.

વડાગામ. જિ. સાબરકાંઠા.

JAGRUTI JULY '76 Reg. No. G. 32

ગ્રા. નં.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા, જિ. સાબરકાંઠા.

Book-Post

To,

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ
બી. એ.

વર્ષ : ૧૮ અંક–૮ ઓગષ્ટ ૧૯૭૬

卐 卐

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦), પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૭૫ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧) પરદેશમાં રૂા. ૧૨૫) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરૂં સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઈ એન. પટેલ –પ્રકાશક

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી.

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc.
પ્રિન્સિપાલ :
સાયન્સ કોલેજ, તલોદ.
પ્રમુખ
શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ, ધનસુરા

શ્રી શામજીભાઈ એસ. પટેલ
માજી પ્રમુખ
શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ, ધનસુરા

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી એફ. એ. એમ., એલ. એમ. પી.

ડૉ. હંસરાજ એમ. પટેલ M.B.B.S.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ M. Sc.

શ્રી અરજણભાઈ વી. પટેલ મંત્રી
શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ, ધનસુરા

શ્રી પ્રેમજીભાઈ એ. પટેલ ઉપ–પ્રમુખ
શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ, ધનસુરા

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ

શ્રી. ચંદુલાલ વી. પટેલ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ
સંવત ૧૯૦૭, આસો [illegible]

અનુક્રમણિકા

ક્રમ નં.	લેખનું નામ	લેખક કે સંપાદક	પૃષ્ઠ
૧	તંત્રી સ્થાનેથી	કાન્તિલાલ કે. પટેલ	૧
૨	હાસ્યરસ	ચંદુભાઈ એમ. પટેલ	૩
૩	સંધ્યા	અનામી	૪
૪	અનુપમ શ્રદ્ધા	અનામી	૫
૫	કાર્યશીલ કરશન	અશોક જી. જોષી	૭
૬	હાલો ધીણોધર	પરબત રામજી ખેતાણી	૯
૭	કચ્છી ઉખાણાં	પરબત રામજી ખેતાણી	૧૦
૮	ધરતીનો ધણી	અશોક જી. જોષી	૧૧
૯	આપણો વારસો અને વૈભવ	શ્રી પાંડુરંગ શાસ્ત્રીજી	૧૧
૧૦	પ્રાર્થના	અનામી	૧૪
૧૧	સમાચાર		૧૫

realpatidar.com

તંત્રીસ્થાનેથી

શ્રી યોગેશ્વરો
વિજયતે તરામ્

તાજેતરમાં જ ગત તા. ૮–૮–૭૬ ને રવિવાર ના રોજ શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ; અમદાવાદના ઉપક્રમે એમ. એમ. ખંભાતવાળા હોલમાં મંડળે બહાર પાડેલ સુવેનિયર "કિરણ" નો વિતરણ સમારંભ અમદાવાદ સમાજના પ્રમુખ શ્રી જેઠાભાઇ પુંજાભાઇ પટેલના પ્રમુખપણે તેમજ તલોદ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ શ્રી રતિભાઇ એલ. પટેલના અતિથિવિશેષ પદે યોજવામાં આવ્યો હતો.

સદર સમયે હાજર રહેનાર સૌ આમંત્રિત મહેમાનોની હાજરીમાં જ વિદ્યાર્થી જગતમાં પડેલી સુષુપ્ત શકિતઓને સન્માર્ગે વાળવામાં આવેતો વ્યકિતગત તેમજ સામાજીક રીતે તેનુ સુંદર પરિણામ મેળવી શકાય તેવી પ્રતિતિ ઉપસ્થિત રહેનાર સૌ કોઇને થઇ હશે એમ કહેવું અસ્થાને નથી.

કોઇ પણ સમાજમાં સ્ત્રી–પુરૂષ બંને પક્ષે કેળવણીનું પાસું જેટલું સદ્ધર હશે તેટલી જ તે સમાજની ભાવિ પેઢીની સુઘડતામાં અભિવૃદ્ધિ થઇ શકે; પણ શિક્ષણની સાથે સદ્‌ગુણો કે સંસ્કારીતાનો ઉમેરો થાય તો જ સોનામાં સુગંધ ભળી શકે.

આપણા સમાજ સાંપ્રત વિદ્યાર્થીજગતની શકિતઓને સન્માર્ગે વહાવવા તેમાં સંસ્કારીતાનો વારસો જળાવાઇ રહે તેવું વાતાવરણ સર્જવા આ શકિતનો સામાજિક તેમજ આધ્યાત્મિક દ્રષ્ટિએ યોજવામાં આવતા મેળાવડાઓ પ્રસંગે તેઓને યોગ્ય વળાંક આપી તેમનામાં રહેલી સુષુપ્ત શકિતઓની વિશેષતઃ અભિવ્યકિત થાંય તે રીતે એપ્રીસીશેન કરીને સમાજના ફાળે વધુ લાભ મેળવી શકાય. ઉપરાંત યુવાન તેમજ વડીલ પેઢીને સાંકળી લેનાર આવા કાર્યક્રમો દ્વારા બંને પેઢી વચ્ચેનુ અંતર પણ ઘટાડી શકાય તેથી વૈચારિક સંઘર્ષનું વાતાવરણ કયારેય પણ પારસ્પિરિક મિલનોના પરિણામે ઉપસ્થિતિ ન થાય.

આજકાલ આપણે જોઇએ છીએ તેમ આપણા સમાજમાં પણ સમાજ પ્રત્યેની ભાવનામાં દિન પ્રતિદિન ઓટ આવતી જાય છે. એટલે કે પોતાના જ સમાજની પ્રગતિમાં પોતાનો વ્યકિતગત ફાળો ઉમેરવાની ભાવનાના બીજ દ્દશ્યમાન થઈ શકતુ' નથી. આ રીતે મૃતપ્રાય. થતી જતી ભાવનાનું બીજને ફરીથી પુનર્જીવિત કરવા માટે આ વિદ્યાર્થી મંડળ જેવાં અન્ય વિદ્યાર્થી મંડળો પણ પોત પોતાની રીતે ફુરસદના સમયે સામાજિક કાર્યવાહી દ્વારા સુંદર ફાળો અર્પી શકે

સમાજમાં શૈક્ષણિક ક્ષેત્રે ફેલાવો કરવાનું કામ સામાજિક મુખપત્રોને સાહિત્ય સભર તેમજ સભ્ય વૃધ્ધિ દ્વારા આર્થિક સધ્ધરતા પ્રદાન કરવામાં પણ આવાં મંડળો પોતાનું યોગદાન આપી શકે. આશા રાખીએ કે ત્રિવિધ વિદ્યા શાખાઓમાં શિક્ષણ મેળવી રહેલું વિદ્યાર્થી જગત સમગ્ર સમાજના સ્તર પર પોત પોતાના વિસ્તારોમાં તેમજ અધિવેશન જેવા સમયે પોત પોતાની શકિતઓનો સ્રોત વહાવે. સામા પક્ષે યુવક સંઘ, યુવક મંડળો તેમજ વડીલ સમાજના સામાજિક ક્ષેત્રે દોરવણી આપનાર સુત્રધારોએ પણ વિદ્યાર્થી જગતનાં શક્ય હોય તે રીતે રહેઠાણ તેમજ અન્ય મૂંઝવતા પ્રશ્નોનો યોગ્ય ઉકેલ આપી તેમની શકિતઓને યોગ્ય માર્ગે ઉપયોગ કરવા વાતાવરણનું સર્જન કરે.

★ જાગૃત થાઓ, પ્રગતિશીલ બનો, માનવજીવન ક્ષણભંગુર છે, તો એનાં જીવન-સંભારણાં મૂકી જાઓ, નહિ તો પછી તમારામાં અને ઝાડપાન તથા પત્થરમાં ફેર શો? તેઓ પણ જન્મે છે, સડે છે, નાશ પામે છે.

★ અસત્ય કરતાં સત્ય અનંતગણું જોરદાર છે, તેવી જ રીતે ભલાઇનું પણ સમજવું. જો તમારામાં આ બે સદ્ગુણો હશે. તો કેવળ તેમના પ્રભાવથી જ તમને દિશાસુચન મળ્યા કરશે.

★ વિશ્વનું કલ્યાણ કરવું એ આપણો ઉદ્દેશ છે, નહિ કે આપણાં પોતાનાં બણગાં ફૂંકવાં

★ તમારા બધાની પાસે હું આટલી માગણી કરું છું કે તમે કાયમને માટે સ્વાર્થવૃત્તિ, ભાગલા પાડવાની દાનત અને ઇર્ષ્યાને તમારામાંથી હાંકી કાઢો પૃથ્વી માતાની જેમ તમે પણ અત્યંત ક્ષમાશીલ થાઓ; જો તમે આટલું કરી શકો તો જગત તમારે ચરણે ઝૂકશે.

★ જે આજ્ઞા પાળી જાણે તે જ હુકમ કરી શકે. પહેલાં આજ્ઞા પાળતાં શીખો આપણને રચનાત્મક કાર્યની જરૂર છે. વ્યવસ્થા એ શકિત છે અને આજ્ઞાપાલન એ તેનુ રહસ્ય છે.

★ જેઓની ઇચ્છા માનવ જાતિને મદદ કરવાની છે તેમણે પોતાનાં સુખ દુઃખ, યશ અને એવા એવા બીજા બધા લાભોને ભેગા કરી તેમનુ એક પોટલું બાંધી ઊંડા દરીયામાં ફેંકી દેવું.

★ દરેક કાર્યનું પરિણામ શુભ અને અશુભ એમ નિશ્ચિત હોય છે. જેનો જરા પણ અનિષ્ટ ન હોય એવું સારું કામ એક પણ નથી. આગની આસપાસ ધુમાડો હોય છે તેમ કોઇ પણ કાર્યની સાથે ખરાબી લાગેલીજ હોય છે. પણ જેમાથી વધારે શુભ પરિણામ આવે અને થોડામાં થોડું અશુભ ઉદ્ભવે એવાં કાર્યો આપણે કરવાં જોઇએ.

હાસ્યરસ

શ્રી ચંદુભાઇ એમ. પટેલ
(નવામુવાડાવાળા)
ખેતી નિરીક્ષક સીડ સર્ટી. એજન્સી
ગુ રા, મોડાસા, જિ. સાબરકાંઠા

પત્ની—એ સાંભળો છો કે નહિ,

પતિ—કેમ અલી બરકા પાડે છે,

પત્ની—ઈ તો હું કહું છું કે ડબ્બામાંથી દાળ કાઢી આલો તે હું આંધણુ મેલું

પતિ—તું તારા હાથે કાઢી લેને, હુ કાઢી આલું તો જ દાળ નીકળે હુ નથી કાઢી આલવાનો જે થાય તે કરી લે.

પત્ની—જો તમે દાળ નહિ કાઢી આપો તો આપણી આજે રસોડે હડતાલ. ભાયડાની જાત જ એવી આંગળી આલો તો આખો પાંચો કરડી ખાય, નખોદીયા

પતિ—એય સાંભળે છે પેલું ટાબોરીયું ઘોડીયામાં બરકે હે.

પત્ની—(ખીજાઇને) તે બરકવા દ્યો, દયા આવતી હોય તો હીંચોળો, નહિતો હાથમાં લ્યો, તમારો પણુ મહીં ભાગ બળ્યો છે.

પતિ—એ આંખલી વધુ બોલ બોલ નહિ કરીશ નહિ તો જોવા જેવી થાહે, કહુ છું કે માનીજા.

પત્ની—નથી માનવાની જાઓ થાય તે કરી લો; આંખલા જેવા ન જોવે ઘર કે ગામ બરાડા પાડયા કરે, હે ભગવાન એમને હારી બુદ્ધિ આલજો તે અમારૂ હારૂ થાય.

પતિ—તમારૂ હારૂ ઓલ્યા ભવે થાહે, તમે તો દેશનુ નખ્ખોદ વાળ્યું.

પત્ની—પટેલ હાંભળો છો તી ઓલ્યા ટપુભાઇ શ્રાવણ માસમાં જાત્રાએ જાય હે તી આપણે જઇહુ?

પતિ—પટલાણી તુ જો વચન આલતી હો કે હવે સુધરી જઇશ. પતિદેવને સામી નહિ થાઉ તો જાત્રાએ જઇએં

પત્ની—એ હવે હુ સુધરી જાવાની ડાહ્યા થઇને પેલાને રમાડો ત્યાં સુધી હુ જમવાનું બનાવી નાખું.

માણુસ પોતાના મનમાં દૃઢ સંકલ્પ કરે ને એ સંકલ્પ સિદ્ધ કરવા માટે ગંજાવર પુરુષાર્થ આદરે તો આ આકાશ નીચે એના માટે અશક્ય કાંઇ છે જ નહીં. પછી એને કોઇ સીમા નડી શકતી જ નથી.

સંધ્યા

પ્રાર્થનાની ચાવી વડે રોજ સંધ્યાએ પોતાની દિવસભરની પ્રવૃતિઓનાં દ્વાર બંધ કરતાં શીખી લઇએ તો શાંતિથી ઊંઘ આવે ને રાત્રે પણ ભગવાનની શક્તિ આપણી અંદર સરસ રીતે કામ કરી શકે. પ્રાર્થનાનો ક્રમ એક અઠવાડિયું તો અપનાવી જુઓ? તમને મજા આવશે જ.

મારી અંદર રહેલા ઈશ્વર પર મારા વિચરોને એકાગ્ર કરીને વિચારધારાની સાચી ટેવ હું પાડું છું

જીવન વિષેની સુખદ અને આશાવાદી વિચારધારા હોય ત્યારે આપણે જે કાંઇ કરીએ તે સાર્થક લાગે છે. જીવન એક આશ્ચર્યમય યાત્રા જેવું લાગે છે ને આપણા સર્વ અનુભવો પાછળ રહેલા દિવ્ય હેતુનો ખ્યાલ આવે છે. પછી તો હિમ્મત અને વિશ્વાસપૂર્વક આપણે બધું કરીએ છીએ. આપણા કાર્યમાં કે જીવનમાં કોઇ અણધાર્યો ફેરફાર થાય તોય આપણે એનો સહજ ભાવે સ્વીકાર કરી લઇએ, છીએ કારણ કે સર્વત્ર માંગલ્ય જ ભરેલું છે એવું આપણને સમજાઇ જાય છે.

જીવન પ્રત્યેનો આપણો દૃષ્ટિકોણ એ આપણી વિચારધારાનુ જ પરિણામ હોય છે. આપણો દૃષ્ટિકોણ આશાવાદી અને સર્જનાત્મક ન હોય તો આપણે વિચારધારા ફેરવવી જ રહી. આપણી અંદર રહેલા ઇશ્વર ની મદદથી આપણે વિચારોને અવશ્ય પલટી શકીએ છીએ. આપણા મનોવલણને ફેરવી નાખીને આપણે જીવનનો આનંદ અવશ્ય મેળવી શકીએ આપણી અંદર રહેલા ઇશ્વર ઉપર આપણા વિચારોને એકાગ્ર કરીને આપણી વિચાર કરવાની ટેવને આપણે જરૂર બદલી શકીએ.

ઇશ્વર ઉપર જાતને એકાગ્ર કરતાંની સાથે જ સુખદ અને આશાવાદી વિચાર ધારાનુ નિર્માણ થવા લાગે છે. ★

સંકલન

જે નવીન ભારતનુ સર્જન કરવા માગે છે તેણે ફકત આપતા જ રહેવુ પડશે, જીવનભર આપતા રહેવું પડશે, પોતાનું સર્વસ્વ લૂટાવી દઇને કંગાળ થઇ જવું પડશે, કોઇ પણ પ્રકારના બદલાની આશા રાખ્યા વિના. ને છેવટે જીવનની પ્રતિષ્ટા કરવી પડશે. એ વિના ભવ્ય ભારતના નિર્માણનું અસીમ કાર્ય શકય નહીં બને

અનુપમ શ્રદ્ધા

શ્રી મોટા

"હે પ્રભો ! રસ્તામાં અમને બીજું ઘણુંયે નડજો, ઘાટાં જંગલો આવજો રસ્તો ભલે ને ન મૂઝે, ખાણો ને પર્વતો આવજો, પાણી ન મળજો ને અમારા કંઠ સુકાઈ જજો. અમારો રસ્તો કાંટા કાંકરાથી ભલે ભરપૂર હજો તે બધું અમે સહી લઈશું, પરંતુ એટલી દયા કરી, પ્રેમ કરી, અમરંક ઉપર રહેમ ગુજારી એટલું કરજો કે.

શ્રદ્ધા કેરી પણ ન ખૂટજો
વાટમાં વાટખર્ચી.

જો આટલું થશે તો તારી કૃપાથી અમે બધું પાર કરી શકીશું. તો હે દયાળુ ! કૃપાનિધિ ! પરવરદિગાર ! એટલી જ આજની ને હમેશની અમારી હળીમળીને તને પ્રાર્થના છે."

હિંમત હશે સાહસ હશે. બળ હશે, હોંશિયારી અને હોંશ હશે પણ શ્રદ્ધા નહિ હોય તો નહિ ચાલે. માટે આ રીમે ભગવાન પાસે આપણે શ્રદ્ધાની માગણી તો કરતા જ રહેવું.

શ્રદ્ધા એ પુરુષાર્થીનું બખ્તર છે. બચવા માટે મોટામાં મોટી ઢાલ છે જીવનમાં સતત ચાલી રહેલા યુદ્ધમાં આપણે જો એનો પળેપળ અને દક્ષતાપૂર્વક ઉપયોગ નહિ કરીએ તો સંગ્રામમાં જીત મળતાં આપણને વાર લાગશે. શ્રદ્ધા તો ચીલેથી ખોટવાઈ પડેલા ગાડા માટે નોંધારાના આધાર જેવી છે. બારે માસ ડૂબ્યા હોયએ ત્યાં ડૂબતાને તારનારી તે પરમ કલ્યાણમયી માતા છે. નદીના જોસમાં વહી જતા પાણીની વચમાં આવી ગયેલી હોડી માટે સામે પ્રવાહે જવા માટેનો સાનુકુળ પવન શ્રદ્ધા છે. એ પુરુષાર્થીના પ્રયત્નદીપકનું તેલ છે. તપ્ત હૃદયનું ને ડોલમડોલ મનનું તે શીતલ વિશ્રામસ્થાન છે. ચાલતાં શીખતા બાળકને જીવન પાનાર માતાનું તે દૂધ છે.

શ્રદ્ધા તો આંધળાના એકના એક સાથી જેવી લાકડી છે. ભૂલા પડીને આથડનારાઓનો ધ્રુવતારો છે. એના વડે એ પોતાના માર્ગનુ નિશાન સાચવી રાખી

એક રાજાને તેના સેવકો કપડાં પહેરાવતા હતા આ જોઈ એક સન્યાસી કહે:" અરે! આ તો પોતાનાં કપડાં પણ જાતે પહેરી શકતો નથી, તો એ રાજા શાનો ? એની સેવા કરવા કરવા માટે દસ માણુસોને ખડેપગે ઊભા રહેવું પડે છે. આટલા બધા માણુસોની જેને પળે પળે જરૂર પડે છે, એ તો પાંગળો કહેવા એ વળી રાજા શાનો ?" રાજા શું બોલે ?

શકે છે ને આગળ વધે છે. ગમે એવા સંજોગોમાં જે શ્રદ્ધા છોડતો નથી તેના ઉપર ન્યોછાવર થઈને તે પોતાનાં વરદ હસ્તે તેને સર્વ કાંઇ આપે છે, એના ચરણ જે પોતાનુ સર્વસ્વ બલિદાન દે છે તેને યજ્ઞ પૂરો થત! ઇશ્વર જાતેજ દર્શન આપે છે.

. શ્રદ્ધાના તો ગુણ ગાઇએ એટલા ઓછા. એ શ્રદ્ધાના બળ વડેજ આપણે જીવનપંથ ઉપર આગળ વધી શકવાના છીએ. જયારે પણ વિમાસણમાં આવી પડાય, હૃદય ઉપર ભાર રહે ને ગૂંચવણમાં પડી જવાય ત્યારે શ્રદ્ધા ઉપર જ આધાર રાખીને આપણાથી જીતી શકાય.

એટલે જ તો સંત મહાત્માઓએ સાધકને વાટખર્ચીમાં શ્રદ્ધાનુ ભાથુ આપેલ છે. આ શ્રદ્ધાધનની અમૂલ્યતાને લીધે જ એક કવિનું લખાણ ઉપર ઉલ્લેખ્યુ છે:
'શ્રદ્ધાકેરી કદી ન ખૂટજો

વાટમાં વાટખર્ચી.'

બીજુ બધું થજો, પણ હે ભગવાન ! અમારી પરમ પાથેયની વાટખર્ચીની શ્રદ્ધા કદી ન ખૂટજો !

શ્રદ્ધાના દીવડાને ઓલવવા માટે ચારે કોરથી ઝંઝાવાત વાય છે. શું કરવુ એની ખબર નથી પડતી. ઘણીવાર એમ થાય છે કે હું પણ અશ્રદ્ધાના અંધકારમાં ડૂબી જાઉં. પણ અંતરના ઊંડાણમાંથી સાદ આવે છે કે ડરીશ નહીં. હું તારી સાથે છું. બસ એક જ સાદના સહારે મારી શ્રદ્ધાદીવડીને જાળવતો હું આગળ ધપ્યે જાઉં છું

એક સુંદર ભવનનું નિર્માણ થઇ શકે એ એકમાત્ર આકાંક્ષાને લઈને નાના નાના કાંકરા પાયામાં જવાનું સ્વીકારે છે. જેઓ એક બૃહદ્ રાષ્ટ્રના નિર્માણની આકાંક્ષા રાખે છે તેમણે કાંકરાઓનો આ પ્રેરણાસંદેશ ઝીલવો જ પડશે.

સાધનાના પથ પર ક્ષણભરની હાર અથવા જીવ કેવી? મિટ્ટીમાં મળી જઇને બીજ એક વિશાળ વૃક્ષ આપી જાય છે અને પોતાનાં ફૂલો દ્વારા સંસારને પરિમલ આપે છે, ને એ રીતે એના જીવનની કટુતા મીઠાશનુ વરદાન બનીને સંસારને તૃપ્ત કરે છે.

દીપક જાતે અંધકારમાં રહીને સંસારને પોતાના પ્રકાશથી આલોકિત કરી જાય છે. આપણા જીવનની સાર્થકતા પણ એમાં જ છે કે આજના ને આવતી કાલના સંસાર માટે આપણે કાંઇક કરી છૂટીએ, કાંઇક આપી જઇએ.

શ્રી સુભાષચંદ્ર બોઝ

* કાર્યશીલ કરશન *

અશોક જી. જોષી
મોડાસા

કરશનની માત્ર ૧૦ વર્ષની ઉંમર હતી. ત્યારે તેના પિતા અવસાન પામ્યા. કરશનને બીજા બે નાના ભાઇ અને એક બહેન હતી.

આખા ઘરનો ભાર માત્ર ૧૦ વર્ષની ઉંમરના નાના, ઘરમાં મોટા ગણાતા કરશન પર આવી પડયો.

કરશન તે વખતે ચોથા ધોરણમાં અભ્યાસ કરતો હતો. તે ભણવામાં હંમેશાં પ્રથમ નંબરે જ રહેતો હતો. શાળાના શિક્ષકો તેને જોઈ ખુશ થતા. ઉંમરમાં નાનો કરશન બુધ્ધિમાં મોટાને પણ પાછો પાડતો હતો. તે જેટલો ભણવામાં હોંશિયાર હતો. તેટલો જ બીજાં સર્વ કાર્યોમાં તે હોંશિયાર હતો. દરેક કાર્યમાં તે એક ધ્યાન ધરી પૂરી ચિવટથી વર્તતો હતો. અને તેના કારણે તે દરેક કાર્યમાં સફળતા મેળવતો હતો.

કરશનના પિતા રામલાલ એક ગરીબ ખેડૂત હતા. ગામની વચ્ચે પડી રહેવાને માટે એક નાની ઝૂંપડી હતી. ગામથી દૂર જંગલની પાસે તેમને ચાર એકર જમીન હતી. તેમાં તેઓ કાળી મજુરી કરતા હતા અને જે પાક હાથમાં આવે તેમાંથી ઘરનું ગુજરાન ચલાવતા હતા. ખેતીમાંથી પરવારી તેઓ બીજાને ત્યાં કામ કરવા મજુરીએ જતા હતા.

નાની ઉંમરનો કરશન તેના પિતાની સાથે ઘણી વખત ખેતરમાં જતો હતો. અને તેના પિતાની સાથે કામે લાગી જતો હતો.

પિતા અવસાન પામતાં ઘરની જવાબદારીથી અભાન કરશને પોતાનો અભ્યાસ છોડયો. અને પોતાના નાના ખેતરમાં ખંતથી કામ કરવા લાગ્યો ખેતરની નજીક જંગલો હોવાથી ત્યાં જંગલી પશુઓનો ભય સદાય રહેતો હતો. તેમજ ચોર લૂંટારાઓનો પણ ડર રહેતો હતો. ગામના ઘણા વડીલો કરશનને ખેતરમાં એકલો જતાં ઘણી વખત રોકતા હતા. ત્યારે કરશન શાંતિથી કહેતો "જેનો રક્ષક ભગવાન જ હોય-તેને કોનો ડર હોય"

ઉનાળાની મોસમ પૂરી થતાં આકાશ ઘેરાવા લાગ્યાં ને પવન ફૂંકાવા લાગ્યો વરસાદની રેલમછેલ થઇ. કરશને પોતાના ખેતરમાં ધ્યાન પરોવ્યું. અને ખંતથી કામે લાગી ગયો. રાત ને દિવસ તેણે મજુરી કરવા માંડી.

સમય પસાર થતો ગયો તેમ પાક તૈયાર થવા લાગ્યો આ[illegible]

ખેતરમાં પાક પાકયો ન હોય તેવો પાક કરશને તૈયાર કર્યો હતો ખેતરમાંના છોડ તૈયાર મોલથી લચી પડયા હતા. અને જ્યારે પવન આવે ત્યારે તે છોડ જાણે જમીનને ચૂમવા મથતા ન હોય તેમ ઝૂકી પડતા હતા.

પાક તૈયાર થઇ ગયો. કરશનના ખેતરમાં પાકના ઢગલા થયા, આખા ગામના માણસો કરશનનાં વખાણ કરતાં થાકતા ન હતા. એક દિવસ કરશન ખેતરમાં કામ કરતો હતો ત્યાં આખા ગામના માણસો આવતા જણાયા. કરશન કામ છોડી સામે ગયો. અને આનંદથી દરેકનો સત્કાર કર્યો.

ગામના દરેક માણસોએ કરશનની હિંમત અને બુધ્ધિનાં વખાણ કર્યાં સર્વેએ તેને ધન્યવાદ આપ્યા અને સર્વે વિદાય થયાં.

અનાજનું વેચાણ કરી આવેલી રકમમાંથી નવી જમીન બીજે વર્ષે ખરીદી કરશન સદાયને માટે કાર્યરત રહેતો ઊનાળાના સમયમાં તે બીજુ કંઇ કામ શોધી લાવતો.

આટલું કામ કરતો હોવા છતાં તેના મોં ઊપર કદી થાકની રેખા જોવા મળતી ન હતી. બીજે વર્ષે વધારે ઉત્સાહથી કામ કર્યું. અને પહેલા વર્ષ કરતાં વધુ અનાજ ઉત્પન્ન થયું.

તેણે જરૂરી અનાજ રાખી વધારાનું વેચી દીધું તેણે ખેતરમાં નવો કૂવો ખોદાવ્યો. તેના ઉપર મશીન મૂકાવ્યું. ખેતરમાં પોતાનો કૂવો થતાં કરશન બે પાક લેવા લાગ્યો. એક ચોમાસુ પાક અને બીજો શિયાળુ પાક.

આમ સદાય કાર્યરત રહેતા કરશનની સ્થિતિ સુધારા પર આવતી જણાઇ.

તેણે ૧૫ વર્ષની ઊંમરે પોતાના નાના છાપરાને પાડી નાખી ત્યાં આગળ સુંદર નવું મકાન બંધાવ્યું. આવું મકાન આખા ગામમાં કોઇપણ માણસની પાસે ન હતું.

આનંદી જણાતો કરશન ધર્મમાં પણ એટલો ઉત્સાહી જણાતો દરેક વર્ષે પોતાને ત્યાં પાક તૈયાર થઇ ગયા પછી બ્રાહ્મણોને જમાડતો હતો ગામમાં કોઇ સાધુ મહારાજ આવે તો પણ તેને પોતાને ત્યાં લઇ જતો હતો.

આમ પોતાની બુધ્ધિથી સદાય કાર્યરત રહેવાને કારણે ઉંમરમાં નાનો એવા કરશને ઉંમરમાં મોટા એવા ગામના માણસોને વિચાર કરતા કર્યા હતા અને જે મોટા ન કરી શકે તેવું કાર્ય કરી એક સુંદર ઉદાહરણ પુરું પાડયું હતું.

હાલો ધીણોધર

રચયિતા
પરબત રામજી એતાણી
અરલ—નાની

(રાગ અમે મહિયારાંરે. ગોકુલ ગામનાં)

હાલો ધીણોધરરે. દાદાના ધામમાં.
ધીંગો ધીણોધરરે દાદાના ધામમાં
દાદાના ધામમાં દેવોનો વાસ છે.
પ્રેમનો પ્રકાશ અને નેહનો નિવાસ છે.
અંતર ઉલ્લાસ છે રે, દાદાના ધામમાં—હાલો
દાદાના ધામમાં સંતોનો વાસ છે.
તપસ્વીની તપસ્યાનો ભૂમિમાં ભાસ છે,
ધૂપની સુવાસ છે રે, દાદાના ધામમાં—હાલો
દાદાના ધામમાં ફૂલડાંની વેણ છે,
ફોરતી મધુર ફૂલવાડી ફૂલેલ છે.
ઝાડા ઝુકેલ છે રે. દાદાના ધામમાં—હાલો
દાદાના ધામમાં અન્નના અંબાર છે,
ખૂટયા ખૂટે ન એવા ભરેલા ભંડાર છે.
'પરબત' ને પ્યાર છે રે, દાદાના ધામમાં—હાલો

કચ્છ કડવા પાટીદાર છાત્રાલય, વડાલી.

સને ૧૯૭૫–૭૬ ના વર્ષની છાત્રાલયના પરિણામની વિગત :—

વર્ષ દરમિયાન છાત્રાલયમાં ૪૫ છાત્રો હતા. જેમાંથી ધો. ૫ થી ૯ માં ૩૪ છાત્રો અને ધો. ૧૦–૧૧ માં ૧૧ છાત્રો હતા.

એપ્રિલ ૭૬'માં લેવાયેલી પરીક્ષામાં નીચે જણાવ્યા પ્રમાણે છાત્રો ઉત્તીર્ણ થયાં છે.

ધોરણ	પરીક્ષામાં બેઠા	પાસ થયા	પરિણામ
૫થી૯	૩૪	૩૪	૧૦૦%
૧૦થી૧૧(એસ. એસ. સી.)	૧૧	૬	૫૪. ૫%

ગૃહપતિ

કચ્છી ઉખાણાં

સંગ્રાહક : પરબત રામજી ભેતાણી
અરલ નાની

(૧) હુતરીક કેડી ડેડી ખાધે ખારી દેઠે સારી
મા દે ધી કે ધી રખે ડાયજેમે સારી લગે

(૨) સોરો જાંણે સુંદરીયુ હલે હારોહાર
પુરૂષ જેનીજો હેકડો જાતી ધારોધાર

(૩) ચડ જેજાં ચથરમથર થારી જેડાં પન,
મોડસ જાંણે મોડસ જેડો, ગોઇ આય કારી.

(૪) એકડીનાર બ ગાગરા,
હેકડે હેકડે ગાગરેંમે ત્રે ત્રે નાડા.

(૫) લંમા લંમા લફીગડાં વીરમ જેડો ગામ,
સુતારવટાં ઘડાય નાં કારીગરી જો કમ.

(૬) પંજ મથા ડો પગ હલ્યા અચે હરઘમ,
અઠ પગ કરીયેતા કમ, બેં પગ નતા કરીયે કમ.

જવાબ

(૧) સોનાની લીંબોડી.
(૨) ચોપાટ. (કોડાંયુની રમત)
(૩) ખાખરો (વૃક્ષ)
(૪) ત્રાજવાં
(૫) સુગરીનો માળો
(૬) નનામી (કાઠડી)



ધરતીનો ધણી

અશોક જી. જોશી
મોડાસા

આવ્યો આવ્યો આવ્યો રે,
ધરતીનો ધણી,
મેહુલો રે લોલ
ગરમી ભગાડી, ઠંડી લહેરાવતો;
માનવીના હૈયાં હરી લેતો
ધરતીનો ધણી......
માટીમાં પ્રાણ પૂરી, મ્હેંક પ્રસરાવતો;
ભૂમીને પચરંગી સાડી પહેરાવતો.
ધરતીનો ધણી
મોર-પપૈયા નાચે, દેડકાં ડરાઉંડરાઉં કરે;
માણસો તો એને જોઇ નાચવાને લાગે.
ધરતીનો ધણી......
નદી-નાળાં ભરી દઈ, જય જયકાર કરતો;
કેટલાંય જીવોનો, પ્રાણ સમો દીસતો.
ધરતીનો ધણી મેહુલો રે લોલ.

આપણો વારસો અને વૈભવ

શ્રી ...

બે હજારના પગારવાળા એક મોટા ઓફિસરની પત્ની ઘરમાં બસો સાડીઓ હોવા છતાં એક વખત બજારમાં ખાંડ લેવા ગઇ ત્યારે ફાટેલું કપડું પહેરેલું ને એવા વેશે એ મોટરમાંથી નીચે ઉતરતી હતી ત્યાં ઓફિસરનો મિત્ર એને જોઇ ગયો પછી ઓફિસે જઇ પેલા ઓફિસરની મશ્કરી કરતાં એણે કહ્યું

સાહેબ ઘરવાળીને સારાં કપડાં તો અપાવો ! કંઈ નહીં તો બહાર જવાનાં તો સારાં કપડાં અપાવો ! "

સાહેબ ચિડાયા, પણ શું કરે ? ઘેર આવીને એમણે પત્નીનો ઊધડો લીધો.

"આટલી બધી સારી સાડીઓ હોવા છતાં તને આજે આવું શું સૂઝયું ! તું વિચાર તો કર કે તું કોની પત્ની છે.

સામાન્ય પતિનો મિજાજ જો તેનીપત્ની પર આવો હોય તો લાખો રૂપિયાનો વૈભવ જેણે આપ્યો છે તે ઉપરવાળા ધણીનો, આપણે નાલાયક બની ગમે તેમ ફરીએ તો, મિજાજ નહીં જતો હોય ?

કચ્છ કડવા પટીદાર છાત્રાલય, વડાલી

છાત્રાલયના રસોડાનુ ૧૯૭૫-૭૬ ના વર્ષમાં (જૂન ૭૫ થી એપ્રિલ ૭૬) આવેલ ખર્ચની વિગત. વર્ષ દરમિયાન છાત્રાલયમાં ૪૫ છાત્રો હતા.

ક્રમ	માસ	રકમ	નોંધ
૧	જૂન '૭૫	રૂ. ૭૦/—	(૧) વર્ષ દરમિયાન છાત્રદીઠ ૧૦૦
૨	જુલાઇ		કીલો ઘઉ લેવામાં આવે છે.
૩	ઓગસ્ટ	રૂ. ૪૯/—	(૨) છાત્રાલયમાં શુદ્ધ ઘી વપરાય છે
૪	સપ્ટેમ્બર	રૂ ૫૨/—	તે ભોજનખર્ચ સાથેજ ગણુવામાં
૫	ઓક્ટોબર	રૂ. ૩૧/—	આવેલ છે.
૬	નવેમ્બર	રૂ. ૩૩/—	(૩) છાત્રાલયના કર્મચારીઓના પગાર
૭	ડિસેમ્બર	રૂ. ૫૬/—	ની રકમ, ઇલેક્ટ્રીક મોટરના બીલની
૮	જાન્યુઆરી'૭૬	રૂ. ૫૫/—	રકમ અને લાઇટચાર્જ વગેરેનો ખર્ચ
૯	ફેબ્રુઆરી	રૂ. ૪૫/—	ભોજન બીલમાં આવરી લેવામાં
૧૦	માર્ચ	રૂ. ૫૫/—	આવેલ છે.
૧૧	એપ્રિલ	રૂ. ૩૫/—	(૪) માસના અંતે ફીસ્ટ અપાયલ છે.

ભોજન બીલમાં રૂ' ૩/— ઈતર ફીના આવરી લેવામાં આવ્યા છે તે રકમ સમાજ છાત્રોના વિકાસ માટે ખર્ચે છે.

શ્રી રામજીભાઇ નાનજીભાઇ પટેલ હાઇસ્કૂલ,

તખતગઢ – સરતાનપુર

–શાળા નુ' પરિણામ–

ઓલ્ડ એસ. એસ. સી.	માર્ચ ૭૬	૭૦.૩%
ન્યુ એસ. એસ. સી,	એપ્રિલ ૭૬	૭૨%

શ્રીમદ્ ભગવદ્ગીતા પાઠશાળા, જબલપુર

પરમ પૂજ્ય શ્રી પાંડુરંગ શાસ્ત્રીની પ્રેરણાથી જબલપુરમાં સ્વાધ્યાય કેન્દ્રની સ્થાપના તા. ૨૦-૩-૭૫ થી કરવામાં આવી છે!

મનુષ્ય બુદ્ધિમાન સબળ હોવા છતા પણ વિશ્વની ભૌતિકતાની ચમક જોઈ ક્યારેક સમાજ અને પોતાના આત્મીય જનો અને સ્વયંથી પણ વિખૂટો પડી જાય છે, કારણ કે એ ચંચળ જીવને ગ્નાન હોતુ નથી કે તે પોતાનામાં કેટલી બધી યોગ્યતાઓ ધરાવતી એ મનુષ્ય માત્ર માટે આવશ્યક છે કે, પોતાના ચંચળ ચિત્તને થોડીક ક્ષણો માટે એકાગ્ર કરી ઈષ્ટદેવની આરાધનામાં લીન થઇ શકાય સ્વઅધ્યયન માટે મન ને પ્રેરિત કરવુ એજ સ્વાધ્યાય છે!

પૂજ્ય દાદા શાસ્ત્રીજી નિમ્ન પ્રમાણે સ્વાધ્યાય ના મહત્વની વ્યાખ્યા કરે છે!

સ્વાધ્યાય એટલે સ્વનુ અધ્યયન,

સ્વાધ્યાય મનુષ્યને આત્મ નિરીક્ષક અને કાર્યશીલ બનાવે છે!

સ્વાધ્યાય એટલે જીવનના પ્રત્યેક કર્મમાં વેગ, વ્યવસ્થા અને સૌન્દર્ય લાવતા શીખવનારી શાળા.

પાણીથી શરીરનું, ભક્તિથી મનનુ અને સ્વાધ્યાયથી બુદ્ધિનુ સ્નાન થાય છે.

સ્વાધ્યાય કેન્દ્રો આત્મશ્રધ્ધા જાગૃત કરે છે. ગુરુ શ્રધ્ધા સમજાવે છે ને ઈશ શ્રધ્ધા સ્થિર કરે છે,

વ્યાખ્યાનમાં પાંડિત્યનુ પ્રદર્શન હશે જ્યારે સ્વાધ્યાયમાં તો જીવનનુ દર્શન છે.

સ્વાધ્યાય જીવનમાંથી વાસના દૂર કરી વાસુદેવનુ શાસન સ્થાપે છે. ભોગ દષ્ટિ દૂર કરી ભગવદ્ દષ્ટિ આપે છે ને કામ પર કાબુ જમાવી જીવને રામ તરફ વાળે છે.

પરમ પૂજ્ય શાસ્ત્રીજી ના માર્ગ દર્શન હેઠળ તા. ૧૭, ૧૮, અને ૧૯, માર્ચ ૧૯૭૫માં ઈલાહાબાદ ખાતે ભરાયેલ શિબિરમાં મારી પણ હાજરી હતી ત્યાં મને સ્વાધ્યાયની પ્રેરણા મળી અને મને સ્વયં અનુભવ થયા કે અમારા જબલપુર ખાતે

સ્વાધ્યાય કેન્દ્રની સ્થાપના કરવી પરમ આવશ્યક છે. અતઃ ઈશ કૃપાથી મેં સ્વાધ્યાયી ભાઈઓ ને એકત્ર કરવા માટે પ્રયત્ન પ્રારંભ કરેલ અને જબલપુરના યુવાન ભાઈ બહેનો તથા વડીલોનો બહુજ સારો સહકાર મળ્યો અને અત્યારે એક સ્વાધ્યાય કેન્દ્ર સુચારૂ રૂપથી ચાલી રહ્યુ છે।

ઈચ્છુક ભાઈઓ તથા બહેનો જે પરમ પૂજ્ય શાસ્ત્રીજી ના વિચારોનુ સાહિત્ય યા શાસ્ત્રીજી દ્વારા સંચાલીત શ્રી મદ્ ભગવત ગીતા પાઠશાળા સ્વાધ્યાય ક્રિયા સંબંધમાં જાણકારી મેળવવાની ઈચ્છા ધરાવતા હોય તેમને મારો સહર્ષ આગ્રહ છે કે તે મારાથી પત્ર વ્યવહાર કરે, હું તેમની સેવા કરી પોતાને કૃતજ્ઞ સમજીશ.

પ્રાર્થના

પ્રાર્થના - ચાવી વડે રોજ પ્રભાતે તમારા દિવસનાં દ્વાર ઉઘાડો. એક અઠવાડિયા સુધી આ ક્રમ જાળવવાથી તમને સમજાશે કે તમારા સમગ્ર જીવનક્રમમાં અનોખા ફેરફાર આવવા લાગ્યા છે. આ અંકનાં વચ્ચેનાં પાનમાં આપેલી પ્રાર્થના સાથે આ પ્રાર્થનાને સાંકળીને તેની અસર જાતે જ અનુભવો.

દિવ્ય ચેતના મારા મન, શરીર અને આત્મામાં પોતાનું વિશુદ્ધીકરણનું કાર્ય કરે છે. હું પૂર્ણ બની રહ્યો છું.

કોઈકનામાં જ્યારે ઉત્સાહ આવી જાય ત્યારે આપણને એવું વાગે છે કે એનામાં ઉત્સાહનો અગ્નિ સળગી રહ્યો છે. આપણામાં આધ્યાત્મિક જાગૃતિ થાય ત્યારે અંદરનો અગ્નિ સળગી ઊઠયો હોય એવુ લાગે છે. ઈશ્વરનું કામ કરવા માટેના ઉત્સાહ અને શ્રદ્ધાથી જાણે આપણે સળગી ઊઠીએ છીએ. આવો આધ્યાત્મિક અગ્નિ વિનાશક નહીં પણ વિશુદ્ધિદાતા, જીવનદાતા અને શક્તિ-સંચાલક હોય છે. એ આપણા હૃદય ને ઉષ્મા આપે છે. આ અગ્નિ અંદર સળગી ઊઠે અટલે એક નવી ઈચ્છાશક્તિ અને જીવનહેતુના પ્રાકટ્યથી આપણે સ્પંદિત બની રહીએ છીએ.

આ આત્મચૈતન્યાગ્નિ ક્રિયાશીલ બનાવીને જૂના વિચાર અને સીમાઓ માંથી આપણને મુક્ત કરે છે. એકધારી રીતે સળગી રહેલા ને તેજભર્યા આત્મ-પ્રકાશના સર્વવ્યાપી પ્રેમ અને શક્તિ થી જ એ બધું સળગી જાય છે.

આત્માની પ્રત્યેક પ્રક્રિયા સર્જનાત્મક જ હોય છે. હંમેશાં ઈશ્વરીય વિચારના અગ્નિના પ્રાકટ્યથી ડરશો નહીં. વિરાટ સત્યની વિશેષતર જ્વાળાના પ્રકાશમાં બધું જ સળગી જાય એ સારું છે. એથી ગભરાવું શું?

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તા

નિવેદન

આથી સહર્ષ જણાવવામાં આવે છે કે અમારા મંડળ ધ્વારા દર વરસે એસ. એસ. સી કે તેથી ઉચ્ચ કક્ષામાં પાસ થનાર બ્હેનોને એક મેડલ અને એક સર્ટીફિકેટ આપવામાં આવે છે. આ મુજબ દર વરસે અમે કન્યા કેળવણી ને પ્રોત્સાહિત કરવા આ તકે આગેકુચ કરતા જઇએ છીએ.

ચાલુ વરસે પણ ઉત્તિર્ણ થનાર બ્હેનો એ પોતાનાં નામ (સરનામાં સાથે) વહેલામાં વહેલાં મંડળને મોકલાવી આપવાં.

અને દરેક યુવકમંડળો ને પણ પોતાના વિભાગમાં એસ. એસ. સી. કે તેથી ઉચ્ચકક્ષામાં સફળતા મેળવનાર બ્હેનોનાં નામ મંડળને મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

આપ સૌના સહકારની આશા સાથે.

શ્રી નવચેતન પા. યુ. મંડળ
C/o. કેશવલાલ એન્ડ કું.
૬૫/૧ એમ. જી. રોડ
કલકતા—૬

લી. શ્રી. નવચેતન પા. યુ. મંડળ
વેલજી હરજી પટેલ
મંત્રી.

દુઃખદ અવસાન

હાલ જબલપુર નિવાસી મુળ (કચ્છ) દેવીસરના વતની શ્રી હરિભાઇ ડાહ્યાભાઇ છાભૈયાનુ ૫૫ વર્ષની ઉમરે તા.૩૦–૭–૭૬ના રોજ સીવીલ હોસ્પીટલ અમદાવાદ ખાતે સારવાર દરમિયાન દુઃખદ અવસાન નીપજ્યું છે. સદ્‌ગત શ્રીએ જબલપુરમાં ઇમારતી લાકડાંના પ્રતિષ્ઠિત વેપારી તરીકે વર્ષોથી સારી એવી નામના મેળવેલ હતી.

તેઓશ્રી સ્વભાવે મિલનસાર તેમજ માયાળુ હતા. સ્વર્ગસ્થના જવાથી તેમના કુટુંબીજનોને ન પુરાય તેવી મોટી ખોટ પડી છે.

પ્રભુ તેમનાં કુટુંબીજનોને આ ખોટ સહન કરવાની શકિત આપે તેમજ સ્વર્ગસ્થના આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના;

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ, તલોદ.

આજરોજ ઉપરોક્ત મંડળની સામાન્ય મીટીંગ મળી હતી. તેમાં ગત વર્ષના હોદ્દેદારોનાં રાજીનામાં સ્વીકારી અને નવા વર્ષના કારોબારીની વરણી કરવામાં આવી, જેની નામાવલી નીચે મુજબ છે.

સલાહકાર સમિતિ

(૧) પ્રિ. શ્રી રતિલાલ એલ. પટેલ. તલોદ સાયન્સ કોલેજ.
(૨) શ્રી મુળજીભાઇ કે. પટેલ, તલોદ. અબીકા વિજય સૉ મીલ.

કારોબારીના સભ્યો નીચે મુજબના પાંચ મુખ્ય હોદ્દારો સર્વાનુમતે જાહેર થયા છે.

નામ	હોદ્દો	વર્ગ	ગામ
ગોવિંદ ડી પટેલ	પ્રમુખ	T.Y.B.sc.	તલોદ
રવિન્દ્ર એન. પટેલ	ઉપપ્રમુખ	F.Y.B.com.	રાયણનો માળ
મનસુખ એમ. પટેલ	મંત્રી	F.Y.B.A.	બિલેશ્વર કંપા
જયંતિ કે. પટેલ	સહમંત્રી	F.Y.B.com.	બોરડીટીંબા
બેતાલાલ આર. પટેલ	ખજાનચી	F.Y.B.com.	પ્રાંતિજ

* અમોને જણાવતાં આનંદ થાય છે કે અમારા મંડળનું પરિણામ ૬૬ ૭% આવ્યું છે. જેમાં ત્રણ વિદ્યાર્થી ભાઇ–બહેન ગ્રેજ્યુએટ થયાં છે, જેમાંથી બે સેકન્ડ કલાસ સાથે ઉત્તિર્ણ થયાં છે. અમારા મંડળમાં બુક બેંકની સગવડ છે તેનો દરેક વિદ્યાર્થી ભાઇ–બહેનોને લાભ મળે છે. ચાલુ સાલે ૨૯ વિદ્યાર્થી ભાઇ બહેનોની મંડળમાં સંખ્યા છે અમારું મંડળ પ્રતિવર્ષ પ્રગતિના પંથે ધપી રહ્યું છે.

મંત્રી
મનસુખ પટેલ
શ્રી .ક ક. વિદ્યાર્થી મંડળ

શ્રી નવચેતન પાટીદાર યુવકમંડળ, કલકત્તા.

આથી સહર્ષ જણાવવામાં આવે છે કે અમારા મંડળ દ્વારા વરસે આર્થિક સંજોગોને લઇ ભણવામાં અસમર્થ એવાં વિદ્યાર્થી ભાઇ–બ્હેનોને શિષ્યવૃતિ આપવામાં આવે છે. તો ચાલુ વરસે (મેટ્રીક કે તેથી ઉચ્ચ કક્ષામાં પાસ થયેલ) શિષ્યવૃતિ મેળવવા ઇચ્છતાં ભાઇ–બ્હેનોએ વહેલામાં વહેલાં નીચેનાં સરનામેથી ફોર્મ મંગાવી લેવા ભલામણ કરવામાં આવે છે.

તા. ક. મંડળ અને સમાજના ભાઇઓને વિનંતી કરવામાં આવે છે કે શિષ્યવૃતિ ફોર્મમાં ભલામણ કરતાં પહેલાં અરજી કરનાર વિદ્યાર્થી ભાઈ-બ્હેનની આર્થિક સ્થિતિનો અભ્યાસ કરી ને ફોર્મમાં ભલામણ કરવી, કે જેથી બિન જરૂરીયત વાળાને ભૂલથી ગેરલાભ મળતો અટકે.

શ્રી નવચેતન પા. યુ. મંડળ
C/o કેશવલાલ એન્ડ કું.
૬૫/૧. એમ. ડી. રોડ.
કલકત્તા—૬

લી. શ્રી નવચેતન પા, યુ મંડળ
વેલજી હરજી પટેલ
મંત્રી

શ્રી મદનપુરા પાટીદાર યુવકમંડળ

પરસ્પર મૈત્રી અને ઓળખાણ થાય, સંપ અને સહકાર વધે, સેવા અને સંગઠનની ભાવના કેળવાય એ હેતુથી સ્થપાયેલા ઉપરોકત યુવકમંડળ ની ત્રીજી વાર્ષિક સામાન્ય સભા તા–૪–૭–૭૫ ના રોજ ઉમિયા સોસાયટી ઘાટકોપરમાં મંડળના પ્રમુખશ્રી પરષોતમભાઇ ભીમજીભાઇની આગેવાની હેઠળ ભરવામાં આવી જેમાં પ્રમુખશ્રી ના આદેશ અનુસાર નવા વર્ષ માટે કારોબારી સમિતિની ચુંટણી કરવામાં આવી. જેમાં નીચે મુજબના સભ્યોને સર્વાનુમતે ચુંટવામાં આવ્યા.

પ્રમુખ :— વિરેન્દ્ર લાલજી પટેલ
ઉપપ્રમુખ :— મનસુખલાલ ધનજી વેલાણી
મંત્રી :— પ્રભુલાલ ધનજી વેલાણી
સહમંત્રી :— પ્રભુલાલ ગોવિંદ પટેલ
ખજાનચી :— રતનસી રામજી પટેલ

શ્રી મદનપુરા પાટીદાર યુવક મંડળ
પ્રભુલાલ ધનજી વેલાણી
મંત્રી

શ્રી બાવસરકંપા ગૃપ નવયુવક મંડળ,

તા ૧-૧-૭૬ ના મંગલ દિને શુભ પ્રસંગે અમો બાવસર કંપા ગૃપ (બાવસરકંપા, હરીપુરાકંપા, ટીમ્બાકંપા) ના નવયુવક ભાઇઓ એ સહમિલન સાથે "શ્રી બાવસરકંપા ગૃપ નવયુવક મંડળ" ની રચના કરી છે. અમો ઉપર્યુક્ત મંડળની રચના અમારા પૂજ્ય વડીલ શ્રી પટેલ રાજાભાઇ જીવરાજભાઈ (બાવસરકંપા) ના પ્રમુખપદે હર્ષોલ્લાસ સાથે કરવામાં આવી. આપણા મંડળની પ્રગતિ ઉત્તરોત્તર વધતી રહે એવી વડીલોની હાર્દિક પ્રેરણા તેમજ શુભાશિષ મેળવી અમો ધન્યતા અનુભવીએ છીએ.

—: કારોબારી સમિતિ :—

પટેલ છગનભાઇ રાજાભાઇ	બાવસરકંપા	પ્રમુખ
પટેલ ધનસુખભાઇ લાલજીભાઇ	ટીમ્બાકંપા	ઉપપ્રમુખ
પટેલ ભાઇલાલભાઇ જેઠાભાઇ	બાવસરકંપા	મંત્રી
પટેલ ભગવાનદાસ લાલજીભાઇ	હરીપુરાકંપા	સહમંત્રી
પટેલ કાન્તીલાલ રાજાભાઇ	બાવસરકંપા	ખજાનચી

બંધારણ વિધિ પત્યા બાદ સભાના પ્રમુખશ્રી એ સંબોધતાં જણાવ્યુ કે, "ત્રણેય કંપાના નવયુવક ભાઇઓએ ઘણા જ ઉત્સાહ અને ઉમંગથી ભેગા મળી જે સહકાર સાધી મંડળની રચના કરી તે મંડળની પ્રગતિ નો પુરાવો છે" આશિષ વચનો અર્પતાં કહ્યું કે, "તમો સૌ ઉત્તરોત્તર પ્રગતિ કરી સમાજના ભાવિ આધાર સ્તંભ બની સમાજરૂપી ઇમારતનો પાયો મજબુત બનાવો એવી અમો પ્રભુ પાસે હાર્દિક શુભેચ્છા પાઠવીએ છીએ"

મંડળના પ્રમુખશ્રી એ સંબોધતાં જણાવ્યું કે "આપણે સૌ સુવિચારોની ભાવના સાથે પ્રગતિરૂપી શિખરો સર કરીએ એવી હૈયાસૂઝ પ્રભુ આપણને સૌને બક્ષે" મંત્રીશ્રી એ સંબોધતાં જણાવ્યુ કે "સદ્‌વિચારો અને સદ્‌ભાવનાની અરસ-પરસ વિચારસરણી તથા સમાજની ઉન્નતિ ઉત્તરોત્તર આગળ ધપાવવા પ્રભુ આપણા શુભકાર્યમાં નવીન દષ્ટિ અર્પે એવી અપેક્ષા સેવું છું

પ્રેમ અને ઉષ્માભર્યા વાતાવરણમાં વડીલો તેમજ મંડળના સર્વે સભ્ય યુવાનો એ અલ્પાહાર પતાવ્યા બાદ સભાનું વિસર્જન કરવામાં આવ્યું

પટેલ છગનભાઇ રાજાભાઇ
મંત્રી

પટેલ ભાઇલાલભાઇ જેઠાભાઇ
પ્રમુખ

શ્રી બાવસરકંપા ગૃપ નવ યુવક મંડળ, બાવસરકંપા

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત) ધનસુરાના આદેશ મુજબ શ્રી ક. કં. પા. સ. સ. યુ. મંડળના પ્રતિનિધિ ભાઈઓએ છાત્રાલયો માટે ઉઘરાવેલ અનાજની યાદી

વજેપુરા ગ્રુપ

કીલો		નામ	ગામ
૪૦	પટેલ	કચરાભાઈ મનજીભાઈ	વજેપુરા
૧૦૦	,,	માવજીભાઈ પ્રેમજીભાઈ	,,
૨૦	,,	હીરજીભાઇ મુળજીભાઈ	,,
૧૦	,,	વસરામભાઈ કરશનભાઈ	,,
૨૦	,,	મેઘજીભાઈ મુળજીભાઈ	,,
૧૦	,,	લાલજીભાઇ ખેતાભાઇ	,,
૨૦	,,	વસરામભાઇ મુળજીભાઇ	,,
૨૦	,,	મીઠુભાઇ વાલજીભાઇ	,,
૨૧	,,	નારણભાઇ ભાણજીભાઇ	,,
૧૦	,,	વસરામભાઇ વાલજીભાઇ	,,
૨૦	,,	દેવજીભાઇ કરશનભાઇ	,,
૨૦	,,	નાનજીભાઇ કરશનભાઈ	,,
૨૦	,,	દેવસીભાઇ એન્ડ બ્રધર્સ	,,
૩૦	,,	પ્રેમજીભાઈ ખેતાભાઇ	,,
૨૦	,,	રતનશીભાઇ ખેતાભાઇ	,,
૨૦	,,	છગનભાઇ મેઘજીભાઈ	,,
૨૦	,,	માવજીભાઈ મેઘજીભાઈ	,,

૪૨૧ કીલો કુલ

ગોવિન્દપુરા

કીલો		નામ	ગામ
૨૦	પટેલ	સવજીભાઇ હંસરાજભાઈ	ગોવિન્દપુરા (જંત્રાલ,)
૨૦	,,	મોહનભાઈ પ્રેમજીભાઈ	"
૨૦	,,	નરસિંભાઇ હંસરાજભાઈ	,,

૨૦	પટેલ	ચંદુભાઈ શામળભાઈ	ગોવિન્દપુરા
૨૦	,,	વસ્તાભાઈ હંશરાજભાઈ	,,
૨૦	,,	રામજીભાઈ હંસરાજભાઇ	,,
૨૦	,,	નારણભાઇ રતીભાઈ	,,
૨૦	,,	રવજીભાઈ વસરામભાઈ	,,
૨૦	,,	તુલસીભાઇ વસરામભાઈ	,,
૨૦	,,	વલ્લભભાઈ રતીભાઇ	,,
૨૦	,,	ડાહ્યાભાઇ રતીભાઈ	,,
૨૦	,,	શાન્તિલાલ નથ્થુભાઈ	,,
૨૦	,,	હીરજીભાઈ નથ્થુભાઇ	,,
૧૦	,,	રામજીભાઈ શામજીભાઈ	,,
૧૦૦	,,	ધનજીભાઈ સવગણભાઈ	,,

૩૭૦ કીલો કુલ

માથાસુલીયા કંપા

કીલો	નામ	ગામ
૧૦૦	સમસ્ત	માથાસુલીયા કંપા
૧૫	ગંગારામ કરમશી	રવિપુરા કંપા
૨૦	હીરજીભાઈ કરમશી	,,
૧૦	કરશનભાઇ મનજીભાઈ	,,

કીલો કુલ ૧૪૫

રાજપુરકંપા

કીલો	નામ	ગામ
૧૦૦	જશાભાઈ જેઠાભાઇ પટેલ	રાજપુરકંપા
૧૦૦	રતનશીભાઇ માવજીભાઈ પટેલ	,,
૧૦૦	દેવજીભાઇ મનજીભાઈ ,,	,,
૨૦	કરશનભાઇ નારણભાઇ ,,	,,

કીલો કુલ ૩૨૦

હિરાખાડીકંપા

કીલો	નામ		ગામ
૫૦	લધાભાઈ રવજીભાઇ પટેલ		(ગલુદણકંપા)
૩૦	નાનજીભાઇ ભાણુજીભાઈ પટેલ		હિરાખાડીકંપા
૨૦	રવજીભાઇ ભાણુજીભાઇ	,,	,,
૨૦	મોહનભાઇ દેવજીભાઇ	,,	,,
૨૦	મગનભાઇ દેવજીભાઇ	,,	,,
૨૦	હરજીભાઇ પ્રેમજીભાઇ	,,	,,
૨૦	નાનજીભાઇ મનજીભાઇ	,,	,,
૧૦	કાનજીભાઈ મનજીભાઇ	,,	,,
૨૦	તુલસીભાઇ નાનજીભાઇ	,,	,,
૨૦	ચંદુલાલ નાનજીભાઈ	,,	,,
૨૦	વિઠ્ઠલભાઇ નાનજીભાઇ	,,	,,
૨૦	નારણુભાઇ સવગણુભાઈ	,,	,,
૩૦	સવદાસભાઇ સવગણભાઇ	,,	,,
૨૫	હીરજીભાઈ સવગણુભાઇ	,,	,,
૨૦	સામજીભાઇ કેસરાભાઇ	,,	,,

——— કીલો કુલ

૩૪૫

મગનપુરા

૪૦	ખીમજીભાઇ ખેતાભાઇ	,,
૨૦	પ્રેમજીભાઈ હીરજીભાઇ	,,

——— કીલો કુલ

૬૦

દુઃખદ અવસાન

કચ્છ–કલ્યાણુપુરના વતની અને હાલ મોડાસા નજીક રામપુરા કંપાના વહીશ પટેલ રામજીભાઇ રૈયાભાઇનુ દુઃખદ અવસાન નીપજ્યુ છે. સ્વર્ગસ્થના અપાર્થિવ દેહને અગ્નિદાહ આપવામાં આવ્યો હતો. સદ્દગતના અવસાનથી વિશાળ પરિવાર જનોને આવી પડેલ આપત્તિ સહન કરવાની શકિત પ્રભુ આપે એજ પ્રાર્થના.

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ
અમદાવાદ

"કિરણ" વિતરણ કાર્યક્રમ. તા. ૮-૮-૭૬

બપોરના ૩-૩૦થી ગત તારીખ આઠમી ઓગષ્ટની સોનેરી સંધ્યા સુધી ઉજવાયેલા કાર્યક્રમની શરૂઆત મનોરમ્ય વાતાવરણ માં બહેનોની પ્રાર્થનાથી કરવામાં આવી. પછી થી વિદ્યાર્થી પ્રતિનિધિના સ્વાગત ગીત બાદ. મંડળના ચાલુ વર્ષના વરાયેલા પ્રમુખ શ્રી શામજીભાઇ આર પટેલે મંડળની સ્થાપનાથી અત્યાર સુધીની પ્રવૃત્તિઓનો આછો ખ્યાલ આપ્યો હતો.

ત્યાર બાદ પ્રમુખ સ્થાને તેમજ અતિથિવિશેષ બિરાજમાન સર્વશ્રી જેઠાભાઇ પી પટેલ (પ્રમુખ-અમદાવાદ કચ્છ કડવા પાટીદાર સમાજ) તેમજ પ્રિન્સિપાલ શ્રી રતિલાલ એલ. પટેલ (તલોદ સાયન્સ કોલેજ) નુ ફુલહાર થી સન્માન કરવામાં આવ્યુ હતું મણીનગર સાયન્સ કોલેજમાં શાસન તેમજ સેવક તરીકેની પ્રવૃત્તિઓ ને વાચા આપનાર પ્રોફેસર વિશ્રામભાઇ આર. રૂડાણી શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ વિ. ભવન ધનસુરાના ગૃહપતિ શ્રી વાડીભાઇ કે. પટેલ તેમજ આપણા સમાજના જ નવલોહીયા યુવાન ધારાશાસ્ત્રી શ્રી રતિલાલ કે. પટેલનું વિ. મંડળના પ્રતિનિધિઓ દ્વારા ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું હતું

વિ. મંડળની સુશુપ્ત શક્તિઓને વાચા આપના સુવેનિયર "કિરણ" નું વિતરણ શ્રી રતિલાલ કે. પટેલ (એડવોકેટ) ના હસ્તે કરી લીધા પછી. શ્રી શામજીભાઇ આર. પટેલે મહેમાનોનો પરિચય કરાવ્યો હતો. ત્યારબાદ મંડળના હેતુંઓ તેની પ્રવૃતિઓ અને ભાવિ સમસ્યાઓ ના નિરાકરણ અંગે મંડળના પ્રવકતાઓ ડૉ. શ્રી અમૃતભાઈ આર. પટેલ શ્રી કેશવલાલ કે પટેલ શ્રી શાંતિલાલ એલ. પટેલ શ્રી રણછોડભાઇ એન. પટેલ શ્રી ચંદુભાઇ ઇ. પટેલ વગેરે દ્વારા કેટલીક રજુઆતો ની અભિવ્યકિત કરવામાં આવી હતી.

વકતૃત્વ શક્તિ ખીલવવાના પ્રયાસના પરિપાક રૂપે આજના આ સમારંભ પ્રસંગે "આજનો યુવાન સમાજનો સર્વાંગી વિકાસ કરવામાં નિષ્ફળ ગયો છે?"

એ મુદ્દા પર વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી.

સામાન્ય રીતે વકતાઓએ ઉપરોકત સ્પર્ધાના વકતૃત્વ વખતે તરફેણમાં તેમજ વિરુદ્ધમાં બંને રીતે પોતપોતાના વિચારો મુકત મને રજુ કર્યા હતા. સામાજિક વિકાસ કરવામાં આજનો યુવાન સફળ થયો છે એ મુદ્દા પર નીચે મુજબના વકતાઓએ પ્રકાશ પાડ્યો હતો.

● **અમૃતભાઇ આર. પટેલ** રાજપુર કંપા ● **ચંદુભાઈ જે. પટેલ** પરષોત્તમપુરા ● **પ્રેમજીભાઈ જેઠાભાઈ પટેલ** અમદાવાદ ● **ચંદુભાઈ એસ. પટેલ** લાલુકંપા ● **કુ. ભગવતીબેન કે. પટેલ** રામેશ્વર કંપા.

ઉપરોકત વકતાઓએ સમાજના સર્વાંગી વિકાસમાં યુવાનોએ શું ફાળો આપ્યો છે તે બાબતમાં નીચે મુજબના વિચારો વ્યકત કર્યા હતા.

સૌ પ્રથમ તો સમાજનો સર્વાંગી વિકાસ એટલે શું? તે આપણે વિચારવું જ રહ્યું. પરંતુ સામાન્ય રીતે આપણે એમ કહી શકીએ કે, સમાજમાં શૈક્ષણિક, વૈજ્ઞાનિક આધ્યાત્મિક તેમજ રાજકીય અને સાંસ્કૃતિક બાબતોમાં યુવાશકિતએ આગવી રીતે સમાજને શું પ્રદાન કર્યું છે તે મુદ્દાઓને સ્પર્શી શકાય.

સમાજમાં શિક્ષણ મેળવનાર વિદ્યાર્થીવર્ગ શિક્ષણની દરેક ફેકલ્ટીઓમાં અભ્યાસ કરી સારી ડીગ્રીઓ પ્રાપ્ત કરી લીધા પછી, વ્યાવસાયિક ક્ષેત્રે ઝંપલાવી શકે. ઉપરાંત ઉચ્ચ ક્ષેત્રોમાં નોકરી પણ મેળવી શકે પરિણામે સમાજની આર્થિક સધ્ધરતામાં ઉમેરો થઈ શકે. એટલું જ નહિ પણ શિક્ષણ મેળવનાર વર્ગમાંથી સગપણ લગ્ન વગેરે સામાજિક પ્રશ્નોની બાબતોમાં પણ ગંભીરતા માગી લે તેવી કેટલાંક સમસ્યાઓનુ મૂળમાંથી જ નિવારણ કરી શકાય. યુવાન શિક્ષિત હોયતો જ સમાજની ભાવિ પેઢીમાં શિક્ષણ મેળવવાની પ્રક્રિયાને વેગવાન બનાવી શકાય દેશમાં શિક્ષણ મેળવી વધુ અભ્યાસ માટે વિદેશ જઇ પાછા આવનાર નો થતો માનસિક વિકાસ તેમજ અન્ય દેશોની સંસ્કૃતિઓનાં સારાં પાશાંઓનું જ્ઞાન પણ ઉપલબ્ધ બને તે પણ સમાજ વિકાસનું જ સોપાન કહેવાય.

એટલું જ નહિ પણ વૈજ્ઞાનિક ક્ષેત્રે મેળવેલી સિદ્ધિઓ જેવી કે ટેલીવીઝન, ટેલીફોન, વિદ્યુતશકિત, વિમાનીસેવા, ચંદ્ર તેમજ મંગળ પર ઉતરાણ

સંરક્ષણ શકિત વગેરે પણ યુવાશક્તિની દેન છે. ઘડીભર વિચારીશુ તો જણાશે કે વિદ્યાર્થીકાળથી માંડી યુવાશકિત સુધી પહોંચનાર કેળવાયેલી વ્યકિતઓનાં ભેજાંની આ બધી કરામતો છે કે પછી વૃદ્ધાવસ્થા એ પહોંચેલા માનવીની એ માનસિક પેદાશ છે એવાં કોઇપણ ઉદાહરણો આપણી સમક્ષ છે?

સમાજમાં ઘર કરી રહેલા વહેમો.– અંધશ્રધ્ધાઓ જેવાંકે દોરા–ધાગા, રોગનું પ્રમાણ વગેરે શિક્ષિત યુવાનોજ નિવારી કાઢવા પ્રયત્નશીલ બની શકશે. શિક્ષિત યુવાન સામાન્ય સંજોગોમાં પણ ગાડરીયા પ્રવાહની વૃત્તિથી પર રહેશે. ગ્રામ્યજીવન માં પણ પરિવર્તન લાવવાનો યશ યુવાનવર્ગ ને ફાળે જઈ શકશે.

બીજી બાજુ સમાજ ના સર્વાંગી વિકાસ માં યુવાનો નિષ્ફળ ગયા છે. તે વિષય પર શ્રી શામજીભાઇ આર. પ લ. સાણંદ, શ્રી દિલીપકુમાર ડી. પટેલ. અમદાવાદ. પ્રદીપકુમાર વી. વેલાણી અમદાવાદ, વિઠ્ઠલભાઇ એચ. પટેલ વાત્રકગઢકંપા વગેરેએ પોત પોતાના વિચારો દર્શાવ્યા હતા.

માનવમન નો નિયમ છે કે સારી એવી ડીગ્રીઓ કે હોદ્દાઓ પ્રાપ્ત કરીને પોતપોતાનાં પાપી પેટ જ ભરવાની વેતરણ માં મોટા ભાગનો યુવાવર્ગ રોકાયેલો જ હશે. સમાજ પ્રત્યેની ભાવના જેના હ્રદયમાં હોય તેવો વર્ગ આજે બહુ ઓછો જોવા મળશે પરિણામે સમાજના વિકાસમાં તેઓનો ફાળો શૂન્ય જ હોય છે સામાજિક કાર્યક્રમોની બાબતમાં રસવૃત્તિ ન દાખવતાં નાટક, સિનેમા કે અન્ય મનોરંજન જેવા પ્રોગ્રામોમાં યુવાવર્ગનું ધ્યાન ઝડપથી કેન્દ્રિત થતું જોવા મળશે. વિવિધ વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરેલો હશે. પણ સમાજ જીવનમાં ઉપલક દ્રષ્ટિએ દેખાતા સામાજિક આર્થિક કે શૈક્ષણિક વિકાસમાં પશ્ચિમ ના દેશોનું આંધળું અનુકરણ પોતાની મૂળ સંસ્કૃતિ ની વિસ્મૃતિ વગેરે લક્ષણોનાં અનેક ઉદાહરણો મળી આવશે. આજે દેશમાં પોતાની જ માતૃ સંસ્કૃતિ નો સાર સંચય કરી શકનાર યુવાવર્ગની સંખ્યા કેટલી ?

બાલ્યવયે ઘણાં સગપણ તેમજ લગ્ન અને છૂટાછેડા વગેરે સમાજનાં દુષણ છે પરંતુ એ દુષણોને બંધ કરવા કે અટકાવવા મેદાને પડનાર યુવાવર્ગનાં દર્શન કેટલાં? ઇશ્વર પ્રત્યે શ્રધ્ધા રાખી આધ્યાત્મિક માર્ગે વિકાસ સાધનાર યુવાશકિતની ટકાવારી કેટલી?

એકજ ઘરમાં પિતા–પુત્ર, માતા–પુત્રી, પતિ–પત્ની વગેરે નાં દ્વંદ્વને તોડીએ તો એક બીજા પ્રત્યેના પૂજ્ય ભાવનો વિકાસ કેટલા પ્રમાણમાં જોવા મળશે ?

વકતૃત્વ સ્પર્ધા પછી તરતજ વિદ્યાર્થી મિત્રો તેમજ અન્ય આમંત્રિત મહેમાનોએ પ્રાસંગિક પ્રવચનોમાં નીચે મુજબની સામગ્રી પીરસી હતી.

ડૉ. અમૃતભાઈ આર. પટેલ સોનારડા. કુ. નંદાબેન એ. પટેલ ધનસુરા. મુરબ્બી શ્રી નાનજીભાઇ કે. પટેલ રાયણનોમાળ, મુરબ્બી શ્રી સામજીભાઇ એસ. પટેલ હરિપુરાકંપા. શ્રી ગોવિંદભાઇ વી. પટેલ બહ્રામકંપા શ્રી લાલજીભાઇ એમ. પટેલ અમદાવાદ, ડૉ. ધનજીભાઈ કે. પટેલ કરમસદ, શ્રી પ્રેમજીભાઈ એ. પટેલ ધનસુરા ડૅ. દલપતભાઇ ડી. પટેલ ચિલોડા, રતિલાલ કે. પટેલ (એડવોકેટ) રામેશ્વરકંપા. કાન્તિલાલ કે. પટેલ ધનસુરા, મુળજીભાઇ કે. પટેલ તલોદ, વિશ્રામભાઇ આર. રૂડાણી અમદાવાદ, વાડીભાઇ કે. પટેલ ધનસુરા, વગેરે વકતાઓએ પોતાનાં મંતવ્યો નીચે પ્રમાણે દર્શાવ્યાં હતાં.

સૌ પ્રથમ તો સમાજમાં સ્ત્રી કેળવણીની તાતી જરૂર છે. પ્રત્યેક ઘરમાંથી ભાઇઓજ ભણે અને બહેનો ન ભણે તો સમાજજીવનમાં અસમાનતા ઊભી થશે. એટલે સ્ત્રી કેળવણીમાં વૃધ્ધિ થવી જરૂરી છે. મોટાં મોટાં શહેરોમાં કે જયાં મહાવિદ્યાલયોમાં શિક્ષણ મેળવવાની સુવિધાઓ છે. ત્યાં પણ બહેનોમાં શિક્ષણનું પ્રમાણ ઘણુંજ ઓછું છે તેમ કહી શકાય, બીજી બાજુ જોઇએ તો દૂર દૂરથી શહેરોમાં મોંઘું દાટ શિક્ષણ મેળવવા આવનાર વિદ્યાર્થીઓને હોસ્ટેલ જેવી સુવિધા મેળવવામાં ઘણી મુશ્કેલીઓ પડે છે સામાજિક અધિવેશન જેવા પ્રસંગોએ આવી બાબતોના ઉકેલ માટે વિચારી શકાય. અને તે અંગે પછી નક્કર કાર્ય થઈ શકે.

ઉપરાંત આપણા સમાજનાં મુખપત્રો "જાગૃતિ," આઝાદકલમ વગેરેના બહોળા ફેલાવા માટે વિશાળ સમાજમાં વિદ્યાર્થીઓ તેમજ યુવાશકિત દ્વારા પણ પ્રયત્નશીલ બની શકાય. પરીણામે દેશના કોઇ પણ ખૂણામાં સમાજોત્થાનના સમાચારોની પ્રસિધ્ધિ કરી સમાજમાં ઘેર ઘેર ઓછામાં ઓછા ખર્ચે આવાં સાધનો દ્વારાજ પહોંચાડી શકાય, અમદાવાદ કચ્છકડવા પાટીદાર વિદ્યાર્થીમંડળે આ અંગે સક્રીય વિચારણા કરી, પ્રયત્નશીલ બનવા નિર્ધાર કરેલ છે તે અભિનંદનીય છે.

સામાજિક ઉત્થાનના ક્ષેત્રે પણ શિક્ષિત યુવાન વર્ગ યુવક મંડળો દ્વારા સારામાં સારો ફાળો આપી શકે સમાજનાં જવાબદારી ભરેલાં કાર્યોને યુવાવર્ગજ વાચા આપી શકે.

આધ્યાત્મિક રીતે વિચરનાર તેમજ વિચારનાર યુવાનોને કદાચ દીવો લઇને જ શોધવા જવુ પડે. ખાઓ પીઓ અને જીઓની વિચારસરણીમાં રાચનાર યુવાશકિત

એટલું વિચારે છે. કે પોતાને યુવાનીના ઉંબર સુધી ઊભો રાખનાર પણ કોઈ અદ્દભુત શક્તિનો દોરી સંચારજ છે? આજે પ્રસિદ્ધ થતો "કિરણ" અંક ભવિષ્યની આશાના કિરણ સમાન બની રહે તેવો અનુરોધ પણ કરવામાં આવ્યો. માત્ર અંક પ્રસિધ્ધ કરી બેસી રહેવાથી તેનો હેતું સિધ્ધ નહીં થાય પણ ભાવિ સમાજજીવનમાં વિદ્યાર્થીમંડળમાં રહેલી સુશુપ્ત શક્તિ સમાજના ઉત્થાન માટે ઉપયોગી બને તેમાંજ તેની સાર્થકતા છે.

વિદ્યાર્થીમંડળના અત્યંત પરિશ્રમ બાદ પ્રગટેલું "કિરણ" લોક જાગૃતિનું કામ કરશે. ઉ. ગુજરાતના પાટીદારો પણ "કિરણ" નામનું મુખપત્ર ચલાવતા હતા. જેને છેલ્લાં થોડાંક વર્ષથી તેમના જ બીજા મુખપત્ર "ધરતી" સાથે જોડી દેવામાં આવ્યું છે.

વિદ્યાર્થીમંડળ–અમદાવાદે અન્ય મંડળો માટે પ્રેરક બળ બની નેતૃત્વનું અઘરુ કામ કરી શકશે. આજકાલ જોઈએ તો શાસન કરવુ જેટલુ સરળ છે એટલું જ નેતાગીરીનુ કામ અઘરું છે.

વિદ્યાર્થીઓ પણ આપણા પૂર્વજોમાં સચ્ચાઈનો જે ગુણ હતો તે જાળવી રાખી આપણા વિદ્યાર્થી મંડળોમાં સંગઠનો દ્વારા એક નિષ્ઠાથી કામ કરી પોતાનામાં રહેલી શક્તિઓનો સ્રોત રચનાત્મક પ્રવૃતિઓ દ્વારા વહાવે એવી યોગેશ્વર શક્તિ આપે તેમ પ્રાર્થીએ.

શિક્ષિત યુવાનોની શિબિર યોજી એકત્ર કરી સુસંગઠિત કરી રચનાત્મક માર્ગે તેમની શક્તિઓનો ઉપયોગ કરી શકાય.

છેલ્લે અતિથિવિશેષપદેથી પ્રિન્સીપાલ શ્રી આર. એલ. પટેલ તેમજ પ્રમુખ સ્થાનેથી શ્રી જેઠાભાઈ પુજાભાઈ પટેલે વિદ્યાર્થીઓની શક્તિઓને નીચે મુજબ બિરદાવી હતી.

અતિથિવિશેષશ્રી : આજના નાના છતાં સુંદર પ્રસંગ દ્વારા પોતાની જ્ઞાતિના વિદ્યાર્થીમિત્રોને મળવાની તક મળતાં ગૌરવ તેમજ આનંદ અનુભવું છું.

"કિરણ" દ્વારા આ પ્રસંગે વિદ્યાર્થીઓની લેખન તેમજ વકતૃત્વ શક્તિઓ ખિલવવાના મંડળના પ્રવાસ બદલ અતિ આનંદ થાય છે. વિશેષમાં આપણી મુળ સંસ્કૃતિને ન ભૂલવા માટે કચ્છની વાર્તાઓ દ્વારા ઉતારવામાં આવતાં સિદ્ધાંતો આપણે જોવાં જોઈએ તેમ કહેવાનુ મન થઈ જાય કચ્છી ભાષામાં પ્રસિધ્ધિ પામેલાં

પુસ્તકોના વાંચનથી પણ આપણા વારસાગત સંસ્કારો તેમજ ખમીરને વિદ્યાર્થીમિત્રો જાળવી શકે.

આ વિદ્યાર્થીમંડળની છાત્રાલયની માગણીને ધ્યાનમાં લેતાં એમ કહી શકાય કે હાલમાં આવાં છાત્રાલયની અમદાવાદના આંગણે ખરેખર વિશેષ જરૂરીયાત ઊભી થઇ છે. કારણ કે ગામડાંઓની કોલેજોમાં અત્યાર સુધી અનુસ્નાતક કક્ષાની ડીગ્રીઓ મેળવાતી હતી તે બંધ કરીને અમદાવાદ ખાતે જ આ કક્ષાનો અભ્યાસ કરી શકાય છે જેથી હોસ્ટેલોમાં સંખ્યાનું ભારણ વધ્યું છે પરિણામે હોસ્ટેલ પ્રવેશ મેળવવામાં મુશ્કેલી ઊભી થઈ છે.

દેશભરમાં વસતા આપણા સમાજ માટે જોઈશું તો વતનથી વ્યાવસાયિક મથકો સુધીની અવરજવર દરમિયાન આપણી સમગ્ર પ્રજાના મધ્યવર્તી સ્થળ તરીકે પણ અમદાવાદમાંજ છાત્રાલય હોવું આવશ્યક છે. વૈચારિક ક્રાન્તિ દ્વારા ઘેર ઘેર આ અંગે સંદેશો પહોંચાડીશું તો છાત્રાલય ઊભું કરવું સરળ બનશે એટલું જ નહીં પણ દરેક પ્રકારની વિદ્યા શાખાઓમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને આવી સવલત આપી શકાય તો તેમનામાં સંગઠનની ભાવના વિકસે. તેમજ સામાજિક માર્ગે તેમની શકિતઓનો લાભ લેવાનુ પણ સુગમ બને.

બીજું આપણે સૌ જાણીએ છીએ તેમ આપણા જ સમાજના મુખપત્ર "જાગૃતિ" માં કેટલાક માને છે તેમ અમુક પ્રકારની લેખન સામગ્રી આવવી જોઇએ. તેની સામે આપણે એટલુ જરૂર કહી શકીએ "જાગૃતિ" એ કોઇ વ્યવસાયિક માસિક નથી. એ માત્ર સામાજિક માસિક જ છે. એની અંદર આજના પ્રસંગ જેવા કાર્યક્રમોના સમાચારોને વધુ પડતા મૂકી શકાય જેથી આપણે સૌને રચનાત્મક પ્રવૃત્તિઓના વિચારોને ઘેરઘેર સુધી પહોંચતા કરવા માટે જ આ માધ્યમ ઉપયોગી બની શકે.

સાથે સાથે એ પણ યાદ રાખવુ ,જરૂરી છે કે આપણા આજના પ્રસંગના સમાચાર જનકલ્યાણ, અખંડઆનંદ, અન્ય માસિકો, પાક્ષિકો કે દૈનિકપત્રોમાં આપણે નથી આપી શકતા જે આપણા જ મુખપત્રમાં સહેલાઇથી આપી શકાય છે. એટલેકે વ્યકિતગત વિચારોને વાચા આપવાના માધ્યમ પ્રત્યે ઉપેક્ષા ન બનાવતાં તેના બહોળા પ્રચાર માટે વિદ્યાર્થીજગત પણ સુંદર કામ કરી શકે.

"કિરણ"ની પ્રસિદ્ધિમાંથી જ પ્રેરણા લઇ બહેનોની કેળવણીની બાબતમાં વિદ્યાર્થીઓ વડીલ જનોને પ્રોત્સાહન આપે, સાહિત્ય સાથે સાથે વિદ્યાર્થીજગત મુખપત્રોને પણ સભર તેમજ આર્થિક રીતે પગભર બનાવો તેમ ઇચ્છું.

અંતમાં કિરણની પ્રસિદ્ધિ બદલ મંડળને અભિનંદન આપુ છું.

પ્રમુખ શ્રી:— આજના સમારંભ વિશે સતત બોલ્યા જ છીએ તો વિશેષ કહેવાનુ હોય જ નહિ. ગુજરાતના સ્તર પર યુવાનો શિક્ષણક્ષેત્રે સફળ થયા છે. સમાજોન્નતિનાં કોઇ પણ કાર્યો સમાના પ્રમુખ, મંત્રી કે કારોબારીના સભ્યો જ કરી શકે તેવું નથી. પ્રત્યેક વ્યકિત પછી યુવાન, વૃદ્ધ, ભાઇ, બહેન ગમે તે હોય પણ સક્રીય બની સમાજકાર્યમાં લાગવુ જોઇએ. લાવરી અને તેનાં બચ્ચાંનાં ઉદાહરણને દૃષ્ટિ સમક્ષ રાખી આપણે સ્વાશ્રયી બનવું જોઇએ.

વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની આવશ્યકતા છે જ તો તે અંગે સમગ્ર ગુજરાતના આપણા સમાજના ભાઇઓ સામુહિક મીટીંગ દ્વારા એકત્ર થઇ સહકાર મેળવી શકાય તો આપણે સહેલાઇથી આવી સુવિધાઓ પુરી પાડી શકીએ. આપણે જાણીએ છીએ તેમ ભુજ ખાતે સંખ્યાબળ ઓછુ હોઇ ઉપરાંત બધી કોલેજો પણ નથી તેથી પણ છાત્રાલય ત્યાં બનાવવાનો વિચાર ચાલે છે તેના બદલે અમદાવાદ ખાતે જ વિચારી શકાય તો પણ કંઇ ખોટું નથી કારણ કે અહીં દરેક કોલેજોમાં વિશાળ સંખ્યાને લાભ આપી શકાય.

ઉપરોકત રીતે વકતાઓના વિચારો જાણ્યા પછી વકતૃત્વ સ્પર્ધાના પરિણામથી નીચે મુજબ વિજેતા બનનાર વ્યકિતઓ અભિનંદનીય બની છે,

પ્રથમ નંબર : (૧) ચંદુલાલ જે. પટેલ પરસોત્તમપુરા
(૨) શામજીભાઇ આર. પટેલ સાણંદ


બીજો નંબર : શ્રી પ્રદીપકુમાર વી. વેલાણી અમદાવાદ

તૃતીય નંબર : શ્રી પ્રેમજીભાઈ જે. પટેલ અમદાવાદ


આશ્વાસન ઈનામ કુ. ભગવતીબહેન કે. પટેલ રામેશ્વરકંપા

ઉપરોકત વિજેતાઓને ડૉ. દલપતભાઈ ડી. પટેલ તરફથી દ્વારા ઈનામો આપવામાં આવ્યાં હતાં પરંતુ પ્રથમ નંબરમાં સમાન ગુણ મેળવનાર બે જણ હોઈ. બીજી વ્યકિતને ઈનામ અતિથિવિશેષ પ્રિન્સિપાલ શ્રી આર. એલ. પટેલે જાહેર કર્યું હતું. તેમજ કુ. ભગવતી બહેનને. ડૉ ડી. કે. પટેલ કરમસદ દ્વારા આશ્વાસન ઈનામ અર્પવામાં આવ્યું હતું.

અંતમાં દિલીપકુમાર ડી. પટેલની આભારવિધિ બાદ શામજીભાઈ આર. પટેલે આભાર વ્યકિત કરી અલ્પાહાર લીધા પછી સભા વિસર્જન કરવાની સુચના આપી હતી.


LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WORKS
AMBAWADI, SAIJPUR BOGHA,
NARODA ROAD-AHMEDABAD-2.

બહેનોને ઉજાગરા અને મહેનતથી રાહત આપવા માટે * ઈલેકટ્રીક પાવરથી ચાલતું



છાસ

બનાવવા માટેનું

વલોણા યંત્ર

*** વસાવો અને ઘરની શાન વધારો.

વિશિષ્ટતાઓ :—

★ આ છાશ બનાવવા માટેનું વલોણાયંત્ર નાની મોટી બે સાઈઝમાં મળે છે.
★ ૫ થી ૧૦૦ લીટર સુધીના દહીંની છાસ બનાવવા.
★ દેશી વલોણા કરતાં ૧૫ થી ૨૦ ટકા વધુ માખણ મેળવવા
★ આ યંત્રથી ઉનાળામાં પણ માખણ ઓગળી જતું નથી તેનો લાભ લેવા
★ માત્ર નજીવા બળતણ ખર્ચમાં.
★ વેચાણ બાદની તમામ સેવાઓ તેમજ યંત્રના સ્પેરપાર્ટસ સહેલાઈથી મેળવવા

બનાવનાર :—

સ્કવેર એન્જનીયરીંગ કોર્પોરેશન

ઘાટકોપર મુંબઈ–૮૬

■ વધુ માહિતી માટે અમારા સાબરકાંઠા જિલ્લાના અધિકૃત વિક્રેતાને સંપર્ક સાધો

ચેતન ફર્ટીલાઈઝર્સ

તલોદ રોડ, ધનસુરા. જિ. સાબરકાંઠા

JAGRUTI AUGUST '76 Reg. No. G. 322

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા (જિ. સાબરકાંઠા)

ગ્રા. નં.

To,

Book-Post

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ.
ધનસુરા, જિ. સાબરકાંઠા.

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ

વર્ષ : ૧૮ અંક–૯ સપ્ટેમ્બર ૧૯૭૬

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦), પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૭૫ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧) પરદેશમાં રૂા. ૧૨૫) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજાં કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી.

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી.
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc.
પ્રિન્સિપાલ :
સાયન્સ કોલેજ, તલોદ.
પ્રમુખ
શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ, ધનસુરા

શ્રી શામજીભાઇ એસ. પટેલ
માજી પ્રમુખ
શ્રી ક ક. પા. સ સ. યુવક મંડળ, ધેનસુરા

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી એફ. એ. એમ., એલ. એમ. પી.

ડૉ. હંસરાજ એમ. પટેલ M.B.B.S.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ M. Sc.

શ્રી અરજણભાઇ વી. પટેલ મંત્રી
શ્રી ક. ક. પા સ. સ. યુવક મંડળ, ધનસુરા

શ્રી પ્રેમજીભાઇ એ. પટેલ ઉપ-પ્રમુખ
શ્રી ક ક. પા. સ. સ. યુવક મંડળ, ધનસુરા

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ

શ્રી. ચંદલાલ વી. પટેલ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર
પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી
[વીરાણીકચ્છ]

જન્મ
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ
સંવત ૧૯૯૭, આસો વદ ચૌદસ

અનુક્રમણિકા

અ નં	લેખનું નામ	લેખકનું નામ	પૃષ્ઠ નં.
૧	તંત્રીસ્થાનેથી	કાન્તિભાઈ કે. પટેલ	૧
૨	આત્મ–નિર્ભરતા	રતનશીભાઈ ડી. પટેલ	૩
૩	દીકરી દર્પણ	રવજીભાઈ હરજીભાઈ પટેલ	૬
૪	વડીલો વિચારો	કાન્તિભાઈ મણીભાઈ પટેલ	૭
૫	હોમીયોપેથીક મેડીકલ કોલેજ	મોહનલાલ હરજીભાઇ પટેલ	૯
૬	આલમનું અનુભવું	રાજશ ડી. પટેલ	૧૧
૭	મહાપુરૂષોનાં ઉપનામ	એન. વી. પટેલ	૧૨
૮	જીવન પથના પુષ્પો	મગનભાઈ સોમાભાઈ પટેલ	૧૩
૯	સમાજ દર્પણ	સંકલ્પ (ધનસુરા)	૧૪
૧૦	સમાચાર દર્શન	—	૧૭થી



જય યોગેશ્વર

તંત્રીસ્થાનેથી

સમયનાં બદલાતાં જતાં વહેણ સાથે કદમ મિલાવવા માટે આપણે સૌ જાણીએ છીએ તેમ શિક્ષણક્ષેત્રે છેલ્લા બે એક દસકાથી આપણા સમાજમાં ઝડપી પરિવર્તન આવતું જાય છે. પણ તલસ્પર્શી અભ્યાસ કરતાં માલુમ પડશે કે સ્ત્રી કેળવણીની બાબતમાં જે ઝડપથી શિક્ષણનો વ્યાપ વધવો જોઇએ તે ઝડપે પહોંચી વળવાની આપણે તૈયારી કરી શકયા નથી. કારણકે છોકરાઓને કેળવણી આપવા માટે શિક્ષણ મેળવવાની સવલતો ગમે તે સ્થળે ઉપલબ્ધ હોય તો પણ તેમાં વાંધો આવતો નથી પણ બહેનોને કેળવણી આપવા માટે સ્થળ કાળનાં બંધનો હોય છે. ઉપરાંત કન્યાઓનાં મા-બાપનાં સ્વાર્થ અને સંકુચિત દૃષ્ટિ પણ આડે આવતાં હોય છે. પણ જો ઉચ્ચ શિક્ષણ મળી શકે તેવી સંસ્થાઓ વાળાં સર્વે શહેરોમાં છાત્રાલયો જેવી વ્યવસ્થા હોય તો છોકરા કે છોકરીઓના કેળવણીના પ્રમાણમાં થોડીક વધુ વૃદ્ધિ થઈ શકે.

તાજેતરમાં જ શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ, અમદાવાદના ઉપક્રમે સુવેનિયર વિતરણ સમારંભ વખતે વિદ્યાર્થી જગતના વિચારો પરથી આપણા સમાજના છાત્રાલયની અમદાવાદ ખાતે જે આવશ્યકતા છે તેનો ખ્યાલ આપણે મેળવી શક્યા છીએ. કારણકે સમગ્ર ગુજરાત તેમજ કચ્છ, કાઠીયાવાડ વગેરે પ્રદેશોમાંથી શિક્ષણ મેળવવાના હેતુથી વિદ્યાર્થી જગતનો ધસારો અમદાવાદ ખાતે વધતો ચાલ્યો છે. કારણકે દરેક પ્રકારનું શિક્ષણ આપનાર બધી જ ફેકલ્ટીઓનો લાભ અમદાવાદમાંથી જ ઉપલબ્ધ છે. ઉપરાંત સ્નાતકની પદવી મેળવ્યા પછી અનુસ્નાતક કક્ષાએ મોટા ભાગે અમદાવાદમાં જ શિક્ષણ મેળવવા આવવું અતિ

આવશ્યક બન્યું છે. પરિણામે કોલેજોની હોસ્ટેલો તેમજ અન્ય જ્ઞાતિનાં સામાજિક છાત્રાલયોમાં પ્રવેશ મેળવવાનું કાર્ય દુષ્કર બન્યું છે. જેથી આપણા જ સમાજના ઘણા વિદ્યાર્થીઓને રહેઠાણના પ્રશ્ન માટે તકલીફ પડે છે.

જો છાત્રાલય જેવી વ્યવસ્થા ઉપલબ્ધ હોયતો શિક્ષિત શકિતની સંગઠિતતામાં પણ ઉમેરો થઈ શકે. જેથી સમાજોપયોગી બનવા માટે આ શકિતનો સદ્‌ઉપયોગ પણ સહેલાઈથી થઇ શકે.

આજનું વિદ્યાર્થી જગત એ આવતીકાલના આપણા દેશનું નાગરિકત્વ બળ છે. એટલું જ નહિ આપણા આવતીકાલના સમાજનો એ ઘડવૈયો છે.

ખરેખર ! જોઇએ તો સમગ્ર સમાજની શિક્ષિત યુવાશક્તિનું સંકલન કરી શિક્ષિત ભાઈ–બહેનોનું સંમેલન યોજવું જરૂરી છે સમાજ જીવનમાં નવી શકિત અને નવો પ્રાણ સિંચવા માટે અને ભાવિસમાજ જીવનને વધુ સુઘડ બનાવવા માટે એ અતિ આવશ્યક પણ છે. વિદ્યાર્થી જગત આવાં સંમેલનનું આયોજન કરવાની પ્રક્રિયાને વેગ આપવા અવશ્ય વિચારે તો ખોટું ન જ ગણાય.

સમાજ જીવનનાં મૂલ્યોને આધુનિક સમાજ રચનાનો ઓપ આપવાનું શિક્ષિત યુવાશકિત વિચારે એમ ઇચ્છીએ. સમાજની સંસ્કૃતિ, સંગઠન અને શાન વધારવા શિક્ષિત યુવાશકિત માત્ર પોતપોતાના નોકરી કે વ્યવસાયમાં ઓત પ્રોત રહે તેની સામે વાંધો નહિ પણ સમાજ જીવનના એક મહામૂલા અંગ તરીકે પોતાનું કર્તવ્ય અદા કરવાનો અવસર ઝડપી લે તો સમાજના ભાવિ જીવનની ઉજ્જવળતામાં ઓર વૃદ્ધિ થઈ શકે.

આવતા વર્ષે શ્રી અખિલ ભારત કચ્છ કડવા પાટીદાર યુવકસંઘ તેમજ સમાજનું અધિવેશન નખત્રાણા મુકામે યોજવાનું આયોજન થઈ રહ્યું છે. ત્યારે તેવા મંગળ અવસરે શિક્ષિત જગતની સુષુપ્ત શકિતઓનો લાભ પણ સમગ્ર સમાજને મળી રહે તેવી ભગવાન યોગેશ્વરને પ્રાર્થના કરીએ.

અસ્તુ...

"આત્મ-નિર્ભરતા"

રતનશી ડી. પટેલ
C/o ડી. એન. પટેલ એન્ડ બ્રધર્સ
રાયપુર

આત્મનિર્ભરતા કા અર્થ યહ હૈ, કિ અપને પૈરોં પર ખડા હોના અર્થાત કિસી દુસરે કી સહાયતાકી ઇચ્છા ન કરના ! આત્મનિર્ભરતા મનુષ્યકે ચરિત્રકા સબસે બડા ગુણ હોતા હૈ ! જિસ વ્યકિતમેં આત્મનિર્ભરતાકી ભાવના નહીં હોતી હૈ ! વહ પુરૂષ નહીં કહા જાતા પુરૂષ સંજ્ઞા ઉસ વ્યકિતકી હિ દિ જાતી હૈ જિસમેં પૌરૂષ હો ઔર જો આત્મનિર્ભર હો ! જો વ્યકિત આત્મનિર્ભર હોતી હય વે સમાજ મેં શીર્ષ સ્થાન પ્રાપ્ત કરતે હય ! આત્મનિર્ભર વ્યકિત સ્વયં અપને બલ પર આગે બઢતે હય ! અર્થાત તેજસ્વી વ આત્મનિર્ભર વ્યકિત દુસરોંકી સહાયતા સે અપના વૈભવ બઢાના નહી ચાહતે !

બાહુબલ આત્મનિર્ભરતાકા મૂલ આધાર હય ! શારીરિક બલ, સેનાકા બલ, પ્રભુતાકા બલ, કુલીનતા કા બલ, મિત્રતા કા બલ, તથા તન્ત્ર-મંત્રકા બલ, આદિ યહ સબ નિજ બાહુબલ કે આગે તુચ્છ હય ! આત્મનિર્ભરતાકી ભાવના મનુષ્યકો અપને આપ કાર્ય કરના સિખલાતી હય ! આત્મનિર્ભરતાકી ભાવના સે હી પ્રેરીત હોકર હનુમાનને ૧૦૦ યોજન સમુદ્રકો પાર કિયા, રામ વ લક્ષ્મણને રાવણ જૈસે શત્રુ પર વિજય પ્રાપ્તકી તથા ઇસી આત્મનિર્ભરતાકે કારણ હિ કોલમ્બસને અમેરિકાકા સર્વપ્રથમ પતા લગાયા વહ વાસ્કોડિગામા ભારતમેં આયા આજ ભી હમ દેખતે હય કિ યુરોપ, અમેરિકા જૈસે આદિ દેશ ઉન્નતિશીલ હય ! ઉનકી ઉન્નતિકા પ્રમુખ ભારત હય કિ વે આત્મનિર્ભર હય જો વ્યકિત આત્મનિર્ભર હોતે હય વે સદા ઉન્નત હોતે હય ! અતઃ હમ કહ સકતે હય, કિ "ઇશ્વર ભી ઉસીકી મદદ કરતા હય જો સ્વયં અપની મદદ કરતા હય !"

સક્ષેપમેં હમ કહ સકતે હય કિ આત્મનિર્ભરતા એક શ્રેષ્ઠ ગુણ હય, જિસકા પ્રત્યેક મનુષ્ય મે હોના આવશ્યક હય ! આત્મનિભંર વ્યકિત અપને માર્ગ પર દ્રઢતાપૂર્વક આગે બઢતે રહેતે હય ! એસે આત્મનિર્ભર વ્યકિત હી દેશ વ સમાજકે ગૌરવ કહે જા સકતે હય ! દુસરી ઔર હમ દેખતે હય ! કિ જિસમેં આત્મનિર્ભરતાકી ભાવના નહીં હોતી વે સદૈવ દુસરોંકી સહાયતાકી અપેક્ષા કરતે હય ! અતઃ સભી બાતોંકા નિચોડ યહ હય કિ આત્મનિર્ભરતા વ સ્વાવલમ્બન કી ભાવના હી મનુષ્યત્વ પ્રદાન કરતી હય ! આત્મનિર્ભરતા એક સામાજિક વ શ્રેષ્ઠ ગુણ હય અપને પૈરોં પર ખડા હોના હી આત્મનિર્ભરતા હય !

આત્મનિર્ભરતા એક સામાજિક ગુણ ભી હય ! ઇસ ગુણ કા વિસ્તાર હી સમાજકો ઉન્નત બનાતા હય ! આત્મનિર્ભરતા મનુષ્યકો સ્વાવલમ્બી બનાતી હય, ઉસકી આત્માકા પરિષ્કાર કરતી હય તથા ઉસકે ચરિત્રકા વિકાસ કરતી હય ! સમાજ વ્યકિતકી સ્મષ્ટિ કા હી નામ હય ! જબ પ્રત્યેક વ્યકિત કા હી નામ હય ! જબ પ્રત્યેક વ્યકિતકા ચરિત્ર વિકસિત હોગા તો સમાજ કા ભી નૈતિક સ્તર ઉંચા હોગા ! ઇસ પ્રકાર અપ્રત્યક્ષ આત્મનિર્ભરતા કે રૂપ મે હી સમાજકો ઉન્નતિશીલ બનાતી હય કોઇ સરકારી કાનૂન સમાજ કો ઉન્નતિશીલ બનાતા હય કોઇ સરકારી કાનૂન સમાજ કા એસા પરિવર્તન નહી લા સકતા જૈસા આત્મનિર્ભરતા કી ભાવના ! યદિ પ્રત્યક વ્યકિત આત્મનિર્ભર હો કર અપને આપકો સુધારનેકી ચેષ્ટા કરે તો જાતિ તથા સમાજકા સમાજ સુધર જાય !

આત્મનિર્ભરતા નમ્રતાકી પુત્રી હય ? આત્મનિર્ભર વ્યકિત સદૈવ પૂજ્ય હોતા હય વહ સમાજ મેં ઉસી પ્રકાર સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરતા હય જિસ પ્રકાર તુમ્બી સદૈવ જલ કે ઉપર તૈરતી હય ! આત્મનિર્ભરતા કે બારે મેં હમે જો શિક્ષા સમાજ મેં રહકર મિલતી હય ઔર સ્કૂલ વહ કોલેજો સે નહી મિલતી ! આત્મનિર્ભરતાકી વાસ્તવિક શિક્ષા હમે, કિસાન, મજદૂર બઢઇ, લુહાર આદિ કારીગરોંસે હી પ્રાપ્ત કર સકતે હય ! આત્મનિર્ભરતા સમાજ મેં નવિન શકિતકા સંચાર કરતી હય તથા સમાજકી બુરાઇયો રૂઢિયોંવ નિન્દિત રીતિયોં કો દૂર કરતી હય ! આત્મનિર્ભરતા સમાજકે સ્તર કો ઉચા કરતી હય ! ઇસ પ્રકાર હમ દેખતે હય કિ આત્મનિર્ભરતા એક વ્યકિતગત ગુણ ન હોકર સામાજિક ગુણ ભી હય ! મનુષ્ય સમાજકી સફાઇ હય ઔર સમાજ મનુષ્યકી સમષ્ટિ ! ઇસ ગુણકા વિસ્તાર ભી સમાજમેં હી હોતા હય તથા ઇસકી શિક્ષા ભી સમાજ મેં હી મીલતી હય !

આત્મનિર્ભરતા કી ભાવના હી મનુષ્ય કો મનુષ્ય બનાતી હય ! આત્મ-નિર્ભરતા કે દ્વારા હી હમ દાસ વ મનુષ્ય મે ભેદ કર સકતે હય ! આત્મનિર્ભરતા આ જાને પર મનુષ્યકો અપને ઉપર વિશ્વાસ હો જાતા હય ! વહ દૂસરે કે સહારે ન રેહ કર સ્વાવલમ્બી બન જાતા હય ! વહ સમાજમેં સમ્માન કે સાથ અપના જિવન વ્યતિત કરતા હય ! આત્મનિર્ભરતા મનુષ્યકો ધૈર્ય પ્રદાન કરતી હય ! ઇસી કે સહારે મનુષ્ય કઠિન સે કઠિન પરિસ્થિતી મેં ભી વહ નહી ઘબડાતા ! વહ બડી સે બડી વિપત્તિ કા સામના હંસતે હસતે હી કરતા હય ! તથા મનુષ્ય કો અપને ઉપર પૂર્ણ વિશ્વાસ હો જાતા હય કિ વહ સંસાર કે કિસી ભી કાર્ય કો

સરલતા સે કર સકતા હય ! આત્મનિર્ભરતા હમેં શાન્તિ, સત્યતા, મર્યાદા આદિકી ભાવના વ સહનશીલતા આદિ અચ્છી વૃત્તિયોં કો ઉન્નત કરતી હય ! દરિદ્રતા ઔર અજ્ઞાનતા આદિ દૂષણ ભી ઇસી કે દ્વારા દૂર હો સકતી હય ! તથા ઉસે મુશ્કિલો સે લડનેકા સાહસ પ્રદાન કરતી હય આત્મનિર્ભર વ્યકિત હમેશાં અપને બાહુબલ પર ભરોંસા કરકે હિ વ્યર્થ કરતે હય ! દૂસરી ઓર હમ દેખતે હય કિ આલસી વ કાયર વ્યકિત સદૈવ ભાગ્ય કે ભરોસે બૈઠે રહતે હય ઔર ઈશ્વર સે સહાયતા કી પ્રાર્થના કિયા કરતે હય !

" અજગર કરૈ ન ચાકરી, પંછી કરૈ ન કામ ।
દાસ મલુકા કહ ગયે, સબકે દાતા રામ ॥ "

લેકિન આત્મનિર્ભર વ્યકિત સદૈવ અપને આપ આગે બઢતે હય ! વે અપના માર્ગ સ્વયં હિ તય કર લેતે હય ઉન્હે દુસરોકી સહાયતાકી અપેક્ષા નહી હોતી હય એસે વ્યકિત હમેશાં ઉન્નતિ કિ ઔર અગ્રસિત રહેતે હય.

ઇસ પ્રકાર હમ અંત મે કહ સકતે હય: કિ આત્મનિર્ભરતા એક અમૂલ્ય ગુણ હય ઈસસે બહુત સે લાભ હોતે હય આત્મનિર્ભરતા માનવ કી આત્મા કા પરિષ્કાર વ ઉંસકે ચરિત્ર કા વિકાસ કરતી હય આત્મનિર્ભરતા કી ભાવના હી સમાજ દેશ, વ જાતિ કા ઉન્નતિ કા માર્ગ પ્રદર્શિત કરતી હય આત્મનિર્ભરતા મનુષ્યં કો સાહસ પ્રદાન કરતી હય અધિક કયા? આત્મનિર્ભરતા હિ મનુષ્ય કો મનુષ્ય બનાના સિખલાતી હય! અંત મેં હમ કહ સકતે હય, કી આત્મનિર્ભરતા એક સર્વશ્રેષ્ઠ સામાજિક ગુન હયાં તથા ઈસસે કઇ લાભ હોતે હય!

સુખંશયાનાં નિલયેનિજેડપિ નામાનિ વિષ્ણોઃ પ્રવદન્તિ મર્ત્યાઃ ॥
તે નિશ્ચિતં તન્મયતાં વ્રજન્તિ ગોવિન્દ દામોદર માધવેતિ ॥

પોતાના ઘરનાં જ અને તે પણ સુખે શય્યા પર સુતેલા લોકો 'હે ગોવિન્દ ! હે દામોદર ! હે માધવ !' એવાં વિષ્ણુ ભગવાનનાં પવિત્ર નામોનું નિરંતર સ્મરણ કર્યા કરે છે. તે લોકો નિઃસંશય ભગવાનની તન્મયતાને પ્રાપ્ત થઈ જાય છે.

દિકરી દર્પણ :–

રવજી ઉરજી પટેલ
ખાંભડી–(કચ્છ)

આજના આરાજમાં ઘટયાં છે દિકરીનાં માન
દિકરીનાં માન

ગાય અને દિકરી એ સરખે તોળાય છે
દોરો જે રાહમાં ત્યાં જાતે બંધાય છે
દુઃખો હજારો, વેઠો સેવી કરીને ,
મુંગા વાણી માં એતો માતા કહેવાય છે,
ઉજાળ્યાં નાતોનાં નામ...આજના...

પિતા મિલ્કત બંધુ ભાગે વહેંચાય છે.
એનીને ભાગ કાળાં કામો રહી જાય છે.
લેછે અવતાર બંન્ને એક માડીના પેટે,
બંધુ ને હેત જાજું, એની પછતાય છે'
જગવિખ્યાત છે આ વાત...આજના...

એની બહેન મટી, સાસરે જાય છે,
પિતાને મન પાછળ મોકળ થાય છે,
દિકરો જો નિવડે સાચો, સેવા કરે નહિતો,
માતપિતા બેઉ પાછળ ઠોકરો ખાય છે,
દેછે નસીબે ખોટો દોષ...આજના...

એક વાજાંનાં બંધુ-એની બે સુર છે,
પ્રેમ બન્નેને આપો સાચો જે ઉર છે,
કહે "રવિ" દિકરીને, માતા સેવીને રાખો,
એવાનું જગમાં અસર નામ રહી જાય છે,
પહોંચેના કોઇને હામ...

આજના આ રાજમાં ઘટયાં છે દિકરીનાં માન
દિકરાનાં માન......

વડીલો વિચારો

કાન્તિભાઈ મણીભાઈ પટેલ
કલકત્તા

ધર્મ અર્થ અને કામ એ ત્રણ વસ્તુની પ્રાપ્તિ સિવાય માણસ ગૃહસ્થાશ્રમમાં ડગલું ભરી શકતો નથી. અને આ આશ્રમમાં આવતાં એને જીવન સાથીની જરૂર પડે છે. કુદરતે આ સાથીદાર તરીકે પુરુષને માટે સ્ત્રી નિર્માણ કરી છે; એટલે એ પહેલાં વિવાહ-સંસ્કાર થી યુકત થઈ સંસારનું મંગળાચરણ કરે છે. શાસ્ત્રકારોએ કહ્યું છે કે "ગૃહિણિ વિનાનું ઘર એટલે સ્મશાન.

જન્મથી મૃત્યુ સુધીમાં માનવ માત્રને સોળ સંસ્કાર નકકી કરવામાં આવ્યા છે. આ સઘળી સંસ્કાર વિધિઓમાં વિવાહ અને લગ્ન બંધનનો સંસ્કાર ખાસ અગત્યનો ભાગ ભજવે છે. ગૃહસ્થાશ્રમ રૂપી ગાડું સ્ત્રી પુરુષ બંને મળીને ખેંચી શકે છે. એક બીજાના સહકાર વિના સંસાર-શકટ તાણી શકાતું નથી.

આમ જે બંધન-જે સંસ્કાર ઊપર આખા જીવનની આબાદી અને બરબાદીની મોંઘી મહેલાતો ચણવાની હોય છે, એમાં અવિચારી પણું અને ઉતાવળ કામનાં નથી. સ્ત્રી તેમજ પુરુષ પ્રત્યેકને આ બંધન થી બંધાતા પહેલાં પરસ્પરના ગુણ, કર્મ અને સ્વભાવથી પરિચિત હોવું જરૂરી છે. નહિતો એક બીજાથી વિરુદ્ધ સ્વભાવ અને વિચારો હોય તો આખરે જીવન દુ:ખમય નિવડે છે.

જ્યાં સ્ત્રી અને પુરુષ એકમેકના સ્વભાવથી સારી રીતે માહિતગાર થઈ જાય છે, ત્યાં અમુક ક્યાસ કે ન્યુનતા ચલાવી લેતાં પણ શીખી જાય છે. સ્નેહને વશ થઇ એટલુ જુદાપણું ભુલી જઇ સંસાર સુરામય બનાવી શકે છે. પરંતુ જે યુગલો મા બાપ કે વડીલોની ઇચ્છા અનુસાર બળાત્કારે જોડાય છે, જ્યાં સ્ત્રી કે પુરુષ બે માંથી એકને પણ પોતાના વિવાહને અંગે કાંઇ પણ વિચાર કરવાની સલાહ આપવાની કે સવાલ પૂછવાની સત્તા હોતી નથી ત્યાં પરિણામ, આગળ જતા કલેશ, કંકાશ અને આત્માહત્યામાં જ પરિણમે છે

ધર્મશાસ્ત્ર એમ કહે છે કે વિવાહ-સંસ્કાર શારીરિક નહિ પણ આધ્યાત્મિક બંધન છે. સંસારના સુખ સાથે એમાં પરલોકના સુખ સંબંધ પણ સંકળાયેલાં છે તેમ છતાં આજકાલ થતા ઘણા લગ્ન સંબંધોમાં સ્ત્રી-પુરુષની ઉંમરની અસમાનતા પણ નજરે પડે છે. સ્વભાવનાં કજોડાં કરતાં પણ ઉંમરના આ કજોડાં ઘણાં આફતકારી છે નાનો વર અને

મોટી વહુ, ક્યાં તો વૃધ્ધ વરને ઢીંગલી જેવડી વહુ આવા વિચિત્ર સંસારમાં સ્નેહ નાં અમૃત કઇ રીતે વરસે?

અસલના વખતમાં પુરુષને માટેની વાત તો બાજુએ મૂકીએ પણ સ્ત્રીને માટે પણ ઇચ્છાવર વરવાની "સ્વયંવર લગ્ન-પ્રથા" હતી. કોઇ પણ મા બાપ એવાં ન જે હોય કે જે પોતાનાં સંતાનોનો સંસાર કષ્ટમય રહે એવી અભિલાષા ધરાવે! પથ્થર એટલા દેવ પૂજી, અનેક બાધા માનતા માની, પાણીની જગ્યાએ દૂધ પાઇ ઉછેરેલી પ્રજા માટે એમને લાગણી કેમ ન હોય? પણ સંજોગોને વશ થઇ. ક્યાંતો પછી પોતાના દેશમાં, ન્યાતમાં, કે કુળમાં ચાલતી આવેલી પ્રથાને વળગી રહી કે પછી પૈસાના લોભમાં અંજાઇને એ દીકરા-દીકરીઓને વેચે છે.

જ્યારે ઘણા ભોળા સ્વભાવનાં સંતાનોને બહુજ ચાહતાં મા બાપ કોઇ કોઇ વાર જમાઇ યા વહુ પસંદ કરી નાખવામાં ભૂલ પણ કરી બેસે છે. તો કોઇ વડીલો વળી-ગૌરવકુળ, જ્ઞાતિપ્રથા યા રીતના પાછળ અંધ શ્રધ્ધાથી વળગી રહીને પણ પોતાનાં સંતાનોના ભાવિસુખમાં અજાણતાં જ દીવાસળી ચાંપી દે છે.

અને યુવક-યુવતિનાં વડીલ મા બાપની પરાણે થતાં અગર પોતાના વગર વિચાર થતા લગ્ન સંબંધો, સ્નેહ વિન સુના સંસારની કહેતી સત્ય બનાવે છે. સ્નેહ વિનાના થતાં એ શરીરલગ્નો કેવળ વિલાસ અને વાસનાની ભૂખ સંતોષે છે. સ્ત્રીને પરણનાર પુરુષ પોતાની મરજી મુજબ રમવાનુ રમકડું માની બેસે છે. સાસુ, વહુને સેવા ચાકરી કરનાર દાસી કે નોકરડી જેવી સમજતી થાય છે. પતિ પત્નીના રાગ કોઇ પણ બાબતમાં એક ન થતાં હમેશાં ખટરાગ થયા કરે છે. પરિણામે બોલાચાલી કે કકાશ વધતાં મન ખાટાં થઈ જાય છે. સંસાર સુધામય લાગવાને બદલે કડવો ઝેર જેવો લાગે અને આગળ જતાં છૂટાછેડાનાં પરિણામો આવે છે.

માટે વડીલો અગમચેતી વાપરી આવાં પરિણામો ન આવે તે માટે તમે: તમારાં સંતાનોનાં ભાવિ સુખનો વિચાર કરી એમની અનુમતિ મેળવી પુરી ચોકસાઇથી એનના સ્નેહસંબંધ ગોઠવી એમના અંતરના આશિષ મેળવે તો કેટલુ સારુ ?

હોમિયોપેથીક મેડીકલ કોલેજ

હોમિયોપેથીક માર્ગદર્શન

મોહનલાલ હીરજીભાઈ પટેલ
(શીવપુરાકંપા) આણંદ, જિ. ખેડા

હોમાયોપેથિકના નામથી ઘણા પરિચીત હશે. ઘણા અપરિચિત હશે. ગુજરાત માં જોઇએ તેટલો હોમિયોપેથીકનો વિકાસ ન થવાથી આપણે તેના વિષે ખાસ જાણતા નથી,

હોમિયોપેથીક શું છે. ?

એલોપેથિક અને આયુર્વેદિક ચિકિત્સાની જેમ હોમિયોપેથિક પણ એક ચિકિત્સા પદ્ધતિ છે. એલોપેથિક ચિકિત્સા પદ્ધતિ ની જેમ હોમિયોપેથીક ચિકિત્સા પદ્ધતિ આજે દુનિયાના ખૂણે ખૂણે લાખો રોગ પીડિત માનવીઓ રોગ મુક્ત બની રાહત મેળવી રહ્યા છે. દરેક કક્ષાના દર્દી, પછી તે ગરીબ હોય કે તવંગર ઓછામાં ઓછા ખર્ચે આ પદ્ધતિથી દવાઓનો લાભ લઈ શરીર સ્વાસ્થ્યનો આનંદ મેળવી શકે છે.

લાભ :— નાની મોટી કોઈ પણ બીમારી થાય ત્યારે તેના ઉપચાર માટે દરદી, તેની સારવાર માટે સામાન્ય રીતે એલોપેથિક ડોકટર પાસે જાય છે, પણ તે કરતાં હોમિયોપેથીક સારવાર અનેક રીતે સરળ અને સસ્તી છે.

હોમીયોપેથીક ચિકિત્સા પદ્ધતિની સારવારથી માનવશરીરમાં આડઅસરો કે વિકૃતિઓ (Reaction) પેદા થતી નથી. આ પદ્ધતિ શરીરના મૂળભુત દરદને તેમજ વિકૃતિને નાબૂદ કરી, દરદીને નીરોગી અને સ્વસ્થ બનાવે છે.

વિશેષ તો સામાન્ય અને ગરીબ માણસોને પરવડે તેવી આ સર્વસુલભ પદ્ધતિ છે. હોમિયોપેથીક ચિકિત્સાનો લાભ મળે તે માટે ગુજરાત સરકારે ગુજરાતમાં બે કોલેજો ચાલુ કરી છે.

હોમિયોપેથીક કોલેજ (ગુજરાત)

(૧) હોમીયોપેથિક મેડિકલ કોલેજ, સાવલી.
સાવલી (વડોદરા) —છેલ્લાં પાંચેક વર્ષથી શરૂ થઇ છે.

(૨) હોમાયોપેથીક મેડીકલ કોલેજ, આણંદ
આણંદ (જિ. ખેડા)
છેલ્લાં ત્રણ વર્ષથી ચાલે છે.

કોલેજમાં એડમીશન મેળવવા બાબત :—

હોમિયોપેથીક નો ચાર વર્ષનો મેડીકલ અભ્યાસક્રમ છે.

એસ. એસ. સી. પછી ગુણવત્તાના ધોરણે એડમીશન અપાય છે.

માન્યતા અને સર્ટીફિકેટ વિષે—

ગુજરાત સરકારે આ બંને કોલેજને માન્યતા આપેલ છે, આ કોલેજનું સંચાલન, ઇન્સપેકસન વગેરે 'હોમીયોપેથીક મેડીકલ કાઉન્સીલ' અમદાવાદ કરે છે ચાર વર્ષ પુરાં કર્યા પછી D. H. M. S. (ડી. એચ એમ. એસ.) નું સર્ટીફિકેટ મળે છે. (ડીપ્લોમા ઇન હોમીયોપેથીક મેડીસીન એન્ડ સર્જરી)

આણંદની હોમીયોપેથીક મેડીકલ કોલેજમાં આપણા નીચે જણાવેલ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

૧	શીવલાલ એન. પટેલ	છેલ્લુ વર્ષ	(માધવકંપા)
૨	મોહનભાઇ એચ. પટેલ	ત્રીજુ વર્ષ	(શીવપુરાકંપા)
૩	નરસિંહભાઇ એન. પટેલ	,,	(,,)
૪	ચંદુભાઇ એમ. પટેલ	,,	(હડમતીયાકંપા)
૫	હીરાલાલ એન. પટેલ	બીજુ વર્ષ	(રાયણુનોમાળ)
૬	મણીલાલ એ. પટેલ	,,	(કરસનપુરા)
૭	ચીમનભાઇ પટેલ	,,	(કૃષ્ણપુરાકંપા)
૮	શાન્તિલાલ પટેલ	પ્રથમ વર્ષ	(રણજીતપુરાકંપા)

ઉપર દર્શાવેલ વિદ્યાર્થીઓને મળવાથી પણ સંપૂર્ણ માહિતી મેળવી શકાય.

આલમનું અવનવું

રાજેશ ડી. પટેલ
કુ. નીરૂ આર પટેલ
ફરમસદ

- ☐ દુનિયામાં કુલ ૪૦ જાતનાં કેળાં થાય છે.
- ☐ નાઇલ નદીની ખીણમાં લગભગ ૬૦ ફૂટ લાંબા સર્પો થાય છે.
- ☐ મૃત સરોવરના ૧ ટન પાણીમાં ૧૮૭ રતલ મીઠું હોય છે.
- ☐ મહંમદ ગજનીએ જયારે કનોજ શહેર જીત્યુ ત્યારે તે શહેરમાં ફકત પાનવાળાઓનીજ ૩૦ હજાર દુકાનો હતી.
- ☐ દુનિયાંમાં સૌથી વધુ ધરતીકંપ અમેરીકાના ચિલી પ્રદેશમાં થાય છે.
- ☐ પૃથ્વીનો પાંચમો ભાગ વૃક્ષોથી છવાયેલો છે.
- ☐ માછલીઓને ૫૦૦ ફૂટ ઉંચેથી પાણીમાં ફેંકવામાં આવે તો પણ તેમને કોઈપણ જાતની ઇજા થતી નથી.
- ☐ માણસના દરેક વાળનું સરેરાશ આયુષ્ય પાંચ વર્ષ હોય છે.
- ☐ પોષ્ટના કાગળ ઉપર છાપ મારવાની પદ્ધતિ સૌ પ્રથમ ઈ. સ. ૧૯૬૦માં ઇગ્લેન્ડમાં શરૂ થઈ.
- ☐ ભારતમાં વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાની શરૂઆત ૧૮૫૫થી થઇ છે.
- ☐ સાપ, ડુંગળી અને બળતા ચામડાની ગંધથી દૂર ભાગે છે.
- ☐ એક મધમાખી એક ઋતુમાં એક ચમચો મધ તૈયાર કરે છે.
- ☐ એક પેન્સિલથી આશરે ૫૦ માઇલ લાંબી લીટી દોરી શકાય છે.
- ☐ રીછ બે થી ત્રણ માસ સુધી ભૂખ્યો રહી શકે છે.

★ હર કોઇ આરાધના કદી એળે જતી નથી, કે અફળ રહેતી નથી, પણ તે દાંભિક નહીં, ખરા અંતઃકરણની હોવી જોઇએ.

★ શું શું ભૂલી જવા જેવુ છે અને શું શું યાદ રાખવા જેવું છે. એ બધું અનુભવના ઢગલામાંથી વીણી વીણીને શોધી કાઢવુ એ વિશિષ્ટ કળા છે.

★ આવડત કેળવીને હક્ક ભોગવવાનો આગ્રહ ભલે સેવો. પરંતુ પહેલાં ફરજ બજાવવા પણ તત્પર રહો.

"મહાપુરુષોનાં ઉપનામ" ※

સંગ્રાહક : અન. વી. પટેલ
નાગપુર

જન્મ સિદ્ધ હક્ક	—	બાલગંગાધરતિલક
રાષ્ટ્રપિતા	—	શ્રી મહાત્મા ગાંધી
લોહપુરૂષ	—	શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ
નેતાજી	—	શ્રી સુભાષચંદ્ર બોઝ
પંડિતજી	—	શ્રી જવાહરલાલ નહેરૂ
દેશરત્ન	—	શ્રી ડૅા. રાજેન્દ્રપ્રસાદ
પંજાબ કેસરી	—	શ્રી લાલા લજપતરાય
ગુરુદેવ	—	શ્રી રવીન્દ્રનાથ ટાગોર
સિતારે હિન્દ	—	શ્રી સર સૈયદ અહમદખાં
શહીદે આઝમ	—	શ્રી સરદાર ભગતસિંહ
આઝાદ	—	શ્રી ચન્દ્રશેખર આઝાદ
દેશબન્ધુ	—	શ્રી ચિતરંજનદાસ
બા	—	કસ્તુરબા ગાંધી
ભારત કોકિલા	—	સરોજિની નાયડુ
રાજાજી	—	શ્રી ચક્રવર્તી રાજાગોપાલાચાર્ય

★ બોલ્યા વિના કામ કરવાની કળા—પ્રસંશા પાત્ર છે. પરંતુ બોલ્યા વિના ચિત્તને ચેન ન પડેતો તમારી જીભ ને નહીં, તમારા કામને બોલવાદો.

★ સ્વયં સળગ્યા પછી જ ધૂપસળી સર્વત્ર સુગંધ પ્રસારે છે. સુવાસ ફેલાવવા ઇચ્છતા આમાંથી બોધ લે તો સારૂ.

★ શિલ્પનો આકાર ધારણ કરવો હોય તો તેણે શિલ્પીના ટાંકણાના ઘા ઝીલવાની તત્પરતા દાખવવી જોઇએ.

જીવનપથના પુષ્પો

મગનભાઈ સોમાભાઈ
વડોદરા

— શ્રમ —

માનવજીવનના સર્વાંગી ઘડતરમાં, ભાવિ ઘડતર માટે, કલ્યાણકારી યોજના ઓ અને જીવનની સફળતા માટે શ્રમ અનિવાર્ય છે. કોઇપણ કાર્યો કે મનોરથો ઇચ્છાઓથી નહીં, પણ પ્રબળ પુરુષાર્થથી જ સિદ્ધ થાય છે. શ્રમ એ તો જીવનનો પ્રાણ અને સફળતાની ચાવી છે. શ્રમ વડે જ માનવ પ્રગતિ સાધે છે. કઠિન કાર્યો પૂર્ણ કરે છે. અને માનવીએ ઇચ્છીત કરેલ ધ્યેયો સાર્થક બને છે. શ્રમ કરનારને લક્ષ્મી શોધે છે. શ્રમથી શરીરનું ઘડતર તથા તંદુરસ્તી સારી રહે છે, મન પણ પ્રફુલ્લીત બને છે.

વિશ્વના મહાન પુરૂષોએ પરિશ્રમથી જ સિદ્ધિ મેળવી છે. મહાન વૈજ્ઞાનિક, ભૌગોલિક શોધો શ્રમને જ આભારી છે. શ્રમ વડે જ માનવીમાં હિંમત, આત્મ–વિશ્વાસ, સ્વાશ્રયભાવના, કુશળતા, સંસ્કારિતા, ચારિત્ર્ય, અને સદ્‌ભાવના અને રચનાત્મક બુદ્ધિ કેળવાય છે.

"વિપદ પડે ન વલખાંએ
વલખે વિપદ ન જાય,
વિપદે ઉદ્યમ કીજીએ,
ઉદ્યમ વિપદને ખાય."

ઉપરોક્ત પંક્તિને જીવનમાં હંમેશને માટે આચરણમાં મૂકીએ તો નિરાશા કે દુઃખનું સ્થાન આપણા જીવનમાં રહેતું નથી, શ્રમ વિના માનવને પરાવલંબી જીવન જીવવું પડે છે.

પરિવર્તનશીલ આજના સમાજમાં ભણેલા યુવાન–યુવતીઓ શ્રમ કરતાં નાનમ અનુભવે છે અને જીવન ઘડતર નો કિમતી સમય વિતી જાય છે. શ્રમ કરવામાં આળસ ન કરવી જોઇએ "આળસ એ માનવનો મોટો શત્રુ છે." આળસુ માણસ કાયર, ગરીબીથી પીડિત થઇ જીવનમાં કંટાળો અનુભવે છે.

ઉત્પાદન વધારવામાં શ્રમનું સ્થાન અગત્યનું છે. રાષ્ટ્રના વિકાસમાં સહભાગી થવા માટે પણ શ્રમ કરવો જોઇએ. પુરૂષાર્થ વિના નશીબમાં કંઇ જ નથી. શ્રમથી અડગ શ્રદ્ધા, હિંમત અને સહનશીલતા પ્રાપ્ત થાય છે. શ્રમ નથી ત્યાં વાદવિવાદ, ઝગડાઓ, નિંદા, હિંસાખોરી, દ્વેષ, એશઆરામ, ગરીબી દરિદ્રતા, અજ્ઞાન, નિરાશા જોવા મળે છે. તે દૂર કરવા પુરૂષાર્થ જરૂરી છે.

ખેડૂત ગરમી, ઠંડી અને વરસાદ સહન કરીને ખેતરમાં કામ કરશે તો જ અન્નનુ ઉત્પાદન થશે. શ્રમની આહુતિ વિના સિદ્ધિ મેળવી શકાતી નથી. નાંનમ દૂર કરી શ્રમ દ્વારા જીવન નું ઘડતર કરીએ તો જીવનના પૂર્ણ ધ્યેયો મેળવી શકીશું.

સમાજ દર્પણ

સંકલ્પ
ધનસુરા

દરેક સમાજમાં દરેક વ્યકિતને એક બીજા સાથે જુદા જુદા સબંધો હોય છે. જુદા જુદા સબંધ પ્રમાણે જુદી જુદી ફરજ હક્ક અને બંધનો પણ સાથે સાથે હોય છે. દરેક વ્યકિતને આ હક્ક, બંધન અને ફરજનો સ્વીકાર કરવો જ પડે છે. તો જ તે સમાજ માં રહી શકે છે. અને પોતાના વ્યકિતત્વ પ્રમાણેનું સ્થાન જાળવી શકે છે. આ બધાનો સ્વીકાર ન કરનાર વ્યકિત સમાજથી અલગ પડી જાય છે અને તેનું સ્થાન સમાજમાંથી અને કુટુમ્બમાંથી ધીમે ધીમે નીચે ઉતરવા માંડે છે.

સ્ત્રી એ તો ઘરની શોભા છે. ઘર ની લક્ષ્મી છે. ઘરની આબરૂ પણ સ્ત્રી જ છે. જો ઘરમાં યોગ્ય સ્ત્રી ન હોય તો ઘર એ ઘર રહેતું નથી પરંતુ રણક્ષેત્ર બની જતું હોય છે, દરેક ઘર માં કોઇની મા કોઇની બહેન અને કોઇ ની પત્ની હોય જ છે. દરેક ને કંઇ ને કંઇ ફરજ અને બંધન પોતાના સબંધ પ્રમાણે હોય જ છે. મા, બહેન અને પત્ની વચ્ચે સંપ ન હોય તો ઘરની ચાર દિવાલોની અંદર રહેલી શાંતિ ધીમે ધીમે વિદાય લેવા માંડે છે. અને કુટુમ્બમાં વેર, ઝેર ઇર્ષા અને નિંદા કુથલીનું જ સામ્રાજ્ય પથરાઇ જાય છે.

ઘરમાં બહેનનું સ્થાન તો થોડા વખત માટેનું જ હોય છે. તે ઉંમર લાયક થતાં પરાયી બની પોતાના ઘેર વિદાય લઇ જાય છે. ઘરની અંદર કાયમી સ્થાન હોય તો તે ફકત સાસુ અને વહુનું જ હોય છે. જો આ બંને પાત્રોમાં એક બીજા વચ્ચે સુમેળ અને સંપ ન હોય તો ઘરનું વાતાવરણ શાંત રહી શકતું નથી. આ બંને પાત્રો એકબીજા ને સાથ અને સહકાર આપી સંપીને રહે તો, જ ઘરની કીર્તિ વધે છે.

બધાં ઇચ્છે છે કે ઘરમાં વહુ આવી એ તો જાણે નરી લક્ષ્મીની જ મૂર્તિ પરંતુ ઘરમાં આવતી લક્ષ્મીની મૂર્તિ સમી વહુ એકલી આવતી નથી. પરંતુ તે પોતાની સાથે ચાર ઘણું રૂપનું અભિમાન, રૂઆબ અને અનેક વટબંધ ફેશનને લઇને આવે છે. આ બધુ ઘર માં રહેલી વ્યકિતઓને નાપસંદ હોવા થી પહેલાંનું પવિત્ર અને પ્રેમાળ જીવન કલંકના શિખરે મુકાઇ જાય છે. ઘરમાં નવી આવેલી વહુએ એ ન ભૂલવું જોઇએ કે તે પોતાનું પિયર છોડીને બીજા કોઇ નવા જ સ્થાને આવી છે. સ્વભાવિક જ છે. કે પિયરમાં મળેલી છૂટ આ નવા સ્થાને ન જ મળી શકે. પિયરમાં તેનું સ્થાન એક બેટી અને બહેન તરીકેનું હતું જયારે અહીં તો

તેનુ સ્થાન વહુ અને ભાભી તરીકેનું છે. સ્ત્રી જયારે બહેન અને બેટી મટી વહુ અને ભાભીનું સ્થાન પ્રાપ્ત કરે છે ત્યારે તેને છૂટ નથી મળતી પરંતુ બંધનોનો સ્વીકાર કરવો પડે છે. થોડી ઘણી મર્યાદા પણ રાખવી પડે છે. પિયરમાં છૂટ મેળવેલી હોય એટલે શરૂઆતમાં આ બંધનો ન પણ ગમે એ સ્વભાવિક જ છે. નવી નવી આવેલી વહુ એમ જો ઇચ્છે કે આ ઘરમાં હું કહું તેમ કરવું જોઈએ. પરંતુ તેની આ ઈચ્છા કોઇ પણ માન્ય ન જ કરી શકે. કદાચ જો કોઇ વહુ બળજબરી કે અભિમાન થી પોતાની ઈચ્છા માન્ય કરાવે તો તે વહુનું સ્થાન અને માન બંને ધીમે ધીમે ઘટી જાય છે. દરેક વહુએ એટલું તો જરૂર યાદ રાખવું જોઇએ કે આ ઘરમાં તેના આગમન પહેલાં પણ બીજા કોઇનું સ્થાન છે. દરેક વહુએ પોતાના વડિલોની ઇચ્છાને માન આપવું જોઇએ એમાં જ એની નમ્રતા અને માન સચવાયેલાં છે. કોઇ પણ વહુ હઠ પકડી અભિમાનથી કહે કે મારે આમ જ કરવું છે તો એવી તો કોઇ પણ સાસુ નથી કે જે પોતાના સ્વમાનનો ભોગ આપીને પણ આજ-કાલની નવી આવેલી વહુને પોતાનું ધાર્યું કરવા આપે. સાસુ કદાપિ તેની ઇચ્છાને તાબે થાય નહીં આવા પ્રસંગે વહુને લાગે છે કે મારું માન ન સચવાયું પણ તેણે એટલું સમજી લેવું જોઇએ કે વડીલો કદાપિ કોઇ પણ સંજોગોમાં પોતાની ઇચ્છા વિરુધ્ધ કોઇ ને પણ નમતું આપવા ખુશી હોતાં નથી. એટલે વહુએ આવા પ્રસંગોથી મનમાં લાવવું ન જોઇએ કે આ ઘરમાં મારું સ્થાન નથી પિયર અને જૂના દિવસોની યાદ તાજી બનતાં એમ લાગ્યું કે ચાલો પિયર જઇએ બસ આવો વિચાર આવતાં પિયર જવાની હઠ પકડવી અને ઘરની કે આગળ પાછળ કોઇની પણ ચિંતા કર્યા વગર ફરવા જતા રહેવું એ શું યોગ્ય છે? એમાં વહુનું માન વધતું નથી પરંતુ ઘટે છે. એવી તે કઇ સાસુ હશે કે જેને વહુનું આવું વર્તન ગમતું હોય? આવી આવી તો કેટલીય બાબતો રોજે રોજ જીવનમાં બનતી હોય છે. તેના પ્રત્યાઘાતો જીવનમાં પડતા જ હોય છે. આવી બાબતો દિલમાં નફરત અને તિરસ્કારની ચિનગારી પ્રગટાવે છે. માત્ર સળગતા કોલસા ઉપર રાખ વળી જતાં લાગે છે કે તે બૂઝાઈ ગયા છે પરંતુ સહેજ ફુંક મારતાં રાખ ઊડી જાય છે અને કોલસા ફરીથી સળગી ઊઠે છે. એવું જ કંઇક દિલમાં ભરાયેલુ હોય છે. ફક્ત બહારથી વાતાવરણ શાંત લાગતું હોય છે. પ્રગટેલી ચિનગારી કયારે જવાળાનું રૂપ પકડે તે કંઇ પણ કહી શકાતું નથી. વહુની ફરજ છે કે તેણે કદાપિ વડીલની ઈચ્છા વિરૂદ્ધ કંઈ પણ

 કાર્ય ન કરવું જોઈએ. અને પોતાની ઈચ્છાના ભોગે પણ વડીલોની ઇચ્છાને માન આપવું જોઇએ.

આ બધાનો અર્થ એવો નથી કે સાસુની કંઇ પણ ફરજ નથી. આજકાલ સમાજમાં ઘણી એવી સાસુઓ પણ છે, કે જે વહુના ગુણોનો વિચાર કર્યા વિના બીજા આગળ પોતાના દુઃખનાં રોદણાં રડયા કરે છે. અને પોતાની વહુને હલકી પાડે છે. મારી વહુ તો આવી છે ને તેવી છે. તે તો આમ કરે છે ને તેમ કરે છે તેને ફલાણું નથી આવડતું અને ઢીકણું નથી આવડતું. આ બધાનો કંઇ અર્થ ખરો? કોઇ પણ માણસ ભગવાનના ઘેરથી શીખીને આવતું નથી એ બાબત દરેક સાસુએ ધ્યાનમાં રાખવી જોઇએ. દરેક સાસુએ આ સમયે પોતાના જૂના દિવસો લક્ષમાં રાખીને કાર્ય કરવું જોઈએ. આ સમાજ માં આવ્યા પછીથી જ તે નવા નવા અનુભવ કરે છે. અને નવું નવું શીખે છે. વહુને કદાચ કંઇ ન આવડતું હોય એમાં એવો તો કયો મોટો દુઃખનો ડુંગર ખડકાઇ ગયો છે કે બધાને જણાવ્યા કરવું જે કંઇ ન આવડતુ હોય તે સાસુએ પ્રેમથી અને ધીરજથી શિખવાડવું જોઇએ. દરેકને બધી જ વસ્તુ આવડવી જોઈએ એવું કંઇ નથી. કોઇને કદાચ ન પણ આવડે. એમાં એનો એવો તે કયો મોટો દોષ છે. વહુના જીવનમાં સાસુનું સ્થાન એક માતા તરીકેનું હોય છે. એટલે તે સાસુ તરફથી માતૃત્વ અને વાત્સલ્યની આશા રાખે એમાં કંઇ પણ ભૂલ થઇ ગઇ હોય તો સાસુએ પ્રેમથી તેની ભૂલ સમજાવવી જોઇએ. અને ફરીથી આવી ભૂલ ન થાય એ વિશે માત્ર ટકોર કરવી જોઇએ અને માફી આપવી જોઇએ. એનો અર્થ એ નથી કે વહુ પણ વારંવાર એકની એક ભૂલ કરે અને સાસુ તરફથી માફી મેળવવાની આશા રાખે. આવા ભૂલના પ્રસંગોએ સાસુ અને વહુ બંનેએ એક એક પગથીયું નીચે ઉતરવું જોઈએ ભૂલના પ્રસંગે સાસુએ ગુસ્સે થવું ન જોઈએ અને ભૂલ બદ્દલ કંઇ પણ સાંભળવું પડે એ સમયે વહુએ ખોટું લગાડી અબોલાવ્રત ધારણ કરી ઘરમાં ફરવું ન જોઇએ.

સાસુ અને વહુનો સ્વભાવ પણ એક સરખો હોતો નથી. જુદા જુદા સ્વભાવ હોવાના કારણે કયારેક અભરાઈ ઉપરનાં વાસણો ખખડે પણ ખરાં એનો અર્થ એવો પણ નથી કે વાસણો ખખડવાથી અભરાઇ તોડી નાખવી જોઇએ. સાસુ અને વહુ બંનેએ એક જ ઘરમાં રહેવાનું છે. અને એક જ રસોડે જમવાનું પણ છે. તો પછી સાથે રહીને પણ એકબીજાથી શા માટે બંનેએ અલગ રહેવું જોઇએ? બંનેએ એકબીજાને થોડું ઘણું નમતુ આપવું જોઈએ. બંનેએ એકબીજાની ખામી નિભાવી લેતાં શીખવું જોઇએ એમાં જ એમની બુદ્ધિની કસોટી છે.

એકબીજાના સ્વભાવને અનુકૂળ થઇ સ્નેહ અને સંપથી સાથે રહેવાની માનવતા બહારથી ઉછીની લાવી ન શકાય.

સમાજના દરેકે દરેકે કુટુમ્બમાં સાસુ અને વહુ વચ્ચે સ્નેહ અને સંપ હોય તો સમાજના કાયદાની એકાદ કલમને પેટાવિભાગ પણવકીલોને યાદ રાખવાની માથાકૂટમાંથી છુટ્ટી મળી જાય ખરી! અને કદાચ સ્વર્ગનુ સૌંદર્ય સ્નેહ અને સંપની સુવાસથી આકર્ષાય અને આ વસુંધારાના વિશાળ પટ પર ઉતરી આવે તો આશ્ચર્યજનક ન કહેવાય!

સમાચાર દર્શન

— ધનસુરાનાં છાત્રાલયો માટે —

શ્રી ક. ક. પા. સનાતન સમાજ યુવક મંડળ (ગુજરાત), ધનસુરાએ ઉઘરાવેલ અનાજ નોંધ :-

૮૦	પટેલ વેલજીભાઈ પુંજાભાઈ	અણીયોરકંપા
૫૦	,, વિશ્રામભાઇ નથુભાઈ	,,
૨૦	,, પરબતભાઈ હરજીભાઈ	,,
૨૦	,, ભાણજીભાઇ હરજીભાઈ	,,
૫૦	,, જીવરાજભાઇ રતનસીભાઇ	,,
૪૫	,, સવજીભાઈ હરજીભાઈ	,,
૨૦	,, નાનજીભાઈ માવજીભાઈ	,,
૪૦	,, પરસોત્તમભાઈ નથુભાઇ	,,
૨૦	,, મણીલાલ મેઘજીભાઈ	,,
૨૦	,, કરશનભાઇ પ્રેમજીભાઈ	,,
૧૦	,, ગોપાલભાઈ ખેતાભાઇ	,,
૨૦	,, રામજીભાઈ હરજીભાઈ	,,
૧૦	,, લખમસીભાઇ માધાભાઇ	,,
૧૦	,, કરશનભાઈ માધાભાઈ	,,
૧૦	,, નાગજીભાઇ મુળજીભાઈ	,,
૧૦	,, દેવસીભાઈ પ્રેમજીભાઈ	,,
૧૦	,, ભાણજીભાઈ વાલજીભાઈ	,,
૨૦	,, પુંજાભાઇ પ્રેમજીભાઈ	,,
૧૦	,, સવજીભાઇ રામજીભાઇ	,,
૨૦	,, સામજીભાઇ નથુભાઇ	,,

શ્રી કચ્છી કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ
વલ્લભવિદ્યાનગર (આણંદ)

ઉપરોકત વિદ્યાર્થીમંડળની એક મીટીંગ તા. ૧૭-૮-૭૬ ને રવીવારે ખેતીવાડી મુકામે ડેરી હોસ્ટેલ-૧૯ માં સામાજીક કાર્યકર શ્રી જેઠાભાઇ એસ. પટેલના પ્રમુખસ્થાન હેઠળ યોજવામાં આવેલી હતી. તેમાં મોટી સંખ્યા માં વિદ્યાર્થી ભાઇબહેનોએ હાજરી આપી હતી ઓળખવિધી તથા કારોબારીની સર્વાનુમતે નીમણુંકનુ કાર્ય હર્ષોલ્લાસ વચ્ચે પુરૂ થયું હતું કુલ ૬૫ સભ્યો ધરાવતા આ મંડળમાં વિદ્યાર્થી ભાઇબહેનો નીચેની વિદ્યાશાખાઓ માં અભ્યાસ કરી રહ્યા છે.

(૧) એગ્રીકલ્ચર—૧૯,
(૨) હોમીયોપેથીક—૮
(૩) વેટરીનરી—૩
(૪) પોલીટેકનીક—૫
(૫) આર્ટસ—૪
(૬) એન્જીનીઅરીંગ—૩
(૭) કોમર્સ—૩
(૮) સાયન્સ—૨૦

મીટીંગના અંતે અલ્પાહાર બાદ આનંદ પ્રમોદના કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યું હતું.

ચાલુ સાલે કારોબરીના સભ્યો નીચે પ્રમાણે સર્વાનુમતે ચુંટાયા છે.

(૧)	પ્રમુખ	શ્રી શીવલાલ એમ. પટેલ	3rd D. H. M. S.
(૨)	ઉપપ્રમુખ	શ્રી રતીલાલ એસ. પટેલ	S. Y. (Veterinary)
(૩)	મંત્રી	શ્રી જયંતીલાલ કે. પટેલ	S. Y. (Agriculture)
(૪)	સહમંત્રી	શ્રી ચંદુલાલ કે. પટેલ	Polytechnique
(૫)	ખજાનચી	શ્રી નરસિંહભાઇ એન. પટેલ	3rd D. H. M S.

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ વલ્લભવિદ્યાનગરનું ગૌરવ

૧૯૭૫-૭૬ના વર્ષમાં સફળતા પૂર્વક પસાર થયેલ ભાઇઓ

(૧) સર્વશ્રી અરવીંદભાઇ કે. પટેલ B. Sc Agri -64%

(૨) " ચંદુભાઈ કે. પટેલ (પોલીટેકનીક) ૭૪ %
બોર્ડમાં નવમા–કોલેજમાં બીજા. નંબરે.

(૩) " મનહર એચ. પટેલ (Polytechnique) 73%
કોલેજમાં ત્રીજા અને બોર્ડમાં બારમા નંબરે

૪) " દેવશીભાઈ પી પટેલ (Mech Eng.) 72%
બોર્ડમાં બીજા નંબરે કોલેજમાં બીજા નંબરે

(૫) વી. ડી વેલાણી. ૬૧% (Engineering)

(૬) અંબાલાલ પી. પટેલ (B. Sc chem) 65%

(૭) અંબાલાલ ડી. પટેલ સેક્રેટરી (B Com) II Class

મંત્રી શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ
વલ્લભવિદ્યાનગર

કોની પાસેથી શું શીખીએ

જીતેન્દ્ર આર. પટેલ
તલાદ

૧ બાળક પાસેથી નીર્દોષતા
૨ ગાય પાસેથી નમ્રતા,
૩ બળદ પાસેથી પરિશ્રમ,
૪ કબુતર પાસેથી શાન્તિ,
૫ કૂકડા પાસેથી વહેલા
૬ કીડી પાસેથી એકતા,
૭ સિંહ પાસેથી નીડરતા,
૮ કમળ પાસેથી સ્વચ્છતા,
૯ કોયલ પાસેથી મધુર વાણી,
૧૦ ગુલાબ પાસેથી સુવાસ
૧૧ વૃક્ષ પાસેથી શીતળતા,
૧૨ સતો પાસેથી ક્ષમા,
૧૩ મૃગ પાસેથી મિત્રતા,
૧૪ પર્વત પાસેથી અડગતા.
૧૫ ભમરા પાસેથી સારગ્રહણ.

દાનવીરોની વચ્ચે

એક વાર માનવ કયાંક જઈ રહયો હતો.

ચાલતાં ચાલતાં રસ્તામાં ઝરણું મળ્યું. માનવે એને પૂછયું. આટલી ઝડપથી દોડીને કયાં જાય છે? ઝરણાએ જવાબ આપ્યો. મારે લોકોની તરસ છીપાવવા જવું છે!

એજ સમયે માનવે જોયું તો માટી ઝરણાને કહેતી હતી. ભાઇ, મને પણ વહેણમાં લેતો જા. અને પેલાં ખેતરોમાં પહોંચાડીદે કે જયાં હું મારાં ઉત્પાદક તત્વો આપી શકું!

ઉપર જોયુ તો, પેલાં વાદળાં પહાડને પ્રાર્થના કરતાં હતાં. અમને રોકીશ નહીં. અમારે ખેતરો ઉપર જઇને પ્રેમથી વરસવું છે!

અને પેલા ખેતરના છોડ ઝાડ પણ હસીહસીને કહેતા હતા, બસ, હવે અમે ફળ-ફુલવાળાં થવા લાગ્યાં છીએ...હવે અમે બીજાના ખપમાં આવી શકીએ. એવો ધન્ય દિવસ નજીક જ આવી રહ્યો છે...!

કુદરતના આ ઉદાર દાનવીરોની વચ્ચે એકમાત્ર માનવ જ એવું પ્રાણી હતો કે જે કૃપણતાનું દર્શન કરાવતાં કહેતો હતો.

મને તરસ લાગી છે, મને પાણી આપો ...

મને ભૂખ લાગી છે. મને ખાવા આપો. !

આવો સ્વાર્થી માનવ પરમાત્માને કયાંથી મેળવી શકે?

'સુવિચાર' સંકલન

દુ:ખદ અવસાન

દુ:ખ સાથે જણાવવાનું કે જબલપુર સમાજના જાણીતા કાર્યકર શ્રી હરીભાઇ ડાહ્યાભાઇ પટેલનું તા. ૩૦-૭ ૭૬ ના રોજ અમદાવાદમાં અવસાન થયેલ છે. તેઓ આઠ દિવસ પહેલાં અમદવાદ ઉપચાર અર્થે ગયા હતા. ડૉકટરોની પુરી સંભાળ હોવાથી તેઓના છેલ્લી ઘડી સુધીના પ્રયાસો કરવા છતાં બચી શકયા નહીં.

જબલપુર સમાજમાં આ દુ:ખદ બનાવથી ખુબ જ શોક ફેલાયો હતો. સ્વ. હરીભાઇનાં સ્મરણો ભૂલાય તેમ નથી, તેમના અવસાનથી જબલપુર સમાજને મોટી ખોટ પડેલ છે. સદ્દગત શ્રી અહીંના અગ્રગણ્ય વેપારી તરીકેની નામના મેળવી વિશાળ પરીવાર છોડી ગયા છે. તેમનાં કુટુંબીજનોને અકાળે આવેલ દુ:ખ સહન કરવાની પ્રભુ શક્તિ આપે અને સદ્દગતના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

દાનવીરોની વચ્ચે

એક વાર માનવ કયાંક જઈ રહયો હતો.

ચાલત

દોડીને ક
જવું છો

એજ
વહેણમાં
તત્વો આ

ઉપર
નહીં. અ

અને પે
ફળ-ફુલવા
ધન્ય દિવસ

કુદરતના
કે જે કૃપણ

મને તર

મને ભૂ

આવો ર

કાર્ય
અમ
અમ
તેઆ

હતો.
જબલ
અગ્રગ
છે. તે
શક્તિ

શ્રી આંધ્ર પ્રદેશ કચ્છી કડવા પાટીદાર સમાજ

"શ્રી આંધ્ર પ્રદેશ કચ્છી કડવા પાટીદાર સમાજ' ની એક અસાધારણ સામાન્ય સભા તા. ૨૮ તથા ૨૯ ઓગષ્ટ ૧૯૭૬ના વરંગલ મુકામે યોજાયેલ હતી જેમાં સમગ્ર આંધ્ર પ્રદેશના જુદાજુદા વિસ્તારોમાંથી ૧૨૫ સભ્યોએ હાજરી આપી હતી.

સૌ પ્રથમ સભાનું કામકાજ શરૂ કરતાં પહેલાં સ્વ શ્રી રતનશી કાનજી (હૈદરાબાદ), સ્વ. શ્રી મ.વજીબાપા (ખમામ). સ્વ. શ્રી ગાભુભાઈ (કલકત્તા), સ્વ. શ્રી ખેતાભાઈ (કલકતા) તથા સ્વ, શ્રી હરીભાઈ (જબલપુર) ના થયેલ દુઃખદ અવસાન બદલ શોક વ્યકત કરતાં બે મિનિટનું મૌન પાળવામાં આવેલ હતું.

ત્યાર બાદ "શ્રી વરંગલ કચ્છી કડવા પાટીદાર સમાજ" વતી ત્યાંના માનદ મંત્રી શ્રી નાનાલાલભાઇએ સ્વાગત પ્રવચન કર્યું હતુ. ત્યાર બાદ સમાજના માનદ મંત્રી શ્રી રતીલાલ પટેલે ગત વર્ષનાં કાર્યોનો ટુંકમાં અહેવાલ તથા મીનીટ્સ વાંચન કર્યું હતું. ત્યારબાદ ખજાનચી શ્રી કાનજીભાઈ પટેલે આવક જાવકનો હિસાબ રજુ કર્યો હતો.

ત્યાર બાદ બંધારણ સમિતી દ્વારા રજુ થયેલ "સુચિત બંધારણ" મંત્રીશ્રીએ રજુ કર્યું હતું. જેના પર ચર્ચા વિચારણા કરી જરૂરી સુધાર વધારા સાથે બંધારણ તથા ધારાધોરણ મંજુર કરવામાં આવેલ પુરા આંધ્ર-પ્રદેશમાં વસતા આપણા જ્ઞાતિજનોની વસ્તી ગણત્રી પુસ્તક ૩૫ છપાવી તા. ૩૧-૩-૧૯૭૭ અગાઉ પ્રસિદ્ધ કરવા અંગે નિર્ણય લેવામાં આવેલ હતો. હાલ હૈદરાબાદ નિવાસી શ્રી શીવગણભાઇ શીવજીભાઈનું બહુમાન કરવામાં આવેલ હતું કે જેઓ હાલમાંજ લાયન્સ કલબ (હૈદરાબાદ-સાઉથ)ના પ્રમુખશ્રીના હોદ્દા પર નિમાયા છે. તેમજ વરંગલ નિવાસી શ્રી પુરૂષોત્તમભાઈ લાલજી (દેશલપુર-ગુંતલી)નું પણ ભાવભીનું બહુમાન કરવામાં આવેલ કે જેમણે કિડનીનું દાન આપી એક નવી રીતનો દાખલો બેસાડેલ છે જે લગભગ આપણી જ્ઞાતિ માટે ગૌરવની વાત છે. જેની મુકત કંઠે પ્રસંસા કરવામાં આવેલ હતી ત્યારબાદ મેટ્રીક ઉપર અભ્યાસ કરતા આપણા જ્ઞાતિ-બંધુઓ કે જેઓ આંધ્ર પ્રદેશમાં વસે છે. તેમનું પણ બહુમાન કરવાનું ઠરાવેલ.

વસ્તી-પત્રક પુસ્તક છપાવવા અંગે શ્રી રતીલાલ શીવજી ના અધ્યક્ષપણા હેઠળ પાંચ સભ્યોની સમિતીની નિમણુક કરવામાં આવેલ હતી અને આ અંગે

ત્વરીત કામ હાથપર લેવા પર ભાર મુકવામાં આવ્યો હતો પરંતુ મોડામાં મોડું તા. ૩૧-૩-૧૯૭૭ અગાઉ પુસ્તક તૈયાર થઈ જવું જોઈયે તેમ નક્કી કરવામાં આવેલ હતું.

ત્યાર બાદ નવી કારોબારી સમિતીની ચુંટણી યોજાય તે અગાઉ હાલની કારોબારી સમિતીના સભ્યોએ ચુંટણી અધિકારીશ્રીને પોતપોતાના રાજીનામા પ્રેષિત કર્યાં હતાં. હાલના પ્રમુખશ્રી પચાણભાઇ તથા માનદ-મંત્રીશ્રી રતીલાલભાઇએ કરેલ સુંદર કામગીરી બદલ પ્રસંશા વ્યકત કરવામાં આવી હતી તેમની કામગીરી બિરદાવતાં સમાજવતી પુષ્પહાર અર્પણ કરી તેમનુ બહુમાન કરવામાં આવેલ હતું નવી સમિતિના હોદ્દેદારોની જયાં સુધી ચુંટણી ન થાય ત્યાં સુધી હાલના હોદ્દેદારો ને પોતાની જગ્યા પર ચાલું રહેવા ચુંટણી અધિકારીશ્રીએ જણાવ્યુ હતુ

નવી કારોબારી સમિતીની ચુંટણી યોજાયા બાદ નીચે મુજબના હોદ્દેદારો ચુંટાયેલાં જાહેર કરવામાં આવેલ હતા.

પ્રમુખઃ શ્રી પચાણભાઇ ખેતાભાઈ (નાગલપર) C/o પટેલ ટીમ્બર ડેપો ખમ્મમ

ઉપપ્રમુખઃ શ્રી જેઠાલાલ પુંજાભાઈ (દેશલપુર-ગુંતલી) C/o જેઠાલાલ-નાનજી એન્ડ બ્ર. ...સિકંદરાબાદ

માનદમંત્રીઃ શ્રી રતીલાલ શીવજી (ટોડિયા) C/o S. M. પટેલ એન્ડ કું. હૈદરાબાદ

સહમંત્રી : શ્રી નારણ વેલજી (નખત્રાણા) C/o. સેંઘાણી ટીમ્બર માર્ટ હૈદરાબાદ

ખજાનચી : શ્રી નાનજી ખીમજી (ટોડિયા) C/o. શ્રી રામકિશ્ન ટીમ્બમાર્ટ ડેપો

સહખજાચી : શ્રી મનજી વાલજી (દેશલપુર-ગુંતલી) શ્રી દુર્ગા ટીમ્બર ડેપો ગુંટુર

સભ્ય : શ્રી ગોપાલ દેવજી (રસલિયા) C/o. દુર્ગા એન્ડ કું. વિશાખાપટનમ

,, શ્રી ડાહ્યાભાઈ વિરજી (કાદિયા) C/o. શ્રી દુર્ગા વિજય સો મીલ અનકાપલી

,, શ્રી કરસન લધાભાઇ (દેશલપુર-ગુંતલી C/o. શ્રી ગણેશ એન્ડ કું. હૈદરાબાદ

,, શ્રી મનજી રામજી (નેત્રા) C/o. શ્રી વિશ્વકર્મા એન્ડ કું. ,,

,, શ્રી શીવગણ શીવજી (ભડાલી) C/o. પટેલ ટીમ્બર ડેપો સિકંદરાબાદ

,, શ્રી શીવજી લધારામ (રસલિયા) C/o. શ્રી પાડુરંગા સો મીલ સિકંદરાબાદ

" શ્રી માલજી લાલજી (દેશલપુર-ગુંતલી C/o. શ્રી વ્યંકટેશ્વર સો મીલ વરંગલ

" શ્રી વીરજી મેઘજી (ઉખરડા) C/o. શ્રી ક્રિષ્ણા સો મીલ નિઝામાબાદ

" શ્રી મનજી લાલજી (નેત્રા) C/o. શ્રી લક્ષ્મી સો મીલ કરીમનગર

કો ઓપ્ટ શ્રી ગોપાલ હરદાસ (રતડિયા) C/o શ્રી ગણેશ સો મીલ. નિર્મલ.

" શ્રી મેઘજી ભીમજી (રસલિયા) C/o શ્રી મહાદેવ સો મીલ કર્નુલ

" શ્રી સામજી વેલજી (ટોડિયા) C/o શ્રી ક્રિષ્ણા એન્ડ કું. હૈદરાબાદ

" શ્રી મગનલાલ નારણ (ટોડિયા) C/o શ્રી રામ એન્ડ કું. હૈદરાબાદ

" શ્રી હિરાલાલ અરજણ (દેશલપુર ગુંતલી) C/o પટેલ એન્ડ કું. કામારેડી

" શ્રી નાનાલાલ શીવજી (ખીરસરા) C/o પટેલ ટીંબર ડેપો. વરંગલ

ત્યાર બાદ નવા ચુંટાયેલા હોદ્દેદારોએ પોતપોતાના પોદ્દા સંભાળ્યાં હતાં. મહિલાઓએ પણ સામાજીક-કાર્યોમાં સક્રિય રસ લેવો જોઇએ એ મુંજબના મંતવ્યો રજુ થયાં હતાં અને મહિલાઓએ સભ્યપદ નોંધાવવુ જોઇએ એવી ઘણા બધા સભ્યોએ રજુઆત કરી હતી જેના પ્રત્યુત્તરમાં મહિલા સભ્ય નોંધવાનુ ચાલુ થયું હતું અને તેમાં સારો એવો સહકાર સાંપડેલ હતો પ્રાસંગિક પ્રવચનોમાં શ્રી વેલજીભાઇ કાનજીભાઈ (હૈદરાબાદ) એ પ્રવચનમાં સમાજની ઉત્તરોત્તર પ્રગતિ ઇચ્છી હતી અને યુવાન ભાઇઓ તથા બ્હેનોને સામાજિક કાર્યમાં ઝંપલાવવાના હાકલ કરી.

હવે પછીની સામાન્ય સભા વિશાખાપટ્ટમ યોજવા અંગે ત્યાંના નિવાસી ભાઈઓએ આમંત્રણ આપેલ જેને સ્વીકારીને બીજી વખત વિશાખાપટ્ટમ સભા યોજવાનું નક્કી કરવામાં આવેલ હતુ. ત્યાર બાદ વરંગલ નિવાસી ભાઇઓએ જે ખંતથી આ સભાની વ્યવસ્થા સંભાળી હતી અને ઉમદા સેવા પુરી પાડી હતી જે બધાંને ગમી ગઇ હતી અંગે હાર્દિક આભાર માનતાં પ્રભાવિત થઇને 'પ્રસંશા-પત્ર' વરંગલ પાટીદાર સમાજને શ્રી નાનાલાલભાઇ હસ્તક સુપ્રત કરેલ શ્રી વરંગલ કચ્છ કડવા પાટીદાર સમાજ તરફથી રૂા. ૨૧૭૧/-ની થેલી સમાજે સમાજને ભેટ અર્પણ કરેલ જે સમાજના પ્રમુખશ્રીએ સાભાર સ્વીકારી સ્વીકાર પ્રસંશા કરી હતી. અંતે શ્રી શીવગણ શીવજી પટેલે આભારવિધિ કરી હતી.

છેલ્લે જન ગણ મન રાષ્ટ્રગીત ગાયા બાદ સભા વિસર્જન થઇ હતી.

દુ:ખદ અવસાન



સ્વ. ગંગારામ દેવજીભાઇ પટેલ
જન્મ તારીખ : ૭-૬-૧૯૧૫
અવસાન તારીખ : ૨-૮-૧૯૭૬

કચ્છ (ખેડોઇ), હાલ ગુજરાતમાં માધવકંપાના રહીશ પટેલ ગંગારામ દેવજીભાઈનું ૬૨ વર્ષની ઉંમરે બ્રેઇન હેમરેજના કારણકે કલકત્તા ખાતે દુ:ખદ અવસાન થયુ છે.

સદ્દગતશ્રી કેટલાંક વર્ષ અત્રે ધનસુરા નજીક એદલપુરાકંપામાં પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે સર્વિસ કરી, છેલ્લાં દસેક વર્ષથી માધવકંપા તા. બાયડમાં શિક્ષક તરીકે સેવા આપ્યા બાદ એકાદ વર્ષ શ્રી કચ્છ કડવા પાટીદાર છાત્રાલય કપડવણજમાં ગૃહપતિ તરીકે સેવા આપીને નિવૃત્ત જીવન ગાળતા હતા.

છેલ્લા કેટલાક સમયથી બિમાર હોઇ તેમના સુપુત્રો શ્રી મગનભાઈ જી. પટેલ વગેરેના સાનિધ્યમાં સેવા સુશ્રુષા માટે કલકત્તા ખાતે જ સારવાર લઇ રહ્યા હતા.

સ્વભાવે મિલનસાર એવા સદ્દગતશ્રી તેમની પાછળ પુત્ર પુત્રીઓ તેમજ પૌત્ર પૌત્રીઓના વિશાળ પરિવારને વિલાપ કરતું મૂકી ગયા છે.

તેમનાં કુટુંબીજનોને આવી પડેલી આફત સહન કરવાની પ્રભુ શકિત આપે અને સદ્દગતના આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના...

સાબરકાંઠા જિલ્લાની જનતા જોગ જણાવવાનું કે અત્રે બાયડ તાલુકાના વાત્રક મુકામે શ્રીમંત ફ. ગા. જ. હોસ્પીટલમાં નવાનગરકંપાના રહીશ હરિલાલ પી. પટેલ B.D.S. ની ડેન્ટલ સર્જન તરીકે નિમણુંક કરવામાં આવી છે. તો આસપાસની જનતાને દુઃખતા દાંતની તકલીફ દૂર કરવા માટે મુલાકાત અવશ્ય લે.

આ વડે છે ?

પટેલ કાન્તિલાલ એમ.
કાશીપુરાકંપા (હિંમતનગર)

અહીં નીચે એક દાખલો ઉદાહરણ માટે આપ્યો છે. અને તેની ગણતરી કેવી રીતે કરવામાં આવી તે પણ બતાવ્યુ છે. તે બરાબર જુઓ, વિચારો અને ત્યારબાદ નીચે આપેલા તેને લગતા દાખલા ગણવા પ્રયત્ન કરો. દરેક દાખલાના જવાબ માટે બાજુમાં ત્રણ વિકલ્પ આપ્યા છે. તેમાંથી સાચો જવાબ શોધી કાઢો.

(i) જો ૨ × ૫ = ૯
૩ × ૭ = ૧૬
૪ × ૯ = ૨૫
∴ ૫ × ૧૩ = ?

ઉત્તર
(i) ૩૧
(ii) ૩૮
(iii) ૮૩

ગણતરી – ૨ × ૫ = ૨/૨ + ૫ = ૪ + ૫ = ૯
૩ × ૭ = ૩/૨ + ૭ = ૯ + ૭ = ૧૬
૪ × ૯ = ૪/૨ + ૯ = ૧૬ + ૯ = ૨૫
∴ ૫ × ૧૩ = ૫/૨ + ૧૩ = ૨૫ + ૧૩ = ૩૮ થાય એટલે કે પ્રથમ અંકના વર્ગમાં બીજો અંક ઉમેરતાં જવાબ મળે છે.

(ii) જો ૩ × ૧૫ = ૮
૫ × ૨૦ = ૯
૬ × ૧૮ = ૯
∴ ૭ × ૩૫ = ?

ઉત્તર
(i) ૯
(ii) ૨૧
(iii) ૧૨

(iii) જો ૩ × ૧૨ = ૮
૪ × ૨૦ = ૧૫
૫ × ૩૦ = ૨૪
∴ ૬ × ૨૪ = ?

ઉત્તર
(i) ૩૫
(ii) ૮
(iii) ૨૯

(iv) જો ૩ × ૨ = ૬
૭ × ૪ = ૨૮
૧૧ × ૯ = ૬૬
∴ ૯ × ૭ – ?

ઉત્તર
(i) ૭૨
(ii) ૫૪
(iii) ૯૪

(V) જો ૨ × ૩ = ૭
૪ × ૫ = ૨૪
૬ × ૭ = ૫૧
∴ ૮ × ૮ = ?

ઉત્તર
(i) ૮૦
(ii) ૭૫
(iii) ૨૦

(Vi) જો ૨ = ૧
૪ = ૬
૫ = ૧૦
૭ = ?

ઉત્તર :
(i) ૯
(ii) ૨૧
(iii) ૧૨

(Vii) જો ૩ = ૨
૪ = ૬
૫ = ૨૮
૬ = ?

ઉત્તર :
(i) ૨૧૬
(ii) ૨૨૦
(iii) ૪૦

— જય સનાતન —

દુઃખદ અવસાન



કચ્છ નખત્રાણાના રહીશ હાલમાં કલકત્તા ખાતે છેલ્લાં પાંત્રીસેક વર્ષથી મોબીલનો વ્યવસાય ધરાવતા પ્રતિષ્ઠિત વેપારી તેમજ ધનસુરા, જિ સાબરકાંઠાના. લક્ષ્મી ટોકીઝના મુખ્ય ભાગીદાર પણ હતા.

સ્વ. શ્રી છેલ્લાં દસેક વર્ષ સુધી કલકત્તા ખાતે શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખ તરીકેનો હોદ્દો સંભાળી સમાજને સારી સેવા આપી હતી.

સ્વ. ખેતાભાઈ જેઠાભાઇ લીંબાણી નાનપણથી નોકરી તેમજ વ્યવસાય અંગે સિંધ, હૈદ્રાબાદ, બંગાળ તેમજ ગુજરાતમાં પ્રતિષ્ઠત વ્યક્તિ તરીકે સારી નામના મેળવી હતી. છેલ્લા છ માસથી હૃદય મોટુ થઇ જવાની બિમારીના કારણે સેવાસુશ્રુષા હેઠળ જ હતા.

છેલ્લે મુંબઇ ખાતે જસલોક હોસ્પીટલમાં સારવાર દરમિયાન ગત તારીખ ૧૭–૮–૭૬ ના રોજ તેમનું દુઃખદ અવસાન થયું છે.

સદ્દગત શ્રી સદાય હાસ્ય નિતરતો ચહેરો સ્વભાવે માયાળુ તેમજ દીન-દુઃખીઓ પ્રત્યે વિશાળ હૃદયી રહ્યા હોઇને અન્ય સૌ કોઇ માટે પ્રેરકબળ સમાન હતા.

૬૨ વર્ષની ઉંમરે તેમની પાછળ વિધવા પત્ની તેમજ પુત્ર, પુત્રીઓના વિશાળ પરિવાર અને અનેક સગાં સબંધીજનોને વિલાપ કરતાં મૂકી ગયા છે.


તેમના અવસાનથી તેમનાં કુટુંબીજનો તેમજ અસંખ્ય સબંધીજનો પર આવી પડેલ ખોટ સહન કરવાની પરમકૃપાળુ પરમેશ્વર શક્તિ આપે તેમજ સ્વર્ગસ્થના આત્માને ચિર શાંતિ આપે એજ પ્રાર્થના.

બહેનોને ઉજાગરા અને મહેનતથી રાહત આપવા માટે * ઇલેકટ્રીક પાવરથી ચાલતું

છાસ

બનાવવા માટેનું

વલોણા યંત્ર



* * * વસાવો અને ઘરની શાન વધારો.

વિશિષ્ટતાઓ :—

- ★ આ છાશ બનાવવા માટેનું વલોણાયંત્ર નાની મોટી બે સાઇઝમાં મળે છે.
- ★ ૫ થી ૧૦૦ લીટર સુધીના દહીંની છાસ બનાવવા.
- ★ દેશી વલોણા કરતાં ૧૫ થી ૨૦ ટકા વધુ માખણ મેળવવા
- ★ આ યંત્રથી ઉનાળામાં પણ માખણ ઓગળી જતું નથી તેનો લાભ લેવા.
- ★ માત્ર નજીવા બળતણ ખર્ચમાં.
- ★ વેચાણ બાદની તમામ સેવાઓ તેમજ યંત્રના સ્પેરપાર્ટસ સહેલાઇથી મેળવવા

બનાવનાર :—

સ્કવેર એન્જિનીયરીંગ કોર્પોરેશન

ઘાટકોપર મુંબઈ-૮૬

● વધુ માહિતી માટે અમારા સાબરકાંઠા જિલ્લાના અધિકૃત વિક્રેતાનો સંપર્ક સાધો

ચેતન ફર્ટીલાઈઝર્સ


તલોદ રોડ, ધનસુરા. જિ. સાબરકાંઠા

શ્રી જયઅંબે

ખેડૂત ભાઈઓને ખુશ ખબર



સ્પન પાઇપ્સ



ખેતીવાડીની સમૃદ્ધિ માટે ખૂબ પાણીની જરૂર છે. વર્તમાન સંજોગો જોતાં હવે પાણીનો કરકસર ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય અને પાણીનુ પૂરેપૂરૂ વળતર લેવાની આપની અભિલાષા હોય તો હંમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઇપ કું.

ની

પાઈપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઇપો મેળવવા માટે ગુજરાત ભરમાં

—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઇપ કું.

વડાગામ જિ. સાબરકાંઠા.

આપના ઘરમાં આનંદોલ્લાસમય વાતાવરણ
સર્જવા ટાટાનું અદ્દભુત સર્જન "નેલ્કો"
કંપનીનો રેડીયો મેળવવાનોજ આગ્રહ રાખો.
તેમજ ટેલીવીઝન સેટ મેળવવાનું એક માત્ર

અજોડ સ્થળ

શક્તિ
રેડીયો ઇલેકટ્રોનીકસ


ઠે. બુટાલવાડા **મોડાસા**
જિ. સાબરકાંઠા

*

ઓથોરાઈઝડ ડીલર્સ ઈન : નેલ્કો

પ્રોપ્રાયટર :

પટેલ
જયંતિલાલ માવજીભાઈ
છગનલાલ માવજીભાઈ



રેડીયો

卐 રેડીયો, ટ્રાન્ઝીસ્ટર, ટેલીવીઝન, એમ્પલીફાયર
સ્પેર પાર્ટ્સ વેચનાર તેમજ સંતોષકારક રીપેર કરનાર

॥ શ્રી ગણેશાય નમઃ ॥

વાલાણી ટાયર્સ

સાયરા રોડ, **મોડાસા** (જિ. સાબરકાંઠા. ફોન : ૧૪૬ પી. પી.

આથી મોડાસા તેમજ આજુબાજુના અમારા સ્નેહીમિત્રો, વહેપારી ભાઈઓ તેમજ ગ્રાહકમિત્રોને જણાવતાં આનંદ થાય છે કે આપની જરૂરિયાત મુજબ



- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઈયર
- સીયેટ વગેરે
- કંપનીનાં બનાવેલ

ટાયર — ટયુબ,

દરેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા

● બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ ●


દરેક સાઈઝની **બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ**

તેમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી ધનસુરા તેમજ મોડાસાની દુકાનોની મુલાકાત લેવા વિનંતી છે.


★ ઓથોરાઈઝડ ડીલર્સ ઇન :—

- ડનલોપ ઇન્ડિયા લિ. કલકત્તા, ગુડઈયર ઈન્ડિયા લિ. મુંબઈ
- ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કું. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઇ.
- સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઈ.
- મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
- ઈન ચેક ટાયર્સ લિ. કલકત્તા.
- નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

અમારી મુખ્ય દુકાન : **નેશનલ ટાયર્સ**

 નં. ૨૭

તલોદ રોડ, **ધનસુરા** જિ. સાબરકાંઠા



LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WORKS
AMBAWADI, SAIJPUR BOGHA,
NARODA ROAD-AHMEDABAD-2.
સો એન્ડ મશીન તથા. તેને લગતા કોઈપણ જાતના

પ્રગતિશીલ ખેડૂત ભાઈઓ....

કીલેક્સ કાર્બારીલ

(બહોળી કાર્યશીલતા ધરાવતું જંતુનાશક)

કિંમતી પાક બચાવો
વધુ નફો મેળવો
કાર્યક્ષમ અને અસરકારક
જંતુનાશક
કીલેક્સ કાર્બારીલથી



- પાકને નુકશાન કર્યા વિના વધુ સમય માટે અસરકારક
- અવશેષનું પ્રમાણ નહિવત
- બીજા જંતુનાશકોથી પ્રતિકાર શક્તિ મેળવેલ જીવાતના નાશ માટે ઉપયોગી
- મનુષ્ય તથા અન્ય પ્રાણીઓ માટે પ્રમાણમાં સલામત અને ઓછું ઝેરી



પૌષક લિમિટેડ
(સબ. ઑફ એલેમ્બિક કેમિકલ વર્કસ કું.લી.)
એલેમ્બિક રોડ, વડોદરા ૩૯૦૦૦૩.

Paushak પૌષક કિસાનોની આબાદી માટે

સ્ટોકીસ્ટ :—

★ મે. ઘનશ્યામ ફર્ટીલાઈઝર, ગાબટ રોડ, બાયડ.
★ મે. કિશાન ટ્રેડર્સ., એસ. ટી. ડેપો પાસે, મોડાસા.
★ મે. પટેલ ફર્ટીલાઈઝર ટ્રે. કું. સ્ટેશન રોડ, હિંમતનગર.
★ મે. અમર ફર્ટીલાઈઝર, સહકારી સંઘ સામે, ઈડર

Reg. No. GHMR/

JAGRUTI SEPTEMBER '76

રવાના:
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા: જિ. સાબરકાંઠા.

શ્રી ન.

To,

Book-Post

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ,
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

જાગૃતિ

તંત્રી : કાન્તિભાઈ કે. પટેલ

દિપોત્સવી અંક



સને : ૧૯૭૬

卐 જાગૃતિ 卐

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૦], પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૭૫ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂ. ૧૦૧] પરદેશમાં રૂ. ૧૨૫] નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરૂં સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલાં તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ -પ્રકાશક

શ્રી. નાનજીભાઈ કે. પટેલ -આદ્યતંત્રી.

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ -તંત્રી.
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc.
પ્રિન્સિપાલ :
સાયન્સ કોલેજ, તલોદ.

પ્રમુખ
શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ, ધનસુરા

શ્રી શામજીભાઇ એસ. પટેલ
માજી પ્રમુખ
શ્રી ક ક. પા. સ સ. યુવક મંડળ, ધનસુરા

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી એફ. એ. એમ., એલ. એમ. પી.

ડૉ. હંસરાજ એમ. પટેલ M.B.B.S.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ M. Sc.

શ્રી અરજણભાઇ વી. પટેલ મંત્રી
શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ, ધનસુરા

શ્રી પ્રેમજીભાઇ એ. પટેલ ઉપ-પ્રમુખ
શ્રી ક ક પા. સ સ. યુવક મંડળ, ધનસુરા

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ

શ્રી. ચંદલાલ વી. પટેલ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ	સ્વર્ગવાસ
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા	સંવત ૧૯૯૭, આસો વદ ચૌદસ

અનુક્રમણિકા



અ. નં.	લેખનું નામ	લેખક કે સંપાદકનું નામ	પૃષ્ઠ
૧	તંત્રી સ્થાનેથી	કાન્તિલાલ કે પટેલ	૧
૨	સંસ્કૃત (ભાષા) શીખો	કાનજીભાઇ આર. પટેલ	૩
૩	આટલું કરી જુઓ	નાનજીભાઇ અબજીભાઈ પટેલ	૪
૪	કચ્છનો જુનો દુષ્કાળ	પરબત રામજી ખેતાણી	૫
૫	સ્વપ્ને વીતી રાત	જીતેન્દ્ર એન પટેલ	૮
૬	ઉગતો છોડ	ડાહ્યાભાઇ કરમસીભાઇ	૧૦
૭	દશકે મિનાજી દશકે હકીકી	પ્રવિણ આર. પટેલ	૧૨
૮	કોણ કેટલું જીવે છે.	એન. વી. પટેલ	૧૩
૯	ગૃહલક્ષ્મી	જીતેન્દ્ર એન. પટેલ	૧૪
૧૦	હિન્દુ લગ્નનો અધિનિયમ ૧૯૫૫	રતિલાલ કે. પટેલ	૧૭
૧૧	આપણી વસ્તી સમસ્યા	કલ્યાણજી ભીમજી વેલાણી	૨૩
૧૨	જાણવા જેવું	રાજેન્દ્રકુમાર ડી. પટેલ	૨૯
૧૩	કચ્છના રાજાઓની નામવલી	નીરૂબેન આર. પટેલ	
૧૪	ભારતીય પ્રગતિ અને ભારતીય	પરબત રામજી પટેલ	૩૦
		અરૂણ કે. પટેલ	૩૧
૧૫	ત્રણનો ચમત્કાર	ચંદુલાલ કાનજીભાઇ	૩૨
૧૬	જીવન યાત્રા	ગોવિંદલાલ બી. પટેલ	૩૩
૧૭	ગુજરાતની નારી	શામજીભાઇ આર. પટેલ	૩૫
૧૮	અમૃત બિંદુઓ	અનામી	૩૮

તંત્રીસ્થાનેથી

જય યોગેશ્વર...

આજકાલ આપણે સમગ્ર માનવજીવન પ્રત્યે દ્દષ્ટિપાત કરીશું તો જણાશે કે માનવજીવનમાંથી માનવ-માનવ વચ્ચેના સબંધોમાં ઓટ આવતાં ઐકયતાની ભાવના ખૂબ ઘટતી ચાલી છે.

પિતાપુત્ર, ભાઇ ભાઇ, પતિ પત્ની જેવી કૌટુંબિક સંબંધો તેમજ શૈક્ષણિક, સામાજિક તેમજ રાજકીય ક્ષેત્રે નેતાગીરી સાથેના સામાન્ય જનસમુદાયના ભાવુક 'સંબંધોની બાબતમાં ઝીણી નજરે જોઈશું તો ભાવનાનું બીજ લગભગ મરી પરવાર્યું છે. એમ કહી શકાય.

આમ સમગ્ર સમાજજીવનમાંથી માનવ-માનવ વચ્ચે વિશ્વસનીય વાતાવરણ ન રહેતાં નર્યું ઝેર ઓકાતું માલુમ પડશે.

સામાન્ય રીતે આવી વિષમ પરિસ્થિતિનું નિર્માણ થવામાં સાંસ્કૃતિક ફેરફારો કરવામાં આપણે માત્ર વાનર-નકલ કરી રહ્યા છીએ તે પણ કારણભૂત હોઈ **શકે**. નકલ સાથે અકકલ ભળે તો નવાયુગનું નિર્માણ થઇ શકે પણ નકલમાં અકકલના ઉપયોગની ખામી જણાય તો વર્ણશંકર સંસ્કૃતિનું જ નિર્માણ થાય.

આજે પાશ્ચાત્ય સંસ્કૃતિનું ગાડે ગાડાં ભરીને આપણા દેશમાં આગમન થઈ રહ્યુંછે. એમાંથી સારગ્રહણ થાય તો સંસારમાં સુધારો લાવી શકાય પરંતુ સાર-લોપ થાય તો તેવું સાંસ્કૃતિક સંકરણ વિકાસના બદલે વિનાશના પંથે દોરી જાય.

સિનેસૃષ્ટિ પરથી તેમજ અન્ય દેશો વચ્ચેના સંબંધોમાં નિકટ આવવાથી ખોરાક, પોશાક, રહેણીકરણી સાથે વિચારોની બાબતમાં વિવિધતા આવતી જાય છે. પરિણામે ભારતીય સંસ્કૃતિ ધીમે ધીમે અદ્દશ્ય થતી જાય છે. તો અદ્દશ્ય થતી જતી સંસ્કૃતિને પુનઃ પાંગરતી કરવા માટે, તેમાંથી ચાલી ગયેલી સુવાસ ને ફરીથી સુગંધિત કરવા માટે તેમાંથી ઓસરતી જતી આસ્થાને ફરી પ્રસ્થાપિત કરવા માટે ઘસારો ત્યાં નવરચના ના કુદરતી ક્રમ મુજબ દયાસાગર યોગેશ્વરે ભારત વર્ષને આજે પરમ પૂજ્ય શાસ્ત્રીજી પાંડુરંગ આઠવલે જેવા એક મહાન સંતની ભેટ આપી છે.

આપણે આજે સારી રીતે જાણીએ છીએ કે ભારતના પ્રત્યેક પ્રાંતોમાં ગામડે ગામડે આ સંતની પુનિત પ્રસાદી પહોંચાડવાનું કાર્ય ઠેર ઠેર સ્વાધ્યાય કેન્દ્રો તેમજ સ્વાધ્યાયી ભાઇઓની શિબિરો દ્વારા વેગવાન બનતું જાય છે. આ વેગ સાથે આપણી સમાજની યુવાશકિત પણ કટિબધ્ધ બની માનવ માનવ વચ્ચેના સંબંધોમાં ભાવનાનાં વારિસિંચન કરે તેવી અભિલાષા સેવવી અસ્થાને નથી.

કુદરતે મહામૂલા માનવ દેહ સાથે આપણને આ દુનિયામાં મન અને બુધ્ધિ જેવાં વિશિષ્ટ સાધનોનું પ્રદાન કર્યું છે. તો તેજ સાધનોનો ઉપયોગ પ્રભુ ચરણે કરી સ્વકલ્યાણ સાથે સંસ્કૃતિના ઉત્થાનમાં યથા શકિત; યુવાશકિત સુર પુરાવે તેવી ભાવના સાથે વિરમું છું.

કડવા પાટીદાર કુળદેવી ઉમીયામાતા
૧૮ મી શતાબ્દી મહોત્સવ પ્રસંગે
— આમંત્રણ —

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનાં દેશવિદેશમાં વસતાં આબાલવૃધ્ધ ભાઇ–બહેનોને આથી જાણ કરવામાં આવે છે કે કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊઝાને અઢારસો વર્ષ પૂર્ણ થઇ ગયાં હોઇ ૧૮ મી શતાબ્દી મહોત્સવની ભારે ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે હોમાત્મક સહસ્ત્ર ચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. તો આ મહોત્સવમાં ભાગ લઇ માતાજીનાં દર્શનનો લાભ લેવા સૌ કડવા પાટીદાર ભાઇ–બહેનોને આમંત્રવામાં આવે છે.


પ્રારંભ : સંવત ૨૦૩૩ ના માગસર સુદ ૪ ને ગુરૂવાર તા. ૨૫–૧૧–૭૬

પૂર્ણાહુતિ : સંવત ૨૦૩૩ ના માગસર સુદ ૮ ને સોમવાર તા. ૨૯–૧૧–૭૬

આશા છે કે ઉપરોકત મહોત્સવપ્રસંગે સમગ્ર કચ્છ કડવા પાટીદાર ભાઇ–બહેનો વિશાળ સંખ્યામાં પધારી શોભામાં અભિવૃદ્ધિ કરે.

તા. ક. : ઉપરોક્ત પ્રસંગને અનુસરીને વધુ માહિતી મેળવવા ઈચ્છનારે પ્રચાર અને પ્રકાશન સમિતિ ઊંઝાના કાર્યાલય પર પત્ર વ્યવહાર કરવાથી વિગતવાર માહિતી મેળવી શકાશે.

સમય અને મહેનત બચાવો *



"પોકારનું"
ઇલેકટ્રીક પાવરથી ચાલતું
છાસ
બનાવવા માટેનું
વલોણા
યંત્ર

—તદ્દન આધુનિક તેમજ આકર્ષક મોડેલોમાં વસાવી ઘરની શાન વધારો.

વિક્રેતાઓ :–

(૧)	મે. આશા ઓટોમોબાઇલ્સ,	વાણીયાવાડ,	ભુજ (કચ્છ)
(૨)	મે. અંબિકા ફર્ટીલાઇઝર્સ	સ્ટેશન રોડ	ખેડબ્રહ્મા
(૩)	મે. ભવાની ટ્રેડીંગ કાં.	સ્ટેશન રોડ	તલોદ
(૪)	શ્રી પ્રેમજીભાઇ શામજીભાઈ	દેશાઇપુરા	તા. મોડાસા
(૫)	મે. અંબિકા ફર્ટીલાઇઝર્સ	તખતગઢ	તા. પ્રાંતિજ

● ઉત્પાદક : **મે. પોકાર એન્જીનીયરીંગ કોર્પોરેશન**
૮, લલીતા ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ
નાગરવેલ હનુમાન રોડ
રખીઆલ
અમદાવાદ-૩૮૦૦૨૩

નૂતન વર્ષાભિનંદન

લેખક, સંપાદક તેમજ ગ્રાહક ભાઈ-બહેનોને...........

આજના નવલા પ્રભાતે શરૂ થતું નૂતન વર્ષ
આપને સુખ, સંપત્તિ અને આબાદી આપી
ધંધામાં લાભદાયી બની રહો, તમારી સૌ શુભ
ભાવનાઓ, શુભ શંકલ્પો અને રિધ્ધિ સિધ્ધિનાં
સુંદર સ્વપ્નો સાકાર બનો
ગત વર્ષે આપ સૌ તરફથી મળેલ અમૂલ્ય
સહકાર બદલ આભાર.
નૂતન વર્ષે આપ સૌના વધુ સહકારની અપેક્ષા સાથે.

લિ. સંપાદક મંડળના,

નૂતન વર્ષાભિનંદન



— સુચના —

ઓકટોબર અંકને દીપોત્સવી અંક તરીકે પ્રસિધ્ધ કરેલ હોઈ ને આગામી નવેમ્બર માસનો અંક બંધ રહેશે. તેની સૌ કોઈ ગ્રાહક મિત્રોએ નોંધ લેવા વિનંતી.

* સંસ્કૃત (ભાષા) શીખો *

કાનજીભાઈ આર. પટેલ
મુંબઈ

આપ જાણોછો તે પ્રમાણે સંસ્કૃત એ દેવોની ભાષા છે. સાથે સાથે તે બધી ભાષાઓની માતા પણ છે. મતલબ કે લગભગ ભાષાઓ તેની અંદરથી બનેલી છે. (તેમાંથી નિર્માણ થયેલી છે.)

સંસ્કૃત ભાષાનું સાહિત્ય ઘણું વિશાળ છે. પ્રાચીન કાળમાં સંસ્કૃતમાં ઘણાં શાસ્ત્રો લખાયેલાં છે. પણ હાલ તે ભાષાનો પ્રચાર બહુ ઓછો છે. પ્રાચીન કાળમાં મોટા મોટા કવિઓએ તથા લેખકોએ જે કંઇ લખ્યું હતું તે સંસ્કૃત ભાષામાં જ છે. જેમ કે કાલિદાસ જેને આપણે સંસ્કૃત ભાષાનો મોટામાં મોટો જાણકાર કહીએ છીએ. તેને પોતાની કૃતિઓ સંસ્કૃત ભાષામાં છૂટે હાથે રચેલી છે. તેનું શાકુંતલ નામનુ નાટક વાંચવાથી આપણને સંસ્કૃત ભાષાનો પૂર્ણ ખ્યાલ આવે છે. ભવભૂતિ એ પણ સંસ્કૃત ભાષામાં સારી એવી પોતાની જાળ ફેલાવેલી છે. તેની રચનાઓ વાંચવાથી આપણને ખ્યાલ આવે છે કે તે એક કરુણત.ભરી કૃતિઓ લખનારમાંનો એક છે.

આ બધું આપણા ખ્યાલમાં નથી એમ ન કહી શકાય, પરંતુ આપણે તેમ થવા ઇચ્છતા નથી. પરંતુ જો આપણે સંસ્કૃત ભાષાનું સારી રીતે અધ્યયન કરીએ અને તે શીખવાની અભિલાષા રાખીએ તો હું એમ નથી માનતો કે આપણે સૌ સંસ્કૃત ભાષા સારી રીતે શીખી ન શકીએ પરતુ યેનકેન પ્રકારે આપણે તે ભાષા શીખવાની તત્પરતા સેવીએ તો અવશ્ય આપણે તેને કાબુમાં રાખી શકીએ છીએ.

જો આટલું વાંચવાથી સંસ્કૃત ભાષા શીખવામાં તમારી તમન્ના જાગૃત થતી હોય તો, નીચે આપેલું દષ્ટાંત આપણને એક પ્રેરણારૂપ થઇ પડશે.

સખત તાપની ઋતુ ઉનાળો હોય, સૂર્ય પોતાની બધી ગરમી ફેલાવંને પૃથ્વી પર પોતાનુ વર્ચસ્વ જમાવી રહ્યો હોય, તેવે સમયે આપણે ચાલતા હોઇએ, ભૂખ બહુ લાગી હોય, તરસની તો વાતજ નહિ, આસપાસ કોઇ સ્થળ' કે જેમાં આશરો લઇ શકાય અથવા આપણી ભૂખ-તરસ છીપાવી શકીએ એવું કાંઇ દેખાય જ નહિ, તેવામાં થોડે દૂર એક વડનું ઝાડ આપણી નજરે પડે અને તેને જોતાં

વેંતજ આપણે દોડી જઇને ત્યા બેસી જઇએ. અને તે જ ક્ષણે જો એક ભરવાડ વાંસળી બજાવતો હોય અને તે સાંભળીને આપણને જેટલો આનંદ થાય અને આપણો ભૂખ-તરસ પણ ભૂલી જઇએ. તેવો મહાન આનંદ સંસ્કૃત સાહિત્યમાં છૂપાયેલો છે. પણ તે આનંદ મેળવવા આપણે કોશીષ કરીએ તો અવશ્ય આપણે તે પ્રાપ્ત કરી શકીએ છીએ. આપણે ઉદ્યમ કરીએ તો જ ફળ મળે ને? માટે વિના પરિશ્રમ આપણને સંસ્કૃત ભાષાનો રસ મળતો નથી.

આમતો સંસ્કૃત ભાષા શીખવી જરા અઘરી છે પણ ચીવટથી અને ધગશથી શીખીએ તો જરૂર તે આપણી વશ થઈ જાય છે. પરંતુ આપણે તેના તરફ નફરત રાખીએ તો વિના પરિશ્રમ તે કેવી રીતે શીખી શકીએ.

આથી સંસ્કૃત ભાષા એ શ્રેષ્ઠ ભાષાછે. તેની વિશેષતા શ્લોકોને આધારેછે. સંસ્કૃત ભાષામાં શ્લોકો એ મહત્વનો ભાગ ભજવે છે. અને તે શ્લોકોની અંદર રહેલો અર્થ જીવનને આદર્શમય બનાવવાની ચાવી અર્પે છે.

આ બધું લખવામાં (મારો) હેતુ એ છેકે દરેકે સંસ્કૃત ભાષા અપનાવવી જોઇએ અને તેને જીવનમાં ઉચ્ચ સ્થાન આપવું જોઇએ. શીખવવામાં પહેલી તો મુશ્કેલી નડે છે. પરંતુ કહેવત છે કે, "હિંમતે મર્દા તો મદદે ખુદા" એ કહેવત અનુસાર સખત પરિશ્રમ પછી પણ આપણને તેનું શુભ ફળ પ્રાપ્ત થાય છેજ એમાં કાંઇપણ સંશય નથી.

અંગ્રેજીમાં કહેવત છે કે "Practice makes a man perfect." તે અનુસાર આપણે હિંમત ન હારવી જોઈએ. અને પૂર્ણ શ્રધ્ધા સહિત તે ભાષા શીખવામાં ઉમંગ દાખવવો જોઈએ આથી વિશેષ સંસ્કૃત ભાષા વિષે શું હોઇ શકે?

આટલું કરી જુઓ *

સંગ્રાહક : પટેલ નાનજીભાઇ
અબજીભાઈ નાગપુર

જો રડવાની ઇચ્છા થાય તો પોતાના અધમ કૃત્યો માટેજ રડજો.
જો જોવાની ઇચ્છા થાય તો પોતે કેવા છો તેજ જોજો.
જો પિવાની ઇચ્છા થાયતો સત્ય વાણીનું જ પાન કરજો.
જો ગ્રહણ કરવાનું મન થાય તો સૌના સદ્દગુણો જ ગ્રહણ કરજો.
જો ખાવાની ઇચ્છા થાય તો ગમને ખાજો.
જો લૂંટવાની ઇચ્છા થાય તો જ્ઞાનનેજ લૂટજો.

કચ્છનો છન્નુઓ દુષ્કાળ

પરબત રામજી ખેતાણી
અરલ-નાની
નખત્રાણા-કચ્છ

(રાગ-કાચબા કાચબીના ભજનનો)

છન્નુડે છેતરી માર્યા, દોહ્યલા દિન દેખાડયા,
વેરીડે વેરતો લીધાં, દિલડામાં દંશ છે દીધા.
લોકવાણી કહે કચ્છમાં કરશે, છન્નુઓ લીલા લ્હેર.
અધિક શ્રાવણનું વર્ષ નવ વણસે, મેહુલો કરશે મહેર,
વખાણી ખીચડી વળગી,
રદાઢે આશે છે સળગી   છન્નુડે......

મૂળથી મે ધૂળના ગોટા, વાવલિયામાં વાય,
વાધ-હૂંકારે વાયરા ફૂંકે, નાગ-ફૂંફાડા થાય.
એવો અતિ વાવડો લાગ્યો,
પાછો શું છપ્પનો જાગ્યો ?   છન્નુડે......

રોજ રૂપાળાં વાદળાં કેરી, ઘોર ઘટા ઘેરાય,
'પડુ પડુ' તો રોજ થાયેને, રોજ રીસાઇ જાય
છન્નુનો મેહુલો એવો,
કૂડો કલીજુગના જેવો,   છન્નુડો......

સાવ સૂકા શ્રાવણ ગયા તોયે, ગઇ અંતરની ન આશ,
માનવી મૂકે ન આશ જયાં સુધી, કંઠમાં આવે શ્વાસ.
આશામાં જાય તણાતાં,
દિવસ પર દિવસો જાતાં,   છન્નુડે......

પીર-ફકીરો, જતી-જોગીને જોશીઓ જૂઠા થાય,
આજને કાલના વાયદા એના, વાયરામાં વહી જાય,
ખૂટી જયોતિષની વાણી,
તૂટી આગમ એંધાણી.   છન્નુડે......

'પિયુ પિયુ' ના પ્રેમ પત્રોના, પપૈયે કીધા પુકાર,
ગગન મંડળમાં ઘોર નવ ગાજ્યા, મોરના મેઘ મલાર,
દુઃખી દાદુર ના બોલ્યા,
દિલડાંનાં દ્વાર ના ખોલ્યા, છન્નુડે......

ધીખતી ધરણી હાય-વરાળે ધરે વેરાગણ વેશ,
અંગ નવ ઓઢયાં નીલ નીલાંબર, શીશ ખોડાવ્યા કેશ,
વિરહીણીને વેદના જાગી,
અંતરમાં આગ છે લાગી, છન્નુડે......

ખડ ખૂટયાંને દાભડા ખૂટયા, નીરનાં ખૂટયાં નવાણ,
ખારેકડીનાં થડ છે ખૂટયાં, વડ-પીપળનાં પાન,
ઝાડો જયાં ભાંખરાં ભાસે,
કચ્છડામાં કેમ રહેવાશે ? છન્નુડે......

ઘાસ તરણાંને ઝંખતી ગાયો, હાય જોઇ નવ જાય,
ભૂખે ભાંભરતાં ધણ ભાળીને, ધણારો ફાંસી ખાય,
દુઃખીયાની દાદને માટે,
હાલ્યા વૈંકુંઠની વાટે, છન્નુડે......

પશુડાં પારાવારનાં એતો, મોત મુખે ખડકાય,
જીવતાં તે પણ મોતને વાંકે, મોતની વાટે જાય,
ધાણી જેમ તાવડે ફુટે
પ્રાણીના પ્રાણ વછૂટે, છન્નુડે......

હાડકાં કેરાં પાંજરાં એતો ઊઠી ઊભાં કેમ થાય ?
ગીધડાં ભૂખ્યાં ગાવડી માને, જીવતી ફાડી ખાય,
આંખો એવી કાગડા કાઢે,
પરાણે સ્વર્ગ પહોંચાડે. છન્નુડે......

ઘર વેચ્યાંને ઘરેણાં વેચ્યાં, પશુના પોષ્યા પ્રાણ,
ખેતરો વેચી ખવાડિયાં તોયે, જમડે લીધા જાન,
આશાના તાર છે તૂટયા,
છન્નુડે છેક છે લૂટયા છન્નુડે......

ઇશને આશરે ધીંગા ધોરી, ત્યાગવા લાગ્યા લોક,
નાથ વાઢીને નાકની એતો, કારમી મૂકે પોક,
ઊંચા આકાશની સાંખે
આંસુડે ભીજતી આંખે છન્નુડે......

વાણિયાએ વેપાર મૂક્યાને, ખેડુતે મૂકી ખેડ
બની અબડાસો ઉજ્જડ આજે, કચ્છમાં વરત્યો કેર,
કોઇએ ઝાડ સિંધનાં ઝાલ્યાં
કોઇ હાલાર છે હાલ્યાં. છન્નુડે......

માક, મીયાની, પચ્છમ. પાવર, વાગડ વણુસી જાય,
પુત્રને પાવા નહિં પાણીડાં ત્યાં, પશુને ક્યાંથી પાય?
પૃથ્વીનાં પેટ છે ખૂટયાં,
જનતાનાં જોર છે છૂટયાં. છન્નુડે......

આગ ઝરે છે આભ થકીને, ધરતી ખાવા ધાય,
કાળ–ચક્કીના કરાળ જડબામાં. કચ્છડો ઝોલાં ખાય,
દીસેના કોઇ કિનારો,
ઊગરવા એક ના આરો, છન્નુડે......

દૈત દુષ્કાળે કચ્છને ઘેર્યો. જગત જુધ્ધે ઘેરાય,
કાળ–ચક્કીના કરાળ જડબામાં, કચ્છનો દેહ દળાય,
દાવાનળ દેશમાં લાગ્યો,
વિદેશે જંગ છે જાગ્યો છન્નુડે......

રાહત કાર્યો રાજ્ય–પ્રજાનાં, શ્રીમંતો કેરી સહાય
સિંધુમાં એતો બિંદુડાં જેવાં, આભનાં થીગડાં થાય
અંતે એ માનવી કેરાં,
દાતાનાં દાન અનેરાં, છન્નુડે.. ...

સંવત સૈકે ઓગણીસોમાં, છન્નુડે દીધો છેહ,
કચ્છમાં કાળો કાળ છે જાગ્યો, મહી પર રૂઠયો મેહ,
રહેજે ના રાય રૂઠેલો,
મેહુલા આવજે વહેલો. છન્નુડે......

સ્વપ્ને વીતી રાત

પટેલ જીતેન્દ્ર એન.
T. Y. B. com
અમદાવાદ

ખરેખર વાસ્તવિક દુનિયા કરતાં કાલ્પનિક દુનિયામાં પહોંચી જાય તો કદાચ થોડે ઘણે અંશે તેનું દુઃખ અવશ્ય ભુલી શકે પરંતુ કાલ્પનિક દુનિયામાં માનવી એટલો ખોવાયો ન હોવો જોઇએ કે વાસ્તવિતાનો ખ્યાલ આવતા જ વર્તમાન પરિસ્થતિમાં નિરાશાની ખાઇમાં પટકાઈ જાય.

આવી કાલ્પનિક દુનિયાનું એક પુતળુ આપ સમક્ષ પોતાનો કાલ્પનિક ખ્યાલ રજુ કરશે. આ પુતળાને તમે ગમે તે કહો પરંતુ હું તો આદર્શ પુતળુ જરૂર કહીશ. નીરજ અમદાવાદમાં આવેલી કોલેજનો S. Y. B. com નો સામાન્ય વિદ્યાર્થી છે. તેના પિતા રેલ્વેમાં નોકરી કરે છે. હું માનુ છુ કે જે સંસ્કારો મધ્યમ વર્ગ કે ગરીબ વર્ગના વિદ્યાર્થીમાં હોય છે તે કદાચ અમીર ઉમરાવના નબીરામાં નહીં જોવા મળે. નીરજ સવારનો સમય કોલેજમાં પસાર કરતો અને સાંજના સમયમાં એક વેપારી પેઢીમાં નોકરી કરવા જતો હતો. આ તેનો નિત્યક્રમ બની ગયો હતો.

પરંતુ આશાવાદી માનવી હરહંમેશા કઇક આશા સેવતો હોય છે. તેમ નીરજ પણ કંઇક આશા સેવતો રહેતો. પરંતુ અમર્યાદિત માંગ(આશાઓ)સામે મર્યાદિત સાધનો (પૈસા) ને કારણે બહુ જ થોડી સંતોષી શકે છે. એક દિવસ સવારમાં જ તે દરરોજ કરતા કંઇક બદલાતો મને લાગ્યો. તેની બોલવાની, ઊભા વહેવાની વગેરે રીતભાત જોઇને હું નવાઇ જ પામી ગયો. મને લાગ્યુ કે નીરજભાઈને હરીયાણા કે કેરાલા સ્ટેટની લોટરીમાં બે લાખનું ઈનામ લાગ્યુ લાગે છે. મને નીરજના આનંદનું રહસ્ય જાણવાની જીજ્ઞાસા લાગી. હું તેને કોલેજ કેન્ટીનમાં લઇ ગયો એને આનંદમય વાતાવરણ વિશે પુછવા લાગ્યો. નીરજ કહે કે દોસ્ત આજે મેં એક ગુલાબી સ્વપ્ન જોયું છે મારી ઈતજારી વધુને વધુ દઢ બનતી ગઇ મને થયુ કે નીરજ જે સ્વપ્ન જોયા પછી આટલો આનંદમાં છે તો તેનું સ્વપ્ન પણ કેટલુ નીરાલુ હશે.

સાયલન્ટ પ્લીઝ, મારું પીરા પુતળુ તમને તેના કાલ્પનિક વિચાર જણાવે છે. અને નીરજે ગઇ કાલે રાતે જોયેલા સ્વપ્નની વાત માંડી મારુ આદર્શ જીવન કેવુ હશે તેનું ચિત્ર ખડુ કર્યું હું ભણી ને સારી નોકરી મેળવીશ ધીમે ધીમે મારા હાથમાં આર્થિક સત્તા જમા થશે. તેમાંથી હું એક નાનું સુંદર મકાન ખરીદીશ

પછી હું તેના પર લોન લઇશ સ્વતંત્ર એક નાના પાયા પર ધંધો શરૂ કરીશ તેમા ભરયુવાનીમાં બેકારીની ખીણમાંથી ૧૦ થી ૧૨ યુવાનોને રોજી મળશે યુવાશકિતથી હું વધુ નફો કરતો રહીશ. તેમાંથી મારા ઘરની બાજુમાં આદર્શ બુનિયાદી શાળા ખોલીશ જેમાં નિર્દોષ અને આવતીકાલના યુવાનોને કેળવણી મળશે મારા માતા પિતાને એક સુંદર ફીયાટ કારમાં ભારતના બધા જ પવિત્ર સ્થળોએ યાત્રા કરાવીશ તે વખતે હું ભગવાનનો ઉપકાર માનીશ કે તેઓએ મને મારા માતા–પિતાની સેવા કરવાનો સમય આપ્યો. અને મારા માતા–પિતા પોતાના પુત્રનાં આવા સદ્‌વિચારથી આનંદ અનુભવશે.

જ્યારે મારા માતા–પિતા યાત્રા કરીને પાછા ફરશે. ત્યારે ઘરની સામે એક મોટી હોસ્પીટલ હશે. જેના મુખ્ય-દ્વાર પાસે મારા પિતાના આગમનથી દર્શનાર્થે આતુર બનેલા અને ગરીબીએ જેને ભરખી લીધેલા છે. તેવા હજારો માણસો ચરણસ્પર્શ કરશે. અને ઘણું જીવો ઘણું જીવોનો નારો લગાવતા હશે. મારે ઘેર એક મોટો મંડપ બાંધ્યો હશે. જેમાં દીનબંધુઓ કેટલાય દિવસોથી પોતાની ભૂખને છીપાવતા હશે. અને અંતઃ કારણ પૂર્વક આશીર્વાદ આપતા જશે. ભદ્ર સમાજમાં મારુ સ્થાન શૂન્ય હશે. પરંતુ કંગાલ બેકારોનો હું દીનાનાથ સમાન હોઇશ અને ભદ્ર સમાજના સ્થાન કે મોભાની વધુ અગત્યતા કદાપી નહિ જ લાગે મને તો મારા દેશ કે સમાજનાં કે ગામ ના પાંચ પચાસ માણસોની દુવા એજ મારે મન આગળ પડતું સ્થાન હશે.

ધીમે ધીમે મારો ધંધો વિકસતો જશે અને હું વધુને વધુ માણસોને રોજી આપતો થઇશ મારી ફેકટરીમાં કામ કરનારા કદાચ કામ કરતા વૃધ્ધો બની જશે તો પણ આ ફેકટરીનો અખૂટ પ્રેમ તોડવા તૈયાર નહિ થાય વૃદ્ધાવસ્થામાં પણ તે પોતાનું કામ સંભાળતા જ રહેશે અને મારે મારી ફેકટરી વતી તેમની વધુને વધુ સંભાળ રાખતો રહીશ ત્યાં સુધી કે મારી ફેકટરીના કયા માણસે આજે શું ખાધું છે. તેની ચિંતા મારે રાખવી પડશે. કલિયુગમાં માત્ર મારી ફેકટરીમાં જ રામરાજ્ય હશે.

એક દિવસ સવારના હું અને મારા માતા–પિતા અમારી કારમાં બેસીને આશ્રમરોડ પર આવેલી અંધશાળામાં જતાં હોઈશું થોડીવાર પછી મારા માતુશ્રીના હાથે અંધશાળામાં અભ્યાસ કરતા નાનાં નાનાં નેત્રહીન બૂલકાંઓને મિઠાઇના પેકેટ વેચતાં હશે. અને મારી આંખમાંથી હર્ષના આસુ વહેતાં હશે અને હું મારી જીંદગીની ધન્યતા અનુભવતો હોઇશ.

નીરજ બસ કર હવે ચા અને નાસ્તા ને ન્યાવ આપી દે નીરજ અને હું ચા અને નાસ્તાને ન્યાય આપી દીધો ત્યાંજ કોલેજના ત્રીજા પીરીયડ ના પૂરા થવાનો બેલ વાગ્યો હું અને નીરજ હજુ બેઠા હતા. વેઇટરને બીલ ચુકવી દીધુ અને ઉભા થતા મારા મો માંથી એક રત્નકણિકા નીકળી ગઇ "મનોરથ સ્વપ્નમાં હશે તો ક્યારેક પણ સિધ્ધિરૂપ જન્મશે"

ઉગતો છોડ *

ડાહ્યાભાઇ કચરાભાઇ
હડમતિયાકંપા

આપણે ઉગતા છોડનું જતન શા માટે કરીએ છીએ ? આ પ્રશ્ન તો સૌ કોઇ જાણતા જ હશે. આપણે ઉગતા છોડને જો જાળવી રાખીશું, એને પોષણ આપીશું, એની પાછળ યોગ્ય મહેનત કરીશુ. તો તે જરૂર એક દિવસ ફાલી ફૂલી મોટું વૃક્ષ થશે. વખત જતાં એ ફાલીફૂલી તૈયાર થયેલું વૃક્ષ યોગ્ય કામ આપશે, યોગ્ય બદલોવાળી આપશે. ઉગતા છોડનું જતન કરવુંએ આપણી સૌની ફરજ છે અને એ ફરજ અદા કરવામાં જ આપણો હેતુ સમાયેલો છે.

આપણને જોતાં માલુમ પડશે કે આ દુનિયા પણ વર્ષો પૂર્વે એક નાના અને ઉગતા છોડ સમાન હતી. અને એજ બાલસ્વરૂપ વાળી દુનિયા આજે કેટલી બધી વિશાળ છે, મતલબ કે દુનિયા કેટલી બધી આગળ વધી રહી છે.

તો આપણે, આપણા સમાજે શા માટે પીછેહઠ કરવી ! શા માટે દેશને ખાતર અને સમાજને ખાતર અથાગ પ્રયત્ન ન કરવા. મહાત્મા ગાંધીજીનો એ મહામૂલો મંત્ર " યા હોમ કરીને પડો ફતેહ છે. આ.ગે " એ મંત્રને ખાસ ધ્યાનમાં રાખી દરેકે દરેક માનવીએ પોતાથી બનતું બધું જ કરી છૂટવા શપથ લેવાં જોઇએ.

આપણે જાણીએ છીએ કે આપણો સમાજ પણ કોઇ નવી જ તરફ પ્રગતિનાં પગલાં માંડી રહ્યો છે. પણ હજુ " દીલ્હી દૂર છે. " આપણી ધારી મંઝીલે પહોંચતાં હજી ઘણો સમય લાગશે પણ આપણે " ટાઇમ ઇઝ મની " સમજીને વધુ સમય બગાડીએ શા માટે ! દરેક ભાઈ-બહેને કમર કસી ખંતથી સમાજની ઉન્નતિ માટે તૈયાર થવું જોઇએ.

સમાજના કુરિવાજો, જુની રૂઢીઓ, બાળલગ્નો અને અયોગ્ય છુટાછેડા જેવા સમાજનાં દૂષણો દૂર કરવા માટે તન, મન અને ધનથી બલિદાન આપવાનું છે અને આવાં કાર્યો નાબુદ કરવા માટે સમાજની કમિટીએ ચાંપતા ઈલાજો લઇ સત્વર તૈયાર થવું જોઇએ.

અત્યારે તો છૂટાછેડાએ સામાન્ય વાત થઇ પડી છે. આ દૂષણુ દૂર કરવા માટે જોઇએ " સ્ત્રી કેળવણી " અને યુવક વર્ગમાં જોઇએ. " સભ્યતા " જો આપણે આટલું કરી શકીએતો " ગંગા નાહ્યા. !

ખરેખર સમાજમાં ચેતન લાવવા માટે " યુવક મંડળો " તથા " મહીલા મંડળો " સ્થપાયાં છે અને સ્થપાતાં જાય છે.

આવાં યુવક મંડળો ગામના તેમજ સમાજના ઉત્કર્ષમાં ફાળો આપશે. અને સમાજનાં દૂષણો સામે માથું ઉંચકી લાલબત્તી ધરશે, સાથે સાથે સમાજના કાર્યમાં યોગ્ય સહકાર આપશે તો સમાજ જીવનમાં નવો જ પ્રાણ પુરી શકાશે.

★

જો અભિમાન રાખવું હોયતો દેશાભિમાન રાખજો.
જો ક્રોધ કરવો હોયતો ક્રોધ ઉપરજ ક્રોધ કરજો.
જો નિંદા કરવી હોયતો સ્વનિંદા જ કરજો.
જો સોબત કરવી હોયતો સજ્જનનીજ કરજો.
જો ડર રાખવો હોયતો પાપનોજ ડર રાખજો.
જો વ્યસન રાખવું હોયતો દાનનુંજ વ્યસન રાખજો.
જો દૂર ભાગવુ હોયતો દુર્જનથી જ ભાગજો.
જો નાટક જોવાનું મન થાયતો પોતાના ઘરે સંસારનું જ નાટક જોજો.
જો વિશ્વાસ રાખવો હોયતો ભગવાન ઉપરજ રાખજો.
જો ભૂલવું હોયતો દુઃખનેજ ભૂલજો.
જો મારવું હોયતો કાળનેજ મારજો.
જો વારવું હોયતો મનને જ વારજો.

ઈશ્કે મિજાજી *
ઈશ્કે હકીકી *

પ્રવિણ આર. પટેલ
રાજપુરકંપા

એક નવયૌવના ગજબની શૃંગારીકા; એનું હરએક અંગ કાવ્ય.

આ ભલભલા રાજકુંવરો, શ્રીમંતોને, શાહશોદાગરોનાં માગાં ઠેલીને એક સાધારણ મન ગમતા યુવાનના પ્રેમમાં પડી.

ફૂલ અને ભ્રમર એના પ્રેમની ઈર્ષા કરી રહ્યાં, ચક્રવાક અને ચકવાકી એની પાસે લગ્ન જીવન શીખવા આવ્યાં ! જળને લાગ્યું કે આ દંપતી પાસે અમારી અને મીનની પ્રીત મોળી છે.

પણ પતિને પરદેશ જવું પડયું.

નવયૌવના એકલવાયી બની ખાવા, પીવા પહેરવા, ઓઢવામાંથી એનું ચિત્ત હટી ગયું એ પાગલ જેવી બની ગઈ.

અરે ? વહુને ગાંડપણ વળગ્યું ? લોકો કહેવા લાગ્યાં.

સાસુ–સસરાએ વહુને ઓરડામાં પૂરી. એને તો બજાર અને એકાંત ઓરડો સમાન હતાં. એ સૂનમૂન પડી રહેવા લાગી. એક દીવસ સમાચાર આવ્યા કે પરદેશથી પ્રીતમ પાછો ફર્યો છે. વહુને ઓરડામાં રાખી, સાસુ સસરો પુત્રનું સ્વાગત કરવા ચાલ્યાં.

વહુએ સાંભળ્યું વહાલો આવ્યો છે- ! બહાર નીકળવા ઘણો પ્રયત્ન કર્યો, પણ વ્યર્થ ! આખરે એ છાપરે ચઢીને ત્યાંથી કૂદીને ભાગી, પ્રીતમના સ્વાગત માટે ?

સંધ્યા સલૂણી આથમતી હતી.

મગરીબમાં સુરજ ઢળતો હતો.

શિકારગૃહથી એ પાછો ફરતો મલકતો બાદશાહ મગરિબની નમાજ પઢતો હતો. સુંદર ગાલીચો પથરાઈ ગયો હતો.

પેલી દીવાની નવયૌવના દોડતી ત્યાંથી પસાર થઈ. બાદશાહ ત્યાં છે. તેનું તેણીને ભાન રહ્યું નહીં.

બાદશાહે તરત એ બેઅદબ ઓરતને પકડી લાવવા હુકમ કર્યો. ઓરતને ઘડી બે ઘડીમાં હાજર કરવામાં આવી. બાદશાહે પૂછ્યું : "બાદશાહ સાથે બે અદબી કરનાર ઔરત તું હતી!

ઔરતે કહ્યું: મને મારી ખબર પડતી નથી. હું પોતે અત્યારે ખોવાઇ ગઇ છું. પણ શું આપ એ ટાણે નમાજ પઢતા હતા.?

બાદશાહ કહે: "હા"

ઓરત ખડખડાટ હસીને બોલી "હજૂર હું મારા પ્રીતમના ધ્યાનમાં હતી, અને એક બાદશાહની સત્તાને વિસરી ગઇ. એ બે અદબીની ભારે સજા ભૂલી ગઇ અને આપ મહાન ખુદાતાલાની ધ્યાનમાં હતા છતાં ગાલીચા પરના ધૂળ અને મારા જેવી ઓરતની હસ્તી કેવી રીતે પીછાની શક્યા?

હજુર! દીવાના થયા વગર કોઇ દેવ અંતરમાં આવતા નથી. એક માણસ પરનો પ્રેમ ઇશ્કે મિજાજીનો મને આવી ઘેલી બનાવે છે તો ઇશ્કે હકીકી ઇશ્વર તરફનો પ્રેમ આપને દીવાના કેમ બનાવતો નથી, તેનો વિચાર કરવો ઘટે."

બાદશાહ ચૂપ થઇ ગયો અને ત્યાંથી તે ચાલ્યો ગયો.

કોણ કેટલું જીવે છે."

સંગ્રાહક:-એન. વી. પટેલ
નાગપુર – ૨

માછલી (જાત પ્રમાણે)	૫ થી ૪૦ વર્ષ	ઘેટું	૧૨ ,,
રીંછ (જાત પ્રમાણે)	૧૫ થી ૪૦ ,,	ડુક્કર	૧૦ ,,
જમીનનો કાચબો	૨૦૦ ,,	સસલું	૧૦ ,,
મગર	૪૦ ,,	કાગડો	૨૫ ,,
હાથી	૬૫ ,,	ગીધ	૪૦ ,,
સિંહ	૩૦ ,,	પોપટ	૭૦ ,,
ઊંટ	૪૦ ,,	ગરૂડ	૬૦ ,,
કૂતરો	૨૦ ,,	મોર	૩૦ ,,
ઘોડો	૪૦ ,,	કબુતર	૨૦ ,,
ગધેડો	૨૫ ,,	બુલબુલ	૧૮ ,,
ગાય	૨૫ ,,	લાવરી	૧૮ ,,
બકરી	૧૫ ,,	તેતર	૧૮ ,,
બિલાડી	૧૫ ,,	મરઘો	૧૦ ,,

ગૃહલક્ષ્મી

પટેલ જીતેન્દ્ર એન.
અમદાવાદ

માતા વિનાના પુત્ર ને કોણ સહારો આપે છે ? સમાજમાં તેનું માથુ ઉંચુ રખાવનાર કોણ હોય છે ? આવા વિચારમાળાની એક દોરી વડે પડદો ઉઠાવવાની એક તક લઇ શકુ છુ ?

ઇચ્છેલ નામનું એક ગામ હતું આ ગામમાં જે માનવી ઇચ્છે તે વસ્તુ મેળવી શકતો તેના માટે પ્રયત્ન કરવો પડતો પણ તે સફળ થતો આ ગામ ધનવાનોથી ભરપુર હતું ગામના આગેવાનો પાસે સારા મકાનો તેમજ વેપારને લઇ સારી એવી કિર્તી મેળવેલી હતી. શ્રી રામેશ્વર શર્મા ગામના મામલતદાર હતા. આ આગેવાન સર્વ શ્રેષ્ઠ હતા. બીજા કરતાં માલ મિલ્કત પણ ઘણી હતી. સુખી હતા પણ પોતાની રામકહાની સંભળાવીને એ આંસુ સારી શકતા નહિ.

તેમજ બે પુત્રો અને એક પુત્રી હતી પણ પોતે વિધુર હતા. મોટો છોકરો વેપારી પેઢી પર જતો હતો. છોકરીએ એસ. એસ. સી. પાસ કરી હતી. ગામમાં કોલેજના અભાવે છોકરી ભણી શકી ન હતી રાજેશ નાનો પુત્ર હતો જે કોલેજ માં જતો હતો અને હોસ્ટેલમાં રહેતો હતો. મોટો પુત્ર પરણેલો હતો.

પશ્ચિમની સંસ્કૃતિ પણ થોડા ઘણા અંશે ભારતમાં આવી ચુકી છે. યૌવન ના ઉંબરે સહસ્વાધ્યાયીની જરૂરિયાત છે. તેવુ સમજનારો યુવાન કોલેજીયનો માંનો એક રાજેશ હતો તેને પોતાની કોલેજમાં અભ્યાસ કરતી રાજશ્રી સાથે Freindship કરીને ટૂંક સમયમાં જ પ્રેમ માં પરિણમી અને પ્રેમ હંમેશા વધે છે. તે કદાપી ઘટતો નથી જે પ્રેમમાં પડયો તે ઠોકરના પર્વત પર ગયો સમજી લેવું માટે જ કહ્યું છે કે Love is blind પ્રેમ તો વધતો જ ગયો છેવટે તે જ પ્રેમે રાજેશને ગાંડો બનાવી ને રાજેશ સાથે લગ્ન કરવાની આરાધના જગાવી.

કોલેજમાંથી છુટી રાજેશ્રી કોલેજ સામેની રેસ્ટોરેન્ટ પાસે વિચારમાળામાં લીન બની ઊભી હતી થોડી વાર પછી રાજેશ આવતા બન્ને રેસ્ટોરેન્ટમાં નાસ્તા માટે ગયા નાસ્તાનો ઓર્ડર આપી બન્ને વાતો કરવા લાગ્યા રાજેશ્રીએ કહયું રાજેશ આપણે આમ ચોરી છુપી રીતે કયાં સુધી મળતા રહીશુ? રાજેશે ભાન ભુલીને કહી નાંખ્યુ આ વખતે તે રાજેશ્રીના પ્યારના નશામાં હતો તું કહે તે

દિવસે કોર્ટ દ્વારા લવ મેરેજ કરી આવીશું અઠવાડિયામાં બન્નેની ઉગતી યુવાની ના પ્રચંડ મોજાને કારણે કોર્ટ સમક્ષ લગ્ન કરી લીધાં રાજેશે પ્રાઇવેટ રૂમ રાખીને બન્ને જણા સાથે રહેવા લાગ્યાં પણ આ લહેરી જીવન ઇશ્વિરે વધુ દિવસ લૂટવા દિધું નહિ.

એક દિવસ રાજેશના રૂમમાં પત્ર પડયો હતો રાજેશ અને રાજેશ્રી કોલેજથી આવ્યા ને આ પત્રને રાજેશે ફોડયો વિગત જાણીને ચકકર ખાઇ ગયો.

ચિ. બેટા રાજેશ

તેમજ ત.રા મિત્રોને મારી મધુર યાદ ઘણા સમયથી પત્ર નથી તો લખવા તસ્દી લેજે. બીજુ જણાવવાનુ કે તારું વેવિશાળ આપણા ગામની શરાફી પેઢીના માલિકશ્રી જગજીવનની પુત્રી મલ્લિકા સાથે કરવાનું વિચાર્યું છે. તો થોડા દિવસ માટે તું ઘેર આવ
લિ. તારા પિતા.

પત્ર વાંચી રાજેશ પાગલ બની ગયો. તેના મુખપર વિચારોનું વાદળ છવાઇ ગયું તેને સમજાતું નહોતું કે તેને લવ મેરેજ કર્યા છે તે વાતની પિતા સમક્ષ રજુઆત શી રીતે કરવી. પિતાની આજ્ઞા રાજેશની સાથે લઇ જવી ! પિતાના દિલને દુ:ખ ! વગેરે પ્રશ્નોનું ધુમ્મસ છવાઇ ગયું છતાં હિંમત કરીને રાજશ્રીને લીધા વગર ઘેર ગયો. પુત્રના અપટુડેટ કપડાં બુટ હેરસ્ટાઇલ જોઇ પિતાજી જોતા જ રહી ગયા.

ભાવથી સ્ટેશન પર ભેટયા. ઘેર ભાઇ ભાભી, બહેનને મળ્યો.રાત્રે સહુ છોકરી જોવા ગયાં હતાં. ભાભીને રાજેશ બેઠાં હતા. થોડી વાર થઇ હશે ત્યાં તો ભાભીં અને રાજેશ ઘેર પાછા આવી ગયા એકાએક પાછા ઘેર આવેલ રાજેશને જોતાં પિતાશ્રી મુજવણમા મુકાઇ ગયા રૂમમાં રાજેશ અને ભાભી એકલા જ બેઠા હતા. રાજેશ ભાભીના ખોળામાં માથું મૂકીને રડવા લાગ્યો ભાભી એક આદર્શ નારી હતી. તેને રાજેશને માનો પ્રેમ આપ્યો હતો તેને રડવાનુ કારણ પૂછ્યુ. રાજેશે બધી જ વાત કહી દીધી આખરે જણાવી દીધું કે મારા કુટુંબની, મારા પિતાની આબરૂ આ વાતમાં રહેલાં છે તો રસ્તો બતાવો.

ભાઇ ભાભી શયનખંડમાં બેઠાં હતાં ત્યારે રાજેશની કહાની ભાભીએ ભાઇ સમક્ષ રજુ કરી અને રસ્તો કાઢવાની સલાહ આપવા જણાવ્યું ભાઈએ ભાભી અને રાજેશને છોકરી જોવા જવાનું જણાવ્યુ બીજે દિવસે રાજેશ અને ભાભી છોકરીને ઘેર ગયાં. ભાવ ભીનું સ્વાગત કર્યુ, છોકરી બીજા રૂમમાં બેઠી હતી. પરંતુ તેનો કાન આ રૂમ તરફ હતો છેવટે ભાભીએ કહ્યું કે આપની છોકરીએ કોલેજમાં અભ્યાસ કર્યો

નથી એટલે અમે રાજેશની જીવનશાથી બનાવી ન શકાંએ.

રાજેશ અને ભાભી અમદાવાદ આવવા રવાના થયા રાજેશના રૂમમાં રાજેશ્રી રાંધતી હતી. ત્યાં તો ટક ટક અવાજ આવ્યો રાજેશ્રીએ દરવાજો ઉગાડયોને રાજેશ અને ભાભીને જોયા પછી રાજેશે ઓળખાણ કરાવી એ દિવસ અમદાવાદમાં રાજેશ–રાજેશ્રી અને ભાભી રહ્યાં જયારે ગામ પાછા આવ્યા ત્યારે આ વાતની ખોટી અફવા ઉડતી હતી.

મામલતદાર ને ઘેર રાજેશે કોલેજ યુવતી લવ મેરેજ કર્યા છે અને ગામની પ્રતિષ્ઠાને હાની પહોંચાડી છે. તે માટે ક્યાં પગલા ભરવાં જેથી યુવાન વર્ગ તે રસ્તેથી પાછો ફરે આવા વિચારો રજુ કરવા એક મિટિંગ ભરાઈ હતી. રામેશ્વર શર્મા મોં નીચુ કરીને બેઠા હતા. તે પોતાની પ્રતિષ્ઠા પર લાગેલી ઠોકર માટે શરમીદા બની ગયા હતા.

રાજેશની ભાભીએ આ બધા પંચના સભ્યોને પોતાને ત્યાં ભેગા થયલા જોઇ ને આશ્ચર્ય પામી ગયા અને કંઇક વિચારવા લાગ્યા. જયારે પુરુષની બુદ્ધિ બેર મારી જાય છે ત્યારે સ્ત્રીઓની બુદ્ધિ કંઇક ને કંઇક નવો રસ્તો બતાવે છે. અને તેથી સ્ત્રીઓનુ સ્વમાન સમાજમાં રહ્યું છે તેમને મિટિંગમાં રાજેશ અને રાજેશ્રીના લવ મેરેજ કર્યા છે તે વાત ખોટી ગણાવીને તે બન્નેના લગ્ન ટૂંક સમયમાં જ થશે તે માટે રાજેશ્રીને જોવા પોતે ગયા હતા તેવુ સત્ય હકિકત દબાવીને જણાવી દીધુ. આ વાત સાંભળીને ગામના પંચના સભ્યોમાં નવાઇનુ વાદળ છવાઇ ગયુ. આ સત્ય સાંભળ્યા પછી કોઈ સભ્યને કાપો તો લોહી ન નીકળે તેવા થઇ ગયા. અને ઉઠીને પોતપોતાને ઘેર જવા લાગ્યા.

ભાઇ–ભાભી અમદાવાદ જઇને રાજેશ્રીના પિતા સાથે સમાજ સમક્ષ ફરીથી લગ્ન કરવા સંમત થયા. અને બધા જ ગામના સભ્યો સમક્ષ લગ્ન કરાવ્યા. જે ગામના પંચના સભ્યો ચોવટ કરવા આવ્યા હતા. તે જ સત્કાર સમારંભમાં આવ્યા હતા.

માતા સમાન ભાભીએ રાજેશ્રીને કાયદેસર જીવનસાથી બનાવી ને ગૃહસ્થ જીવન દોરી નવેસરથી ખેંચી અપાવી આ જ સમાજમાં માતા સમાન ભાભી અને પુત્રના અવગુણ સામે રક્ષક ભાભી રહે છે. પુત્રના અવગુણથી સમાજમાં પ્રતિષ્ઠાને હાની પહોંચતા પહેલા શિરોછત્ર કવચ બનીને આબરુ વધારનાર એ ભાભીને હું માતાતુલ્ય તો જરૂર જ ગણું પરંતુ મારા આ હાથ માંથી 'ગૃહલક્ષ્મી' નું સ્થાન પણ તે જ લૂંટી જઇ શકે છે.

હિન્દુ લગ્નનો અધિનિયમ -૧૯૫૫

રતિલાલ કે. પટેલ
બી.એ.એલ.એલ.બી., એડવોકેટ
૧૫, કેપીટલ પાર્ક, સેંટઝેવીયર્સ હાઈસ્કૂલ રોડ,
અમદાવાદ

તાજેતરમાંજ શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થીમંડળ અમદાવાદ દ્વારા બહાર પાડવામાં આવેલ સોવેનિયર 'કિરણ' માં મેં છૂટાછેડા વિશે મારાં મંતવ્યો રજુ કરેલ છે. અંક તૈયાર થઇ ગયા બાદ હિન્દુ લગ્નધારામાં કેટલાક મહત્વના ફેરફારો પહેલાંના કાયદાને અનુલક્ષીને કરેલ હોઇ હવે એની અગત્યતા બહુ રહેતી નથી. તેથી હિન્દુ લગ્નધારા વિશે સુધારેલા અધિનિયમ મુજબ કેટલીક મહત્વની કલમો હું અહીં ફરીથી રજુ કરું છું.

કલમ-૫ મુજબ કાયદેસરનાં લગ્ન માટે નીચેની શરતો પૂર્ણ થવી જોઇએ.

(૧) લગ્ન સમયે બંનેમાંથી કોઇપણ પક્ષકારને પત્ની કે પતિ હયાત હોવાં ન જોઇએ.

(૨) લગ્ન સમયે કોઇપણ પક્ષકારને નીચે મુજબનો રોગ હોવો ન જોઇએ.

(એ) મૂઢ કે દિવાના પણાને લીધે તે લગ્ન માટે સંમતિ આપી શકે તેમ ન હોય.

(બી) માનસિક અસ્વસ્થતાના લીધે તે લગ્ન માટે સંમતિ આપી શકે તેમ ન હોય તેમજ એવી બીજી રીતે લગ્ન માટે યોગ્ય ન હોય અને બાળકો ઉત્પન્ન કરવાની શક્તિ ન હોય.

(સી) ગાંડપણના હુમલા આવતા હોય કે વાઇ આવતી હોય.

(૩) પુરુષે ૧૮ વર્ષ અને સ્ત્રીએ ૧૫ વર્ષ પુરાં કરેલાં હોવાં જોઇએ.

(૪) બંને પક્ષકારો પ્રતિબંધીત પેઢીના ન હોવા જોઇયે. સિવાય કે રૂઢી અને રિવાજથી છૂટ આપવામાં આવેલ હોય.

(૫) બંને પક્ષકારો વચ્ચે સપિંડ સંબંધ ન હોવો જોઇયે. સિવાય કે રૂઢી અને રિવાજથી છૂટ આપવામાં આવેલ હોય.

સપિંડ સંબંધમાં પિતાથી પાંચમી પેઢી અને માતાથી ત્રીજી પેઢી સુધી ગણવામાં આવે છે. તેમજ પ્રતિબંધીત સંબંધ ની પેઢી એટલે કે

(અ) બેમાંથી એક વ્યકિત બીજી વ્યકિતની વંશીય પૂર્વજ હોય.

(બ) એક વ્યકિત બીજી વ્યકિતની ચઢતી કે ઉતરતી પેઢીની પત્ની કે પતિ હોય.

(ક) એક વ્યકિત બીજી વ્યકિતના ભાઈની, પિતાની, મામાની, દાદાની, કે દાદાના ભાઇ ની પત્ની હોય.

(૫) બે વ્યકિતઓ, ભાઈ–બહેન, કાકા–ભત્રીજી, કાકી–ભત્રીજો, ભાઈ–બહેનનાં સંતાનો. બે ભાઇનાં સંતાનો અથવા બે બહેનોનાં સંતાનો નો સમાવેશ થાય છે,

(૬) સ્ત્રીની ઉંમર અઢાર વર્ષથી ઓછી હોય તો લગ્ન વખતે તેના વાલીની સંમતિ હોવી જોઈએ. વાલીમાં કલમ–૬ મુજબ પિતા, માતા, દાદા, દાદી, સગો ભાઈ, ભાઇ (એકજ પિતાના માતા જુદી) સગા કાકા ક્રમાનુસાર ગણવામાં આવે છે.

ઉપરની શરતોનુ પાલન થયું હોય તોજ, તેવું લગ્ન કાયદેસરનું લગ્ન ગણી શકાય.

કલમ–૭ મુજબ લગ્ન જ્ઞાતિના રીતરિવાજ મુજબ હિન્દુ વીધીપૂર્વક થવું જોઇએ. જેમકે હવનમાં અગ્નિ પ્રગટાવી સપ્તપદી આગળ સાત ફેરા ફેરવવાનો રિવાજ.

કલમ–૯ મુજબ પતિ કે પત્ની કોઇપણ જાતના યોગ્ય કારણ સિવાય અન્ય વ્યકિત ને છોડીને જતી રહે તો તેથી નારાજ થયેલી પાર્ટી ડીસ્ટ્રીકટ કોર્ટમાં લગ્નહક્કના પુનઃસ્થાપન માટે અરજી કરી પોતાના લગ્ન અંગેના હક્ક માગી શકે છે.

કલમ–૧૦ મુજબ ન્યાયિક અલગતા માટેનુ હુકમનામુ એટલેકે પતિ અથવા પત્નીથી કાયદેસર રીતે અલગ વસવાટ માટેની માગણી કલમ–૧૩ની પેટા કલમ–૧ મુજબ મેળવી શકે છે. તેમજ પતિ વધારામાં કલમ–૧૩ની પેટા કલમ–૨ મુજબ પણ ન્યાયિક અલગતા માગી શકે છે.

આ રીતે ન્યાયિક અગલતાનું હુકમનામુ મેળવ્યા પછી બીજો પક્ષ કાયદેસર રીતે પહેલા પક્ષની સાથે રહેવા ફરજ પાડી શકતો નથી.

કમલ–૧૧ મુજબ કલમ–૫ની પેટાકલમ–૧,૪ અને ૫ નો ભંગ થતો હોય તો તેવા લગ્ન વ્યર્થ (Void) લગ્ન છે. અને કોઇપણ પક્ષકાર તે લગ્ન નિરર્થક ઠરાવવા માટે કોર્ટમાં અરજી કરી શકે છે.

કલમ–૧૨ મુજબ નીચેનાં કારણો હોયતો લગ્ન રદ કરાવવા માટે કોઇ પણ પક્ષકાર કોર્ટમાં જઇ શકે છે. આ રીતે થયેલ લગ્ન રદ જવા યોગ્ય (Voidable) હોય છે.

(અ) કોઇપણ પક્ષકાર નપુંસક હોય.
(બ) કલમ–૫ની પેટાકલમ–૨ નો ભંગ થતો હોય.
(ક) અરજદારની અથવા તેના વાલીની સંમતિ બળજબરીથી અથવા દગાથી લેવામાં આવી હોય.
(ડ) લગ્ન સમયે સામાવાળા અરજદાર સિવાય અન્ય વ્યકિતથી સગર્ભા હોય

કલમ–૧૩ (૧) મુજબ છૂટાછેડા મેળવવા માટે નીચેનાં કારણો જરૂરી છે.

(૧) કોઇપણ પક્ષકાર વ્યભિચારમય જીવન જીવતો હોય.

(એ) અરજદારની સાથે ક્રુરતાભર્યું વર્તન કરવામાં આવતું હોય.
(બી) અરજદારને બે વર્ષથી કોઇપણ જાતના યોગ્ય કારણ વિના ત્યજી દેવામાં આવેલ હોય.

(૨) કોઇપણ પક્ષકારે હિન્દુ ધર્મનો ત્યાગ કરી અન્ય ધર્મમાં ધર્માંતર કર્યું હોય.

(૩) અસાધ્ય રોગ, ગાંડપણ કે માનસિક અસ્થિરતા (Mental disorder)હોય કે જેથી અરજદાર તેની સાથે રહી જીવન વિતાવી શકે તેમ ન હોય.

(૪) અસાધ્ય અને તીવ્ર સ્વરૂપના રકતપિત્તના રોગથી પિડાતો હોય

(૫) ચેપી જાતીય રોગથી પિડાતો હોય.

(૬) સંસારનો ત્યાગ કરી સાધુજીવન સ્વીકાર્યું હોય.

(૭) જેના માટે સાત વર્ષ સુધી કંઇ પણ સમાચાર મળ્યા ન હોય અને ઘરબાર છોડી દીધાં હોય.

(૧) (એ) ઉપરનાં કારણો સિવાય બીજાં નીચે મુજબનાં કારણો હોય તો પણ છૂટાછેડા મળી શકે છે.

(૧) કલમ-૧૦ મુજબ ન્યાયિક અલગતા માટેનું હુકમનામું મેળવ્યા પછી એક વર્ષ સુધી પુન સહવાસ ન કરેલ હોય.

(૨) કલમ-૯ મુજબ લગ્નહક્કનું પુનઃસ્થાપન માટે હુકમનામુ થયેલ હોય પરંતુ એક વર્ષ સુધી બંન્ને વચ્ચે પુનઃસહવાસ કરવામાં આવેલ ન હોય.

(૨) ઉપરનાં કારણો સિવાય પત્ની વધારામાં નીચે મુજબનાં કારણો હોયતો પણ છૂટાછેડા મેળવી શકે છે.

(૧) પતિ એ એક પત્ની હયાત હોવા છતાં બીજું લગ્ન કરેલ હોય.

(૨) પતિને બળાત્કાર સજાતિયસંભોગ કે પશુસંભોગ માટે સજા થઇ હોય

(૩) પત્નીને ભરણપોષણ આપવાનો ના. કોર્ટે હુકમ કર્યો હોય ત્યાર પછી એક વર્ષ સુધી બંને વચ્ચે સહવાસ ન થયો હોય.

(૪) તેના લગ્ન પંદરવર્ષથી ઓછી ઉંમરના હોય ત્યારે કરવામાં આવેલ હોય અને તેણે ૧૮ વર્ષની ઉંમર પુરી થતાં પહેલાં લગ્ન ચાલુ રાખવા માટે સંમતિ આપી ન હોય.

કલમ ૧૩ બી મુજબ છૂટાછેડા બને ની સંમતિથી પણ લઇ શકાય છે. આ પહેલાં આવી કોઇ જોગવાઈ ન હતી. પતિ પત્ની બંને એક વર્ષથી અલગ રહેતા હોય તેમજ બંને સાથે રહી લગ્નજીવન ગુજારી શકે તેમ ન હોય તો તેઓ બંને પોતાની સંમતિથી છૂટાછેડા લેવા માટે કોર્ટમાં અરજી કરી શકે છે કોર્ટ છ મહિનાથી પહેલાં નહીં અને અઢાર મહિનાથી વધુ નહીં એટલા સમયમાં છૂટાછેડા નું હુકમનામુ કરી આપે છે.

કલમ-૧૪ મુજબ કોઈપણ છૂટાછેડા માટે અરજી લગ્ન થયાને એક વર્ષ પુરું થયું ન હોય ત્યાં સુધી કોર્ટમાં દાખલ કરી શકાતી નથી.

કલમ-૧૫ મુજબ છૂટાછેડા મેળવેલ પક્ષકાર અપીલનો સમય પૂરો થાય પછી અથવા જો અપીલ કરવામાં આવી હોયતો તે કાઢી નાખવામાં આવે ત્યારે અથવા ચાલી જાય ત્યાર પછી લગ્ન કરી શકાય છે.

કલમ-૧૭ મુજબ કોઇપણ પક્ષકાર પતિ કે પત્નીની હયાતીમાં ફરીથી અન્ય વ્યકિત સાથે લગ્ન કરે તો તે ભારતીય ફોજદારી ધારાની કલમ-૪૯૪ અને ૪૯૫ મુજબ ગુનેગાર ઠરે **છે.**

કલમ-૧૮ મુજબ કલમ-૫ની કેટલીક પેટા કલમોનો ભંગ કરવામાં આવે તો નીચે મુજબની શીક્ષા થઇ શકે છે.

(એ) કલમ-૫ની પેટાકલમ-૩ નો ભંગ કરવામાં આવે તો એટલે કે પુરુષની ઉંમર-૧૮ વર્ષ અને સ્ત્રીની ઉંમર-૧૫ વર્ષ થી ઓછી હોય અને લગ્ન કરવામાં આવેલ હોય તો ૧૫ દિવસની સજા અથવા એકહજાર સુધી દંડની સજા અથવા બંને થઇ શકે છે.

(બી) કલમ-૫ની પેટા કલમ-૪ અને ૫ નો ભંગ કરવામાં આવે તો એટલેકે બંને પક્ષકારો પ્રતિબંધિત પેઢીના હોય અથવા બંને પક્ષકારો વચ્ચે સપિંડ સંબંધ હોય અને લગ્ન કરવામાં આવેલ હોય તો એક માસની સાદી કેદની સજા અથવા એક હજાર સુધી દંડ અથવા બંને થઇ શકે છે

(સી.) કલમ-૫ની પેટા કલમ ૫ નો ભંગ કરવામાં આવે તો એટલે કે, સ્ત્રીની ઉંમર લગ્ન વખતે ૧૮ વર્ષથી ઓછી હોય અને તેના વાલીની સંમતિ લેવામાં આવી ન હોય અથવા સંમતિ દગાથી કે છળકપટથી લેવામાં આવી હોયતો એક હજાર સુધીના દંડની સજા થઇ શકે છે.

કલમ-૨૨ મુજબ આ કાયદા નીચેની બધી અરજીઓ કોર્ટના બંધ બારણે ચલાવવામાં આવશે અને તે વિશેની કોઇ માહિતી છાપવામાં કે પબ્લીશ કરવામાં નહીં આવે અને જો કોઇ વ્યકિત તેને પબ્લીશ કરશે કે છાપશે તો એક હજાર રૂા. સુધીના દંડની સજાને પાત્ર થશે.

કલમ-૨૪ મુજબ આ કાયદા નીચેની કોઇપણ કાર્યવાહી વખતે પત્ની અથવા પતિને પોતાની સ્વતંત્ર કોઈ આવક ન હોય તો પતિ કે પત્નીની અરજી ઉપરથી કોર્ટ દાવો ચાલતા દરમિયાન કાયદેસરના ખર્ચ માટે તેની

આવકના પ્રમાણમાં અમુક રકમ આપવાનો હુકમ પત્નીને કે પતિને કરી શકે છે.

કલમ–૨૫ મુજબ છૂટાછેડાનું હુકમનામું કરતી વખતે અથવા તો પતિ કે પત્નીની અરજી ઉપરથી કોર્ટ અરજદારને દર માસે અમુક રકમ સામાવાળાએ અરજદારના જીવન પર્યંત આપવી તેવો હુકમ કરી શકે છે. આવો હુકમ કરતી વખતે સામાવાળાની આર્થિક સ્થિતિ ધ્યાનમાં લેવામાં આવે છે અને જો જરૂર જણાય તો સામાવાળાની સ્થાવર મિલ્કત ઉપર અરજદારના ભરણપોષણનો બોજો (Charge) પણ કોર્ટ નક્કી કરી આપે છે.

તેમજ જો આવો ઓર્ડર જેની તરફેણમાં કરવામાં આવ્યો હોય તે ફરીથી લગ્ન કરે અથવા જો તે પત્ની હોય અને તે પવિત્ર જીવન ન જીવે અથવા જો તે પતિ હોય અને તે બીજી કોઈ સ્ત્રી સાથે સંભોગ કરે તો બીજા પક્ષની અરજીથી કોર્ટ તેણે પસાર કરેલ હુકમ સુધારી શકે છે અથવા રદ કરી શકે છે.

કલમ–૨૬ મુજબ આ કાયદા નીચેની કાર્યવાહી ચાલુ હોય તે દરમિયાન કોર્ટ બાળકોની કસ્ટડી માટે વચગાળાનો હુકમ આપી શકે છે બાળકોનું શિક્ષણ ભરણપોષણ અને શક્ય હોય ત્યાં સુધી બાળકોની પોતાની ઇચ્છા જાણી કોર્ટ આવો હુકમ કરશે અને જરૂર પડયે આવો હુકમ છૂટાછેડાના આખરી હુકમનામામાં પણ કરી શકશે. તેમજ સંજોગો બદલાતાં બાળકોનું ભવિષ્ય, શિક્ષણ વગેરે ધ્યાનમાં લઈ વખતોવખત આવો હુકમ મુલ્તવી રાખી શકશે. બદલી શકશે કે રદ કરી શકશે.

આમ હિન્દુ લગ્નધારા વિશે સંક્ષિપ્તમાં જોતાં એ ખ્યાલમાં આવશે કે, કાયદામાં સુધારો કરી છૂટાછેડા લેવાનું ખૂબજ સરળ બનાવી આપણી સંસ્કૃતિએ પણ હવે પશ્ચિમનું અનુકરણ ઠીક ઠીક પ્રમાણમાં આમાં પણ કરવા માંડયું છે અને તેના પરીણામે લગ્ન સંસ્થા અત્યારે જે એક મજબુત, સ્થિર અને સંરક્ષણાત્મક રહી છે. તે હવે અનેક નવા સામાજીક પ્રશ્નો ઉભા કરી વ્યવસ્થિત સમાજ ને અને મજબૂત લગ્ન સંસ્થાને છિન્ન ભિન્ન નહીં કરી નાખે ને?

આભાર.....

"આપણી વસ્તી સમસ્યા"

વેલાણી કલ્યાણજી ભીમજી
લુડવા (કચ્છ)

"સમસ્યા" શબ્દ અર્થકારણમાં ડગલે ને પગલે દૃષ્ટિગોચર થાય છે. જેવી કે "અન્ન સમસ્યા, વસ્તીની સમસ્યા, તેમજ રોજગારીનાં સમસ્યાં." આ સમસ્યાઓ માત્ર એક જ દેશ માટે છે એમ માનવું ભૂલભરેલું છે. વિકસીત દેશો બાદ કરતાં દરેક દેશને કોઇને કોઇ પ્રકારની "સમસ્યાઓ" હોય છે. ભારતમાં વર્તમાન યુગમાં ઉપરોક્ત ત્રણે સમસ્યાએ સરકાર સામે ઉપસ્થિત છે. આ માટે સરકાર ગંભીર રીતે વિચાર કરીને પગલાં લઈ રહી છે. તો હવે આપણે ઉપરોક્ત ત્રણ સમસ્યાઓમાંથી

પ્રથમ વસ્તીની સમસ્યા

વિશે વિચારીએ અને તેને કેવી રીતે નિવારી શકાય તેના ઉપાયો તપાસીએ.

ભારતની વસ્તીની સમસ્યાનાં મૂળ આ બે મુખ્ય બાબતોમાં પડેલાં છે એક બાજુ મરણ દર સતત ઘટતો જાય છે જ્યારે જન્મનો દર બહુ જ ગતીથી આગળ વધતો જાય છે, તેથી વસ્તીમાં થતો ચોખ્ખો અને ટકાવારીમાં વધારો ઘણો ઊંચો ગયો છે. ૧૯૨૧ પહેલાં જન્મ નો દર ઊંચો હતો જ પણ મૃત્યુનો દર પણ એટલો જ ઊંચો હતો તેથી વસ્તી વધારાનો દર એટલો તીવ્ર માલુમ પડતો ન હતો. પરંતુ ૧૯૨૧ પછી વસ્તીવૃદ્ધિનો દર નવો વળાંક લે છે. તેથી જ ૧૯૫૧ ના સેન્સસ કમિશને ૧૯૨૧ની સાલને વસ્તીના ક્ષેત્રે એક સીમા ચિહ્નન તરીકે વર્ણવ્યું હતું. ૧૯૨૧થી૬૧ ના ગાળા દરમિયાન અનાજની અછત ઓછી થઇ, રોગચાળો અંકુશમાં આવ્યો, વાહનવ્યવહારનાં સાધનોનો વિકાસ થતાં સ્થાનિક અછતનો ભય નિવારી શકાયો, પુર અને અનાવૃષ્ટિ ના પ્રશ્નોનો અસરકારક રીતે સામનો કરવામાં આવ્યો, આથી વસ્તી વધારા નો દર ઊંચો ગયો છે. ૧૯૨૧-૩૧ના દસકા દરમિયાન વસ્તી વૃદ્ધિના દર કરતાં ૧૯૫૧-૬૧ના દસકાનો વસ્તીવૃદ્ધિનો દર લગભગ ૬૧% ઊંચો રહ્યો છે.

આમ આપણે જોઇએતો વસ્તી પ્રતિવર્ષ હરણફાળ ગતિએ દોડે છે. જ્યારે ઉત્પાદનનું પ્રમાણ ગોકળગાયની ગતિએ વધે છે. એટલે કે વસ્તીની વૃદ્ધિ ૧, ૨, ૪, ૮, સમગુણોતરમાં થાય છે. જ્યારે અનાજનું ઉત્પાદન ૧, ૨, ૩, ૪, એમ અંકગણિતીય સમાંતર થાય છે. વળી વસ્તી વૃદ્ધિ પ્રતિ વર્ષે ૨.૧૫ ટકાના દરે ૧૦ વર્ષના

આંકડા પરથી માલુમ પડે છે જયારે માથા દીઠ આવક ૧.૬ ટકાના દરે વધી છે. આમ હોવાથી ગરીબાઇમાં પ્રતિદિન વધારો થાય છે તાજેતરના અંદાજો દર્શાવે છે કે મૃત્યુનો દર ૨૧ જેટલો નીચો ગયો છે જયારે જન્મનો દર ૪૦ જેટલો ઊંચો રહ્યો છે. જયાં સુધી જન્મનો દર ઘટાડી શકાય નહિ ત્યાં સુધી ભારતની સમસ્યા વધુને વધુ વિકટ બનતી જશે.

હવે આપણે ઉપરોક્ત ચર્ચા બાદ ભારતમાં જન્મ દર ઊંચા હોવાના કારણો તપાસીએ. સૌથી પહેલાં લઇએ આબોહવા – આબોહવાની અસર મનુષ્ય પર પડે છે. (જન્મના દર પર પણ પહોંચે છે) વર્ષના કેટલાક ચોક્કસ મહિનાઓ દરમિયાન બાળકોના જન્મનું પ્રમાણ બીજા મહિનાઓની તુલનામાં ઘણું ઊંચું જોવા મળે છે. તે માટે આબોહવા જ મુખ્યત્વે જવાબદાર ગણી શકાય. પાશ્ચાત્ય ઠંડા પ્રદેશોમાં માતા કે પિતા થવા માટેની પુખ્તતા મોડી આવે છે અને ત્યાં લગ્નો પણ મોડાં થાય છે જયારે ભારતમાં તેથી ઉલ્ટું છે. વળી બાળલગ્નો પણ વસ્તી વધારા માટે જવાબદાર પરિબળ છે.

સામાજીક અને ધાર્મિક કારણો

જન્મના દર પર પ્રભાવ પાડનારાં પરિબળોમાં સામાજીક અને ધાર્મિક માન્યતાઓનું પણ અનોખું સ્થાન છે. તેથી વસ્તીમાં વધારો થાય છે. ભારતમાં ૧૫થી૨૦ વર્ષ સુધીમાં ૮૦% સ્ત્રીઓનાં લગ્ન થાય છે. બાળલગ્ન નિયંત્રણનો પ્રચાર થયો હોવા છતાં આજે ૫થી૧૫ વર્ષની છોરીઓમાં ૧૫% પરણેલી હોય છે. વળી ભારતમાં તો ધર્મનો ટેકો લગ્ન સંસ્થાને પૂરેપૂરો મળેલો છે. આથી દરેક હિંદુએ લગ્ન કરી બાળકો મેળવવાં જોઇએ તેમાં પણ પુત્ર પ્રાપ્તિ એ જીવન માટે જરૂરી છે જેથી મરણોત્તર ક્રિયા થઇ શકે અને સ્વર્ગ મળી શકે. આ ઉપરાંત પુત્રીઓવાળો બાપ–છોકરી પુખ્તવયની થાય અને તેને પરણાવવામાં નિષ્ફળ જાય તો સમાજ તેને ટીકાઓથી રેંસી નાખે છે. બધો ગ્રામીણ સમાજ અને શહેરી સમાજનો ઠીકઠીક ભાગ દીકરીને વહેલામાં વહેલી તકે પરણાવવાની તજવીજ રાખે છે. જે ઊંચા જન્મ દર માટે જવાબદાર છે.

સંયુક્ત કુટુંબ સંસ્થા

સંયુક્ત કુટુંબ પ્રથામાં પરિણીત યુગલ માટે કમાવાની અનિવાર્યતા હોતી નથી. આથી ઘરના કમાતા વડીલો પર પોતે, પત્ની અને બાળકો પણ નભી શકે છે. જે વસ્તીવૃદ્ધિ માટે જવાબદાર છે. જ્યારે પાશ્ચાત્ય દેશોમાં વ્યક્તિએ પોતાના પગ પર જ ઊભા રહેવાનું હોવાથી

તે કમાણી કરતો ન થાય ત્યાં સુધી કોઇ સાથે લગ્નગ્રંથીથી જોડાતો નથી.

આર્થિક કારણો

ગરીબીએ ઉંચા જન્મ દર માટે જવાબદાર છે. પ્રથમ દૃષ્ટિએ આ કથન આપણને ખોટુ લાગે તેમ આશ્ચર્ય ઉપજાવે એવું છે. પરંતુ જો ઝીણવટથી જોઇશું તો માલુમ પડશે, ઉપરોકત કથનમાં સત્યતા પણ છૂપાયેલી છે. ભારતમાં આ પ્રશ્ન કંઇક જુદી દ્રષ્ટિથી વિચારવામાં આવે છે. ગરીબ કુટુંબોમાં જેવાં કે મજૂર અને ખેડૂત વર્ગમાં પત્ની ઘર સંભાળવા ઉપરાંત ખેતીના કે મજૂરીના કામમાં પણ સહાયરૂપ થાય છે. બાળકનું આગમન પણ આવકનું સાધન મનાય છે, કારણકે બાળકને પણ કામે મોકલીને કમાણીમાં થોડોક અવશ્ય વધારો થઇ શકે છે. આ પ્રકારની અજ્ઞાનતા પણ જન્મ દરને ઉંચે લઇ જવામાં કારણભૂત છે.

કેળવણીનો અભાવ

વધતી જતી વસ્તી માટે કેળવણીના અભાવને પણ ગણી શકાય. જેમ કે ૧૯૫૧માં શિક્ષિત લોકોનું પ્રમાણ ૧૦૦૦ની વસ્તીએ ૧૬૬ માણસો હતા. ૧૯૬૧માં વધીને તેની સંખ્યા ૨૪૦ થઇ. વળી આપણે લાંબા સમય સુધી બ્રિટીશ સલ્તનત નીચે રહ્યા જેણે એવા પ્રકારની કેળવણી લોકોને આપી કે જેથી કારકુનો જ પેદા થાય. આઝાદી પ્રાપ્તિ બાદ આપણી સરકારે આ માટે સક્રિય પગલાં લેવા માંડેલ છે અને આજે કેળવણીનો વિકાસ દિન પ્રતિ દિન આગળ ધપી રહ્યો છે. હવે આપણે જન્મદરના અનુસંધાનમાં જોઇએ તો સ્ત્રી કેળવણીનો અભાવ ઉપરોકત સમસ્યા માટે જવાબદાર છે. ૧૯૫૧માં ૧૦૦૦ સ્ત્રીઓની વસ્તીએ માત્ર ૭૯ શિક્ષિત હતી. ૧૯૬૧ માં તે વધીને ૧૨૯ થઇ. આથી સ્ત્રી કેળવણી તરફની બેદરકારી વધતી વસ્તી માટે કારણભૂત છે. કારણકે સ્ત્રી કેળવણીના અભાવથી તે પોતાના ભાવિજીવન વિષે ભાવિ સ્વાસ્થ્ય વિષે તેમજ સ્વતંત્ર વ્યકિતત્વ વિષે વિચારી શકતી નથી. આજે પુરુષને પણ કેળવણીની તેટલી જ જરૂરિયાત છે.

કુટુંબનિયોજનની ગેરહાજરી:-

જન્મનો દર ઊંચો હોવાનું મહત્વનું કારણ જીવન પ્રત્યેની વૈજ્ઞાનિક દષ્ટિનો અભાવ છે કુટુંબ નિયોજન દ્વારા જન્મનો દર ઘટાડી શકાય છે. તે વિષે ઘણું અજ્ઞાન પ્રવર્તે છે કુટુંબનિયોજન વિષે લોકોને પરિચય આપવા અને તે માટેનાં સાધનો પૂરાં પાડવા પૂરતા તબીબી કેન્દ્રો નથી. તાલીમ પામેલા માણસોની અછત છે. તેમજ જે સાધનો છે તે સંપૂર્ણ ખાતરીવાળાં પણ નથી.

આરોગ્ય ક્ષેત્રે વિકાસ:-

આપણા દેશમાં આયોજનની શરૂઆત પછી મલેરીયાનાબૂદીની મોટી અને રાષ્ટ્રવ્યાપી ઝૂંબેશ ઉપાડવામાં આવી છે. તેવી જ રીતે પ્લેગ, શીતળા, કોલેરા, ટી. બી. જેવા દર્દો સામે મોટા પાયા પર ઉપાયો લેવાયા છે. આથી ગ્રામ સમાજના સ્વાસ્થ્યમાં સુધારો થયો છે. રોગચાળાઓથી થતાં મરણોનું પ્રમાણ ઘટયું છે. પ્રસૂતિગૃહો અને આરોગ્ય કેન્દ્રો વિકસવાથી બાળમરણનું પ્રમાણ પણ ઘટયું છે. ૧૯૫૧માં દર હજાર બાળકોના જન્મે ૧૩૦ બાળ મૃત્યુ થતાં તે પ્રમાણ આજે ઘટીને ૯૦ થઇ ગયું છે. આ રીતે મૃત્યુદરનો ઘટાડોએ ઇચ્છનીય વસ્તુ છે. તેમાં લોકોના સ્વાસ્થ્યનું સૂચન થાય છે. એટલું જ નહિ પરંતુ કાચી વયે થતા મૃત્યુને કારણે માનવમૂડીનો જે વિનાશ થતો તે બગાડમાં આજે ઘટાડો થવા લાગ્યો છે. પરંતુ જન્મનો દર સ્થિર રહયો હોવાથી મૃત્યુના દરમાં ગણનાપાત્ર ઘટાડો થવાથી વસ્તીમાં ઝડપી વધારો થઇ રહ્યો છે. આમ આ પરિબળના બે પાસાં કે જેમાંથી એક સમસ્યા ઉત્પન્ન કરે છે જ્યારે બીજા સલામતી બને છે.

ઉપરોકત ચર્ચા દરમિયાન આપણે જોયું કે ભારતમાં વસ્તી વધારો ૧,૨.૪,૮, એમ સમગુણોત્તરમાં થાય છે. જયારે અનાજનું ઉત્પાદન ૧,૨,૩,૪, એમ અંકગણિતીય થાય છે. આથી આ વધતા જતા વસ્તીના દરને અટકાવવા માટે ચોક્કસ અને દૃઢ વસ્તી નિતી અપનાવવી પડશે, જેથી અત્યારે તેને લીધે ઊભી થતી અન્ન સમસ્યા અને રોજગારીની સમસ્યા હલ કરી શકાય જો કે આપણી સરકાર છેલ્લા ૧૦ વર્ષમાં ઠીક ઠીક પ્રમાણમાં આ માટે જાગૃત થયેલ છે. અને સક્રિય પગલાં લેવા માંડયા છે. હવે આપણે વસ્તી નિયંત્રણ માટેના જુદા જુદા ઉપાયો છે. તે તપાસીએ.

કુટુંબ નિયોજન:-

જન્મદર ઘટાડવા માટેનો આ સૌથી મહત્વનો માર્ગ છે. પરંતુ આ ઝુંબેશ એ ધનિક અને શહેરી લોકોના તરગનો જ વિષય બની રહેવો જોઇએ નહિ. વસ્તીનિયંત્રણના પ્રથમ આવશ્યકતા તો ગરીબ ગ્રામજનતાને છે. વળી મોટા ભાગની વસ્તી ગામડામાં રહેતી હોવાથી ગ્રામસમાજમાં વસ્તીનો વધારો ધીમો બને તો જ વસ્તી વધારાનો દર ઘટે, તેથી ભારતના ગામડે કુટુંબનિયોજનની આવશ્યકતા સમજાવવી જોઇએ અને તે કાર્યક્રમ અસરકારક બનવો જોઇએ.

આયોજન પંચે પ્રથમ પંચવર્ષીય યોજનાથી કુટુંબનિયોજન કાર્યક્રમ તરફ લક્ષ આપેલ છે. આ માટે પ્રથમ પંચવર્ષીય યોજનામાં ૬૫ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા જેથી લોકો

નાનાં કુટુંબની અગત્યત સમજતા થાય. તેમજ સંતતિ નિયમન વાસ્તે યોગ્ય માહિતી મેળવે. બીજી પંચવર્ષીય યોજનામાં પણ કુટુંબનિયોજન માટે ૫ કરોડ રૂપિયા રોકવામાં આવ્યા હતા જેથી લોકો કુટુંબનિયોજન વિષે માહિતગાર બની. તેનો બને તેટલો લાભ ઉઠાવે. ત્રીજી યોજનામાં કુટુંબનિયોજન પર ૨૫ કરોડ રૂા ખર્ચવાની ધારણા હતી. પરંતુ આ પ્રશ્નની જટીલતા વધી હોવાથી તે રકમ વધારીને રૂા. ૫૦ કરોડ ખર્ચવાનુ લક્ષ્યાંક રખાયુ.

પરંતુ ગરીબ ગ્રામજનતામાં કુટુંબ-નિયોજન બહુ આકર્ષક બનતુ નથી. ગરીબ કુટુંબમાં બાળકના ઉછેર પાછળ બહુ ઓછુ ખર્ચ થાય છે અને બાળકના શ્રમનો ઉપયોગ આવક વધારવા માટે થતો હોય છે. આથી સૌ પ્રથમ તો ગ્રામસમાજની જીવનદષ્ટિ બદલવાની આવશ્યક્તા છે અને તે સર્વાંગી વિકાસ દ્વારા જ શકય બને.

લગ્નની મર્યાદા :-

વધતી જતી વસ્તીને અંકુશમાં લાવવા માટે લગ્ન માટેની ચોક્કસ મુદત યા ને વય નક્કી થવી જોઈએ. કારણ કે વહેલી ઉંમરે થતાં લગ્નો આ પ્રશ્નને ગૂચવે છે. જો કે આપણી સરકારે આ માટે વય-મર્યાદા નકકી કરેલ છે, પરંતુ તેનો અમલ થતો નથી. આનું ઉલ્લંઘન ગ્રામ્યવિસ્તારમાં વધારે પ્રમાણમાં આપણને જોવા મળે છે. આનો ચુસ્તપણે અમલ થાય તે માટે સરકારે કડક પગલાં લેવાં જોઇએ. અને તેમાં અમલદારોને તેમજ ગામના અગ્રણીયોને જે લાંચ રૂશ્વત આપવામાં આવે છે તેને પણ સખત હાથે ડામવી જોઇએ.

શિક્ષણનો પ્રચાર

શિક્ષણના પ્રચારને લીધે લોકોની જવાબદારીની ભાવના વધે છે અને તેની જન્મદર પર અનુકુળ અસર પડે છે. તેમજ સારા નરસાનો ખ્યાલ આવે છે. આ ઉપરાંત જુદાં જુદાં પુસ્તકો, છાપાંઓ વાંચવાથી જીવનને સુખી કેવી રીતે બનાવી શકાય તેનો ખ્યાલ આવી શકે. આમાં સ્ત્રી કેળવણી વધારે મહત્વની છે. સ્ત્રીઓને આધ્યાત્મિક અને સંસ્કાર ઉત્પન્ન કરાવી શકે એવું શિક્ષણ અપાવું જોઇએ. આથી સ્ત્રી કેળવણી તરફ સમાજમાં તેમના વ્યકિતત્વ તરફનું દૃષ્ટિબિંદુ બદલાશે અને સ્ત્રીઓ પણ કૌટુંબિક સુખાકારી વધારવા જાગૃત બનીને કુટુંબ નિયોજનની અગત્ય સ્વીકારીને વળી કેળવણીનું પ્રમાણ વધતાં વૈજ્ઞાનિક દૃષ્ટિ કેળવાશે અને લોકો કુટુંબ નિયોજન અપનાવતા થશે.

દેશનો ઝડપી આર્થિક વિકાસ :- ઝડપી આર્થિક વિકાસ દ્વારા જન્મદરમાં ઘટાડો લાવી શકાય છે. કારણકે મનુષ્યનો સ્વભાવ જ એવો છે કે તે પોતે ઊંચું

સ્થાન પ્રાપ્ત કરી તેને ટકાવી રાખવા મથે છે. તેજ રીતે જીવનધોરણ જેમ સુધરે તેમ તેને ટકાવી રાખવાની ઇચ્છા તીવ્ર બને છે, જેથી કુટુંબને મર્યાદિત બનાવવાની લાગણી પ્રસરે છે જે છેવટે જન્મના દરને નીચે લાવવામાં મદદરૂપ થાય છે.

ઉદ્યોગીકરણ

દેશનું ઉદ્યોગીકરણ વસ્તી વધારાના દરને નીચો લાવવામાં સહાયભૂત બને છે. ઉદ્યોગીકરણ થવાથી લોકોને નાગરિક વિસ્તારોમાં વધતી આવક આપતી રોજગારીઓ પ્રાપ્ત થાય છે. ઉદ્યોગો વધતાં અન્ય બિન ખેતી ક્ષેત્રો પણ સાથે સાથે વિકાસ પામશે. આથી લોકોની ઉત્પાદન શક્તિ વધશે અને વસ્તીની સમસ્યા હલ થશે.

આમ સંસ્કૃતિ, જીવનધોરણ અને કલ્યાણની વૃદ્ધિ માટે એક માત્ર ઝડપી ઉપાય ઉદ્યોગી કરણનો છે. ઉદ્યોગી કરણ દ્વારા જ દેશના અર્થતંત્રને ગતિશીલ, શકિતવાન અને સમતોલ બનાવી શકાય છે. અને આર્થિક અધિશેષની અધિક પ્રમાણમાં સિદ્ધિ મેળવીને સામાજીક કલ્યાણની સામુદાયિક સગવડો ઉભી કરી શકાય છે.

ઉદ્યોગીકરણ માણસની જીવન દૃષ્ટિ અને રીતરિવાજો પર પણ અસર પડે છે. તેથી માણસ પ્રણાલંગત અંધમાન્યતાઓ છોડીને વિચારશીલ બને છે. કેળવણી તરફ અનુરાગ ઉત્પન્ન કરે છે અને વધતી કેળવણી સમાજના રીતરિવાજોને તરલ બનાવીને સમાજમાં જન્મ પ્રમાણ ઘટે તેવી પરિસ્થિતિ સર્જે છે.

" An attempt to raise the standard of living and the per Capita income of the people of India without coresponding efforts to control their fertility would be complete failure" — mrs. margaret.



* જાણુવા જેવું *

રાજેન્દ્રકુમાર ડી. પટેલ
નીરૂબેન આર. પટેલ
કરમસદ

The highest, longest & Biggest in world,

૧. ઊંચામાં ઊંચું મકાન—ઇન્ટર નેશનલ ટ્રેડ સેન્ટર (ન્યુયોર્ક)
૨. ઊંચામાં ઊંચો પર્વત—માઉન્ટ એવરેસ્ટ (નેપાલ)
૩. મોટામાં મોટી નદી કદમાં—એમેઝોન(Amazon) (બ્રાઝિલ)
૪. લાંબામાં લાંબી નદી—મીસીસીપી (યુ. એસ. એ.)
૫. મોટામાં મોટું રણુ—સહરા (આફ્રિકા)
૬. મોટામાં મોટો ટાપુ—(Island) ગ્રીનલેન્ડ
૭. મોટામાં મોટું ચોખ્ખા પાણીનું તળાવ—લેક સુપીરીયર (યુ. એસ. એ)
૮. „ „ ક્ષારવાળા „ „ —કેસ્પીયન સી (યુ. એસ. એસ. આર,
૯. ઊંચામાં ઊંચી સપાટ ધરતી (Plateau)—પામીર (pamir) તીબેટ
૧૦. ઊંડામાં ઉંડુ તળાવ—બાઇકાલ(Baikal) Siberia
૧૧. મોટામાં મોટું તળાવ—ટીટીકાકા (Titicaca) (Bolivia)
૧૨. મોટામાં મોટો ડેમ—ભાખરા (India)
૧૩ મોટામાં મોટું પાર્ક Park—યલોસ્ટોન, નેશનલ પાર્ક (યુ. એસ. એ.)
૧૪. મોટામાં મોટો ખંડ—(Continent) Asia (એશિયા)
૧૫. નાનામાં નાનો „ — „ Australia.
૧૬. મોટામાં મોટો દ્વિપકલ્પ (Peninsula)—(India ભારત)
૧૭. મોટામાં મોટી દિવાલ Wall—ચીન (The great wall of chaina)
૧૮. મોટામાં મોટો ઘંટ (Bell)—મોસ્કો (The great bell of Moscow)
૧૯. મોટામાં મોટો મહેલ—Vatican (Itali)
૨૦. મોટામાં મોટુ મ્યુઝીયમ—આલ્બર્ટ(Albert musium london)
૨૧. મોટામાં મોટી લાયબ્રેરી—નેશનલ કીવ લાયબ્રેરી (National Kiev' (u. s. s. r.)

૨૨. ઊંડામાં ઊંડો મહાસાગર— પેસિફિક મહાસાગર

૨૩. મોટામાં મોટો „ (ક્ષેત્રફળમાં) „ „ –area 68,000,000 sq. miles

૨૪. મોટામાં મોટો દેશ (ક્ષેત્રફળમાં) (યુ. એસ. એસ. આર.)

૨૫. વધુનાં વધુ વસ્તીવાળો દેશ—ચીન

૨૬. મોટામાં મોટો ટાવર—ટોકિયો (Tokyo) ટાવર

૨૭. મોટામાં મોટો ઘુમ્મટ (Dome) ગોલ ગુમ્બટ (Gol Gumbor) ભારત

૨૮. મોટામાં મોટો ગ્રહ—જ્યુપીટર (Jupiter)

૨૯. મોટામાં મોટું લશ્કર—લાયબ્રેરેશન લશ્કર ચીન

૩૦. મોટામાં મોટી બેંક—બેંક ઓફ અમેરિકા

કચ્છના રાજાઓની નામાવલી

પરબત રામજી પટેલ
અરલનાની.

(કચ્છનું રાજ્ય જામ રાવળ પાસેથી કબજે કરીને પહેલા ખેંગારજીએ આખા કચ્છને વ્યવસ્થિત કર્યું, અને ત્યારથી કચ્છ રાજ્યના પ્રમાણભૂત ઇતિહાસની શરૂઆત થઇ કચ્છમાં ૧૮ રાજાઓ રાજ્ય કરી ગયા તેમનાં નામ નીચે મુજબ છે.)

(૧) ખેંગારજી.	(૧૦) લાખોજી (લખપત)
(૨) ભારમલજી.	(૧૧) ગોડજી (બીજા)
(૩) ભોજરાજજી.	૧૨) રાયધણજી. (બીજા)
(૪) ખેંગારજી. (બીજા)	(૧૩) ભારમલજી. (બીજા)
(૫) તમાચીજી.	(૧૪) દેસરજી. (બીજા)
(૬) રાયગણજી.	(૧૫) બાપુજી (પ્રાગમલજી)
(૭) પ્રાગમલજી.	(૧૬) ખેંગારજી (ત્રીજા)
(૮) ગોડજી.	(૧૭) માધુભા (વિજય રાજજી)
(૯) ”	(૧૮) મદનસિંહજી.

ભારતની પ્રગતિ અને ભારતીય

અરૂણ કે. પટેલ
અમદાવાદ

આજે ભારતના તથા વિદેશના લોકો ભારતને પછાત અને ગરીબ દેશ માની રહ્યા છે. અરે, ખુદ પોતાની જાતને ભારતીય કહેવડાવનાર પણ ભારતને પ્રગતિશીલ કહેવા તૈયાર નથી. તો શું, ભારતે કાંઈજ પ્રગતિ સાધી નથી.

ના ભારતે એ પ્રગતિ સાધી છે, કે આઝાદી પછીના ૨૯ વર્ષે અમેરીકા પણ નહોતુ સાધી શક્યું. આજે આપણે આજના ભારતની સરખામણી ધનાઢ્ય અમેરીકા સાથે કરી રહ્યા છીએ. પરંતુ અમેરીકાને સ્વતંત્ર થયે આજ ૨૦૦ વર્ષ થયાં છે.

આજે તમે કોઇને કોઇ રીતે ભારતની પ્રગતિ વચ્ચે અંતરાય ઉભો કરી રહ્યા છો. દાણચોરીનું કાપડ પહેરી આપ આનંદની સાથે ગર્વ અનુભવો છો. આપ કારખાનેદાર હોય તો કરચોરી અને કામદાર હોય તો કામચોરી કરો છો. કરચોરી અને કામચોરી બન્ને દેશ માટે અહિતકર છે. અર્થાત બન્ને દેશની પ્રગતિને રૂંધે છે. દાણચોરી દેશના અર્થતંત્રને ભાંગી નાખે છે. જો આપ આવા હીન કાર્યોમાં સાથ આપતા હો યા કરતા હો તો ભારતે પ્રગતિ નથી કરી તેમ કહેવાનો આપને જરા પણ અધિકાર નથી.

ભારતની પ્રગતિ નિહાળવા આપને એક જુદી જ દ્રષ્ટિની જરૂર પડશે. ભારતની પ્રગતિનો આધાર તેની ૬૦ કરોડની જનતા પર અવલંબે છે વિચાર કરો કે તમારા બાપદાદા જાતે કામ કરી રોજી મેળવતા હતા ત્યારે આજે તમે કોઇ કારખાનાના માલિક છો યા કોઈ સારો પગાર આપતી પદવી પર આપ નિર્ભર છો. આ શું સુચવે છે. જો તમે સમજતા હો તો આપણે એક ભારતની પ્રગતિ જ છીએ. મોટા મોટા બંધ કે ઉદ્યોગો જ્યારે તમે જુઓ છો ત્યારે તમને નથી લાગતું કે ભારતે પ્રગતિ કરી છે. ભારતનું એક એક કારખાનું ભારતની પ્રગતિ સુચવે છે. પછી ભલે તે મોટા પાયે હોય કે નાના પાયે મોટા બંધો અને ઉદ્યોગો ઊભા કરવા પાછળ કરોડો રૂપિયા ખર્ચાયા છે.

પરંતુ એ વાત સત્ય છે કે ભારતની પ્રગતિથી ભારતની મોટા ભાગની જનતા અજાણ છે. જો તમે ભારતની પ્રગતિથી અજાણ હો તો તમે તેમ તો ન જ કહી શકો કે ભારતે પ્રગતિ નથી કરી.

* ત્રણનો ચમત્કાર *

સંગ્રાહક-ચંદુલાલ કાનજીભાઈ પટેલ
મુ. નવામેદા (રવિપુરાકંપા)

- ☐ ત્રણને માન આપો—વડીલો, ન્યાય, સંયમ.
- ☐ ત્રણથી આનંદ માનો—સૌન્દર્ય, સાફદિલ, સચ્ચાઈ.
- ☐ ત્રણ રાખવાં જોઈએ—નમ્રતા, પ્રેમ, ધૈર્ય.
- ☐ ત્રણ વાતો સારી—દુરદર્શિતા, બુધ્ધિમતા, દૃઢનિશ્ચય.
- ☐ ત્રણનો સંગ્રહ કરો—સારાં પુસ્તક, સારામિત્ર, સારું કામ.
- ☐ ત્રણના ગુણ ગાવ—જ્ઞાન, દાન. સદ્‌ગુણ.
- ☐ ત્રણ વાતો ભૂલો નહિ—ઉપકાર, ઉપદેશ, ઉદારતા.
- ☐ ત્રણથી દૂર રહો—દ્વેષ, ઘમંડ, આડંબર.
- ☐ ત્રણને શંકા થી જુઓ—ખુશામતખોર, ઢોંગી, પંચાતિયો.
- ☐ ત્રણને દુશ્મન માનો—ક્રોધ, વહેમ, કલેશ.
- ☐ ત્રણ માટે લડો---આઝાદી, સત્ય, ન્યાય
- ☐ ત્રણને આવકારો—તંદુરસ્તી, સાથી, પ્રસન્નતા.
- ☐ ત્રણ માટે પ્રાર્થના કરો—શાંતિ, શ્રધ્ધા, ચિતશુધ્ધિ
- ☐ ત્રણથી ચેતતા રહો—આળશ, ખુશામત, બકવાદ.
- ☐ ત્રણ માટે તૈયાર રહો—દુઃખ, મૃત્યુ, વિપત્તિ.
- ☐ ત્રણ ઉપર કાબુ રાખો—જીભ. ટેવ, ગુસ્સો.
- ☐ ત્રણ દુર્ગુણથી દુર રહો—ચોરી, જુગાર, નિંદા.
- ☐ ત્રણ બાબત અપનાવો—બુરું બોલો નહિ, બુરું સાંભળો નહી, બુરું જુઓં-નહીં.



realpatidar.com

* જીવન યાત્રા *

પટેલ ગોવિન્દલાલ બી.
pre. com.
અમદાવાદ.

"ઠોકર અસંખ્ય મારી હું સીધું કરી દઇશ.
હદથી વધુ નસીબ જો મુજને સતાવશે,,

આપણે જે કંઇ છીએ, આપણે જે બનવા માગીએ છીએ, આપણે જીવનમાં જે કંઇ પ્રાપ્ત કરવા માગીએ છીએ એ માટે આપણે જે કંઇ કરવાનું રહે એ કરવુ પડે છે. આપણે જ આપણું કર્તવ્ય બરાબર સારી રીતે બજાવીને આપણી જવાબદારી પુરેપુરી ઉઠાવીને જીવનમાં જે લક્ષ્યાં કે પહોંચવા માગતા હોઇએ ત્યાં પહોંચવાનું છે. બીજુ કોઇ તે કરી શકે નહિ તેમજ આપણુને જો નિષ્ફળતા મળે કે આપણે પ્રતિકૂળ સંજોગોનો ભોગ બનીએ તો પણ એમાં આપણે બીજાને દોષ દઇએ તે બરાબર નથી.

ઘણીવાર એવું બને છે કે, જ્યારે આપણુને જીવનમાં નિષ્ફળતા મળે, આપણી ધારી ઉન્નતિ થાય નહિ તો આપણે એ માટેનાં કારણો આપણામાં શોધતા નથી પણ આપણી સાથે જેઓ જોડાએલા હોય આપણી આસપાસ જે સંજોગો ઊભા થયા હોય એને આપણે દોષ દઇએ છીએ અને એમ માનીએ છીએ કે આપણી સામે આ પ્રકારના સંજોગો ઊભા થયા ન હોય તો જરૂર આપણુને સફળતા મળત, આપણા જીવનમાં આપણે ધારેલી દિશાને પકડી હોત.

આવી નિષ્ફળતા માટે બાહ્ય કારણો કે સંજોગો કેટલેક અંશે જવાબદાર હોય એવું બની શકે છે. એનો ઇનકાર થઇ શકે નહિ. પરંતુ એ સાથે જે માણસ પોતાના જીવનનો વિકાસ સાધવા માગે છે એ માણુસ નિષ્ફળતા કે અવરોધોથી અટકતો નથી. એતો આ બધાનો સામનો કરીને પોતાની જીવન યાત્રાને બરાબર આગળ ધપાવે છે. આવો માણુસ સમજતો હોય છે કે પોતે જે કંઇ સિદ્ધ કરવા માગે છે એની પહેલી અને છેલ્લી જવાબદારી પોતાની છે, બીજા કોઈની કે બીજા કશાની નથી.

આ રીતે જવાબદારીનું મૂલ્ય સમ-જતો માણુસ એ પણ બરાબર જાણતો હોય છે કે પોતાની વિશિષ્ટબુદ્ધિ, શકિત કે વિકાસ સાધવાની પોતાનામાં રહેલી સંભાવનાઓનો એણે પોતે જ પૂરેપૂરો અને તમન્ના તેમજ ઉત્સાહથી ઉપયોગ કરવાનો છે. પોતાની શકિતનો જો એ પોતે સંપૂર્ણપણે ઉપયોગ કરવા

ન માગતો હોય તો બીજુ કોઇ એને એમ કરવાની ફરજ પાડી શકશે નહિ. આ સમજનાર માણસને જો પોતે ઉપાડેલા કામમાં અવરોધો ઊભા થાય કે મુશ્કેલીઓ આવે તો એ એમાંથી બહાર નીકળવાની શકિત ધરાવતો હોય છે. આવો માણસ કદી બીજાને કે સંજોગોને દોષ દઇને બેસી રહેતો નથી. એતો નિષ્ફળતા મળતાં સૌ પ્રથમ પોતાની અંદર દ્રષ્ટિ રેડે છે. અને પોતે પોતાની પૂરી શક્તિ, તાકાત પોતાના બુદ્ધિને જોઈએ એટલા પ્રમાણમાં કામે લગાડી હતી કે નહિ અને એમાં કઇ ખાલી રહી ગઇ હતી. કયાંક પોતે શિથિલતા કે પ્રમાદ બતાવ્યા હતાં કે નહિ એ શોધી કાઢે. પોતાને જે સહન કરવું પડયુ એ માટે પોતે જવાબદાર હતો તો પછી એ બીજાને દોષ દેવાને બદલે પોતાની ખામીનું નિવારણ કરવા પર પોતાની ઊણપનું પ્રથમ ધ્યાન આપશે. આ રીતે પોતાની જવાબદારીનો સ્વીકાર કરીને અને એમાં છેવટે એને કામયાબી મળે જ છે.

જો માણસ આટલું સમજે કે હું જ અન્ય કોઇ જ નહિ, મારા પોતાના જીવન ઘડતર માટે જવાબદાર છું. જો મારામાં વિશિષ્ટ બુદ્ધિ પ્રતિભા, શકિત કે સંભાવના હોય અને જો એનો હું ઉપયોગ ન કરતો હોઉં તો એ મારી ઊણપ છે. કેમ કે મારી બુદ્ધિ અને શકિતને ધારૂં ત્યારે હું જ ઉપયોગમાં લઇ શકું, બીજુ કોઇ એમ કરવા મને ફરજ પાડે તો પણ એમાં કંઇ વળે નહિં એજ રીતે જીવનમાં હું મારા ફાળે આવતુ કર્તવ્ય પાલન ન કરું અને મને નિરાશા નિષફળતા મળે. જીવનમાં સુખ-સંતોષનો અભાવ રહે તો એ માટે હું બીજા કોઈને દોષ આપું તો તો એનો કંઈ જ અર્થ નથી. માટે જ મારા જીવન પ્રત્યેનું કર્તવ્ય બજાવવુ જોઇએ. તો પછી માણસ પોતાનાં લક્ષ્ય માટે વધુ સારી રીતે કામ કરી શકે અને જીવનને પણ વધુ સભર અને આનંદપૂર્ણ બનાવી શકે.



"ગુજરાતની નારી"

શામજીભાઈ આર. પટેલ બી. કોમ
શ્રી અંબિકા વિજય સો મીલ
સાણંદ ૩૮૨૧૧૦ (ગુજરાત)

સળંગ લેખાંક – ૯ (અંતિમ હપ્તો)

પ્રકરણ : ૩ ગુજરાતની સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ,

અત્યાર સુધી આપણે ગુજરાતની નારીના વિકાસની ગાથા વિશે ચર્ચા કરી. ગરવી ગુજરાતણનું પુરાણો અને ઇતિહાસમાં સ્થાન જોયા પછી અને તેની વિકાસયાત્રા નું અવલોકન કર્યા પછી આજે આપણે ગુજરાતની નારીની સાક્ષરતા વિશે ટૂંકાણમાં જોઈશું.

કોઇ પણ રાષ્ટ્રની પ્રગતિનો આધાર તેની સાક્ષરતા ઉપર રહેલો છે. સાક્ષરતા વગર બુધ્ધિ અને સુઝપૂર્વકની પ્રગતિ હાંસલ થઇ શકતી નથી. આપણે ત્યાં વર્ષો જૂની અંધશ્રધ્ધા કુરિવાજો ચીલાચાલુ જીવન પધ્ધતિ વગેરેને દૂર કરતાં ઘણાં વર્ષો લાગ્યાં છે. અને જેમ જેમ સ્ત્રીઓ ભણતી ગઇ છે. અક્ષર જ્ઞાન પ્રાપ્ત કરતી ગઇ છે. તેમ તેમ તેમના જીવનમાં સુખનો ઉદય થયો છે.

સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ વધવા છતાં શહેર અને ગામડાંની સ્ત્રીઓની સાક્ષરતામાં આસમાન જમીનનો તફાવત રહ્યો છે શહેરની સ્ત્રીઓએ જલદીથી સાક્ષરતા અપનાવી છે અને હિંમતપૂર્વક તેમાં તે આગળ વધતી ગઇ છે. આજે તો શહેરમાં સ્ત્રીઓએ પુરુષ ની જેમ જ દરેક ક્ષેત્રમાં ડીગ્રીઓ અને નિપુણતા મેળવી છે. આજની સ્ત્રીએ વકીલાત, ચિકિત્સા, પત્રકારિત્વ, શિક્ષણ, વેપાર મેનેજમેન્ટ, શોર્ટહેન્ડ, ટાઇપીંગ, સેલ્સમેનશીપ, આમોધ્ધાર, પ્રચાર ક્ષેત્રો વગેરે દરેક પ્રકારના વ્યવસાયમાં સફળતાપૂર્વક ઝંપલાવેલ છે. વધુ અભ્યાસ માટે તે વિદેશો સુધી પણ પહોંચી શકી છે. અને આમ તેણે ભણતર અને જ્ઞાન મેળવવા માટેની નવી દિશાઓ ખોલી છે એટલું જ નહીં પણ એ દિશા બીજી સ્ત્રીઓ માટે પણ ખુલ્લી કરી છે.

અને હવેતો ગામડાની સ્ત્રીઓએ પણ વધુ અભ્યાસ માટે શહેરમાં આવવાની હિંમત કરી છે શહેરોનાં લેડીઝ હોસ્ટેલોમાં રહી ને અસંખ્ય ગ્રામ્ય બાળાઓ

અભ્યાસ કરે છે તે આપણે સૌ જાણીએ છીએ. આમ છતાં વિવિધ કારણોસર ગામડાંની સ્ત્રીઓ શહેરની સ્ત્રીઓ જેટલી સાક્ષરતા સાધી શકતી નથી કેમ કે સુધારાનો પવન ગામડાંઓમા બહુ જ ધીમી ગતિએ વાય છે. ગામડાંઓમાં હજુ પણ શિક્ષણની વાત જેટલે ઊંડે સુધી પહોંચી શકવી જોઈએ તેટલી પહોંચી શકી નથી તે ખરેખર ખેદની વાત છે.

આમ છતાં ગુજરાતી નારી અભ્યાસ ઉત્સુક બની અને ક્રમશ વધુને વધુ સ્ત્રીઓ–બાળાઓ ભણતર તરફ આકર્ષાઇ રહી છે. તે હકીકત છે.

સમસ્ત દેશની રાજ્યવાર સાક્ષરતા પ્રતિ દષ્ટિ નાખીએ તો તેમાં ગુજરાતનો નંબર–ચોથો આવે છે. પરંતુ ગુજરાતની આ સાક્ષરતામાં સ્ત્રી સાક્ષરતા કેટલી છે. તે જાણવા માટે નીચેની માહિતી ઉપયોગી થઈ પડશે.

આપણે ત્યાં દર ૧૦૦૦ પુરૂષો એ ૯૩૪ સ્ત્રીઓ છે. એ હકીકતને ધ્યાનમાં રાખીને પુરૂષોની સરખામણીમાં સ્ત્રીઓ સાક્ષરતાનુ પ્રમાણ નીચે મુજબ છે.

સાક્ષરતા	૧૯૫૧	૧૯૬૧	૧૯૭૧
	ટકા	ટકા	ટકા
કુલ	૨૧-૬૯	૩૦-૪૫	૩૫-૭૯
પુરૂષો	૩૦-૧૭	૪૧-૧૩	૪૬-૧૧
સ્ત્રીઓ	૧૨-૭૯	૧૯-૧૦	૨૪-૭૫

૧૯૭૧ની વસતિ ગણત્રી મુજબ, જીલ્લાવાર સ્ત્રીઓની સાક્ષરતાની ટકાવારી જોઇએ તો સૌથી વધુ ટકાવારી અમદાવાદ જીલ્લામાં ૩૭-૭૮ ટકા છે; જ્યારે સૌથી ઓછી ટકાવારી બનાસકાંઠા જીલ્લાની ૬-૯૪ ટકા છે; કચ્છ જીલ્લામાં સ્ત્રીઓની સાક્ષરતાનુ પ્રમાણ ૨૧-૫૮ ટકા અને સાબરકાંઠામાં આ પ્રમાણ ૧૭-૬૪ ટકા જેટલું છે.

આમ, ગરવી ગુજરાતણની સાક્ષરતાના અવલોકનની સાથોસાથ, છેલ્લા ૮ માસથી ચાલતા આ વિષયને આ સાથે સમાપ્ત કરૂ છું. જો કે ગુજરાતી નારી વિશેના સંશોધન તેમજ મારી પાસેની ઉપલબ્ધ માહિતીના આધારે ગરવી ગુજરાતણ વિશે ઘણું બધુ લખી શકાય તેમ છે. લોકશાહીના મંડાણમાં ગુજરાતી બહેનોનો ફાળો, સ્ત્રી શકિતનો ઉપયોગ, તેમજ ગુજરાતણોને સબંધિત તમામ

ક્ષેત્રો વિશે સંખ્યાબંધ લખાણો તૈયાર થઇ શકે છે. પરંતુ સમયની મર્યાદાને કારણે હાલના તબકકે એ શકય ન હોઇ આ વિષય અહીં પુરો કરેલ છે.

અંતે,

આ તબકકે એક હકિકતનો ઉલ્લેખ કરવો જરૂરી માનુ છું. આપણા સમાજ માં સ્ત્રીઓની પ્રવર્તમાન સ્થિતિ, શિક્ષણનુ પ્રમાણ, તેમજ તેણે સાધેલી પ્રગતિ વગેરે બાબતો વિશે ગહન અભ્યાસ કર્યા પછી, 'ગુજરાતની નારી' વિશે આટલાં પ્રકરણો લખવાની પ્રેરણા થઇ હતી. આજે આપણે જોઇ શકીએ છીએ કે સ્ત્રીઓ આજે પુરૂષની સમકક્ષ બની ગઇ છે. તેવા યુગમાં પણ આપણા સમાજમાં મોટે ભાગે સર્વત્ર સ્ત્રીઓની પરિસ્થિત સંતોષકારક તો નથી જ. જો કે ધીમે ધીમે કન્યા કેળવણીનું પ્રમાણ આપણા સમાજમાં વધતું જતું હોવા છતાંય, અન્ય સમાજોની સરખામણીમાં આપણે ઘણા પાછળ છીએ. આપણી મોટા ભાગની બહેનોની જીંદગી શુષ્ક અને નિરસ જણાઇ છે. તેમનું જીવન ઘરની ચાર દિવાલોમાં જ વ્યતિત થાય છે. સમાજ, દુનિયા વિ. શું છે તેની કંઇજ ગતાગમ તેને હોતી નથી ઘરકામ કે ખેતી કામ અને બાળઉછેરમાં જ તેનું જીવન સમાઇ જાય છે. અને જયાં સુધી આવી માતાઓ હશે કે જેમને કેળવણી શું છે. તેનું જ જ્ઞાન નથી, ત્યારે તેમના દ્વારા ઉત્પન્ન થનાર ભાવિ પેઢી પાસેથી આપણે શું અપેક્ષાઓ રાખીશુ ? જો કે આમ કહીને આપણા સમાજની બહેનો વિશે નિરાશા જનક ચિત્ર રજુ કરવાનો મારો કોઇ ઇરાદો નથી આપણી બહેનો પણ ઘણી બધી રીતે આગળ વધી છે. પણ સમાજની વિશાળતા અને કુલ સંખ્યાના પ્રમાણમાં આ પ્રગતિ ઘણી જ અલ્પ પ્રમાણમાં છે.

સમાજના સર્વાંગી વિકાસમાટે, જીવનના દરેક ક્ષેત્રમાં સાચા અર્થમાં કેળવણીની આવશ્યકતા છે જ અને ભાવિ પેઢીને વધુ ઉજ્જવળ અને તેજસ્વી બનાવવી હશે તો આજે નહીં તો કાલે પણ કન્યાઓના શિક્ષણ માટે આપણે પ્રબંધ કરવો જ પડશે.

અને અંતે " ગુજરાતી નારીના મારા લખાણોને આવકાર મળ્યો છે તે બદલ આનંદ અને આભાર વ્યકત કરૂં છું.

★

અમૃત બિંદુઓ

પૂર્ણતા પામવા ઝંખો.

★ નાના કાર્યોના પરિણામો મહાન હોય છે.
★ પત્નિનું ભરણપોષણ કરવાનું સામર્થ્ય ન આવે ત્યાં સુધી લગ્ન ન કરશો.
★ સમય અને સમુદ્રની ભરતી કોઇનેય માટે અટકતાં નથી. (વહ્યે જ જાય છે)
★ તમારી આવકમાં જ જીવો.
★ ધન કરતાં સમય વધુ કિંમતી છે.
★ વૃદ્ધાવસ્થામાં વાપરવા માટે યુવાનીમાં બચાવો.
★ આળસુ ન બનો.
★ સદાય મનને કાર્યરત રાખો.
★ દેવું કદી ન કરશો.
★ સુતાં પહેલાં સારાયે દિવસ દરમિયાન શું શું કર્યું તેનો વિચાર કરો.
★ સારી વાણી (વિનયભરી) અને સારી સોબત એ સદ્‌ગુણો બનાવે છે
★ જે સ્વદેશની ઉન્નતિ માટે નાનું શું કાર્ય નથી કરતો તેનો જન્મ વૃથા છે.
★ સત્કાર્યો અને આનંદદાયક વસ્તુઓની સ્મૃતિ ચિરકાળ રહે છે.
★ બહાદુરીપૂર્વક દુઃખોનો સામનો કરો ઉન્નત સ્થિતિ માટે સતત યત્ન કરો.
★ વિશ્વની દરેક વસ્તુમાં કાંઇક શુભ સમાયેલું હોય છે જ.
★ દરેક વસ્તુની ઉજ્જવળ બાજુ જુઓ.
★ વિશ્વ આરસી જેવુ છે તમે હસો તો તે હસશે તમે ગુસ્સો કરો તો તે સામે ગુસ્સો કરશે.
★ ખર્ચાળ સ્ત્રીનો પતિ ઉદાસ હોય છે.
★ જે કર ઝૂલાવે પારણું તે જગત પર શાસન કરે.
★ અદ્યતન છોકરીઓ પોતાનો સુંદર ચહેરો બતાવવા બનતો યત્ન કરે છે, અને પોતાના પાપને છુપાવે છે.
★ શારીરિક સૌંદર્ય ઉપરછલ્લું હોય છે.
★ મનુષ્ય કંઇક બનવા યત્ન કરે છે અને સ્ત્રી તેનું સર્વ કંઇ ખરચી નાખે છે.
★ દરેક વસ્તુની પૂર્ણતા પામવા મથો.
★ બીજાની લાગણીઓને માન આપો.
★ સત્કાર્ય ક્યારેય નાશ પામતું નથી.
★ વિનયવાન વ્યક્તિ સન્મિત્રો મેળવે છે.

સમાચાર દર્શન

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવકમંડળ
જિલ્લો ખેડા.

-: સ્થાપના :-
તા. ૩-૧૦-'૭૬
સમય : બપોરના ૧-૦૦ કલાકે

સ્થળ : શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજવાડી; કપડવંજ

સંવત ૨૦૩૨ ના આસો સુદ ૧૧ ના પવિત્ર દિને મધ્યાહ્ન સમયે ઉપરોક્ત મંડળની સ્થાપના કરવા માટેની સમગ્ર જિલ્લાનાં ઘણાં ખરાં ગામોમાંથી પધારેલ પ્રતિનિધિઓ તેમજ આમંત્રિત મહેમાનોની હાજરીમાં સભાની શરૂઆત બહેનોની પ્રાર્થનાથી કરવામાં આવી.

સભાની અધ્યક્ષ સ્થાને કાનપુરાકંપાના વતની તેમજ હાલ મહુધા ખાતે પોતાનું દવાખાનું ધરાવતા ડૉ. હંસરાજભાઇ એમ. પટેલ તેમજ અતિથિવિશેષપદે બોરડીટીંબા નિવાસી હાલ તલોદ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ શ્રી રતિલાલ એલ. પટેલ બિરાજ્યા હતા.

શ્રી વિઠ્ઠલપુરાના રહીશ. કપડવંજ તાલુકા યુવકમંડળના ઉપપ્રમુખ શ્રી નારણભાઇ એ મહેમાનો નો પરિચય આપ્યાબાદ તેઓનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું કપડવંજ તાલુકા યુવકમંડળના મંત્રી શ્રી બહેચરભાઇ પટેલે મીટીંગમાં અહેવાલ આપતાં ખેડા જિલ્લામાં વસતા પાંચેક હજાર જેટલા કચ્છ કડવા પાટીદાર ભાઇઓની રમતગમત, શિક્ષણ ક્ષેત્રે હાઇસ્કૂલો તેમજ છાત્રાલયોની સુવિધાઓ અંગે તથા વિવિધ વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરનાર તેમજ અભ્યાસ પરિપૂર્ણ કરી વ્યાવસાયિક માર્ગે પ્રગતિ કરનાર ભાઇબહેનોના આંકડાઓનો આછો ખ્યાલ આપ્યો હતો.

ત્યાર બાદ જાગૃતિ માસિકના તંત્રી શ્રી કાન્તિભાઈ કે. પટેલ તેમજ શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ વિદ્યાર્થી ભવન ધનસુરાથી ગૃહપતિ શ્રી વાડીભાઈ

 ડૉ. પટેલ, કપડવંજ તાલુકા યુવકમંડળના સભ્ય શ્રી કેશવલાલ આર. પટેલ, કુ. ઉર્મિલાબેન ધનજીભાઈ પટેલ, કુ. અનિલાબેન પરસોત્તમભાઇ પટેલ, કુ. અરૂણાબેન દેવજીભાઈ પટેલ, શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત) ધનસુરાના મંત્રી શ્રી નાનજીભાઈ કે. પટેલ, શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવકમંડળ (ગુજરાત), ધનસુરાના ઉપપ્રમુખ શ્રી પ્રેમજીભાઈ એ. પટેલ શ્રી ગજાનંદ સો મીલ, આણંદના માલિક શ્રી ગોવિંદભાઈ એસ. પટેલ, શ્રી પુંજાભાઈ પ્રેમજીભાઈ પટેલ સંતરામ વિ. સો મીલ નડિયાદ, મહાલક્ષ્મી સો મીલ આણંદના માલિક શ્રી માવજીભાઈ, શ્રી બલાસિનોર યુવક મંડળના પ્રમુખ શ્રી નારણભાઈ, નવામુવાડા નિવાસી મુરબ્બી શ્રી પ્રેમજીભાઈ લધાભાઈ પટેલ, શ્રી નાનજીભાઇ પી. પટેલ, પટેલ સો મીલ ડાકોર, નવામુવાડા નિવાસી ડૅા. છગનભાઈ ડી. પટેલ, અતિથિવિશેષ શ્રી રતિલાલ એલ. પટેલ, સાયન્સ કોલેજ તલોદ તેમજ આજની સભાના ડો. હંસરાજભાઈ એમ. પટેલ વગેરે વકતાઓએ જિલ્લા લેવલે સ્થપાતા યુવકમંડળ વિશે પોતપોતાનાં મંતવ્યો વ્યકત કર્યાં હતાં. ઉપરોકત વકતાઓએ શ્રી ખેડા જિલ્લા કચ્છ કડવા પાટીદાર યુવકમંડળ, ની સ્થાપના દિન પ્રસંગે નીચે પ્રમાણે વિચારો રજુ કર્યા હતા.

સમગ્ર દેશના પ્રત્યેક પ્રાંતોમાં વેરવિખેર હાલતમાં પડેલ યુવકમંડળો કે સમાજને તાલુકા કે જિલ્લા કક્ષાએ ખેડા જિલ્લાની માફક સાંકળી લઇ રિવાજો, રહેણી કરણી, શિક્ષણ વગેરેની બાબતમાં એક વાકયતા લાવી સામાજિક એકતા પ્રસ્થાપિત કરવી જોઇએ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ સમાજની યુવાશકિતમાં રહેલી સુશુપ્ત શકિતઓને જાગૃત કરી એકસુત્રતા લાવવા પ્રયત્નશીલ બને તેમાં આવા મંડળોએ સુર પુરાવવો જરૂરી છે.

સમાજમાં કન્યા કેળવણી માટે તેમજ સમગ્ર રીતે શિક્ષણ પ્રવૃત્તિ વેગવાન બને તે માટે વિવિધ વિદ્યાશાખાઓનું સમગ્ર પણે શિક્ષણ મળી શકે તેવાં મોટાં શહેરોમાં છાત્રાલયો ઊભાં કરીને જ્ઞાનરૂપી શકિતને પ્રોત્સાહિત કરવી જોઇએ

બહેનોએ પણકન્યા કેળવણી પર ધ્યાન કેન્દ્રિત કરવા વડીલ વર્ગને અનુરોધ કર્યો હતો. બહેનો જેટલી વધુ શિક્ષિત હશે તેટલીજ સામાજિક સમસ્યાઓ ઓછી હશે અને ભાવિ સમાજ જીવન વધુ સુઘડ બનશે બહેનોને શિક્ષણ આપવાથી તેઓની લગ્ન જીવન અંગેની જવાબદારીઓ તેમજ અન્ય કેટલીક જવાબદારીઓમાં માબાપની મુશ્કેલીઓનો ઘટાડો થશે.

સમગ્ર સમાજના વિકાસ માટે વડીલ અને યુવાન પેઢીએ વૈચારિક આપણે ફરી બે પેઢી વચ્ચેનું અંતર ઘટે અને સમાજના વિકાસ દરમાં વૃધ્ધિ થાય તે રીતે યુવાશક્તિને વડીલોએ દોરવી જોઈએ

એક શ્રમ જીવી સમાજની સામાજિક સમસ્યાઓ હલ કરવા યુવા શક્તિનું સંગઠન જરૂરી છે ખેડા જિલ્લાનું ઉદાહરણ દ્રષ્ટિસમક્ષ રાખી સમગ્ર ગુજરાતમાં રહેલી સમાજની યુવા શક્તિને યોગ્ય માર્ગે દોરવી જરૂરી છે.

ગામડાંઓ, તાલુકાઓ અને સમગ્ર જિલ્લા કક્ષાએ યુવક મંડળો સ્થાપી સક્રીય સહયોગે લોક કલ્યાણનાં કામો માટે આગળ આવવું જરૂરી છે.

ધનસુરાનો દાખલો લઈ કન્યાકેળવણી માટે તેમજ વિદ્યાર્થીઓ માટે નાં છાત્રાલયો ઊભાં કરવા શિક્ષણનુ સ્તર ઊંચું લાવવું જોઈએ.

જ્ઞાતિના માધ્યમ સમાન જાગૃતિ માસિકને પોતાના વિચારોને ઘેર ઘેર પહોંચાડવા માટે પ્રોત્સાહિત કરવા સાહિત્ય સામગ્રી તેમજ ગ્રાહક સંખ્યા વૃદ્ધિ માટે યુવાશક્તિએ પ્રવૃત્તિશીલ બનવું જોઈએ સમાજના ભૂતપૂર્વ તેમજ વર્તમાન પ્રગતિ માટે પ્રેરણા મેળવવી. બે એક વર્ષ પહેલાં ભારતનો ઇતિહાસ લખાયેલો હોય તેવી કેપ્સુલ જમીનમાં દાટેલી છે. વર્ષો પછી પણ જયારે તે બહાર પ્રસિધ્ધ કરવામાં આવશે ત્યારે દેશનો ભૂતપૂર્વ ઇતિહાસ જાણી શકાશે તેજ રીતે સમાજનો ભૂતકાળનો ઇતિહાસ જાણવો જરૂરી છે. શ્રમજીવી સમાજે અથાગ પરિશ્રમ વેઠી જે કંઇ પ્રગતિ કરી છે. તેની નોંધ રાખવી જરૂરી છે.

કચ્છના અધિવેશન વખતે ખેડા જિલ્લાના યુવકમિત્રો વધુ સંખ્યામાં ભાગ લઇ જ્ઞાતિની પ્રગતિ અંગેના વિચારોની આપલે કરી લેવા વિચારોનો ફેલાવો કરી પ્રગતિશીલ બનવુ જરૂરી છે.

-: જાહેર વિજ્ઞપ્તિ :-

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ અમદાવાદ દ્વારા આયોજીત **નિબંધ સ્પર્ધા**

ચાલુ વર્ષે શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થીમંડળ અમદાવાદ દ્વારા નિબંધસ્પર્ધાનુ આયોજન કરવામાં આવેલ છે જેમા આપણી જ્ઞાતિના સૌ ભાઇ–બહેનોને ભાગ લેવા આમંત્રણ આપતાં અમો હર્ષ અનુભવીએ છીએ સ્પર્ધાનુ આયોજન આપણી જ્ઞાતિની **"વડીલ અને યુવાન પેઢી વચ્ચે વૈચારિક મતભેદનાં કારણો**

 અને તેના ઉપાયો " પ્રકાશમાં લાવવા અંગે કરવામાં આવેલ છે. નિબંધસ્પર્ધાનો ઉદ્દેશ બે પેઢી વચ્ચેનુ અંતર ઘટાડવાનો અને વિચારે નું સમન્વય કરવા અંગેનો છે. સ્પર્ધાનો વિષય છે. **" વડીલ અને યુવાન પેઢી વચ્ચે વૈચારિક મતભેદ "**

[Generation Gap]

સ્પર્ધામાં ભાગ લેવા માટે નિયમો

(૧) સ્પર્ધામાં આપણી જ્ઞાતિના કોઇ પણ ભાઈબહેન ભાગ લઇ શકશે.

(૨) નિબંધ સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૧-૧૨-૭૬ છે.

(૩) નિબંધ ફુલસ્કેપ કાગળમાં એક બાજુએ સ્વચ્છ અને વાંચી શકાય તેવા અક્ષરોમાં આશરે ૩૦૦ લીટીઓની મર્યાદામાં રહી ને લખવાનો છે.

(૪) નિબંધના કાગળ ઉપર પોતાનુ નામ કે નિશાની કરવી નહિ નામ અગર કોઇ પણ નિશાનીવાળા નિબંધને હરિફાઈ માટે માન્ય ગણવામાં આવશે નહિ ઉમેદવારોએ પોતાનુ નામ અને સરનામુ અલગ કાગળમાં લખીને નિબંધ વાળા કવરમાં મોકલવુ આ સ્પર્ધામાં પ્રથમ ત્રણને નીચે મુજબ ઇનામ આપવામાં આવશે પ્રથમ ઇનામ ૫૧ રૂા. દ્વિતીય, ૩૧ રૂા. તૃતીય ૨૧ રૂા.

(૬) સ્પર્ધામાં પ્રથમ ત્રણ આવેલ ઉમેદવારોનાં નામ 'જાગૃતિ' અને આઝાદ કલમમાં જાહેર કરવામાં આવશે.

(૭) સ્પર્ધા માટે નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

(૮) નિબંધ શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ અમદાવાદ ના નામે નીચેના સરનામે મોકલવા.

પટેલ રતિલાલ કે. (Advocate) ૧૫, કેપીટલ પાર્ક
સેન્ટ ઝેવિયર્સ હાઇસ્કૂલ રોડ, અમદાવાદ. ૩૮૦૦૧૪

(૯) નિબંધ ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી ભાષામાંથી કોઈ પણ એ ભાષામાં સ્વીકારવામાં આવશે.

ક. ક. પા. વિ. મંડળ વતી
મંત્રી
કેશવલાલ કે. પટેલ

દુઃખદ અવસાન

સ્વ. પટેલ જીવરાજભાઇ મણીભાઈ છાભૈયા ઉંમર વર્ષ ૪૫ રામસીકંપા જિ. સાબરકાંઠા. નું ટૂંકી માંદગી બાદ હૃદયરોગના હુમલાના કારણે ગત તા. ૧૭–૯–૭૬ ના રોજ વાત્રક હૉસ્પિટલ ખાતે દુઃખદ અવસાન થયેલ છે.

સદ્‌ગત શ્રી તેમની પાછળ વિશાળ સંખ્યામાં પરિવારજનોને વિલાપ કરતાં મૂકી ગયા છે. સ્વર્ગસ્થના અવસાન બદલ કુટુંબીજનો પર અકાળે આવી પડેલી આફત સહન કરવાની પ્રભુ શક્તિ અર્પે અને સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના.

રામસીકંપા નિવાસી સ્વ. પટેલ જીવરાજભાઇ મણીભાઇનું દુઃખદ અવસાન થતાં સ્વર્ગસ્થની સ્મૃતિમાં પૂણ્યદાન નિમિત્તે શ્રીમતિ મુળબાઈ સવદાસ લાલજી માથાણી કન્યાછાત્રાલય—ઘનસુરાને ૫૦ કીલો ઘઉં ભેટ મળ્યા છે.

દુઃખદ અવસાન

સ્વ. પટેલ ખીમજીભાઈ મેઘજીભાઇ ઉંમર વર્ષ ૬૫ અત્રે ધનસુરા લક્ષ્મી વિજય સૉમીલના માલિક પટેલ નાનજીભાઇ, રામજીભાઇ પ્રેમજીભાઈના પિતાશ્રીનું ગત તારીખ ૨૨–૯–૭૬ ને બુધવાર ના રોજ હૃદયરોગના હુમલાના કારણે દુઃખદ અવસાન થયું છે.

સ્વર્ગસ્થના અવસાનથી પરિવાર જનોને આવી પડેલી આફત સહન કરવાની પ્રભુ શકિત અર્પે એજ પ્રાર્થના.

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ

શ્રી કચ્છ કડવા પાટીદાર વાડી, પાણીની ટાંકી પાસે, **કપડવંજ, જિ. ખેડા**

કપડવંજ ખાતે તા. ૩-૧૦-૭૬ ના રોજ ખેડા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર યુવક મિત્રોનું એક સંમેલન મળ્યું હતું જેમાં પ્રમુખ સ્થાન ડૉ. હંસરાજભાઇ એમ. પટેલે (મહુધા) શોભાવ્યું હતું. અને અતિથિવિશેષ તરીકે પ્રિ. રતીલાલ એલ. પટેલ (પ્રિન્સીપાલ સાયન્સ કોલેજ, તલોદ) હાજર રહ્યા હતા. અત્રે શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળની સ્થાપના ડૉ. હંસરાજભાઇના વરદ હસ્તે દીપ પ્રગટાવીને કરવામાં આવી

આ મંડળની કારોબારીની રચના અને હોદ્દારોની નીચે મુજબ વરણી કરવામાં આવી છે.

૧	નાનજીભાઇ પ્રેમજીભાઇ પટેલ	(ડાકોર)	પ્રમુખ
૨	ગોવિંદભાઇ એસ. પટેલ	(આણંદ)	ઉપપ્રમુખ
૩	બહેચરભાઇ કરશનભાઇ પટેલ	(દેવપુરાલાટ) તા. કપડવંજ	મંત્રી
૪	અંબાલાલ જેઠાભાઇ પટેલ	(વિઠ્ઠલપુરાભાટ)	સહમંત્રી
૫	કેશવલાલ રાજારામ પટેલ	(કપડવંજ)	ખજાનચી
૬	કરમસીભાઇ ગોપાલભાઇ પટેલ	(બાલાસિનોર)	ઓડીટર
૭	ડૉ છગનભાઇ ડી. પટેલ	કારોબારી સભ્ય	નવામુવાડા તા. કપડવંજ
૮	રમણભાઇ રવજીભાઇ પટેલ	,,	રંગીનપુરાલાટ તા. ઠાસરા
૯	નારણભાઇ મનજીભાઇ પટેલ	,,	સેવાલીયા
૧૦	નારણભાઇ દેવજીભાઇ	,,	મહેમદાવાદ
૧૧	મણીભાઇ કરશનભાઇ પટેલ	,,	માતર
૧૨	ડાહ્યાભાઇ જીવરાજભાઇ	,,	નારણપુરાકંપા તા. નડીયાદ
૧૩	શીવજીભાઇ માવજીભાઇ પટેલ	,,	આણંદ
૧૪	કરમશીભાઇ લાલજીભાઈ પટેલ	,,	પેટલાદ
૧૫	ઇશ્વરભાઇ દેવજીભાઇ પટેલ	,,	ખંભાત
૧૬	રણછોડભાઇ ખીમજીભાઇ પટેલ	,,	કનીજકંપા
૧૭	રમણભાઇ વીરજીભાઇ પટેલ	,,	ઓરસદ તા. મહેદાવાદ

શ્રી ખેડા જીલ્લા કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ વતી.

બી. કે. પટેલ
મંત્રી


કન્યા છાત્રાલય માટે ઘઉંની ભેટ

મણ	આપનારનું નામ	ગામ	કીલો
૨	પટેલ રવજીભાઇ હરજીભાઇ	ધરોલકંપા	૪૨
૧	,, લધ્ધાભાઈ રવજીભાઇ	,,	૨૧
૩	,, રવજીભાઇ જીવરાજભાઇ	,,	૬૩
૧	,, પ્રેમજીભાઈ કરશનભાઇ	,,	૨૧
૨	,, છગનભાઇ કરશનભાઇ	,,	૪૨
૧	,, ડાહ્યાભાઈ રવજીભાઈ	,,	૨૧
૫	,, રવજીભાઇ ગોપાળભાઇ	,,	૧૦૫
૩	,, લખુભાઇ વસ્તાભાઈ	,,	૬૩
૧	,, લખુભાઇ હરજીભાઇ	,,	૨૧
૨॥	,, શામજીભાઇ હરજીભાઈ	વરતોલકંપો	૫૨-૫૦
૫	,, ગંગારામભાઇ નારણભાઇ	મહોરકંપા	૧૦૫
૧	,, સવજીભાઇ હરજીભાઇ	કણોસણીકંપો	૨૧
૧	,, દેવજીભાઇ નારણભાઇ	બડોલકંપો	૨૧
૫	,, ભાણાભાઇ હીરજીભાઇ ખેતાભાઇ	મહોરકંપો	૧૦૫
૨	,, ગંગારામભાઇ રવજીભાઇ	કણોસણીકંપો	૪૨
૧	,, રતીલાલ જેઠાભાઇ	,,	૨૧
૧	,, લધ્ધાભાઇ હરજીભાઇ	વરતોલકંપો	૨૧
૧	,, રતીલાલ હરજીભાઈ	,,	૨૧
૨	,, જીવરાજભાઇ દેવજીભાઇ	ધરોલકંપો	૪૨
૨	,, નાનજીભાઇ વસ્તાભાઈ	,,	૪૨
૫	વી. એચ. વેલાણી	અમદાવાદ	૧૦૫
૧૦	,, વાલજીભાઈ કાનજીભાઇ	રાયણનોમાળ	૨૯૦
			૧૩૦૭-૫૦

★ ★

-: સો મીલ માલીકો માટે ખુશ ખબર :-

sharpex®



" શાર્પેક્ષ " બ્રાન્ડ ચેઈન સો મશીન

ચેઈન સો મશીન જે પાવરથી ચાલતા આડિયા તરીકે સર્વ માન્ય છે. જે બે માણસોની સહાયથી આડા વાઢ કાપવા માટે ઘણું અનુકુળ છે. જે સંપૂર્ણ વિદેશી ટેકનીકલ જાણકારી અને વર્ષોના અનુભવ પછી તૈયાર થયેલ છે. જેમાં કાંઈ બગડવાનું કે રીપેર કરવાનું રહેતું નથી.

આપ એક વખત " શાર્પેક્ષ બ્રાન્ડ ચેઈન સો મશીન " વસાવો અને રોકાણથી અનેક ઘણું વળતર મેળવો.

બનાવનાર :

શાર્પેક્ષ એન્જીનીયરીંગ વર્કસ

એલ. ૧૨૯/૧૩૦ જી. આઈ. ડી. સી. એસ્ટેટ,
ઓઢવ (અમદાવાદ) ૩૮૨૪૧૫

* શ્રી ભારત સો મીલ ગીતામંદિર, અમદાવાદ-૨૨
* શકિત એન્જીનીયરીંગ વર્કસ દરિયાપુર ટાવર સામે, અમદાવાદ-૧
* ભારત ટીમ્બર માર્ટ નરોડા રોડ, અમદાવાદ.
* ભારત વુડ વર્કસ ગીતામંદિર, અમદાવાદ-૨૨ નો એન્જીનીયરીંગ વિભાગ

વધુ પુછપરછ અને માહિતી માટે
મળો યા લખો:

શ્રી ભારત સો મીલ

વિભાગ ત્રણની સામે, ગીતામંદિર,
લાટી બજાર, અમદાવાદ-૨૨
ફોન નં. ૫૨૨૫૭ અને ૮૨૨૪૩

Adhoc committee meeting at Indore

જય યોગેશ્વર

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ તદર્થ સમિતિ પંચમ સભા

ઇંદોર (મ. પ્ર.) તા. ૮-૯ ઓકટોબર ૧૯૭૬

તા. ૭-૧૦-૭૬ શરદપૂર્ણિમા સમયઃ- રાત્રે ૯ થી ૧૨

સમાજનાં આ બાલવૃદ્ધ ભાઈ-બહેનો........

ઉપરોકત સંઘના આદેશને માન આપી આગામી સં. ૨૦૩૩ ના ઉનાળામાં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ તેમજ યુવકસંઘના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવનાર અધિવેશનની તૈયારીઓ અંગે મહત્વનાં કાર્યોની જવાબદારીનો બોજ ઉઠાવી અધિવેશનને સફળ બનાવવા યુવાશકિત પોતાનો યતકિંચિત ફાળો આપે તે માટે સંવત ૨૦૩૨ ના આસો સુદ ૧૫ તા. ૭-૧૦-૭૬ ના રોજ શરદ પૂર્ણિમાની રઢિયાળી રાત્રે તદર્થ સમિતિના યુવાનોનું યોગાનુયોગ પાટીદાર ભવનના પ્રાંગણમાં એક આલિશાન શમિયાણા નીચે ઇંદોરમાં આપણા સમાજની બહેનોના-ગરવી ગુજરાતણોના ગરબાઓની રમઝટ સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.

ગરબા ગાનાર કલાકાર......ગાયક વાદક સૌ ભાઈબહેનોને સંઘ વતી પ્રત્યેકને રૂપિયા બે પ્રમુખ સાહેબે પ્રોત્સાહન રૂપે આપ્યા હતા. પછીથી રાત્રિ સુધીમાં આવી ગયેલ સંઘના સૌ યુવાન ભાઈઓનો પરિચયવિધિ ઇંદોર યુવક મંડળના યુવાન ભાઈ શ્રી ભીમજીભાઈ આર પટેલે શરણ પૂર્ણિમાનો તેમજ કૃષ્ણ લીલાનો મહિમા વ્યાસજીની અદાથી એકધારી વાણીમાં સવિસ્તર સમજાવી આબાલવૃદ્ધ સૌ ભાઈબહેનોને મંત્રમુગ્ધ કર્યા હતા.

મીટીંગનો પ્રથમ દિવસ :— તા. ૮-૧૦-૭૬

આઠમી તારીખની સવારના મંગલ સમયે સૌ પ્રથમ સંઘના ભાઈઓના સ્થાન ગ્રહણ બાદ શ્રી વાડીભાઈ કે. પટેલ ધનસુરાની પ્રાર્થનાથી સભાની શરૂઆત કરવામાં આવી. ઇંદોર સમાજ કર્મભૂમિની રીતે પાંચેક માઈલના વિસ્તારમાં બેવિભાગમાં

વહેંચાયેલ હોઇ નવલખા વિભાગના પ્રમુખ શ્રી રામજીભાઇ કરસનભાઈ પટેલ તેમજ ધારરોડ વિભાગના આપણા સમાજના પ્રમુખ શ્રી સીવજીભાઈ રાજાભાઈ પટેલ સંઘના પ્રમુખશ્રી તેમજ ઉપપ્રમુખશ્રીઓનું ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યાર પછી યુવાન ભાઇશ્રી દેવસીભાઇ આર પટેલે મહેમાનોનો પરિચય કરાવ્યો હતો. બાલાઘાટ નિવાસી શ્રી ઇશ્વરભાઇ એલ. પટેલના ગીતથી સ્વાગત કરવામાં આવ્યું.

સંઘના મહામંત્રી શ્રી અખેરાજ પ્રેમજીભાઇ પટેલે હૈદ્રાબાદ મુકામે મળેલી સંઘની ચતુર્થ સભાની મિનિટબુકનું વિગતવાર વાંચન કરી સંઘની પ્રવૃત્તિનો વિશદ ખ્યાલ આપ્યો હતો.

સંઘની પ્રવૃત્તિઓનો વિભાગવાર અહેવાલ :—

પોતપોતાના વિસ્તારોમાં સંઘના આદેશ અનુસાર સમાજ સુધારા વગેરે જેવી બાબતોને લગતી પ્રવૃત્તિઓનો ખ્યાલ આપવામાં આવ્યો હતો.

કચ્છ પૂર્વ વિભાગની પ્રવૃત્તિઓ વિશે શ્રી દેવજીભાઇ પ્રેમજીભાઇ આંદસર મધ્ય કચ્છ વિભાગમાંથી યુવકસંઘના સહમંત્રી શ્રી હીરાલાલ હંસરાજ પટેલ, શ્રી અખેરાજ વાલજીભાઈ પટેલે પૂર્વ ભારતની પ્રવૃત્તિઓ વિશે શ્રી જેઠાલાલ ડી. પટેલ હૈદ્રાબાદ વાળાએ દ. ભારત, શ્રી કરશનભાઈ માવજીભાઇ પટેલ નાગપુરવાળાએ મહારાષ્ટ્ર તેમજ ગંગારામ હીરાલાલે (ન્યુ દિલ્હી) ઉ. ભારતની, ગુજરાત વિભાગમાંથી સામજીભાઇ એસ. પટેલ વગેરે એ આપણા મંડળોની બાહ્ય આચરણો, છૂટાછેડા, કન્યા વિક્રય વગેરે સડાઓ તેમજ લગ્ન પ્રથા–રીવાજો, કેળવણી વગેરે જેવા સામાજિક સુધારાઓને લગતી પ્રવૃત્તિઓનો વિભાગીય રીતે ખ્યાલ આપ્યો હતો.

બીજો દિવસ : તા. ૯–૧૦–'૭૬

શ્રી વાડીલાલ કે. પટેલે પ્રાર્થનાથી શરૂઆત કર્યા બાદ નીચે મુજબના વક્તાઓએ સામાજિક સુધારા અંગે લગ્ન પ્રથા શિક્ષણ–સંસ્કાર વગેરે બાબતો તેમજ સામાજિક સડાઓ જેવા કે છૂટાછેડા, કન્યા વિક્રય, બાહ્ય આચરણો સંસ્કૃતિ અને સંસ્કારિતા, મહિલાજગતને સમાજ સેવા અર્થે પ્રકાશમાં લાવવા વગેરે બાબતોને લગતા વિચારો રજુ કરવામાં આવ્યા હતા.

વક્તાઓમાં સર્વશ્રી વિસનજીભાઇ આર. પટેલ–ઇંદોર, શ્રી વાલજીભાઇ આર. પટેલ દલ્લીરાજહરા, શ્રી નાનજીભાઇ કે. પટેલ રાયણનો માળ (ગુજરાત), શ્રી

રામજીભાઇ સામજીભાઈ પટેલ જબલપુર, શ્રી રામજીભાઇ કરશનભાઈ પટેલ-(નવલખા રોડ) પ્રમુખ શ્રી કચ્છ પાટીદાર સમાજ-ઇંદોર, (ધારરોડ) પ્રમુખશ્રી સવજીભાઇ રાજાભાઇ પટેલ-ઇંદોર, શ્રી રમણભાઇ વાલજીભાઇ પટેલ ખંડવા, શ્રી લધારામ આર. પટેલ ઇંદોર, બહેનોમાં સર્વશ્રી કુ. ભગવતીબેન કાનજીભાઇ, શ્રી કુ. ભાનુબેન ખીમજીભાઇ, શ્રીમતિ મણીબેન નારણભાઈ ધાર રોડ-ઇંદોર વિભાગના સમાજના પ્રમુખશ્રી સવજીભાઇનાં માતુશ્રી જાનબાઇ, શ્રી ખીમજીભાઇ નારણભાઇ, ઇંદોર તબીબીક્ષેત્રે અભ્યાસ કરતા શ્રી ભીમજીભાઇ આર. પટેલ-ઇંદોર શ્રી દેવસીભાઈ આર. પટેલ ઇંદોર, શ્રી હીરાલાલ એચ. પટેલ, નખત્રાણા, શ્રી કરશનભાઇ માવજીભાઇ નાગપુર, શ્રી સામજીભાઇ એસ. પટેલ વડાગામ, વિશ્રામભાઇ હંસરાજભાઈ-કલકત્તા પ્રિન્સિપાલ શ્રી રતિલાલ એલ. પટેલ તલોદ, શ્રી લધાભાઇ આર. પટેલ-ઇંદોર, મહામંત્રીશ્રી અખેરાજભાઇ પી. પટેલ-કલકત્તા, શ્રી પરસોત્તમભાઈ પટેલ સભ્યશ્રી મહારાષ્ટ્ર સ્પોર્ટસ કલબ પૂના, શ્રી કાન્તિલાલ કે. પટેલ-ધનસુરા, શ્રી ધનજીભાઈ મેઘજીભાઇ પટેલ-હૈદ્રાબાદ, શ્રી કાન્તિલાલ કરશનભાઇ ખેડબ્રહ્મા, શ્રી હરિલાલ કાનજીભાઇ-જારસુગડા વગેરે ભાઇ- બહેનોએ સમાજજીવન પર પ્રકાશ પાડતી સમસ્યાઓ તેમજ રીતરસમો, વગેરે બાબતોમાં પોતપોતાના વિચારો રજુ કરી છણવટ કરી હતી.

આપણી માતૃભૂમિ કચ્છની ધરતી પરથી કડવા પાટીદાર તરીકે ઓળખાતા આપણે સૌ પ્રાકૃતિક દ્રષ્ટિએ અવાર નવાર વત્તા ઓછા વરસાદના કારણે પહેલાં આપણો મુખ્ય વ્યવસાય ખેતીનોજ હતો. જેથી રોજી રોટીની સમસ્યાઓ ઉભી થતી પરિણામે હિંદુસ્તાનના પ્રત્યેક પ્રાંતે માં વ્યવસાય અર્થે ફરજિયાત હિજરત કરવી પડી જેથી આજકાલ આપણો સમાજ હજારો માઇલના વિસ્તારમાં વેરવિખેર થઈ ગયો આવડા મોટા વિસ્તાર પર પ્રાંતવાર અનેક પ્રજાઓના સંસર્ગમાં આવ્યા બાદ આપણા સમાજજીવન પર તેની ઝાંખી અસર પણ પડયા વિના રહી શકી નથી. પણ આખરે તો સમાજનાં બંધનોની સીમામાં ગૂંથાઇને સામાજિક એકતા અને અખંડિતતામાં ઓટ ન આવે તે માટે બંગાળની ધરતી પરથી કલકત્તા શહેરમાંથી શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળમાં ચેતના સ્ફૂરતાં "સંઘે શકિત કલૌ યુગેના મંત્રને સાકાર સ્વરૂપ આપવા ૧૯૭૨ ના ડીસેમ્બરના અંતિમ દિવસો તેમજ ૧૯૭૩ની પ્રગટ થતી ઉષાના ઓજસ નીચે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘની સ્થાપના કરવામાં આવી; અને એજ સંઘના અસ્તિત્વને કારણે આજે મધ્ય પ્રદેશની ધરતી પર ઇંદોરના આંગણે સમાજજીવનને સ્પર્શતી કેટલીક બાબતો પર ચર્ચા વિચારણા કરવા અને સમાજના અધિવેશન આયોજનમાં યુવાશકિતની જયોત

જલતી રાખવા અત્રે એકત્ર થયા છીએ ત્યારે સમાજને ગંગાના પવિત્ર પ્રવાહની ઉપમા આપીએ તો પ્રવાહની સાથે નહીં પણ સામે આવનાર ઉપરાંત સાથે નહીં પણ સાઈડમાંજ રહી નિષ્ક્રીય વર્ગ સમાજજીવનમાં પોતાનો સૂર ન પુરાવતા વર્ગનું અસ્તિત્વ કોઈપણ સમાજમાં હોય છે જ આપણા સમાજમાં પણ કહેવત છે કે "પાંચ પાટીદાર ત્યાં વાત આંટીદાર" બને પણ ખરી નહીંતર મૃત્યુ લોકમાં પાછું સ્વર્ગ ઉતરી આવે ને ? અને સ્વર્ગ તો મુમુક્ષુઓ માટે જ હોય ને !

આજે સતત બે દિવસથી વિવિધ વિષયો પર સામાજિક શૈક્ષણિક, ધાર્મિક ઉત્સવો, સમાજજીવનની સમસ્યાઓને લગતી બાબતોમાં કેટલાક સડાઓ જેવા કે સામાજિક રીવાજોનું સગપણ કે લગ્ન જેવા પ્રસંગોમાં ઉલ્લંઘન, છૂટાછેડા, કન્યા-વિક્રય, બાહ્ય આચરણ શુધ્ધિ વગેરે પર સુંદર વિચારો રજુ કરવામાં આવ્યા હતા જે આ પ્રમાણે છે.

સામાજિક સમસ્યાઓને લગતી વાત કરીએ તો સામાન્ય રીતે પહેલાં આપણા સમાજમાં બાલ્યવયે જ સગપણ તેમજ લગ્ન કરવામાં આવતાં હતાં પરંતુ આજકાલ જમાનો બદલાતાં આપણે પણ આપણી રીતરસમની કરવટ બદલતા રહીએ છીએ. આજે સમાજમાં શિક્ષણનો સંચાર થતાં સંસારજીવનની મોડી શરૂઆત કરવ જતાં દીકરા–દીકરીઓનાં સગપણ હવે અમુક અનિશ્ચિત વય પછી થાય છે. હવે કન્યા કેળવણીમાં હજુ સહેજ પછાત છીએ ત્યારે વિદ્યાર્થી શિક્ષણ મેળવતો હોય એ સમયે પણ તેનું સગપણ કરવાની સમસ્યા ઊભી થાય છે આજે વિદ્યાર્થીકાળમાં એટલે તેની ૧૫ થી ૨૫ વર્ષની વયે સગપણ ન કરે તો અનેક બહેનોનાં સગપણનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આજના આપણા સમાજનું આ બાબતમાં વિશ્લેષણ કરીએ તો છોકરીઓની સંખ્યા વધુ હોવાનો હાઉ પેદા થયો છે. હકીકતમાં તેમ નથી. કારણકે શિક્ષણ મેળવતી સંખ્યા જ્યાં સુધી તેના લક્ષ્યાંક મુજબનું શિક્ષણ ન મેળવે ત્યાં સુધી સગપણ કે લગ્નની જંજટમાં પડવા ન ઇચ્છે તે પણ સ્વાભાવિક છે પરિણામે શિક્ષિત યુવાન વર્ગ આજે ફાજલ પડતો જાય છે બીજી બાજુ 'દીકરી એટલે સાપનો ભારો' સમજી શિક્ષણ ક્ષેત્રે આગળ ન વધારતાં દીકરીનાં માબાપ વહેલી તકે સગપણ તેમજ લગ્ન કરી દેવા ઉત્સુક બને છે. જેથી સાંપ્રત સમાજમાં સગપણ સાંતરાંની તકલીફ અને કન્યાવિક્રય જેવી બદીઓનો જન્મ થયો છે. દીકરા અને દીકરીઓનાં સગપણ જ ૧૮ થી ૨૧ વર્ષની વય મર્યાદાની અંદર થઇ જતાં હોય તો એક માથાના દુઃખાવા જેવી દીકરીના સગપણની સમશ્યા હલ થઇ જાય. આજે અમુક ઉંમર સુધીમાં દીકરીઓનાં સગપણ ન થઇ

શકતાં ઉત્તર ગુજરાત તરફ આપણી અનેક કન્યાઓ........હલાલો દ્વારા તેમજ હવે તો ત્યાં ગયેલી કન્યાઓ દ્વારા પણ–જાયછે. આ પ્રવાહનાં ધસમસતાં પૂર ને આગળ વધતાં અટકાવવા ગામે ગામની યુવાશકિત સક્રીય બને; સમજી ને પોતાનાં જ ભાઇ બહેનોનાં સગપણ અમુક ઉંમર સુધીમાં નહીં કરે તો બે ત્રણ વર્ષમાંજ અનેક શિક્ષિત યુવાનોને સમાજમાંથી કન્યા મેળવવા માટે "આજની દીકરીઓના જેવીજ સમસ્યા સામે આવવાને ઉભાં રહેશે. તો સગપણ સમસ્યા હલ થતાં રહેશે કન્યા વિક્રયની બદી પર પણ અમુકઅંશે કાપ આવશે અને વિશેષ કાપ લાવવો હશે તો ગમે તેવા ગરીબ તેમજ અમીર ની બહેન દીકરીઓને શિક્ષણનો જ માર્ગ અપનાવવો પડશે. અને બહેનો શિક્ષિત હશે તો છૂટાછેડા જેવાં દૂષણો પણ મહદ્ અંશે દૂર થશે. જેથી ઠેર ઠેર શિક્ષણ ની સુવિધાઓ વિશે વિચારવું આવશ્યક બન્યું છે.

આજે સપ્રશકિત આવી અનેક સમસ્યાઓના સંદર્ભમાં સમાજની રીતરસમો, કુરૂઢિઓ તેમજ સડાઓની બાબતમાં સતત સચિંત બની છે અને વાત પણ ખરી છે. જો યુવાશકિત સક્રીય બનશે તોજ યુવાશકિતની સામુહિક ઝુંબેશથી ઘણી બધી સમસ્યાઓ હલ થઇ શકશે. આજે સમાજજીવનની વધુ સુઘટતા ઈચ્છતાં હોય તો જે કંઈ સક્રીય યુવાશકિત છે તેને વધુ સક્રીય બનો. આજે પણ કુંભકર્ણની ગાઢ નિદ્રામાં, સ્વાર્થની દુનિયમાં રાચતી યુવાશકિતને જાગૃત કરવાની રહેશે. અને પ્રત્યેક યુવાન પોતાના ઘરથીજ સજાગ બને, પોતાનાં જ ભાઇ ભાંડુઓ કે બહેન દીકરીઓને જરૂરિયાત પુરતું શિક્ષણઅને સંસ્કાર આપે અમુક ઉંમર સુધીમાં સગપણ કે લગ્નના પ્રસંગોની ઉજવણી કરે તો અવશ્ય અનેક સામાજિક સડાઓ નાબુદ કરી શકાય.

સમાજને આધ્યાત્મિક માર્ગે આગળ વધારવા સ્વાધ્યાય પ્રવૃત્તિઓ, ધાર્મિક પ્રસંગો જેવાકે રામાયણ તેમજ ભાગવત સપ્તાહોનું આયોજન કરી સંસ્કારી સમાજ ઘડતરનું નિર્માણ કરવું પણ એટલું જ જરૂરી છે, શિક્ષણ હશે તો સંસ્કાર ફેલાશે અને સંસ્કાર હશે તો સાત્વિક સંપત્તિ પણ આવશે શિક્ષણ અને સંસ્કારથીજ સમાજનાં બાહ્ય આચરણોમાં શુધ્ધિ થઇ શકશે.

યુવક મંડળો અને સંઘના યુવાનો સમાજ સુધારણાની મશાલ હાથમાં લઇ શિક્ષણ તેમજ સંસ્કારીતાની બાબતમાં ક્રાંતિકારી સુધારા લાવવા માનવતાના નિયમ પાળે, સંસ્કૃતિના ઉત્થાન માટે પોતાનામાં રહેલી શકિતઓનો સદઉપયોગ કરે એટલુ જ નહિ પણ સમાજ જીવનના સળગતા પ્રશ્નોને હલ કરવા, મહિલાઓને પ્રોત્સાહન આપી નારી જગતને જાગૃત કરે.

મધ્ય પ્રદેશની ધરતી પર ઇંદોરના આંગણે એકત્ર થયેલી યુવાશક્તિએ સમાજ જીવનમાં શ્રધ્ધાનો દીપ જલતો રાખવા, મહિલા શક્તિ જે સુશુપ્ત અવસ્થામાં છે તેને ઢંઢોળવાના પ્રયાસમાં સફળ બની પ્રોત્સાહન આપ્યું છે અને આગામી અધિવેશન સુધીમાં દેશભરનાં યુવકમંડળો અને મહિલામંડળો ને જાગૃત બનાવ પ્રેરકબળ પૂરું પાડયું છે.

અત્યાર સુધી મહિલા જગત પ્રત્યે ઉપેક્ષા બતાવી, ચાર દિવાલો વચ્ચે કામના અસહ્ય બોજ નીચે તેઓની પ્રગતિમાં રૂકાવટ કરેલી છે. તેનાં માઠાં ફળ અત્યાર સુધી ભોગવ્યાં છે. હવે તેમ ન બને તે માટે ઈંદોનાં વયોવૃધ્ધ માજી તેમજ યુવાન બાલિકાઓએ વહેતા મૂકેલા ઉદ્ગારો પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરવું હિતાવહ છે. જમાનાની બદલાતી જતી તાસીર સાથે જૂનવાણી માનસમાં પણ વૈચારિક પરિવર્તન શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક માર્ગો દ્વારા આગળ વધીને લાવવું જરૂરી છે.

ઇન્દોરના વડીલો તેમજ યુવાનોએ હવે વધુ સમય સુધી મહિલા જગત ને આધુનિક સમાજજીવનના પ્રવાહોથી વંચિત ન રહે તે માટે પ્રયત્નશીલ બનવા ના ઉદ્ગારો પૂરા [illegible] છે અને તે ઉદ્ગારોનો અમલ કરશે તેવી સંઘને પૂર્ણ શ્રદ્ધા છે.

સંઘ શકિતથી યુવાનવર્ગમાં રહેલી સુશુપ્ત શકિતઓનો ઉપયોગ સ્વ. શ્રી નારાયણ રાંમજી લીંબાણીનાં અધૂરાં રહેલાં સ્વપ્નને પૂર્ણ કરવા; સામાજિક એકતા અને અખંડિતતાને અબાધિત રાખવા માટે યુવાશકિતએ સમાજમાં બાહ્ય આચરણો વગેરેની બાબતમાં એક થવા કટિબધ્ધ બનવાની જરૂર છે. ગમે તેવા સામાજિક સડાઓ કે દૂષણો હોય તે નાબુદ કરવા વિરાટ યુવાશકિત આગામી અધિવેશન સુધીમાં કામે લાગી જાય તેવો સંઘ શકિતનો અનુરોધ છે.

આજકાલ રાજકીય રીતે પણ સમાજ જીવનમાં એક વાકયતા લાવવા માટે આપણા દેશના લાડીલા નેતા વડાપ્રધાન શ્રીમતિ ઇન્દીરાબેન ગાંધીના ૨૦ મુદ્દાના કાર્યક્રમ ને ટેકો આપવા પ્રિન્સિપાલ શ્રી રતિલાલ એલ. પટેલનો અનુરોધને વધાવી લેવા સંઘે ઠરાવ કર્યો છે.

સાથે જ કચ્છ માટે આનંદની વાત છે. ડૉકટર મહીપતરામ મહેતા જેવી

કચ્છ પ્રદેશની સમર્થ નેતૃત્વ શક્તિના પ્રયાસોના પરિણામે ભારતભરમાં સૌ પ્રથમ વાર જ કચ્છમાં વિકાસ બોર્ડની રચના થઇ છે તેને સંઘ દ્વારા આવકારવામાં આવી હતી.

અત્યાર સુધીમાં કચ્છ પ્રદેશે મુખ્યત્વે ખેતી પર આધારિત રહેવાના કારણે અનેક દુષ્કાળોનો સામનો કર્યો છે. હવે ઉદ્યોગોની બાબતમાં કચ્છ પ્રદેશ વિકસિત બને તો અત્યાર સુધીમાં માદરેવતન છોડી રોજી રોટી માટે દુનિયાભરમાં પથરાયેલી કચ્છની પ્રજાઓને કંઇક રાહત મળી શકે જે આપણા સૌના માટે અતિશય આનંદનો વિષય છે.

અંતમાં આગામી ઉનાળે યોજાનાર અધિવેશનની કાર્યવાહીમાં શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજની દેશભરની યુવાશક્તિને તન; મન, ધનથી કામે લાગી જઇ અધિવેશનને સફળ બનાંવવા સંઘના પ્રમુખશ્રીએ સૌને અનુરોધ કર્યો છે.



શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવકસંઘ
તદર્થ સમિતિ, પંચમ સભા ઇંદૌર પ્રસંગે

સ્વાગત—ગીત

મધ્ય પ્રદેશના ઈંદોર શહેરમાં
ભલે પધાર્યા યુવક–સંઘના ઘડવૈયા
અંતઃ કરણથી સ્વાગત છે આપનું
ભલે પધાર્યા યુવક–સંઘના ઘડવૈયા......

(૧) સમાજ દર્પણનું પ્રતિબિમ્બ તમે છો
સામાજીક એકતા ના આધાર તમે છો
પૂર્વજો નાં સ્વપ્નાં ને સાકાર બનાવવા
તન–મન ને ધન થી ન્યોછાવર થાવા
રણભેરી આજે એવી વગાડો
સૂતેલી વીરાંગનાઓ જગાડો
સુર અને તાલ પર નાચો થા...થા...થૈયા.........
સંઘના ઘડવૈયા...

(૨) જ્ઞાતિની એકતા સર્વોપરી છે
નિયમોનું પાલન પણ જરૂરી છે
કૌટુમ્બિક એકતા આજે જરૂરી
ધરમ ની એકતા પણ જરૂરી છે
ધરમ ની એકતા નો ડંકો વગાડો
નારાયણભાઇની ફરી જાગૃતિ જગાડો
ઉમીયા–માતાની જય–જય બોલાવો
રાહ ભૂલ્યા છે એને રાહ બતાવો
મનસા, વાચા, કર્મણાના સિધ્ધાંત રચૈયા......
સંઘના ઘડવૈયા...

રચયિતાઃ– ઈશ્વરલાલ પટેલ
બાલાઘાટ.

॥ જય યોગેશ્વર ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ, તદર્થ સમિતિ, પંચમ સભા

ઇંદોર (મ. પ્ર.)

તા. ૯–૧૦–૭૬ સમય રાત્રે ૯ થી ૧૨–૩૦

ઉપરોકત સંઘની તદર્થ સમિતિની પાંચમી સભા ઇંદોર મુકામે સતત બે દિવસ સુધી મળ્યા પછી બીજા દિવસની રાત્રે શ્રી કચ્છ પાટીદાર સમાજ ઇંદોરના મારરોડ તેમજ નવલખા રોડનાં આબાલવૃધ્ધ ભાઇબહેનો પાટીદાર ભવનના આંગણે એકત્ર થઇ જનરલ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. સભાનું પ્રમુખસ્થાન ઇંદોરના બંને વિભાગીય સમાજ પ્રમુખોને આપવામાં આવ્યું હતું. જયારે અતિથિ વિશેષ તરીકેનું સ્થાન તલોદ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ શ્રી રતિલાલ એસ. પટેલે શોભાવ્યું હતું.

સભાની શરૂઆતમાં તદર્થ સમિતિના સૌ સભ્યોનો વિગતવાર પરિચય કરવામાં આવ્યો હતો.

ઇંદોરના આંગણે સંઘની મીટીંગ રાખવા બદલ નવલખા રોડ, ઇંદોરના પ્રમુખશ્રી રામજીભાઇ કરશનભાઇ પટેલે સંઘના સંયુકત ઉપક્રમે યોજાતા અધિવેશનને સફળ બનાવવા સમાજમાં કેળવણી, મહિલા વિભાગમાં જાગૃતિ, કન્યાવિક્રય તેમજ છૂટાછેડા જેવાં દૂષણો, બાહ્ય આચરણોમાંની અંધશ્રધ્ધા વગેરે દૂર કરવા હિંદુ સંસ્કૃતિ મુજબના આચાર વિચારોને પુષ્ટિ આપવા, ગમે તેવા સંજોગોમાં કટિબધ્ધ થઇ સમાજની યુવાશકિતને કામે લાગી જવા દરેક વકતાઓએ અનુરોધ કર્યો હતો.

સંઘના બન્ને દિવસના કાર્યક્રમથી મંત્ર મુગ્ધ થઇ જઇ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ ઇંદોરનાં સૌ ભાઇ બહેનોએ સમાજની કાયાપલટ કરવા માટે સંઘ શકિત પાસે અમોઘ તાકાત છે તેવી શ્રધ્ધા વ્યકત કરી હતી.

કોઇપણ સમાજની યુવાશકિતએ જે તે સમાજની સૈનિક તાકાત છે. એટલું જ નહિ પરંતુ સંઘની છત્રછાયા હેઠળ, સંઘના સભ્યો તેમજ યુવાન મિત્રોમાં નેતૃત્વ શકિતનો વિકાસ, ભાષાશુધ્ધિ, વકતૃત્વકલા, વાંચન શકિત, ધાર્મિક ઉત્થાન તેમજ

સામાજિક એકતાના સદ્‌ગુણોની ખીલવણી થાય છે. યુવાશક્તિ હંમેશાં સંઘના આદેશને અનુસરે અને સમાજની પ્રગતિના પંથે સંઘના ઉદ્દેશો અને ધ્યેય પાર પાડવા માટે જ્ઞાતિનો સૌ કોઇ યુવાન કટિબધ્ધ બની આગામી અધિવેશનને સફળ બનાવે.

ભાઇ શ્રી પુરુષોત્તમ 'B. A. (Hon)' હોઇ હાલમાં 'M. A. Part I' માં અભ્યાસ કરે છે. તેઓ મંડળના માજી મંત્રી હોઇ કારોબારી સમિતિના સભ્ય છે.

બહારની પ્રવૃત્તિઓમાં ' ઇન્ટર કોલેજીએટ પૂના યુનિવર્સીટીના ત્રણ વર્ષથી' 'જનરલ સેક્રેટરી' નું પદ શોભાવી વિક્રમ કરેલ છે. તેમજ મહારાષ્ટ્રની ' સ્ટુડન્ટ યુનીયન'ના અગ્રગણ્ય લીડર છે. અખિલ ભારતીય ક્ષેત્રે સ્થાપેલ 'પટેલ ક્રિકેટ એસોશિએશન'ના જનરલ સેક્રેટરીનું પદ પણ તેઓ સંભાળી રહેલ છે.

રમતગમતના ક્ષેત્રે તેઓ ' રાષ્ટ્રીયકક્ષાએ ' પ્રતિનિધિત્વ ધરાવે છે.

ક્રિકેટમાં તેઓ મહારાષ્ટ્રમાં 'પ્રતિનિધિત્વ' ધરાવે છે.

બ્હોલી બોલના ક્ષેત્રે તેઓ ઓગષ્ટ મહિનામાં ૧૯૭૭ માં 'સિલોન તથા આફ્રિકાનો ' પ્રવાસ કરી આંતરરાષ્ટ્રીય ખ્યાતી મેળવશે.


બોલ-બેડમિંટન માટે બે વખત રાષ્ટ્રીય-પ્રતિયોગિતા માટે ભદ્રાવતી તથા મુંબઈ ખાતે પસંદગી પામેલ એક સ્પોર્ટ્‌સમેન છે.

આવા અસામાન્ય વ્યક્તિત્વ ધરાતતા કચ્છના આ પાટીદાર યુવકને ૧૯૭૫-૭૬ વર્ષ માટે ' Best Boy ' 'શ્રેષ્ઠ રમતવીર' માટે 'બહેરામજી જીજીભોય' એવોર્ડ અર્પણ કરી અભૂતપૂર્વ સન્માન કર્યું છે.

આવો અસામાન્ય પ્રતિભા ધરાવતો યુવક આપણી પાટીદાર સમાજમાં હોઇ સન્માનનીય અને ગૌરવવંતી વાત છે.

પટેલ પુરુષોત્તમ ખીમજીભાઈ
૬૧ / બ, ન્યુ ટીંબર માર્કેટ
ભવાની પેઠ, પૂના – ૨
પીન. ૪૧૧૦૦૨

અ નાને ઉજાગરા અને મહેનતથી રાહત
અ વા માટે * ઇલેકટ્રીક પાવરથી ચાલતું



છાસ
બનાવવા માટેનું
વલોણા યંત્ર

* * * વસાવો અને ઘરની શાન વધારો.

વિશિષ્ટતાઓ :—

★ આ છાશ બનાવવા માટેનું વલોણાયંત્ર નાની મોટી બે સાઈઝમાં મળે છે.
★ ૫ થી ૧૦૦ લીટર સુધીના દહીંની છાસ બનાવવા.
★ દેશી વલોણા કરતાં ૧૫ થી ૨૦ ટકા વધુ માખણ મેળવવા
★ આ યંત્રથી ઉનાળામાં પણ માખણ ઓગળી જતું નથી તેનો લાભ લેવા.
★ માત્ર નજીવા બળતણ ખર્ચમાં.
★ વેચાણ બાદની તમામ સેવાઓ તેમજ યંત્રના સ્પેરપાર્ટસ સહેલાઇથી મેળવવા

બનાવનાર :—

સ્કવેર એન્જિનીયરીંગ કોર્પોરેશન

ઘાટકોપર મુંબઈ–૮૬

● વધુ માહિતી માટે અમારા સાબરકાંઠા જિલ્લાના અધિકૃત વિક્રેતાનો સંપર્ક સાધો

ચેતન ફર્ટીલાઈઝર્સ

તલોદ રોડ, ધનસુરા. જિ. સાબરકાંઠા

આપના ઘરમાં આનંદોલ્લાસમય વાતાવરણ સર્જવા ટાટાનું અદ્‌ભુત સર્જન "નેલ્કો" કંપનીનો રેડીયો મેળવવાનોજ આગ્રહ રાખો.

તેમજ ટેલીવીઝન સેટ મેળવવાનું એક માત્ર

અજોડ સ્થળ

શક્તિ

રેડીયો ઇલેકટ્રોનીક્સ

ઠે. ખુટલવાડા **મોડાસા**


જિ. સાબરકાંઠા

*

ઓથોરાઈઝડ ડીલર્સ ઈન : નેલ્કો

પ્રોપ્રાયટર :

પટેલ
જયંતિલાલ માવજીભાઇ
છગનલાલ માવજીભાઈ



રેડીયો

રેડીયો, ટ્રાન્ઝીસ્ટર, ટેલીવીઝન, એમ્પ્લીફાયર, રેકોર્ડ તેમજ ટેપરેકોર્ડ વગેરે સ્પેર પાર્ટ્સ વેચનાર તેમજ સંતોષકારક રીપેર કરનાર

॥ શ્રી ગણેશાય નમઃ ॥

વાલાણી ટાયર્સ

સાયરા રોડ, **મોડાસા** જિ. સાબરકાંઠા. ફોન : ૧૪૬ પી. પી

આથી મોડાસા તેમજ આજુબાજુના અમારા સ્નેહીમિત્રો, વહેપારી ભાઇઓ તેમજ ગ્રાહકમિત્રોને જણાવતાં આનંદ થાય છે કે આપની જરૂરિયાત મુજબ



- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઇયર
- સીયેટ વગેરે
- કંપનીનાં બનાવેલ

ટાયર — ટયુબ,

દરેક સાઇઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા

● બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ ●

દરેક સાઇઝની **બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ**


તેમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા "અમારી ધનસુરા તેમજ મોડાસાની દુકાનોની મુલાકાત લેવા વિનંતી છે.

★ **ઓથોરાઇઝડ ડીલર્સ ઇન :—**

- ડનલોપ ઇન્ડિયા લિ. કલકત્તા, ગુડઇયર ઇન્ડિયા લિ. મુંબઇ
- ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કું. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઇ.
- સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઇ.
- મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
- ઇન ચેક ટાયર્સ લિ. કલકત્તા.
- નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

અમારી મુખ્ય દુકાન : **નેશનલ ટાયર્સ**

... નં. ૨૭ તલોદ રોડ; **ધનસુરા** જિ. સાબરકાંઠા


LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WORKS
AMBAWADI, SAIJPUR BOGHA,
NARODA ROAD-AHMEDABAD-2.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા (જિ. સાબરકાંઠા)

ગ્રા. નં.

To,

Book - Post

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા. જિ. સાબરકાંઠા.

★

★

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સંસ્કારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ
બી. એ.

વર્ષ ૧૮ અંક–૧૨ ડીસેમ્બર ૧૯૭૬

卐 જાગૃતિ 卐

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦), પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૭૫ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧) પરદેશમાં રૂા. ૧૨૫) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે. પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરૂં સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઈ એન. પટેલ -પ્રકાશક

શ્રી. નાનજીભાઈ કે. પટેલ -આદ્યતંત્રી.

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ -તંત્રી
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc.
પ્રિન્સિપાલ :
સાયન્સ કોલેજ, તલોદ.
પ્રમુખ
શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ, ધનસુરા

શ્રી શામજીભાઈ એસ. પટેલ
માજી પ્રમુખ
શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ, ધનસુરા

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી એફ. એ. એમ., એલ. એમ. પી.

ડૉ. હંસરાજ એમ. પટેલ M.B.B.S.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ M. Sc.

શ્રી અરજણભાઈ વી. પટેલ મંત્રી
શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ, ધનસુરા

શ્રી પ્રેમજીભાઈ એ. પટેલ ઉપ-પ્રમુખ
શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ, ધનસુરા

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ

શ્રી. ચંદુલાલ વી. પટેલ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણીકચ્છ]

જન્મ	**સ્વર્ગવાસ**
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા	સંવત ૧૯૯૭, આસો વદ ચોદસ

અનુક્રમણિકા

અ. નં.	લેખનું નામ	લેખક કે સંપાદક	પૃષ્ઠ નં.
૧	તંત્રી સ્થાનેથી	કાન્તિલાલ કે. પટેલ	—
૨	શ્રી માતાજીનું પ્રાગટ્ય	(સ્મરણિકામાંથી સાભાર)	૧
૩	શ્રી ઉમીયા માતાજી સંસ્થાન પરિચય	(સ્મરણિકામાંથી સાભાર)	૩
૪	કુર્મી જ્ઞાતિનો પ્રસાર	(સ્મરણિકામાંથી સાભાર)	૫
૫	મહોત્સવની આછી રૂપરેખા	,,	૭
૬	અઢાર મી શતાબ્દી મહોત્સવ	ગુજરાત સમાચારમાંથી સાભાર	૯
૭	યુવક સંગ જગાડે	ઇશ્વરભાઈ પટેલ	૧૩
૮	પડદાની પ્રથા સ્ત્રીની સાથે કરવામાં આવતી એક ભયંકર અનિતિ	કુ. દમયંતિ પટેલ	૧૪
૯	પોષ્ટ કાર્ડ	પરષત રામજી ખેતાણી	૧૬
૧૦	સમાચાર	—	[illegible]

ત્રીશથાનેથી

જય
યોગેશ્વર

* વિચારોનું વમળ *

જ્યારે તમો તમારી બન્ને આંખોની પાંપણો બંદા કરીને એક મિનિટ મૌન સેવશો તો શીવને ત્રીજુ નેત્ર ખુલતુ હતું તેમ તમારા અંતરમાં ત્રીજુ નેત્ર ખુલશે તે માત્ર માનવી તરીકે તમારુ કર્તવ્ય શું છે ? તેમાંથી તમે કેટલું કાર્ય કર્યુ છે? કેટલુ કાર્ય બાકી છે? તેનું તમને ભાન કરાવશે તમે કરેલા ખોટા કાર્યો માટે પશ્ચાતાપ પણ કરાવશે.

ટૂંક સમય પહેલા હું મદ્રાસ, કલકત્તા, નાગપુર અને બોમ્બે ફરવા ગઈ હતી. ભારતના એ મહાનગરોમાં સારી એવી અજાયેબીઓ જોઈ અને મોટા મોટા ગગનચુંબી મકાનો જોયા લેટેસ્ટ ડીઝાઈનોવાળા નાના મોટા મકાનો જોયા પલભર તો મને માનવીએ કરેલી સિદ્ધીઓ પર માન થયું. ખરેખર ! કાળા માથાનો માનવી આજે મંગળ પર જવા હરણ ફાળ ભરી રહ્યો છે તે જ માનવીની સિધ્ધીઓનું અંતિમ પ્રતિક છે.

આ બધુ તો બસ મારી બાહ્ય આંખો જ જોઈ શકતી હતી. અને મને કૃત્રિમ આનંદ આપી રહી હતી પરંતુ બે મિનિટ મૌન સેવ્યા બાદ મારુ ત્રીજુ નેત્ર ખુલ્યુ અને મારા અંતર આત્મામાંથી એક સવાલ બહાર આવ્યો કે માનવીએ આ દુનિયમાં શું કર્યુ છે ?

એકાએક મારા મોં માંથી જવાબ સરી પડયો કે કંઈ જ નહિ. આજે દેશના ૧૯.૬ કરોડ લોકો ગરીબીની રેખા કરતા નીચું જીવન જીવે છે. બે ટાઈમ ખાવા પુરંતુ અનાજ પણ મેળવી શકતા નથી તેમના માટે માનવીએ શું કર્યુ છે? માનવતા ખાતર પોતાના ગામ સમાજ કે દેશના લોકોને મદદ ન કરી શકે તો માનવીની સિધ્ધી કયાં કરી? મોટા મકાનોમાં રહેવું પશ્ચિમના દેશોની રહેણીકરણીમાં અનુકરણ કરવું, ઈમ્પોર્ટેડ કારો વાપરવી મોટા વેપાર ધંધા કરવા તને જ માનવીની સિદ્ધિ ગણી શકાય?

ના. જી, હું તો માનું છુ કે આપણે સુખી કુટુંબના હોઇએ તો આપણા પડોશીની ખરાબ હાલત હોય ત્યારે આપણે તેને મદદ કરવી જોઇએ. તે જ માનવીની ખરી સિદ્ધિ છે કારણ કે આજે આપણે આપણા

પડોશીને મદદ કરી તો કાલે સમાજને મદદગાર બની શકીશું અને એક દિવસે ભારતના ૧૯.૬ કરોડ માનવીઓમાંથી થોડા લોકોને ગરીબીમાં પીસાતા લોકોને બહાર કાઢી શકીશુ.

સામાન્ય રીતે લોકો મંદિરમાં જાય છે ત્યાં પથ્થરની મૂર્તિ સામે ભેટ ધરતા હોય છે પરંતુ લોકોને ખ્યાલ નહિ હોય કે જે ભેટ ધરવામાં આવે છે તેનો દૂરઉપયોગ પણ થતો હોય છે તેના સંખ્યાબંધ પૂરાવા પણ છે. જો સદભાવનાથી મૂકવામાં આવેલી ભેટ ઈશ્વરને ચરણે ન પહોંચે તો પછી ગરીબ લોકોને એક ટંક ભોજન કરાવી કે એકાદ સ્વચ્છ વસ્ત્ર રૂપે આપેલી ભેટ કદાચ ઇશ્વરને ચરણે જરૂર પહોંચશે.

નવાઇની વાત એ છે કે ભારતની વસ્તી ૬૦ કરોડ તેમાંથી ગરીબોની વસ્તી ૧૯.૬ કરોડ બાદ કરતા ૪૦ કરોડ માનવીઓ માત્ર ગરીબીનું વિષચક્ર તોડી શકતા નથી અને U.S.A. U.S.S.R. જેવા વિકસિત દેશોના લોકોની સિદ્ધિઓના ગુણગાન ગાઇએ છીએ. પરંતુ લોકો તો ઘણુ જ કરે છે. આપણે શું કર્યું તે જોવુ જોઈએ. આપણા માનવી તરીકે સિદ્ધી તો માત્ર નકાર જ ગણાય.

કુ. હર્ષા એન. પટેલ
ધોળકા

અહંકાર

★ માનવને મોટામાં મોટો રોગ વળગ્યો છે અહંકારનો. અહંકાર મોહમાંથી ઉત્પન્ન થાય છે અને તૃષ્ણા અહંકારમાંથી ઉત્પન્ન થયો છે.

★ 'હું છું' એવું દેહાભિમાન જ સંસારના સર્વ વિષયોમાં તથા સઘળા સંબંધોમાં આસક્તિ જન્માવે છે. અહમ મનને અશાંત કરે છે.

★ આકાશ કરતાં અહંકાર વ્યાપક છે. અહંકાર કરતાં ઈશ્વર વ્યાપક છે.

★ અહંકારરૂપી પડદો આંખ ઉપર છે, તેથી ભગવાન પ્રત્યક્ષ દેખાતા નથી.

✻ શ્રી માતાજીનું પ્રાગટ્ય ✻

પૂર્વે તારકાસુર અને દેવોનો સંગ્રામ થયો, તેમાં દેવોનો પરાજય થવાથી તે અસુરને જીતવાનો ઉપાય પૂછવા ઈન્દ્રાદિ સર્વ દેવો શ્રી વિષ્ણુ ભગવાન પાસે જઈને પ્રશ્ન પુછયો. શ્રી વિષ્ણુએ શંકરના પુત્રને સેનાપતિ બનાવી યુદ્ધ લડવાથી તે જીતશે, એમ કહ્યું. એટલે સર્વ દેવોએ વિચાર્યું કે દક્ષના યજ્ઞમાં બળી મરેલા સતીના શોકથી વૈરાગ્યવાળા થઈને શંકર તો હિમાલયમાં સમાધિમાં બેઠા છે. એમને સંતાન કયાંથી થાય ? ત્યારે બધાએ સંતલસ કર્યો કે શંકરને સમાધિમાંથી જગાડવા અને તેમની પૂજા કરવા આવતી હિમાલયની પુત્રી ગૌરીની સાથે શંકરને વરાવવાનો નિશ્ચય લીધો. તે અનુસાર સમાધિમાંથી જગાડવા માટે દેવોની સભામાંથી કામદેવ અને તેનાં પત્ની રતિ તથા તેનો મિત્ર વસંત વગેરએ બીડુ ઝડપ્યુ, અને શંકરની સમાધિનો ભંગ કર્યો તો ખરો, પણ પૂજા કરવા આવેલાં ગૌરીમાં શંકરનું મન ક્ષણભર લાગી ગયું હતું, આ વિચારથી પોતે સજાગ બની જઈને તેમની પર્ણકુટીમાં છૂપાઈ રહેલા કામને પોતાના ત્રીજા લોચનથી બાળીને ખાખ કર્યો. અને પોતે અંતરધ્યાન થઈ ગયા. ગૌરીને આ પ્રસંગથી પોતાનું અપમાન થયેલું લાગતાં, એ જ શંકરને પોતાનો વર બનાવવા ઉગ્ર તપ કરવા માટે ઘેરથી ચાલી નીકળવાની તૈયારી કરી તે વખતે તેમની માતા, હિમાલયની પત્ની મેનાએ તેમને "ઉમા (**तप मा कुरू**) અરે જઈશ નહિ" એમ કહીને તપ કરવા જતાં રોકયાં. ત્યારથી તે પર્વતપુત્રી ગૌરીનું શુભ નામ ઉમા પડયુ, છતાં ઉમાએ ઉગ્ર તપ કરીને શંકરને પ્રસન્ન કર્યો. લગ્ન થયાં, તેમને કાર્તિકેય અને ગણપતિ બે પુત્રો થયા કાર્તિક સ્વામીએ તારકાસુર સાથે યુધ્ધનો વ્યૂહ રચવા વિચાર્યું. સરસ્વતિના ઉત્તર કાંઠે દેવોનું રાજ્ય હતું. તેના દક્ષિણકાંઠે અસુરોનું રાજ્ય હતુ. મુંડાણ ગામે મુંડનું રાજ હતું. સોભાસણ ગામે શુભનો નિવાસ હતો, મહેસાણામાં મહિષાસુરનું મથક હતું. બહુચરાજી પાસે રાંતેજ ગામે રકત બીજ વિગેરેની રાજધાની હતી. ખંભાત પાસે તારાપુર એ તારકાસુરનું મથક હતું. હવે દેવોની લશ્કરી છાવણી સરસ્વતીના ઉત્તર કિનારે કાર્તિકેય સ્વામી સેનાપતિ તરીકે રહ્યા. બિન્દુ સરોવર પર તેમનો પડાવ થયો તેની યાદગીરીમાં હાલમાં ત્યાં મૂર્તિ છે. દેવો અને અસુરોનો મોટો સંગ્રામ થયો. તેમાં તારકાસુર હાર્યો. સરસ્વતીના દક્ષિણ કિનારાથી આગળનો

॥ શ્રી ઉમિયા માતાય નમઃ ॥

બધા અસુરોનો પ્રદેશ દેવોને કબજે આવ્યો. પછી તેમની શરૂ થયેલી દિગ્વિજયની યાત્રાનો પ્રથમ પડાવ અસુરોના મુખ્ય મથક હેડંબાવનમાં થયો. ત્યાં હાલના કાલેશ્વર મહાદેવ છે. તે શંકરભગવાનના પડાવનું સ્થાન થયું, અને તેની બાજુમાં હાલમાં શ્રી ઉમામ્બાનું મંદિર છે તે જગ્યા ઉમાના પડાવનું સ્થાન થયું અને કાર્તિકસ્વામીના પડાવના પ્રતિક રૂપે સિધ્ધપુરમાં બિન્દુ સરોવરના વાયવ્યખૂણે કાર્તિકસ્વામીની મૂર્તિ છે તેમની સવારીના અગ્રભાગે રહેતા શ્રી ગણપતિનો પડાવ હાલના ઐઠોર ગામમાં રહેલો છે. તેમના પ્રતિક રૂપે ત્યાં હાલ પણ ગણપતિનું પ્રસિધ્ધ સ્થાન છે. આ સવારીના આજુબાજુના પ્રદેશોમાં શંકરના ગણોએ જુદે જુદે સ્થળે પડાવ નાખેલા, તે તે સ્થળે હાલ પણ ચમત્કારી અને પ્રસિધ્ધ વીરોનાં સ્થાનો બનેલાં છે, તે જગજાહેર છે. આ સંક્ષિપ્ત રૂપે સાંભળવા મળેલી પૌરાણિક પાયાવાળી હકીકતના આધારે આપણા ઊંઝામાં ઉમિયા માતાજીના સ્થાનની આદ્ય પ્રતિષ્ઠા તારકાસુરના કાળમાં થયેલી તે પછી છેક આદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણો સિધ્ધપુરમા રૂદ્રમહાલયની પ્રતિષ્ઠા વખતે આવ્યા ત્યારે તેમને ગુજરાત, સૌરાષ્ટ્રમાં પુનઃવસવાટના ઇચ્છાથી પાટણના રાજાએ બે બ્રાહ્મણકુળને ઊંઝા ગામ આપ્યું તે ભારદ્વાજ ગોત્રના યજુર્વેદી રાવલ અને મહેતા બ્રાહ્મણોએ આ સુપ્રસિદ્ધ અને પુરાતની ઉમિયામાતાએ કુળદેવી તરીકે સ્વીકારી પૂજનઅર્ચન વગેરે ચાલુ કર્યા અને તે સમયથી કડવા પાટીદારોએ—પોતાના યજમાનોએ પણ કુળદેવી તરીકે સ્વીકાર્યા.

(સ્મરણિકામાંથી સાભાર)



॥ શ્રી ઉમિયા માતાય નમઃ ॥

✻ શ્રી ઉમિયા માતાજી સંસ્થાનપરિચય ✻

દંતકથાઓ અને કેટલીક વહીવંચાઓમાંની વાતો પરથી જાણવા મળે છે કે પૌરાણિક સમયમાં ભગવાન શંકરના સ્વહસ્તે શ્રી ઉમીયા માતાજીની સ્થાપના થઇ હોય તેમ લાગે છે. પરંતુ વાસ્તવિક રીતે જોતાં તેમજ ઐતિહાસિક સંદર્ભ જોતાં જણાઇ આવે છે કે ઇ. સ. પૂર્વે પહેલા સૈકા દરમ્યાન પંજાબમાંથી સ્થળાંતર કરી આવેલા કુર્મી ક્ષત્રિયો શ્રીસ્થળની આસપાસના ફળદ્રુપ વિસ્તારમાંથી આવીને વસેલા. આ સમયે આનર્ત પ્રદેશ પર કોઇની રાજ્યસત્તા હોય તેમ લાગતું નથી. સમ્રાટ અશોકના સમયમાં લશ્કરમાં સરદારી ભોગવતા કુર્મીક્ષત્રિઓએ માળવા પાસે માધાવતી નગરીમાં સર્વ પ્રથમ કૂર્મી રાજ્ય સ્થાપેલું. ઈ. સ. બીજા સૈકાની શરૂમાં માધાવતીમાં કૂર્મિરાજા વ્રજપાલજીનું શાસન હતું. પરંતુ મહેત દેશના રાજા ચંદ્રસેને રાજા વ્રજપાલજીને હરાવી માધાવતીનું કુર્મીરાજ્ય પડાવી લીધેલું આથી રાજા વ્રજપાલજી માલમિલકત અને રસાલો લઇ શ્રીસ્થળ (સિદ્ધપુર) માતૃશ્રાદ્ધ માટે આવેલા આ સમયે ખેતીમાં આબાદ થયેલ શ્રીસ્થળથી આજુ-બાજુનાં ગામડાંઓના કુર્મી આગેવાનો રાજા વ્રજપાલજીને મળેલા અને રાજા વ્રજ-પાલજીને અહીજ રોકાઇ જવા આગ્રહ કરેલો સુખી અને સમૃદ્ધ જ્ઞાતિભાઇઓના આગ્રહથી શિવભકત રાજા વ્રજપાલજીને વિક્રમ સંવત ૨૧૨ માં ભગવાન શંકરના પટ્ટરાણી ઉમિયાદેવીની સ્થાપના કરી ઉમાપુરપટ્ટનમ્ (ઊંઝા) નગર વસાવેલું આ રીતે આસપાસના કુર્મીઓએ રાજા વ્રજપાલજીને પોતાના રાજા તરીકે ગણ્યા, શ્રી ઉમીયા માતાજીને પોતાની કુળદેવી તરીકે સ્થાપ્યાં અને શ્રી ઉમીયા માતાજીની આરાધના કરવા લાગેલા.

આમ વિક્રમ સંવત ૨૧૨ માં શ્રી ઉમીયા માતાજીના મંદિરની સ્થાપના થઇ હશે એમ ઐતિહાસિક બાબતો પરથી જોવા મળે છે. આ સમયે ઊંઝા કૂર્મી રાજાઓની રાજધાની તરીકે હોવાને કારણે મંદિરનું બાંધકામ તે સમયની પ્રચલિત રીતિ પ્રમાણે પથ્થરનું થયું હશે, તેમજ મંદિરની સ્થિતિ પણ ઘણીજ પ્રસંશનીય હોય તેમ લાગે છે. સોલંકીકાળ દરમ્યાન મંદિરની સ્થિતિ ઘણીજ પ્રસંશનીય અને બાંધણી ઘણીજ સુંદર હશે તેવું અનુમાન કાળેશ્વર મહાદેવના શિલાલેખ અને ઊંઝામાંના શેષશાયી ભગવાનના મંદિરોના અવશેષો ઉપરથી તારવી શકાય. શ્રી ઉમિયા માતાજીના

॥ શ્રી ઉમિયા માતાય નમઃ ॥

મંદિરનું સ્થાપત્ય ઉચ્ચકોટિનું હોવું જોઇએ આ સમયે ઊંઝાની આજુબાજુ વસતા કુર્મીઓ વારતહેવારે યાત્રા, બાધા પૂજા, અર્ચના, નૈવેદ્ય વગેરે માટે આવતા હશે. મંદિરના પૂજારી તરીકે નાગરગોર દેવીશ્રીની પૂજા કરતા હશે પાટણ વસાવનાર ચાવડાવંશી પ્રથમ રાજા વનરાજ ચાવડાના શાસન દરમ્યાન પ્રધાનમંત્રી ચાંપરાજે પૂજા શરૂ કરાવેલી. બાર વર્ષે લગ્ન માટે આજુબાજુના કુર્મીઓ માતાના સાંનિધ્યમાં આવતા હશે. તેમજ માતાનો મહિમા પણ વધ્યો હશે. આ સ્થિતિ છેક વાઘેલા વંશના શાસનકાળ સુધી એટલે કે ઇ. સ ૧૩૦૦ સુધી રહી હશે.

ઇ. સ. ૧૨૯૭ ની આસપાંસમાં ગુજરાતમાં મુસલમાનનો રાજ્ય અમલ શરૂ થયો ત્યારથી સમગ્ર ગુજરાતમાં લૂંટફાટ ધર્મપલટો, ત્રાસનું વાતાવરણ અને રાજકીય અંધાધુંધીને પરિણામે ધીરે ધીરે શ્રી ઉમીયા માતાજીની યાત્રાએ આવનારા કડવા પાટીદારોની સંખ્યા ઘટી હશે. અત્યારે હાલ ઊંઝા નગર વચેની મસ્જિદ, લાલુમિયાંનો દરવાજો (લાલ દરવાજો) અબુમિયાંનો ચોરો (અબુ ચોરો) તથા ખંડિત શિલ્પકૃતિઓ વગેરે જોતાં તથા ભવાઇનો શરૂઆત કરનાર અસાઇતની લોકવાર્તા પરથી એવું જણાઈ આવે છે કે તે સમય દરમ્યાન મંદિરની સ્થિતિ ખૂબજ ખરાબ થઈ હશે.

મરાઠા કાળ દરમ્યાન ગુજરાતમાં સ્થપાયેલ ગાયકવાડી શાસનકાળમાં કેટલાક જ્ઞાતિબંધુઓએ ખંડિત મંદિરની જગ્યાએ ઈંટચૂનાનું મંદિર બાંધ્યું હશે. પરંતુ આ કાળ દરમ્યાન ચોરી લૂટફાટ વગેરેના ભયને કારણે મંદિરની સ્થિતિ ઇ. સ. ૧૮૪૦–'૫૦ સુધી જેમની તેમ રહેવા પામી હશે.

ભારતમાં અને ગુજરાતમાં અંગ્રેજ શાસનકાળ દરમ્યાન ગાયકવાડી સરકારે ચોર-લૂંટારાઓ પર લીધેલા સખ્ત પગલાં અને કડક દંડને પરિણામે એ વિસ્તારમાં ધીરે ધીરે શાંતિનું સામ્રાજય સ્થાપિત થવાથી દેશપરદેશ જઈ વસેલા કડવા પાટીદારો ધીરે ધીરે શ્રી ઉમિયા માતાજીની યાત્રાબાધાએ આવતા શરૂ થયા હશે અને જર્જરિત થયેલા મંદિરનો જીર્ણોદ્ધાર કરવાની સૌ. જ્ઞાતિભાઇઓની ઇચ્છા થઇ હશે. પરંતુ આવા કાર્યોમાં આગળ પડી કામ કરનાર ન મળે તો તેવાં કાર્યો થતાં નથી. તેથી ઇ. સ. ૧૮૬૦ સુધી મંદિરની હાલત જર્જરિત અવસ્થામાં રહેલી જોવા મળે છે.

(સ્મરણિકામાંથી સાભાર)

॥ શ્રી ઉમિયા માતાય નમઃ ॥

* કુર્મી જ્ઞાતિનો પ્રસાર *

ઐતિહાસિક દ્રષ્ટિએ કણબી પટેલોની અસલ ઉત્પત્તિ પંજાબમાં હતી, વસવાટ પણ ત્યાં જ હતો. પરંતુ રાજકીય કારણોને લીધે ત્યાંથી ક્રમશઃ નીકળી ઉત્તર હિન્દુસ્તાન થઇ મથુરા સુધી આ જ્ઞાતિજનો પ્રસર્યા હતા. ત્યાંથી એક ટોળી કોટા અને મંદસોરના રસ્તે થઇ શ્રીસ્થળ અને અનર્તપુર (વડનગર) નજીકના પ્રદેશમાં વસી કેટલાક માલવદેશમાં વસ્યા માથુરદેશમા વસેલા વસ્તી પૈકીનો મોટો ભાગ ગંગા-યમુનાની ફળદ્રુપ ખીણો તરફ આગળ વધતો વધતો ઉત્તર હિંદના આખા ભાગમાં ફેલાઇ ઠેઠ અયોધ્યા સુધી પ્રસર્યો, તેમાંના કેટલાક નીચે (દક્ષિણ) ના ભાગમાં વધી મધ્ય હિંદમાં વસ્યા. ત્યાં અલ્પ સમય માટે પર્વતવાસ કર્યા પછી ત્યાંથી પણ કેટલાક ખાનદેશ, વરાડ અને મહારાષ્ટ્રમાં ગયા અને કેટલાક તો પોતાની ભ્રમણ કરવાની પ્રકૃતિને લઇને ઠેઠ દક્ષિણમાં ઘણા આગળ વધી તૈલંગણ, મદ્રાસ અને મહીસુર સુધી ફેલાયા. આ પ્રમાણે જુદાજુદા સ્થાનોમાં જઈ વસવાથી તેઓનો એક એક સાથેનો પ્રાચીન સમ્બંધ ઓછો થતો જાય તે સ્વાભાવિક છે. ઉપરાંત રજપૂતરાજઅમલના અંત પછીના લગભગ ૬૦૦ વર્ષ સુધીના અવ્યવસ્થિત જમાનામાં તો એકજ દેશના ભિન્ન ભિન્ન ભાગોનો પણ અરસપરસ સબંધ નષ્ટ થઇ ગયો હતો. આવા સંયોગે માં હિંદના જુદાજુદા વિભાગોમાં વસતા કુર્મીઓના આચારવિચાર અને રીતરિવાજમા પણ ખાસ તફાવત થઈ ગયો અને તેવાં જ બીજાં ઘણાં કારણોને લીધે તેમને દરેકને કુર્મી એ સામાન્ય સંજ્ઞાને બદલે દેશકાળને જુદી જુદી પેટા સંજ્ઞાઓ પ્રાપ્ત થતા ગઈ; જેમ કે : ઉત્તર હિંદ, અયોધ્યા, મધ્યપ્રાંત વગેરે વિભાગસ્થ કુર્મીઓ, 'કુર્મીક્ષત્રિ' એ સંજ્ઞા સાચવી રહ્યા, પણ પોતાના ઉત્તર હિંદના અસલ વતનથી વધારે વધારે દુર પડતાં મહારાષ્ટ્રમાં વસેલા સ્વજ્ઞાતિજનોને મરાઠાકુર્મી (મહારાષ્ટ્ર-મોટું રાજ્ય મહારાષ્ટ્ર મરાઠા મહારાજવીઓ) વગેરે વિશેષણ પ્રાપ્ત થતાં, વળી તેમનાથી પણ ઘણા વધારે દુર જઇ વસનારા તૈલંગણ મદ્રાસ, મહીસોરવાસી કુર્મીઓએ તો પોતાની અસલ સંજ્ઞા ખોઇ અને તૈલંગણસ્થ તૈલંગા અને નાયડુ; મદ્રાસ્થ-કાપુરા અને મહીસોરસ્થ-વોક્કા લીગર વગેરે ઉપનામથી ઓળખાતા લાગ્યા અને 'કુર્મી' શબ્દથી બિલકુલ પિછાન પડતી બંધ થઇ થઇ.

॥ શ્રી ઉમિયા માતાય નમઃ ॥

...ામાં આવી વસનારા કુર્મીઓમાં વારંવાર સ્થાનંતર થવાથી તેઓએ પોતાની અસલ સંજ્ઞા જાળવી રાખી પરંતુ તે સાથે અસલ સ્થાનોના પેટા વિભાગી સંજ્ઞા પરથી અસલ કુર્મી શબ્દમાં કડવા અને લેઉઆ વિશેષણો ઉમેરાયાં, તેથી તેઓ કડવા કૂર્મી તથા લેઉવા કૂર્મી કહેવાયા. માળવામાંથી તેઓ ગુજરાતમાં આવી વસ્યા અને કાળે કરી તેમાંના કેટલાક પાછા માળવામાં પણ ગયા છે તો પણ પોતાની અસલ સંજ્ઞાઓમાં બિલકુલ ફેરફાર થયો નથી. તેઓ આજ સુધી તેજ સંજ્ઞાથી ઓળખાય છે.

આ ઉપરથી આપણને સહેજે ખ્યાલ આવે છે કે ઘણાં વર્ષો થયા છતાં પણ આપણા અસલ સ્થાનમાં વસતા પ્રાચીન ભાઇઓ સાથે મહારાષ્ટ્ર, મહીસોર, મદ્રાસ અને તૈલંગણના કૂર્મીઓ કરતાં ગુજરાતના કુર્મીઓએ કાંઇક વિશેષ પ્રમાણમાં મળતાપણું જાળવ્યું છે. અંગ્રેજ શાસનકાળના શાંત રાજઅમલ તળે દરેક વિભાગમાં કૂર્મીભાઇઓ શિક્ષણ લેવા લાગ્યા અને તેના પ્રતાપે એકવાર ફરીથી આપણે સઘળા બંધુઓ (હિંદની કુલ વસ્તીનો ૧/૩ ભાગ) એકત્ર થઇએ તેવા પ્રયાસો ચાલુ કરવાની સહુને સુબુદ્ધિ સુઝી આવી છે. માસિકો, પાક્ષિકો જાહેરપત્રોના અને દર સાલ નિયમિત મળતા જાહેર મેળાવડાના સુપ્રસિદ્ધ પ્રયત્નો વડે આજે આર્યાવર્તના ખૂણેખૂણે વસતા સઘળા જ્ઞાતિ બંધુઓ એક એકને પિછાનવા અને એક એકની જાહેર હિલચાલોમાં ભાગ લેવા લાગ્યા છે તે અહોભાગ્યની વાત છે ભિન્ન ભિન્ન ભાગોમાં વસતા સઘળા કુર્મીઓ ઉપ–જાત ધારણ કરી, દ્વિજ તરીકેનાં ઉત્તમ કર્તવ્યોને કરવા થકી, સારાં આચારવિચાર પાળી પોતાની પૂર્વગત મહત્તા પ્રાપ્ત કરવા–કરાવવા એકપગે થઇ રહ્યા છે, એથી કરી ઉન્નતિ સાધ્ય કરવામાં હવે વિશેષ વિલંબ થાય તેમ જણાતુ નથી.

ગુજરાતમાં વસતા કુર્મી ભાઇઓ લેઉઆ અને કડવા એવી પેટા વિભાગી સંજ્ઞાઓ ધારણ કરી રહ્યા છે તેઓના સઘળા આચારવિચાર મળતા છે પણ રોટી-વ્યવહાર હોવા છતાં તેઓમાં બેટીવ્યવહાર નથી. કારણ કે અમુક વર્ષો પૂર્વે કડવા સંજ્ઞાધારક કુર્મીઓમાં કારણવશાત્ લગ્નપદ્ધતિમાં અજાયબ એવો નવો ફેરફાર થયો અને તે લેઉવા બંધુઓના પૂર્વજોને પ્રતિકુળ પડવાથી એ બે સંજ્ઞાધારક બંધુઓને બેટીવ્યવહાર બંધ થયો એટલે જુદાઇ પડી ગઇ. બંને વિભાગના વિદ્વાનો અને વિચક્ષણ આગેવાનો પોતપોતાના વિભાગમાં વિદ્યાની અભિવૃધિ કરવા સચોટતા આદરી રહ્યા છે, જેનું રૂડું ફળ આપણે અલ્પ સમયમાં જોઇશું.

– (સ્મરણિકામાંથી આભાર)

મહોત્સવની આછી રૂપરેખા

આજથી ૧૮૦૦ વર્ષ પહેલાં સંવત ૨૧૨ માં કડવાક્ષેત્રી વ્રજપાલજીએ શિવજીની આજ્ઞાથી શ્રી ઉમિયા માતાને પ્રસન્ન કરી કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજીની ઉમાપુરમાં પ્રતિષ્ઠા કરી. માતાજીના નામ ઉપરથી ઊંઝાનું જુનું નામ ઉમાપુર હતું. એ પુરાણા મંદિરને સ્થાને પથ્થરબંધી શિલ્પાકૃત મંદિર સંવત ૧૯૦૦ ના અરસામાં નવનિર્મિત થયેલું છે. ત્યારબાદ સંવત ૧૯૪૮ માં સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિબંધુઓની સહાયથી સ્વ. શેઠશ્રી બેચરદાસ અંબાવીદાસ લશ્કરી અમદાવાદવાળાના પ્રમુખપદે મંદિરનું સવિશેષ, શિલ્પ, સ્થાપત્ય, ધામધુમથી ધર્મશાળા ફરતો કિલ્લો અને માનસરોવર વિગેરેનું બાંધકામ થયેલ છે.

માતાજીની કૃપાથી કડવા પાટીદારના દીકરા-દીકરીનાં લગ્ન દર બાર વર્ષે માતાજીનાં દ્વાર ઉઘડે ત્યારે અગાઉ સમૂહ લગ્નો થતાં. આજે જમાનો બદલાયો છે છતાં માતાજીની ગૌરવ અને સંસ્કાર વારસાનું જતન કરવા દીકરા-દીકરીએ લગ્ન પછી માતાજીના આશીર્વાદ મેળવવા જરૂરી છે " કુળ અને કુળદેવીને કદી કુળવાન મનુષ્ય વિસારી શકે નહી " એ વાતનો ભાવપુર્વક સ્વીકાર કરીએ.

આજે જયારે સંમગ્ર ભારત સહિત આખી દુનિયા ભૌતિક સુખ સગવડોથી સમૃદ્ધ બની હોવા છતાં અજંપો અને અશાંતિ અનુભવી રહી છે, માનસિક વિકૃતિઓ વધી રહી છે, નીતિનાશના માર્ગે પ્રજા ઝડપથી ડૂબી રહી છે, તેવા સંજોગોમાં તેમાંથી ઉગરવાનો એક માત્ર માર્ગ આપણને ભારતીય સંતો અને સંસ્કૃતિએ દર્શાવેલો છે તે છે ધર્મપરાયણતા કેળવવાનો. ધર્મ, નીતિ, સંયમ. સદ્ભાવના વિગેરે સદ્ગુણો કેળવી સાચી શાંતિ મેળવવા આદ્યશક્તિ માતાશ્રી ઉમિયાજીને પ્રસન્ન કરી જીવનમાં સાચો ઉલ્લાસ કેળવીએ. આ તક આપણને સાંપડી છે તો પૂરા તન, મન અને ધનથી ફરજ અદા કરવાનો અવસર ન ચૂકીએ.

સમસ્ત કડવા પાટીદાર આલમ ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર. માળવા, ઇન્દોર, પંજાબ એટલે કે ભારતભરમાં અને પરદેશોમાં વસે છે તે સૌને કુળદેવી પ્રત્યે પૂર્ણ ભક્તિભાવ અને આદર છે, કડવા પાટીદારોની સંખ્યા આશરે ૬૦ થી ૭૦ લાખની હોવાનું માનવામાં આવે છ " કડવા પાટીદાર ભલા, ભોળા, મહેનતુ અને સાહસિક

છે, તે સુખી થશે " (કડવા પાટીદાર અને ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ પુસ્તકના આધારે) આપણને કુળદેવીશ્રી તરફથી આશીર્વાદ મળેલા છે.

કુળદેવીશ્રી માતાજીનો આવો વિશાળ પરિવાર હોવા છતાં, અત્યાર સુધીમાં સંગઠિત રીતે સમસ્ત કડવા પાટીદાર સમાજ અને માતાજીના સંસ્થાનમાં ભાગ્યે જ રસ લીધો હશે. એટલે વર્ષોથી માતાજીના ભાવિક ભક્તોમાં આપણે કોઇ નિમિત્તે ભેગા મળીએ, વિચાર વિમર્શ કરીએ, પરસ્પરને ઉપયોગી થઇએ, માતાજીના આશીર્વાદને પાત્ર બનીએ એવી ઝંખના રહ્યા કરી છે. આદરણીય શેઠ શ્રી અરવિંદભાઇ એન. મફતલાલે આ દિશામાં યજ્ઞ કરાવીને આપણને વિચારતા કર્યા હતા. " જ્યાં જ્યાં કડવો ત્યાં ત્યાં કંકોત્રી " એ વિચારે સમગ્ર કડવા પાટીદાર જ્ઞાતિને આમંત્રવી એ ભગિરથ કાર્ય અશક્ય નહીં તો મુશ્કેલ તો છે જ પરંતુ જ્ઞાતિ અને માતાજી પ્રત્યેની નિષ્ઠા અને શ્રદ્ધા આવા કોઇ મહોત્સવને નિમિત્ત લઇ આપણને એ કાર્યમાં આગળ વધવાની સતત પ્રેરણા આપે છે એક લેખકે કહ્યું છે કે " જ્યાંથી વિજ્ઞાન પૂરૂં થાય છે ત્યાંથી શ્રદ્ધા આગળ વધે છે. " માતાજીમાં શ્રદ્ધા રાખનાર કદાપી નિરાશ થતો નથી. આવી શુદ્ધ શ્રદ્ધા અને પૂર્ણ નિષ્ઠાવાળા વિચારને વાચા આપવા માતાજી સંસ્થાનની કારોબારી સભાએ તા. ૧૮–૪–૭૬ ના રોજ ઠરાવ કરેલો જે ઠરાવને સંસ્થાની જનરલ સભાએ તા. ૧૩–૫–૭૬ ના રોજ બહાલી આપી. ૧૮ મી શતાબ્દી મહોત્સવ અને હોમાત્મક સહસ્ત્રચંડી યજ્ઞ સંવત ૨૦૩૩ ના માગસર સુદ ૪ થી સુદ ૮ તા. ૨૫-૧૧-૭૬ થી તા. ૨૯–૧૧–૭૬ સુધી માતાજીના સાનિધ્યમાં ભવ્ય રીતે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું. તે પછી ગામના નાગરિકોની જાહેર સભાએ આ વિચારને વધાવી લીધો આ મહોત્સવની ઉજવણી માટે ૧૦૫ સદ્‌ગૃહસ્થો તથા શ્રી ઉમિયા માતાજી સંસ્થાનની કારોબારીના ૬૫ સભ્યો સહિત કુલ ૧૭૦ સભાસદોની એક કારોબારી સમિતિ બનાવવામાં આવી તેમાંથી મહોત્સવના સમગ્ર આયોજન માટે નીચે પ્રમાણે વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી હતી.

૧ મહોત્સવ સમિતિ
૨ સ્વાગત સમિતિ
૩ નાણાં સમિતિ
૪ પ્રચાર અને પ્રકાશન સમિતિ
૫ યજ્ઞ સેવા સમિતિ
૬ સરભરા સમિતિ
૭ મંડપ અને ઉતારા સમિતિ
૮ આરોગ્ય, પાણી અને દીવાબત્તી સમિતિ
૯ સલામતી અને વ્યવસ્થા સમિતિ
૧૦ વાહનવહેવાર સમિતિ
૧૧ પ્રસાદ સમિતિ

આયોજન બધ્ધ, ભારે ધામધૂમથી આનંદોલ્લાસ વચ્ચે ઉજવાયેલો કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમીયા માતાજીનો

અઢારમી શતાબ્દી મહોત્સવ

પ્રારંભ તા. ૨૫-૧૧-૭૬ — પૂર્ણાહુતિ તા. ૨૯-૧૧-૭૬

ઉત્તર ગુજરાતમાં કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજીના સંસ્થાન ઊંઝા ખાતે માતાજીના અઢારમી શતાબ્દી મહોત્સવ તેમજ હોમાત્મક સહસ્ત્રચંડી યજ્ઞનો મંગળ પ્રારંભ તા. ૨૫ નવે. ૧૯૭૬ ના રોજથી થયો હતો તે દિવસે પ્રાત કાળ શ્રી માતાજીનું પ્રાંગણ માતાજીના દર્શને આવનાર માનવ મેદનીની લાંબી લાંબી કતારોથી ઉભરાતું હતું. સમગ્ર ઊંઝા નગર ધજા પતાકાઓ, રંગબેરંગી કલાત્મક રીતે બનાવેલ દરવાજાઓ તેમજ આસો પાલવનાં તોરણોથી શોભી રહ્યું હતુ.

મહેસાણા, સૌરાષ્ટ, કચ્છ, બનાસકાંઠા, ખેડા તેમજ ભારતભરના અન્ય પ્રાંતોમાંથી હજારો માઈલનો પ્રવાસ ખેડી આવેલાં માતાજીનાં ભાવિક આબાલવૃદ્ધ સૌનો સત્કાર કરવામાં ઊંઝા નગરનાં પ્રત્યેમ જ્ઞાતિજનો પટેલ બ્રાહ્મણ જૈન, હરિજન સૌ કોઈએ જે ભાવભિની લાગણીઓ બનાવી છે તે મહોત્સવ સમયે ઊંઝાની મુલાકાતે આવનાર સૌ કોઈ માટે વર્ષો સુધી અવિસ્મરણીય બની રહેશે.

૨૫૦૦ થી ૩૦૦૦ જેટલા સ્વયં સેવકોની સેવા, એસ. આર પી. સ્થાનિક પોલીસ, વિવિધ જીલ્લાની પોલીસ, હોમગાર્ડઝ ગૃહરક્ષકદળ વગેરે દ્વારા પુરી પાડવામાં આવેલ સેવા કોઈ કાળે ભૂલી શકાય તેમ નથી.

એસ. ટી બસો, સ્પેશ્યલ ટ્રેનો તેમજ નાનાં મોટાં અસંખ્ય ખાનગી વાહનો એ સતત પાંચ દિવસ દરમિયાનના ચોવીસે કલાક માનવપુર વહાવી માતાજી પ્રત્યેની શ્રદ્ધામાં અભિવૃધ્ધિ કરાવી છે.

ઊંઝાનાં દરિયાવ દીલનગરજનો તેમજ મહોત્સવના આયોજકોએ ઊંઝામાં ઉતરી રહેલાં માનવપુરની માતાજીના આશીર્વાદથી, રહેઠાણ, ભોજન, પાણી, પ્રસાદ વગેરે તો ઠીક પણ નાનામાં નાની સુવિધાઓ પ્રત્યે સહેજ પણ દુર્લક્ષ સેવ્યા વગર

બુદ્ધિપૂર્વકના આયોજન દ્વારા જે કંઈ અજોડ સેવા પુરી પાડી છે તે બદલ તેઓ સૌને લાખ લાખ હાર્દિક અભિનંદન આપવા ઘટે.

મહોત્સવની પુર્ણાહૂતિ સુધી આસરે ૧૫ થી ૧૬ લાખ દર્શનાર્થીઓએ માતાજીનાં દર્શનનો લાભ લીધો હતો તેવું ઊંઝા મહોત્સવ સમિતિના સભ્યોનું માનવું હતું. આટલી વિરાટ જનમેદની ઉમટી હોવા છતાં કોઈ અનિચ્છનીય બનાવ બન્યાનું જાણવામાં આવ્યું ન હતું તે ખરેખર માતાજીનો ચમત્કાર જ ગણી શકાય.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મંત્રીશ્રી જયરામભાઈ પટેલ તેમજ માજી ધારાસભ્ય શ્રી ભગવાનભાઈ પટેલ, ધોરાજીવાવા પણ માતાજીના દર્શનાર્થે આવ્યા હતા. અને મહોત્સવ અંગેની વ્યવસ્થાનું નિરીક્ષણ કરી આનંદ વ્યકત કર્યો હતો.

ઊંઝા ખાતે ઉમટેલ માનવમેદનીએ મહોત્સવ પણે કેટલીક વિશિષ્ટતાઓ પણ અનુભવી હતી.

—સૌ પ્રથમનો મહોત્સવ શરૂ થવાના અગાઉના દિવસે વરસાદ હોઇ સૌને માથે આયોજન સાચવવાની ચિંતા હતી. માતાજીની કૃપાથી અને સિધ્ધપુરના પવિત્ર સ્થાન અરૂડેશ્વર શ્રી ગુરૂ મહારાજ શ્રી ના આશીર્વચન થી ચિંતા મુકિત થઇ.

—દર્શનાર્થી ભાઇબહેનો પાસેથી પડી ગયેલ સોના ચાંદીના દાગીના તેમજ નાંણાં ઘડીયાળો વગેરે ચીજ વસ્તુઓ સ્વયં સેવક ભાઇઓના હાથમાં આવતાં તે બધી જ ચીજો સલામતિ સમિતિને સોંપી દઇ પ્રમાણિકતાનું ઉદાહરણ પૂરૂ પાડયું છે.

—ઊંઝા, સિદ્ધપુર અને પાટણની નગરપાલિકાઓના સફાઇ કામદારોએ રાત્રે ૧૨–૦૦ વાગે રસ્તાઓ, જાજરૂ, પેશાબખાનાં વગેરે સાફ કરી દવાઓ છાંટી સ્વચ્છતા જાળવીને અજોડ સેવા પુરી પાડી હતી.

—અન્ય દિવસોની સરખામણીમાં મહોત્સવના દિવસો દરમિયાન માતાજીની તેજસ્વીતામાં દિવ્યતા જણાતી હતી.

લક્ષ્મીપુર (પાલનપુર પાસે) ગામના પટેલ રસોયાઓએ પણ રસોઇ કરવાની અમૂલ્ય અને માનદ્‌સેવા પુરી પાડવા ઉપરાંત એ ભાઇઓના બનાસકાંઠા કડવા

પાટીદાર સમાજ તરફથી રૂા. ૬૦ હજારની રકમ મહોત્સવના ફાળામાં આપી સેવા અને સહકારનું જવલંત ઉદાહરણ પૂરું પાડયું હતું.

જિલ્લાના આગેવાન કોંગ્રેસ શ્રી શંકરલાલ ગુરુએ ઉમીયા માતાને ખેડૂતોની માતા ધરતી ખેડી ધાન ઉપજાવનારાઓની માતા તરીકે ગણાવી હતી. મહેસાણા જિલ્લો તેમજ ગુજરાતી સૌરાષ્ટ્ર અને કચ્છના ખૂણે ખૂણાથી પાટીદારોએ માતાજીના દર્શને આવી સારી એવી રકમ ફાળામાં પણ આપેલ છે.

વ્યવસ્થાપકોના મંતવ્ય મુજબ અદાજે પચાસ લાખ જેટલી રકમ એકત્ર થશે તેમાંથી દસ બાર લાખ રૂપિયાનું ખર્ચ બાદ જતાં શેષ રકમ માતાજીના મંદિરના લાભ થેં વપરાશે

ઊંઝા ગામનાં પ્રત્યેક કોમનાં આબાલ વૃધ્ધ ભાઇ–બહેનોના સાથ સહકારથી માતાજીના અભૂતપૂર્વ મહોત્સવને સફળ બનાવનાર મહોત્સવ સમિતિના અધ્યક્ષશ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ, સ્વાગત સમિતિના અધ્યક્ષશ્રી બાલચંદભાઇ ઉમેદરાય થશે ઉમીયા માતા સંસ્થાન સમિતિના મંત્રી શ્રી ધરમચંદભાઈ ચોકસી, જુદી જુદી સમિતિઓના અગ્રણીઓ શ્રી મણીભાઈ ઘડીવાળા, શ્રી મણીભાઇ ઈશ્વરભાઇ પટેલ (મમ્મી) શ્રી ગોબરભાઈ શંભુભાઈ, શ્રી જમનાદાસ ત્રિભોવનદાસ પટેલ શ્રી માધવલાલ ભોળીદાસ પટેલ, શ્રી ચંદુભાઇ પી. પટેલ, શ્રી અમૃતલાલ પટેલ તેમજ પત્રકાર શ્રી જશવંતભાઈ વગેરેએ સતત પાંચ દિવસ હાજર રહી ભારે જહેમત ઉઠાવી સમગ્ર વ્યવસ્થાનું સુંદર સંચાલન કર્યું હતું.

(ગુજ. સમાચારમાંથી સાભાર સંકલના)



કચ્છ પાટીદાર યુવક મંડળ ઈન્દૌર

શ્રી અ. ભા. ક. ક. પાટીદાર યુવક સંઘની તદર્થ સમિતિની ઇન્દૌર ખાતે યોજાયેલ સભા દરમ્યાન સંઘના ભાઈઓ દ્વારા સ્થાનીય મહિલા જાગૃતિ માટે જે પ્રયત્નો કરવામાં આવેલ તેના ફલસ્વરૂપ અને સ્થાનીય યુવક મંડળના યુવાન ભાઇઓના પ્રયત્નથી અમારે ત્યાં તા: ૧૩-૧૧-૭૬ના સમાજની સમસ્ત મહિલાઓની વચ્ચે "શ્રી કચ્છ પાટીદાર મહિલા મંડળ, પટેલ કોલોની નવલખા, ઈન્દૌર" ની સ્થાપના કરવામાં આવેલ છે.

પ્રમુખ :- શ્રીમતિ જેઠાબેન ડાહ્યાભાઇ પટેલ
ઉપપ્રમુખ :- ,, વેલાબેન ખીમજીભાઇ પટેલ
મંત્રી :- ,, લીલાવતી ભીમજીભાઈ પટેલ M. A.
સહમંત્રી :- ,, જયાબેન મણીલાલભાઇ પટેલ
ખજાનચી :- ,, કંકુબેન રામજીભાઇ પટેલ
સભ્યો :- કુ. શાન્તાબેન ભીમજીભાઇ પટેલ B. A. I. St.
,, ભાનુબેન ખીમજીભાઈ પટેલ
,, ભાગવતી કાનજીભાઇ પટેલ
શ્રીમતિ મનોરમા લધારામભાઇ પટેલ S. S. C.
,, શારદાબેન મોહનલાલ પટેલ
,, વનિતા ધનજીભાઇ પટેલ
સલાહકારો :- શ્રીમતિ પુષ્પાબેન ધનજીભાઈ પટેલ
,, તારાબેન શાન્તિલાલ પાઠક
,, રામબાઇ ડાહ્યાભાઇ પટેલ
,, હંસબેન પેથાભાઇ પટેલ
,, લાલબાઈ કાનજીભાઇ પટેલ
,, ભાગવતી ગંગદાસભાઇ પટેલ B. H. Sc.

પ્રમુખ શ્રીમતિ જેઠીબેન ડાહ્યાભાઇએ એકત્રિત થયેલ બહેનોને કહ્યું કે, વર્તમાન સમયમાં દુનિયા કયાય આગળ નિકળી ગઇ છે ત્યારે આપણને પણ જમાના સાથે કદમ મિલાવવો બહુ જ જરૂરી છે. તેથી હું સર્વે બહેનોને હાકલ કરૂં છું કે તમો પોતાના ઘર પુરતું જ વિચારવાને બદલે જરા વિસ્તૃત દ્રષ્ટિ કોણ રાખી સમગ્ર સમાજની પ્રગતિ અને વિકાસ તરફ પણ ધ્યાન આપશો.

આ મિટિંગમાં અતિથી વિશેષ તરીકે હાજર રહેલ યુવક મંડળના પ્રમુખશ્રી લધારામભાઇએ મહિલા મંડળના દરેક કાર્યમાં જોઇતો સહયોગ આપવાની યુવક મંડળ વતી બાંહેધરી આપી.

સરનામું —ટેલીફોન નં. ૪૩૧૯ P. P.
શ્રી કચ્છ પાટીદાર મહિલા મંડળ, ઇન્દૌર
" પાટીદાર ભવન "
૫૪, પટેલ કોલોની સ્નેહનગર ઇન્દૌર ૪૫૨૦૦૧

એજ. આપનો આભારી
મણીલાલ રામજી પટેલ
સેક્રેટરી

યુવક સંઘ જગાડે *

રચયિતા :– ઈશ્વરભાઈ પટેલ
બાલાધાટ

પાટીદાર મહિલાઓ જાગો આજ થી રે,
જુઓ સમય જગાડે;
ઘણા દિવસની નિંદ્રા ત્યાગો આજ થી રે,
યુવક સંઘ જગાડે...

૧. સૂરજ જેમ સ્વયં પ્રકાશે છે
સ્વયં તપીને જીવન બક્ષે છે
ઊગે તો થાય અજવાળું
આથમતાં થાય અંધારું
જ્ઞાતિમાં ચમકો સૂરજ જેમ બ્હેનો આજ થી રે,
યુવક સંઘ જગાડે...

૨. વૃક્ષો પર ફેંકો જુઓ પત્થર
ફળ દેવા રહે છે સદા તત્પર.
દુઃખ સહન કરીને ભલાઇ કરે
આવે જે શરણમાં છાયા કરે
જ્ઞાતિનાં વૃક્ષો બનો બ્હેનો, તમે આજ થી રે.
યુવક સંઘ જગાડે...

૩. શક્તિ વિના બ્રહ્મ પૂર્ણ નથી
શાસ્ત્રો માં જાણ્યું સંતોએ મથી
નારી શક્તિનું પ્રતિક છે
ઇતિહાસ, પુરાણો સૂચક છે
જ્ઞાતિની શક્તિ બનો બ્હેનો, તમે આજ થી રે.
યુવક સંઘ જગાડે...

૪. સિધ્ધાંતોની એક રાહ બની
જયાં જ્ઞાતિ રથ આજે ઊભો છે
નિયમો ના ઘોડા છે તત્પર
એક પૈડાં વિના એ નકામો છે
જ્ઞાતિ રથનું પૈડું બનો, બ્હેનો આજ થી રે.
યુવક સંઘ જગાડે...

પડદાની પ્રથા સ્ત્રીની સાથે કરવામાં આવતી એક ભયંકર અનિતિ

લે. કુ. દમયન્તિ પટેલ
શાંતિ કુંજ, હરિદ્વાર

સ્ત્રી અને પુરૂષ મળી એક પૂર્ણ સમાજ બનાવે છે. જેમ બંને પેડાં મળીને જ ગાડી ચાલે છે તેવી જ રીતે ગ્રહસ્થ જીવન પણ સ્ત્રી અને પુરૂષ બનેના સરખા પ્રયત્ન અને પુરૂષાર્થથી પ્રગતિશીલ બની સુખી રહે છે દુનિયાના બધા સભ્ય અને પ્રગતિશીલ દેશોમાં તેમજ બન્યું છે. એ બળદ જે રીતે સમાનતા રાખીને કામ કરે છે તેવી જ રીતે સ્ત્રી અને પુરૂષ એકતા સાધીને પોતાની શકિત અને યોગ્યતા પ્રમાણે પુરૂષાર્થ કરી કુટુમ્બને સુખી અને ઉન્નત બનાવવાનો પ્રયત્ન કરે છે દુનિયાની 'પ્રગતિશીલતાનું આજ રહસ્ય છે.

આપણા સમાજની એક વિચિત્ર સ્થિતિ છે. અહીં સ્ત્રીને ઘરની ચાર દીવારોમાં કેદીની માફક ગોંધાઇને જીવન વિતાવવુ પડે છે. મોટા ભાગની સ્ત્રીઓને ઘરની બહાર એકલા જવું, બીજાની સાથે વાત કરવી વગેરેની મનાઈ છે. પડદા પ્રથાના લીધે સ્ત્રીઓની સ્થિતિ પશુ–પક્ષી કરતા પણ દયા આવે તેવી છે. ગાય, ભેંસ, બકરી વગેરે ખુલ્લા મોંઢે ફરી શકે છે અને જેમ ફાવે તેમ બોલી ચાલી શકે છે. પરંતુ એ સગવડતા ભારતીય સ્ત્રીને આપવામાં આવી નથી. ચકલીઓને હરવા ફરવા માટે બંધન નથી પણ ભારતીય સ્ત્રીને તેટલી પણ સ્વતંત્રતા નથી. એમને કેદીની માફક દરેક જાતના બંધનોને માન આપવુ પડે છે.. અને તેને જીવનભર એક ઓરડીમાં પુરાઇને રહેવું પડે છે. આવા બંધનવાળા જીવનથી તેઓ પોતાની આત્મિક તથા ભૌતિક બધીજ પ્રતિભા ખોઈ બેસે છે અને પરાધીન પરાવલંબી અસહાય બની નિઃસહાય પ્રાણીની સ્થિતિ પ્રાપ્ત કરે છે.

પડદા પ્રથા ભારતીય નથી તેનું પ્રચલન અરબસ્તાન અને રેગીસ્તાનમાંથી થયું છે. કારણ કે એ પ્રદેશોમાં પવનના લીધે રેતી ઉડયા કરે છે તેનાથી નાના બાળકોનું રક્ષણ થાય તે માટે સ્ત્રીઓ પોતે અને પોતાના બાળકોનાં મોં ઢાંકી રાખતી હતી. ભૂતકાળમાં જયારે સામંતશાહી ચાલતી હતી ત્યારે યુવાન સ્ત્રીઓને લૂંટવામાં આવતી અને ગુલામ બનાવાતી તેના આકર્ષણથી થતા ઝગડાને લીધે આ પ્રથા શરૂ કરવામાં આવી. જયારે તેની દેખા દેખી કરી લોકોએ આ પ્રથાને

સ્વીકારી અહીં પણ અનેક પત્નીઓ અને રખાતો રાખવાની પ્રથા શરૂ થઇ અને તેમાં ફસાયેલ સ્ત્રીને બીજે ન જવા દેવા માટે પડદાની પ્રથા શરૂ થઇ હોય એ શકય છે. એ અંધકાર ભર્યા યુગમાં ઘણા લોકોએ પોતાના બચાવ માટે પણ આ પ્રથાને સ્વીકારી. ક્રુર રાજાઓ અને તેમના નોકરોની રૂ જેવી તરાપમાંથી બચવા ખાતર એ સમયે આ પ્રથાને જરૂરી સમજી ને સ્વીકારી પોતાની આબરૂ સાચવી રાખી.

પણ હવે તેવી પરિસ્થિતિ નથી જેમ ચંદ્ર પર ગ્રહણ વખતે રાહુની છાયા પડે છે અને પછી તે સ્વચ્છ બની જાય છે તેમ હવે આ પ્રથાને દૂર કરવી જોઇએ ભારતીય સંસ્કૃતિમાં પડદાની પ્રથા કયારેય ન હતી. અહીંના સ્ત્રી–પુરૂષો દેવ જેવાં નિર્મળ હૃદયના હોવાથી સ્ત્રીઓને મોઢાં ઢાંકી રાખવાની જરૂર ન હતી. વચ્ચેના અંધકાર યુગમાં કદાચ તેની જરૂર હશે પણ હવે તેની તદ્દન જરૂર નથી તેનાથી આપણા સમાજનું અડધુ અંગ પાંગળું અને અસહાય બની જાય છે.

પ્રાચીન ભારતીય સ્ત્રીઓએ દરેક બાબતમાં પુરૂષોની સાથે ખભે ખભા મીલાવ્યા છે ઘર અને બહાર બન્ને જગ્યાએ તેનું ક્ષેત્ર સરખું છે ફકત ભોજન બનાવવું અને બાળકો પેદા કરવાં તે ભૂતકાલીન અંધકાર યુગમાં બન્યું હતું પ્રાચીન સમયમાં તો તે પોતાનું ગૌરવ અને પ્રતિભાને દરેક ક્ષેત્રમાં વધારતી આવી છે અને પુરૂષને દરેક ક્ષેત્રમાં પોતાનો અપાર સહયોગ આપતી આવી છે. આજે દુનિયાભરમાં તેનો પુરૂષાર્થ તેવોજ સાબિત થઇ રહેલ છે. એક સમર્થ વ્યકિતના રૂપમાં તે પોતાની શકિત અને બુધ્ધિનો પુરેપુરો લાભ સમાજને આપી રહેલ છે.

પછાત રહેલો ભારતીય સમાજ આજે પણ પડદા પ્રથા જેવા અનિતિ ભર્યા મુર્ખ કુરીવાજને છાતીએ લગાવી બેસી રહેલ છે. આજે પડદા પ્રથાને અપનાવવાનું કોઇ કારણ બાકી રહેલ નથી. અહીં નહીં તો અરબ જેવી રેતી ઉડતી કે નથી સ્ત્રીઓની લૂટફાટ કે ખરીદ વેચાણ થતી જેથી તેને સંતાડી રખવાની જરૂર પડે હવે તો વિવેકની કસોટીએ તેના સામાજિક અત્યાચાર અને વ્યકિતનો જન્મ જાત ઇશ્વર આપેલ માનવીય અધિકારને છીનવી લીધેલ જ મનાશે. આ કુપ્રથાથી આપણો સમાજ અપંગ બની ગયેલ છે. કેદીની માફક રહેલી સ્ત્રી પોતાની શારીરિક અને માનસિક શકિત ગુમાવી બેઠેલ છે. પુરૂષ કરતાં તે વધુ અશકય જણાય છે. અને પ્રજનન સંતાનોત્પત્તિના ભારથી બહુ ખરાબ રીતે મૃત્યુ પામે છે.

જે સમાજનું વ્યકિતનું અડધું અંગ અપંગ બની જાય તેની પ્રગતિ અને સમૃદ્ધિની આશા કોણ રાખી શકશે ! બાળક, વૃદ્ધ, અપંગ વગેરેના ભરણ પોષણ

ની જવાબદારી ઘરના વડીલની છે. એજ પ્રમાણે બિન ઉપયોગી બનાવી દીધેલ સ્ત્રી પણ અપંગજ ગણાય છે. પડદાની પ્રથાથી આપણા સમાજના અડધા અંગને લકવો થયો છે. પ્રાચીન સમયમાં વસ્તીના પ્રમાણમાં અડધી સંખ્યા સ્ત્રીઓની હતી તેઓ પોતાના પુરૂષાર્થથી પુરૂષ સમોવડી બની દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરીને સમૃદ્ધિની સુવિધાઓ પેદા કરી શકતી હતી. આજે તે નિરાધાર બની ને મન મારી ને કેદી ની સ્થિતિ ભોગવી રહેલ છે.

આ અનૈતિક પડદા–લાજની પ્રથા ને દૂર કરવાનો સમય હવે આવી ગયો છે. જેથી પુરૂષની માફક સ્ત્રીઓ પણ સંમ્માનનીય જીવન જીવી શકે તેવી વ્યવસ્થા કરવાની જરૂર છે. પુરૂષો કરતાં સ્ત્રીઓને શિક્ષાની વધુ સગવડતા આપવી જોઇએ કેમ કે આજે તેઓ બહુ પાછળ છે. જયાં સુધી તેમને આગળ લાવવાનો પ્રયત્નો ન થાય ત્યાં સુધી સમાજ અંધકારમાંજ રહેશે તેના માટે દરેક ને વિચાર કરવો પડશે. ભારતીય સ્ત્રીને વધુ શિક્ષણ, પ્રતિભા ક્ષમતા વગેરે પ્રદર્શિત કરવાનો સમય મળે તો રાષ્ટ્રની પ્રગતિ જલ્દીથી થઈ શકશે, આ અન્યાયકારી પડદા પ્રથાને જેમ બને તેમ જલ્દીથી જલ્દી દૂર કરવી જોઇએ

અસ્તુ

પોષ્ટ કાર્ડ

પરબત રામજી એતાણી
અરલનાની - કચ્છ

સને

૧૯૬૯ માં પોષ્ટ કાર્ડનો જન્મ ઓસ્ટ્રિયામાં થયો.
૧૮૭૦ માં ૧ લી ઓકટોબરમાં બ્રિટનમાં જનરલ પોસ્ટ ઓફિસમાં થયો.
૧૮૭૯ માં ભારતમાં

૧૮૭૯ માં	ભારતમાં	પોષ્ટ કાર્ડની	કિંમત	૧ ન. પૈ.	(૩ પાઇ)
૧૯૨૨ માં	”	”	”	૨ ”	(૬ પાઇ)
૧૯૩૧ માં	”	”	”	૩ ”	(૯ પાઇ)
૧૯૪૬ માં	”	”	” ઘટીને	૨ ”	(૬ પાઇ)
૧૯૫૭ માં	”	”	”	૫ ”	
૧૯૫૭ માં	”	થોડા મહિનાબાદ		૬ ”	
૧૯૬૮ માં	”	”	”	૧૦ ”	
૧૯૭૪ માં	”	”	”	૧૫ ”	

સમાચાર દર્શન

ખેરાલુ નાગરિક બેન્કની ચુટણીમાં ડીરેકટર પદે

ખેરાલુ નાગરિક સહકારી બેન્ક લિ., ના ત્રણ ડીરેકટરો માટેની ગઇ તા. ૧૨ મી એ ખેલાએલા રસાકસી ભરેલ ચૂટણી જંગમાં વાલજીભાઇ ગોપાળભાઇ પટેલ પટેલ સો મીલના પાર્ટનર અને વિગોડી તા. નખત્રાણા (કચ્છ) ના વતની પોતાના સમાજની નજીવી બહુમતી હોવા છતાં સ્થાનિક લોકચાહના મેળવી ભારે બહુમતીથી ડિરેકટર પદે ચૂટાઇ આવ્યા છે અભિનંદન.

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, કપડવંજ.

ગત તા. ૪–૯–૭૬ ના દિવસે કપડવંજ મુકામે કપડવંજની આજુબાજુના વિસ્તારના યુવકોની મીટીંગ શ્રી કેશવલાલ રાજારામ પટેલના (શંકર વિજય સો મીલ કપડવંજ) પ્રમુખપદે મળી હતી જેમાં નવલોહીયા યુવકો અને અનુભવી વડીલોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં "શ્રી કચ્છ કડવા પાટીદાર યુવકમંડળ કપડવંજ ની રચના કરવામાં આવી અને નીચેના હોદેદારોની વરણી સર્વાનુમતે કરવામાં આવી.

પ્રમુખ	ડૅા. છગનભાઈ દેવજીભાઇ પટેલ	નવામુવાડા
ઉપ પ્રમુખ	શ્રી નારણભાઇ અરજણભાઇ પટેલ	વિઠ્ઠલપુરા
મંત્રી	શ્રી બહેચરભાઇ કરસનભાઇ પટેલ	દેવપુરા
ઉપ મંત્રી	શ્રી જેઠાભાઇ ખીમજીભાઇ પટેલ	કાપડીનીવાવ
ખજાનચી	શ્રી શવજીભાઇ દેવજીભાઈ પટેલ	કપડવંજ
મનોરંજન મંત્રી	શ્રી ભાઇલાલભાઇ જેઠાભાઇ પટેલ	કપડવંજ
ઓડીટર (૧)	શ્રી નારણભાઇ નાનજીભાઇ પટેલ	રામપુરા
ઓડીટર (૨)	શ્રી કેશવલાલ અરજણભાઇ પટેલ	વિષ્ણુપુરા

મંત્રી,
બહેચરભાઈ કે. પટેલ

સુ:ખદ સમાધાન ખંડવા (મ. પ્ર.)

રોજબરોજના જીવન વ્યવહારમાં માનવજીવનની લાગણીઓ કયારેક દુભાય દુઃખાય અને ઉશ્કેરાય પણ અનુભવે, કયારેક શાંત પણ પડી જાય, આવોજ એકાદ દુ:ખદ અનુભવ શ્રી અરજણભાઇ લધાભાઇ પટેલ તેમજ તેમનાં બહેન ભાણેજા વચ્ચે ઊભા થયેલા મનદુ:ખના કારણે અનુભવાતો હતો.

વ્યવહારૂ જીવનની કલુષિતતાઓના કારણે ઉપસ્થિત થતા કડવા અનુભવો માનવ જીવનની મધુરતાને મારી નાખે છે.

ગત તા. ૧૨-૧૦-૭૬ ના રોજ ખંડવા મુકામે મુરબ્બીશ્રી રમણભાઇ વાલજીભાઇ તેમજ હીરાલાલ કરશનભાઈ ખંડવા તેમજ જબલપુર નિવાસી શ્રી રામજીભાઇ સામજીભાઇ સાયરાવાળાના શુભ પ્રયાસોથી મનદુઃખનું સમાધાન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે કન્યા કેળવણીને પ્રોત્સાહક બળ મળી રહે તે માટે શ્રીમતી મૂળબાઈ સવદાસ લાલજી માવાણી કન્યા છાત્રાલય ધનમુરાને રૂપિયા ૧૧૦૨) અંકે એક હજાર એકસો બે દાન આપવામાં આવ્યા છે.

—આભાર

**

શ્રી ડાસરા-બાલાસિનોર તાલુકા કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ

આપણી જ્ઞાતિમાં સહકાર, સંગઠન ને સદ્‌ભાવના કેળવાય તેમજ સમાજનો ઉત્કર્ષ થાય તે હેતુથી ઠાસરા બાલાસિનોર તાલુકાના સભ્યોએ મોટી સંખ્યામાં હાજરી આપી શ્રી ઠાસરા-બાલાસિનોર તાલુકા કચ્છ કડવા પાટીદાર યુવક મંડળની સ્થાપના શ્રી પ્રેમજીભાઇ ખેતસીભાઇ ડાકોરવાળાના પ્રમુખપદ હેઠળ તા. ૫-૯-૭૬ને રવિવારના રોજ સેવાલીયા મુકામે કરવામાં આવી હતી.

અતિથીવિષેષ તરીકે નવામુવાડાના ડો. છગનભાઇ દેવપુરાના શ્રી બહેચરભાઈ અને મૈયાલાટના શ્રી જયંતિભાઇ એ હાજરી આપી હતી. પ્રમુખશ્રી પ્રેમજીભાઇ કે જેમણે આપણી સમાજના બેંગ્લોરમાં ભરાયેલ અધિવેશનમાં ભાગ લીધો હતો. તેમણે સભાને સબોધીને મંડળના લાભાલાભની ચર્ચા કરી હતી.

મંડળની કાર્યવહી દરમિયાન નીચે મુજબના કારોબારીના સભ્યોની વરણી થઈ હતી.

પ્રમુખ	શ્રી પટેલ નારણભાઈ મનજીભાઈ	સેવાલીયા
ઉપ-પ્રમુખ	,, ,, ધનજીભાઈ પ્રેમજીભાઈ	ડાકોર
મંત્રી	,, ,, વિઠ્ઠલભાઈ રતનાભાઈ	એસીસી સેવાલીયા
સહમંત્રી	,, ,, રમણભાઈ રાવજીભાઈ	રંગીનપુરા
ખજાનચી	,, ,, છગનભાઈ જીવરાજભાઈ	સેવાલીયા

— સલાહકાર સમિતિ —

૧	શ્રી પટેલ	પ્રેમજીભાઈ ખેતસીભાઈ	ડાકોર
૨	,, ,,	દેવજીભાઈ હીરજીભાઈ	સેવાલીયા
૩	,, ,,	હંસરાજભાઈ જીવરાજભાઈ	સેવાલીયા
૪	,, ,,	કરશનભાઈ દેવજીભાઈ	ગડદાલાટ
૫	,, ,,	પ્રેમજીભાઈ સવગણભાઈ	મગનપુરા

ઠાસરા-બાલાશિનોર તાલુકા મંડળમાં સેવાલીયા, રંગીનપુરા, સૈવાલાટ, મગનપુરા, ભાથરા, ઠાસરા, ડાકોર, ઉમરેઠ, ગડદાલાટ વગેરે ગામ જોડાયાં હતાં ખેડા જિલ્લા કચ્છ કડવા પાટીદાર મંડળ સ્થાપવા માટે પ્રગતિનું સોપાન છે. અંતમાં વિઠ્ઠલભાઈ પટેલે આભાર વ્યકત કરી સભાનું વિસર્જન કર્યું હતું.

વિઠ્ઠલભાઈ આર. પટેલ (એ. સી. સી. સેવાલીયા)
મંત્રી
શ્રી ઠાસરા-બાલાશિનોર તાલુકા ક. ક. પાં. યુ મંડળ

આર્યવેદ પ્રચાર સમાજ
૧૦, કસ્તુરબાનગર
સ્ટેશન પાછળ, વડોદરા-૫

તારીખ ૯-૮-૭૬ ને સોમવારના શુભ દિવસે મુંબઈ ઘાટકોપર મધ્યે પાટીદાર સમાજવાડીમાં આર્યસમાજના નિયમોમાં માનનારાની એક સભા બોલાવેલી અને તેમાં અમોએ સર્વાનુમતે 'આર્ય વેદ પ્રચાર સમાજની રચના કરી છે. ઉપરોકત

સમાજની રચના પૂજ્ય વડીલ શ્રી શિવગણભાઇ કાનજીભાઇ વેલાણી હાલે અમદાવાદ વાળાના પ્રમુખ પદે ઘણાજ આનંદ અને ઉલ્લાસથી કરવામાં આવી અને પૂજ્ય વડીલના આશીર્વાદ મેળવીને કારોબારી સમિતિની વરણી કરવામાં આવી.

૧	પ્રમુખ	કરશનભાઇ માવજી લીંબાણી	વડોદરા
૨	ઉપ-પ્રમુખ	લધારામ વિશ્રામભાઇ પટેલ	ઘાટકોપર
૩	માનદમંત્રી	રતનશી નારણભાઇ પટેલ	વડોદરા
૪	ઉપમંત્રી	અરજણભાઇ કરશનભાઇ પટેલ	વડોદરા
૫	ખજાનચી	વિશ્રામભાઇ સિવગણ વેલાણી	અમદાવાદ
૬	પુસ્તકાધ્યક્ષ	ધનજીભાઈ વાલજી વેલાણી	ઘાટકોપર
૭	સલહકારો		

૧	રતનશી રામજીભાઇ પારસીયા	લુડવા કચ્છ
૨	ધર્મવીર ગુલાંટી	ઘાટકોપર
૩	નારણભાઇ માવજીભાઇ દિવાણી	ઘાટકોપર

ઉપર મુજબના દરેક સભ્યોએ સમાજનું દરેક કામ ખૂબજ ઉત્સાહથી કરશે તેવી ખાત્રી આપેલ અને બંધારણની વિધિ પત્યાબાદ સભ્ય નોંધણી ચાલુ કરવામાં આવી શરૂઆતમાં જ તાત્કાલિક આજીવન સભ્યોની સંખ્યા ૬૪ ની થઇ છે તેથી સમાજની પ્રગતિનો પુરાવો મળે છે. અને આવા સમાજની જરૂરીયાત કેટલી છે. તે તેના ઉપરથી નકકી થાય છે આજ સુધી આપણા પાટીદાર સમાજમાં જે વેદ સિધ્ધાંતમાં માનનારા છૂટા છવાયા દેશના જુદા જુદા ભાગોમાં રહેલ છે તેનું સંગઠન આ સમાજ રચનાથી થઇ શકશે સમાજની અંદર ઘણા વખતથી વેદ પ્રચાર નથી તેનો આથી પ્રચાર થઇ શકશે. જેથી કરીને ખોટા વહેમો અને અજ્ઞાનતા દૂર થશે અને સાચું જ્ઞાન મળશે. એવી આશા સાથે આ સમાજની રચના કરવામાં આવેલ છે. સદ્‌વિચારો અને સદ્‌ભાવનાની વૃધિ થાય જેથી મનુષ્ય માત્રની ઉન્નતિ થાય એવી પ્રભુ સર્વેને નવીન દ્રષ્ટિ અર્પે એજ પ્રાર્થના.

આર્યવેદ પ્રચાર સમાજ
દા. માનદ મંત્રી રતનશીભાઇ પટેલ

★

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ દિલ્હી

" શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ " દિલ્હી તરફથી શ્રી ભગવાન સો મીલ. પહાડગંજમાં " આનંદ મિલન સમારોહ " યોજવામાં આવ્યો હતો. સમાજના પ્રમુખ શ્રી વિસરામભાઇ હંસરાજે પ્રમુખ પદ સંભાળ્યું હતું અને સ્વાધ્યાયના મંત્રી ના ઉચ્ચારણા બાદ કાર્યક્રમ ચાલુ થયો. સર્વ પ્રથમ સમાજના વડીલોએ પોતાના નવા વર્ષના અભિનંદન પાઠવ્યા હતા. અને યુવક ભાઇઓને જ્ઞાન વર્ધક વિચારો સંભળાવ્યા ત્યાર બાદ વડીલ બધુંઓએ નવા વર્ષના અભિનંદન પાઠવ્યા હતા અને વડીલોને કહેલ વચનો ઉપર અમલ લેવા કહેલ ત્યાર બાદ શ્રી પટેલ તરૂણમિત્ર મંડલના સદસ્યોએ પોતાના નવા વર્ષના અભિનંદન પાઠવીને વડાલોએ કહેલ વચનોં ઉપર આચરણ કરવું ખાત્રી આપી હતી. અને મંડલનો સમાજ તરફથી જે કામ આપવામાં આવશે. તે કરવા તૈયારી બતાવી હતી. " યુવક સંઘ " ની મીટીંગ જે " ઇન્દોર " માં યોજાયેલ હતી એની અંદર થયેલ કાયવાહીની આછી રૂપરેખા શ્રી ગંગારામ હીરાલાલે કહી સભળાવી હતી, ત્યાર બાદ વિદ્યાર્થીઓએ પોતાના વિચારો દર્શાવ્યા હતા. ત્યાર બાદ માતાઓયે નવા વર્ષના અભિનંદન પાઠવ્યા અને યુવક ભાઇઓને આશીર્વાદ આપ્યા હતા ત્યાર બાદ બહેનોએ પોતાના વિચારો રજુ કર્યા હતા ગત વર્ષે નૂતન વર્ષના દિવસે " મહીલા " ઓમાં જાગૃતિ આવી અને મહીલા સમાજની રચના થઇ. ત્યાર બાદ વિદ્યાર્થીની બહેનોએ નવા વરસના અભિનંદન પાઠવ્યા અને પોતાના ઠોસ વિચોરો રજુ કર્યા. અંતમાં પ્રમુખશ્રીએ સર્વોને અભિનંદન પાઠવ્યા છેલ્લે આહાર આપ્યા બાદ સભા સમાપ્ત કરવામાં આવી

મંત્રી
લક્ષ્મણભાઇ પટેલ

ઈનામ વિસ્તરણ સમારોહ

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ દિલ્હી તરફથી " શ્રી લક્ષ્મી ટીમ્બર ઇન્ડસ્ટ્રીઝ " કીર્તીનગરમાં ઇનામ વિસ્તરણ સમારોહ યોંજવામાં આવ્યો હતો. સમાજના પ્રમુખશ્રી વિસરામભાઈ હંસરાજે સભાનું પ્રમુખ સ્થાન સંભાળ્યું હતું. અને આદરણીય વડીલ શ્રી હીરાલાલ ગોપાલના હસ્તે ઇનામ વિસ્તરણ કરવામાં આવ્યું હતું. બી. કોમ. (પાસ) પહેલા વર્ષથી પહેલા ધોરણ સુધી કુલ ૩૩ ઇનામો વિતરણ

 કરવામાં આવ્યાં હતાં. દરેક કલાસના ત્રણ ઇનામ રાખવામાં આવ્યાં હતાં. પહેલું, બીજુ અને ત્રીજુ દિલ્લીમાં "પ્રથમ વાર" હાયર સેકંડરી કલાસમાં ત્રણ બહેનો સારા માર્કસ મેળવીને પાસ થયેલ છે. ત્યાર બાદ વડીલો તથા વડીલ બંધુઓ તરફથી શિક્ષણ ઉપર પોતાના વિચારો દર્શાવ્યા હતા. ત્યાર બાદ શ્રી પટેલ તરૂણ મિત્ર મંડળના સહયોએ શિક્ષણ ઉપર પોતાના વિચારો દર્શાવ્યા. ત્યાર બાદ ઇનામ મેળવેલ વિદ્યાર્થીભાઇ બહેનો અને અન્ય વિદ્યાર્થીભાઈ બહેનોને શિક્ષણ ઉપર પોતાના વિચાર બતાવ્યા હતા. અંતમાં પ્રમુખ શ્રીએ ઇનામ મેળવેલ વિદ્યાર્થીઓને શાબાસી આપી અને બાળકોને વધુ શિક્ષણ મેળવવા જણાવ્યું હતું. અંતમાં અલ્પહાર બાદ સભા સમાપ્ત કરવામાં આવી હતી.

શ્રી કચ્છ કડવા પાટીદર સમાજ વતી
મંત્રી
લક્ષ્મણભાઇ પટેલ

શ્રી પાટીદાર યુવક મંડળ, જબલપુર

શ્રી પાટીદાર યુવક મંડળ ની જનરલ મીટીંગ તા. ૧૦-૧૦-૭૬ ના બપોરે ૨-૦૦ વાગે યોજવામાં આવી એમાં ૨૦૩૩ માટે ની કાર્યવાહક કમિટીં ની નિમુણૂંક કરવામાં આવી ત્યારબાદ ૨૦૩૨ નો હિસાબ તપાસવામાં આવ્યો.

નવી કમિટીના સભ્યો નીચે મુજબ છે.

પ્રમુખ શ્રી વીરેન્દ્ર માવજી પટેલ
ઉપપ્રમુખ શ્રી લાલજીભાઇ પ્રેમજી પટેલ
મંત્રી શ્રી જયસિંગભાઇ રતનશી પટેલ
સહ-મંત્રી શ્રી મણીભાઈ કરશન પટેલ
ખજાનચી શ્રી કેશવભાઇ જેઠા પટેલ
કો-ઓપ્ટ શ્રી ડાહ્યાભાઈ નાનજી પટેલ
શ્રી કરમશીભાઇ ડાહ્યા પટેલ

પ્રમુખ
વીરેન્દ્રકુમાર પટેલ

મંત્રી
જયસિંગ પટેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવકમંડળ, વિશાખાપટ્ટનમ.
આન્ધ્ર પ્રદેશ

પરસ્પર મૈત્રી અને સહયોગ, સેવા અને સંગઠન શકિત અને પ્રગતિ સુચવતું વિશાખાપટ્ટનમ તથા અહીંના બૃહદ વિસ્તારમાં વસવાટ કરતા આપણા પાટીદાર ભાઈઓ દ્વારા સ્થાપના કરેલ 'શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળે' આજે ત્રીજા વર્ષમાં પદાર્પણ કરેલ છે.

આ બાબતે ગત તા. ૩૧-૧૦-૭૬ ના મંડળના નવાવર્ષના પ્રારંભમાં એક સામાન્ય સભા શ્રી રામકૃષ્ણ એન્ડ કું ના કંપાઉન્ડમાં યોજાયેલ હતી. જેમાં પ્રગતિ પ્રેમી અને સેવા ભાવના રાખતા સર્વે ભાઈઓએ હાજરી આપી સભાને સફળ બનાવી હતી.

આ સભામાં સૌ પ્રથમ ગત વર્ષના હિસાબો રજૂ કરાયા હતા જેને સર્વાનુમતે બહાલી યાને મજૂર કરેલ ત્યારબાદ ગત વર્ષના હોદ્દેદારોએ સંયુકત રીતે એકત્રિત થઈ પદયુકત થયા હતા. અને નવા વર્ષની ચૂંટણી પટેલ શ્રી ડાહ્યાભાઈ વીરજી તથા પટેલ શ્રી લાલજીભાઈ વેલજીના તત્વાવધાન હેઠળ કરેલ જેમાં નીચે મુજબના હોદ્દેદારો ચૂંટાઈ આવેલ.

કાર્યવાહક સમિતિ

પ્રમુખ	શ્રી ગોપાલભાઈ દેવજીભાઈ	લીંબાણી	(રસલીયા)
ઉપ પ્રમુખ	શ્રી જીવરાજભાઈ શીવગણ	ભગત	(કોટડા જ.)
મંત્રી	શ્રી વેલજીભાઈ પ્રેમજીભાઈ	સેંગાણી	(કોટડા. જ.)
સહમંત્રી	શ્રી માવજીભાઈ ગંગદાસભાઈ	સેંગાણી	(કોટડા જ.)
ખજાનચી	શ્રી લાલજીભાઈ સોમજીભાઈ	ચોધરી	(ખીરસરા)
સહ ,,	શ્રી મોહનલાલ પ્રેમજીભાઈ	સેંગાણી	(કોટડા જ.)
ઓડીટર	શ્રી સોમજીભાઈ વીરજીભાઈ	લીંબાણી	(રસલીયા)
સહ ,,	શ્રી ખીમજીભાઈ રતનશીભાઈ	ચૌહાણ	(કાદીઆ ઉ.)

-: સભ્યો :-

શ્રી પ્રેમજીભાઈ જીવરાજભાઈ પોકાર (કોટડા જ.) શ્રી દેવરામભાઈ વાલજીભાઈ વાડીયાઆ (કોટડા જ.), શ્રી જીવરામભાઈ કરશનભાઈ (વિથોણ) શ્રી નારણભાઈ જેઠાભાઈ જાદવાણી (રવાપર), અમૃતલાલ લધારામ મેંઘાણી (કોટડા જ.), શ્રી ગંગારામ વાલજીભાઈ

વાડીઆ (કોટડા જ.) શ્રી લધારામ અર્જુનભાઈ ચોધરી (ખીરસરા), શ્રી ચંદુલાલ વસ્તાભાઈ પાંચાણી (કોટડા જ) તથા શ્રી તુલશીદાસ નારણભાઈ લિંબાણી (રસલીયા).

ચૂંટણી કાર્ય પૂરૂ થયા બાદ નવા વરાયેલા પ્રમુખે મંડળના નવા હોદ્દેદારોને તેમજ અન્ય સભ્યોને 'મંડળ વધુને વધુ પ્રગતિ કરે અને સમાજના અન્ય અંગોને મદદ રૂપ બની શકે' તે માટે પ્રેરણા આપી હતી. જેમાં સૌ ભાઈઓએ સહકારની ભાવના વ્યકત કરી હતી.

લિ. મંડળ વતી,
મંત્રી
વેલજીભાઇ પટેલ.

કુચ્છ કડવા પાટીદાર સમાજ, કપડવંજ

આજરોજ કચ્છ કડવા પાટીદારની સમાજ વાડીમાં પટેલ પ્રેમજીભાઇ લધાભાઇ ગામ નવામુવાડા (તા. કપડવંજ) વાળાના પ્રમુખપદે એક જનરલ સભા મળી હતી જે ચાલુ છાત્રાલયને કન્યા છાત્રાલયમાં અંતીસર દરવાજા બહાર આવેલ આનંદ સાગર સોસાયટીની બાજુમાં ખરીદ કરેલ નવીન જમીનમાં નવું વિદ્યાર્થી છાત્રાલય બાંધવા ઠરાવ પસાર કરવામાં આવેલ છે તે માટે દાતાઓ તરફથી સારા એવા દાનની જાહેરાત થયેલ છે. જેના યાદી આ સાથે આપેલ છે તેમજ ચાલુ છાત્રાલય તથા નવીન બાંધકામ વગેરે વહીવટી કામ માટે ૩૧ સભ્યોની કમીટી બનાવેલ છે. જેના હોદ્દેદારોની યાદી પણ આ સાથે આપેલ છે.

૧	પટેલ	સવજીભાઇ સોમજીભાઇના કુટુંબીજનો તરફથી	દુધાયલકંપા	રૂા.	૫૫૧૦૧|)
૨	,,	સ્વ. વશરામભાઇ સોમજીભાઇ હ. ધર્મપત્ની રામબાઈ	,,	,,	૧૦૧૦૧|)
૩	,,	જેઠાભાઇ તથા સ્વ. છગનભાઇ વીરજીભાઈ	,,	,,	૧૧૧૦૧|)
૪	,,	અરજણભાઇ હંસરાજભાઇ	વિઠ્ઠલપુરાકંપા	,,	૧૦૦૦૧|)
૫	,,	પ્રેમજીભાઇ લધાભાઇ	નવામુવાડા	,,	૫૦૦૧|)
૬	,,	માતૃશ્રી ડાઇબેન રાજારામ હ. માવજીભાઈ	કપડવંજ	,,	૫૦૦૧|)
૭	,,	સવજીભાઈ ભાણજીભાઈ હ. હીરજીભાઈ	વિશ્નુપુરાકંપા	,,	૫૦૦૧|)
૮	,,	જીવરાજભાઇ લાલજીભાઈ નારણપુરાકંપા.	નડીઆદ	,,	૫૦૦૧|)
૯	,,	જેઠાભાઇ લાલજીભાઈ હ. કાનજીભાઈ	મલકાણાલાટ	,,	૫૦૦૧|)
૧૦	,,	જેઠાભાઈ કરશનભાઈ	વિશ્નુપુરાકંપા	,,	૫૦૦૧|)

૧૧	પટેલ હીરજીભાઇ કરશનભાઇ હ. જીવરામભાઈ	વિશ્નુપુરકંપા	,,	૫૦૦૧)
૧૨	,, રામજીભાઇ કાનજીભાઇ	આમોદ્રાકંપા	,,	૫૦૦૧)
૧૩	,, માતૃશ્રી રામબાઇ ગોવિંદભાઇ હ. સવગણભાઇ	બામણીઆ	,,	૫૦૦૧)
૧૪	,, ,, માનબાઇ પચાણભાઈ હ છગનભાઈ	ગોડાજકંપા	,,	૫૦૦૧)
૧૫	,, કરમશીભાઈ નથુભાઈ	થવાદલાટ	,,	૫૦૦૧)
૧૬	,, નાનજી પેથાભાઈ તથા લધા પેથાભાઈ	થવાદલાટ	,,	૫૦૦૧)
૧૭	,, મનજીભાઈ લધાભાઈ	મગનપુરાકંપા	,,	૫૦૦૧)
૧૮	,, કરશનભાઇ જેઠાભાઈ હ. જીવરાજભાઈ	હાથીપુરાકંપા	,,	૫૦૦૧)
૧૯	,, પ્રેમજીભાઇ હરજીભાઈ તથા સામજી વાલજી	અમીનપુરા	,,	૫૦૦૧)
૨૦	,, રામજીભાઈ નાનજીભાઇ	સુખપુરા	,,	૫૦૦૧)
૨૧	,, વાલજીભાઈ તેજાભાઈ ધનજી વાલજી	દેસાઇપુરાકંપા	,,	૫૦૦૧)
૨૨	,, વાલજીભાઇ સવજીભાઇ (ઓથવાડ)	મગનપુરા	,,	૨૦૦૧)
૨૩	,, સવદાસભાઇ રતનાભાઇ (કનીજ)	સોમેશ્વરકંપા	,,	૨૦૦૧)
૨૪	,, રણછોડ ખીમજીભાઇ ,,	,,	,,	૧૫૦૧)
૨૫	,, સમાજ કપડવંજ ગ્રુપ કપવજ	હ. માવજીભાઇ	,,	૧૦૦૧)
૨૬	,, હીરજીભાઇ રામજીભાઇ (અમદાવાદ)	હરીપુરાકંપા	,,	૫૦૧)
૨૭	,, કાનજીભાઈ કેશરાભાઇ	ગોડાજલાટ	,,	૫૦૧)
૨૮	,, ધનજીભાઇ કેસરાભાઇ	,,	,,	૫૦૧)
૨૯	,, વશરામભાઇ નાનજીભાઈ	,,	,,	૫૦૧)
૩૦	,, પ્રેમજીભાઇ સવગણભાઇ (ઓથવાડ)	મગનપુરા	,,	૫૦૧)
૩૧	,, કરસનભાઈ રવજીભાઇ	દેવીપુરાકંપા	,,	૫૦૧)
૩૨	,, દેવજીભાઇ સામજીભાઇ	નવામુવાડા	,,	૫૦૧)

કુલ રૂા. ૧૮૧૩૩૨

કારોબારી કમિટી

૧	પ્રમુખ	જેઠાભાઇ વીરજીભાઇ	પટેલ	દુધાથલકંપા
૨	ઉપપ્રમુખ	અરજણભાઇ હંસરાજભાઈ	પટેલ	વિઠ્ઠલપુરાકંપા
૩	મંત્રી	પ્રેમજીભાઇ લધાભાઇ	પટેલ	નવામુવાડા
૪	સહમંત્રી	મોહનભાઈ સવજીભાઇ	પટેલ	દુધાથલકંપા
૫	ખજાનચી	માવજીભાઈ રાજારામ	પટેલ	કપડવંજ

ઉપરોકત પાંચ તથા ૨૬ સભ્યો મળી કુલ ૩૧ જણની સમિતિ નીમવામાં આવી છે

નાસીક જીલ્લા કચ્છ કડવા પાટીદાદ યુવક મંડળ, નાસીક.

તા. ૧૩–૧૦–૭૬ ને બુધવારના રોજ ઉપરોક્ત મંડળની એક સામાન્ય મિટીંગ હનુમાન સો મીલના પટાંગણમાં આ પ્રસંગે નાશિક જિલ્લાના મોટા ભાગના યુવકોએ હાજરી આપી હતી.

નાસિક કચ્છ કડવા પાટીદાર સમાજની પ્રેરણાથી આ મીટીંગમાં યુવક મંડળની કારોબારી સમિતિની નવરચના કરવામાં આવી છે. આ મીટીંગમાં જુદા હોદ્દેદારો નિમૃત થયા અને નવા વર્ષની કારોબારીની વરણી કરવામાં આવી.

— મુખ્ય હોદ્દેદારો —

પટેલ દાનાભાઈ દેવજીભાઇ	પ્રમુખ
„ દેવજીભાઇ મનજીભાઇ	ઉપ–પ્રમુખ
„ હરીલાલ લધાભાઇ	મંત્રી
„ ઇશ્વરલાલ ગંગદાસભાઇ	સહમંત્રી
„ જીવરાજભાઇ હરજીભાઇ	ખજાનચી

યુવક મંડળને જુદે જુદે સમયે સલાહ સુચન માટે નીચે પ્રમાણેની સલાહકાર સમિતીની રચના કરવામાં આવી છે. તે નીચે મુજબ છે.

ભીમજીભાઇ લાલજીભાઇ પટેલ
માવજીભાઇ પરબતભાઇ પટેલ
હંસરાજભાઈ વાલજીભાઇ પટેલ
હીરાલાલ પ્રેમજીભાઇ પટેલ
ગંગદાસભાઇ કાનજીભાઈ પટેલ
લખમશીભાઇ રાજાભાઇ પટેલ

જુદા જુદા કાર્યક્રમોથી યુવકમંડળને પ્રવૃતિથી ધબકતું રાખવા માટે નીચે પ્રમાણેની સમિતિની રચના કરવામાં આવી છે.

૧ સાંસ્કૃતિક સમિતિ
૨ પર્યટન સમિતિ
૩ રમતગમત સમિતિ
૪ શૈક્ષણિક સમિતિ

ઉપરની સમિતિઓ ચલાવવા માટે એક કારોબારી સમિતિ રચવામાં આવી છે તે નીચે મુજબ છે.

૧ પટેલ મોહનલાલ શીવદાસ
૨ „ જેઠાલાલ પ્રેમજીભાઇ
૩ પટેલ રતનશીભાઇ અબજીભાઇ
૪ „ જીવરાજભાઇ અબજીભાઈ

૫	„	કરમશીભાઇ ધનજીભાઇ	૧૧	પટેલ	કાંન્તિલાલ દેવજીભાઇ
૬	„	હંશરાજભાઇ તેજાભાઇ	૧૨	„	ઝવેરભાઇ હંસરાજભાઇ
૭	„	હરીલાલ માવજીભાઇ	૧૩	„	પુરૂષોતમ માવજીભાઇ
૮	„	રવજીભાઈ રામજીભાઇ	૧૪	„	વેલજીભાઇ ડાહ્યા ભાઇ
૯	પટેલ	મોહનલાલ રતનશીભાઇ	૧૫	„	ખેતશીભાઇ રતનશીભાઇ
૧૦	„	શરદકુમાર શાંન્તીલાલ			

આ કારોબારી સમિતિએ જુદી જુદી સમિતિની નીચે પ્રમાણે રચના કરી છે.

૧ સાંસ્કૃતિક સમિતિ

A હરિલાલ માવજી પટેલ
B હંસરાજ તેજા

૧ ધનજી તેજા પટેલ
૨ પ્રેમજી અખજી પટેલ
૩ મણીલાલ માવજી પટેલ
૪ હરીલાલ અંબજી પટેલ
૫ શરદકુમાર શાંન્તિલાલ પટેલ

૨ પર્યટન સમિતિ

A રવજી રામજી પટેલ
B નવીન મેઘજી પટેલ

૧ વાલજી માવજી પટેલ
૨ અરજણ અબજી પટેલ
૩ ભીમજી પ્રેમજી પટેલ
૪ જીવરાજ અબજી પટેલ
૫ ખેતશી રતનશી પટેલ

૩ રમતગમત સમિતિ

A દામોદર જીવરાજ પટેલ
B ખીમજી ગંગદાસ પટેલ

૧ શાંન્તિલાલ લાલજી પટેલ
૨ ઝવેર હંસરાજ પટેલ
૩ રમેશ લખમશી પટેલ
૪ અર્જુન અબજી પટેલ
૫ ચંદુલાલ મનજી પટેલ

૪ શૈક્ષણિક સમિતિ

A કરમસી ધનજીભાઇ પટેલ
B કાન્તિલાલ દેવજીભાઇ પટેલ

૧ મોહનલાલ રતનશી પટેલ
૨ કરમશી અબજીભાઇ પટેલ
૩ મોહનલાલ લાલજી પટેલ
૪ પ્રેમજી રામજી પટેલ
૫ ભાનુપ્રસાદ રામજી પટેલ

૫ ઓડીટર સમિતિ

૧ કરમશી ધનજીભાઈ પટેલ
૨ મોહનલાલ રતનશીભાઇ પટેલ

॥ શ્રી કુળદેવી ઉમીયામાતા પ્રસન્ન ॥

શ્રી નાસીક કચ્છ કડવા પાટીદાર સમાજ, નાસીક

શ્રી નાસીક કચ્છ કડવા પાટીદાર સમાજનાં સંવત ૨૦૩૩ ના વર્ષની પ્રથમ મીટીંગ તા. ૨૭-૧૦-૭૬ ને બુધવારના રોજ યોજવામાં આવી હતી. મીટીંગમાં ગયા વર્ષના ખર્ચનુ ઓડીટ કરી તેને મંજુર કરવામાં આવ્યા બાદ નવા વર્ષની કારોબારીની ચૂટણી કરવામાં આવી નવા ચૂટાયેલા હોદ્દેદારો નીચે પ્રમાણે છે.

	નામ	હોદો
૧	શ્રી પટેલ લાલજીભાઇ ગોપાળભાઇ	પ્રમુખ
૨	,, ,, અબજીભાઇ ધરમસીભાઇ	ઉપ પ્રમુખ
૩	,, ,, ગંગદાસભાઇ કાનજીભાઇ	મંત્રી
૪	,, ,, ભીમજીભાઇ લાલજીભાઇ	સહમંત્રી
૫	,, ,, રામજીભાઇ લાલજીભાઇ	ખજાનચી

આ ઉપરાંત મીટીંગમાં (૧) નાસિક કચ્છ કડવા પાટીદાર સમાજની સંવત ૨૦૩૩ ના વર્ષની પ્રથમ મીટીંગ તા. ૨૭-૧૦-૭૬ ને બુધવારના રોજ યોજવામાં આવી હતી. મીટીંગમાં ગયા વર્ષના ખર્ચનું ઓડીટ કરી તેને મંજુર કરવામાં આવ્યા બાદ નવા વર્ષની કારોબારીની ચૂટણી કરવામાં આવી નવા ચૂટાયેલા હોદ્દેદારો નીચે પ્રમાણે છે.

	નામ	હોદ્દો
૧	શ્રી લાલજીભાઈ ગોપાળભાઇ પટેલ	પ્રમુખ
૨	,, અબજીભાઇ ધરમસીભાઇ પટેલ	ઉપપ્રમુખ
૩	,, ગંગદાસભાઇ કાનજીભાઇ પટેલ	મંત્રી
૪	,, ભીમજીભાઇ લાલજીભાઇ પટેલ	સહમંત્રી
૫	,, રામજીભાઇ લાલજીભાઈ પટેલ	ખજાનચી

આ ઉપરાત મીટીંગમાં ૧ નાશિક કચ્છ કડવા પાટીદાર યુવક મંડળે સમાજને પોતાની પ્રવૃત્તિનો ખ્યાલ આપ્યો ૨ સર્વાનુમતે નાસિકમાં પટેલવાડીની જરૂર છે એ ખરડો પાસ કર્યો અને નજીકના ભવિષ્યમાંજ પટેલવાડી બાંધવાની યોજના ઘડવાનું નકકી કર્યું ઉઝામાં કડવા પાટીદારની કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાનની ૧૮ મી શતાબ્દી મહોત્સવ સમિતિ તરફથી આવેલ પત્રનું વાંચન કરવામાં આવ્યુ અને તે માટે ફુલ નહીં તો ફુલની પાંખડી આપવાનું ઠરાવવામાં આવ્યું.

એજ લિ.
નાસીક કચ્છ કડવા પાટીદાર સમાજ વતી.
મંત્રી, ગંગદાસભાઇ કાનજીભાઈ પટેલ

— શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, વાપી. —

ઉપરોક્ત મંડળની સ્થાપના તા. ૩૦–૧૦–૭૬ ના શ્રી શામજીભાઇ લધાભાઈ ના પ્રમુખપદે વાપી મુકામે વિજય સો મીલમાં શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક ભાઇઓની મીટીંગમાં કરવામાં આવી છે, જેમાં નવલોહિયા યુવક ભાઇઓએ રસ પૂર્વક ભાગ લીધો હતો. અને સર્વ ભાઇઓની ઇચ્છાથી 'શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ વાપી'ની સ્થાપના કરી છે નીચેના હોદ્દેદારોની વરણી સર્વાનુમતે કરવામાં આવી હતી.

પ્રમુખ	શ્રી પટેલ પરબતભાઈ ધનજીભાઇ	ઘડુલી
ઉપ–પ્રમુખ	,, ,, કેશરાભાઈ દેવશીભાઈ	રવાપર
મંત્રી	,, ,, અમૃતલાલ જીવરાજ	ખોંભડી
સહમંત્રી	,, ,, ગોપાલભાઇ જેઠાભાઇ	નેત્રા
ખજાનચી	,, ,, પોપટલાલ ગોપાલભાઇ	રવાપર

તેમજ કારોબારીના સભ્યો તરીકે શ્રી મુળજીભાઈ વીરજીભાઇ પટેલ શ્રી સામજીભાઇ લધાભાઇ પટેલ, શ્રી જીવરાજ રતનશીભાઈ પટેલ, શ્રી લાલજીભાઇ કાનજીભાઇ શ્રી હીરજીભાઈ ભીમજીભાઇ

ઉપર મુજબના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવા પછી ચૂટાયેલા સર્વે યુવકભાઇઓએ યુવકમંડળ માટે તન મનથી સાથ આપવાની ખાત્રી આપી હતી.

પરબતભાઈ ડી. પટેલ — એ. જે. પટેલ
પ્રમુખ — મંત્રી

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, વાપી.

શ્રી કોટડા પાટીદાર યુવક મંડળે ઉજવેલ તૃતીય શાનદાર રમતોત્સવ

કોટડા (જડોદર) તા. ૨૩ અહીં યુવક મંડળના ઉપક્રમે હર હંમેશની માફક નવા વરસના શુભ દીને શાનદાર રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતું. યુવકમંડળની અનેકવિધ કાર્યપ્રવૃતિઓની શરૂઆત નવા વરસના પ્રથમ દિવસથી જ કરવામાં આવી હતી,

યુવાશક્તિને આહ્વાન આપતો આ કાર્યક્રમ અહીં અનેરા આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. યુવતીઓમાં આ કાર્યક્રમે અનહદ ચાહના મેળવી છે. આ દિલચશ્પ કાર્યક્રમને નિહાળવા અને હરીફોને પ્રોત્સાહિત કરવા માનવ મહેરામણ ઉમટ્યો હતો. આ માનવ મહેરામણે મેળાનું સ્વરૂપ ધારણ કર્યું હતું, તેજ તેની લોકપ્રિયતાની સાબિતિ છે.

મુખ્યત્વે નીચે મુજબની વિવિધ હરીફાઇઓ રાખવામાં આવી હતી અને આકર્ષક ઇનામો આપવામાં આવ્યાં હતાં. આ રહ્યા યુવાશક્તિના આહ્વાનને પડકાર ફેંકી વિજેતાપદને હાસલ કરનાર વિજેતાવીરો.

(૧) ભાઇઓ :- સ્લો સાઇકલીંગ

ક્રમ	નામ	ઇનામ	ઇનામ વિતરણ કરનાર
૧. પ્રથમ	શીવજી હરજી વેલાણી	સ્ટીલ ગ્લાસ શ્રીફળ	ઇશ્વરચંદ્ર મુળજી
૨. દ્વિતીય	લખમશી રામજી રૂડાણી	સ્ટીલ વાટકી	,,
૩. તૃતીય	નથુભાઈ ભીમજી નાયાણી	ફાઉન્ટનપેન	,,

(૨) સાઇકલ રેશ

૧. પ્રથમ	ચતુભા કારૂભા જાડેજા	સ્ટીલ ગ્લાસ શ્રીફળ	જીવરાજ દેવજી
૨. દ્વિતીય	હાજી મામદ સોઢા	સ્ટીલ વાટકી	,,
૩. તૃતીય	મોહનલાલ મનજી નાયાણી	ફાઉન્ટન પેન	,,

(૩) યુવાન દોડ

૧. પ્રથમ	આમદ અભરામ કુંભાર	સ્ટીલ ગ્લાસ શ્રીફળ	મેઘજી પ્રેમજી
૨. દ્વિતીય	વીસનજી કાનજી નાયાણી	સ્ટીલ ગ્લાસ	,,
૩. તૃતીય	હંસરાજ ડાયા ખેનાણી	ફાઉન્ટન પેન	,,

(૪) કીશોર દોડ

૧. પ્રથમ	પ્રવિણકુમાર વાલજી પાંચાની	સ્ટીલ ગ્લાસ શ્રીફળ	અરવિંદ કરશન
૨. દ્વિતીય	નાનાલાલ મનજી નાયાણી	સ્ટીલ વાટકી	,,
૩. તૃતીય	ભગવાનદાસ મનજી નાયાણી	ફાઉન્ટન પેન	,,

(૫) બહેનોની દોડ

૧. પ્રથમ	નીરૂબેન પરસોતમ દરજી	સ્ટીલ ગ્લાસ શ્રીફળ	રૈયા મેઘજી
૨. દ્વિતીય	સવીતાબેન કરમશી પટેલ	સ્ટીલ વાટકી	"
૩. તૃતીય	બકુલાબેન શીવગણ પટેલ	ફાઉન્ટન પેન	"

(૬) લંગડી દોડ

૧. પ્રથમ	ભાગવતીબેન હરજી પટેલ	રૂા. ૫	નારાયણ મનજી
૨. દ્વિતીય	સવીતાબેન લાલજી પટેલ	રૂા. ૩	"
૩. તૃતીય	જયાબેન વીવજી પટેલ	રૂા. ૨	"

ઉપરોકત વિજેતાઓને માનવ સમુદાયે તાળીઓના ગડગડાટ અને હર્ષના ઉલ્લાસો વચ્ચે વધાવી લીધા હતા. હરાફાઈ પૂર્ણ થયા પછી મેદની સભાના સ્વરૂપ માં ફેરવાઇ ગઇ હતી અને ઉપરોકત યુવક મંડળના કાર્યકર્તાના વરદહસ્તે ઇનામ વિતરણ વિધિ કરવામાં આવી હતી.

યુવક મંડળ વતી પ્રમુખશ્રી જીવરાજ દેવજી પટેલે ઉદબોધન કરતાં હરીફો તેમજ વિજેતાઓને અભિનંદન આપ્યા હતા. હરહમેશ આવી રચનાત્મક કાર્ય-પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની સલાહ આપી હતી. જીવન ઘડતરમાં આવી પ્રવૃત્તિઓનું મહત્વ સમજાવી યુવક કાર્યકરોને આવા પ્રસંશનીય કાર્યક્રમ યોજવા બદલ અભિનંદન આપ્યા હતા. અંતમાં ભવિષ્યમાં આવી પ્રવૃતિઓ યોજતા રહેશો એવી અપેક્ષા વ્યકત કરી હતી.

યુવક મંડળના મંત્રીશ્રી અરવિંદ કરસને ઉદબોધન કરતાં વિજેતા તેમજ હરીફોને ધન્યવાદ આપ્યા હતા. હમેશ આવી રીતે અમારા કાર્યક્રમમાં ભાગલઇ સહકાર આપતા રહેશો તેવી અભિલાષા વ્યકત કરી હતી, અંતમાં આ ભગીરથ કાર્યને સફળ બનાવવા બદલ યુવક કાર્યકરો જેવા કે શીવગણ શીવજી પટેલ કાંતિલાલ ભાણજી, દેવશી મનજી, પ્રવિણકુમાર હંસરાજ, નારણ ધનજી, તથા અન્ય કાર્યકર્તાઓનો આભાર માન્યો હતો.

મોડી સાંજે ગુલાબી સંધ્યાનાં આછા અજવાળામાં સમગ્ર માનવ સમુદાય વિલીન થઈ ગયો હતો.

યુવક મંડળ વતી
દેવજી મનજી નાયાણી
B. Com (Hons)

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ, ધનસુરા (ગુજરાત)

— તરફથી —

✻ સમુહ લગ્ન વિશેનું જાહેર નિવેદન ✻

સંવત : ૨૦૩૩

ભાઇશ્રી / બહેનશ્રી,

આપણે સૌ જાણીએ છીએ તેમ છેલ્લાં ત્રણ વર્ષથી સમુહલગ્નનું આયોજન કરી તેને અમલી બનાવવાનું વિચારીએ છીએ. સમુહલગ્નના આયોજનનો હેતુ એક માત્ર એટલોજ છે કે વર્તમાન જીવનના કપરા સંજોગોમાં ઓછામાં ઓછા ખર્ચે લગ્નનો પ્રસંગ કઇ રીતે ઉજવવો !

ચાલુ વર્ષે લગ્નસરાની સીઝન જ્યારે નજીક આવી રહી છે ત્યારે સમાજનાં આબાલવૃદ્ધ ભાઇ-બહેનોને આથી જણાવવામાં આવે છે કે ચાલુ વર્ષે એટલે કે સંવત ૨૦૩૩ ના વૈશાખ સુદ-૩ (અખાત્રીજ) ના દિવસે જ લગ્નો લેવાં તે સિવાયના કોઇપણ દિવસે લગ્નો લેવાં નહિ તેવી આ પત્રિકા દ્વારા સમાજ તરફથી સૌને નમ્ર સુચના.

સમગ્ર સમાજમાં અખાત્રીજના એકજ દિવસે લગ્ન સમારંભનું દરેક કંપાઓમાં સૌ કોઇ આયોજન કરે તેવી અભિલાષા.

સાથે સાથે જો કોઈ વડીલજનો પોતાનાં પુત્ર પુત્રીઓનાં લગ્ન ધનસુરા મુકામે સમુહમાં કરાવવા ઇચ્છતાં હોય તો પણ સમાજદ્વારા તેનું આયોજન કરવામાં આવશે આ માટે ઉપરોકત સંસ્થામાંથી અરજીપત્રક અગાઉથી સમયસર મેળવી લઇ અરજ કરવાની રહેશે.

ધનસુરા મુકામે સમુહલગ્નમાં જોડાવા ઈચ્છા ધરાવનારનાં અરજી પત્રકો આ ગયા બાદ તે અંગેનું આયોજન કરવામાં આવશે.

ઓછામાં ઓછા ખર્ચે છતાં પણ ધામધૂમપૂર્વક લગ્નોસરાની ઉજવણી મ કોઇ સમુહલગ્નમાં ભાગ લઇ સહભાગી બને તેવી અભિલાષા.

મંત્રી	પ્રમુખ
શ્રી નાનજીભાઇ કાનજીભાઇ પટેલ	**શ્રી હીરજીભાઇ કરશનભાઇ પ**

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ, ધનસુરા. [ગુજરાત]

શ્રી પટેલ તરૂણ મિત્ર મંડળ, નવીદિલ્હી.

શ્રી પટેલ તરૂણ મિત્ર મંડળની આ વર્ષ માટે હોદ્દેદારોની નિમણુક કરવા માટેની એક સભા શ્રી ભગવાન સો મીલમાં રાખવામાં આવેલ જેમા નીચે મુજબના હોદ્દેદારો બહુમતાથી ચુટાઈ આવેલ છે.

પ્રમુખ	શ્રી લક્ષ્મણભાઇ નાનજીભાઇ પટેલ
ઉપ–પ્રમુખ	,, દામોદર મુળજી પટેલ
મંત્રી	,, વાલજી પુંજા પટેલ
સહમંત્રી	,, સામજી મનજી પટેલ
સહમંત્રી	,, રતનસી હંસરાજ પટેલ
કોષાધ્યક્ષ	,, ગંગારામ હીરાલાલ પટેલ
ગ્રંથપાલ	,, ચમનલાલ હીરજી પટેલ
સલાહકાર સભ્યો	,, પરબતભાઇ કરસનભાઇ પટેલ
,,	,, કરસનભાઈ વિશ્રામભાઈ પટેલ
,,	,, માવજી મુળજી પટેલ
,,	,, ભીમજી ધનજી પટેલ
,,	,, નારણ દેવજી પટેલ

લિ. પટેલ તરૂણ મિત્ર મંડળ
મંત્રી : વાલજી પુંજા પટેલ

અવસાન નોંધ

ખંભીસરકંપા (અમૃતપુરા તા. મોડાસા) ના શ્રી મોહનભાઇ અરજણભાઈનું તા. ૧૧–૧૧–૭૬ ગુરુવારના રોજ અત્રે રાશદ હોસ્પીટલ પારદુબાઇમાં કુમળી વયે દુઃખદ અવશાન થયું. તેમની અંતીમ ક્રિયા અત્રેના હિન્દુ સ્મશાન ભૂમિ પારદુબાઇમાં સંપુર્ણ હિન્દુ શાસ્ત્ર વિધી પ્રમાણે કરવામાં આવી અંતીમયાત્રામાં આપણી જ્ઞાતિના ઘણા ભાઇઓએ ભાગ લીધો હતો. તેઓશ્રીનું કુમળીવયે અવસાન થવાથી તેમની પાછળ વિશાળ પરીવારને વિલાપ કરતું મુકતા ગયા છે. સદ્‌ગતના આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના

ગુજરાત યુવામંડળ
સારજાહ

ગુજરાત (કચ્છ) યુવામંડળ, સારજાહ (યુ. એ. ઈ.)

"જયાં જયાં વસે ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત", ગુજરાતી ભાષાના મહાન કવિના આ ઉદ્દગારોને ખમીરવંતા ગુજરાતીઓએ એક સત્યકથનમાં ફેરવ્યા માતૃભૂમિ છોડીને દેશ–પરદેશ વસતા ગુજરાતી ભાઈ બહેનો પોતાના વતન નવલા ગુજરાતને કદી વિસાર્યું નથી. ઠેરઠેર ગુજરાતનું નામ રોશન કર્યું છે. તેમાંય આપણી જ્ઞાતિના ભાઇઓએ કચ્છનું, સમાજનું નામ દિપાવ્યું છે.

યુનાઇટેડ આરબ અમીરાતોમાં ધંધાર્થે આવેલા આપણી જ્ઞાતિના ભાઈઓ પણ ઉત્સવો વખતે માતૃભૂમિને યાદ કરીને વંદને કરે છે. ગતવર્ષે અહીં આપણી જ્ઞાતિના ભાઈઓએ નવરાત્રીના પર્વને અતિ–ઉત્સાહ સાથે યુ. એ. ઇ. માં પ્રથમ વાર સારજાહ ખાતે ઉજવ્યો. નવલી નવરાત્રીની નવ નવરાત્રીઓમાં આદ્યશકિતના પર્વનું પવિત્ર વાતાવરણ ઊભું કર્યું. નવરાત્રી મહોત્સવ ગલ્ફ જનરલ પ્રોજેકટસ્ કુાં (જી. જી. પી. કુાં.) ના પટાંગણમાં યોજવામાં આવ્યો હતો. સારજાહમાં વસતા ગુજરાતી ભાઈ–બહેનો, આજુબાજુ વસતા ગુજરાતી ભાઈઓ, ભારતના અન્ય રાજયોના ભાઈઓ, પશ્ચિમના દેશોના લોકો, આરબ લોકો આદ્ય શકિતના દર્શનાર્થે પધારતા હતા. જી. જી. પી. કુાં. ના એન્જીનીયરો, ચીફ એન્જીનીયરોએ ખાસ સહકાર આપ્યો. કંપનીના માલીક અને સારજાહના રાજા માનનીય શેખ બીન મોહંમદ અલ કુશુમીના મોટાભાઇ માનનીય શેખ અબ્દુલ અઝીઝ ગુજરાતી ભાઇઓના આમંત્રણને માન આપી ખાસ પ્લેન દ્વારા લંડનથી નવરાત્રી મહોત્સવમાં પધાર્યા હતા. નવરાત્રી મહોત્સવ માધાપર (કચ્છ) ના રહીશ અને જી. જી. પી. કુાં. ના ચીફ ફોરમેન, ગુજરાતી ભાઇઓના લાડીલા વડીલ બધુ શ્રી વાલજીભાઇ પટેલની રાહબરી નીચે યોજવામાં આવ્યો હતો. તેમણે પર્વમા ઉત્સાહથી ભાગ લઇને ખાસ સહકાર આપ્યો.

ચાલુ સાલ ફરીથી નવરાત્રી મહોત્સવની ઉત્સાહથી ઉજવણી કરવામાં આવી. નવરાત્રીના નવદિવસોમાં વેશભુષા અને દાંડીયા રાસે આગવું આકર્ષણ જમાવ્યું. દર્શન કરવા પધારેલા દર્શનાર્થીઓએ ગુજરાતની આગવી દાંડીયા રાસ શૈલી બિરદાવીં હતી.

શરદ પુનમની રઢીયાળી રાત્રીએ, દિપોત્સવી અને નૂતન વર્ષના પ્રથમ દિન પર્વો પણ આનંદથી ઉજવવામાં આવ્યા.


બધા ઉત્સવોમાં ગુજરાતી ભાઇઓના લાડીલા વડીલ બંધુ શ્રી વાલજીભાઇ પટેલનું માર્ગદર્શન અને ખાસ સહકાર મળયો રહ્યો છે.



અત્રે પટેલ ઓ મીલ ડાકોરના માલિક શ્રી પ્રેમજીભાઈ ખેતસીભાઈ પટેલ ના સુપુત્ર ચિ નાનજીભાઈ લાઈફ ઇન્સ્યોરન્સ કોર્પોરેશનના એજન્ટ (૧૯૦૯૮૪૫) છે. તેમણે ટૂંકાગાળામાં ૧૪ લાખ ૫૧ હજારનું કામ નોંધાવીને ડાકોર બ્રાંચમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે દીવાળી હરિફાઈમાં તેઓ ચેરમેન શિલ્ડના વિજેતા બન્યા છે અને અમદાવાદ ડીવીઝનમાં લગભગ ૬૫૦૦ જેવો એજન્ટોમાં તેમણે પાંચમું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેઓ એમ. કોમ. પાર્ટ-૧, તથા ફર્સ્ટ એલ એલ. બી. માં અભ્યાસ કરે છે. તેઓ ૧૯૭૧-૭૨ માં ભવન્સ જશોદાબેન કોમર્સ કોલેજમાં જનરલ સેક્રેટરી તરીકે રહ્યા હતા. અને શ્રેષ્ઠવિદ્યાર્થીનો એવોર્ડ પ્રાપ્ત કરી કુલપતિ ગોલ્ડમેડલના વિજેતા બન્યા છે. હાલમાં તેઓ શ્રી ખેડા જિલ્લા કચ્છ કડવા પાટીદાર યુવકમંડળના પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે. આ અગાઉ તેમણે વિદ્યાર્થીયુવક સમાજ, ડાકોરના પ્રમુખ તરીકે તથા ડાકોર જુનિયર ચેમ્બરના સેક્રેટરી તરીકે સેવા બજાવી છે.



સમય અને મહેનત બચાવો ✻



"પોકારનું"

ઇલેકટ્રીક પાવરથી ચાલતું

છાસ

બનાવવા માટેનું

વલોણા

યંત્ર

—તદ્દન આધુનિક તેમજ આકર્ષક મોડેલોમાં વસાવી ઘરની શાન વધારો.

વિક્રેતાઓ :–	(૧) મે. આશા ઓટોમોબાઇલ્સ,	વાણીયાવાડ,	ભુજ (કચ્છ)
	(૨) મે. અંબિકા ફર્ટીલાઇઝર્સ	સ્ટેશન રોડ	ખેડબ્રહ્મા
	(૩) મે. ભવાની ટ્રેડીંગ કું.	સ્ટેશન રોડ	તલોદ
	(૪) શ્રી પ્રેમજીભાઇ શામજીભાઈ	દેશાઇપુરા	તા. મોડાસા
	(૫) મે. અંબિકા ફર્ટીલાઇઝર્સ	તખતગઢ	તા. પ્રાંતિજ

● ઉત્પાદક : **મે. પોકાર એન્જીનીયરીંગ કોર્પોરેશન**

૮, લલીતા ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ
નાગરવેલ હનુમાન રોડ
રખીઆલ
અમદાવાદ-૩૮૦૦૨૩

Crop Perfection - Sandoz Protection

ઓફીસ ૯૩
ઘર ૧૫૯

• પંકજ ફર્ટીલાઇઝર્સ

તલોદ રોડ, **ધનસુરા.**

તા. મોડાસા, જિ. સાબરકાંઠા.

(ગુજરાત)



★ જંતુનાશક દવાઓ

★ રાસાયણીક ખાતર

★ સુધારેલ બીયારણું વગેરેના

છૂટક તેમજ જથ્થાબંધ વેપારી

ડીલર : સેન્ડોઝ (ઇન્ડીયા)


લી. ઓમ્ઓ



ઈયળ, કાતરા
નાશક
એકાલક્ષ

* ભારત પેસ્ટીસાઇડઝ ઇન્ડસ્ટ્રીઝ
(પ્રા.) લી., અમદાવાદ.

મોલો. મધીયો
મશી નાશક
એકાટીન



LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WOR
AMBAWADI, SAIJPUR BOGH
NARODA ROAD-AHMEDABAD
realpatidar.com

શ્રી જયઅંબે

ખેડૂત ભાઈઓને ખુશ ખબર



સ્પન પાઈપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનુ પૂરેપૂરૂ વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઈપ કું.

ની

પાઈપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે
પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા
જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઈપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઈપ કું.

વડાગામ જિ. સાબરકાંઠા.

આપના ઘરમાં આનંદોલ્લાસમય વાતાવરણ સર્જવા ટાટાનું અદ્દભુત સર્જન "નેલ્કો" કંપનીનો રેડીયો મેળવવાનોજ આગ્રહ રાખો.

તેમજ ટેલીવીઝન સેટ મેળવવાનું એક માત્ર

અજોડ સ્થળ


શક્તિ
રેડીયો ઇલેકટ્રોનીકસ

ઠે. ભુટાલવાડા **મોડાસા**

જિ. સાબરકાંઠા

*

ઓથોરાઈઝડ ડીલર્સ ઈન : નેલ્કો



પ્રોપ્રાયટર :

પટેલ
જયંતિલાલ માવજીભાઈ
છગનલાલ માવજીભાઈ

રેડીયો, ટ્રાન્ઝીસ્ટર, ટેલીવીઝન, એમ્પ્લીફાયર, રેકોર્ડ તેમજ ટેપરેકોર્ડ વગેરે સ્પેર પાર્ટસ વેચનાર તેમજ સંતોષકારક રીપેર કરનાર

॥ શ્રી ગણેશાય નમ: ॥

વાલાણી ટાયર્સ

સાયરા રોડ, **મોડાસા** જિ. સાબરકાંઠા. ફોન : ૧૪૬ પી. પી.

આથી મોડાસા તેમજ આજુબાજુના અમારા સ્નેહીમિત્રો, વહેપારી ભાઈઓ તેમજ ગ્રાહકમિત્રોને જણાવતાં આનંદ થાય છે કે આપની જરૂરિયાત મુજબ



- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઇયર
- સીયેટ વગેરે
- કંપનીનાં બનાવેલ

ટાયર — ટયુબ,

દરેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથ

● બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ ●

દરેક સાઇઝની **બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લે**

તેમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમા ધનસુરા તેમજ મોડાસાની દુકાનોની મુલાકાત લેવા વિનંતી

★ **ઓથોરાઇઝડ ડીલર્સ ઇન :—**

- ડનલોપ ઇન્ડિયા લિ. કલકત્તા, ગુડઈયર ઇન્ડિયા લિ. મુંબ
- ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કું. ઇન્ડિયા પ્રા. લિ. મુંબ
- સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઈ.
- મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
- ઈન ચેક ટાયર્સ લિ. કલકત્તા.
- નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

અમારી મુખ્ય દુકાન : **નેશનલ ટાય**

નં. ૨૭ તલોદ રોડ, **ધનસુરા** જિ. સા

ઓછા ખર્ચે વધુ ઉત્પાદન

પૌષક વર્ધક

(પ્લાન્ટ હૉર્મોન સ્પ્રે)

કપાસ, મગફળી, ઘઉં, ડાંગર,
આંબા, જામફળ, ચીકુ, મરચી, રીંગણ,
વિગેરેનું વધુ ઉત્પાદન લેવા
માટે સંવર્ધક પ્રવાહી સ્પ્રે

✳





વર્ધકનો સમયસરનો છંટકાવ કળી, ફૂલ
અને ફળનો બેસાર વધારે છે અને
અકાળે ખરતાં અટકાવી તેમનો
વિકાસ સારો કરે છે.

✳





વર્ધક ૨૫% સુધી ઉત્પાદન વધારે
નજીવા ખર્ચે વધુ નફો અપાવે



પૌષક લિમિટેડ, એલેમ્બિક રોડ, વડોદરા—૩૯૦૦૦૩
(સબ. ઑફ એલેમ્બિક કેમિકલ વર્ક્સ કાં. લી.)

સ્ટોકીસ્ટ :—

★ મે. ઘનશ્યામ ફર્ટીલાઈઝર, ગાબટ રોડ, બાયડ.
★ મે. કિશાન ટ્રેડર્સ., એસ. ટી. ડેપો પાસે, મોડાસા.
★ મે. પટેલ ફર્ટીલાઈઝર ટ્રે. કાં. સ્ટેશન રોડ, હિંમતનગર.
★ મે અમર ફર્ટીલાઈઝર, સહકારી સંઘ સામે, ઈડર.

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા. જિ. સાબરકાંઠા

પ્રતિ,
To,

Book - Post